CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંસ્કૃત વાક્યસંરચના

(સંસ્કૃત વાક્યવિન્યાસ પદ્ધતિ)

- વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ શ્રીઃ ॥

સંસ્કૃત વાક્યસંરચના

(સંસ્કૃત વાક્યવિન્યાસ પદ્ધતિ)

વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ
સંસ્કૃત વિભાગ
ભાષા સાહિત્ય ભવન
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

SANSKRIT VĀKYA SAṀRACANĀ

by Vasantkumar Manubhai Bhatt
Director
University School of Languages
Gujarat University
Ahmedabad - 380 009.

અદ્યતન આવૃત્તિ : ૨૦૦૭-૦૮

© શ્રીમતી વૃન્દા વસન્તકુમાર ભટ્ટ

All Raights Reserved. No part and style of his book be reproduced or transmitted, in any form, or by any means – electronic, mechanical, photocopying, recording or otherwise, without prior permission of the publisher.

મૂલ્ય : ૨૦૦=૦૦

પ્રકાશક :
અશ્વિનકુમાર બી. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર,
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૨૫૩૫૬૬૯૨

મુદ્રક :
ધ્રુમિલ ગ્રાફિક્સ
૮૫૬, નારણપુરા ગામ,
અમદાવાદ-૩૮૦૦૧૩.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ श्रीः ॥

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः॥

પરમપૂજ્ય પ્રોફેસર શ્રી પી. સી. દવેસાહેબ
(ભૂતપૂર્વ સંસ્કૃત વિભાગાધ્યક્ષ, શ્રી હ. કા. આર્ટ્સ કોલેજ, અમદાવાદ)

જેમણે મને, અને મારા જેવા
અનેકને સંસ્કૃતભાષાની
વાક્યરચના લીલયા શીખવી છે
તે મારા આદ્યગુરુવર્યને
સાદર સમર્પિત....

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રસ્તાવના

(પ્રથમાવૃત્તિ વેળાએ)

સામાન્ય રીતે સંસ્કૃતને દ્વિતીયભાષા તરીકે શીખવવાનો પ્રસંગ ઊભો થાય છે ત્યારે સંસ્કૃતભાષાના વર્ણો (સ્વર-વ્યંજન)નો પરિચય કરાવીને, શબ્દાર્થજ્ઞાનપૂર્વક દ્વિવિધપદો (નામપદો અને ક્રિયાપદો)ની રચના વર્ણવવામાં આવે છે; અને પછી વિભક્ત્યન્ત પદોના પ્રયોગના નિયમો રજૂ કરવામાં આવે છે. અત્યાર સુધીનાં અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીભાષામાં લખાયેલા સંસ્કૃતભાષાનાં વ્યાકરણોમાં મુખ્યત્વે સંસ્કૃત ભાષાના વર્ણોના ઉચ્ચારણ સ્થાન-પ્રયત્નો અને વર્ણોના પરસ્પરના સંમિશ્રણ પ્રસંગે પ્રાપ્ત થતાં ધ્વનિવિકારો (એટલે કે 'સન્ધિવિચાર')નું પ્રારંભે વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાર પછી ક્રમિક રીતે ગુજરાતી-સંસ્કૃત શબ્દકોશને રજૂ કરવામાં આવ્યો છે. અને તેની સાથેને સાથે તે શબ્દોનું ત્રણેય લિંગમાં વિભાજન કરીને, તેના अ કારાન્ત, इ કારાન્તાદિ જેવા સ્વરાન્ત કે વ્યંજનાન્ત શબ્દસ્વરૂપને ધ્યાનમાં લઈને તે શબ્દોનાં-નામોનાં-પ્રથમા વિભક્તિથી સપ્તમી વિભક્તિ સુધીનાં જુદાં જુદાં વચનો (એકવચન-દ્વિવચન-બહુવચન)માં કેવાં રૂપો થાય છે એનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. (એટલે કે નામપદોનાં રૂપોની હારમાળા રજૂ કરવામાં આવી છે.) ત્યાર પછી (લગભગ અંશતઃ) વિભક્તિપ્રયોગને વર્ણવીને 'સંસ્કૃત વ્યાકરણ'ની ઇતિશ્રી કરવામાં આવી છે. અહીં જે વિભક્તિવિચાર રજૂ કર્યો હોય છે તેમાંય વિભક્તિવિચારના પુરોગામી એવા કારકવિચારને વિષે ઘણે ભાગે મૌન સેવવામાં આવ્યું હોય છે. (ઘણે સ્થળે ''ગુજરાતી ભાષાનો અમુક પ્રત્યય હોય તો તેને માટે સંસ્કૃતમાં અમુક વિભક્ત્યન્ત રૂપ વાપરવું'' એવી સ્થૂળ સમજ જ મૂકી હોય છે.) વળી, વાક્યના ઉદ્દેશ્ય અને કર્તાકારક (કે કર્મકારક)નો ભેદકવિચાર તો પ્રકટપણે કરવામાં આવ્યો જ હોતો નથી, ('કર્તરિપ્રયોગ' કે 'કર્મણિપ્રયોગ' જેવા પારિભાષિક શબ્દોનો સીધો પ્રયોગ કરી દેવામાં આવે છે.) તેથી વાક્યરચનાનું આરંભબિંદુ જ લગભગ અન્ધકારગ્રસ્ત રહેવા પામે છે. આ ઉપરાંત, વાક્યના આંતરિકસ્વરૂપની ચર્ચા કે વાક્યવિસ્તારની પદ્ધતિ વિષે ખુલાસો કર્યા વિનાના જ (કે તદ્‌વિષયક સભાનતા વિના જ) વિશેષણોનો પ્રયોગ, જાત જાતનાં કૃદન્તોનો ઉપયોગ અને તેનું રૂપાખ્યાન ખડકી દેવામાં આવે છે. એ જ પ્રમાણે, સંસ્કૃત ક્રિયાપદમાંના ધાતુઓ, તેમનું દશ ગણમાં વિભાજન, સકર્મક-અકર્મકના ભેદો, પરસ્મૈપદ-આત્મનેપદના પ્રત્યયો, એ બધાંયની ક્યાં, કયા ક્રમે અને કઈ ઉપયોગિતા છે તે સમજાવ્યા વિના જ જુદા જુદા કાળ અને અર્થના દશવિધ ક્રિયાપદોની યાદીઓ પણ ઉદ્ધૃત કરી દેવામાં આવે છે, (એટલે કે સંસ્કૃત ક્રિયાપદની આંતરિક સંરચનાને સમજવાની કે સમજાવવાની કોશિશ લગભગ કરવામાં આવતી નથી.) પરિણામે, વિદ્યાર્થીને માટે સંસ્કૃતભાષાનો અભ્યાસ ''સમજવાનો વિષય'' મટીને, ''ગોખવાનો વિષય'' બની રહે છે. (ક્યારેક એવું પણ જોવા મળે છે કે કોઈક વિદ્યાર્થીને નામનાં કે ક્રિયાપદનાં અનેક રૂપો જિહ્વાગ્રે હોવા છતાંય તે એક નાનું સરખું વાક્ય પણ બનાવી શકતો નથી; અથવા અન્યને કોઈ પ્રકારની વાક્યરચના શીખવી શકતો નથી.)

આથી પ્રસ્તુત પ્રયાસમાં, સંસ્કૃતભાષાના રૂપાખ્યાનને મહદંશે પશ્ચાદ્‌ભૂમાં મૂકી દઈને વાક્યની સંરચના ઉપર જ પ્રમુખપણે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

અહીં, પ્રકરણ-૧માં 'ઉદ્દેશ્ય અને ક્રિયાપદની સંગતિ'નો વિચાર કરવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે, વાગ્વ્યવહારમાંના (=સંભાષણના) ત્રિવિધ ઉદ્દેશ્યોને સમજાવીને પછી તેમને વ્યાકરણની પરિભાષામાં 'પુરુષ' તરીકે ઓળખાવ્યા છે. ત્યાર બાદ આ ઉદ્દેશ્ય (અને તેના 'વચન' -સંખ્યા)ની સાથે ક્રિયાપદની કેવી રીતે સંગતિ ગોઠવવી અનિવાર્ય છે એ દર્શાવ્યું છે. સંસ્કૃતભાષામાં પ્રથમા વિભક્તિ ઉદ્દેશ્યવાચિકા હોય છે; અને વાક્યમાં ઉદ્દેશ્ય તરીકે કર્તા પણ હોઈ શકે, અને ક્યારેક કર્મ પણ હોઈ શકે છે. આથી આ ઉદ્દેશ્યના ખ્યાલને સ્પષ્ટ કર્યા પછી જ 'કર્તરિપ્રયોગ'વાળી વાક્યરચનાનો આરંભ કર્યો છે.

પ્રકરણ-૨માં-સંસ્કૃતભાષામાં 'પ્રથમાદિ વિભક્તિઓનો પ્રયોગ' ક્યારે અને ક્યાં કરવો એની ચર્ચા હાથ ધરતાં પહેલાં, પ્રાસંગિક રીતે ગુજરાતીભાષાના વિભક્તિપ્રત્યયોની અંશતઃ ઓળખ આપવી પણ જરૂરી લાગી છે. કેમકે આપણા વિદ્યાર્થીઓની માતૃભાષા ગુજરાતીભાષા હોઈને તેને વ્યાકરણની આંખથી જોવાનું લગભગ શીખ્યા હોતા નથી. પરિણામે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગુજરાતીમાંથી સંસ્કૃતમાં અનુવાદ કરતી વખતે જે વિદ્યાર્થી ગુજરાતીભાષાના વાક્યમાં આવેલા પદોની વ્યાકરણિક કોટિઓ ન ઓળખી શકતો હોય તો સ્વાભાવિક રીતે જ તે તે પદોનો સંસ્કૃતમાં કઈ વિભક્તિથી અનુવાદ કરવાનો રહેશે તે સમજી શકતો નથી. આથી ગુજરાતીભાષાના મુખ્ય મુખ્ય વિભક્તિ પ્રત્યયોનો પરિચય કરાવીને, પછી સંસ્કૃતમાં જે તે શબ્દનું કયા વિભક્તિપ્રત્યયથી ભાષાન્તર કરવું તે દર્શાવ્યું છે. અહીંઆ કયા કારકાર્થને વ્યક્ત કરવા, કે કયા કયા સન્દર્ભોમાં કઈ વિભક્તિ વપરાય છે એના નિયમોને સોદાહરણ સમજાવવા પ્રયત્ન કર્યો છે, અને પ્રકરણના અન્તે સ્વાધ્યાય માટે ૧૭૦ જેટલા વાક્યો પણ આપ્યાં છે. (અહીં જુદાં જુદાં શબ્દોનાં પ્રથમાથી શરૂ કરીને સાતેય વિભક્તિઓમાં કેવી રીતે, કેવાં રૂપો થાય છે ? – તેવી રૂપરચના અંગેની કોઈ જ ચર્ચા મહદંશે આ ગ્રન્થમાં કરી નથી. કેમકે આ ગ્રન્થમાં સંસ્કૃત વાક્યવિન્યાસ કેમ કરવો એને જ મુખ્ય ચર્ચાનો વિષય બનાવ્યો છે. ગ્રન્થના અન્તે પરિશિષ્ટમાં આવાં નામપદોનાં રૂપોની યાદી આપી છે.)

પ્રકરણ-૩માં, વાક્યમાં 'વિશેષણોનો પ્રયોગ' કેમ કરવો એ અનેક ઉદાહરણોથી અને વિસ્તારથી સમજાવવા પ્રયત્ન કર્યો છે. અહીં, પહેલાં 'વિશેષણ'નો ખ્યાલ સ્પષ્ટ કરીને પછી, તેના દ્વિવિધભેદોની ચર્ચા અને વર્ગીકરણ રજૂ કરવામાં આવેલ છે. ગુજરાતીભાષામાં સામાન્ય રીતે વિશેષણવાચક પદ વિશેષ્યની પ્રાયઃપૂર્વમાં મુકાયું હોય છે. જ્યારે સંસ્કૃતભાષામાં વિશેષણોનો પ્રયોગ વિશેષ્યને અધીન રહેતો હોય છે. એટલે કે વિશેષ્યનાં લિંગ, વચન અને વિભક્તિને સુસંગત રહીને (= વિશેષણને વિશેષ્યનાં સામાનાધિકરણ્ય -agreement-માં ગોઠવીને પછી જ) વિશેષણોનો પ્રયોગ કરવામાં આવે છે; તે મુદ્દાને વિશદ કરેલ છે. આ પ્રકરણમાં 'ભેદમૂલક અને અભેદમૂલક વિશેષણો'ની રજૂઆત અભિનવ હોવાની સાથે જ, સંસ્કૃતભાષાના અમુક મુદ્દાઓના અધ્યયન-અધ્યાપનનો નૂતન દૃષ્ટિકોણ પૂરો પાડશે એવી આશા છે.

પ્રકરણ-૪માં, સંસ્કૃતવાક્યનું આંતરિક સ્વરૂપ સ્પષ્ટ કરવા ત્રણ ચાર્ટ રજૂ કર્યા છે, અને ત્યાર પછી સાદા વાક્યમાં (દ્વિવિધ) ઉપવાક્યો ઉમેરીને વાક્યનો પ્રસ્તાર કેમ કરી શકાય એ બતાવ્યું છે. આ ત્રણેય ચાર્ટને ધ્યાનથી સમજી લીધા પછી કોઈ પણ અભ્યાસીને સંસ્કૃતભાષાનાં વિવિધ વાક્યોની રચના સુસ્પષ્ટ થશે. (અહીં હેત્વર્થકૃદન્ત, સંબંધકભૂતકૃદન્તો અને સતિસપ્તમી જેવાં પદસમૂહોથી બનતાં "ઉપવાક્યો"ની રચના સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે.)

પ્રકરણ-૫માં, સંસ્કૃત ક્રિયાપદની તાર્કિક અને શાસ્ત્રીય સંરચના અતિવિસ્તારથી ચર્ચી છે. (અલબત્ત, અહીં પણ ધાતુ + પ્રત્યયના પ્રસંગે પ્રાપ્ત થતાં ધ્વનિવિકારોનું વર્ણન કર્યું નથી. પરંતુ નિદર્શન રૂપે જુદા જુદા ગણના કેટલાક ધાતુઓનું તૈયાર રૂપાખ્યાન મૂકી દીધું છે. (કેમકે, અગાઉ જણાવ્યું છે તેમ, અહીં પદરચનાની ચર્ચા કરવાનો ખ્યાલ રાખ્યો જ નથી.) સંસ્કૃત ભાષામાં ક્રિયાપદનું મહત્ત્વ તો સુવિદિત છે. અહીં, ક્રિયાપદ તે વાક્યનો પર્યાય ગણાયેલ છે. આથી ક્રિયાપદની રચનાને અને સમગ્ર વાક્યની રચનાને મૂળભૂત રીતે જ યુગપત્ સંબંધ છે. આ મુદ્દાને વિશદ કરીને પછી, જુદા જુદા કાળ અને અર્થોમાં સંસ્કૃત વાક્યરચનાનાં વિવિધ ઉદાહરણો રજૂ કર્યા છે. વળી, સંસ્કૃત ભાષામાં સીમિત ધાતુઓની મર્યાદાને ઓળંગવા માટે ઉપસર્ગો, ચ્વિ રૂપો અને 'નામધાતુ'ઓ કેવી રીતે વપરાય છે એનું પણ, છેલ્લે વિશદ નિરૂપણ કર્યું છે.

પ્રકરણ-૬માં, कृ, भू અને अस् ધાતુઓનો 'ક્રિયાસામાન્યવાચી' ધાતુ તરીકે પરિચય કરાવીને, પ્રારંભિક તબક્કામાં, સંસ્કૃત ભાષા શિક્ષણનું સરલીકરણ કેવી રીતે કરી શકાય એની એક, શાસ્ત્રીય દૃષ્ટિએ માન્ય બની શકે એવી યુક્તિનો પુરસ્કાર કર્યો છે.

પ્રકરણ-૭માં, કર્મણિ પ્રયોગના પ્રસંગે ઉદ્દેશ્યભૂત કર્મની સાથે ક્રિયાપદ (કે કૃદન્ત)ની સંગતિ કેવી રીતે ગોઠવવામાં આવે છે એ વિશદ કરીને, કર્મણિ વાક્યરચનાનું સ્વરૂપ ચર્ચ્યું છે. દ્વિકર્મક ધાતુઓના અને પ્રેરક ધાતુઓના કર્મણિ પ્રયોગની વ્યવસ્થાને પણ પ્રસંગતઃ સ્પષ્ટ કરી છે.

પ્રકરણ-૮માં, પ્રેરક પ્રયોગની ચર્ચા હાથ ધરી છે. જેમાં સાદી કર્તરિ વાક્યરચનાનું પ્રેરક વાક્યરચનામાં રૂપાંતર કરતી વખતે ક્રિયાપદમાં અને સાથે સાથે અન્ય (પ્રથમાન્ત અને દ્વિતીયાન્ત) નામપદોમાં કેવા ફેરફાર કરવા પડે છે એનું સોદાહરણ પ્રદર્શન કર્યું છે. ત્યાર પછી, સંસ્કૃત ભાષાની વિશિષ્ટતા રૂપ ગણાતાં ઇચ્છાદર્શક, પૌનઃ પુન્યાર્થક જેવા ક્રિયાપદોનો પ્રયોગ પણ વર્ણવ્યો છે.

પ્રકરણ-૯માં, વાક્યસંયોજક અવ્યયો- જેવા કે, च, इति, यद्, यथा-तथा, यावत्-तावत् વગેરે-નો પ્રયોગ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(એટલે કે વાક્યમાં તેમનો જે પદક્રમ જોવા મળે છે, તેને) પણ સોદાહરણ સમજાવ્યો છે. તથા છેલ્લે મુખ્ય મુખ્ય અવ્યયોની યાદી જોડી છે.

પ્રકરણ-૧૦માં છેલ્લે – સમગ્ર વાક્યરચના થઈ ગયા પછી જ, યથેચ્છક્રમે પદો ગોઠવતી વખતે-એક પદાન્તીય ધ્વનિ અને અનુગામી બીજો પદાદિ ધ્વનિ પાસે પાસે આવતાં, ત્યાં પરસ્પરના પ્રભાવથી જે ધ્વનિવિકારો અસ્તિત્વમાં આવે છે તેનું દિગ્દર્શન કરાવ્યું છે.

અન્તે આપેલાં પરિશિષ્ટોમાં સ્વરાન્ત, વ્યંજનાન્ત નામો અને સર્વનામોનાં ઘણા બધાં રૂપોની યાદી મૂકી છે. (વિશેષણ રૂપે વપરાતાં શબ્દોનાં ત્રણેય લિંગમાં કેવાં રૂપો થાય છે, તે ઉદાહરણ રૂપે પ્રકરણ-૩માં રજૂ કરેલ છે. તથા દશેય ગણના અમુક અમુક ધાતુઓનાં દશેય કાળ અર્થમાં જે ક્રિયા રૂપો થાય છે, તે પ્રકરણ-૫માં મૂકેલ છે.) ત્યાર પછી કેટલાંક નમૂના રૂપ ધાતુઓનાં સંબંધક ભૂતકૃદન્તો અને હેત્વર્થકૃદન્તનાં રૂપોની યાદી પણ આપી છે. (ગ્રન્થવિસ્તરભયથી સમાસ વગેરેની પ્રક્રિયા, જે પરિશિષ્ટમાં મૂકવાની ઇચ્છા હતી, તે મૂકી શક્યો નથી. એનો થોડોક રંજ છે.) [પરંતુ આ દ્વિતીયાવૃત્તિમાં સમાવેશ કરી લીધો છે.]

★★★

ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાં સંસ્કૃતને મુખ્ય વિષય તરીકે લઈને વિદ્યાર્થીઓ ઊંચી ઉપાધિઓ મેળવે છે. પરંતુ સખેદ એક વાસ્તવિકતા પણ કબૂલવી પડે છે કે મુખ્ય વિષય તરીકે સંસ્કૃત લઈને ભણનારા વિદ્યાર્થીઓને સંસ્કૃત વાક્યરચના પ્રાયઃ આવડતી નથી. અને છતાંય ઘણા વિદ્યાર્થીઓને સંસ્કૃતમાંથી ગુજરાતીમાં, અને ગુજરાતીમાંથી સંસ્કૃતમાં પોતાની જાતે જ અનુવાદ કરતાં શીખવાની તીવ્ર ઇચ્છા પણ હોય છે એમ જોવા મળે છે. આવા વિદ્યાર્થીઓને શાળા કક્ષાએથી શરૂ કરીને કોલેજ કક્ષાએ જતાં સુધીમાં સંસ્કૃત ભાષાના અમુક નામપદો અને ક્રિયાપદોનો પરિચય થઈ ચૂક્યો હોય છે. પરંતુ એ રૂપોમાંથી, સંસ્કૃતસાહિત્યમાં વપરાયેલાં વાક્યો કેવી રીતે બન્યાં હોય છે; અથવા એ રૂપોને આધારે પોતે નવાં વાક્યો કેવી રીતે બનાવી શકે ? એ પ્રશ્ન તેને હંમેશાં સતાવ્યા કરે છે. આવા, સંસ્કૃતભાષાને- સંસ્કૃત વાક્યરચનાને-શીખવા ઉન્મુખ થયેલા વિદ્યાર્થી મિત્રોને માટે પ્રસ્તુત પ્રયાસ ઉપકારક બની રહેશે એનો દૃઢ વિશ્વાસ છે. આ ગ્રન્થના અભ્યાસીઓ પાસેથી તેમના અભિપ્રાયો અને સૂચનો જાણવા ઉત્સુક છું.

★★★

આજે મારા પૂજ્ય ગુરુવર્ય પ્રોફે. શ્રી પી. સી. દવે સાહેબ (ભૂતપૂર્વ પ્રાધ્યાપક અને સંસ્કૃત વિભાગાધ્યક્ષ, શ્રી હ. કા. આર્ટ્સ કોલેજ, અમદાવાદ)ના કરારવિન્દમાં આ ગ્રન્થવિશેષને સમર્પિત કરતાં આનંદની લાગણી અનુભવું છું. સંસ્કૃત વિદ્યાજગત્‌ની તેમણે કરેલી સેવા અદ્વિતીય કહી શકાય એવી છે.

श्लिष्टा क्रिया कस्यचिदात्मसंस्था संक्रान्तिरन्यस्य विशेषयुक्ता ।
यस्योभयं साधु स शिक्षकाणां धुरि प्रतिष्ठापयितव्य एव ॥

તેઓશ્રીએ કરેલા અધ્યાપનયજ્ઞને પુષ્પાંજલિ અર્પવા, મહાકવિ કાલિદાસના ઉપર્યુક્ત શબ્દો યથાર્થ જણાય છે. તેઓશ્રીને હું સાદર વન્દન કરું છું.

★★★

મારી તમામ વિદ્યાકીય પ્રવૃત્તિઓમાં મારાં કુટુમ્બીજનોનો જે સાથ સહકાર છે તેને તો નોંધ્યા વગર કેમ રહેવાય ? મારા પૂ. માતા-પિતાના આશીર્વાદનું જ આ સુફળ છે. મારા નિર્વ્યાજ હાર્દિક શુભેચ્છક પ્રોફે. શ્રી તપસ્વી શં. નાન્દીસાહેબ (નિવૃત્ત સંસ્કૃત વિભાગાધ્યક્ષ, ભાષાસાહિત્યભવન, ગુજરાત યુનિવર્સિટી)નો પણ આજે અન્તઃકરણપૂર્વક આભાર માનું છું. એમની નિશ્રામાં જે જ્ઞાનચર્ચાઓ થયા કરે છે એનાથી હું સતત લાભાન્વિત થાઉં છું. તથા, આજે તો તેઓશ્રીએ સૂક્ષ્મેક્ષિકાથી આ ગ્રન્થને સાદ્યન્ત જોઈ જઈને, સહર્ષ આવકાર્યો છે. એ માટે હું તેમનો હૃદયપૂર્વક આભારી છું; અને સાદર-સપ્રેમ તેમને વન્દન કરું છું. તથા મારાં શ્રીમતી સૌ. વૃન્દા, નાની બહેન ચિ. અરુણા, (હવે ડૉ. શ્રીમતી પૂનમ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પંકજકુમાર રાવળ) ચિ. શ્રુતિ અને ચિ. કૃષ્ણાની શુભેચ્છાઓ અને પ્રેમ પણ અહીં સવિશેષ ઉલ્લેખનીય છે. આ ઉપરાંત, મિત્રવર્યો ડૉ. શ્રી અરવિન્દ ભાંડારી, ડૉ. શ્રી. બી. ડી. પંડ્યા સાહેબ, પ્રોફે. શ્રી બી. કે. ઠક્કર (વિદ્યાનગર), શ્રી હેમન્ત બ્રહ્મભટ્ટ, શ્રી પ્રિયદર્શી વ્યાસ અને મારા પ્રિય સૌ વિદ્યાર્થીમિત્રોની અંગત શુભેચ્છાઓ માટે પણ આભારી છું.

આ ગ્રન્થના પ્રકાશનમાં મારા સુહૃદ્ અને પ્રકાશકશ્રી અશ્વિનભાઈ બી. શાહ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદનો ઉત્સાહ અતીવ નોંધપાત્ર છે. તેમના દ્વારા પરોક્ષ રીતે જે સંસ્કૃતનું સેવાકાર્ય થાય છે તેને માટે સંસ્કૃતના સૌ અભ્યાસીઓ અને વ્યક્તિગત રીતે હું આભારી છું.

सरस्वती श्रुतिमहती महीयताम् ॥

મહાશિવરાત્રિ — વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

૨૩-૨-૧૯૯૦

૭, લૅક્ચરર્સ રો હાઉસીસ,

ગાંધીચોતરા, યુનિ. કેમ્પસ,

અમદાવાદ-૩૮૦૦૦૯

દ્વિતીય આવૃત્તિ વેળાએ

'સંસ્કૃત વાક્યસંરચના'ની પ્રથમાવૃત્તિ ઈ.સ. ૧૯૯૦માં પ્રકાશિત થયા પછી, આ પરિવર્તિત અને પરિવર્ધિત એવી દ્વિતીયાવૃત્તિ ૧૯૯૬માં પ્રકાશિત થઈ રહી છે તે પ્રસંગે સ્વાભાવિક રીતે જ આનંદ થાય છે. પ્રથમાવૃત્તિને સંસ્કૃતાનુરાગી નાની-મોટી અનેક વ્યક્તિઓએ સહર્ષ આવકારી હતી અને મારા ઉત્સાહને તેમણે વધાર્યો હતો. તે માટે હું એમનો હૃદયથી આભાર માનું છું.

પાણિનીય વ્યાકરણના મર્મજ્ઞ વિદ્વાન્ અને મારા 'સમાન ખ્યાન (=શાસ્ત્ર)નું અધ્યયન કરનારા' સખા એવા ડૉ. શ્રી કમલેશકુમાર છ. ચોકસી (સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી)એ પ્રથમાવૃત્તિ વાંચીને, ભારતીય અસ્મિતાના પુનર્ જાગરણની આવશ્યકતા તરફ ધ્યાન દોર્યું. જેમકે, અંગ્રેજ શાસન દરમ્યાન અંગ્રેજીના માધ્યમથી સંસ્કૃત ભણાવવા માટે જે સંસ્કૃત પાઠમાળાઓ, માર્ગોપદેશિકાઓ કે મન્દિરાન્તઃપ્રવેશિકાઓ રચાઈ છે (અને તેમને અનુસરીને ગુજરાત-મહારાષ્ટ્રની હાઈસ્કૂલોમાં ચાલતાં સંસ્કૃતના પાઠ્યપુસ્તકોમાં) તેમાં ક્રિયાપદનાં રૂપોનો પરિચય, અંગ્રેજી વ્યાકરણને અનુસરીને - First person, second person અને Third person - ની જેમ ''પહેલો પુરુષ, બીજો પુરુષ અને ત્રીજો પુરુષ'' એમ કરાવાય છે. તેને બદલે પ્રાચીન સમયથી પાણિનીયાદિ ભારતીય વ્યાકરણોમાં જે પારિભાષિક સંજ્ઞાઓ છે. દા. ત. પહેલા પુરુષ માટે 'ઉત્તમ પુરુષ'; બીજા પુરુષ માટે 'મધ્યમ પુરુષ' અને ત્રીજા પુરુષ માટે 'પ્રથમ પુરુષ' - તેનું જ પ્રવર્તન કરવું. શ્રી કમલેશભાઈના આ સૂચનનો મેં આ દ્વિતીયાવૃત્તિમાં સહર્ષ સ્વીકાર કર્યો છે. કેમકે, શાસ્ત્રીય ગ્રન્થોના ટીકા-ટિપ્પણમાં પણ આપણા પ્રાચીન વૈયાકરણોની જ પારિભાષિક સંજ્ઞાઓ વપરાઈ છે. અમારા આ અભિગમનો સૌ વિદ્યાવ્યાસંગીઓ સ્વીકાર કરશે; અને તદનુસાર ભવિષ્યમાં રાજ્ય સરકાર પણ શાળાકક્ષાનાં પાઠ્યપુસ્તકોમાં પરિવર્તન કરશે તો અમને સવિશેષ આનંદ થશે.

પ્રસ્તુત આવૃત્તિમાં પ્રકરણ-૯ (સંસ્કૃત વાક્યોમાં પદાન્વય અને પદક્રમ) અને પરિશિષ્ટ-૪ (સમાસપ્રક્રિયા) તદ્દન નવા અંશો ઉમેર્યા છે. તથા ક્રિયાપદનાં રૂપો પ્રથમાવૃત્તિમાં જે પ્રકરણ-૫માં હતાં તે છેલ્લે પરિશિષ્ટ ૨ (क)માં ખસેડ્યાં છે; અને પરિશિષ્ટ-૨ (ख), ૩ (क અને ख) પણ નવાં ઉમેર્યાં છે. જેના પરિણામે અભ્યાસીએ જુદી 'શબ્દરૂપાવલી'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અને 'ધાતુ રૂપાવલી'ઓ વસાવવી પડશે નહીં.

આ સિવાય બીજાં મહત્ત્વનાં જે પરિવર્તનો અને પરિવર્ધન છે, તે આ પ્રમાણે છે : ગ્રન્થના આરંભે ભૂમિકામાં 'વાક્યવિચાર' મૂક્યો છે; પ્રકરણ-૨માં યથાશક્ય તમામ પ્રકારના વિભક્તિ પ્રયોગોને નવા ઉમેર્યા છે. તથા પ્રકરણ-૪માં 'વાક્યોના પંચવિધ પ્રકાર'ની ઉપસ્થાપના તદ્દન નવી અને પહેલવહેલી છે.

અહીં સંસ્કૃત ભાષાના અધ્યયન-અધ્યાપનમાં પણ જો આ પાંચ પ્રકારનાં, જેમકે-

૧. સાદું વાક્ય, ૨. વિશેષણસહિતનું સાદું વાક્ય, ૩. મિશ્ર વાક્ય, ૪. સંયુક્ત વાક્ય અને ૫. જટિલ વાક્યો-ની રચનાનો ક્રમ સભાનતાપૂર્વક જાળવવામાં આવશે તો (જ) સંસ્કૃત ભાષા ઝડપથી અને તાર્કિકક્રમે આત્મસાત્ કરી શકાશે એવો અમારો દઢ અભિપ્રાય છે. વળી, સંસ્કૃત એ ગોખવાની ભાષા નથી; પણ એમાં પણ બુદ્ધિપૂર્વક અભ્યાસ હાથ ધરવાનો છે એની પ્રતીતિ આ ગ્રન્થ કરાવશે. તેથી ભાષાના તમામ મુદ્દાઓ કે તમામ રચનાઓની પહેલાં અર્થવિચારણા (Semantics) હાથ ધરી છે; અને ત્યાર પછી જ વાક્યના સ્તર ઉપર, તેનું (વિવિધ પદોના માધ્યમથી) ધ્વન્યાત્મકસ્તરે (phonological represantation) કેવી રીતે પરિવર્તન થાય છે તેનું નિરૂપણ કર્યું છે. (આ દષ્ટિએ જ વ્યાકરણના અભ્યાસમાં સન્ધિવિચાર આરંભે નહીં, અંતે જ મુકાવો જોઈએ.) જુદી જુદી રૂપાવલીઓને કંઠસ્થ કરવાનું આવશ્યક હોય એમ સ્વીકારીએ તો પણ જે તે વાક્ય કે પદની પૂર્વભૂમિકામાં રહેલી વિવક્ષિત અર્થની - કે પ્રત્યાય્ય અર્થની વિચારણા તો અનિવાર્ય છે - એ ભાષાના સૌ કોઈ અભ્યાસીએ સમજી લેવાની જરૂર છે.

આશા છે કે સંસ્કૃત ભાષા શિક્ષણનો આ અભિનવ અને વૈજ્ઞાનિક ઉપક્રમ સંસ્કૃતના વિદ્યાર્થીઓને, શિક્ષકોને અને અન્ય ક્ષેત્રોમાં કામ કરતા, પણ સંસ્કૃતના સાચા અનુરાગીઓને, આકર્ષી શકશે અને સફળતા અપાવી શકશે.

અદ્યાવધિ સંસ્કૃત ભાષાના શિક્ષણ માટે જે જે વ્યાકરણો રચાયાં છે તે મહદંશે રૂપરચનાઓ અને રૂપોની યાદીઓને રજૂ કરે છે. તથા આંશિક રીતે ગુજરાતી-સંસ્કૃત શબ્દકોશો અને સ્વાધ્યાય માટે અમુક વાક્યો આપીને અટકે છે; તેમાં 'વાક્યરચના'ની પ્રાયઃ કોઈ ચર્ચા કે તેમાં ચર્ચાની આવશ્યકતા માટેની સભાનતા હોતી નથી. ઈ.સ. ૧૯૪૧માં શ્રી કમળાશંકર સું. ત્રિવેદી (સૂરત)એ "સંસ્કૃતવ્યાકરણ અને વાક્યરચના" એવા શીર્ષકથી રચેલાં પુસ્તકમાં કેવળ બે પાનમાં જ વાક્યરચનાની વાત મૂકી છે. ઈ.સ. ૧૯૧૦માં શ્રી ઠાકોરદાસ જમનાદાસ પંજી (મુંબઈ)એ 'સંસ્કૃતભાષા પ્રદીપ" નામના પ્રશંસનીય ગ્રન્થમાં વીસ પાનમાં 'વાક્યરચના' અંગે જુદું નિરૂપણ કર્યું છે. એ ઉપરાંત એક પાશ્ચાત્ય વિદ્વાન J. S. Speijer (Leyden)એ Sanskrit Syntax નામના શકવર્તી ગ્રન્થને ઈ.સ. ૧૮૮૬માં પ્રકાશિત કર્યો હતો. (આ ગ્રન્થની શતાબ્દી ઉજવવા પરદેશમાં કેટલાક સેમીનારો થયા હતા, અને તેના લેખોનો સંચય Studies in Sanskrit syntax, Ed. H.H. Hock, Delhi, 1991 માં પ્રકટ થયો છે.) પરંતુ તે વેદ, રામાયણાદિથી શરૂ કરી જગન્નાથ સુધીના સાહિત્યમાં જે જે વાક્યપ્રયોગો થયા છે, તેના પૃથક્કરણાત્મક વ્યાકરણનું નિરૂપણ કરે છે. જ્યારે અમારો પ્રસ્તુત - "સંસ્કૃત વાક્યસંરચના" - ગ્રન્થ તે સંયોજનાત્મક દષ્ટિકોણથી સંસ્કૃત ભાષાની પ્રાયઃ સર્વાંગીણ એવી વાક્યરચનાઓને નિરૂપે છે. આથી પઠન-પાઠનમાં તે વધુ ઉપકારક અને કામયાબ નીવડશે એવી શ્રદ્ધા છે.

પૂજ્ય માતાપિતાને અને ગુરુજનોને વન્દન; કુટુમ્બીજનોના સહકાર અને સ્વાર્પણ માટે આભાર; તથા મિત્રો, શુભેચ્છકો અને વ્હાલા વિદ્યાર્થીમિત્રોનો પણ આભાર. આ ગ્રન્થના મુદ્રક શ્રી પારિજાત શાહ અને પ્રકાશક શ્રી અશ્વિનભાઈ બી. શાહનો પણ અન્તઃકરણપૂર્વક આભાર.

અભ્યાસીઓનાં સૂચનો આવકાર્ય છે.

મહાવીર જયંતી — વસન્તકુમાર મ. ભટ્ટ

૧ એપ્રિલ, ૧૯૯૬ ગુજ. યુનિવર્સિટી, અમદાવાદ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવકાર

ડૉ. વસન્ત ભટ્ટ દ્વારા વિરચિત ''સંસ્કૃત વાક્ય સંરચના'' ગ્રન્થનો પરિચય આપતાં આનન્દ અનુભવું છું. વર્ષોથી એમણે એમ. એ. કક્ષાએ Unseens and Sanskrit Composition (સંસ્કૃત પેપર-૨) ભણાવ્યું છે. વિદ્યાર્થીને સંસ્કૃત ભાષા શીખવા માટે અદ્યાવધિ જે સામગ્રી ઉપલબ્ધ છે તેમાં મુખ્યત્વે રૂપોની ભરમાળ આપી દેવાય છે. આથી વિદ્યાર્થીને સંસ્કૃત ભાષાનું ગ્રહણ કરવું હોય તો રૂપો ગોખવા પડે એવી છાપ પડે છે, જેથી આજના વિદ્યાર્થીને આ અંગે અરુચિ થાય છે. અમારા સમવયસ્ક મિત્રો પણ પોતાના વિદ્યાકાળને યાદ કરીને એવું જ કહે છે કે સંસ્કૃત શીખવું હોય તો એમની રૂપાવલીઓ કંઠસ્થ કરવી પડતી, લાંબા સમાસોની રચના સમજવી પડતી અને આથી તે પ્રયાસ તેમને દુર્બોધ અને વિરસ લાગતો. ડૉ. વસન્ત ભટ્ટે ભાષા હાથમાં આવી જાય તે માટે સંસ્કૃત વાક્યસંરચના ઉપર ભાર મૂક્યો છે. ગુજરાતી વાક્યોને કઈ રીતે સંસ્કૃતમાં ગોઠવાય એનો કીમિયો તેમણે સમજાવ્યો છે અને કડવા ઔષધને ગળે ઉતારવા તેમણે 'સુગર કોટિંગ' કર્યું છે અને પરિણામે સંસ્કૃત ભાષાનું વ્યાકરણ બહુ સ્વાભાવિક ઢંગથી આત્મસાત્ થઈ જાય એ રીતે પીરસ્યું છે. પૂર્વપ્રાપ્ત વ્યાકરણ ગ્રન્થોમાં જે હતું તે તો આ ગ્રન્થમાં છે જ પણ આ ગ્રન્થની એક નીજી વિશેષતા એ છે કે વિદ્યાર્થી જેમ જેમ આગળ વધે તેમ તેમ સંસ્કૃત વાક્યરચના કરવામાં તેનો આત્મવિશ્વાસ કેળવાતો જાય અને તેનો રસ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. મને વિશ્વાસ છે કે આ ગ્રન્થ ધ્યાનથી વાંચનાર વિદ્યાર્થી અને અધ્યાપક બન્નેને મહાન્ આત્મલાભ થશે જ.

હા, શરૂઆતના પ્રકરણોમાં ગુજરાતી વાક્યરચનાનો આલેખ સમજાવતાં ગ્રન્થકારે જરૂરી ગુજરાતી ભાષાનું જ્ઞાન અભિવ્યક્ત કર્યું છે. તેમાં ક્યાંક પૂરવણી કરવાનું મન પણ થાય. વળી, પહેલા જ પ્રકરણમાં, આપણે સામાન્ય રીતે જેનાથી ટેવાયેલા છીએ એવો-પ્રથમ પુરુષ, દ્વિતીય પુરુષ અને તૃતીય પુરુષ-એ પ્રયોગને બદલે વક્તા, શ્રોતા અને જગત્ એવી પરિભાષા ઉપસાવી છે તેને સ્વીકારવા થોડી તાલીમ જરૂરી જણાય છે. પાછળથી 'વક્તા' 'શ્રોતા' વગરનું જગત્-એવી સ્પષ્ટતા તેમણે કરી છે જે આવકાર્ય છે. ક્યારેક વક્તા, શ્રોતા અને જગત્ એ ત્રણે 'કર્તા' તરીકે અભિપ્રેત હોઈ શકે એ વિગત પણ ધ્યાનમાં લેવાવી જોઈએ. વળી, ગ્રન્થકારે વાક્યસંરચનામાં પોતાની આગવી શૈલી વિકસાવી છે. પૃ. ૩ ઉપર I.2.1માં જે નિયમ અપાયો છે, ત્યાં... ''ક્રિયાપદમાં 'પુરુષ'નો પ્રયોગ'' આ વિધાનમાં 'પુરુષ અને વચન' એવો ઉલ્લેખ આપી શકાત. પણ તેમણે જે પદ્ધતિ અપનાવી છે તેમાં 'વચન'ના સંપ્રત્યયનો પાછળથી પરિચય અપાયો છે તેથી તેમની રીતે તેઓ બરાબર છે.

એક બીજી વાત. સ્વધ્યાય માટે ગ્રન્થકારે પ્રચુર સામગ્રી આપી છે. ક્યાંક ક્યાંક તો (પૃ. ૫૭ થી ૬૨) ૧૭૦ જેટલાં વાક્યો પણ આપ્યાં છે. આ ખૂબ આવશ્યક અને આવકાર્ય જણાય છે. જો કે સર્વનામ, ગણ વગેરેના પરિચય વગર જ (પૃ. ૧૮) સ્વાધ્યાયમાં એવી સામગ્રી અપાઈ છે. જેમ જેમ મુદ્દાઓનો પરિચય થાય તેમ તેમ પ્રયોગ સૂચવાય એવી પદ્ધતિ વધુ ગ્રાહ્ય લાગે. પણ અહીં એમ કહી શકાય કે ગ્રન્થકારે પોતાનો આ ગ્રન્થ – 'बालाः, न तु स्तनंधयाः' માટે લખ્યો છે. અર્થાત્ શાળામાં થોડા પાયાના સંસ્કાર પામીને તથા સ્નાતક કક્ષા સુધી પણ જે મળ્યા હોય તે સંસ્કાર કેળવીને અનુસ્નાતક કક્ષાએ આવેલા વિદ્યાર્થી માટે આ ગ્રન્થ છે. તેથી જ રૂપાખ્યાન એ આ ગ્રન્થમાં આનુષંગિક વિગત બની જાય છે. દસ પ્રકરણોમાં વિભક્ત આ ગ્રન્થમાં ગ્રન્થકારે કેટલાય આલેખો આપ્યા છે, જેનાથી તેમને જે અભિપ્રેત છે તે વિગત સુરેખ બને છે તથા વિદ્યાર્થી અને આ વિષય ભણાવનાર અધ્યાપકને પણ પૂરતું માર્ગદર્શન મળી રહે છે. આ પૂર્વેના કોઈ પણ વ્યાકરણ ગ્રન્થ-અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે મરાઠીમાં રચાયેલ-માં આવા આલેખો અપાયા નથી. આલેખો આ ગ્રન્થના વિશેષ અલંકાર રૂપ બની જાય છે. પ્રથમ પ્રકરણમાં ઉદ્દેશ્ય/ક્રિયાપદની સંગતિ; દ્વિતીયમાં વિભક્તિપ્રયોગ, તૃતીયમાં વિશેષણ વિચાર, જેમાં ભેદમૂલક અને અભેદમૂલક (સમાસ રૂપ, સંખ્યા વાચક, સર્વનામ, તદ્ધિત પ્રયોગો, કૃદન્તો વગેરે) વિશેષણોનો સમાવેશ થાય છે. ગ્રન્થકારે જે રીતે વિશેષણવિચાર રજૂ કર્યો છે તે ઉપલબ્ધ સામગ્રી ગ્રન્થોમાં આટલી સ્પષ્ટતાથી ક્યાંય જોવા મળતો નથી. વાસ્તવમાં આ પ્રકરણ એ એમના ગ્રન્થમાં મોરપિચ્છ – Feather in a cap-સમું જણાય છે અને વિશેષ ધન્યવાદને પાત્ર છે. આ પ્રકરણ ખાસ્સાં ૧૨૦ પૃષ્ઠ લઈ લે છે તે તેની ઝીણવટનું દ્યોતક છે. પ્રકરણ-૪માં વાક્યનો વિસ્તાર કરતાં ઉપવાક્યોનો વિચાર હાથ ધરાયો છે. તેમાં સાદી ક્રિયા, પ્રેરક ક્રિયા, હેત્વર્થ કૃદન્ત, સંબંધક ભૂતકૃદન્ત વગેરેના પ્રયોગોને આવરી લેવાયા છે. ફરી આપણે નોંધીશું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કે વ્યાકરણજ્ઞાન અહીં વાક્યસંરચનાની પરિચારિકા hand-maid રૂપે પ્રયોજાય છે, પોતે સાધન રૂપ છે, સાધ્ય નહીં. આ ગ્રન્થનું પરમસાધ્ય તો વાક્યસંરચના જ છે. પ્રકરણ-૫માં જુદા જુદા કાળ અને અર્થોમાં વાક્યરચના સમજાવાઈ છે. આના સન્દર્ભમાં भ्वादि વગેરે ગણો (= દસ ગણો) અને દસ ल કારની સમજૂતી આવરી લેવાઈ છે. सेद्, वेद्, अनिद् વગેરે પ્રકારોની સમજ પણ સુપેરે અપાઈ છે. સાથે દસે ગણના, પરસ્મૈપદ અને આત્મનેપદી ધાતુઓના દશે ल કારનાં રૂપાખ્યાનનો પરિચય પણ આવી જાય છે. ગ્રન્થકારે Aorist માટે 'સામાન્ય ભૂતકાળ' એવો પ્રયોગ કર્યો છે, આપણે अद्यतन भूतकाल એવા નામાભિધાનથી પરિચિત છીએ પણ વાસ્તવમાં ગ્રન્થકારનો પ્રયોગ વધુ તર્કપુષ્ટ છે. આ પ્રકરણનો વ્યાપ (પૃ. ૨૨૪થી ૩૭૦) પણ પર્યાપ્ત રીતે કરાયો છે. જે તેમાં આવતી સામગ્રીના સન્દર્ભમાં ઉચિત છે. પ્રકરણ-૬માં ક્રિયાસામાન્યવાચી √कृ ધાતુનો (અનુ) પ્રયોગ વિચારાયો છે, તથા પ્રકરણ-૭માં કર્મણિ અને ભાવે પ્રયોગ સીધો વિદ્યાર્થીના હાથમાં સરળતાથી આવી જાય એ રીતે સમજાવાયો છે. ઘણા ઉદાહરણોમાં સમજાવતાં ગ્રન્થકારે વ્યાકરણની પોતાની સૂક્ષ્મ સમજ અને હથોટી અભિવ્યક્ત કર્યાં છે જે સર્વથા અભિનંદનીય છે. જેમ કે, પ્રકરણ-૭માં જ अटवीतः अटवीम् आहिण्ड्यते એ વાક્યમાં 'अटवीम्' પદ કર્મકારક નથી એ નોંધ સૂક્ષ્મદર્શન સૂચવે છે. વળી, કર્મણિ આજ્ઞાર્થ, ભાવે આજ્ઞાર્થ વગેરેનો પણ સૂક્ષ્મ પરિચય અપાયો છે. પ્રકરણ-૮માં પ્રેરક, ઇચ્છાદર્શક, પૌનઃ પુન્યાર્થક ક્રિયાવાળી વાક્યરચના સમજાવાઈ છે, તથા પ્રકરણ-૯માં વાક્યસંયોજક અવ્યયો આપી તેમની મોટી સૂચિ અપાઈ છે. પ્રકરણ-૧૦માં વર્ણસન્ધિ/સ્વરાદિ સન્ધિનો વિચાર થયો છે.

આ રીતે સંસ્કૃત વાક્યસંરચનાને જ કેન્દ્રમાં રાખી સમાસ, કૃદન્ત, સન્ધિ, દશ ल કાર વગેરે સઘળા મુદ્દાઓને ગ્રન્થકારે ક્રમપ્રાપ્ત રીતે સાંકળી લીધા છે અને પૂરો ન્યાય આપ્યો છે. કમળનું ફૂલ જે રીતે ધીમે ધીમે ખીલે અને એની પાંદડીઓ ક્રમિક વિકાસ પામે તથા સુગન્ધ ફેલાવે એ રીતે આ ગ્રન્થમાં દરેક મુદ્દાઓ એમના સ્વાભાવિક ક્રમમાં વિચારાયા છે અને એ બધાનું સર્વાંગી વિશ્લેષણ રજૂ થયું છે. ભાવે પ્રયોગની ચર્ચામાં ક્રિયાપદ ત્રીજે પુરુષ એકવચનમાં જ હોઈ શકે એવું તારણ કાઢીને મહાભાષ્યકાર પતંજલિએ ત્રીજા પુરુષ બહુવચનના નિર્દેશેલા પ્રયોગ ચિન્ત્ય છે એવું નિર્દેશીને ગ્રન્થકારે પોતાની વ્યાકરણશાસ્ત્રની ઊંડી સૂઝનો પરિચય આપ્યો છે.

આ ગ્રન્થ નવી જ ભાત પાડનારો અને વિદ્યાર્થી / અધ્યાપક સહુને ઉપકારક છે. હું હૃદયપૂર્વક એને આવકારું છું, સન્માનું છું.

- તપસ્વી નાન્દી
પ્રોફેસર એમેરિટસ
યુ.જી.સી. ૧૯૯૫

પ્રૉફેસર, નિવૃત્ત સંસ્કૃત વિભાગાધ્યક્ષ,
ભાષા-સાહિત્ય ભવન
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુક્રમણિકા

પૃષ્ઠાંક

ભૂમિકા : વાક્ય વિચાર ૧ થી ૩

૧. પ્રકરણ-૧ : ઉદ્દેશ્ય અને ક્રિયાપદની સંગતિ ૪ થી ૧૮

1.1.1. ત્રિવિધ ઉદ્દેશ્ય (પૃ-૪), 1.1.2 ઉદ્દેશ્યાનુસાર ક્રિયાપદમાં ત્રિવિધ 'પુરુષ' (પૃ. ૫), 1.2 ઉદ્દેશ્યાનુસાર ક્રિયાપદનો પ્રયોગ (પૃ. ૫), 1.3 વિવક્ષિતાર્થનું સંસ્કૃત વાક્યમાં રૂપાન્તર (પૃ. ૧૦), 1.4.1 વિશેષ સ્પષ્ટતા (૧૧), 1.4.2 અપવાદ (પૃ. ૧૨), 1.5.1 કેટલાક નમૂનાઓ (પૃ. ૧૨), 1.5.2 સ્વાધ્યાય (પૃ. ૧૪), 1.5.3 સ્વાધ્યાય (પૃ. ૧૫), 1.5.4. આત્મનેપદનાં ક્રિયાપદોની સંગતિ (પૃ. ૧૫), 1.5.5 ક્રિયાપદનાં રૂપો (પૃ. ૧૬) 1.5.6 સ્વાધ્યાય. (પૃ. ૧૮).

૨. પ્રકરણ - ૨ : કારકવિચાર અને પ્રથમાદિ વિભક્તિઓનો પ્રયોગ ૧૯-૬૨

II.0.1. વાક્ય વિસ્તારનો પ્રથમ તબક્કો (પૃ. ૧૯), II.0.2. ગુજરાતી ભાષામાં વપરાતા વિભક્તિ પ્રત્યયો (૨૦), II.0.2. સંસ્કૃત વિભક્તિપ્રત્યયોનો પરિચય (૨૨), II.1. પ્રથમા વિભક્તિનો પ્રયોગ (૨૪), II.2. દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ, II.2.3 દ્વિકર્મક ધાતુઓનો પ્રયોગ (૩૧), II.3. કરણકારક અને તૃતીયા વિભક્તિનો પ્રયોગ (૩૭), II.4. સમ્પ્રદાનકારક અને ચતુર્થી વિભક્તિનો પ્રયોગ (૪૩), II.5. અપાદાન કારક અને પંચમી વિભક્તિનો પ્રયોગ (૪૭), II.6. ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ (૫૦), II.7. સપ્તમી વિભક્તિનો પ્રયોગ (૫૪), II.8. સંબોધન વિભક્તિ (૫૭), II.9. સ્વાધ્યાય (૫૭-૬૨).

૩. પ્રકરણ-૩ : વિશેષણોનો પ્રયોગ ૬૩-૧૩૮

III.0.1. 'વિશેષણ' એટલે શું ? (૬૩), III.0.2. દ્વિવિધ વિશેષણોનો પરિચય (૬૪), III.1.0. ભેદમૂલક વિશેષણોનો પ્રયોગ (૬૫), III.2.0. અભેદમૂલક વિશેષણોનો પ્રયોગ (૬૮), III.2.1. ગુણવાચક અભેદમૂલક વિશેષણ (૭૬), III.2.2. રંગવાચક અભેદમૂલક વિશેષણ (૭૭), III.2.3 સંખ્યાવાચક વિશેષણ (૭૭), III.2.4 'સર્વનામ' કોને કહેવાય (૮૪), III.2.4.2 'સર્વનામ'નો અભેદમૂલક વિશેષણ તરીકે પ્રયોગ (૯૧), III.2.5 તદ્ધિતાન્ત શબ્દોનો અ. વિશેષણ તરીકે પ્રયોગ (૧૦૦), III.2.6 કૃદન્ત શબ્દો (૧૦૯), III.2.7 સામાસિક શબ્દોનો અભેદમૂલક વિશેષણ તરીકે (૧૧૫), III.2.8 વર્તમાનકૃદન્તોનો પ્રયોગ (૧૨૫), III.2.8.3 કર્મણિ વર્તમાન કૃદન્ત (૧૨૯), III.2.8.4 સ્વાધ્યાય III.2.9 ભવિષ્યત્ કૃદન્ત (૧૩૨), III.3.1 અભેદમૂલક વિશેષણોનો દ્વિવિધ પ્રયોગ (૧૩૪), III.4.1 વિશેષણોના ભેદો (૧૩૬), III.4.2 ક્રિયાપદનાં વિશેષણો (૧૩૬), III.5.0 સ્વાધ્યાય (૧૩૭-૧૩૮).

૪. પ્રકરણ - ૪ : વાક્યોનાં પ્રકાર અને વાક્યનો વિસ્તાર કરનારાં ઉપવાક્યો ૧૩૯-૧૬૭

IV.1 વાક્યનું સ્વરૂપ (૧૩૯), IV.2.0 વાક્યોના પ્રકાર (૧૩૯), IV.2.1 સાદું વાક્ય (૧૪૦), IV.2.2 વિશેષણ સહિતનું સાદું વાક્ય (૧૪૨), IV.2.3 મિશ્ર વાક્ય (૧૪૫), IV.2.3.1 સંબંધક ભૂતકૃદન્તવાળું ઉપવાક્ય (૧૪૬), IV.2.3.2 હેત્વર્થ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કૃદન્તવાળું ઉપવાક્ય (૧૫૧), IV.2.3.3 સતિસપ્તમીવાળાં પદબંધથી બનેલું ઉપવાક્ય (૧૫૮), IV.2.3.4 અનાદરાર્થે ષષ્ઠીવાળા પદોનું ઉપવાક્ય (૧૬૧), IV.2.3.5 ક્રિયાવિશેષણ (૧૬૧), IV.2.4 સંયુક્ત વાક્ય (૧૬૧), IV.2.5 જટિલ વાક્ય (૧૬૫-૧૬૭)

૫. પ્રકરણ-૫ : જુદા જુદા કાળ અને અર્થોમાં વાક્યરચના ૧૬૮-૨૧૨

V.0 ભૂમિકા : ક્રિયાપદનું સ્વરૂપ (૧૬૮), V.0.3.1 સકર્મક, અકર્મક અને દ્વિકર્મક ધાતુઓ (૧૭૦), V.0.3.3 ગણ વ્યવસ્થા (૧૭૪), V.0.3.4 સેટ્ ધાતુઓ અને અનિટ્ ધાતુઓ (૧૭૬-૧૭૭), V.0.4. 'કાળ' અને 'અર્થ'વાચક દશ લકારોની ઉપસ્થિત (૧૭૯), V.0.5. આત્મનેપદ અને પરસ્મૈપદના પ્રત્યયો (૧૮૩), V.1. વર્તમાનકાળવાળી વાક્યરચના (૧૮૬), V.2. હ્યસ્તન (અનદ્યતન) ભૂતકાળવાળી વાક્યંરચના (૧૮૯), V.3. સામાન્ય (અદ્યતન) ભૂતકાળ વાળી વાક્યરચના (૧૯૦) V.4. પરોક્ષ ભૂતકાળવાળી વાક્યરચના (૧૯૪), V.5. અનદ્યતન (=શ્વસન) ભવિષ્યત્કાળવાળી વાક્યરચના (૧૯૫), V.6. સામાન્ય ભવિષ્યત્કાળવાળી વાક્યરચના (૧૯૫), V.7. આજ્ઞાર્થક ક્રિયાપદોવાળી વાક્યરચના (૧૯૬), V.8. વિધ્યર્થક ક્રિયાપદોવાળી વાક્યરચના (૧૯૯), V.9. આશીર્વાદાર્થક ક્રિયાપદોવાળી વાક્યરચના (૨૦૧), V.10. ક્રિયાતિપત્ત્યર્થક ક્રિયાપદોવાળી વાક્યરચના (૨૦૧), V.11. નિષેધાર્થક અને પ્રશ્નાર્થક વાક્યરચના (૨૦૨), V.12.0 સીમિત ક્રિયાવાચક ધાતુઓનો વ્યાપ વધારવાની યુક્તિઓ (૨૦૩), V.12.1 ઉપસર્ગોનો પ્રયોગ (૨૦૩), V.12.2 ચ્વિ પ્રત્યયાન્ત રૂપોનો પ્રયોગ (૨૦૭), V.12.3 નામધાતુઓનો પ્રયોગ (૨૦૯-૨૧૨)

૬. પ્રકરણ-૬ : ક્રિયાસામાન્યવાચી કૃ ધાતુનો (અનુ) પ્રયોગ ૨૧૩-૨૧૭

VI.0.1 ભૂમિકા (૨૧૩), VI.0.2 કૃનો અનુપ્રયોગ અને વાક્યરચનામાં વિશેષવ્યવસ્થા (૨૧૪), VI.0.3 અપવાદ રૂપ ધાતુઓ સાથે ભૂ કે અસ્નો અનુપ્રયોગ (૨૧૬).

૭. પ્રકરણ-૭ : કર્મણિ પ્રયોગ અને ભાવે પ્રયોગ ૨૧૮-૨૫૦

VII.0.1 કર્તરિ, કર્મણિ અને ભાવે પ્રયોગની સમજ (૨૧૮), VII.1.1 (કર્મણિ પ્રયોગમાં) ઉદ્દેશ્ય રૂપ 'કર્મ'ની સાથે ક્રિયાપદની સંગતિ (૨૨૦), VII.1.2 સ્વાધ્યાય (૨૨૩), VII.2.1 અકર્મક ધાતુનો ભાવે પ્રયોગ (૨૨૫), VII.2.2 વિશેષ (૨૨૬), VII.3.0 ભૂતકાલિક ક્રિયાઓ માટે વપરાતાં કૃદન્તો (૨૩૧), કર્મણિ ભૂતકૃદન્તવાળાં વાક્યો (૨૩૩), કર્તરિ ભૂતકૃદન્તવાળાં વાક્યો (૨૩૮), VII.3.3 કર્તરિ/કર્મણિ ભૂતકૃદન્તોનો 'અભેદમૂલક વિશેષણ' તરીકે પ્રયોગ (૨૪૨), VII.4.0 વિધ્યર્થ કૃદન્ત દ્વારા વિધ્યર્થવાળી વાક્ય રચના (૨૪૪), VII.4.2 વિધ્યર્થ કૃદન્તોનો 'અભેદમૂલક વિશેષણ' તરીકે ઉપયોગ (૨૪૭), VII.5 કર્મણિ વર્તમાન કૃદન્ત અને કર્મણિ ભવિષ્યત્કૃદન્તો (૨૪૮), VII.6 દ્વિકર્મક ધાતુઓનો કર્મણિ પ્રયોગ (૨૪૯-૨૫૦)

૮. પ્રકરણ-૮ : પ્રેરક, ઇચ્છાદર્શક અને પૌનઃ પુન્યાર્થક ક્રિયાપદોવાળી વાક્યરચનાઓ ૨૫૧-૨૫૮

VIII.1 પ્રેરણાર્થક વાક્ય (૨૫૧), VIII.1.1 પ્રેરક (ણિજન્ત) ક્રિયાપદ (૨૫૨), VIII.1.2 પ્રેરક વાક્યરચના (૨૫૩), VIII.1.3 પ્રેરક કર્મણિ વાક્યરચના (૨૫૫), VIII.2.1. ઇચ્છાદર્શક (સન્નન્ત) ક્રિયાપદ (૨૫૬), VIII.3.1 પૌનઃ પુન્યાર્થક (યઙન્ત) ક્રિયાપદ (૨૫૮).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૯. પ્રકરણ-૯ : સંસ્કૃત વાક્યોમાં પદાન્વય અને પદક્રમ — ૨૫૯-૨૬૫

IX.0 ભૂમિકા (૨૫૯), IX.1 શ્રોતૃપક્ષે પદાન્વય ક્રમ (૨૫૯), IX.2.1 ષષ્ઠ્યન્ત પદોનો અન્વય (૨૬૦), IX.2.2 કારકવિભક્તિ દર્શાવતાં પદોનો અન્વય (૨૬૦), IX.2.3 ઉપપદ વિભક્તિવાળાં પદોનો અન્વય (૨૬૧), IX.2.4 કર્મપ્રવચનીય અને તત્સંબંધી પદો (૨૬૧), IX.3 ક્રિયાવિશેષણ અને ક્રિયાપદનો અન્વય (૨૬૨), IX.4 મિશ્રવાક્યોમાંના સંનિહિત પદબંધોનો અન્વય (૨૬૨), IX.4.3 સતિ સપ્તમી અને અનાદરાર્થે ષષ્ઠીવાળાં પદોનો અન્વય (૨૬૩), IX.5 નિશ્ચિત પદક્રમવાળા સન્દર્ભો (૨૬૩), IX.5.1 વિશેષ્ય-વિશેષણવાચક પદોનો ક્રમ (૨૬૩), IX.5.2 પ્રશ્નાર્થક किम् સર્વનામનો પદક્રમ (૨૬૪), IX.6 અવ્યયોના રૂઢિથી નિશ્ચિત થયેલા પદક્રમ (૨૬૪).

૧૦. પ્રકરણ-૧૦ : અવ્યયોનો પ્રયોગ — ૨૬૬-૨૬૮

X.0 અવ્યયોનો પરિચય (૨૬૬), X.1 પદસંયોજક 'च' નો પ્રયોગ (૨૬૬), X.2, 3, 4, 5, दिष्ट्या, कामम्, कच्चित्, अपि नाम, વગેરે અવ્યયોનો પ્રયોગ (૨૬૭). X.6 અવ્યયોની યાદી (૨૬૭/૨૬૮).

૧૧. પ્રકરણ-૧૧ : વર્ણસન્ધિ — ૨૬૭-૨૭૮

XI.0 વર્ણસન્ધિ પ્રસ્તાવ (૨૬૯), XI.1 સ્વરસન્ધિ (૨૭૦), XI.2 વ્યંજન સન્ધિ (૨૭૩), XI.3 વિસર્ગ સન્ધિ (૨૭૬-૨૭૮).

પરિશિષ્ટ- ૧ : નામપદોની રૂપાવલી — ૨૭૯-૩૦૦

પરિશિષ્ટ- ૨ (क) દશ ગણનાં દશ 'લ'કારમાં ક્રિયાપદોનાં રૂપો — ૩૦૧-૩૬૫

– કર્મણિપ્રયોગ અને ભાવે પ્રયોગ — ૩૬૫-૩૬૯

૨ (ख) અકારાદિક્રમે ક્રિયાપદનાં રૂપોનો સંકેત — ૩૭૦-૩૯૩

પરિશિષ્ટ- ૩ (क) કર્મણિ / કર્તરિ ભૂતકૃદન્ત અને વિધ્યર્થ કૃદન્તોની યાદી — ૩૯૪-૪૦૦

૩ (ख) સંબંધક ભૂતકૃદન્ત અને હેત્વર્થ કૃદન્તોની યાદી — ૪૦૧-૪૦૫

પરિશિષ્ટ- ૪ : સમાસપ્રક્રિયા — ૪૦૬-૪૨૪

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભૂમિકા

વાક્ય - વિચાર

0. 1. યાદૃચ્છિક ધ્વનિસંકેતોની એક વિશિષ્ટ વ્યવસ્થાને 'ભાષા' કહે છે. આ ભાષા દ્વારા માનવસમુદાય પોતાના વિચારો અને લાગણીઓની અભિવ્યક્તિ કરતો હોય છે. અથવા તો આવી ભાષા શ્રોતામાં કોઈક પ્રતિભાવ જગાડવા માટે વપરાતી હોય છે.

અન્ય પ્રાણીઓથી મનુષ્ય પ્રાણીને જુદું પાડવા માટે, આજ દિન સુધી 'મનુષ્ય એક સામાજિક પ્રાણી છે'; 'મનુષ્ય એક બુદ્ધિશાળી પ્રાણી છે' એવાં લક્ષણોથી માણસની ઓળખાણ અપાતી રહી છે. પરંતુ અનેક વિદ્વાનોએ એ વાત તરફ પણ ધ્યાન દોર્યું છે કે – મનુષ્ય એક 'બોલતું', અર્થાત્ 'ભાષા'નો પ્રયોગ કરતું પ્રાણી છે. બીજા શબ્દોમાં કહીએ તો મનુષ્ય પાસે પોતાના વિચારોનો વિનિમય કરવા માટે એક એવું ભાષા રૂપી અદ્વિતીય સાધન છે કે જેના કારણે તે અન્ય પ્રાણીઓ કરતાં જુદું પડી જાય છે.

0. 2. ભાષા માત્રનો અભ્યાસ તેને ચાર અવયવોમાં વિભક્ત કરીને કરવામાં આવે છે : ૧. વર્ણો (સ્વર ધ્વનિઓ અને વ્યંજન ધ્વનિઓ), ૨. પદો (નામપદો અને ક્રિયાપદ), ૩. વાક્ય અને ૪. અર્થ. આમાંથી ચોથો 'અર્થ' તે સાધ્ય (= વાચ્ય કે અભિવ્યંગ્ય) છે; જ્યારે પહેલા ત્રણ અવયવો સાધન રૂપ (વાચક કે અભિવ્યંજક) છે. તથા ભાષાનું નાનામાં નાનું એકમ તે 'વર્ણ ધ્વનિ' છે, એ પછીના ક્રમે થોડુંક મોટું એકમ તે 'પદો' છે અને સૌથી મોટું એકમ તે 'વાક્ય' છે. અહીં, જે તે ભાષાના વર્ણધ્વનિઓના ઉત્પત્તિસ્થાન અને પ્રયત્ન, તથા તેમના શુદ્ધ ઉચ્ચારણને જાણવાં આવશ્યક છે; અને વિવિધ નામપદો અને ક્રિયાપદોની રૂપરચના જાણવી પણ પરમ આવશ્યક છે. પરંતુ વાગ્વ્યવહાર દરમ્યાન- અર્થાભિવ્યક્તિની કોટિએ તો 'વાક્ય' રૂપ એકમ જ કામયાબ નીવડતું હોય છે. આથી ભાષાના અભ્યાસીને માટે અંતતોગત્વા વાક્યની સંરચના જાણવી અનિવાર્ય છે અને તે જ ફળદાયી બને છે.

0. 3. નાટકની અંદર જેવી રીતે અનેક નટનટીઓ ભેગા મળીને કોઈક એક કથાનક (plot) રજૂ કરતાં હોય છે, તેવી રીતે જગત્‌ના જડ ચેતન પદાર્થો ભેગા મળીને કોઈક ક્રિયા કરતા હોય છે તેની 'વાક્ય'માં રજૂઆત કરવામાં આવે છે. જગત્‌ના પદાર્થો સિદ્ધ અથવા બુદ્ધિસ્થ હોય છે, અને ક્રિયા સાધ્ય હોય છે. વક્તા જ્યારે કોઈ પણ વાક્ય બોલતો હોય છે ત્યારે તેના મનમાં કોઈક ક્રિયા = ઘટના વિશે વાત કરવી ઉદ્દિષ્ટ હોય છે.[૧] અમુક ક્રિયા ક્યારે અને ક્યાં થઈ, ક્યા ક્યા પદાર્થોએ ભેગા મળીને, કેવા કેવા પ્રકારની મદદ કરીને એ ક્રિયા કરી ? આની જ રજૂઆત ભાષાના કોઈ પણ વાક્યમાં થતી હોય છે. આમ વાક્યનું એકમ એક પ્રકારના નાટકની રજૂઆત કરે છે એમ કહી શકાય.[૨]

નાટક		વાક્ય	
નટનટીનો સમૂહ	કથાવસ્તુ	ક્રિયા કરનારા પદાર્થો (કારકો)	ક્રિયા

એક ઉદાહરણથી આને વિશદ કરીશું : रामः काष्ठैः स्थाल्यां तण्डुलान् पचति । 'રામ લાકડાંથી તપેલીમાં ચોખા રાંધે છે.' અહીં રામ, લાકડાં, તપેલી અને ચોખા જેવા (નટો) ભેગા મળીને ''રાંધવાની ક્રિયા'' (એક પ્રકારની કથાવસ્તુ રજૂ) કરી રહ્યા છે. ક્રિયા કરનારા આ (જડ-ચેતન) પદાર્થોને 'કારક' (doers, participants or roles) કહેવામાં આવ્યા છે. નાટકમાં જેમ નટ-નટીઓ જુદા જુદા પાત્રનો અભિનય કરે છે એમ એક ક્રિયા કરનારાં વિવિધ કારકો પણ, ક્રિયાની સિદ્ધિમાં જુદા જુદા પ્રકારની મદદ કરે છે. જેમ કે, ૧. 'રાંધવાની ક્રિના'માં રામ 'ક્રિયા જન્માવનાર' તરીકે અર્થાત્ 'કર્તા'

---

૧. આવો સિદ્ધાન્ત સંસ્કૃત વૈયાકરણોએ રજૂ કર્યો છે.

૨. ......the sentence presents us with a miniature drama involving a plot (the verb) and different actors (Devadatta, etc.) in fixed roles (as defined) called **apādāna**, etc.

- Prof S. D. Joshi, **Vyākaraṇa Mahābhāṣya, Kārakāhnika**, University of Poona, Pune, 1975, Introduction, (p. iv).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સ્વરૂપે મદદ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો રામ લાકડાં, તપેલી વગરે અન્ય પદાર્થોને ભેગાં કરીને તેમના દ્વારા રાંધવાની ક્રિયાને જન્માવે છે. આમ રામ એક સંયોજક કર્તા (Co-ordinator agent) તરીકે 'રાંધવાની ક્રિયા'ને ઉપકૃત કરે છે. (અસ્તિત્વમાં લાવે છે). ૨. લાકડાં (= અગ્નિ) સાધન અર્થાત્ કરણ સ્વરૂપે 'રાંધવાની ક્રિયા'ને પાર પાડવામાં મદદ કરે છે. ૩. તપેલી ચોખાને ધારણ કરી રાખીને આધાર (અર્થાત્ અધિકરણકારક) સ્વરૂપે કાર્ય કરીને 'રાંધવાની ક્રિયા'ને મદદ કરે છે વિગેરે. જગત્માં જડ-ચેતન (અને બુદ્ધિસ્થ) પદાર્થો અસંખ્ય છે; અને તે દરેક પદાર્થ સ્વતન્ત્ર રીતે અથવા પરસ્પર ભેગાં મળીને અનેક ક્રિયાઓ કરે છે. ક્રિયા અને પદાર્થો વચ્ચે જે સાધ્ય-સાધન ભાવ અથવા જેને ક્રિયા-કારકભાવ સંબંધ કહેવામાં આવે છે તેની 'વાક્ય'માં રજૂઆત થતી હોય છે. દા. ત., જગત્માં રામ, રથ, વન વિગેરે પદાર્થો તો પડેલા જ છે - સિદ્ધ જ છે; પણ તેમણે ભેગાં થઈને કઈ ક્રિયા સાધી ? - એ વિશે વાત કરવી જ વક્તાને અભીષ્ટ હોય છે. તેથી રામ, રથ અને વન વિગેરે પદાર્થોએ અમુક અમુક 'કારક' સ્વરૂપે ભાગ ભજવીને અમુક ક્રિયા (દા. ત. ગમનક્રિયા-જવાની ક્રિયા) કરી એવું 'વાક્ય'માં દર્શાવાય છે. જેમ કે, રામ (કર્તા) રથ વડે (કરણ), વનમાં (લક્ષ્યસ્થાન-કર્મ) જાય છે (ક્રિયા). रामः रथेन वनं गच्छति ॥

0. 4. 'વાક્ય'નો વિચાર બીજા એક દષ્ટિકોણથી પણ કરવામાં આવ્યો છે. જેમકે, વક્તા જ્યારે કોઈ વાક્ય ઉચ્ચારે છે ત્યારે તેના મનમાં કોઈ એક નિશ્ચિત પદાર્થ 'ઉદ્દેશ્ય' (Subject અથવા તો topic of the conversation) તરીકે હોય છે. દા. ત. 'રામે રાવણની લંકા ઉપર વાનરોના સૈન્યથી હુમલો કર્યો.' અહીં વક્તાને માટે 'રામ' વ્યક્તિ વિષે વાત કરવી અભિપ્રેત છે. આથી વાક્યમાં ઉદ્દેશ્યભૂત પદાર્થનું જ પ્રાધાન્ય હોય છે.[3] વાક્યના બાકીના અંશમાં - આ ઉદ્દેશ્યભૂત પદાર્થે/વ્યક્તિએ અન્ય પદાર્થોની મદદથી કોઈક ક્રિયા કરી હોય છે - તેનું વિધાન કરવામાં આવે છે. આ દષ્ટિએ તપાસીએ તો દરેક વાક્ય 'ઉદ્દેશ્ય' અને 'વિધેય' એવા બે મુખ્ય અંશોનું બનેલું હોય છે. ઉદા. ત.

વાક્ય

ઉદ્દેશ્ય | વિધેય

રામ | <u>રથ વડે વનમાં</u> <u>જાય છે.</u>

૧. કર્તા એ - | ૨. અન્ય કારકોની મદદથી, - ૩. અમુક ક્રિયા કરી.

અહીં વક્તાએ 'રામ'ને ઉદ્દેશીને (= પોતાની વાતનો મુખ્ય વિષય બનાવીને) - તેણે 'વનગમનની ક્રિયા કરી' એનું વિધાન કર્યું છે.

0. 5. 'વાક્ય'નું લક્ષણ : ''અવ્યય, કારકો અને તેમનાં વિશેષણો સહિતનું જે ક્રિયાપદ હોય તેને 'વાક્ય કહે છે.'' અથવા બીજા શબ્દોમાં કહીએ તો - ''જે (પરસ્પરાન્વિત એવાં) પદોના સમુદાયમાં ઓછામાં ઓછું એક ક્રિયાપદ હોય તેને 'વાક્ય' કહેવાય છે.''[4] 'વાક્ય'નું આવું લક્ષણ આપવા પાછળનું તાત્પર્ય એવું છે કે કેવળ નામપદોના સમુદાયથી શ્રોતાને પૂરેપૂરો અર્થ સમજાતો નથી. જેમકે, ''સીતા ઉદ્યાનમાં પુષ્પો-.'' અહીં, જ્યાં સુધી કોઈ ક્રિયાપદ નહીં બોલાય ત્યાં સુધી કશો નિશ્ચિત અર્થબોધ થતો જ નથી. પણ જ્યારે તેમાં 'જુવે છે'; 'સુંઘે છે'; કે 'ચૂંટે છે' એવું કોઈક ક્રિયાપદ ઉમેરવામાં - ઉચ્ચારવામાં આવે છે ત્યારે પૂરેપૂરો વાક્યાર્થ મળી રહે છે. અર્થાત્ 'સીતા ઉદ્યાનમાં પુષ્પો જુવે છે/સુંઘે છે/કે, ચુંટે છે.' એવો ક્રિયાપદ સહિતનો પદ સમુદાય સાંભળવા મળશે ત્યારે જ શ્રોતાની આકાંક્ષા પૂરી થશે અને તેને સમ્યગ્ વાક્યાર્થ મળી રહેશે. આમ 'વાક્ય'ની સંઘટનામાં ક્રિયાપદંનું હોવું અનિવાર્ય છે.

0. 6. ઉપર્યુક્ત ચર્ચાને આધારે એ નક્કી થાય છે કે 'ક્રિયાપદ' વાક્યને માટે અનિવાર્ય એવું પદ છે. પરંતુ વક્તાને માટે જગત્માં બનતી કોઈક ક્રિયા કે ઘટના વિષે વાત કરવી મુખ્ય હોવાની સાથે ને સાથે, વક્તાને એ તરફ પણ શ્રોતાનું ધ્યાન દોરવું વિવક્ષિત હોય છે કે - ''એ ક્રિયા કોણે કરી ?'' અથવા ''એ ક્રિયા કોની ઉપર થઈ ?'' બીજી રીતે

---

૩. આવો સિદ્ધાન્ત નૈયાયિકોનો છે.

૪. મહર્ષિ પાણિનિએ (ઈ. સ. પૂર્વે ૬૦૦) વૈદિક અને લૌકિક સંસ્કૃત ભાષાનું એક અજોડ અષ્ટાધ્યાયી નામનું વ્યાકરણ રચ્યું છે. તેમાં વાક્ય રચનાનું (જ) વ્યાકરણ રજૂ થયું હોવા છતાંય, લાઘવ ખાતર તેમણે ત્યાં 'વાક્યનું લક્ષણ (તેને માટેનું કોઈ સંજ્ઞાસૂત્ર) આપ્યું નથી ! પરંતુ તેમના ઉત્તરવર્તી વાર્તિકકાર કાત્યાયને ઉપર્યુક્ત દ્વિવિધ લક્ષણો રજૂ કર્યાં છે. (જુઓ : પતંજલિકૃત 'વ્યાકરણ-મહાભાષ્ય, ૨-૧-૧ સૂત્ર ઉપરનું ભાષ્ય.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કહીએ તો - ક્રિયા વિષે વિધાન કરતી વખતે વક્તા ક્યારેક તે ક્રિયાના જનક (= ક્રિયાને જન્માવનાર) - 'કર્તા' ને ઉદ્દેશ્ય બનાવીને વાક્યની રચના કરે છે; અથવા ક્રિયા જેની ઉપર થઈ હોય તે 'કર્મ'ને ઉદ્દેશ્ય બનાવીને પણ વાક્યની રચના કરે છે.

દા. ત. (૧)	રામ	બાણથી	રાવણને	હણે છે.
	रामः	बाणेन	रावणं	हन्ति ।
	કર્તાને ઉદ્દેશીને			ક્રિયાનું વિધાન
(૨)	રાવણ	રામ વડે	બાણથી	હણાયો.
	रावणः	रामेण	बाणेन	हन्यते ।
	કર્મને ઉદ્દેશ્ય બનાવીને			ક્રિયાનું વિધાન

અહીં જેણે હનન ક્રિયા જન્માવી તે કર્તા 'રામ'ને ઉદ્દેશ્ય તરીકે (પ્રથમા વિભક્તિમાં) ગોઠવીને હનન ક્રિયાનું વિધાન થયું છે. જ્યારે બીજા વાક્યમાં હનન ક્રિયા કોની ઉપર થઈ ? - તે વાતને ધ્યાનમાં લઈને, એટલે કે હનન ક્રિયાના કર્મને ઉદ્દેશ્ય બનાવીને, તે કર્મ વાચક શબ્દને પ્રથમા વિભક્તિમાં ગોઠવીને હનન ક્રિયાનું વિધાન થયું છે. આમ જ્યારે વાક્યમાં ક્રિયા વિધાન કરતી વખતે કર્તાને ઉદ્દેશ્ય બનાવીને વાક્યની રચના થાય ત્યારે તેને ''કર્તરિ-પ્રયોગ'' કહે છે; અને કર્મને ઉદ્દેશ્ય બનાવીને વાક્યની રચના થાય ત્યારે તેને 'કર્મણિ પ્રયોગ' કહે છે.[૫] [આપણે આરંભે કેવળ કર્તરિ વાક્યરચના શીખવવાના આશયથી શરૂઆત કરીશું.]

૫. પ્રકરણ-7 માં કર્તરિ પ્રયોગ, કર્મણિ પ્રયોગ અને ભાવે પ્રયોગ વિશે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. (જુઓ પૃ. ૨૧૮)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ - ૧

ઉદ્દેશ્ય અને ક્રિયાપદની સંગતિ

I.1.1 વક્તા જ્યારે કોઈ વ્યક્તિ કે પદાર્થને ઉદ્દેશીને, તેણે શી ક્રિયા કરી ? - એનું વિધાન કરતો હોય ત્યારે તે વ્યક્તિ કે પદાર્થને 'ઉદ્દેશ્ય' કહે છે. આપણે દિવસ દરમ્યાન જે જે પદાર્થો વિષે વાત કરીએ છીએ, તે પદાર્થોનું પૃથક્કરણ કરીએ તો જણાશે કે આપણે ત્રણ જ પદાર્થો/વ્યક્તિઓને ઉદ્દેશીને જુદાં જુદાં અનેક વાક્યો બોલતાં હોઈએ છીએ. જેમ કે,

(૧) આપણે વક્તા તરીકે પોતે પોતાના વિષે વાત કરતા હોઈએ છીએ. દા. ત. -

હું નિશાળે જાઉ છું. હું વારાણસી જઈશ. અમે હરિને જોયા હતા. અમે બે દોડીને ઉદ્યાનમાંથી પુષ્પો લઈ આવ્યા. હું સંસ્કૃત ભાષા બોલીશ. (આ બધાં વાક્યોમાં જોઈ શકાય છે કે વક્તા પોતે પોતાના ('હું', 'અમે બે' અને 'અમે') વિષે વાત કરે છે.)

(૨) આપણે આપણી સમ્મુખ રહેલા શ્રોતાને ઉદ્દેશીને/અનુલક્ષીને શ્રોતા વિષે વાત કરતા હોઈએ છીએ. દા. ત.-

તું ગંગા નદીમાં સ્નાન કરે છે. તમે બે કયા દેશમાં રહો છો ? તમે સૌ મારાં મિત્રો છો. તું ભગવદ્ગીતા વાંચ. (આ બધાં વાક્યોમાં વક્તા શ્રોતાને ('તું', 'તમે બે', 'તમે સૌ'ને) ઉદ્દેશીને બોલે છે.)

(૩) ક્યારેક આપણે (વક્તા અને શ્રોતાથી ભિન્ન એવા) જગત્‌ના મૂર્ત-અમૂર્ત[1] પદાર્થો વિષે વાત કરતા હોઈએ છીએ. દા. ત. -

તે રામ છે. તેણે ફળ ખાધું છે ? આ વૃક્ષ છે. પેલી નગરી છે. રાવણ સીતાને અપહરી ગયો. આ ઝાડ ઉપર વાંદરો બેઠો છે. તે નદી તો ગંગા છે. આ આકાશ છે. ત્યાં કોણ છે ? પેલા સૈનિકો યુદ્ધ કરે છે. તે ઈન્દ્રદેવ અહીં યજ્ઞશાળામાં પધારે. સુખ અને દુઃખ તો હંમેશા રહેવાના જ. આનંદ તે તો પરમાત્માનું રૂપ છે. (આ બધાં વાક્યોમાં વક્તા અને શ્રોતાથી ભિન્ન એવા જગત્‌ના જે મૂર્ત-અમૂર્ત, જડ-ચેતન પદાર્થો છે તેને ઉદ્દેશીને કોઈકને કોઈક વાત કરવામાં આવી છે. આમ જોઈ શકાય છે કે આપણે આપણા આયુષ્યકાળ દરમ્યાન કેવળ ત્રણ પદાર્થોને જ ઉદ્દેશીને વાત કરતા હોઈએ છીએ. એટલે કે આપણી વાતના ઉદ્દેશ્યભૂત પદાર્થો ત્રણ જ હોય છે : ૧. વક્તા, ૨. શ્રોતા અને ૩. જગત્.)

સંસ્કૃત ભાષામાં 'વક્તા' વિગેરે આ ત્રિવિધ ઉદ્દેશ્યો વિષે વાત કરવી હોય તો નીચે પ્રમાણે સર્વનામનાં રૂપો વપરાય છે :

(૧) વક્તાને માટે - अस्मद् સર્વનામનાં પ્રથમા વિભક્તિમાં રૂપો :

	એકવચન	દ્વિવચન	બહુવચન
(ત્રણેય લિંગમાં	अहम्	आवाम्	वयम्
એકસમાન રૂપ)	(હું)	(અમે બે)	(અમે/આપણે)

(૨) શ્રોતાને માટે - युष्मद् સર્વનામનાં પ્રથમા વિભક્તિમાં રૂપો :

(ત્રણેય લિંગમાં	त्वम्	युवाम्	यूयम्
સમાન રૂપ)	(તું)	(તમે બે)	(તમે સૌ)

(૩) જગત્‌ને માટે -तद् સર્વનામનાં પ્રથમા વિભક્તિમાં રૂપો :

(પુલિંગમાં)	सः	तौ	ते
	(તે)	(તે બે)	(તેઓ)
(સ્ત્રીલિંગમાં)	सा	ते	ताः
(નપુંસકલિંગમાં)	तत्	ते	तानि

---

૧. મૂર્ત પદાર્થો બે પ્રકારના હોય છે : જડ અને ચેતન. જેમ કે પહાડ, મકાન, નદી, પલંગ, ઉદ્યાન વગેરે મૂર્ત જડ પદાર્થો છે. તથા રામ, લક્ષ્મણ, સીતા, કૃષ્ણા, વિશ્વા, કમલેશ વગેરે મૂર્ત ચેતન પદાર્થો છે. અમૂર્ત પદાર્થોમાં સુખ-દુઃખ, હર્ષ-શોક, મુક્તિ, બંધન, આનંદ વગેરેનો સમાવેશ થઈ શકે છે. તેમના જડાજડત્વનો સવાલ ઊઠતો નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

I.1.2 'વાક્યમાં નિર્દિષ્ટ ક્રિયા કોણે કરી છે ?' - એ પ્રશ્નના જવાબ રૂપે જે ઉદ્દેશ્યભૂત વ્યક્તિ/પદાર્થ હાથ લાગે છે,[2] તે વક્તા, શ્રોતા કે તદ્દ્ભિન્ન જગત્‌ની કોઈ વ્યક્તિ/પદાર્થ હશે એ નક્કી છે. હવે, આ ત્રિવિધ ઉદ્દેશ્યો અનુસાર જ ક્રિયાપદમાં ત્રિવિધ 'પુરુષો' વપરાતાં હોય છે; જે નીચે મુજબ છે :-

વાક્યમાં જો ઉદ્દેશ્ય તરીકે	ક્રિયાપદના રૂપમાં
૧. વક્તા પોતે હોય તો →	'ઉત્તમ પુરુષ' વપરાય
૨. શ્રોતા હોય તો →	'મધ્યમ પુરુષ' વપરાય
૩. (વક્તા અને શ્રોતાથી ભિન્ન) જગત્‌ની કોઈ વ્યક્તિ હોય તો →	'પ્રથમ પુરુષ' વપરાય[3]

ઉદાહરણ તરીકે –

વાક્યમાં જો ઉદ્દેશ્ય તરીકે	ઉદ્દેશ્ય સાથે સુસંગત ગણાય એવાં ક્રિયાપદનાં રૂપોમાં
૧. વક્તા (પોતે પોતાના વિષે વાત કરતો) હોય તો - अहम् । आवाम् । वयम् -	૧. 'ઉત્તમ પુરુષ'ના જ પ્રત્યયો વાપરવા જોઈએ. -मि । -वस् । -मस् ॥
૨. શ્રોતા (વક્તા જ્યારે શ્રોતાને ઉદ્દેશીને વાક્ય બોલતો) હોય તો - त्वम् । युवाम् । यूयम् -	૨. 'મધ્યમ પુરુષ'ના જ પ્રત્યયો વાપરવા જોઈએ. -सि । -थस् । -थ
૩. જગત્ (વક્તા અને શ્રોતાથી ભિન્ન એવા જગત્‌ના મૂર્ત અને અમૂર્ત કે જડ અને ચેતન પદાર્થો) વિષે વાત કરવી હોય તો - सः । तौ । ते । (પુંલિંગમાં) सा । ते । ताः । (સ્ત્રીલિંગમાં) तत् । ते । तानि । (નપુંસકલિંગમાં)	૩. 'પ્રથમ પુરુષ'ના જ પ્રત્યયો વાપરવા જોઈએ. -ति । -तस् । -अन्ति ।

I.2 ઉદ્દેશ્ય અનુસાર ક્રિયાપદનો પ્રયોગ

I.2.0 પરસ્મૈપદી ધાતુને વર્તમાનકાળમાં જે પ્રત્યયો લાગે છે - તે આ પ્રમાણે છે :

	એકવચન	દ્વિવચન	બહુવચન
૧. પ્રથમ પુરુષ (જગત્)	-ति	-तस्	-अन्ति
૨. મધ્યમ પુરુષ (શ્રોતા)	-सि	-थस्	-थ
૩. ઉત્તમ પુરુષ (વક્તા)	-मि	-वस्	-मस्

'ઉદા. તરીકે, √पठ् (વાંચવું) એવા ક્રિયાવાચક ધાતુના વર્તમાનકાળમાં જે રૂપો થાય છે, તે આ પ્રમાણે છે :

	એકવચન	દ્વિવચન	બહુવચન
૧. પ્રથમ પુરુષ (જગત્‌ને માટે)	पठति (તે વાંચે છે)	पठतः (તે બે વાંચે છે)	पठन्ति (તેઓ વાંચે છે)

---

૨. આરંભે જે ચર્ચા મૂકી છે, અથવા જે જે નિયમો ઉપસાવવા પ્રયત્ન કર્યો છે તે 'કર્તરિ વાક્યરચના'ને નજર સામે રાખીને કરેલ છે.

૩. મહર્ષિ પાણિનિના વ્યાકરણ મુજબ જેને 'ઉત્તમ પુરુષ' કહેવામાં આવ્યો છે, તેને અંગ્રેજી વ્યાકરણમાં પ્રથમ (First Person) કહેવાય છે. તથા પાણિનિએ જેને 'મધ્યમ પુરુષ' અને 'પ્રથમ પુરુષ' કહ્યા છે, તેને અંગ્રેજી વ્યાકરણમાં અનુક્રમે બીજો પુરુષ (Second Person) અને ત્રીજો પુરુષ (Third Person) કહેવાય છે. આપણે ભારતીય પરંપરા મુજબ જ ચાલીશું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨. મધ્યમ પુરુષ (શ્રોતાઓ માટે)	पठसि (તું વાંચે છે.)	पठथः (તમે બે વાંચો છો.)	पठथ (તમે સૌ વાંચો છો.)
૩. ઉત્તમ પુરુષ (વક્તાને માટે)	पठामि (હું વાંચું છું.)	पठावः (અમે બે વાંચીએ છીએ.)	पठामः ॥ (અમે/આપણે વાંચીએ છીએ.)

I.2.1 નિયમ : ''વાક્યમાં ઉદ્દેશ્ય અનુસાર જ ક્રિયાપદમાં 'પુરુષ'નો પ્રયોગ કરવો જોઈએ.'' એવો એક નિયમ ભાષામાં સાર્વત્રિક જોવા મળે છે. જેમ કે,

૧. તે (રામ) — વાંચે છે.

જગત્ — ક્રિયાપદ

અહીં ઉદ્દેશ્ય તરીકે વક્તા અને શ્રોતાથી ભિન્ન એવા (અર્થાત્ 'હું' અને 'તું'થી ભિન્ન એવા) જગત્‌ના એક પદાર્થ 'તે' વિશે વાત કરવામાં આવી છે. તેથી સંસ્કૃતમાં -

सः — पठ ति

અહીં सः ની સાથે ક્રિયાપદમાં ''પ્રથમ પુરુષ''ના -ति પ્રત્યયની સંગતિ જોવા મળે છે. અર્થાત્ ઉદ્દેશ્ય તરીકે જગત્‌ની કોઈ વ્યક્તિ હોય તો તેની સાથે વપરાતું ક્રિયાપદ 'પ્રથમ પુરુષ'ના -ति પ્રત્યયવાળું હોય છે - આમ ઉદ્દેશ્ય અને ક્રિયાપદની વચ્ચે એક પ્રકારની નિશ્ચિત 'સંગતિ' (= સાથે જવાપણું - agreement) જોવા મળે છે.

૨. તું — વાંચે છે.

શ્રોતા — ક્રિયાપદ

અહીં ઉદ્દેશ્ય તરીકે વાક્યમાં 'તું' એ શ્રોતા છે, [એટલે કે વક્તા (= આ વાક્ય બોલનારો) શ્રોતાને ઉદ્દેશીને બોલે છે.] પરિણામે સંસ્કૃતમાં -

त्वम् — पठ सि । થશે.

અહીં त्वम् ની સાથે ક્રિયાપદમાં 'મધ્યમ પુરુષ'ના -सि પ્રત્યયની સંગતિ જોવા મળે છે. એટલે કે ઉદ્દેશ્ય તરીકે કોઈ શ્રોતા રહેલો હોય તો તેની સાથે વપરાતું ક્રિયાપદ 'મધ્યમ પુરુષ'ના -सि પ્રત્યયવાળું હોય છે. - આમ ઉદ્દેશ્ય અને ક્રિયાપદની વચ્ચે એક પ્રકારની નિશ્ચિત સંગતિ જોવા મળે છે.

૩. હું — વાંચું છું.

વક્તા — ક્રિયાપદ

અહીં ઉદ્દેશ્ય તરીકે 'હું' એ વક્તા પોતે છે. (એટલે કે વક્તા પોતે પોતાના વિષે વાત કરે છે.) પરિણામે સંસ્કૃતમાં -

अहम् — पठा मि । થશે.

અહીં अहम् ની સાથે ક્રિયાપદમાં 'ઉત્તમ પુરુષ'ના -मि પ્રત્યયની સંગતિ જોવા મળે છે. એટલે કે ઉદ્દેશ્ય તરીકે વક્તા પોતે પોતાના વિષે કોઈ વાત કરતો હોય તો તેની સાથે વપરાતું ક્રિયાપદ હંમેશા 'ઉત્તમ પુરુષ'ના -मि પ્રત્યયવાળું હોય છે. - આમ ઉદ્દેશ્ય અને ક્રિયાપદની વચ્ચે એક પ્રકારની નિશ્ચિત સંગતિ જોવા મળે છે.

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગુજરાતી ભાષામાં ''હું (પુસ્તક) વાંચું છું'' ને બદલે જો કોઈ એમ બોલે કે ''હું (પુસ્તક) વાંચે છે.'' તો એ વાક્ય ગુજરાતી ભાષાની દૃષ્ટિએ ખોટું વાક્ય ગણાશે. કારણ કે ગુજરાતી ભાષામાં 'હું'ની સાથે ક્રિયાપદમાં ''છું''ની સંગતિ (agreement) જાળવાવી જ જોઈએ; (નહીં તો તે વાક્ય - હું વાંચે છે - ખોટું જ ગણાય. એ જ પ્રમાણે, ''તે (રામ) દોડે છે'' - ને બદલે, જો કોઈ એમ બોલે કે ''તે (રામ) દોડું છું'' - તો આવું વાક્ય પણ ખોટું ગણાશે. કારણ કે ગુજરાતી ભાષામાં 'તે' (= જગત્ = પ્રથમ પુરુષ)ની સાથે ક્રિયાપદમાં 'છે'ની સંગતિ હોવી અનિવાર્ય છે. આમ, ''તે વાંચે છે'', તે દોડે છે'' એ વાક્યો જ સાચાં ગણાય. (''તે દોડું છું'' - એવું વાક્ય ખોટું ગણાય.)[૪]

હવે ઉદ્દેશ્ય અનુસાર ક્રિયાપદમાં 'પુરુષનો પ્રયોગ' કરી બતાવીએ તો -

એકવચન			દ્વિવચન		બહુવચન	
૧.	તે ઉદ્દેશ્ય सः	વાંચે છે. ક્રિયાપદ पठति	તે બે ઉદ્દેશ્ય तौ	વાંચે છે. ક્રિયાપદ पठतः ।	તેઓ ઉદ્દેશ્ય ते	વાંચે છે. ક્રિયાપદ पठन्ति (પ્રથમ પુરુષ)
૨.	તું, त्वं	વાંચે છે. पठसि ।	તમે બે युवाम्	વાંચો છો. पठथः ।	તમે બધા यूयम्	વાંચો છો, पठथ (મધ્યમ પુરુષ)
૩.	હું अहम्	વાંચું છું. पठामि (ઉત્તમ પુરુષ)	અમે બે आवाम्	વાંચીએ છીએ. पठावः । (ઉત્તમ પુરુષ)	અમે સૌ (આપણે), वयम्	વાંચીએ છીએ. पठामः । (ઉત્તમ પુરુષ)

આમ સંસ્કૃત ભાષામાં જો अहम् ની સાથે (ક્રિયાપદમાં ઉત્તમ પુરુષના) -मि પ્રત્યયની સંગતિ જાળવવી અનિવાર્ય હોય (એટલે કે अहम् पठामि । એવું જ વાક્ય થઈ શકતું હોય) તો अहम् पठति । એવું વાક્ય બની શકશે નહીં. કારણ કે અહીં अहम् (વક્તા)ની સાથે ક્રિયાપદમાં -ति પ્રત્યયની સંગતિ માન્ય નથી. આથી अहम् ની સાથે (पठा) मि । નો જ પ્રયોગ થવો જોઈએ.

એ જ પ્રમાણે - 'તે (= રામ) વાંચે છે.' વાક્યમાં 'તે' (રામ)ને ઉદ્દેશીને - (એટલે કે જગત્‌ને ઉદ્દેશીને) - વાંચવાની ક્રિયાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આથી ક્રિયાપદમાં 'પ્રથમ પુરુષ'ના -ति પ્રત્યયનો ઉપયોગ કરવો પડશે. એટલે કે सः (रामः) पठति । આમ सः ની સાથે -ति ની સંગતિવાળું વાક્ય/ક્રિયાપદ બનાવવું જોઈએ. પરંતુ જો કોઈ વ્યક્તિ એમ બોલે કે *सः (रामः) पठामि । કે *सः (रामः) पठसि । = 'તે (રામ) વાંચું છું.' તો આ વાક્યો ખોટાં ગણાશે. કારણ કે सः (= તે)ની સાથે 'પ્રથમ પુરુષ'ના -ति પ્રત્યયની સંગતિનો ભંગ કરીને, 'ઉત્તમ પુરુષ'ના -मि, કે મધ્યમ પુરુષના -सि પ્રત્યયનો પ્રયોગ કરવામાં આવ્યો છે. सः (रामः) ની સાથે તો पठति એવું 'પ્રથમ પુરુષ'ના પ્રત્યયવાળું ક્રિયાપદ જ સુસંગત ગણાશે - સાચું ગણાશે.

---

(૪) અંગ્રેજી ભાષામાં પણ ઉદ્દેશ્ય અને ક્રિયાપદનાં રૂપો વચ્ચે નિશ્ચિત પ્રકારની સંગતિ (- agreement) જોવા મળે છે :-

I → am	We → are	આને બદલે જો કોઈ એમ બોલે કે I are/ અથવા તો We is/He are/They is તો ત્યાં ઉદ્દેશ્ય અને ક્રિયાપદમાં યોગ્ય સંગતિનો ભંગ થયો હોવાથી, તે વાક્યો ખોટાં ગણાશે.
You → are	You → are	
He, She, It → is	They → are	

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

I.2.2 હવે, ''ઉદ્દેશ્ય અનુસાર ક્રિયાપદમાં 'પુરુષ'નો પ્રયોગ કરવો જોઈએ'' - એ નિયમમાં થોડા આગળ વધીએ. જેમકે, (૧) વાક્યના ઉદ્દેશ્ય તરીકે જો (વક્તા અને શ્રોતાથી ભિન્ન એવા) 'જગત્'નો નિર્દેશ હોય તો ક્રિયાપદમાં 'પ્રથમ પુરુષ'ના પ્રત્યયો વાપરવા. હવે ઉદ્દેશ્યની, એટલે કે જગત્ (ના જડ-ચેતન પદાર્થ કે વ્યક્તિ)ની સંખ્યા જો એક હોય તો ક્રિયાપદના 'પ્રથમ પુરુષ'ના (ति-तस्-अन्ति) એ ત્રણ પ્રત્યયોમાંથી જે એકવચનનો -तिं પ્રત્યય છે, તેને પસંદ કરવો પડશે. જો ઉદ્દેશ્યભૂત 'જગત્' ની સંખ્યા બે હોય તો ક્રિયાપદમાં -तस् પ્રત્યય લગાડવો પડશે, તથા જો ઉદ્દેશ્યભૂત 'જગત્' ની સંખ્યા ત્રણ કે ત્રણથી અધિક હોય તો ક્રિયાપદમાં -अन्ति પ્રત્યય જ લગાડવો જોઈએ. દાખલા તરીકે -

(क) सः (= रामः)ની સાથે (ધાતુ + ति) → ઉદા. ત. पठति । એકવચન

(ख) तौ (= रामौ)ની સાથે (ધાતુ + तस्) → ઉદા. ત. पठतः । દ્વિવચન

(ग) ते (= रामाः) ની સાથે (ધાતુ + अन्ति) → ઉદા. ત. पठन्ति । બહુવચન

(૨) વાક્યના ઉદ્દેશ્ય તરીકે જો શ્રોતાનો નિર્દેશ હોય તો ક્રિયાપદમાં 'મધ્યમ પુરુષ'ના પ્રત્યયો વાપરવા.

હવે ઉદ્દેશ્યની, એટલે કે શ્રોતાની સંખ્યા જો એક હોય તો 'મધ્યમ પુરુષ'ના (सि-थस्-थ એ) ત્રણ પ્રત્યયોમાંથી જે એકવચનનો -सि પ્રત્યય છે, તેને જ પસંદ કરવો અને જો ઉદ્દેશ્યભૂત શ્રોતાની સંખ્યા બે હોય તો ક્રિયાપદમાં દ્વિવચનના -थस् પ્રત્યયની પસંદગી કરવી; અને ઉદ્દેશ્યભૂત શ્રોતાની સંખ્યા ત્રણ કે ત્રણથી અધિક હોય તો ક્રિયાપદમાં બહુવચનનો -थस પ્રત્યય વાપરવો. જેમકે,

(क) त्वं ની સાથે (ધાતુ + सि) → દા. ત. पठसि । એકવચન

(ख) युवाम् ની સાથે (ધાતુ + थस्) → દા. ત. पठथः । દ્વિવચન

(ग) यूयम् ની સાથે (ધાતુ + थ) → દા. ત. पठथ । બહુવચન

(૩) વાક્યના ઉદ્દેશ્ય તરીકે જો વક્તાનો પોતાનો નિર્દેશ હોય તો ક્રિયાપદમાં 'ઉત્તમ પુરુષ'ના પ્રત્યયો વાપરવા પડે છે. હવે, સાથે સાથે એ પણ વિચારવાનું કે ઉદ્દેશ્ય તરીકે જે વ્યક્તિનો નિર્દેશ છે તેની સંખ્યા કેટલી છે ? કારણ કે 'ઉત્તમ પુરુષ'ના ક્રિયાપદમાં જે ત્રણ પ્રત્યયો (मि-वस्-मस्) જોડાય છે, તે અનુક્રમે એકવચન, દ્વિવચન અને બહુવચનના વાચક એવા પ્રત્યયો છે. આથી જો ઉદ્દેશ્યની સંખ્યા એક હોય તો ક્રિયાપદના ત્રણ પ્રત્યયોમાંથી જે એકવચનનો પ્રત્યય હોય તેને જ પસંદ કરવો. એ જ પ્રમાણે, જો ઉદ્દેશ્યની સંખ્યા બે હોય તો ક્રિયાપદમાં દ્વિવચનનો પ્રત્યય જ પસંદ કરવો. તથા જો ઉદ્દેશ્યની સંખ્યા ત્રણ કે ત્રણથી વધારે હોય તો ક્રિયાપદમાં બહુવચનનો પ્રત્યય જ પસંદ કરવો. જેમકે,

(क) વક્તા - 'હું' - ની સંખ્યા એક હોય (એટલે કે વક્તાનો 'એકવચન'માં નિર્દેશ હોય) તો 'ઉત્તમ પુરુષ'ના ત્રણ (मि-वस्-मस्) પ્રત્યયોમાંથી -मि પ્રત્યયનો જ ક્રિયાપદમાં ઉપયોગ થાય છે.

(ख) વક્તા - 'અમે બે' - ની સંખ્યા બે હોય 'ઉત્તમ પુરુષ'ના દ્વિવચનનો -वस् પ્રત્યય જ ક્રિયાપદમાં વપરાશે.

(ग) વક્તા - 'અમે સૌ'/'આપણે' - ની સંખ્યા ત્રણ કે ત્રણથી વધારે હોય તો 'ઉત્તમ પુરુષ'ના બહુવચનનો -मस् પ્રત્યય ક્રિયાપદમાં વપરાશે. જેમકે,

૧. अहम् ની સાથે (ધાતુ + मि) → દા. ત. पठामि । એકવચન

૨. आवाम् ની સાથે (ધાતુ + वस्) → દા. ત. पठावः । દ્વિવચન

૩. वयम् ની સાથે (ધાતુ + मस्) → દા. ત. पठामः । બહુવચન

ઉપરની સમગ્ર ચર્ચાને આધારે એવો નિયમ નક્કી થાય છે કે -''(ત્રિવિધ) ઉદ્દેશ્યો (અને તેમની સંખ્યા) અનુસાર ક્રિયાપદમાં (ત્રિવિધ) 'પુરુષ' (અને તેની સંખ્યાનો) વાચક પ્રત્યય વાપરવો જોઈએ.''

(૧)



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દાખલા તરીકે -

रामः गच्छति । कमलेशः पठति । सीता पश्यति ।
रामौ गच्छतः । कमलेशौ पठतः । गीतासीते पश्यतः ।
रामाः गच्छन्ति । कमलेशाः पठन्तिः । गीतासीताकृष्णाः पश्यन्ति ।

(૨)



દાખલા તરીકે - त्वं गच्छसि । त्वं पठसि । त्वं पश्यसि ।
युवाम् गच्छथः । युवाम् पठथः । युवाम् पश्यथः ।
यूयम् गच्छथ । यूयम् पठथ । यूयम् पश्यथ ।

(૩)



દાખલા તરીકે - अहम् गच्छामि । अहम् पठामि । अहम् पश्यामि ।
आवाम् गच्छावः । आवाम् पठावः । आवाम् पश्यावः ।
वयम् गच्छामः । वयम् पठामः । वयम् पश्यामः ।

* * *

ઉપરના ચિત્ર દ્વારા **"ઉદ્દેશ્યની સંખ્યાને સુસંગત રહીને જ ક્રિયાપદના ત્રણ પ્રત્યયોમાંથી કોઈ એકની પસંદગી કરવાની હોય છે."** - એવો નિયમ રજૂ કરવામાં આવ્યો છે. કોઈ પણ વાક્યની રચના કરતી વખતે આ નિયમનું પરિપાલન અનિવાર્ય છે :

'હું વાંચું છું' એ વાક્યમાં વક્તા પોતે ઉદ્દેશ્ય છે, તેથી ક્રિયાપદમાં ઉત્તમ પુરુષના (મિ-વસ્-મસ્) પ્રત્યયો વાપરવા પડશે; પરંતુ હવે એ ઉદ્દેશ્યની સંખ્યા કેટલી છે ? એ વિચારીએ તો જણાય છે કે તે - 'હું' - એક છે, તેથી ઉત્તમ પુરુષના (મિ-વસ્-મસ્ એ ત્રણ) પ્રત્યયોમાંથી એકવચનનો જે /-મિ/ પ્રત્યય છે, તેને જ ક્રિયાપદમાં પસંદ કરવો પડશે. જેમકે, अहम् पठामि । એ જ પ્રમાણે ઉદ્દેશ્યની સંખ્યા અનેક (બેથી વધારે) હોય, તો ક્રિયાપદમાં પણ બહુવચનનો જ પ્રત્યય વાપરવો જોઈશે. જેમકે, ગુજરાતી ભાષામાં 'અમે બધા વાંચીએ છીએ.' વાક્યમાં ઉદ્દેશ્ય ('અમે બધા')ની સંખ્યા ત્રણ કે ત્રણથી વધારે છે, તેથી ક્રિયાપદમાં પણ 'વાંચીએ છીએ' એમ બહુવચનનો પ્રત્યય વપરાયો છે. આને બદલે જો કોઈ એકવચનનો પ્રત્યય વાપરીને એમ બોલે કે - 'અમે બધા વાંચું છું.' - તો તે વાક્ય ખોટું ગણાય છે. સંસ્કૃતમાં કહીએ તો - वयम् (सर्वे) पठामः ને બદલે वयम् (सर्वे) पठामि । કોઈ બોલે તો તે ખોટું છે. કારણ કે ત્યાં ઉદ્દેશ્યની સંખ્યા અનુસાર ક્રિયાપદના બહુવચનના પ્રત્યયનો પ્રયોગ થયો નથી. આ રીતે ત્યાં ઉદ્દેશ્યની સંખ્યા અને ક્રિયાપદના પ્રત્યયની સંગતિ (agreement)નો ભંગ થયો છે. અહીં તો એકવચન, દ્વિવચન અને બહુવચનના મિ-વસ્-મસ્ ત્રણ પ્રત્યયોમાંથી બહુવચનનો -मस् → मः

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રત્યય જ વાપરવો જોઈએ. એટલે કે वयम् (सर्वे) पठामः । - આ વાક્ય જ સાચું છે.

બીજું એક ઉદાહરણ લઈએ તો -छात्रः नगरं गच्छति । (એક) વિદ્યાર્થી નગરમાં જાય છે.' એ વાક્યમાં ઉદ્દેશ્યભૂત જગત્ = 'छात्र'ની સંખ્યા એક છે. તેથી ક્રિયાપદમાં 'પ્રથમ પુરુષ'નો એકવચનનો -ति / પ્રત્યય વપરાયો છે, તે ઉચિત છે. પરંતુ જો કોઈ બોલે કે -छात्राः नगरं गच्छति । '(અનેક) વિદ્યાર્થીઓ નગરમાં જાય છે.' તો તે ખોટું વાક્ય ગણાશે. કારણ કે, હવે ઉદ્દેશ્યભૂત છાત્રોની સંખ્યા 'એક', કે 'બે' નથી, પણ બેથી વધારે છે (એટલે કે ઘણી છે), તેથી ક્રિયાપદમાં પ્રથમ પુરુષના બહુવચનનો /-अन्ति / પ્રત્યય જ વાપરવો જોઈએ. જેમકે, छात्राः नगरं गच्छन्ति ।

I.3. વિવક્ષિતાર્થનું સંસ્કૃત વાક્યમાં રૂપાન્તર :

જેમની માતૃભાષા (First language) (સંસ્કૃત સિવાયની, એટલે કે) ગુજરાતી, હિન્દી, મરાઠી ઈત્યાદિ છે; અને દ્વિતીય ભાષા (Second language) તરીકે તેઓ સંસ્કૃત શીખવા માંગતા હોય તો, તેમણે તેમની માતૃભાષાના વાક્ય દ્વારા અભિવ્યક્ત થતા વિવક્ષિતાર્થને (= કહેવા માટે અભીષ્ટ એવો અર્થ, તેને) મનમાં સ્પષ્ટ કરી લેવો જોઈએ; અને સૌથી પહેલાં તે દરેક અર્થની જુદી જુદી વ્યાકરણિક કોટિઓ નક્કી કરી લેવી જોઈએ. ત્યાર પછી જ, તે દરેક અર્થનું સંસ્કૃત ધ્વનિશ્રેણીમાં (= પરસ્પરાન્વિત પદાવલીમાં) રૂપાન્તર (ભાષાન્તર) કરવું. ઉદાહરણો તરીકે -



(૧. વિવક્ષિતાર્થ, ૨. અર્થોનું વ્યાકરણિક કોટિઓમાં પૃથક્કરણ, ૩. સંસ્કૃત ધ્વનિ શ્રેણી)

આ વાક્યમાં 'ખાવાની ક્રિયા'નો નિર્દેશ છે. તો હવે વિચારો કે - ૧. કોણ ખાવાની ક્રિયા કરે છે ? તો (પેલો) રામ ખાવાની ક્રિયા કરે છે એટલે કે વક્તા (પોતાનાથી અને સામે રહેલા શ્રોતાથી ભિન્ન એવા) જગત્‌ના એક 'રામ' નામના વ્યક્તિ વિષે - તે વ્યક્તિને ઉદ્દેશીને - ખાવાની ક્રિયાનું વિધાન કરે છે. ૨. અહીં એ પણ સ્પષ્ટ છે કે તે 'રામે' જ ખાવાની ક્રિયા કરી છે; (અર્થાત્ તે ખાવાની ક્રિયા કરનાર 'કર્તૃકારક' છે). આ દ્વિવિધ અર્થો (૧. ઉદ્દેશ્ય અને ૨. કર્તૃકારક)નો વાક્ય સંઘટનમાં ચોક્કસ ઉપયોગ કરવામાં આવે છે. જેમકે, ઉપર ચિત્ર દ્વારા દર્શાવ્યું છે તેમ જે ઉદ્દેશ્ય છે તે પૂર્વોક્ત ત્રિવિધ (વક્તા, શ્રોતા કે જગત્) ઉદ્દેશ્યોમાંથી કોણ છે ? તો જગત્ (= રામ) છે. માટે તેને વ્યાકરણિક પરિભાષામાં 'પ્રથમ પુરુષ' (એકવચન) કહી શકાશે; આ 'રામ' તે જગત્ રૂપ ઉદ્દેશ્ય છે, અને માટે 'પ્રથમ પુરુષ' (એકવચન) છે એવું નક્કી કર્યા પછી જ, ક્રિયાપદના ત્રિવિધ (નવ) પ્રત્યયોમાંથી કયા એકની પસંદગી કરવી તે નક્કી થાય છે. એટલે કે ઉદ્દેશ્યને સુસંગત રહેનાર ક્રિયાપદ(માં પુરુષવાચક પ્રત્યય)નો નિર્ણય થાય છે.

તથા, આ ઉદ્દેશ્યભૂત વ્યક્તિ (રામ) ''ખાવાની ક્રિયા કરનાર'' (અર્થાત્ 'કર્તૃકારક') પણ છે (એવી વ્યાકરણિક કોટિ સ્પષ્ટ રીતે સમજાતાં) તે 'કર્તા' ને ''પ્રથમા વિભક્તિ'' દ્વારા રજૂ કરવો પડશે એ પણ નક્કી થાય છે.

આમ, વાક્ય રચનાના આરંભે 'ઉદ્દેશ્ય' અને 'કર્તા-કારક'ની ઓળખ કરી લેવી અનિવાર્ય છે; જેના થકી વાક્યનાં બે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મુખ્ય પદો (કર્તા અને ક્રિયાપદ)ની ગોઠવણી નિશ્ચિત કરી દેવાય છે. [આના પછીનો જે તબક્કો છે, તેમાં તો આ બે - ૧. કર્તાપદ અને ૨. ક્રિયાપદ-ની વચ્ચે બીજાં ક્યાં ક્યાં પદો ઉમેરીને વાક્ય-વિસ્તાર કરવો ? તે જ છે. જેની અનુગામી પ્રકરણોમાં રજૂઆત થશે.]

બીજું એક ઉદાહરણ લઈશું –



આ વાક્યમાં 'નમનક્રિયા'નો નિર્દેશ છે. હવે વિચારો કે ''કોણ નમન કરે છે ?'' તો 'હું' નમનક્રિયા કરે છે. એટલે કે વક્તા પોતે પોતાને ઉદ્દેશીને નમનક્રિયા થયાની રજૂઆત કરવા માંગે છે. તેથી આ વાક્યમાં 'હું' ઉદ્દેશ્ય છે; અને 'નમન કરું છું' - તે વિધેય છે. હવે અગાઉ કહ્યું છે તેમ ઉદ્દેશ્ય અનુસાર જ ક્રિયાપદનો પ્રયોગ કરવાનો રહે છે. જેમ ગુજરાતી ભાષામાં 'હું' ની સાથે ક્રિયાપદમાં 'છું'ની સંગતિ છે, તેમ આ સંસ્કૃત વાક્યમાં अहम् ની સાથે -મિ (ઉત્તમ પુરુષના પ્રત્યયોવાળા ક્રિયાપદ)ની સંગતિ જાળવવી પડશે.)

I.4.1 કોઈ પણ વાક્યરચનાના આરંભે ''ત્રિવિધ ઉદ્દેશ્ય અનુસાર ક્રિયાપદના ત્રિવિધ 'પુરુષ'નો પ્રયોગ કરવો જોઈએ.'' એ નિયમનું પરિપાલન અનિવાર્ય છે. જેમકે,

ઉદ્દેશ્ય		ક્રિયાપદ
૧. જગત્ -	→	પ્રથમ પુરુષ (Third person)
૨. શ્રોતા -	→	મધ્યમ પુરુષ (Second person)
૩. વક્તા -	→	ઉત્તમ પુરુષ (First person)

દા. ત. ૧. सः (रामः) पश्यति । 'તે (રામ) જુવે છે.'

૨. त्वं पश्यसि । 'તું જુવે છે.'

૩. अहम् पश्यामि 'હું જોઉં છું.'

પરંતુ, અહીં એક વિશેષ સ્પષ્ટતાની જરૂર છે :-

ક્યારેક એવી વાક્યરચના કરવાનો પણ સન્દર્ભ ઊભો થાય કે - (क) જેમાં એકી સાથે ઉદ્દેશ્ય તરીકે 'જગત્' (ની કોઈ વ્યક્તિ) અને 'શ્રોતા' બન્નેનો નિર્દેશ કરવો અભીષ્ટ (વિવક્ષિત) હોય. દા. ત. ''તે (સીતા) અને તું ક્યાં જાવ છો ?'' હવે આવા વાક્યમાં બે પ્રકારના ઉદ્દેશ્ય હોવાથી પ્રશ્ન ઊભો થશે કે ક્રિયાપદમાં ક્યા 'પુરુષ'ના (દ્વિવચનના) પ્રત્યયનો પ્રયોગ કરીશું ? તો એનો ઉત્તર એ છે કે - જ્યાં ૧. 'જગત્'ની સાથે ૨. 'શ્રોતા'નો પણ ઉદ્દેશ્ય તરીકે ઉલ્લેખ થાય ત્યાં ઉત્તરવર્તી ઉદ્દેશ્યનો એટલે કે 'શ્રોતા' રૂપ ઉદ્દેશ્યને લક્ષ્યમાં લઈને 'મધ્યમ પુરુષ'ના (દ્વિવચનના) પ્રત્યયનો પ્રયોગ કરવો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જેમકે, सा (सीता) त्वं च कुत्र गच्छथः । (-सि-थस्-थ માંથી थस् નો પ્રયોગ.)

(ख) એ જ પ્રમાણે, જેમાં એકી સાથે ઉદ્દેશ્ય તરીકે ૧. જગત્ , ૨. શ્રોતા અને ૩. વક્તાનો પણ નિર્દેશ કરવો અભીષ્ટ હોય ત્યાં, ઉત્તરવર્તી ઉદ્દેશ્યને ધ્યાનમાં લઈને, એટલે કે વક્તા રૂપ ઉદ્દેશ્યને લક્ષ્યમાં લઈને ક્રિયાપદમાં ''ઉત્તમ પુરુષ'ના જ (બહુવચનનો) પ્રત્યય વાપરવો.

દા. ત. ''તે (ભીમ) (જગત્), તું (અર્જુન) (શ્રોતા) અને હું (કૃષ્ણ) (વક્તા) [ભેગા મળીને] (આ કાર્ય) કરીએ છીએ/કરીશું (ક્રિયાપદ).''

सः, त्वम् अहम् च [संमिल्य] (इदं कार्यं) कुर्मः ॥ અહીં વાક્યમાં ઉદ્દેશ્ય તરીકે 'જગત્' (= તે ભીમ) અને 'શ્રોતા' (તું અર્જુન)ની સાથે 'વક્તા' (હું કૃષ્ણ)નો પણ પ્રવેશ કરાવાયો છે; તેથી ક્રિયાપદમાં ઉત્તમ પુરુષના જ (-मि-वस्-मस् → करोमि-कुर्वः - कुर्मः ।) બહુવચનનો પ્રત્યય પસંદ કરવામાં આવ્યો છે.

આમ ૧. જગત્ , ૨. શ્રોતા અને ૩. વક્તા - આ ત્રણ પ્રકારના ઉદ્દેશ્યમાંથી ઉત્તર ઉત્તર બળવાન છે. અર્થાત્ (क) જો વાક્યમાં 'જગત્'ની સાથેને સાથે 'શ્રોતા'નો પણ ઉદ્દેશ્ય તરીકે પ્રવેશ થયો હોય તો ત્યાં શ્રોતાને અનુસરીને ક્રિયાપદમાં 'મધ્યમ પુરુષ'ના (દ્વિવચનનો) પ્રત્યયનો પ્રયોગ કરવો અને જો (ख) વાક્યમાં 'જગત્' અને 'શ્રોતા'ની સાથેને સાથે 'વક્તા'નો પણ ઉદ્દેશ્ય તરીકે સમાવેશ કર્યો હોય તો ત્યાં ક્રિયાપદમાં 'ઉત્તમ પુરુષ'ના (બહુવચનનો, - કેમકે હવે ઉદ્દેશ્યની સંખ્યા ત્રણ થઈ છે-) પ્રત્યયનો પ્રયોગ કરવો. દા. ત. ''તે (લક્ષ્મણ), તું (સીતા) અને હું (રામ) વનમાં જઈશું.''

सः (लक्ष्मणः), त्वं (सीता) अहं च (वनं) गच्छामः । (- गमिष्यामः) ॥

I.4.2 અપવાદ : મજાક-મશ્કરીનો કોઈ સન્દર્ભ હોય ત્યાં ''ઉદ્દેશ્ય અનુસાર ક્રિયાપદમાં 'પુરુષ'ની પસંદગી કરવી'' એવા પૂર્વોક્ત નિયમનો ભંગ થાય છે.[૫] દા. ત. આપણે ઘરે કોઈ ચીટકુ મહેમાન વારંવાર આવતા હોય, અને આપણી મોટરગાડીને વાપરવા યથેચ્છ લઈ જતા હોય; અને પછી એકાએક આપણે તે મોટર વેચી દઈએ અને પછી પેલા મહેમાન આવી ચડે તો આપણે મજાકમાં એમ કહીએ કે - ''તમને તો હશે કે હું મોટર દ્વારા (સિનેમા જોવા) જઈશ.'' (પણ તે મોટર તો હવે નથી, તેને અમે વેચી દીધી છે) ! આ વાક્યના અનુવાદમાં - त्वं (युवां, यूयं वा) मन्ये, अहं रथेन यास्यसि । - અહીં त्वम् (શ્રોતા રૂપ ઉદ્દેશ્ય)ની સાથે मन् ક્રિયાવાચક ધાતુને ઉત્તમ પુરુષ (આત્મનેપદના એકવચન)નો (જ) પ્રત્યય લગાડવામાં આવે છે; અને अहम् (વક્તા રૂપ ઉદ્દેશ્ય)ની સાથે ક્રિયાપદમાં 'મધ્યમ પુરુષ'ના પ્રત્યયનો પ્રયોગ થાય છે.

I.5.1 કેટલાક નમૂનાઓ :

(૧) √गम् (गच्छ) 'જવું' { પરસ્મૈપદી ધાતુ, વર્તમાનકાળ }

પુરુષ	એકવચન	દ્વિવચન	બહુવચન
ઉત્તમ પુરુષ	(अहम्) गच्छामि હું જાઉ છું.	(आवाम्) गच्छावः અમે બે જઈએ છીએ.	(वयम्) गच्छामः અમે બધા જઈએ છીએ.
મધ્યમ પુરુષ	त्वं गच्छसि તું જાય છે.	(युवाम्) गच्छथः તમે બે જાવ છો.	(यूयम्) गच्छथ તમે જાવ છો.
પ્રથમ પુરુષ	सः गच्छति તે જાય છે.	तौ गच्छतः તે બે જાય છે.	ते गच्छन्ति તેઓ જાય છે.

(૨) लिख् (લખવું) { પરસ્મૈપદી ધાતુ, વર્તમાનકાળ }

પુરુષ	એકવચન	દ્વિવચન	બહુવચન
ઉત્તમ પુરુષ	(अहम्) लिखामि હું લખું છું.	(आवाम्) लिखावः અમે બે લખીએ છીએ.	(वयम्) लिखामः અમે બધા લખીએ છીએ.
મધ્યમ પુરુષ	(त्वं) लिखसि તું લખે છે.	(युवाम्) लिखथः તમે બે લખો છો.	(यूयम्) लिखथ તમે (સૌ) લખો છો.

૫. પાણિનિએ प्रहासे च मन्योपपदे मन्यतेरुत्तम एकवच्च । પા. સૂ. ૧-૪-૧૦૬ સૂત્ર દ્વારા આ અપવાદને રજૂ કર્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રથમ પુરુષ	(सः) लिखति તે લખે છે.	(तौ) लिखतः તે બે લખે છે.	(ते) लिखन्ति તેઓ બધા લખે છે.

(૩) भू-भव् (થવું/જન્મવું) { પરસ્મૈપદી ધાતુ, ૧ લો ગણ, અકર્મક

પુરુષ	એકવચન	દ્વિવચન	બહુવચન
ઉત્તમ પુરુષ	(अहम्) भवामि હું થાઉં છું.	(आवाम्) भवावः અમે બે થઈએ છીએ.	(वयम्) भवामः અમે થઈએ છીએ.
મધ્યમ પુરુષ	(त्वं) भवसि તું થાય છે.	(युवाम्) भवथः તમે બે થાવ છો.	(यूयम्) भवथ તમે થાવ છો.
પ્રથમ પુરુષ	(सः) भवति તે થાય છે.	(तौ) भवतः તે બે થાય છે.	(ते) भवन्ति તેઓ થાય છે.

(૪) अस् (હોવું , છે) { પરસ્મૈપદી ધાતુ, ૨ જો ગણ, અકર્મક ધાતુ

પુરુષ	એકવચન	દ્વિવચન	બહુવચન
ઉત્તમ પુરુષ	(अहम्) अस्मि હું છું.	(आवाम्) स्वः અમે બે છીએ.	(वयम्) स्मः અમે છીએ.
મધ્યમ પુરુષ	(त्वं) असि તું છે.	(युवाम्) स्थः તમે બે છો.	(यूयम्) स्थ તમે છો.
પ્રથમ પુરુષ	(सः) अस्ति તે છે.	(तौ) स्तः તે બે છે.	(ते) सन्ति તેઓ છે.

(૫) कृ-कर् (કરવું) { પરસ્મૈપદી, આઠમો ગણ, સકર્મક ધાતુ

પુરુષ	એકવચન	દ્વિવચન	બહુવચન
ઉત્તમ પુરુષ	(अहम्) करोमि હું કરું છું.	(आवाम्) कुर्वः અમે બે કરીએ છીએ.	(वयम्) कुर्मः અમે કરીએ છીએ.
મધ્યમ પુરુષ	(त्वं) करोषि તું કરે છે.	(युवाम्) कुरुथः તમે બે કરો છો.	(यूयम्) कुरुथ તમે કરો છો.
પ્રથમ પુરુષ	(सः) करोति તે કરે છે.	(तौ) कुरुतः તે બે કરે છે.	(ते) कुर्वन्ति । તેઓ કરે છે.

(૬) दृश्-पश्य् (જોવું) { પરસ્મૈપદી ધાતુ, પહેલો ગણ, સકર્મક ધાતુ

પુરુષ	એકવચન	દ્વિવચન	બહુવચન
ઉત્તમ પુરુષ	(अहम्) पश्यामि હું જોઉં છું.	(आवाम्) पश्यावः અમે બે જોઈએ છીએ.	(वयम्) पश्यामः અમે જોઈએ છીએ.
મધ્યમ પુરુષ	(त्वं) पश्यसि તું જુવે છે.	(युवाम्) पश्यथः તમે બે જુવો છો.	(यूयम्) पश्यथ તમે જુવો છો.
પ્રથમ પુરુષ	(सः) पश्यति તે જુવે છે.	(तौ) पश्यतः તે બે જુવે છે.	(ते) पश्यन्ति તેઓ જુવે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

I.5.2 સ્વાધ્યાય :

(વર્તમાન કાળ) √नी > नय 'લઈ જવું' (પરસ્મૈપદ)

	એકવચન	દ્વિવચન	બહુવચન
ઉત્તમ પુરુષ	नयामि	नयावः	नयामः
મધ્યમ પુરુષ	नयसि	नयथः	नयथ
પ્રથમ પુરુષ	नयति	नयतः	नयन्ति ।

નીચેનાં વાક્યોનું સંસ્કૃતમાં ભાષાન્તર કરો :

(૧) તે લઈ જાય છે. (૨) તમે બે લઈ જાવ છો. (૩) હું લઈ જાઉં છું. (૪) તેઓ લઈ જાય છે. (૫) અમે લઈ જઈએ છીએ.

(વર્તમાન કાળ) √वद् બોલવું (પરસ્મૈપદ)

	એ. વ.	દ્વિ. વ.	બ. વ.
ઉત્તમ પુ.	वदामि	वदावः	वदामः
મધ્યમ પુ.	वदसि	वदथः	वदथ
પ્રથમ પુ.	वदति	वदतः	वदन्ति

નીચેનાં વાક્યોનું સંસ્કૃતમાં ભાષાન્તર કરો :

(૬) હું બોલું છું. (૭) તેઓ બોલે છે. (૮) તમે બોલો છો. (૯) તું બોલે છે. (૧૦) અમે બે બોલીએ છીએ.

(વર્તમાન કાળ) √इच्छ्- ઈચ્છવું (પરસ્મૈપદ)

	એક વ.	દ્વિ વ.	બ. વ.
ઉત્તમ પુ.	इच्छामि	इच्छावः	इच्छामः
મધ્યમ પુ.	इच्छसि	इच्छथः	इच्छथ
પ્રથમ પુ.	इच्छति	इच्छतः	इच्छन्ति ।

નીચેનાં વાક્યોનું સંસ્કૃતમાં ભાષાન્તર કરો :

(૧૧) તું ઈચ્છે છે. (૧૨) તે બે ઈચ્છે છે. (૧૩) અમે બે ઈચ્છીએ છીએ. (૧૪) તેઓ ઈચ્છે છે. (૧૫) હું ઈચ્છું છું.

(વર્તમાનકાળ) √पत्- પડવું (પરસ્મૈપદ)

	એક વ.	દ્વિ. વ.	બ. વ.
ઉત્તમ પુ.	पतामि	पतावः	पतामः
મધ્યમ પુ.	पतसि	पतथः	पतथ
પ્રથમ પુ.	पतति	पततः	पतन्ति

નીચેનાં વાક્યોનું સંસ્કૃતમાં ભાષાન્તર કરો :

(૧૬) અમે પડીએ છીએ. (૧૭) તેઓ પડે છે. (૧૮) તમે બે પડો છો. (૧૯) હું પડું છું. (૨૦) તમે બધા પડો છો.

'સ્વાધ્યાય' (I.5.2)ના જવાબ

(१) सः नयति । (२) युवाम् नयथः । (३) अहम् नयामि । (४) ते नयन्ति । (५) आवाम् नयावः । (६) अहम् वदामि । (७) ते वदन्ति । (८) यूयम् वदथ । (९) त्वं वदसि । (१०) आवाम् वदावः । (११) त्वम् इच्छसि । (१२) तौ इच्छतः । (१३) वयम् इच्छामः । (१४) ते इच्छन्ति । (१५) अहम् इच्छामि । (१६) वयम् पतामः । (१७) ते पतन्ति । (१८) यूवाम् पतथः । (१९) अहम् पतामि । (२०) यूयम् पतथ ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

I.5.3 નીચે આપેલાં વાક્યોનું ગુજરાતીમાં ભાષાન્તર કરો.

(૧) अहम् बोधामि ।
(२) त्वं चलसि ।
(३) ते जल्पन्ति ।
(४) सः रक्षति ।
(५) अहम् वसामि ।
(६) वयम् (प्र)विशामः ।
(७) यूयम् हरथ ।
(८) आवाम् स्पृशावः ।
(९) सः अटति ।
(१०) युवाम् पिबथः ।
(११) रामः जयति ।
(१२) नदी वहति ।
(१३) कौरवाः निन्दन्ति ।
(१४) ईश्वरः रक्षति ।
(१५) धेनुः तिष्ठति ।
(१६) चौरः हरति ।
(१७) वयम् चलामः ।
(१८) ते बोधन्ति ।
(१९) त्वं नयसि ।
(२०) अहम् इच्छामि ।
(२१) यूयम् तिष्ठथ ।

[સ્વાધ્યાય (1.5.3)ના ઉત્તર]

(૧) હું જાણું છું.
(૨) તું ચાલે છે.
(૩) તેઓ બબડે છે.
(૪) તે રક્ષા કરે છે.
(૫) હું નિવાસ કરું છું.
(૬) અમે પ્રવેશ કરીએ છીએ.
(૭) તમે હરી જાવ છો.
(૮) અમે બે સ્પર્શ કરીએ છીએ.
(૯) તે ફરે છે.
(૧૦) તમે બે પીવો છો.
(૧૧) રામ જય પામે છે.
(૧૨) નદી વહે છે.
(૧૩) કૌરવો નિન્દા કરે છે.
(૧૪) ઈશ્વર રક્ષા કરે છે.
(૧૫) ગાય ઊભી છે.
(૧૬) ચોર હરી જાય છે.
(૧૭) અમે ચાલીએ છીએ.
(૧૮) તેઓ જાણે છે.
(૧૯) તું લઈ જાય છે.
(૨૦) હું ઈચ્છું છું.
(૨૧) તમે બધા ઊભા છો.

નોંધ : અહીં ઉદ્દેશ્ય (વક્તા, શ્રોતા અને જગત્)ની સાથે ક્રિયાપદમાં અમુક પુરુષના અમુક વચનના પ્રત્યયની સંગતિ છે તેને ફરી ધ્યાનથી જોઈ જવી. જેમકે,

૧. ઉદ્દેશ્ય તરીકે વક્તા હોય ત્યારે-

अहम् →ની સાથે ક્રિયાપદમાં ઉત્તમ પુરુષ એકવચનના मि પ્રત્યયની સંગતિ છે.
आवाम् →ની સાથે ક્રિયાપદમાં (ઉત્તમ પુરુષ દ્વિવચન) वः પ્રત્યયની સંગતિ છે.
वयम् →ની સાથે ક્રિયાપદમાં (ઉત્તમ પુરુષ, બહુવચન) मः પ્રત્યયની સંગતિ છે.

૨. ઉદ્દેશ્ય તરીકે શ્રોતા હોય ત્યારે-

त्वम् →ની સાથે ક્રિયાપદમાં (મધ્યમ પુરુષના એકવચનના) सि પ્રત્યયની સંગતિ છે.
युवाम् →ની સાથે ક્રિયાપદમાં (મધ્યમ પુરુષ દ્વિવચનના) थः પ્રત્યયની સંગતિ છે.
यूयम् →ની સાથે ક્રિયાપદમાં (મધ્યમ પુરુષના બહુવચનના) थ પ્રત્યયની સંગતિ છે.

૩. ઉદ્દેશ્ય તરીકે જગત્ (જડ-ચેતન) હોય ત્યારે-

सः → (અથવા કોઈ વ્યક્તિ કે પદાર્થનું નામ) | ની સાથે ક્રિયાપદમાં (પ્રથમ પુરુષના એકવચનના) ति પ્રત્યયની સંગતિ છે.
तौ →ની સાથે ક્રિયાપદમાં (પ્રથમ પુરુષના દ્વિવચનના) तः પ્રત્યયની સંગતિ છે.
ते →ની સાથે ક્રિયાપદમાં (પ્રથમ પુરુષના બહુવચનના) अन्ति પ્રત્યયની સંગતિ છે.

I.5.4 સંસ્કૃત ભાષામાં ક્રિયાપદનું રૂપ બનાવવા માટે ક્રિયાવાચક 'ધાતુ'ને જેમ પરસ્મૈપદના (ति, तः, अन्ति વગેરે) પ્રત્યયો લાગે છે, તેમ ક્યાંક-કોઈક ધાતુને આત્મનેપદના (ए, वहे, महे વગેરે) પ્રત્યયો પણ લાગે છે.[૬]

---

૬. સંસ્કૃત ભાષામાં લગભગ ૧૯૭૦ ધાતુઓ છે. તેમાંના કેટલાક ધાતુઓને રૂઢિથી પરસ્મૈપદના પ્રત્યયો લાગે છે તો બીજા કેટલાક ધાતુઓને રૂઢિથી કેવળ આત્મનેપદના પ્રત્યયો લાગે છે. આમાં થોડાક એવા ધાતુઓ પણ મળે છે કે જેમને યથેચ્છ [અથવા स्वरितञितः कर्त्रभिप्राये क्रियाफले । पा. सू. १-३-७२ સૂત્રોક્ત વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને] ક્યારેક પરસ્મૈપદના પ્રત્યયો લગાવી શકાય છે, અને ક્યારેક આત્મનેપદના પ્રત્યયો પણ લગાવી શકાય છે. આવા ધાતુઓને 'ઉભયપદી' ધાતુઓ કહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આત્મનેપદના પ્રત્યયો લાગીને ક્રિયાપદનાં જે રૂપો બન્યાં હોય છે, તેમનો વાક્યમાં પ્રયોગ કરતી વખતે પણ, ઉદ્દેશ્યની સાથે તેમની સંગતિ જાળવવી પડે છે, જેમકે,

ઉદ્દેશ્ય તરીકે	ક્રિયાપદમાં
૧. જો વક્તા હોય- अहम् आवाम् वयम्	धातु + ઉત્તમ પુ. ए/आवहे/आमहे
૨. જો શ્રોતા હોય- त्वं युवाम् यूयम्	धातु + મધ્યમ પુ. असे/एथे/अध्वे
૩. જો જગત્ હોય તો- सः तौ ते (પુંલિંગ); सा ते ताः (સ્ત્રીલિંગ); तद् ते तानि (નપુંસક)	धातु + પ્રથમ પુ. अते/एते/अन्ते

દા. ત. √लभ् (મેળવવું) ધાતુનાં રૂપો અને સંગતિ જોઈએ-

૧.	अहम् लभे । (હું મેળવું છું)	आवाम् लभावहे । (અમે બે મેળવીએ છીએ)	वयम् लभामहे । (અમે મેળવીએ છીએ)
૨.	त्वं लभसे । (તું મેળવે છે)	युवाम् लभेथे । (તમે બે મેળવો છો)	यूयम् लभध्वे । (તમે (બધા) મેળવો છો)
૩.	सः लभते । (તે મેળવે છે)	तौ लभेते । (તે બે મેળવે છે)	ते लभन्ते । (તેઓ (સર્વે) મેળવે છે)

I.5.5 આત્મનેપદી ધાતુઓનાં કેટલાંક રૂપો :

(૧) √वन्द् (નમવું, પ્રણામ કરવા) (વર્તમાનકાળ; ૧ લો ગણ)

	એકવચન	દ્વિવચન	બહુવચન
ઉત્તમ પુ.	(अहम्) वन्दे । (હું નમન કરું છું)	(आवाम्) वन्दावहे ।	(वयम्) वन्दामहे ।
મધ્યમ પુ.	(त्वं) वन्दसे ।	(युवाम्) वन्देथे ।	(यूयम्) वन्दध्वे ।
પ્રથમ પુ.	(सः) वन्दते ।	(तौ) वन्देते ।	(ते) वन्दन्ते) ।

(૨) √भाष् (બોલવું, કહેવું)

ઉત્તમ પુ.	(अहम्) भाषे । (હું બોલું છું)	(आवाम्) भाषावहे । (અમે બે બોલીએ છીએ)	(वयम्) भाषामहे । (અમે સૌ બોલીએ છીએ)
મધ્યમ પુ.	(त्वं) भाषसे । (તું બોલે છે)	(युवाम्) भाषेथे । (તમે બોલો છો)	(यूयम्) भाषध्वे । (તમે સૌ બોલો છો)
પ્રથમ પુ.	(सः) भाषते । (તે બોલે છે)	(तौ) भाषेते । (તે બે બોલે છે)	(ते) भाषन्ते । (તેઓ બોલે છે)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(३) √वृत्- वर्त (વર્તવું, હોવું)

ઉત્તમ પુ.	(अहम्) वर्ते । (હું છું)	(आवाम्) वर्तावहे ।	(वयम्) वर्तामहे ।
મધ્યમ પુ.	(त्वं) वर्तसे ।	(युवाम्) वर्तेथे ।	(यूयम्) वर्तध्वे ।
પ્રથમ પુ.	(सः) वर्तते ।	(तौ) वर्तेते ।	(ते) वर्तन्ते ।

(४) √कम्प्- (ધ્રુજવું, હાલવું)

ઉત્તમ પુ.	(अहम्) कम्पे । (હું કંપું છું)	(आवाम्) कम्पावहे ।	(वयम्) कम्पामहे ।
મધ્યમ પુ.	(त्वं) कम्पसे ।	(युवाम्) कम्पेथे ।	(यूयम्) कम्पध्वे ।
પ્રથમ પુ.	(सः) कम्पसे ।	(तौ) कम्पेते ।	(ते) कम्पन्ते ।

(५) √शुभ्- शोभ् (શોભવું)

ઉત્તમ પુ.	(अहम्) शोभे । (હું શોભું છું)	(आवाम्) शोभावहे ।	(वयम्) शोभामहे ।
મધ્યમ પુ.	(त्वं) शोभसे ।	(युवाम्) शोभेथे ।	(यूयम्) शोभध्वे ।
પ્રથમ પુ.	(सः) शोभते । (તે શોભે છે)	(तौ) शोभेते ।	(ते) शोभन्ते ।



अहम् । વિષ્ણુને । वन्दे ।

* આ વાક્યમાં 'વન્દનક્રિયા'નો નિર્દેશ છે. તો હવે વિચારો કે ''કોણ વન્દન કરે છે ?'' તો 'હું' વન્દનક્રિયા કરે છે. એટલે કે વક્તા પોતાને ઉદ્દેશીને વન્દનક્રિયા થયાનો નિર્દેશ કરે છે. તેથી આ વાક્યમાં 'હું' ઉદ્દેશ્ય છે; અને 'વન્દન કરું છું' - તે વિધેય છે. હવે, અગાઉ કહ્યા મુજબ વાક્યમાં ઉદ્દેશ્ય અને વિધેય (- ક્રિયાપદ) વચ્ચે સંગતિ જોવા મળે છે. ગુજરાતીમાંથી સંસ્કૃતમાં ભાષાન્તર કરતી વખતે આ સંગતિનો (agreementનો) ભંગ ન થાય તેનું અનિવાર્યપણે ધ્યાન રાખવું પડે છે.

2

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બીજે તબક્કે –

હવે, વન્દનક્રિયા કરવા માટે વન્દન કરનાર (= કર્તા) ઉપરાંત બીજી જે વ્યક્તિ હોવી અનિવાર્ય છે તે અહીં 'વિષ્ણુ' છે. આ 'વિષ્ણુ' વ્યક્તિને 'કર્મ' કહેવાશે. [કારણ કે ક્રિયા કરવા માટે (કર્તા પછી, બીજા ક્રમે) જે પદાર્થ અનિવાર્ય હોય છે, ક્રિયા કરવાથી જે પદાર્થમાં કંઈક વિકાર-પરિણામ આવે છે તેને કર્મ કહેવાય છે.] આથી કર્મકારક વાચક 'વિષ્ણુ' શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવશે. તો अहम् विष्णुम् वन्दे ॥ એવો અનુવાદ થશે.

I.5.6 આત્મનેપદી પ્રત્યયો લાગીને બનેલાં ક્રિયાપદોવાળાં કેટલાંક વાક્યો જોઈશું.

१. छात्रः गुरुं सेवते ।	શિષ્ય ગુરુને સેવે છે.
२. कर्णः अस्त्राणि शिक्षते ।	કર્ણ અસ્ત્રો (ચલાવતાં) શીખે છે.
३. त्वं पुस्तकं मृगयसे ।	તું પુસ્તક શોધે છે.
४. नगरे रथः वर्तते ।	નગરમાં રથ છે.
५. मणिकारः मणीन् परीक्षते ।	ઝવેરી મણિઓની પરીક્ષા કરે છે.
६. सीता मोदते ।	સીતા ખૂશ થાય છે.
७. अहम् उद्यमं श्लाघे ।	હું મહેનતની પ્રશંસા કરું છું.
८. सूर्यः प्रकाशते ।	સૂર્ય પ્રકાશે છે.
९. त्वम् असत्यं भाषसे ।	તું અસત્ય બોલે છે.
१०. ब्राह्मणाः वेदमन्त्रान् भाषन्ते ।	બ્રાહ્મણો વેદમંત્રો બોલે છે.
११. शीतेन वानराः कंम्पन्ते ।	ઠંડીથી વાંદરાઓ કંપે છે.
૧૨. અમે મોક્ષ મેળવીએ છીએ.	वयं मोक्षं लभामहे ।
૧૩. દુર્યોધન મરે છે.	दुर्योधनः म्रियते ।
૧૪. હૃદય ધ્રુજે છે.	हृदयम् वेपते । कम्पते ।
૧૫. તમે બે વનમાં છો.	युवाम् वने वर्तेथे ।
૧૬. હું ધ્યાનમાં ખૂશ થાઉ છું.	अहम् ध्याने रमे ।
૧૭. બાળકો આનંદ કરે છે.	बालकाः रमन्ते ।
૧૮. તે (કન્યા) શોભે છે.	सा (कन्या) शोभते ।
૧૯. રામ જન્મે છે.	रामः जायते ।
૨૦. તું ભયની શંકા કરે છે.	त्वं भयं शंकसे ।
૨૧. રાજા વિજય માટે પ્રયત્ન કરે છે.	नृपः विजयाय यतते ।
૨૨. તમે ધન મેળવો છો.	यूयम् धनं लभध्वे ।
૨૩. બાળક ગીત શીખે છે.	बालकः गीतं शिक्षते ।
૨૪. ભીમ શરીરથી વધે છે.	भीमः शरीरेण वर्धते ।
૨૫. વિદ્યા વિનયથી શોભે છે.	विद्या विनयेन शोभते ।
૨૬. કવિ રાજાને વખાણે છે.	कविः नृपं प्रशंसते ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ - ૨

કારક-વિચાર

અને

પ્રથમાદિ વિભક્તિઓનો પ્રયોગ

II.0.1 વાક્ય-વિસ્તારનો પ્રથમ તબક્કો : અગાઉ આપણે પહેલા પ્રકરણમાં ''ઉદ્દેશ્ય અનુસાર ક્રિયાપદની ગોઠવણી (પસંદગી) કરવી'' એવો વાક્યરચનાનો પ્રાણભૂત નિયમ જોયો છે. સિંહાવલોકન-ન્યાયે એની પુનરુક્તિ કરીએ તો-

૧. રામ જાય છે. એ વાક્યમાં જે 'રામ' વ્યક્તિને ઉદ્દેશીને ગમનક્રિયા વિશે વાત કરી છે તે 'રામ' (વક્તા-શ્રોતા-અને જગત્ રૂપ) ત્રિવિધ ઉદ્દેશ્યોમાંથી કોણ છે ? એનો વિચાર કરીએ તો તે વક્તા અને શ્રોતાથી ભિન્ન એવી જગત્‌ની વ્યક્તિ ઉદ્દેશ્ય છે. તેથી ક્રિયાપદમાં (गम् ધાતુ +) ति પ્રત્યયની (એટલે 'પ્રથમ પુરુષના' પ્રત્યયની પસંદગી કરવાની રહેશે : रामः गच्छति ।

૨. હું ખાઉં છું. એ વાક્યમાં જે 'હું' વ્યક્તિને ઉદ્દેશીને ખાવાની ક્રિયા વિશે વાત કરી છે, તે 'હું' (વક્તા-શ્રોતા-અને જગત્ રૂપ) ત્રિવિધ ઉદ્દેશ્યોમાંથી કોણ છે ? એનો વિચાર કરીએ તો તે શ્રોતા પણ નથી અને 'જગત્' પણ નથી; પરંતુ વક્તા પોતે પોતાના વિશે જ વાત કરતો હોઈ વક્તા પોતે જ ઉદ્દેશ્ય છે. આથી ક્રિયાપદમાં (खाद् ધાતુ +) मि પ્રત્યયની (એટલે કે 'ઉત્તમ પુરુષ'ના પ્રત્યયની) પસંદગી કરવાની રહેશે : अहम् खादामि।

૩. તું આપે છે. આ વાક્યમાં જે 'તું' વ્યક્તિને ઉદ્દેશીને આપવાની ક્રિયા વિશે વાત કરી છે (તું શું કરે છે ? એવા પ્રશ્નના જવાબમાં 'આપે છે' એવું જે વિધાન કર્યું છે) તે 'તું' વ્યક્તિ ત્રિવિધ ઉદ્દેશ્યોમાંથી શ્રોતા રૂપ ઉદ્દેશ્ય છે. આથી ક્રિયાપદમાં (दा > यच्छ् ધાતુ +) सि એવા 'મધ્યમ પુરુષ'ના પ્રત્યયની પસંદગી કરવાની રહેશે : त्वं यच्छसि ।

આમ ઉદ્દેશ્ય અને ક્રિયાપદ વચ્ચેની સંગતિ (agreement) ગોઠવાઈ જાય એટલે 'વાક્ય'નું મુખ્ય સંઘટન થઈ ગયું એમ જાણવું. ત્યાર પછીના તબક્કે એ વાક્યનો વિસ્તાર કેવી રીતે - કયા ક્રમે - કરવાનો છે ? તે જાણવું જરૂરી બને છે : હવે વાક્યમાં જે ક્રિયાનો નિર્દેશ કર્યો હોય / કરવા માંગતા હોઈએ તે ક્રિયાને સંપન્ન થવા માટે (અર્થાત્ અસ્તિત્વમાં આવવા માટે) 'કર્તા' ઉપરાંત, બીજી કઈ કઈ વ્યક્તિઓ કે પદાર્થો (= કયાં કયાં અન્ય 'કારકો')ની આવશ્યકતા રહે છે ? તેનો વિચાર શરૂ કરવો. જેમકે, ૧. 'રામ જાય છે.' એ વાક્યમાં 'જવાની' (ગમન ક્રિયાની) વાત કરવી હોય તો, ત્યાં જવાના લક્ષ્યસ્થાનનો ઉલ્લેખ પણ હોવો જોઈએ; આમ આ વાક્યનો જો વિસ્તાર કરવો હોય તો તેમાં લક્ષ્યસ્થાન (વાચક શબ્દ)નો ઉમેરો કરી શકાય : રામ (વનમાં) જાય છે. ૨. 'હું ખાઉં છું.' વાક્યમાં 'ખાવાની' (ક્રિયાની) વાત કરવી હોય તો ખાવાની ક્રિયા કરનાર વ્યક્તિ (= કર્તાકારક) ઉપરાંત, 'શું ખવાય છે ?' - તે ખાદ્યપદાર્થનો પણ નિર્દેશ હોવો જોઈએ. આ ખાદ્યપદાર્થનો (= કર્મકારકનો) પણ જો વાક્યમાં ઉમેરો કરવામાં આવે તો તેનાથી પણ વાક્યનો વિસ્તાર થશે. 'હું (ફળ) ખાઉં છું. એવી જ રીતે, 'હું મારું છું' જેવાં વાક્યમાં 'કોને મારું છું ?' તથા 'શેનાથી મારું છું ?' એ બે પદાર્થોનો નિર્દેશ ઉમેરવામાં આવે તો, તેનાથી પણ વાક્યનો વિસ્તાર થશે : હું (કૂતરાને) (લાકડીથી) મારું છું.' ૩. 'તું આપે છે' એવા વાક્યમાં 'કોને આપે છે ?' અને 'શું આપે છે ?' (એટલે કે - આ વાક્યમાં આપનાર - કર્તા - ઉપરાંત, 'લેનાર' અને 'આપવાની વસ્તુ' - દેય પદાર્થનો નિર્દેશ હોવો જરૂરી છે. કારણ કે 'આપવું' ક્રિયાને અસ્તિત્વમાં લાવવા માટે કુલ ત્રણ વ્યક્તિઓની પરમ આવશ્યકતા છે. જેમ કે, (૧) આપનાર, (૨) લેનાર અને (૩) આપવાની વસ્તુ. આમ 'આપવું' ક્રિયાને કરનારા (= કારકો) ત્રણેય વ્યક્તિઓનો વાક્યમાં સ્પષ્ટ નિર્દેશ કરીએ તો તે રીતે વાક્યનો વિસ્તાર થતો હોય છે : તું (બ્રાહ્મણને) (ધન) આપે છે. આમ વાક્ય-વિસ્તારના પ્રથમ તબક્કામાં-

ઉદ્દેશ્ય +	{ અન્ય સહાયક કારકો (ક્રિયા કરનારાં પદાર્થો) }	+ ક્રિયાપદ = વાક્ય
૧	૨	૩

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉદ્દેશ્ય અને ક્રિયાપદની વચ્ચે અન્ય સહાયક કારકોનો પ્રયોગ કેવી રીતે થાય છે તે શીખવું જોઈએ. જેમ કે, ક્રિયા કરનારા અનેક પદાર્થોમાંથી ક્રિયાના મુખ્ય જનકને 'કર્તાકારક' કહેવાય છે. તો આ કર્તાકારકને સંસ્કૃતમાં અભિવ્યક્ત કરવા માટે (કર્તરિ પ્રયોગમાં) જેમ પ્રથમા વિભક્તિનો પ્રયોગ કરવો પડે છે, તેમ અન્ય સહાયક કારકોને કઈ કઈ વિભક્તિમાં પ્રયોજવા પડશે ? તે હવે જાણવું જોઈશે.

II.0.2 ગુજરાતી ભાષામાં વપરાતા વિભક્તિ પ્રત્યયો :

જેવી રીતે 'નાટક'માં અનેક નટ-નટીઓ ભેગાં મળીને કોઈક કથાવસ્તુની રજૂઆત કરતાં હોય છે; તેવી રીતે ભાષાના કોઈપણ 'વાક્ય'માં પણ અમુક અમુક પદાર્થોએ ભેગા મળીને કોઈક ક્રિયા કર્યાનો ઉલ્લેખ કરવામાં આવે છે. જેમકે,

સીતા અગ્નિથી તપેલીમાં ચોખા	રાંધે છે.
સિદ્ધ પદાર્થો	સાધ્ય
(નામપદો)	(ક્રિયાપદ)

અહીંઆ, 'રાંધવા'ની ક્રિયા કરનાર પદાર્થો (સીતા, અગ્નિ, તપેલી અને ચોખા)ને कारक કહેવામાં આવે છે. આવાં કારકો છ (-સાત) છે; તેમને અભિવ્યક્ત કરવા માટે જુદી જુદી સાત વિભક્તિઓ છે.

કારક	વિભક્તિ	ગુજરાતી ભાષામાં વપરાતાં પ્રત્યયો
૧. કર્તા-કારક	પ્રથમા	/-૦/ (શૂન્ય પ્રત્યય); /-એ/ પ્રત્યય
૨. કર્મકારક	દ્વિતીયા	/-૦/; /-ને/
૩. કરણકારક	તૃતીયા	-થી, -થકી, -વડે, -દ્વારા
૪. સમ્પ્રદાનકારક	ચતુર્થી	-ને, -ને માટે, -માટે, -ની પ્રત્યે, ને વાસ્તે, સારુ, કાજે.
૫. અપાદાનકારક	પંચમી	-થી, -માંથી, -પાસેથી; -ઉપરથી, -ને લીધે, -ને કારણે.
૬. સંબંધ	ષષ્ઠી	-નો, -ની, -નું, -ના (અથવા રું, રો, રી)
૭. અધિકરણકારક	સપ્તમી	-માં, -અંદર, -ઉપર, -ને વિષે
૮. સંબોધનકારક	સંબોધન	હે, ઓ.

દા. ત. (૧) પ્રથમા વિભક્તિ :

(क) 'સીતા' તપેલીમાં ચોખા રાંધે છે.'

આ વાક્યમાં રાંધવાની સમગ્ર ક્રિયા કરનાર સીતા છે, તેને 'કર્તા-કારક' કહેવાશે. ગુજરાતી ભાષામાં આવા કર્તા-કારકને વ્યક્ત કરવા માટે (સીતા + ૦) કોઈ પ્રત્યય લાગતો નથી; પરંતુ વાક્યમાં મોટે ભાગે તેનો પહેલો પ્રયોગ થયો હોય છે. તેને આધારે તે પદ 'કર્તાકારક' છે એમ નક્કી થતું હોય છે.

(ख) સીતાએ / મેં / તેં ફળ ખાધું.

આ વાક્યમાં ખાવાની ક્રિયા કરનાર સીતા, હું, તું-ને કર્તાકારક કહેવાશે. તેમનો પદક્રમની દૃષ્ટિએ વાક્યમાં પહેલો પ્રયોગ થયો હોવા ઉપરાંત, તેમને '-એ' પ્રત્યય લાગ્યો છે. (ગુજરાતી ભાષામાં સામાન્ય રીતે ભૂતકાળનાં વાક્યોમાં કર્તાકારકને '-એ' પ્રત્યય લગાડવામાં આવે છે.)

(૨) દ્વિતીયા વિભક્તિ :

(क) રામે ફળ ખાધું (ફળ + ૦)

(ख) તમે પુસ્તકને જોયું ? (પુસ્તક + ને)

અહીં પહેલા વાક્યમાં ખાવું ક્રિયા જેની ઉપર થાય છે, તે 'ફળ' પદાર્થને વ્યાકરણની પરિભાષામાં 'કર્મ' કહે છે. આવા કર્મકારક વાચક 'ફળ' શબ્દને પણ પ્રાયઃ કોઈ જ પ્રત્યય ગુજરાતી ભાષામાં લાગતો નથી; (અને પદક્રમની દૃષ્ટિએ તે કર્તાકારક પછી બીજા નંબરે વાક્યમાં પ્રયોજાય છે). બીજા વાક્યમાં 'જોવું' ક્રિયા કરવા માટે જે અનિવાર્ય છે તે પદાર્થ-

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પુસ્તક-ને કર્મકારક કહેવાય છે. ગુજરાતી ભાષામાં આવા કર્મકારકને વ્યક્ત કરવા, ક્યારેક '-ને' પ્રત્યય (પુસ્તક+ને) લગાડવામાં આવે છે.

(૩) તૃતીયા વિભક્તિ :

(क) રામ બાણથી વાલિને મારે છે.
(ख) ભીમ ગદા વડે યુદ્ધમાં જીતી ગયો.
(ग) તેણે પુસ્તક દ્વારા જ્ઞાન મેળવ્યું છે.
(घ) અસત્યથી / થકી કોઈ જીત્યું નથી.

આ વાક્યોમાં મારવું, જીતવું કે મેળવવું જેવી ક્રિયાઓ કરવામાં સાધનરૂપે બાણ, ગદા, પુસ્તક અને અસત્ય જેવા પદાર્થોએ મદદ કરી છે, આ સાધનભૂત પદાર્થોને વ્યાકરણમાં 'કરણકારક' કહે છે; અને તેને વ્યક્ત કરવા માટે તે સાધનવાચક શબ્દોને (= કરણકારકોને) -થી, -વડે, -દ્વારા, -થકી જેવા અનુગો/પ્રત્યયો જોડવામાં આવે છે.

(૪) ચતુર્થી વિભક્તિ :

(क) રાજા વિપ્રને ગાય આપે છે.
(ख) કુંભાર ઘડાને માટે માટી લાવે છે.
(ग) રામ યુદ્ધ માટે તૈયાર થાય છે.
(घ) ભીમ દુર્યોધન પ્રત્યે/વિષે ગુસ્સે થાય છે.

આ વાક્યોમાં આપવું ક્રિયા, લાવવાની ક્રિયા તથા તૈયાર થવાની ક્રિયા જેને ઉદ્દેશીને (= જેને માટે) થાય છે, તે પદાર્થો (વિપ્ર, ઘડો અને યુદ્ધ)ને સમ્પ્રદાનકારક કહે છે. આવા સમ્પ્રદાનકારકોને વ્યક્ત કરવા માટે ચતુર્થી વિભક્તિના -ને, - માટે, -ને માટે, / વાસ્તે / સારુ / કાજે / -ની પ્રત્યે, પ્રત્યયો / (અનુગો) લગાડવામાં આવે છે.

(૫) પંચમી વિભક્તિ :

(क) રામ ધાબેથી પડી ગયો.
(ख) સીતા કુવામાંથી પાણી કાઢે છે.
(ग) રાજા ચોર પાસેથી ધન પાછું મેળવે છે.
(घ) ડાળી ઉપરથી પાંદડાં પડે છે.
(ङ) મહેશ પુસ્તકથી/ભણવાથી કંટાળે છે.

આ બધાં વાક્યોમાં છુટા પડવાની ક્રિયાનો નિર્દેશ છે; તેમાં જ્યાંથી (= જે જે પદાર્થ પાસેથી) છુટા પડવાની ક્રિયા થાય છે, તે તે પદાર્થો (ધાબું, કુવો, ચોર, ડાળી અને પુસ્તક/ભણવા)ને 'અપાદાનકારક' કહેવામાં આવે છે. આવા અપાદાનકારકોને ગુજરાતી ભાષામાં -થી, -માંથી, -પાસેથી અને -ઉપરથી એવા પ્રત્યયો/અનુગો લગાડવામાં આવે છે.

(૬) ષષ્ઠી વિભક્તિ :

(क) રાજાનો પુત્ર શૂરવીર છે.
(ख) રાજાની રાણી સ્વરૂપવતી છે.
(ग) રાજાનું ધન પ્રજાને માટે છે.
(घ) રાજાના સૈનિકો યુદ્ધ કરે છે.
(ङ) તારું ધન છે.

આ વાક્યોમાં રાજા અને તત્સંબંધી (પુત્ર, રાણી વગેરે) પદાર્થોને -નો, -ની, -નું, -ના પ્રત્યયોથી જોડવામાં આવ્યા છે. બે (સિદ્ધ) પદાર્થો વચ્ચે મહદંશે ૧. સ્વ-સ્વામીભાવ = સેવક-સેવ્યભાવ રૂપ સંબંધ, ૨. અંગાંગી ભાવ = અવયવ-

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અવયવી ભાવ રૂપ સંબંધ કે ૩. જન્ય-જનકભાવ રૂપ સંબંધો જોવા મળે છે :

૧. દશરથ રાજાનો	પુરુષ	જાય છે.
સેવ્ય	સેવક	
૨. દશરથનો	હાથ	તૂટી ગયો.
અંગી	અંગ	
૩. દશરથનો	પુત્ર (રામ)	વનમાં જાય છે.
જનક	જન્ય	

આમ, ભાષામાં દશરથ અને પુરુષ, દશરથ અને હાથ, દશરથ અને પુત્ર-વચ્ચે ઉપર મુજબ વિવિધ સંબંધો રહેલા છે. આવા સંબંધની અભિવ્યક્તિ કરવા માટે ષષ્ઠી વિભક્તિના -નો, -ની, -નું, -ના પ્રત્યયો વપરાય છે. (સર્વનામવાચક શબ્દોમાં રો, રી, રું, રાં જેવા પ્રત્યયો વપરાય છે. દા. ત., તારો, તારી, મારું, મારા, અમારું, આપણા વગેરે.)

(૭) સપ્તમી વિભક્તિ :

(क) તું ઘડામાં પાણી રેડે છે.
(ख) સીતા ઘરની અંદર વાંચે છે.
(ग) વાનર વૃક્ષની ઉપર બેઠો છે.

આ વાક્યોમાં રેડવાની, વાંચવાની અને બેસવાની ક્રિયા જે જે આધાર ઉપર/સ્થળમાં થાય છે, તેને વ્યાકરણની પરિભાષામાં ‘અધિકરણકારક’ કહે છે, આવા અધિકરણકારક વાચક પદાર્થો (ઘડો, ઘર અને વૃક્ષ)ને સપ્તમી વિભક્તિના -માં, -ની અંદર, -ની ઉપર જેવા પ્રત્યયો/અનુગો લગાડવામાં આવે છે.

(૮) સંબોધન વિભક્તિ :

(क) હે રામ ! તમે મારો ઉદ્ધાર કરો.
(ख) એ રાધેશ્યામ ! મને દર્શન આપો.

આ વાક્યોમાં ‘હે’ અને ‘ઓ’, ‘અરે’ એવા અવ્યયોનો પ્રયોગ કરીને, રામને અને રાધેશ્યામને સંબોધન કરવામાં આવ્યું છે. [એટલે કે રામ અને રાધેશ્યામને વક્તાએ પોતાના તરફ અભિમુખ = ધ્યાન આપતા કર્યા છે. अनभिमुखस्य अभिमुखीकरणं संबोधनम् । આવા સંબોધનવાચક શબ્દોને (એકવચનમાં) પ્રાયઃ કોઈ પ્રત્યય લાગતો નથી.]

* * *

II.0.2 સંસ્કૃત ભાષામાં આ સાતેય વિભક્તિઓના સામાન્ય રીતે નીચે મુજબ પ્રત્યયો જોવા મળે છે :

વિભક્તિ	એકવચન	દ્વિવચન	બહુવચન
૧. પ્રથમા	स्	औ	अस्
૨. દ્વિતીયા	अम्	औ	अस्
૩. તૃતીયા	आ	भ्याम्	भिस्
૪. ચતુર્થી	ए	भ्याम्	भ्यस्
૫. પંચમી	अस्	भ्याम्	भ्यस्
૬. ષષ્ઠી	अस्	ओस्	आम्
૭. સપ્તમી	इ	ओस्	सु
૮. સંબોધન	–	औ	अस् ॥

નોંધ : સાતેય વિભક્તિઓના આ ૨૧ પ્રત્યયોમાં (૧) અકારાન્ત, ઇકારાન્ત, ઉકારાન્ત, વ્યંજનાન્ત જેવાં વિવિધ શબ્દસ્વરૂપોને કારણે, અને (૨) પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ જેવા શબ્દગત લિંગના વૈવિધ્યને કારણે જુદાં જુદાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરિવર્તનો આવે છે. આથી अ કારાન્ત પુંલિંગ राम શબ્દના, इ કારાન્ત પુંલિંગ कवि શબ્દના, अ કારાન્ત નપુંસકલિંગ वन શબ્દના, आ કારાન્ત સ્ત્રીલિંગ माला શબ્દના, કે च् વ્યંજનાન્ત સ્ત્રીલિંગ वाच् શબ્દ વગેરેનાં વિભંક્ત્યન્ત રૂપો જુદાં જુદાં થાય છે. [આવા જુદા જુદા પ્રકારનાં નામોનાં રૂપોની યાદી આ પુસ્તકને અંતે આપેલા પરિશિષ્ટમાં જોવી.]

* * *

ગુજરાતી ભાષાનું સ્વરૂપ લગભગ અયોગાત્મક પ્રકારનું (એટલે કે - જેમાં પ્રકૃતિ + પ્રત્યયનો યોગ = મિશ્રણ થયું નથી તેવું) હોવાથી નામ (પ્રકૃતિ)ની બાજુમાં વિભક્તિ પ્રત્યયો અલગ વપરાય છે. જેમકે, 'ભીમ ગદા વડે યુદ્ધમાં જીતી ગયો.'' અહીં ત્રીજી વિભક્તિનો - 'વડે' પ્રત્યય 'ગદા' એવા નામની બાજુમાં અલગ લગાડાય છે. પરંતુ સંસ્કૃત ભાષાનું સ્વરૂપ પ્ર-શ્લિષ્ટ (= પ્રકૃષ્ટ આશ્લેષ = આલિંગનવાળું એટલે કે જેમાં પ્રકૃતિ + પ્રત્યય સંમિશ્રિત થઈ ગયા) હોવાથી નામ (પ્રકૃતિ)ની અંદર વિભક્તિ પ્રત્યયો એવી રીતે ભળી ગયા હોય છે કે જેથી વિભક્ત્યન્ત રૂપોમાંથી કયો અંશ પ્રકૃતિનો છે કે કયો અંશ પ્રત્યયનો છે ? એ પ્રાથમિક દૃષ્ટિએ ધ્યાનમાં આવતું નથી. દા. ત. रामेण (તૃતીયા વિભક્તિ એકવચનના રૂપમાં-इन પ્રત્યય राम એવી પ્રકૃતિમાં ભળી ગયો છે, અને સાથે સાથે તેમાં અમુક ધ્વનિ-વિકારો (= एण > रामेण પણ આવી ગયા છે.) આથી વિદ્યાર્થીએ આવાં રૂપો યાદ રાખવાં જરૂરી બને છે. એક નમૂના તરીકે –

અકારાન્ત પુંલિંગ राम શબ્દનાં રૂપ

વિભક્તિ	**એકવચન**	**દ્વિવચન**	**બહુવચન**
પ્રથમા	रामः	रामौ	रामाः
	રામ	(બે) રામ	(બેથી વધારે) રામો
દ્વિતીયા	रामम्	रामौ	रामान्
	રામને	(બે) રામને	(અનેક) રામને
તૃતીયા	रामेण	रामाभ्याम्	रामैः
	રામથી, વડે, દ્વારા	(બે) રામથી	(અનેક) રામોથી
ચતુર્થી	रामाय	रामाभ्याम्	रामेभ्यः
	રામ માટે, પ્રત્યે	(બે) રામ માટે	(અનેક) રામો માટે
પંચમી	रामात्	रामाभ्याम्	रामेभ्यः
	રામ પાસેથી, માંથી, થી	(બે) રામ પાસેથી	(અનેક) રામો પાસેથી
ષષ્ઠી	रामस्य	रामयोः	रामाणाम्
	રામનો, નું, ના	(બે) રામનો, નું, ના	(અનેક) રામોનો, નું, ના
સપ્તમી	रामे	रामयोः	रामेषु
	રામમાં, અંદર, ઉપર	(બે) રામમાં	(અનેક) રામોમાં
સંબોધન	हे / भो राम	हे रामौ	हे रामाः ।
	હે/ઓ રામ !	હે (બે) રામ !	હે (અનેક) રામો !

* * *

હવે એક શ્લોક જોઈશું, જેમાં राम શબ્દના એકવચનમાં સાતેય વિભક્તિનાં રૂપોનો પ્રયોગ થયો છે :–

૧ ૨

<u>रामो</u> राजमणिः सदा विजयते, <u>रामं</u> रमेशं भजे

૩ ૪

<u>रामेणा</u>भिहता निशाचरचमू, <u>रामाय</u> तस्मै नमः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

५ ६
रामान्नास्ति परायणं परतरं रामस्य दासोऽस्म्यहं
७ (सं)
रामे चित्तलयः सदा भवतु तमे, भो राम ! माम् उद्धर ।
(रामो = रामः, रामेणाभिहता = रामेण + अभिहता, रामान्नास्ति = रामात् + नास्ति)

અનુવાદ : રાજાઓમાં મણિ સમાન રામ સદાય વિજય પામે છે. રમાના ઈશ એવા રામને (હું) ભજું છું. રામ વડે રાક્ષસોની સેના (ચમૂ) હણાઈ, તેવા રામને માટે નમસ્કાર હજો. રામથી (= રામ કરતાં) વધારે ઉત્કૃષ્ટ (કશુંય) નથી. હું રામનો દાસ છું. રામમાં મારા ચિત્તનો સદાય લય થજો. હે રામ ! (તમે) મારો ઉદ્ધાર કરો.

II.1. પ્રથમા વિભક્તિનો પ્રયોગ :

II.1.1. સંસ્કૃત ભાષામાં પ્રથમા વિભક્તિ(ના પ્રત્યયો)નો પ્રયોગ 'ઉદ્દેશ્ય' (subject) દર્શાવવા માટે થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રથમા વિભક્તિ ઉદ્દેશ્ય-વાચિકા છે.[1]

*

સૌથી પહેલાં 'ઉદ્દેશ્ય' એટલે શું ? અને તે મુખ્યત્વે બે પ્રકારના હોય છે – એ વાત એક ઉદાહરણ દ્વારા સમજી લઈએ : 'હનુમાન્ પોતાના બાહુબળથી ઓષધિનો પર્વત ઊંચકી લાવે છે.' આ વાક્યમાં 'હનુમાન શું કરે છે ?' એવી જિજ્ઞાસાના ઉત્તર રૂપે, હનુમાન્‌ને ઉદ્દેશીને 'હનુમાન્ પર્વત ઊંચકી લાવવાની ક્રિયા કરે છે' એનું વિધાન કરવામાં આવ્યું છે. (એટલે કે – ઉપરના વાક્યમાં હનુમાન્ એ 'ઉદ્દેશ્ય' છે; અને 'લાવે છે' એ 'વિધેય' છે.)

આ જ વાક્યને બીજી રીતે બોલીએ તો 'હનુમાન વડે પોતાના બાહુબળથી પર્વત લવાય છે.' અહીં "શું લવાય છે ?" એવી જિજ્ઞાસાના ઉત્તર રૂપે પર્વતને ઉદ્દેશીને, 'પર્વત લાવવામાં આવે છે', પર્વતને લાવવાની ક્રિયા થાય છે – એનું વિધાન કરવામાં આવ્યું છે. એટલે કે આ બીજા પ્રકારના વાક્યમાં 'પર્વત' એ 'ઉદ્દેશ્ય' છે, અને 'લાવવામાં આવે છે' – એ વિધેય છે.

ટૂંકમાં, જેને અનુલક્ષીને વાતચીત થતી હોય – જેને અનુલક્ષીને ક્રિયા-વિધાન થતું હોય (= જેને પ્રધાનપણે ઉદ્દેશીને વાક્યરચના થતી હોય; એટલે કે જે topic of the conversation હોય તેને 'ઉદ્દેશ્ય' (subject) કહે છે.

હવે, વાક્ય રચના દરમ્યાન જેને અનુલક્ષીને ક્રિયાવિધાન થતું હોય છે તે 'કર્તા' રૂપ ઉદ્દેશ્ય હોય છે, અથવા 'કર્મ' રૂપ ઉદ્દેશ્ય હોય છે. એટલે કે 'લાવવાની ક્રિયા કોણ કરે છે ?' એ ભાવને મનમાં રાખીને 'હનુમાન ઓષધિનો પર્વત લાવે છે' એમ કર્તરિ પ્રયોગવાળી રચના કરવામાં આવે ત્યારે 'કર્તા' એ વાતનો-વાક્યનો-ઉદ્દેશ્ય હોય છે; અને તેને પ્રથમા વિભક્તિ દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. જેમકે कपीश्वरः (પ્રથમા), पर्वतम् आनयति ।

એ જ રીતે, 'શું લવાય છે ?' એ ભાવને મનમાં રાખીને 'હનુમાન વડે પર્વત લવાય છે' એવી કર્મણિ પ્રયોગવાળી રચના કરવામાં આવે ત્યારે 'કર્મ' એ વાક્યનો ઉદ્દેશ્ય બને છે : તેથી તે કર્મને પ્રથમા વિભક્તિ દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. જેમકે, कपीश्वरेण, पर्वतः (પ્રથમા) आनीयते । [કર્મણિ પ્રયોગ બાબતે પ્રકરણ-૭માં આપણે વિસ્તારથી ચર્ચા કરીશું.]

* * *

આમ 'કર્તરિ પ્રયોગ'માં કર્તા-કારક વાતનો ઉદ્દેશ્ય હોય છે; અને આવા ઉદ્દેશ્યભૂત શબ્દને પ્રથમા વિભક્તિ

---

૧. પણ જો એમ બોલીએ કે – "પ્રથમા વિભક્તિ 'કર્તા'કારકની વાચિકા છે" તો તે અધુરું વિધાન છે. આવું વાક્ય કર્તરિ પ્રયોગ પૂરતું જ સાચું ઠરે છે. કેમ કે જ્યારે વાક્યનો કર્મણિ પ્રયોગ થાય ત્યારે કર્મકારક 'ઉદ્દેશ્ય' (subject) બનવાથી, તેને પ્રથમા વિભક્તિ લગાડાય છે. આમ પ્રથમા વિભક્તિ દ્વારા કર્તરિ પ્રયોગમાં કર્તાની અભિવ્યક્તિ થાય છે. અને કર્મણિ પ્રયોગમાં કર્મની અભિવ્યક્તિ થાય છે. ટૂંકમાં પ્રથમા વિભક્તિ કેવળ 'કર્તા'ને જ લાગે એવું નથી; કર્મણિપ્રયોગ વખતે તે (કર્તાને નહીં લાગતાં,) કર્મને લાગુ પડે છે. આથી 'પ્રથમા વિભક્તિ ઉદ્દેશ્યવાચિકા છે' એમ કહેવું જ સાચું છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લગાડવામાં આવે છે – એવો નિયમ જોયો. હવે ઉદ્દેશ્યભૂત આવા કર્તા-કારક ત્રણ પ્રકારના હોઈ શકે છે. જેમકે, ૧. વક્તા, ૨. શ્રોતા અને ૩. તે બે સિવાયનું જગત્.



નોંધ : પ્રકરણ-૧માં વર્ણવ્યા મુજબ (કર્તરિ પ્રયોગમાં) વાક્યનો ઉદ્દેશ્ય જો 'વક્તા' હોય, તો ક્રિયાપદમાં અનિવાર્યપણે ઉત્તમ પુરુષના પ્રત્યયો વાપરવા પડે છે. અને સાથે સાથે આ ઉદ્દેશ્યભૂત વક્તા, તે વાક્યમાં દર્શાવેલી ક્રિયાનો જનક (વાંચવાની ક્રિયા કરનાર) = કર્તા હોઈને તે કર્તાકારકવાચક શબ્દ ('હું')ને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે.



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધ : પ્રકરણ-૧માં દર્શાવ્યા મુજબ-(કર્તરિ પ્રયોગમાં) વાક્યનો ઉદ્દેશ્ય જો 'શ્રોતા' હોય તો (क) ક્રિયાપદમાં અનિવાર્યપણે મધ્યમ પુરુષના પ્રત્યયો વાપરવા પડે છે. અને (ख) સાથે સાથે આ ઉદ્દેશ્યભૂત શ્રોતા, તે વાક્યમાં ઉલ્લેખેલી ક્રિયાનો જનક (= વાંચવાની ક્રિયા કરનાર) = કર્તા છે. તેથી તે કર્તાકારક વાચક શબ્દ ('તું')ને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે.



નોંધ : પ્રકરણ-૧માં દર્શાવ્યા મુજબ - (કર્તરિ પ્રયોગમાં) વાક્યનો ઉદ્દેશ્ય જો 'જગત્' હોય, તો (क) ક્રિયાપદમાં અનિવાર્યપણે પ્રથમ પુરુષના પ્રત્યયો (ति-तस्-अन्ति) વાપરવા પડે છે, અને (ख) સાથે સાથે આ ઉદ્દેશ્યભૂત જગત્, એ પ્રકૃત વાક્યમાં ઉલ્લેખાયેલી ક્રિયાનો જનક (= વાંચવાની ક્રિયા કરનાર) = 'કર્તા' છે. તેથી તે કર્તાકારક વાચક શબ્દ ('તે' અથવા 'રામ')ને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

II.1.2. કોઈ પણ વસ્તુ કે વ્યક્તિનું નામાભિધાન વ્યક્ત કરવા માટે પણ પ્રથમા વિભક્તિનો પ્રયોગ થાય છે. (એટલે કે કેવળ પ્રાતિપદિકાર્થ = પ્રકૃત્યર્થને વ્યક્ત કરવા માટે ય પ્રથમા વિભક્તિનો પ્રયોગ કરવો જરૂરી છે.) એટલે કે કોઈ ચીજવસ્તુ કે વ્યક્તિને જોઈને જો એવો પ્રશ્ન થાય / કરવામાં આવે કે किम् इदम् ? અથવા कः अयम् ? ('આ શું (છે) ? અથવા 'આ કોણ (છે) ?) તો ત્યાં તે વસ્તુનું કે વ્યક્તિનું નામ જાહેર કરવા માટે તે વસ્તુ કે વ્યક્તિવાચક કેવળ નામ-પ્રકૃતિ-નો પ્રયોગ થઈ શકતો નથી; તેવી પ્રકૃતિને પ્રથમા વિભક્તિનો પ્રત્યય લગાડવો જ પડે છે.[2]

જેમ કે, ૧. किम् इदम् ? - તો (ઉત્તર :) इदम् पुष्पम् । ૨. कः अयम् ? - તો (ઉત્તર :) अयम् वृक्षः । अयम् रामः । [અહીં अस्ति । એવા ક્રિયાપદનો અધ્યાહાર પણ ગણી શકાય.]

આમ ક્રિયાપદની ગેરહાજરીમાં પણ, કેવળ જે તે વસ્તુ કે વ્યક્તિનો પરિચય કરાવવા જે નામનો નિર્દેશ કરવામાં આવે છે તેને પ્રથમા વિભક્તિ દ્વારા (જ) વ્યક્ત કરવામાં આવે છે.[3] पुष्पम् । वृक्षः । रामः । જે તે નામની સાથે આવી પ્રથમા વિભક્તિનો પ્રત્યય લગાડવાથી જે તે વસ્તુ કે વ્યક્તિના લિંગ અને સંખ્યાનો પણ બોધ કરાવી શકાતો હોય છે. જેમકે, अयम् रामः । '(આ રામ (છે)).' એમ राम નામને પ્રથમા વિભક્તિનો પ્રત્યય લગાડવાથી राम 'પુંલ્લિંગ' છે અને 'એકવચન'માં પણ છે એમ સ્પષ્ટ થઈ જાય છે. એ જ પ્રમાણે, एतानि पुष्पाणि । બોલવાથી પુષ્પો નપુંસકલિંગમાં છે, અને

---

૨. સંસ્કૃત ભાષાનો નિયમ છે કે - न केवला प्रकृतिः प्रयोक्तव्या, नापि केवलः प्रत्ययः । ''ભાષામાં એકલી પ્રકૃતિ (નામ)નો પ્રયોગ થઈ શકતો નથી, તથા કેવળ પ્રત્યયનો પણ-પ્રયોગ થતો નથી.''

૩. આ દૃષ્ટિએ - 'પ્રથમા વિભક્તિ જે તે શબ્દનું સાધુત્વ બોધન કરવા માટે વપરાય છે'' એમ પણ બોલી શકાય. કારણ કે, વાગ્વ્યવહારમાં વિભક્તિ પ્રત્યય લગાડ્યા વિનાની એકલી પ્રકૃતિ કદાપિ વાપરી શકાતી નથી જ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બહુવચનમાં છે – એમ સ્પષ્ટ થઈ જાય છે. ખાસ કરીને ભાષામાં જે 'અનિયત લિંગવાળા' શબ્દો હોય છે (દા. ત. 'તટ' શબ્દ ત્રણેય લિંગમાં વપરાતો જોવા મળે છે.), તેને કેવળ પ્રકૃતિ સ્વરૂપમાં રજૂ કરીએ તો તેના લિંગનો બોધ કરાવી શકાતો નથી. પણ જેવો તેને પ્રથમા વિભક્તિમાં રજૂ કરીએ ત્યારે તેના લિંગનો તરત જ બોધ થઈ જાય છે. દા. ત., तटम् । બોલીએ તો તે નપુંસકલિંગ છે; तटी કે तटः । એમ બોલીએ તો તે અનુક્રમે સ્ત્રીલિંગ અને પુંલિંગમાં છે એમ સ્પષ્ટ થાય છે.

II.2. દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ :

સંસ્કૃત ભાષામાં સામાન્ય રીતે કર્મકારક વાચક શબ્દને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. આથી, કર્મકારક કોને કહેવાય ? એ પહેલાં સમજી લઈશું. (ત્યાર પછી કર્મકારકના સંદર્ભ સિવાય બીજે ક્યાં ક્યાં દ્વિતીયા વિભક્તિ વપરાય છે ? એનો પણ વિચાર કરીશું.)

* * *

શાસ્ત્રીય દૃષ્ટિએ વિચારીએ તો, ધાતુના બે અર્થો હોય છે : ૧. વ્યાપાર (ક્રિયા = ચેષ્ટા) અને ૨. ફળ. દા. ત. √पच्>पचति (રાંધે છે.) ધાતુ લઈએ. અહીં રાંધવાની ક્રિયાનો બોધ થાય છે અને એ ક્રિયા થવાથી 'ચોખા' જેવો કઠણ પદાર્થ ઢીલો થઈને 'ભાત' બનવા રૂપી કોઈક ફળ આવે છે એનો પણ બોધ થાય છે. અહીં ક્રિયાનો જે આશ્રય છે. (= ક્રિયાનો જે કરનાર/જનક છે) તેને 'કર્તા' (= કર્તૃકારક) કહેવામાં આવે છે. તથા ક્રિયાજન્ય ફળનો જે આશ્રય છે, તે (ચોખા)ને ''કર્મ'' કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો કર્તાને (સકર્મક) ક્રિયા કરવા માટે જે પદાર્થની અનિવાર્ય જરૂર પડે તેને ''કર્મકારક'' કહેવાય છે : रामः तण्डुलान् पचति । 'રામ ચોખા રાંધે છે' અહીં 'રામ' રાંધવાની ક્રિયાનો આશ્રય છે. પણ રાંધવાની ક્રિયા જેની ઉપર થાય છે. (અર્થાત્ રાંધવાની ક્રિયા જે પદાર્થને વ્યાપી વળે છે) તે પદાર્થ –ચોખા– અહીં અનિવાર્ય છે. આ અનિવાર્ય પદાર્થ જ ક્રિયાજન્ય ફળનો આશ્રય બને છે. આમ, ક્રિયાજન્ય ફળનો જે આશ્રય બને છે તેને 'કર્મકારક' કહે છે. આવા કર્મકારક વાચક શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

II.2.1 (નિયમ-૧) જે પદાર્થને ક્રિયા વડે વ્યાપી વળવામાં આવે છે; [અર્થાત્ ક્રિયા કરવા માટે (કર્તા પછી બીજા ક્રમાંકે) જે પદાર્થ અનિવાર્ય હોય] તે પદાર્થને 'કર્મ' ગણીને દ્વિતીયા વિભક્તિમાં મૂકવો.

દા. ત. ૧.			
	રામ	ફળ	ખાય છે.
		અવાન્તર	
	કર્તા	શબ્દ	ક્રિયાપદ

નોંધ : આ વાક્યનો સંસ્કૃતમાં અનુવાદ બે તબક્કે કરવામાં આવે છે : (क) પહેલાં 'કર્તા' અને 'ક્રિયાપદ'નો અનુવાદ કરવો જોઈએ. કારણ કે પ્રકરણ-૧માં કહ્યું છે તેમ-સૌથી પહેલાં કર્તા અને ક્રિયાપદ વચ્ચે સંગતિ ગોઠવવી પડે છે. ત્યાર પછી, (ख) એ કર્તા અને ક્રિયાપદની વચ્ચેનાં અવાન્તર પદોનો અનુવાદ કરવાનો રહે છે.

(क) પહેલે તબક્કે :

રામ ફળ ખાય છે.

ક્રિયાપદ

ઉદ્દેશ્ય → જગત્ (વક્તા-અને શ્રોતાથી ભિન્ન એવી વ્યક્તિ → પ્રથમ પુરુષ એકવચન

ખાવાની ક્રિયા કરનાર → કર્તા

('ખાવું' ક્રિયાવાચક खाद् ધાતુને વર્તમાનકાળમાં પ્રથમ પુરુષ એકવચનનો ति પ્રત્યય લગાડવો પડશે.)

પ્રથમા વિભક્તિ

= रामः । ફળ । खादति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) બીજા તબક્કે :

रामः । ફળ । खादति ।

અહીં 'ખાવું' ક્રિયા જે પદાર્થને વ્યાપી વળે છે. (અથવા તો-ખાવાની ક્રિયા કરનારા કર્તા 'રામ' પછી બીજા નંબરે જે અનિવાર્યપણે જરૂરી પદાર્થ છે) તે 'ફળ' છે. તે (ફળ)ને કર્મકારક કહેવાશે. આવા કર્મકારકને બીજી વિભક્તિમાં મૂકવામાં આવે છે. પરિણામે- रामः फलम् खादति । એવું વાક્ય બનશે.

૨. બીજું વાક્ય લઈએ :

હું । ચોખા । રાંધું છું

કર્તા અવાન્તર શબ્દ ક્રિયાપદ

(क) પહેલે તબક્કે :

હું

ઉદ્દેશ્ય ↓ વક્તા ↓ માટે તે 'ઉત્તમ પુરુષ' કહેવાશે, તે એકવચનમાં છે. હવે આ મુજબનું ક્રિયાપદ ગોઠવવું પડશે.

રાંધવાની ક્રિયા કરનાર ↓ કર્તા

ચોખા

રાંધુ છું.

ક્રિયાપદ

('રાંધવું' ક્રિયાવાચક પચ્ ધાતુને વર્તમાનકાળમાં ઉત્તમ પુરુષ એકવચનનો મિ પ્રત્યય લગાડવો પડશે.)

↓

પહેલી

વિભક્તિ

= अहम् । ચોખા । पचामि ।

(ख) બીજે તબક્કે :

अहम् । ચોખા । पचामि ।

હવે 'રાંધવું' ક્રિયા જે પદાર્થને વ્યાપી વળે છે, તે અહીં 'ચોખા' છે, તેથી તેને ''કર્મકારક' કહેવાશે. આવા કર્મકારક વાચક શબ્દ-ચોખા-ને દ્વિતીયા વિભક્તિ (બહુવચન)નો પ્રત્યય લગાડવો પડશે. अहम् तण्डुलान् पचामि ॥

બીજાં કેટલાંક વાક્યો લઈએ તો -

૩. રામ સાદડી બનાવે છે. (= કરે છે.)

ક્રિયાપદ

પ્રથમ પુ. એક વ. કર્તા કર્મ (ति પ્રત્યયવાળું)

↓

પ્રથમા વિભક્તિ रामः

બીજી વિભક્તિ कटं

करोति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



सुवर्णकारः कुण्डले रचयति ।



त्वम् आदित्यं पश्यसि ।

II.2.2 (નિયમ-૨) : વાક્યમાં ગત્યર્થક ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે જ્યાં જવાનું હોય, તે લક્ષ્યવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. (અને ક્યારેક તેને ચતુર્થી વિભક્તિમાં પણ મૂકવામાં આવે છે.)



रामः । વનમાં । गच्छति ।

હવે, આ વાક્યમાં 'વન-માં એવું જે પદ છે તેમાં ગુજરાતી ભાષાની દૃષ્ટિએ, '-માં' એવો સપ્તમી વિભક્તિનો પ્રત્યય વપરાયેલો જોવા મળે છે. તેથી 'એ પદનો અનુવાદ શું वने એમ સપ્તમી વિભક્તિમાં કરવાનો રહેશે ?' એવો પ્રશ્ન થાય છે. તો અહીં, ઉપર્યુક્ત નિયમ-૨ મુજબ વાક્યમાં 'જવું' એવો ગમન ક્રિયા/ગતિવાચક ક્રિયાનો પ્રયોગ થયો છે; તેથી જ્યાં જવાનું છે તે લક્ષ્યવાચક શબ્દ - 'વન'-ને દ્વિતીયા વિભક્તિમાં મૂકવાનો રહેશે (એવો સંસ્કૃત ભાષાનો વિશેષ નિયમ છે). પરિણામે - रामः वनम् गच्छति । એવો અનુવાદ થશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



अहम् । મંદિરે । गच्छामि ।

આ વાક્યમાં પણ ગત્યર્થક √गम् > गच्छ् 'જવું' ક્રિયાનો પ્રયોગ થયો છે. તેથી 'જ્યાં જવાનું છે તે લક્ષ્યવાચક શબ્દ-મંદિર-ને દ્વિતીયા વિભક્તિમાં મૂકવો પડશે. પરિણામે – अहम् मन्दिरम् गच्छामि ।



लक्ष्मणः । અશ્વ ઉપર । आरोहति ।

અહીં 'અશ્વ ઉપર' એ શબ્દમાં (ગુજરાતી ભાષાની દૃષ્ટિએ) '-ઉપર' એવો અનુગ સપ્તમી વિભક્તિનો છે. તથાપિ 'ચઢે છે' એ ક્રિયા ગત્યર્થક ગણાય છે. તેથી 'જ્યાં જવાનું છે' તે લક્ષ્યવાચક શબ્દ તરીકે 'અશ્વ'ને દ્વિતીયા વિભક્તિમાં જ મૂકવો પડશે. જેમકે,

लक्ष्मणः अश्वम् आरोहति ।

૪. આવી જ રીતે–''વાંદરો ઝાડ ઉપર ચઢે છે.'' અને ''ભરત ગૃહમાં પ્રવેશે છે.'' ત્યાં પણ ગત્યર્થક ધાતુનો પ્રયોગ થયો છે, તે વાત લક્ષ્યમાં લઈને – वानरः वृक्षम् आरोहति । भरतः गृहम् प्रविशति । એવો જ અનુવાદ કરવો પડશે.

ટૂંકમાં √गम् > गच्छ् ધાતુનો જ પ્રયોગ હોય ત્યાં જ માત્ર લક્ષ્યવાચક શબ્દને દ્વિતીયામાં મૂકવાનો એમ નહીં, પણ आ + रुह्, प्र + विश् જેવા બીજા જે કોઈ ગત્યર્થક ધાતુ વપરાયા હોય, ત્યાં બધે લક્ષ્યવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવાના છે, એ વાત ધ્યાનમાં રાખવી.

ઉદાહરણ તરીકે એક શ્લોક લઈએ તો –

आकाशात् पतितं तोयं यथा गच्छति <u>सागरम्</u> ।
सर्वदेवनमस्कारः <u>केशवं</u> प्रति गच्छति ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(અનુ.) ''આકાશમાંથી પડેલું પાણી જેવી રીતે સાગરમાં જાય છે, (તેવી રીતે) બધા દેવોને કરેલા નમસ્કાર (પણ) કેશવ તરફ જાય છે.'' અહીંઆ 'જ્યાં જવાનું છે' તે લક્ષ્યવાચક 'સાગર' અને 'કેશવ' શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવ્યા છે.

*

ગત્યર્થક ધાતુના પ્રયોગમાં જે ગન્તવ્ય લક્ષ્યસ્થાન હોય છે તે ક્યારેક કોઈ વ્યક્તિ કે અમૂર્ત પદાર્થ પણ હોઈ શકે છે. સંસ્કૃત સાહિત્યમાંથી આવાં અનેક ઉદાહરણો મળે છે :

(क) विद्या ह वै ब्राह्मणम् आजगाम । (એકવાર) વિદ્યા બ્રાહ્મણની પાસે (કર્મ) આવી પહોંચી.'

(ख) नरपतिहितकर्ता द्वेष्यतां याति लोके । 'નરપતિનું હિત કરનાર વ્યક્તિ લોકમાં દ્વેષ્યતાને (કર્મ) પામે છે.'

(ग) तच्चिन्तया दैन्यम् अगच्छन् । 'તેની ચિંતાથી (તે) દીનતાને (કર્મ) પામ્યો.'

(घ) पश्चाद् उमाख्यां सुमुखी जगाम । 'ત્યાર પછી તે સુમુખી (= પાર્વતી) ''ઉમા'' એવા નામને (કર્મ) પામ્યાં.

(ङ) रघुः राज्येन न तृप्तिम् आययौ । 'રઘુ (કેવળ) રાજ્યથી તૃપ્તિને ન પામ્યો.'

અહીં પહેલા (क) ઉદાહરણમાં વિદ્યા (કર્તા)ને જવા માટેનું લક્ષ્ય સ્થાન 'એક બ્રાહ્મણ વ્યક્તિ' છે; તેને 'કર્મ' ગણીને દ્વિતીયા વિભક્તિમાં તેને રજૂ કર્યો છે. એ પછીનાં ત્રણેય વાક્યોમાં द्वेष्यता, दैन्य અને उमाख्या (= 'ઉમા' એવું નામ) - એ અમૂર્ત પદાર્થોને લક્ષ્યસ્થાન રૂપ ગણીને, કર્મ બનાવ્યા છે અને તેમને દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરેલ છે.

સંસ્કૃત ભાષામાં ક્યારેક લક્ષ્યવાચક શબ્દોને ચતુર્થી વિભક્તિ પણ લગાડવામાં આવે છે. દા. ત. રામ ગામમાં જાય છે. આનો रामः ग्रामाय गच्छति । એવો પણ અનુવાદ થાય છે. એટલે કે અહીં લક્ષ્યવાચક ग्राम શબ્દને ચતુર્થી વિ.માં મૂકવામાં આવે છે.

II.2.3. (નિયમ-૩)

૧. √दुह (દોહવું) ૨. √याच् (માંગવું), ૩. √पच् (રાંધવું), ૪. √दण्ड (દંડ કરવો/શિક્ષા કરવી), ૫. √रुधि (રોકવું, અવરોધવું), ૬. √प्रच्छि (પૂછવું) ૭. √चि (ભેગું કરવું), ૮. √ब्रू (બોલવું), ૯. √शास् (શીખવવું, શાસન કરવું), ૧૦. √जि (જીતવું), ૧૧. √मथ (મંથન કરવું), ૧૨. √मुष् (ચોરવું), ૧૩. √नी (દોરી જવું, લઈ જવું), ૧૪. √हृ (હરી જવું), ૧૫. √कृष् (ખેંચવું) અને ૧૬. √वह् (વહન કરવું)[૪]

આ સોળ ધાતુઓથી (અને તે ધાતુઓના જ જેવા અર્થવાળા બીજા જે કોઈ ધાતુઓ હોય, તેમનાથી) વાચ્ય ક્રિયાઓની સાથે, તે તે ક્રિયાઓના કર્તા ઉપરાંત, બીજા બે પદાર્થો અનિવાર્યપણે સંકળાયેલા હોય છે. (બીજા શબ્દોમાં કહીએ તો આ ક્રિયાઓને અસ્તિત્વમાં આવવા માટે, કર્તા ઉપરાંત, બીજા જે બે પદાર્થોની જરૂર પડે છે.) તે બન્ને પદાર્થોને કર્મકારક ગણી શકાય છે. અને પછી એ બન્ને કર્મકારકોને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. દા. ત. -

૧. √दुह > दोग्धि । (દોહે છે.) અહીં 'દોહનક્રિયા' થાય છે એમ સાંભળીએ છીએ ત્યારે ત્રણ પ્રશ્ન ઊભા થાય છે. જેમકે,

(क) કોણ દોહે છે ? → કર્તા

(ख) કોને દોહે છે ? (ગાયને)

(ग) શું દોહે છે ? (દૂધ)

| આ બન્ને કર્મકારક છે.

૨. √याच् > याचते । (માંગે છે). અહીં માંગવાની ક્રિયા થાય છે એમ સાંભળીએ છીએ ત્યારે ત્રણ પ્રશ્ન ઊભા થાય છે. જેમકે,

(क) કોણ માંગે છે ? → કર્તા

(ख) કોની પાસેથી માંગે છે ?

(ग) શું માંગે છે ?

| આ બન્ને કર્મકારક છે.

---

૪. આ સોળ ધાતુઓ (તથા તેવા જ અર્થવાળા અન્ય ધાતુઓને પણ) સંસ્કૃત ભાષામાં 'દ્વિકર્મક-ધાતુઓ' ગણવામાં આવ્યા છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. √पच् > पचति । (રાંધે છે). અહીં રાંધવાની ક્રિયા થાય છે એમ સાંભળીએ છીએ ત્યારે પણ ત્રણ પ્રશ્ન ઊભા થાય છે. જેમકે,

(क) કોણ રાંધે છે ? → કર્તા
(ख) કોને રાંધે છે ? | આ બન્ને કર્મકારક છે.
(ग) (તેમાંથી) શું રાંધે છે ? |
(દા. ત. ચોખામાંથી 'ભાત' રાંધે છે).

૪. √नी > नयती । (લઈ જાય છે). અહીં લઈ જવાની ક્રિયા થાય છે એમ સાંભળીએ છીએ ત્યારે ત્રણ પ્રશ્ન થાય છે. જેમકે,

(क) કોણ લઈ જાય છે ? → કર્તા
(ख) શું લઈ જાય છે ? | આ બન્ને કર્મકારક ગણાય છે.
(ग) ક્યાં/શેમાં લઈ જાય છે ? |

(આવી જ રીતે ઉપર્યુક્ત સોળે-સોળ ધાતુમાં, કર્તા ઉપરાંત, બીજા બે પદાર્થો અનિવાર્યપણે સંકળાયેલા હોય છે. તે બન્નેને 'કર્મકારક' ગણી શકાય છે. અને પછી તે બન્નેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.)

ઉદાહરણ તરીકે જોઈએ તો –



गोपालः । ગાયમાંથી દૂધ । दोग्धि ।

હવે બીજે તબક્કે–આ વાક્યમાં દ્વિકર્મક √दुह् ધાતુનો પ્રયોગ થયો છે એ મુદ્દો ધ્યાનમાં લેવાનો છે. એટલે કે, અહીં દોહન ક્રિયા કરનાર કર્તા (ગોપાલ) ઉપરાંત, બીજા જે બે અનિવાર્ય પદાર્થો છે ('ગાય' અને 'દૂધ') તે બન્નેને કર્મકારક ગણીને, દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવશે. પરિણામે–

गोपालः गाम् दुग्धं दोग्धि । (અથવા) | બન્ને કર્મકારકોને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવ્યા છે.
गोपालः धेनुं पयः दोग्धि । |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨. વામન । બલિ પાસેથી જમીન । માંગે છે.
वामनः । बलिं वसुधां । याचते ।

૩. સીતા । ચોખામાંથી ભાત । રાંધે છે.
सीता तण्डुलान् ओदनं पचति ।

૪. રાજા ગર્ગોને સો (રૂપિયા)નો દંડ કરે છે.
नृपः गर्गान् शतम् दण्डयति ।

૫. ગોવાળિયો ગાયને વાડામાં રોકે છે.
गोपालः गाम् व्रजम् अवरुणद्धि ।

૬. મુસાફર । બાળકને રસ્તો । પૂછે છે.
पथिकः बालकं मार्गं पृच्छति ।

૭. કૃષ્ણા વૃક્ષ ઉપરથી ફળ તોડે છે.
कृष्णा वृक्षम् फलानि अवचिनोति ।

૮. ગુરુ । શિષ્યને ધર્મ । કહે છે / = ઉપદેશે છે.
गुरुः शिष्यं धर्मं ब्रूते / वदति / उपदिशति ।

બંને કર્મકારક (કહેવું અર્થવાળો કોઈ પણ ધાતુ)

૯. ગુરુ શિષ્યને ધર્મનું શાસન કહે છે.
गुरुः शिष्यं धर्मं शास्ति ।

૧૦. રમેશ મહેશ પાસેથી સો (રૂપિયા) જીતે છે.
रमेशः महेशं शतं जयति ।

૧૧. ઇન્દ્ર । અમૃત માટે દરિયાનું । મંથન કરે છે.
इन्द्रः सुधां क्षीरनिधिं मथ्नाति ।

૧૨. ચોર દેવદત્ત પાસેથી સો (રૂપિયા) ચોરી લે છે.
चौरः देवदत्तम् शतम् मुष्णाति ।

૧૩. ગોવાળિયો બકરીને ગામમાં લઈ જાય છે.
गोपालः अजां ग्रामम् नयति ।

૧૪. રમેશ બકરીને નગરમાં હરી જાય છે.
रमेशः अजां नगरम् हरति ।

૧૫. કપિલ બકરીને વાડામાં ખેંચી જાય છે.
कपिलः अजां व्रजम् कर्षति ।

૧૬. રામ સીતાને અયોધ્યામાં લઈ જાય છે.
रामः सीताम् अयोध्यां वहति ।

૧૭. ગૌતમી શકુન્તલાને પતિઘરે લઈ જાય છે.
गौतमी शकुन्तलां पतिकुलं नयति ।

નોંધ : વાસ્તવિક દૃષ્ટિએ વિચારીએ તો અહીં √दुह् (દોહવું) વગેરે ક્રિયાઓવાળા આ વાક્યોમાં 'ક્યાંથી દૂધ છૂટું પડે છે ?' –નો વિચાર કરીએ તો 'ગાયમાંથી દૂધ દોહે છે' એવો તર્કસંગત જવાબ મળી રહે. આથી 'ગાય' શબ્દને અપાદાનકારક ગણીને, પંચમી વિભક્તિમાં गोः કે धेनोः એવો પ્રયોગ કરવો જોઈએ. (ગુજરાતી ભાષાની દૃષ્ટિએ 'ગોપાલ ગાયમાંથી દૂધ દોહે છે' એમ 'ગાય' શબ્દને પંચમી વિભક્તિનો–'માંથી' પ્રત્યય લાગ્યો પણ છે.) છતાંય સંસ્કૃત ભાષાનો એ વિશેષ નિયમ છે કે, વાક્યમાં ઉપર્યુક્ત √दुह् વગેરે ૧૬ દ્વિકર્મક ધાતુઓમાંનો કોઈ પણ ધાતુ વપરાયો હોય તો બાહ્ય જગત્‌ની દૃષ્ટિએ જે પદાર્થ અપાદાનકારક (વગેરે) જણાતો હોય, તેને અપાદાનકારક રૂપે વાક્યમાં રજૂ ન કરવો હોય તો – એટલે કે આ ૧૬ ધાતુઓનાં સંદર્ભમાં અપાદાન વગેરે કારકની અવિવક્ષા કરવી હોય તો – તેવા પદાર્થને કર્મકારક ગણી શકાય છે, અને તેને પણ દ્વિતીયા વિભક્તિમાં મૂકી શકાય છે.

આવી જ રીતે, અન્ય વાક્યોમાં પણ (જેમકે, ૨. બલિ પાસેથી, ૩. ચોખામાંથી, ૪. ગર્ગોને, ૭. વૃક્ષ ઉપરથી, ૧૦. મહેશ પાસેથી, ૧૨. દેવદત્ત પાસેથી, – તેટલાં અપાદાન કારકોને 'કર્મકારક' ગણ્યાં છે. તથા ૬. બાળકને, ૮. શિષ્યને, ૯. શિષ્યને, ૧૧. અમૃત માટે–એટલાં સમ્પ્રદાનકારકોને 'કર્મકારક' ગણ્યાં છે. અને ૫. વાડામાં, ૧૩. ગામમાં, ૧૪. નગરમાં, ૧૫. વાડામાં, ૧૬. અયોધ્યામાં, ૧૭. પતિઘરે–એટલાં અધિકરણકારકોને કર્મકારક ગણ્યાં છે. આમ આ ૧૭ વાક્યોમાં વાસ્તવિક દૃષ્ટિએ જે અપાદાન, સમ્પ્રદાન કે અધિકરણ કારકો છે, તેને અમુક ૧૭ ધાતુઓના સન્દર્ભમાં, અને વક્તાની વિવક્ષાને અધીન રહીને કર્મકારક ગણ્યાં છે. પરિણામે (ધ્વન્યાત્મક સ્તર ઉપર) તેમને દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે.

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં 'કહેવું', 'જીતવું' કે 'ભણાવવું' જેવી ક્રિયાંઓ 'દ્વિકર્મક' છે એવું વૈયાકરણોએ કરેલું નિરીક્ષણ સાચું છે. પણ વ્યવહાર દશામાં વક્તાઓ (= ભાષકો) ક્યારેક તે ક્રિયાઓના બે કર્મમાંથી ગમે તે એકને જ, રજૂ કરવાનું વલણ પણ દાખવી શકે. જેમકે,

૧. रामः कथां वक्ति । અથવા रामः त्वां (= सीतां) वक्ति ।

૨. रामः शत्रुं जयति । અથવા रामः राज्यं जयति ।

૩. गुरुः शिष्यं शास्ति । અથવા गुरुः धर्मम् अनुशास्ति ।

આમ, બેમાંના ગમે તે એક કર્મને રજૂ કરીને પણ ભાષકો સંભાષણ-વાતચીત-કરતા હોય છે. અથવા ક્યારેક તે બન્ને કર્મને ભેગા કરીને, એક જ વાક્યમાં પણ રજૂ કરતાં જોવા મળે છે. જેમકે,

૧. रामः त्वां कथां वक्ति ।'રામ તમને / તને કથા કહે છે.'

૨. रामः शत्रुं राज्यं जयति । 'ગુરુ શત્રુને (જીતીને) રાજ્યને મેળવે છે.'

૩. गुरुः शिष्यं धर्ममनुशास्ति । 'ગુરુ શિષ્યને ધર્મ શીખવે છે.'

વિશેષ : 'કહેવું' અર્થવાળી ક્રિયા જો कथयति । (કહે છે), वेदयति (-ને જણાવવું), आदिशति (-ને જોડવો) જેવા ક્રિયાપદથી રજૂ કરવી હોય તો તે **ક્યારેય દ્વિકર્મક બનતી નથી.** જેમકે, ૧. रामः सीतायै वार्तां कथयति । ૨. हनुमान् महाराजाय सुग्रीवाय सीतावृत्तान्तं निवेदयति । 'હનુમાન્ મહારાજ સુગ્રીવને (ચતુર્થી), સીતા(નો) વૃત્તાન્ત (કર્મ-દ્વિતીયા) જણાવે છે.' ૩. गुरुः शिष्यान् वेदाध्ययनेषु आदिशति । 'ગુરુ શિષ્યોને વેદાધ્યનને વિશે આદેશ આપે છે.' (= નિયુક્ત કરે છે).

II.2.4. પ્રેરક વાક્યરચનામાં દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ :

આગળ ઉપર આપણે (VIII 1.2માં) પ્રેરક વાક્યરચના વિશે વિસ્તારથી ચર્ચા કરવાના છીએ. પરંતુ અહીં દ્વિતીયા વિભક્તિ ક્યાં ક્યાં વપરાય છે ? - એ ચર્ચાના પ્રસંગમાં, ટૂંકમાં એક નિયમની નોંધ લઈશું કે -

(નિયમ : ૪) સાદા વાક્યની રચનામાં જે કર્તા હોય, તે પ્રેરક વાક્યરચનામાં 'કર્મ' બની જાય છે અને તેને દ્વિતીયા વિભક્તિ દ્વારા રજૂ કરવામાં આવે છે; જો તે વાક્યમાં ગત્યર્થક, જ્ઞાનાર્થક જેવા અમુક અમુક ગણતરીના ધાતુઓ[૫] વપરાયા હોય તો.

દા. ત. पाण्डवाः वनं गच्छति । પાંડવો વનમાં જાય છે. હવે આનું પ્રેરક વાક્યમાં રૂપાન્તર કરવું હોય તો (એટલે કે ''કૌરવો પાંડવોને વનમાં મોકલે છે'' એવું કહેવું હોય તો અહીં ગત્યર્થક ધાતુ (गम > गच्छ)નો પ્રયોગ થયો હોઈને, સાદા વાક્યના 'કર્તા' એવા 'પાંડવો'ને પ્રેરકમાં કર્મ ગણીને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવશે : कौरवाः पाण्डवान् (કર્મ-દ્વિતીયા) वनं (લક્ષ્યસ્થાન-કર્મ-દ્વિતીયા) गमयन्ति । એ જ પ્રમાણે, सीता चित्रकूटम् अपश्यत् । 'સીતાએ ચિત્રકૂટને જોયો' (સાદી વાક્યરચના, તેમાં કર્તા 'સીતા' છે; અને જ્ઞાનાર્થક ધાતુ તરીકે दृश् > पश्य 'જોવું'નો પ્રયોગ થયો છે.) હવે 'રામે સીતાને ચિત્રકૂટ બતાવ્યો.' એવી પ્રેરકરચના કરવી હોય તો - સાદા વાક્યના કર્તાને, પ્રેરકમાં કર્મ ગણીને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવશે. જેમકે, रामः सीतां चित्रकूटम् अदर्शयत् ।

II.2.5. (નિયમ : ૫) :''વાક્યમાં અકર્મક ધાતુઓ[૬] વપરાયા હોય તો દેશવાચક, કાલવાચક, ભાવવાચક અને માર્ગવાચક શબ્દોને (કર્મકારક ગણીને) દ્વિતીયા વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે.''

---

૫. આ ધાતુઓની યાદી અને તેનાં ઉદાહરણો પ્રકરણ-૮માં જોવા મળશે.

૬. કયા કયા અર્થવાળા ધાતુને અકર્મક ગણવા ? તેની યાદી રજૂ કરતો એક શ્લોક આ પ્રમાણે છે :
लज्जा-सत्ता-स्थिति-जागरणं वृद्धि-क्षय-भय-जीवित-मरणम् ।
शयन-क्रीडा-रुचि-दीप्त्यर्थं धातुगणं तम् अकर्मकम् आहुः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દા. ત., ૧. 'રામ । કુરુદેશમાં । ઊંઘી જાય છે.'

રામઃ । કુરુદેશમાં । સ્વપિતિ (અથવા શેતે) ।

અહીં, વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ તો ઊંઘવાની ક્રિયાનું આધારસ્થાન કુરુદેશ છે, એટલે કે તે – કુરુદેશ – અધિકરણ કારક છે; અને તેથી તેને સપ્તમી વિભક્તિમાં મૂકવો જોઈએ. પરંતુ આ વાક્યમાં 'ઊંઘવું' ક્રિયા અકર્મક હોઈને, દેશવાચક 'કુરુ' શબ્દને (કર્મકારક ગણીને), દ્વિતીયા વિભક્તિમાં જ રજૂ કરવો પડશે. જેમકે,

રામઃ કુરૂન્ સ્વપિતિ । (અથવા શેતે) ।

[વિશેષ નોંધ : અહીં 'દેશવાચક' કુરુ શબ્દને દ્વિતીયા વિભક્તિ લગાડી છે, પણ તે 'બહુવચન'માં રજૂ કરવામાં આવેલ છે, તેથી પ્રશ્ન થશે કે તેને એકવચનમાં – कुरुम – એમ કેમ રજૂ કરેલ નથી ? તો સંસ્કૃત ભાષાનો એક વિશેષ નિયમ છે કે कुरु, पाञ्चाल, मगध, कलिङ्ग જેવા ''દેશ''વાચક શબ્દોને નિત્ય બહુવચનમાં જ વાપરવા પડે છે, વર્તમાન સમયમાં આપણે આખા ભારતને 'દેશ' કહીએ છીએ; અને ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળ જેવાને 'રાજ્ય = પ્રદેશ' કહીએ છીએ. પરંતુ પ્રાચીન સમયમાં આ રાજ્ય કે પ્રદેશવાચક શબ્દો-કુરુ, પાંચાલ, મગધ, કલિંગ વગેરે–ને દેશ ગણવામાં આવતા હતા, (અને 'ભારત'ને 'વર્ષ' કહેવામાં આવતો હતો). આથી ઉપરના નિયમમાં - ''દેશવાચક શબ્દને (કર્મકારક ગણીને) દ્વિતીયા વિભક્તિ (બહુવચન)માં રજૂ કરવો''–તેમાં 'દેશવાચક' એટલે કુરુ, પાંચાલ જેવા પ્રાચીન કાળના 'દેશ' વાચક શબ્દો સમજવાના છે. આવા શબ્દોને દ્વિતીયા વિભક્તિમાં, અને તેમાંય બહુવચનના પ્રત્યય સાથે રજૂ કરવાના છે એ ધ્યાનમાં રાખવું.]

૨. દેવદત્ત ।	(એક) મહિનો ।	બેસે છે.
કર્તા	કાલવાચક શબ્દ (= કર્મ)	અકર્મક ક્રિયા
देवदत्तः	मासम्	आस्ते । (उपविशति)

૩. દેવદત્ત ।	'ગાય દોહવાઈ જાય એટલા સમય સુધી ।	બેસે છે.
કર્તા	ભાવવાચક શબ્દ (= કર્મ)	અકર્મક ક્રિયા
देवदत्तः	गोदोहम्	आस्ते ।

૪. ઘરડો (માણસ) ।	એક કોશ (= માઈલ) સુધી ।	બેસે છે.
કર્તા	માર્ગવાચક શબ્દ (= કર્મ)	અકર્મક ક્રિયા
वृद्धः	क्रोशम्	आस्ते ।

'અકર્મક ધાતુ'ના સન્દર્ભમાં બીજી એક સ્પષ્ટતા પણ ઉમેરવી જોઈએ કે - [આમ તો 'અકર્મક ધાતુ' એવું નામ જ સૂચવે છે કે તેની સાથે કોઈ પણ કર્મકારક સંકળાયેલું ન હોય. પણ] ક્યારેક આવા ધાતુઓને અમુક અમુક ઉપસર્ગો લગાડવામાં આવે તો તે ધાતુઓ સકર્મક બની જતા હોય છે, જેને પરિણામે તેવાં વાક્યોમાં દ્વિતીયા વિભક્તિવાળાં પદો જોવાં મળતાં હોય છે. દા. ત. ૧. 'રામ રાજા થાય છે.' રામઃ રાજા ભવતિ । અહીં ભૂ (-હોવું, થવું) ધાતુ અકર્મક છે. પણ અનુ+ભૂ (= અનુભવ કરે છે) એવો અનુ ઉપસર્ગ પૂર્વમાં જોડીએ તો તે સકર્મક બની જાય છે. 'રામ સુખ અનુભવે છે.' રામઃ સુખમ્ અનુભવતિ । અહીં અનુભવક્રિયાનું કર્મ 'સુખ' છે, તેથી તેને દ્વિતીયા વિભક્તિ લાગી છે. એવી જ રીતે, ૨. वृत् > वर्तते (રહેવું, હોવું) ધાતુ પણ અકર્મક છે. जनाः (नगरे) वर्तन्ते । 'માણસો (નગરમાં) છે.' પણ અનુ ઉપસર્ગપૂર્વક वृत् ધાતુ સકર્મક બને છે. તેથી जनाः (नगरे) प्रभुचित्तम् एव अनुवर्तन्ते । 'માણસો (નગરમાં) રાજાના ચિત્તને (= ઇચ્છાને) જ અનુસરે છે.) અહીં 'અનુસરવું' ક્રિયાનું કર્મ प्रभुचित्त છે અને તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકેલ છે. આવી જ રીતે, ૩. રામઃ ધાવતિ । 'રામ દોડે છે'. અકર્મક ક્રિયાપદ છે. પણ ऋषीणाम् पुनराद्यानां वाचम्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अर्थः अनुधावति ।' આદ્ય ઋષિઓની વાણીને અર્થ અનુસરે છે.' અહીં અર્થઃ એ કર્તૃપદ છે; અને अनु ઉપસર્ગ-પૂર્વક धाव् (દોડવું) ક્રિયા સકર્મક બનવાથી, वाच्‌ને કર્મ ગણીને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવેલ છે.

II.2.6. તાર્કિક દૃષ્ટિએ જે આધારસ્થાન હોય તેનું પણ ક્યારેક વ્યાકરણિક-કર્મમાં રૂપાંતર થતું હોય છે. જેમકે, (નિયમ : ૬) (क) अधि ઉપસર્ગપૂર્વક शी (शेते), स्था (तिष्ठति) અને आस् (आस्ते) જેવા (અકર્મક) ધાતુઓના આધારસ્થાનને કર્મ ગણવામાં આવે છે. (ख) अभि+नि એવા બે ઉપસર્ગપૂર્વકનો विश् (विशति) ધાતુ વાક્યમાં વપરાયો હોય ત્યારે પણ, તેના આધારસ્થાનની કર્મસંજ્ઞા થાય છે. તથા (ग) उप, अनु, अधि અથવા आ ઉપસર્ગપૂર્વકના वस् (નિવાસ કરવો)ના આધારસ્થાનની પણ કર્મસંજ્ઞા થાય છે. (અને તે દરેકને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે :

૧. हरिः वैकुण्ठे शेते । 'હરિ વૈકુંઠમાં સૂતા છે.' (અહીં તાર્કિક દૃષ્ટિએ 'વૈકુંઠ' એ આધારસ્થાન છે; પણ જો अधि + शेते નો પ્રયોગ કરીએ તો, તે વ્યાકરણમાં 'કર્મ' બની જાય છે : हरिः वैकुण्ठम् अधिशेते । 'હરિ વૈકુંઠમાં સૂતા છે.') એવી જ રીતે - ૨. हरिः वैकुण्ठे तिष्ठति → हरिः वैकुण्ठम् अधितिष्ठति ૩. हरिः वैकुण्ठे आस्ते → हरिः वैकुण्ठम् अध्यास्ते । ૪. रामः सन्मार्गे विशति → रामः सन्मार्गम् अभिनिविशते । ૫. रामः वने वसति → रामः वनम् उपवसति । વગેરે.

II.2.7. (નિયમ : ૭) દ્રવ્ય, ગુણ કે ક્રિયાની બાબતમાં અત્યંત સંયોગ (= સાતત્ય) દર્શાવવું હોય ત્યારે, માર્ગવાચક અને કાળવાચક શબ્દોને પણ દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવે છે : જેમકે, बालकः (वेदम्) <u>मासम्</u> अधीते । 'બાળક એક મહિના સુધી સતત (વેદનો) અભ્યાસ કરે છે.' (અહીં ભણવાની ક્રિયાનું સાતત્ય દર્શાવવું છે, ત્યારે ત્યાં કાળવાચક માસ શબ્દને દ્વિતીયા લાગી છે.) ૨. ब्राह्मणाः <u>मासं</u> गुडधानान् भक्षयन्ति । 'બ્રાહ્મણો એક મહિના સુધી સળંગ ગોળધાણા ખાય છે.' (અહીં 'ગુડધાના' જેવું દ્રવ્ય સળંગ એક મહિનો મળી રહે છે, એમ દર્શાવવું છે. તો કાળવાચક માસ શબ્દને દ્વિતીયા લગાડી છે.) ૩. इय नदी <u>क्रोशं</u> कुटिला वर्तते । 'આ નદી એક માઈલ સુધી સળંગ વાંકીચૂકી છે.' (અહીં વાંકાચૂકાપણા રૂપી ગુણમાં એક માઈલ સુધીનું સાતત્ય છે- એમ દર્શાવવા માર્ગવાચક क्रोश શબ્દને દ્વિતીયા વિભક્તિ લગાડી છે.)

આવાં અન્ય ઉદાહરણો સાહિત્યમાંથી મળી રહે છે : ૧. दशशताक्षः <u>द्वादश वर्षाणि</u> न ववर्ष । 'એક હજાર આંખવાળો (ઇન્દ્ર) સતત બાર વર્ષ સુધી ન વરસ્યો.' (અહીં વૃષ્ટિ ક્રિયાના અભાવનું સાતત્ય દર્શાવવું છે, તો કાળવાચક वर्ष શબ્દને દ્વિતીયામાં મૂકેલ છે.) ૨. हे राजन् ! वैश्रवणी सभा <u>शतयोजनम्</u> आयता ।' હે રાજન્ ! તે વૈશ્રવણી સભા સો યોજન જેટલી લાંબી-વિસ્તૃત-હતી.' (અહીં સભારૂપ દ્રવ્યનો સળંગ ફેલાવો દર્શાવવો છે, તો માર્ગવાચક શબ્દ शतयोजन ને દ્વિતીયા વિભક્તિમાં મૂકેલ છે.) ૩. मया द्वादश <u>वर्षाणि</u> व्याकरणम् अधीतम् । 'મેં સળંગ બાર વર્ષ વ્યાકરણનો અભ્યાસ કર્યો છે.' વગેરે.

II.2.8. (નિયમ : ૮) સંસ્કૃત ભાષામાં એવા કેટલાક અવ્યયો છે, કે જેમની સાથે (રૂઢિથી) હંમેશા દ્વિતીયા વિભક્તિ વપરાતી જોવા મળે છે. જેમકે, उभयतः, सर्वतः, परितः, धिक्, परि, प्रति, उपरि उपरि, अधि अधि, समया, निकषा, हा, विना, अन्तरेण, अन्तरा ।

દા. ત.

૧. उभयतः कृष्णं गोपाः । 'કૃષ્ણની બન્ને તરફ ગોવાળિયાઓ છે.' (અહીં उभयतः એવા અવ્યયના યોગે कृष्ण શબ્દને દ્વિતીયામાં મૂક્યો છે.)

૨. सर्वतः कृष्णम् / परितः कृष्णम् धेनवः सन्ति । 'કૃષ્ણની બધી બાજુએ ગાયો (ઊભી) છે.' (અહીં सर्वतः અને परितः અવ્યયોના યોગે कृष्ण શબ્દને દ્વિતીયા લાગી છે.)

परिजनो राजानम् अभितः स्थितः । 'દાસવર્ગ રાજાની સામે ઊભો છે.'

૩. धिक् कृष्णाभक्तम् । 'કૃષ્ણના અભક્તોને ધિક્કાર છે.' (અહીં धिक् અવ્યયના યોગે अभक्त શબ્દને દ્વિતીયા લાગી છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૪. न मे संशितिः अस्याः दिव्यतां प्रति । 'મને આ (સ્ત્રી)ની દિવ્યતાની પ્રત્યે કોઈ સંશય નથી.' અહીં प्रति એવા ઉપપદ (= નજીકમાં આવેલા અવ્યય)ના યોગે દિવ્યતા શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે.

૫. ग्रामं निकषा । 'ગ્રામની નજીક'. लङ्कान् समयां । 'લંકાની નજીક.' ('નજીક' અર્થવાળા निकषा અને समया અવ્યયોના યોગે દ્વિતીયા વિભક્તિ વપરાઈ છે.)

૬. उपरि उपरि लोकम् हरिः वर्तते । 'વિષ્ણુ ઉપર ઉપરના લોકમાં વસે છે.' (અહીં उपरि उपरि એવા અવ્યયના યોગે દ્વિતીયા વિભક્તિ વપરાઈ છે.)

૭. अन्तरेण हरिं न सुखम् । 'હરિ વિના સુખ નથી.'
विना हरिं न मुक्तिः । 'હરિ સિવાય મુક્તિ નથી.'
कोऽन्यः त्वाम् अन्तरेण शक्तः प्रतिकर्तुम् । 'તારા સિવાય બીજું કોણ પ્રતિકાર કરવા માટે શક્તિશાળી છે ?'
(અહીં अन्तरेण અને विना અવ્યયોના યોગે દ્વિતીયા વિભક્તિ વપરાઈ છે.) [विना અવ્યયના યોગે તૃતીયા અને પંચમી વિભક્તિ પણ વપરાતી જોવા મળે છે.]

૮. अन्तरा त्वां मां च कमण्डलुः । 'તારી અને મારી વચ્ચે કમંડળ છે. (અહીં अन्तरा અવ્યયના યોગે દ્વિતીયા વિભક્તિ વપરાઈ છે.)[૭]

II.2.9. (નિયમ : ૯) ક્રિયાવિશેષણોને પણ કર્મકારક ગણીને તેમને નપુંસકલિંગમાં અને દ્વિતીયા એકવચનમાં રજૂ કરવામાં આવે છે. જેમ કે,

૧. रामः शीघ्रं गच्छति । 'રામ જલ્દી જાય છે.
૨. सीता मृदु भाषते । 'સીતા મૃદુતાથી બોલે છે.'
૩. व्याघ्रः छन्नं विहरति । 'વાઘ છાનોમાનો ફરે છે.'

અહીં शीघ्रम्, मृदु, छन्नम्, कटु, कष्टम् જેવા ક્રિયાવિશેષણો પોતે કર્મરૂપ ગણાય છે, અને તેમને નપુંસકલિંગ દ્વિતીયા એકવચનમાં રજૂ કરવામાં આવે છે.[૮]

II.2.10. કેટલાંક કર્તરિ કૃદન્તોના કર્મને પણ દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે. દા. ત. ૧. कटं कारको देवदत्तो व्रजति । 'સાદડી બનાવનારો દેવદત્ત જાય છે.' (અહીં कृ > कारक = 'ક્રિયા કરનાર' એ अक પ્રત્યયાન્ત કર્તરિ કૃદન્ત છે. પણ અહીં 'શું કરનારો ?' એવી કર્મવિષયક આકાંક્ષા સંભવિત છે. તેને પ્રકટ કરવા કર્મ રૂપ कट શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે.) ૨. विविधाः प्रजाः सिसृक्षुः ब्रह्मा कमलासने विराजते । 'વિવિધ પ્રજાને સર્જવાની ઇચ્છાવાળા બ્રહ્માજી કમળાસન ઉપર શોભે છે.' सृज् ધાતુનું ઇચ્છાદર્શક उ પ્રત્યયાન્ત 'सिसृक्षु' કૃદન્ત રૂપ થાય છે. હવે, આવા કૃદન્ત શબ્દના યોગે આકાંક્ષા રહેવાની કે 'શું સર્જવાની ઇચ્છાવાળા ?' તો તેના ઉત્તર રૂપે विविधाः प्रजाः એવા કર્મને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવેલ છે.) એ જ પ્રમાણે, तेषां भाषणपारुष्यम् असहिष्णु अहम् तेभ्यः क्रुध्यामि । 'તેઓના કર્કશ ભાષણને સહન નહીં કરતો હું તેમના ઉપર ગુસ્સે ભરાયો.' (અહીં असहिष्णु એવા કૃદન્તના કર્મ રૂપે भाषणपारुष्य શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવેલ છે.)

II.3.0. **કરણ-કારક અને તૃતીયા વિભક્તિનો પ્રયોગ :**

સંસ્કૃત ભાષામાં સામાન્ય રીતે 'કરણકારક' વાચક શબ્દને તૃતીયા વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે. આથી, 'કરણકારક' કોને કહેવાય ? એનો પહેલાં વિચાર કરીશું. ત્યાર પછી કરણકારક અર્થ ઉપરાંત બીજા કયા કયા અર્થોની અભિવ્યક્તિ કરવા માટે તૃતીયા વિભક્તિના પ્રત્યયો (= તૃતીયા વિભક્તિનાં રૂપો) વપરાય છે એની સમજૂતી મેળવીશું.

---

૭. વ્યાકરણમાં એક 'કર્મપ્રવચનીય' પ્રકારનાં પદો પણ છે, કે જેમાંના કેટલાકના યોગે દ્વિતીયા વિભક્તિ વપરાય છે. દા. ત. देवः जपम् अनु प्रावर्षत् । 'ઇન્દ્રદેવ જપને અનુલક્ષીને વર્ષ્યા.'
વિશેષ માટે જુઓ : કારકપ્રકરણ, સં. વ. મ. ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર '૮૩, પૃષ્ઠ-૮૫.

૮. क्रियाविशेषणानां कर्मत्वमेकत्वम् नपुंसकत्वं च । એવું વ્યાકરણમાં એક પરિભાષાવચન છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અગાઉ કહ્યું છે તેમ ''ક્રિયાનાં નિર્વર્તકો (= ક્રિયા કરનાર દરેક પદાર્થ)ને 'કારક' કહેવામાં આવે છે. આવાં અનેક કારકો ભેગાં મળીને કોઈ એક ક્રિયા કરતાં હોય છે. આમાંથી જે પદાર્થ વ્યાપારનો આશ્રય હોય (= ક્રિયાનો જે જનક હોય) તેને કર્તૃકારક કહેવામાં આવે છે. પરંતુ કર્તૃકારક સિવાયના અન્ય કારકોમાંથી કયા કારકને 'કરણ-કારક' કહેવું ? એવો પ્રશ્ન થાય છે. આ પ્રશ્નનો શાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કરીએ તો **ક્રિયાની સિદ્ધિમાં** (= ક્રિયાજન્ય ફળની પ્રાપ્તિમાં) **જે પદાર્થ પ્રકૃષ્ટપણે ઉપકારક હોય તેને 'કરણકારક' કહેવામાં આવે છે.** અહીં પ્રકૃષ્ટપણે ઉપકારકનો અર્થ એવો થાય છે કે - જે કારકના વ્યાપાર પછી તરત જ ક્રિયાનું ફળ આવે છે તે સાધનને - કારકને - પ્રકૃષ્ટપણે ઉપકારક સાધન કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો - સાધકતમ કારકને 'કરણકારક' કહેવાય છે.

દા. ત. 'રામ ધનુષ્યના બાણથી વનમાં રાવણને હણે છે.' અહીં હનન ક્રિયા જન્માવનાર (= કરનાર) 'રામ' તે તો કર્તા-કારક છે. આથી તેને પ્રથમા વિભક્તિમાં રજૂ કરવો પડશે. વળી, આ હનનક્રિયાનું જે ફળ છે તે 'પ્રાણોનો વિયોગ' છે. આ પ્રાણોનો વિયોગ થવા રૂપી ફળ જે વ્યક્તિમાં આવવાનું છે, તે વ્યક્તિ-પદાર્થ રાવણ છે. આથી ક્રિયાજન્ય ફળ જે પદાર્થમાં આવે તેને 'કર્મકારક' કહેવાય છે, અને તેને બીજી વિભક્તિ લગાડવી પડે છે. પરંતુ હનન ક્રિયામાં કર્તા 'રામ' પછી, અને કર્મ 'રાવણ' પછી બીજાં જે જે કારકો, - જેવાં કે, ધનુષ્ય, બાણ અને વન - તેમાંથી કયું કારક હનન ક્રિયાની સિદ્ધિમાં પ્રકૃષ્ટપણે ઉપકારક છે ? એ વિચારીએ તો ('ધનુષ્ય' કરતાંય) 'બાણ' પદાર્થ જ અત્યંત ઉપકારક (= સાધકતમ) છે. કારણ કે બાણનો વ્યાપાર (= ગતિ) થયા પછી જ રાવણના પ્રાણોનો વિયોગ થવા રૂપી ફળની પ્રાપ્તિ થાય છે. અહીં 'ધનુષ્ય' રૂપી પદાર્થ પણ બાણને ફેંકવાનું - વેગ આપવાનું કાર્ય કરે છે. આ રીતે તે પણ હનન ક્રિયામાં ઉપકારક તો ગણી શકાય એમ છે. પરંતુ ધનુષ્યના વ્યાપાર પછી તરત જ રાવણના પ્રાણો નીકળી જવા રૂપી ફળ આવતું નથી. તે તો બાણના વ્યાપાર પછી જ (એટલે કે બાણ ધનુષ્યમાંથી નીકળીને, રાવણના શરીરને વીંધી કાઢે પછી, તરત જ) પ્રાણવિયોગ રૂપ હનનક્રિયાનું ફળ આવી જાય છે. આથી 'બાણ'ને જ પ્રકૃષ્ટપણે ઉપકારક = 'કરણકારક' કહેવાશે. તથા તે કરણકારક વાચક 'બાણ' શબ્દને તૃતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવશે. જેમકે,

रामः	धनुष	<u>बाणेन</u>	रावणं	वने	हन्ति ।
(કર્તા)	(અપાદાન)	(કરણ)	(કર્મ)	(અધિકરણ)	+ ક્રિયાપદ.

II.3.1. **(નિયમ-૧) ક્રિયાની સિદ્ધિમાં જે પદાર્થ અત્યંત ઉપકારક હોય (એટલે કે જે પદાર્થના વ્યાપાર પછી તરત ક્રિયાજન્ય ફળની પ્રાપ્તિ થતી હોય) તેને 'કરણકારક' ગણીને, તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. દા. ત.,**



भरतः । રથથી વનમાં । गच्छति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(હવે બીજે તબક્કે)

વાક્યમાં ગત્યર્થક ધાતુ (√गम् > गच्छ) નો પ્રયોગ થયો છે, તેથી 'જ્યાં જવાનું હોય' તે લક્ષ્યવાચક શબ્દ-વન-ને [II.2.2. નિયમ મુજબ] દ્વિતીયા વિભક્તિમાં મૂકીશું :

भरतः । રથથી । <u>वनम्</u> गच्छति ।

(હવે ત્રીજે તબક્કે)

વિચારો કે ગમનક્રિયામાં (કર્તા અને કર્મ પછી) અત્યંત ઉપકારક પદાર્થ કોણ છે ? તો જવાબ મળે છે કે - 'રથ'. આથી 'રથ'ને કરણકારક કહેવાશે. અને તેને તૃતીયા વિભક્તિ (એકવચન)નો પ્રત્યય લગાડવો પડશે. જેથી -

भरतः <u>रथेन</u> वनम् गच्छति ।



अहम् । લાકડીથી કૂતરાને । ताडयामि ।

હવે બીજે તબક્કે વિચારીએ કે - મારવાની ક્રિયાથી જે આઘાતરૂપી ફળ આવવાનું છે તે ક્યાં / કોની અંદર રહેશે ? તો-કૂતરામાં. આથી 'કૂતરા'ને કર્મકારક ગણીને તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકાશે;

अहम् । લાકડીથી । <u>कुक्कुरम्</u> ताडयामि ।

હવે ત્રીજે તબક્કે એ વિચારો કે - મારવાની ક્રિયામાં અત્યંત ઉપકારક સાધન કોણ છે ? અથવા તો (કર્તા અને કર્મ પછી) કયા પદાર્થના વ્યાપાર પછી તરત આઘાત/પ્રહાર રૂપી ફળ જન્મે છે ? તો જવાબ મળે છે-લાકડીના. આથી 'લાકડી'ને કરણકારક ગણીને તૃતીયા વિભક્તિમાં મૂકાશે;

अहम् <u>दण्डेन</u> कुक्कुरम् ताडयामि ।

II.3.2. (નિયમ-૨) નિમિત્તકારણ વાચક (અર્થાત્ 'ઉત્પાદક હેતુ' વાચક) શબ્દોને તૃતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે.[૯] અર્થાત્ 'હેતુ'ના અર્થમાં તૃતીયા પ્રયોજાય છે. (સામાન્ય રીતે આવાં નિમિત્તકારણો પોતે વ્યાપારયુક્ત હોતાં નથી; અને કોઈક દ્રવ્ય, ગુણ કે ક્રિયાસામાન્યને જન્માવે છે.) દા. ત.

---

૯. द्रव्यादिसाधारणं निर्व्यापारसाधारणं च हेतुत्वम् । (हेतौ २-३-२३ સૂત્ર ઉપર સિદ્ધાન્તકૌમુદી વૃત્તિ) અર્થાત્ દ્રવ્ય, ગુણ અને ક્રિયાસામાન્યને જન્માવનાર હોવા છતાંય, જે સ્વયં વ્યાપારરહિત હોય તેવા પદાર્થને ''હેતુ'' કહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(क) દ્રવ્યને ઉત્પન્ન કરનાર હેતુવાચક શબ્દોને તૃતીયા વિભક્તિ લાગે છે :

૧. બીજથી	અંકુર	(થાય છે.)
હેતુવાચક	ઉત્પન્ન	
શબ્દ	થતું દ્રવ્ય	
બીજેન	अङ्कुरः	(भवति) ।
૨. દંડથી	ઘડો	(થાય છે.)
दण्डेन	घटः	(भवति) ।

(ख) 'ગુણ'ને ઉત્પન્ન કરનાર હેતુવાચક શબ્દોને તૃતીયા વિભક્તિ લાગે છે :

૧. (વસિષ્ઠ)	પુણ્યથી	બ્રહ્મવર્ચસ્	(મેળવે છે.)
	હેતુ	ગુણ	
(वसिष्ठः)	पुण्येन	ब्रह्मवर्चसम्	(प्राप्नोति)
૨. (રામ)	શિલ્પાભ્યાસથી	નૈપુણ્ય	(મેળવે છે)
(रामः)	शिल्पाभ्यासेन	नैपुण्यं	(प्राप्नोति) ।
૩. (વિદ્યાર્થી)	વિદ્યાથી	યશ	(પામે છે)
(छात्रः)	विद्यया	यशः	(लभते) ।

(ग) 'ક્રિયાસામાન્ય'ને ઉત્પન્ન કરનાર હેતુવાચક શબ્દોને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

૧. કન્યા(જન્મ)થી શોક (થાય છે.)

અહીં શોકક્રિયા ઉત્પન્ન થવામાં કન્યા(જન્મ) 'હેતુ' છે. તેથી 'કન્યા' શબ્દને તૃતીયા વિ.માં મૂકાશે –

कन्यया	शोकः	(भवति) ।
૨. અગ્નિથી	પાક	(થાય છે)
હેતુ	ક્રિયાસામાન્ય	
अग्निना	पाकः	(भवति) ।

નોંધ : ગુજરાતી ભાષામાં (અને સંસ્કૃત ભાષામાં પણ) કરણકારક વાચક શબ્દોને અને હેતુવાચક શબ્દોને વાક્યના સ્તર ઉપર એકસરખા તૃતીયા વિભક્તિના જ પ્રત્યયો લાગે છે. તથાપિ તર્કની દૃષ્ટિએ કરણકારક અને હેતુ (= નિમિત્તકારણ)ની વચ્ચે ઘણો તફાવત રહેલો છે તે ધ્યાનપાત્ર છે. જેમકે, જે કરણકારક હોય છે તે સ્વયં વ્યાપારયુક્ત હોય છે અને તેવા પદાર્થના વ્યાપાર પછી તરત ફલસિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે. દા. ત., 'રામ બાણથી રાવણને હણે છે.' અહીં 'બાણ' પોતે વ્યાપારયુક્ત છે, અને તેની પ્રવૃત્તિ પછી તરત રાવણના પ્રાણોનો વિયોગ થવા રૂપી ફળ આવે છે. આથી 'બાણ' કરણકારક છે. પરંતુ જે પદાર્થ હેતુ = નિમિત્તકારણ હોય છે તે સ્વયં વ્યાપારયુક્ત હોતો નથી. દા. ત. 'વિદ્યાથી યશ પામે છે.' અહીં યશની ઉત્પત્તિમાં વિદ્યા નિમિત્ત છે, પણ તે પોતે વ્યાપારયુક્ત નથી.

II.3.3. (નિયમ-૩) કર્મણિ પ્રયોગવાળી વાક્યરચનામાં કર્તાકારકને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. (અને કર્મકારકને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે.) અર્થાત્ સકર્મકક્રિયાના સન્દર્ભમાં કર્મને ઉદ્દેશીને (= પ્રાધાન્યેન કર્મ વિષે) વાત કરવામાં આવે છે ત્યારે કર્તાને તૃતીયા વિભક્તિ લાગે છે, (અને કર્મને પ્રથમા વિભક્તિ લાગે છે.) દા. ત.

૧. સીતા વડે	ચોખા	રંધાય છે.
કર્તા	કર્મ	ક્રિયાપદ

અહીં ('સીતા ચોખા રાંધે છે' એમ) રાંધનાર વ્યક્તિ = કર્તા-સીતા-ને ઉદ્દેશીને (કર્તરિ) વાક્યરચના થઈ નથી, પરંતુ 'સીતા વડે ચોખા રંધાય છે' એમ રંધાનાર પદાર્થ = કર્મ-ચોખા-ને ઉદ્દેશીને (કર્મણિ) વાક્યરચના થઈ છે. તેથી તે કર્મણિ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રયોગવાળી વાક્યરચના ગણાશે. આવી વાક્યરચનામાં કર્તાકારક-સીતા-ને તૃતીયા વિભક્તિનો પ્રત્યય લાગશે, (તથા કર્મકારક-ચોખા-ને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવશે). જેમકે,

सीतया	ओदनः	पच्यते ।
(તૃતીયા વિ.)	(પ્રથમા વિ.)	(કર્મણિ ક્રિયાપદ)
૨. રામથી	રાવણ	હણાય છે. (કર્મણિ પ્રયોગ)
કર્તા	કર્મ	ક્રિયાપદ
रामेण	रावणः	हन्यते ।
(તૃતીયા વિ.)	(પ્રથમા વિ.)	(કર્મણિ ક્રિયાપદ)

નોંધ : 'કર્મણિ પ્રયોગ' વિષે સવિસ્તર ચર્ચા પ્રકરણ-૭માં કરવામાં આવશે. અહીં તો એટલું જ ધ્યાન આપવાનું છે કે - કર્મણિ પ્રયોગમાં કર્તાકારકને પણ તૃતીયા વિભક્તિ લગાડાય છે.

II.3.4. ('અમુક ક્રિયા કરવી જોઈએ' એવો અર્થ દર્શાવતાં) કૃત્ય પ્રત્યયાન્ત શબ્દોનો પ્રયોગ હોય ત્યારે કર્તા વાચક શબ્દને ક્યારેક તૃતીયા વિભક્તિ, તો ક્યારેક ષષ્ઠી વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે. જેમકે,

૧. मया अवश्यं देशान्तरं गन्तव्यम् । 'મારે બીજા દેશમાં અવશ્ય જવું જ જોઈએ.' અહીં गन्तव्य એ કૃત્ય પ્રત્યયાન્ત (= વિધ્યર્થ કૃદન્ત) શબ્દ છે. તે શબ્દમાંથી 'જવું' ક્રિયાનો બોધ થાય છે, તે ક્રિયાનો કર્તા 'હું' છે; તેને તૃતીયા વિભક્તિમાં (मया) રજૂ કરવામાં આવેલ છે.

૨. गुणेषु यत्नः <u>पुरुषेण कार्यः</u> न किञ्चिद् <u>अप्राप्यतमम् गुणानाम्</u> 'પુરુષે ગુણોને વિષે પ્રયત્ન કરવો જોઈએ; એવું કશુંય નથી કે જે ગુણોને માટે અપ્રાપ્ય હોય.' અહીં પૂર્વાર્ધમાં कार्यः (કરવો જોઈએ) તે કૃત્ય પ્રત્યયાન્ત શબ્દ છે, તેનાથી જે 'કરવું' ક્રિયાનો બોધ થાય છે, તેના 'કર્તા' તરીકે આવેલા पुरुष શબ્દને તૃતીયા વિભક્તિ લગાડાઈ છે (અને કર્મકારકભૂત यत्न શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકેલ છે). ત્યાર પછી, ઉત્તરાર્ધમાં अप्राप्य 'પ્રાપ્ત કરવા યોગ્ય નહીં - ન મેળવી શકાય એવું' એવો કૃત્ય પ્રત્યયાન્ત શબ્દ છે. હવે 'પ્રાપ્ત કરનાર = પ્રાપ્તિ ક્રિયા કરનાર' તરીકે 'ગુણો' છે, તેમને ષષ્ઠી વિભક્તિમાં રજૂ કરેલ છે.

૩. <u>मूर्खाणां</u> (કર્તા) पण्डिता <u>द्वेष्या</u>, निर्धनानां महाधनाः ।
व्रतिनः <u>पापशीलानाम्</u> <u>असतीनां</u> कुलस्त्रियः ॥

(પહેલા પાદમાં આવેલા द्वेष्यः શબ્દનો અન્વય બાકીના ત્રણ પાદોમાં પણ કરવાનો છે.) ''મૂર્ખા વ્યક્તિઓને માટે પંડિતો દ્વેષ કરવા યોગ્ય છે; નિર્ધનોને માટે બહુ ધનવાળા દ્વેષ કરવા યોગ્ય છે. તથા પાપી આચરણવાળાઓને માટે વ્રતધારીઓ દ્વેષ કરવા યોગ્ય છે અને અસતી સ્ત્રીઓને માટે કુલીન સ્ત્રીઓ દ્વેષ કરવા યોગ્ય છે.''

અહીં द्वेष्य (કર્મણિ વિધ્યર્થકૃદન્ત) એ કૃત્ય પ્રત્યયાન્ત શબ્દ છે, તે દ્વેષ રૂપ ક્રિયા કરનાર કર્તાઓ मूर्ख, निर्धन, पापशील અને असती-ને ષષ્ઠી વિભક્તિમાં મૂકેલ છે [તથા દ્વેષ ક્રિયાના સમ્પ્રદાન કારકો - पण्डित, महाधन, व्रतिन् અને कुलस्त्री- ને પ્રથમા વિભક્તિ લાગી છે. (કેમકે द्वेष्य શબ્દમાંના य પ્રત્યયથી તે સમ્પ્રદાનકારકો 'અભિહિત' બન્યા છે.]

II.3.5. વિકૃત અંગવાચક શબ્દને પણ તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે, જો તે વિકૃત અંગથી અંગીનો વિકાર લક્ષિત થતો હોય તો. દા. ત. ૧. रमेशः अक्ष्णा काणः । 'રમેશ આંખથી કાંણો છે.' અહીં 'રમેશ કાણો છે' એમ બોલાય છે ત્યારે આંખનું કાંણાપણું 'રમેશ' ઉપર (= અંગી ઉપર) આરોપવામાં આવે છે. એવાં બીજાં ઉદાહરણો જોઈએ તો - ૨. पाणिना कुणिः रमेशः । 'હાથથી ઠૂંઠો છે રમેશ.' ૩. पादेन खञ्जः रमेशः । 'પગથી લૂલો છે રમેશ.' ૪. कर्णेन बधिरः । 'કાનથી બહેરો છે.'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

II. 3.6. હેતુવાચક શબ્દને ક્યારેક તૃતીયા વિભક્તિ અથવા તો પંચમી વિભક્તિ લાગે છે. જેમકે,

૧. जाड्येन बद्धः । અથવા जाड्यात् बद्धः । અહીં 'જડતાને કારણે બંધન પામ્યો' એમ કહેતી વખતે જે હેતુવાચક जाड्य શબ્દ છે તેને તૃતીયા પણ લાગી શકે છે અને પંચમી પણ લાગી શકે છે. એવી જ રીતે ૨. वीर्येण मुक्तः सैनिकः । અથવા वीर्यात् मुक्तः सैनिकः । 'સૈનિક પોતાની તાકાતથી છુટી ગયો' – અહીં વીર્યને કારણે, (તાકાત, પરાક્રમને કારણે) સૈનિક શત્રુના હાથમાંથી છુટી ગયો એમ દર્શાવતી વખતે મુક્તિ ક્રિયામાં જે હેતુ છે તે वीर्य શબ્દને તૃતીયા અથવા પંચમી દ્વારા વ્યક્ત કરી શકાય છે.

* * *

ક્યારેક હેતુ-કારણ-વાચક શબ્દોને એકી સાથે તૃતીયા વિભક્તિમાં અને પંચમી વિભક્તિમાં વપરાયેલાં જોવા મળે છે. જેમકે, ૩. हर्षेण अस्याः कन्यकायाः क्षुत् नष्टा, न रोगतः । 'હર્ષને કારણે આ છોકરીની ભૂખ નાશ પામી છે, રોગને કારણે નહીં.' અહીં ક્ષુધાનો નાશ થવામાં 'હર્ષ' કારણ છે, 'રોગ', નહીં. એમ કહેતી વખતે એક કારણવાચક શબ્દને તૃતીયામાં રજૂ કરેલ છે, અને બીજા કારણવાચક શબ્દને પંચમી વિભક્તિમાં रोगतः = रोगात् માં રજૂ કરેલ છે. ૪. આવું જ બીજું ઉદાહરણ જુવો :

नामृतं न विषं किञ्चिदेकां मुक्त्वा नितम्बिनीम् ।
यस्याः सङ्गेन जीव्येत, म्रियेत च वियोगतः ॥

''એક નિતમ્બિની (રૂપવતી સ્ત્રી)ને છોડીને એવું એકેય અમૃતેય નથી અને વિષેય નથી, કે જેના સંગથી જીવી શકાય અને જેના વિયોગને કારણે મરી પણ શકાય !'' અહીં હેતુવાચક सङ्ग શબ્દને તૃતીયા લાગી છે, અને બીજા કારણવાચક શબ્દ वियोगને પંચમી વિભક્તિના અર્થવાળો પ્રત્યય લાગ્યો છે.

આવી જ રીતે 'પ્રયોજન' કે 'ફળ' વાચક શબ્દોને પણ તૃતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે. જેમકે देवदत्तः अध्ययनेन वसति । 'દેવદત્ત અધ્યયનને માટે (અહીં છાત્રાલયમાં) રહ્યો છે.' અહીં નિવાસક્રિયાનું પ્રયોજન 'અધ્યયન કરવું' તે છે. આથી તે પ્રયોજનવાચક શબ્દને તૃતીયામાં મૂકેલ છે.

II. 3.7. કોઈ વ્યક્તિ અમુક પ્રકારની = 'ઇત્થંભૂત' છે એવું કહેનાર - લક્ષણવાચક-શબ્દને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે, જેમકે, ૧. जटाभिः तापसः । 'જટાઓથી જણાય છે કે આ વ્યક્તિ તપસ્વી છે.' ૨. विविधैः द्रुमैः काननम् । 'વિવિધ ઝાડ છે તેથી જણાય છે કે આ જંગલ છે.' અહીં તપસ્વીના લક્ષણ તરીકે 'જટા'ઓ છે, અને કાનનના લક્ષણ તરીકે વિવિધ પ્રકારના 'ઝાડ' છે. તેથી તે બન્ને લક્ષણવાચક શબ્દોને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવી છે.

II. 3.8. કિંમત, મૂલ્યવાચક શબ્દોને પણ તૃતીયા વિભક્તિ લાગે છે. દા. ત. ૧. अश्वः शतेन क्रीतः । 'ઘોડો સો રૂપિયે ખરીદ્યો.' (= સો રૂપિયાથી) ૨. सहस्रेण पशून् क्रीणाति वैश्यः । 'વાણિયો હજાર રૂપિયાથી પશુઓને ખરીદે છે.' ૩. ततोऽजाभिः प्रभूता गा ग्रहीष्यामि, गोभिर्महिषीः, महिषीभिः वडवाः । (પંચતન્ત્ર) ''ત્યાર પછી (હું) બકરીઓથી ઘણી બધી ગાયોને ખરીદીશ, ગાયોથી ભેંસોને મેળવીશ અને ભેંસોથી (= ભેંસોનો વિનિમય કરીને) ઘોડીઓ ખરીદીશ.'' અહીં મૂલ્ય, કિંમતવાચક શબ્દો તરીકે शत, सहस्र, अजा, गो વગેરે શબ્દોને તૃતીયા વિભક્તિ લાગી છે. ૪. नाहं विद्याविक्रयं शासनशतेनापि करोमि । 'હું સેંકડો આજ્ઞાઓ ફરમાવવામાં આવે તો'ય વિદ્યાનો વેપાર કરીશ નહીં.'

II.3.9. ગત્યર્થક ધાતુના પ્રયોગમાં, જવાના સાધન તરીકે જે 'વાહન'નો કે 'દિશા'નો નિર્દેશ હોય તે શબ્દોને પણ તૃતીયામાં મૂકાય છે. (ગુજરાતી ભાષામાં આ શબ્દોને સામાન્ય રીતે સપ્તમી લાગી હોય છે, પણ સંસ્કૃતમાં તેમને તૃતીયા વિભક્તિથી અનુદિત કરવા.) દા. ત. ૧. દુષ્યન્ત <u>વિમાનમાં</u> સ્વર્ગે જાય છે. दुष्यन्तः <u>विमानेन</u> स्वर्गं गच्छति । ૨. વસન્તસેના <u>ગાડામાં</u> ઉદ્યાનમાં જાય છે. वसन्तसेना <u>शकटेन</u> उद्यानं गच्छति । ૩. તે દુષ્ટ કઈ દિશામાં ગયો ?' कतमेन दिग्विभागेन गतः स जाल्मः । ૪. કઈ <u>દિશામાં</u> ચોર ગયો ? कया <u>दिशा</u> चौरः पलायितः ।

II.3.10. અમુક ક્રિયા કેટલા સમયમાં પૂરી થઈ (અને તે ક્રિયાનું ફળ પણ આવ્યું) તે દર્શાવવા કાળવાચક શબ્દને અને માર્ગવાચક શબ્દને તૃતીયા વિભક્તિ લાગે છે. જેમકે,

૧. द्वादशभिः वर्षैः व्याकरणम् अधीतम् । 'બાર વર્ષે વ્યાકરણ ભણ્યો.' અહીં 'બાર વર્ષનો સમય વીત્યે વ્યાકરણ ભણાયું' – એમ કહેવા પાછળનો અભિપ્રાય એવો છે કે ભણવાની ક્રિયામાં બાર વર્ષનો સમયગાળો ખર્ચાયો છે અને તે પછી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એ ક્રિયાનું ફળ પણ આવ્યું છે. (એટલે કે વ્યાકરણ આવડ્યું છે - એમ કહેવું છે.) આથી કાળવાચક શબ્દ द्वादश वर्षने તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવેલ છે.

[વિશેષઃ II.2.7. માં આપણે ''ક્રિયાનું સાતત્ય દર્શાવવું હોય તો કાળવાચક અને માર્ગવાચક શબ્દોને દ્વિતીયા વિભક્તિ લાગે છે.'' એવો નિયમ જોયો છે. – આ નિયમની સાથે II.3.9ની તુલના કરવાથી એક તફાવત ધ્યાન ઉપર આવે છે. જેમકે, અમુક ક્રિયા કેટલાક સમય સુધી સળંગ ચાલ્યા કરી, પણ તે ક્રિયાનું કોઈ પરિણામ ન આવ્યું એમ દર્શાવવું હોય ત્યારે કાળવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિ જ લાગે છે : द्वादशवर्षाणि व्याकरणम् अधीतम् । 'બાર વર્ષો સુધી વ્યાકરણ ભણ્યો (પણ આવડ્યું નહીં)'] એ જ રીતે, ૨. अनेन बटुना क्रोशेन अनुवाकः अधीतः । 'આ બટુકે એક માઈલના રસ્તે (જતાં વેદનો) એક અનુવાક ભણી લીધો.' અહીં ક્રિયા જે માર્ગ ઉપર થઈ, અને તેનું ફળ પણ આવ્યું તેમ દર્શાવવા માર્ગવાચક क्रोश શબ્દને તૃતીયા વિ. લાગી છે. [જો અહીં એમ દર્શાવવું હોય કે બટુકે સળંગ એક માઈલના રસ્તે અનુવાક કંઠસ્થ કરવા પ્રયત્ન કર્યો પણ તે અનુવાક ન જ આવડ્યો - તો ત્યાં માર્ગવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિ જ લાગે છે : अनेन बटुना क्रोशम् अनुवाकः अधीतः ।] આવાં જ બીજાં ઉદાહરણો પણ છે. ૩. ततो अल्पीयसा कालेन राज्ञः महिषी एकं पुत्रम् असूत । 'પછી થોડાક જ સમયે રાજાની રાણીએ એક પુત્રને જન્મ આપ્યો.' ૪. कतिपयैरेव अहोभिः मयूर इव स काको बलवान् संवृत्तः । 'કેટલાક જ દિવસોમાં તે કાગડો મોરની જેમ બળવાન્ થઈ ગયો.'

II.3.11. 'અમુક ક્રિયાથી કે વસ્તુથી અટકી જાવ' - એવો ભાવ દર્શાવનારા अलम्, अस्तु કે कृतम् એવા અવ્યયોની સાથે તૃતીયા વિભક્તિ વપરાય છે. જેમકે,

૧. अलम् अतिविस्तरेण । 'અતિ વિસ્તાર કરવાથી રહેવા દો.'

૨. अलम् आक्रन्दितेन । 'રડવાથી અટકી જાવ.'

૩. अलम् महीपाल ! तव श्रमेण । હે મહીપાલ ! તમારા પ્રયત્નથી અટકી જાવ.'

૪. अथवा कृतं संदेहेन । 'અથવા, સંદેહ કરવાથી અટકો.'

૫. अस्तु दुरासदेन तपसा । 'કષ્ટદાયક તપથી રહેવા દો.'

આ જ પ્રમાણે, न प्रयोजनम् । किं प्रयोजनम् । किं तेन । किं कार्यम् । कोऽर्थः । જેવા શબ્દસમૂહોની સાથે પણ તૃતીયા વિભક્તિ વપરાય છે. જેમકે, ૧. ज्ञातिश्चेद् अनलेन किम् । 'જો જ્ઞાતિબંધુઓ હોય તો, અગ્નિની શી જરૂર છે ?' ૨. सुकविता यदि अस्ति, राज्येन किम् ? । 'જો સુકવિતા બનાવતાં આવડતું હોય તો રાજ્યની શી જરૂર છે ?' ૩. सत्यं चेत्, तपसा किं प्रयोजनम् । 'જો (જીવનમાં) સત્યપાલન હોય તો, તપ કરવાથી શું પ્રયોજન ?' विना, रहितम्, वियुक्त જેવા શબ્દોના યોગે પણ તૃતીયા વિભક્તિ વપરાય છે : ૧. रामेण विना दशरथः जीवितुं न प्रभवति । 'રામના વિના દશરથ જીવવા સમર્થ નથી.' ૨. क्रोधेन रहितं मनः शान्तिम् आप्नोति । 'ક્રોધ રહિતનું મન શાન્તિ પામે છે.' ૩. धनेन वियुक्तोऽपि चारुदत्तः गुणैः शोभते । ધનથી વિયુક્ત થયો હોવા છતાંય ચારુદત્ત ગુણોથી શોભે છે.

* * *

सह, सहित, साकम्, सार्धम् વગેરે સહાર્થક અવ્યયોની સાથે જોડાયેલા શબ્દોને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. દા. ત. ૧. रामेण सह सीता वनं गच्छति । 'રામની સાથે, સીતા વનમાં જાય છે.' ૨. लक्ष्मणेन सहितः रामः शोभते । 'લક્ષ્મણની સાથે રામ શોભે છે.' ૩. त्वया सह निवत्स्यामि वनेषु मधुगन्धिषु । (ઉત્તરરામ.) 'તારી સાથે મધુની ગન્ધવાળા વનોમાં નિવાસ કરીશું.

II.4.0. સમ્પ્રદાનકારક અને ચતુર્થી વિભક્તિનો પ્રયોગ :

સામાન્ય રીતે 'સમ્પ્રદાનકારક'ને અભિવ્યક્ત કરવા માટે ચતુર્થી વિભક્તિનો પ્રયોગ થાય છે. આથી 'સમ્પ્રદાનકારક' કોને કહેવાય ? એ પહેલાં જાણવું જોઈએ.

'સમ્પ્રદાન'ની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે : सम्यक् प्रकारेण दीयते यस्मै तत् कारकम् 'सम्प्रदानम्' इति उच्यते । અર્થાત્ ''જે વ્યક્તિને સારી રીતે દાન આપવામાં આવે છે તે વ્યક્તિ (= કારક)ને 'સમ્પ્રદાન' કહેવામાં આવે છે.'' બીજી એક દૃષ્ટિએ વિચારીએ તો-દાન આપવાની ક્રિયા કરવા માટે ઓછામાં ઓછાં ત્રણ પદાર્થોની અનિવાર્ય રીતે જરૂર પડે છે. જેમકે,

૧. દાન આપનાર (= દાનક્રિયા કરનારા) → કર્તા

૨. દાન (= દાનમાં આપવાની વસ્તુ) → કર્મ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. દાન લેનાર વ્યક્તિ → સમ્પ્રદાન

આ ત્રણમાંથી એક પણ વ્યક્તિ ના હોય તો 'દાન આપવા'ની ક્રિયા અસ્તિત્વમાં આવતી જ નથી.

II.4.1. (નિયમ-૧) : જેને આપવાનું હોય તે વ્યક્તિને સમ્પ્રદાનકારક ગણીને, તેને ચતુર્થી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે.

દા. ત., ૧.

રાજા	બ્રાહ્મણને	ધન	આપે છે.
દાન આપનાર	દાન લેનાર (= જેને આપવામાં આવે છે તે વ્યક્તિ)	દાનમાં આપવાની વસ્તુ	ક્રિયાપદ
↓	↓	↓	
કર્તા	સમ્પ્રદાન	કર્મ	
नृपः	विप्राय	धनम्	यच्छति/ददाति ।
(પ્રથમા વિભક્તિ)	ચતુર્થી વિભક્તિ	દ્વિતીયા વિભક્તિ	ક્રિયાપદ

૨.

શિષ્ય		ગુરુને	ઘોડો	આપે છે.
ઉદ્દેશ્ય	દાન આપનાર			ક્રિયાપદ
જગત્	કર્તા			(તેમાં પ્રથમ પુરુષ, એકવચનનો તિ પ્રત્યય લાગશે)
પ્રથમ પુરુષ એકવચન →	↓ પ્રથમા વિભક્તિ			↑

शिष्यः । ગુરુને ઘોડો । ददाति ।

હવે બીજે તબક્કે – શું આપે છે ? અર્થાત્ દાનમાં આપવાની વસ્તુ શી છે ? તો તે છે : ઘોડો. આને કર્મકારક કહેવાય છે, તેને દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરીશું :

शिष्यः । ગુરુને । अश्वम् ददाति ।

પછી ત્રીજે તબક્કે–'જેને આપવામાં આવે છે' તે વ્યક્તિ – ગુરુ-ને સમ્પ્રદાનકારક ગણીને, તેને ચતુર્થી વિભક્તિમાં રજૂ કરીશું : शिष्यः गुरवे = शिक्षकाय अश्वम् ददाति ॥

બીજાં કેટલાંક વાક્યો જોઈશું :

૩. ઉપાધ્યાય શિષ્યને લાફો આપે છે (= મારે છે) — उपाध्यायः शिष्याय चपेटां ददाति ।

૪. રમેશ ધોબીને વસ્ત્રો આપે છે. — रमेशः रजकाय वस्त्राणि ददाति ।

૫. રામ મને મોક્ષ આપે છે. — रामः मह्यं मोक्षम् ददाति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉપર ત્રીજા અને ચોથા ઉદાહરણોનો અભ્યાસ કરતાં જણાશે કે 'લાફો' એ કોઈ વાસ્તવિક વસ્તુ જ નથી, કે જેને આપી શકાય. અથવા તો ધોબીને અપાતાં વસ્ત્રો' એ પણ ઔપચારિક રીતે જ અપાય છે; તેને ધોવાયા પછી પાછાં લઈ લેવાયં છે (તે ધોબીને કાયમ માટે અપાતાં નથી) – આમ આ 'શિષ્ય' અને 'ધોબી'ને ગૌણ અર્થમાં જ સમ્પ્રદાન કહેવામાં આવે છે; અને તેને પણ ચતુર્થીમાં જ મૂકવામાં આવે છે.

II.4.2. (નિયમ-૨) જેને ઉદ્દેશીને કહેવાનું હોય તે વ્યક્તિને ચતુર્થી વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે. દા. ત.,

૧. રામ સીતાને વાર્તા કહે છે. → रामः सीतायै वार्तां कथयति ।
કર્તા સમ્પ્રદાન કર્મ ક્રિયાપદ

અહીં જેને ઉદ્દેશીને (વાર્તા) કહેવામાં આવે છે, તે વ્યક્તિ સીતા છે. આ સીતાને સમ્પ્રદાનકારક ગણીને, સીતા શબ્દને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવેલ છે.

૨. चपलोऽयं बटुः कदाचिद् अस्मत्प्रार्थनाम् अन्तःपुरेभ्यः कथयेत् । (શાકુન્તલ-૨)
આ બટુ (= વિદૂષક) બહુ ચંચળ છે, તેથી કદાચ અમારી (શકુન્તલા માટેની) ઇચ્છા રાણીવાસને કહી દેશે.'

૩. હનુમાન રાવણને સંદેશો કહે છે. कपिवरः (= हनुमान्) रावणाय संदेशं निवेदयति ।

૪. आर्ये कथयामि ते भूतार्थम् । 'આર્યા ! તમને વાસ્તવિક વાત કહું છું.'

૫. एहि, इमां वनस्पतिसेवां काश्यपाय निवेदयावः । 'ચાલ, આ વનસ્પતિએ કરેલી સેવાને કશ્યપને નિવેદિત કરીએ.'

II.4.3. (નિયમ-૩) (વાક્યમાં અકર્મક ક્રિયાપદનો પ્રયોગ થયો હોય ત્યારે-) જે (વ્યક્તિ)ને ઉદ્દેશીને ક્રિયા થતી હોય, તેને સમ્પ્રદાનકારક ગણીને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવે છે.

૧. રામ યુદ્ધને માટે તૈયાર થાય છે.
रामः युद्धाय संनह्यते ।

૩. ચાર્વાક શ્રાદ્ધની નિંદા કરે છે.
चार्वाकः श्राद्धाय निगर्हते । (निगह्लते)

૫. स्पृहयामि खलु दुर्ललिताय अस्मै ।
'ખરેખર જેનું લાલન કરવું મુશ્કેલ છે તેવા આ (સર્વદમન)ને માટે હું (દુષ્યંત) સ્પૃહા રાખું છું.'

૨. પત્ની પતિને માટે શયન કરે છે.
पत्नी पत्ये शेते ।

૪. સીતા પુષ્પોને માટે સ્પૃહા રાખે છે.
सीता पुष्पेभ्यः स्पृहयति ।

૬. तज्जीविताय इव आत्ममरणाय सा स्पृहयन्ती महाश्वेता प्रलपति ।
'તે (પુંડરીક)ને જીવતો કરવા માટે જાણે આત્મમરણની સ્પૃહા કરતી મહાશ્વેતા પ્રલાપ કરે છે.'

અહીં આ 'તૈયાર થવું', 'શયન કરવું', 'નિંદા કરવી' અને 'સ્પૃહા કરવી' જેવી અકર્મક ક્રિયાઓ જેને ઉદ્દેશીને કરવામાં આવી છે, તે અનુક્રમે યુદ્ધ, પતિ, શ્રાદ્ધ અને પુષ્પને સમ્પ્રદાન ગણીને, તેમને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવી છે.

આ જ રીતે रामः फलेभ्यः याति । (રામ ફળ માટે જાય છે) એવો પ્રયોગ પણ થાય છે. (એટલે કે ગત્યર્થક ધાતુઓ પણ એક રીતે અકર્મક ગણાય છે. તેથી તેવી ક્રિયાઓના ઉદ્દેશ્યને પણ 'સમ્પ્રદાન' કહેવાશે અને ચતુર્થી વિ.માં મૂકવામાં આવશે.) એ જ પ્રમાણે, क्लृप् (कल्पते)- ઉત્પન્ન કરવું / પર્યાપ્ત હોવું, सम्+पद् (सम्पद्यते) તથા जन् (जायते) – ઉત્પન્ન થાય છે – જેવાં ક્રિયાપદોના પ્રયોગમાં 'જેને માટે પર્યાપ્ત હોય' કે 'જે પરિણામ આવે' તેને ચતુર્થી વિભક્તિ દ્વારા વ્યક્ત કરાય છે. દા. ત. ૧. त्वं रामः भक्तानां रक्षणाय कल्पसे । 'તમે રામ ભક્તોના રક્ષણને માટે બસ.' ૨. लोभः दुःखाय कल्पते । 'લોભ દુઃખ જન્માવે છે.' ૩. उपदेशो हि मूर्खाणां प्रकोपाय सम्पद्यते, न शान्तये ? 'મૂર્ખાઓને ઉપદેશનું પરિણામ ક્રોધ હોય છે, શાંતિ નહીં.'

II.4.4. (નિયમ-૪) જેના ઉપર ક્રોધ કરવાનો હોય, જેનો દ્રોહ કરવાનો હોય, જેની ઈર્ષ્યા કરવાની હોય, તે વ્યક્તિને સમ્પ્રદાનકારક ગણીને, તેને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે. દા. ત.

૧. રામ રાવણ ઉપર ક્રોધ કરે છે.
સમ્પ્રદાન
रामः रावणाय क्रुध्यति ।

૩. મંથરા રામની ઈર્ષ્યા કરે છે.
मन्थरा रामाय ईर्ष्यति । (असूयति)

૨. વિભીષણ રાવણનો દ્રોહ કરે છે.
विभीषणः रावणाय द्रुह्यति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ જ રીતે, જે વ્યક્તિને ઉદ્દેશીને - અનુલક્ષીને - ભવિષ્યકથન પૂછવામાં આવે તે વ્યક્તિને ચતુર્થી વિભક્તિમાં દર્શાવવામાં આવે છે. દા. ત. गर्गः कृष्णाय राध्यति / ईक्षते । 'ગર્ગ ઋષિ કૃષ્ણને માટે ભવિષ્ય ભાખે છે.'

II.4.5. (નિયમ-૫) રુચિ અર્થવાળા ધાતુઓનો પ્રયોગ હોય ત્યારે ખૂશ થનાર વ્યક્તિને સમ્પ્રદાનકારક ગણીને, તેને ચતુર્થી વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે. (અર્થાત્- 'જેને ગમવાનું હોય' તેને ચતુર્થી વિ. લાગે છે.)

૧. બ્રાહ્મણોને લાડુઓ ભાવે છે./ ગમે છે.	૨. બ્રાહ્મણોને વેદાભ્યાસ પસંદ છે.
સમ્પ્રદાન કર્તા ક્રિયાપદ	સમ્પ્રદાન કર્તા ક્રિયાપદ
ब्राह्मणेभ्यः (ચતુર્થી વિ.) मोदकाः रोचन्ते ।	ब्राह्मणेभ्यः वेदाभ्यासः रोचते ।

II.4.6. √धारय् ધાતુનો પ્રયોગ કરવાનો હોય ત્યારે લેણદાર (= ઉત્તમર્ણ)ને સમ્પ્રદાન કારક ગણવામાં આવે છે, અને તેને ચતુર્થી વિ.માં મૂકવામાં આવે છે. (તથા દેવાદાર (= અધમર્ણ)ને કર્તાકારક ગણીને પ્રથમા વિ.માં મૂકવામાં આવે છે.) દા. ત. ૧. યજ્ઞદત્ત દેવદત્તને સો રૂપિયા ચૂકવવાના છે.

દેવાદાર લેણદાર (સમ્પ્રદાનકારકને = લેણદારને ચતુર્થી વિ. લાગશે.)

यज्ञदत्तः देवदत्ताय शतं धारयति ।

II.4.7. (क) કેટલાક (ક્રિયાવાચક) અવ્યયોની સાથે જોડાયેલા શબ્દોને પણ ચતુર્થી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે. (એવી રૂઢિ જોવા મળે છે.) દા. ત. नमः, स्वस्ति, स्वाहा, स्वधा અને वषट् આ ક્રિયાવાચક અવ્યયોની સાથે જોડાયેલા શબ્દોને હંમેશાં ચતુર્થી વિ.માં જ મૂકવામાં આવે છે. જેમકે,

૧. ગણેશને નમસ્કાર (હજો) : गणेशाय नमः ।	૨. સીતાનું કલ્યાણ (થજો) : सीतायै स्वस्ति ।
૩. ઈન્દ્રને સ્વાહા (= ઈન્દ્રને ઉદ્દેશીને આ આહુતિ આપવામાં આવે છે) : इन्द्राय स्वाहा ।	૪. (મૃત) પિતૃઓને સ્વધા : पितृभ्यः स्वधा । (મૃત પિતૃઓને અપાતી અંજલિમાં વપરાતો અવ્યય)

૫. અગ્નિને વષટ્ (શ્રૌત યજ્ઞોમાં દેવોને ઉદ્દેશીને આહુતિ અપાય ત્યારે વપરાતો અવ્યય- વષટ્) : अग्नये वषट् ।

नमः (ને નમસ્કાર) એવો એકલો અવ્યય વપરાયો હોય તો, ઉપપદ વિભક્તિ તરીકે ચતુર્થી જ વપરાય, પણ नमः+कृ નું કોઈ રૂપ વપરાયું તો (નમસ્કાર કરાય છે) તો ત્યાં નમસ્કાર્ય વ્યક્તિ દ્વિતીયા વિભક્તિમાં મૂકાય છે. જેમકે, नारायणं नमस्कृत्य । (આ કારક વિભક્તિ બની જાય છે.) પણ ક્યારેક नृसिंहाय नमस्कुर्मः । જેવો પ્રયોગ પણ જોવા મળે તો ત્યાં नृसिंहम् अनुकूलयितुं नमस्कुर्मः । એવો અધ્યાહાર છે એમ જાણવું.

(ख) પર્યાપ્ત હોવું-સમર્થ હોવું-અર્થમાં વપરાયેલા अलम् અવ્યયના યોગમાં પણ ચતુર્થી વિભક્તિ વપરાય છે.

સંસ્કૃત ભાષામાં અલમ્
અવ્યય બે અર્થમાં વપરાય છે :

અટકવું- રોકવું અર્થમાં અલમ્ યોગે તૃતીયા વિભક્તિ વપરાય છે. ↓	પર્યાપ્ત (પૂરતું) હોવું / સમર્થ હોવું-અર્થમાં અલમ્ યોગે ચતુર્થી વિભક્તિ વપરાય છે. ↓
૧. અતિ વિસ્તાર કરવાનું રહેવા દો. अतिविस्तरेण अलम् ।	૧. રામ રાવણને માટે પૂરતા છે. रामः रावणाय अलम् ।
૨. હે રાજા ! તારા શ્રમથી અટક. हे महीपाल ! तव श्रमेण अलम् ।	૨. પ્રભુ મોક્ષ આપવા સમર્થ છે. प्रभुः मोक्षाय अलम् ।

સમર્થ 'અર્થ' વ્યક્ત કરવો હોય ત્યારે अलम् અવ્યયની સાથે तुम् (હેત્વર્થ કૃદન્તનો) પ્રત્યય પણ વપરાય છે. रामः अश्वम् आरोढुम् अलम् । 'રામ ઘોડે બેસવા સમર્થ છે.' તથા 'અટકવું' - પ્રતિષેધ - અર્થ વ્યક્ત કરવો હોય ત્યારે અલમ્ની સાથે त्वा (સંબંધક ભૂતકૃદન્ત)નો પ્રયોગ થાય છે. हे बाले ! अलं रुदित्वा ।' 'હે બાલા ! રડવાનું રહેવા દે.'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

II.4.8. 'અમુકને માટે આ વસ્તુ છે' એમ કહેવું હોય ત્યારે 'જેને માટે હોય' તેને ચતુર્થી વિ.માં મૂકવામાં આવે છે. (એટલે કે તાદર્થ્યે = પ્રયોજન વાચક શબ્દને ચતુર્થી વિ. લાગે છે.) દા. ત.,

૧. યૂપ (= યજ્ઞસ્તંભ)ને માટે (આ) લાકડું (છે.)
યૂપાય દારુ ।

૨. ઘડાને માટે માટી (છે.)
घटाय मृत्तिका (अस्ति) ।

૩. કુંડળને માટે સુવર્ણ (છે.)
कुण्डलाय सुवर्णम् (अस्ति) ।

II.5.0 પંચમી વિભક્તિનો પ્રયોગ

સંસ્કૃત ભાષામાં અપાદાનકારક વાચક શબ્દને પંચમી વિભક્તિ લગાડવામાં આવે છે. આથી, 'અપાદાનકારક' કોને કહેવામાં આવે છે ? એની પહેલાં ચર્ચા કરીશું : વાગ્વ્યવહાર દરમ્યાન આપણે ઘણીવાર 'અમુકમાંથી આ કે તે છૂટું પડ્યું / અલગ થયું' એવા સન્દર્ભો વિષે પણ વાત કરવી પડતી હોય છે. એટલે કે બે સંયુક્ત પદાર્થોના વિયોગ વિષે વાતચીત કરવાનો-વાક્યપ્રયોગ કરવાનો-સન્દર્ભ ઊભો થતો હોય છે. હવે જ્યારે બે (સંયુક્ત) પદાર્થોનો વિયોગ થાય છે ત્યારે એક પદાર્થ 'વિભાગજનક ક્રિયાનો આશ્રય' હોય છે, અને બીજો પદાર્થ 'વિભાગ (નામના ગુણ)નો આશ્રય' હોય છે. જેમકે, 'પાંદડું વૃક્ષ ઉપરથી પડે છે.' અહીં પર્ણ વિભાગજનક (= પતન) ક્રિયાનો આશ્રય છે (એટલે કે પડવાની ક્રિયા પાંદડું કરે છે), અને વૃક્ષ 'વિભાગનો આશ્રય' બને છે (એટલે કે વૃક્ષમાં વિભાગ નામનો ગુણ રહે છે). આ બેમાંથી જે પદાર્થ 'વિભાગનો આશ્રય' છે (દા. ત. વૃક્ષ) તેને અપાદાનકારક કહેવામાં આવે છે. [તથા જે પદાર્થ વિભાગજનક ક્રિયાનો આશ્રય છે, એટલે કે જે પડનાર વ્યક્તિ છે તે (દા. ત. પાંદડું)ને 'કર્તા' કહેવાય છે.]



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri.

હવે બીજે તબક્કે - એ વિચારીએ કે પાંદડાના પડવાથી વિભાગ (નામનો ગુણ) ક્યાં રહ્યો ? અર્થાત્ પાંદડું ક્યાંથી છૂટું પડે છે ? તો 'વૃક્ષ ઉપરથી'. આથી 'વૃક્ષ'ને 'અપાદાનકારક' કહેવાશે, અને તેને પંચમી વિભક્તિ લાગશે. તો-

पर्णम्   वृक्षात्   पतति ।

(અહીં 'વૃક્ષ' જ્યાંથી છુટા પડવાની ક્રિયા થાય છે, તે અવધિ point of seperation - સૂચવતો શબ્દ છે. તેને વ્યાકરણની પરિભાષામાં અપાદાન કહેવાય છે.)

* * *

હવે, જ્યાંથી છુટા પડવાની ક્રિયા થાય છે, તે અવધિભૂત અપાદાનકારકો અનેક પ્રકારના જોવા મળે છે તેની ચર્ચા કરીશું : અપાદાનકારકના સામાન્ય દૃષ્ટિએ ત્રણ ભેદ પડે છે : (૧) અચલ અપાદાન, (૨) ચલ અપાદાન અને (૩) બુદ્ધિકૃત અપાદાન. દા. ત. (૧) वृक्षात् पर्णं पतति । 'વૃક્ષ ઉપરથી પાંદડું પડે છે'. અહીં પતનક્રિયામાં અવધિભૂત પદાર્થ 'વૃક્ષ' છે, તે પોતે સ્થિર (= અચલ) છે. આથી તેને 'અચલ અપાદાન' કહેવાશે. (૨) देवदत्तः धावतोऽश्वात् पतति । 'દેવદત્ત દોડતા ઘોડા ઉપરથી પડે છે.' અહીં પતનક્રિયામાં અવધિભૂત પદાર્થ અશ્વ છે અને તે પોતે દોડી રહ્યો છે. મતલબ કે તે અશ્વ 'ચલ અપાદાન'નું ઉદાહરણ છે. (૩) रामः अध्ययनात् पराजयते । 'રામ અધ્યયનથી કંટાળે છે'. અહીં ભણવાની ક્રિયા દુઃખકારક છે એમ વિચારીને કોઈ શિષ્ય ભણવાનું છોડી દે, ભણવાનો ત્યાગ કરે છે. તો શિષ્ય પહેલાં અધ્યયન કરવા વિશે વિચારે છે ત્યારે તે એક મિનિટ પૂરતો અધ્યયનની સાથે મનથી જોડાય છે અને પછી બીજી મિનિટે તેને જણાય છે કે 'ભણવું દુષ્કર છે' ત્યારે તે તેનાથી માનસિક રીતે છુટો પડે છે. આને 'બુદ્ધિકૃત અપાદાન' કહે છે. પહેલા બે પ્રકારના -ચલ અને અચલ-અપાદાન સ્થૂળ અપાદાન છે, જ્યારે આ ત્રીજું અપાદાન સૂક્ષ્મ-માનસિક પ્રકારનું છે.

II.5.1. (નિયમ-૧) : (સ્થૂળ રીતે કે માનસિક રીતે) જ્યાંથી છુટા પડવાનું હોય, તે પદાર્થને અપાદાનકારક ગણીને, તેને પંચમી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે. દા. ત.

૧. પાણી   વાદળમાંથી   પડે છે/વરસે છે.
   કર્તા   અપાદાન   ક્રિયાપદ
   जलम्   मेघात्   पतति/वर्षति ।

૨. નદી   પર્વતમાંથી   નીકળે છે/વહે છે.
   કર્તા   અપાદાન   ક્રિયાપદ
   नदी   पर्वतात्   निःसरति/वहति ।

૩. સીતા   કૂવામાંથી   પાણી   કાઢે છે.
   કર્તા   અપાદાન   કર્મ   ક્રિયાપદ
   सीता   कूपात्   जलम्   उद्धरति । (उद्+हरति)

૪. રમેશ   વિમાનમાંથી   પડે છે.
   रमेशः   विमानात्   पतति ।

૫. માતા બાળકને અગ્નિ પાસેથી નિવારે છે.
   અપાદાન
   जननी   बालकम्   अग्नेः   वारयति ।

૬. વિજળી વાદળમાં(થી)   પ્રકાશે છે.
   विद्युत् बलाहकात्   विद्योतते ।

૭. કૃષ્ણ   માતાથી   સંતાઈ જાય છે.
   कृष्णः   जनन्याः (પંચમી), निलीयते ।

૮. છાત્ર   ભણવાથી   કંટાળે છે.
   छात्रः   अध्ययनात्   पराजयते । (ग्लायति)

૯. શિષ્ય   ઉપાધ્યાય પાસેથી વેદ   ભણે છે.
   शिष्यः   उपाध्यायात्   वेदम्   अधीते ।

૧૦. પ્રજાઓ બ્રહ્મમાંથી   જન્મે છે.
   प्रजाः ब्रह्मणः (ईश्वरात्) प्रजायन्ते ।

૧૧. ભાગીરથી હિમાલયમાંથી જન્મે છે.
   भागीरथी   हिमालयात्   प्रभवति ।

૧૨. गोमयाद्   वृश्चिको   जायते ।
   'ગાયના છાણમાંથી   વીંછી   જન્મે છે.'

૧૩. प्राणाद्   वायुः अजायत   (ઋગ્વેદ ૧૦.૯૦)
   'પ્રાણમાંથી વાયુ જન્મ્યો.'

૧૪. कामाद्   क्रोधोऽभिजायते । (गीता)
   'કામમાંથી ક્રોધ જન્મે છે.

૧૫. पुत्रः पितुः निलीयते ।
   'પુત્ર પિતાથી સંતાઈ જાય છે.'

આ દરેક ઉદાહરણને ધ્યાનથી વાંચો, અને વિચારો કે 'ક્યાંથી' અને 'શું' છૂટું પડે છે ? અહીં જુદા જુદા પ્રકારના ધાતુઓ (ક્રિયાપદો) દ્વારા સ્થૂળ રીતે કે માનસિક રીતે છુટા પડવાની વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહીં છુટા પડનાર પદાર્થને 'કર્તા' કહેવામાં આવે છે; અને તે જ્યાંથી છુટો પડે છે, તે (પદાર્થ)ને 'અપાદાનકારક' કહે છે. (આવા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અપાદાનકારક વાચક શબ્દને પંચમી વિભક્તિ લગાડવામાં આવે છે.)

II.5.2. (નિયમ-૨) : વાક્યમાં 'ડરવું' કે 'બચાવવું' અર્થવાળા ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે 'જેનાથી ડરવાનું હોય' અને 'જેનાથી- જેના થકી- બચાવવાનું હોય' તે પદાર્થને પણ અપાદાન ગણીને, પંચમી વિ. લગાડવામાં આવે છે.

૧. છોકરી ચોરથી ડરે છે / ગભરાય છે.	૨. ઈશ્વર ભક્તને અધર્મથી બચાવે છે.
कन्या चौरात् बिभेति ।	ईश्वरः भक्तम् अधर्मात् रक्षति / त्रायते ।
૩. હે ઈશ્વર ! તું મને મૃત્યુથી બચાવ.	૪. ગોવાળિયો અડદથી ગાયને નિવારે છે.
(हे ईश्वर !) त्वं माम् मृत्योः (પંચમી) त्राहि/पाहि ।	गोपालः माषेभ्यो गां वारयति ।

આવી જ રીતે, જ્યાંથી અટકવાનું હોય, જેની જુગુપ્સા કરવાની હોય અને જેનાથી (= જેના વિષે) પ્રમાદ કરવાનો હોય, જેનાથી શરમાવાનું હોય તેને પણ પંચમી વિ. લાગે છે. દા. ત.

૫. રામ પાપથી અટકે છે.	૬. યુધિષ્ઠિર પાપની જુગુપ્સા કરે છે.
रामः पापात् विरमति ।	युधिष्ठिरः पापात् जुगुप्सते ।
૭. દુર્યોધન ધર્મથી પ્રમાદ કરે છે.	૮. પુત્રવધૂ સસરાથી શરમાય છે.
दुर्योधनः धर्मात् प्रमाद्यति ।	पुत्रवधूः श्वसुरात् जिह्रेति ।

નોંધ : ઉપર્યુક્ત ૧ થી ૭ વાક્યોમાં પણ તાર્કિક દૃષ્ટિએ જોતાં જણાશે કે, આ વાક્યોમાં આવેલા તમામ પંચમ્યન્ત પદો 'માનસિક = બુદ્ધિકૃત' અપાદાનનાં જ ઉદાહરણો છે. (એટલે કે II.5.1 નિયમ નીચે આમનો પણ સમાવેશ કરી શકાય છે.)

૮. (બે) છાત્રોમાંથી કોઈ એક છાત્ર નગરમાં જાય છે.	૯. (ઘણા) છાત્રોમાંથી કોઈ એક નગરમાં જાય છે.
(द्वाभ्यां) छात्राभ्याम् अन्यतरः नगरम् गच्छति ।	छात्रेभ्यः अन्यतमः नगरम् गच्छति ।

નોંધ : અહીં 'બે છાત્રોમાંથી' અને 'ઘણા છાત્રોમાંથી' કોઈ એકને અલગ તારવવામાં (= છુટો પાડવામાં) આવે છે. આથી તે બે શબ્દોને અપાદાન ગણીને, પંચમી વિભક્તિમાં મૂકવામાં આવ્યા છે. બીજું, બેમાંથી એકને છુટો પાડવો હોય (અલગ તારવવો હોય) ત્યારે સંસ્કૃતમાં अन्यतर શબ્દ વપરાય છે. તથા ઘણા બધામાંથી કોઈ એકને અલગ તારવવા માટે अन्यतम શબ્દ વપરાય છે. (આની વિશેષ સમજૂતી III:2.5 (ङ) માં કરવામાં આવશે.)

II.5.3. (નિયમ-૩) વાક્યમાં તુલના = સરખામણી કરવાનો સન્દર્ભ હોય ત્યારે 'નીચા / ઉતરતા પદાર્થ'ને અપાદાનકારક ગણીને પંચમી વિ. લગાડવામાં આવે છે., (તથા ઉત્કૃષ્ટ પદાર્થને પ્રથમા વિ. લાગે છે.) દા. ત.

૧. પાટલિપુત્રના લોકો કરતાં, માથુરો (= મથુરાના લોકો) વધુ ધનિક છે.

અપકૃષ્ટ પદાર્થ ઉત્કૃષ્ટ પદાર્થ

पाटलिपुत्रकेभ्यः (પંચમી), माथुराः आढ्यतराः सन्ति ।

૨. રમેશ કરતાં મહેશ વધુ હોંશિયાર છે.

અપકૃષ્ટ ઉત્કૃષ્ટ

रमेशात् महेशः पटुतरः अस्ति ।

૩. આરણ્યકો કરતાં નાગરિકો વધુ પાપી છે.

અપકૃષ્ટ ઉત્કૃષ્ટ

(અહીં 'વધુ પાપી' હોવાની બાબતમાં નાગરિકો ઉત્કૃષ્ટ છે અને તેમની અપેક્ષાએ પાપી હોવાની બાબતમાં આરણ્યકો ઓછાં પાપી, એટલે કે અપકૃષ્ટ-નીચે ઊતરતાં-છે.)

आरण्यकेभ्यः नागरिकाः पापीयांसः सन्ति ।

(અહીં 'આરણ્યકો' અને 'નાગરિકો'—એ બેની તુલના છે.)

II.5.4. (નિયમ-૪) : જ્ઞાપક-હેતુવાચક શબ્દોને પંચમી વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે. દા. ત.

૧. પર્વત ઉપર અગ્નિ છે; કારણ કે ત્યાં ધૂમાડો છે.

पर्वते अग्निः अस्ति, धूमात् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ વાક્યમાં-પર્વત ઉપર અગ્નિ હોવામાં 'ધૂમાડો' લિંગ = જ્ઞાપક હેતુ છે. આથી તે જ્ઞાપક હેતુવાચક 'ધૂમ' શબ્દને પંચમી વિ.માં (धूमात्) મૂકવામાં આવે છે. આ જ પ્રમાણે, भूतले घटः नास्ति, अनुपलब्धेः । ભૂતળ ઉપર 'ઘડો નથી, કારણ કે ત્યાં જોવા મળતો નથી.' અહીં अनुपलब्धि (નહીં મળવાપણું) તે જ્ઞાપક હેતુ છે, તેને પંચમી વિ. લાગી છે.

૨. આ શ્લોકમાં, इव શબ્દનો પ્રયોગ હોવાથી, ઉપમાલંકાર છે.

अस्मिन् श्लोके उपमालंकारः अस्ति, 'इव' शब्दप्रयोगात् ।

અહીં, ઉપમાલંકારના અસ્તિત્વનું દ્યોતન કરનાર इव શબ્દ 'જ્ઞાપક-હેતુ' (= લિંગ) છે. તેને પંચમી વિભક્તિ લાગે છે.

૩. ઘડો નાશવંત છે; કાર્ય (= ઉત્પાદ્ય) હોવાને કારણે. ૪. ભરત માણસ છે, મર્ત્ય હોવાને કારણે.

घटः नश्वरः, कार्यत्वात् । भरतः मानवः अस्ति, मर्त्यत्वात् ।

૫. न ईश्वरः जगतः कारणम् उपपद्यते । कुतः । वैषम्यनैर्घृण्यप्रसंगात् । (શાંકરભાષ્ય). ઈશ્વર જગત્‌નું કારણ (= કર્તા) હોય એમ સિદ્ધ થતું નથી. શા કારણે ? કારણ કે એમ હોય તો ઈશ્વર ઉપર વૈષમ્ય અને ક્રૂરતાના ગુણનો આરોપ આવી પડે.

નોંધ : અહીં જે પંચમ્યન્ત પદો છે, તેમાંથી અપાદાનનો (= કશું છુટું પડવાનો) અર્થ મળતો નથી. પણ તે પદો જ્ઞાપક હેતુ કોણ છે તેનો બોધ કરાવે છે. શાસ્ત્રગ્રન્થોમાં પંચમી વિ. લગાડેલા આવાં જ્ઞાપકહેતુ વાચક = કારણ વાચક શબ્દોનો વારંવાર પ્રયોગ થયેલો જોવા મળે છે. આથી તેમનો ગુજરાતીમાં અનુવાદ કરવાનો હોય ત્યારે 'કારણ કે', કે 'અમુક હોવાથી' એવાં પદો વાપરવા પડે છે.

II.5.5 'અમુકના સિવાય' એવા અર્થવાળા विना અને ऋते અવ્યયોના યોગે, તથા 'બીજાથી ભિન્ન, જુદું' અર્થવાળા अन्य, पर, इतर, आरात् જેવા શબ્દોના યોગે પણ પંચમી વિભક્તિ વપરાય છે. દા. ત.

૧. जलात् विना जीवनं नास्ति । 'જળ સિવાય જીવન શક્ય નથી.'

૨. धर्माद् ऋते सुखं नास्ति । 'ધર્મ સિવાય સુખ મળતું નથી.'

૩. वृन्दावने कृष्णाद् अन्यः न कोऽपि पुरुषः । 'વૃન્દાવનમાં કૃષ્ણથી-સિવાય-બીજો કોઈ પુરુષ નથી.'

૪. वनाद् आरात् ग्रामं वर्तते । 'વનની પાસે ગ્રામ છે.' (અથવા 'વનથી દૂર ગ્રામ છે.')

એ જ પ્રમાણે, प्रभृति, आरभ्य, बहिः, अनन्तरम् (પછી), परं, ऊर्ध्वम् જેવાં અવ્યયો પણ પંચમી વિભક્તિ લે છે. દા. ત. ૧. शैशवात् प्रभृति हरिस्मरणं कर्तव्यम् । 'બાળપણથી માંડીને હરિસ્મરણ કરવું જોઈએ.' ૨. मालत्याः प्रथमावलोकन- दिवसाद् आरभ्य माधवः अन्यमनस्कः अभवत् । 'માલતીને પ્રથમવાર જોયાના દિવસથી આરંભીને, માધવ અન્યમનસ્ક થયો છે.' ૩. ग्रामाद् बहिः वनं वर्तते । 'ગામની બહાર વન આવેલું છે.' ૪. व्याकरणाद् अनन्तरं वेदाध्ययनं कर्तव्यम् । 'વ્યાકરણ (ભણ્યા) પછી વેદાધ્યયન કરવું જોઈએ.' વગેરે.

II.6.2. ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ :

આપણે શબ્દવ્યવહારમાં જે વાક્યોનો પ્રયોગ કરીએ છીએ તેમાં નામપદો અને ક્રિયાપદોનો ઉપયોગ કરીએ છીએ. પરંતુ આવે વખતે આપણે (૧) નામપદોનો ક્રિયાપદની સાથે સંબંધ જોડીને (સાદું) વાક્ય બનાવીએ છીએ; તથા (૨) એક નામપદની સાથે બીજા નામપદનો સંબંધ જોડીને તે વાક્યનો વિસ્તાર પણ કરીએ છીએ. અહીં 'નામપદોનો ક્રિયાપદની સાથે જે સંબંધ' હોય છે તેને ''ક્રિયા-કારક ભાવ સંબંધ'' કહે છે. દા. ત.



અહીં 'સીતા' નામની વ્યક્તિ રાંધવાની ક્રિયા કરનાર (= 'કર્તા') તરીકે રાંધવાની ક્રિયાને અસ્તિત્વમાં લાવે છે. 'લાકડાં' જેવો પદાર્થ રાંધવાની ક્રિયાને સાધન ભાવે (= કરણકારક તરીકે) ઉપકાર કરે છે. ચોખા જેવો પદાર્થ તે રાંધવાની ક્રિયાનું ફળ (= ઢીલા પડવાપણું) ધારણ કરીને (= કર્મકારક બનીને) તે ક્રિયાને ઉપકાર કરે છે. તથા 'તપેલી' જેવો પદાર્થ રાંધવાની ક્રિયાના કર્મ-ચોખા-ને ધારણ કરી રાખીને (અર્થાત્ અધિકરણકારક બનીને) પરોક્ષ રીતે ક્રિયાને ઉપકાર કરે છે. આમ સીતા, લાકડાં, ચોખા અને તપેલી જેવા પદાર્થો ભેગા મળીને રાંધવાની ક્રિયા કરે છે. આથી તે ક્રિયા કરનારા પદાર્થો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(= કારકો) અને ક્રિયાની વચ્ચે 'ક્રિયાકારક ભાવ સંબંધ' છે એમ કહેવાશે. [આવાં કારકવાચક નામપદો અને ક્રિયાપદ વચ્ચેનો સંબંધ વ્યક્ત કરવા માટે પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી વિભક્તિનો પ્રયોગ કરવામાં આવે છે.]

હવે, અહીં એ નોંધપાત્ર છે કે આ સઘળાં કારકોને જેવી રીતે ક્રિયા જોડે (દા. ત. सीता → पचति । काष्ठैः → पचति। વગેરે) સંબંધ છે; તેવી રીતે તે તે કારકોને (ક્રિયાપદ ઉપરાંત) બહારના જગત્ જોડે પણ કોઈક પ્રકારનો સંબંધ હોય છે. જેમકે,



અર્થાત્ रामस्य ← लवः → पचति । वनस्य ← काष्ठैः → पचति । ऊर्मिलायाः ← तण्डुलान् → पचति । એટલે કે

અહીં 'લવ'નો રાંધનાર કર્તાકારક તરીકે રાંધવાની ક્રિયાની જોડે (१-अ) સંબંધ હોવાની સાથે સાથે, જગત્‌ના એક બીજા પદાર્થની સાથે (१-ब) પણ સંબંધ છે. લવનો જગત્‌ના બીજા એક પદાર્થ-રામ-સાથેનો સંબંધ તે 'જન્ય-જનક ભાવ સંબંધ' છે. (અર્થાત્ રામ જનક = પિતા છે; અને લવ જન્ય = પુત્ર છે.) લવ (કર્તાકારક)નો આ સંબંધ બીજા એક નામપદ (रामस्य)થી દર્શાવાય છે.

વળી, 'લાકડાં'નો સાધન તરીકે (= કરણકારક રૂપે) રાંધવાની ક્રિયા જોડે (२-अ) સંબંધ હોવા, ઉપરાંત જગત્‌ના બીજા એક પદાર્થની સાથે (२-ब) પણ સંબંધ છે. લાકડાંનો જગત્‌ના બીજા એક પદાર્થ-વન-ની સાથેનો સંબંધ તે 'અવયવ-અવયવી ભાવ સંબંધ' છે. (અર્થાત્ લાકડાં અવયવ છે અને વન અવયવી છે.) લાકડાં (કરણકારક)નો આ સંબંધ બીજા એક નામપદ (वनस्य) થી સૂચવાયો છે.

તથા 'ચોખા'નો ક્રિયાજન્ય ફલના આશ્રય તરીકે (કર્મકારક રૂપે) રાંધવાની ક્રિયા જોડે (૩-अ) સંબંધ હોવા, ઉપરાંત જગત્‌ના બીજા એક પદાર્થની સાથે (૩-ब) પણ સંબંધ છે. ચોખા-તંદુલ-નો જગત્‌ના બીજા એક પદાર્થ-ઊર્મિલા-ની સાથેનો સંબંધ તે 'સ્વ-સ્વામિ ભાવ સંબંધ' છે. (અર્થાત્ તંદુલ સ્વ (= કોઈકની માલિકીના) છે; અને ઊર્મિલા (તે ચોખાની સ્વામિની = માલિક છે.) તંદુલ (કર્મકારક)નો આ સંબંધ બીજા એક નામપદ (ऊर्मिलायाः)થી દર્શાવાયો છે.

આમ એક નામપદનો બીજા નામપદ સાથે સંબંધ જોડવા ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થાય છે. કારકોના જગત્ જોડેના આ સંબંધો આમ તો અસંખ્ય પ્રકારના હોઈ શકે છે. પરંતુ તેવા સંબંધો મુખ્યત્વે ત્રણ પ્રકારના જોવા મળે છે. જેમકે,

૧. સ્વ-સ્વામિભાવ સંબંધ–राज्ञः पुरुषः । (રાજાનો માણસ.) [બીજા શબ્દોમાં આને 'સેવ્ય-સેવકભાવ સંબંધ' પણ કહે છે. જેમકે, રાજા સ્વામી પણ છે અને સેવ્ય પણ છે; તથા પુરુષ 'સ્વ પણ છે અને સેવક પણ છે.]

૨. અવયવ-અવયવી ભાવ સંબંધ- पशोः पादः । (પશુનો પગ) અહીં પશુ અવયવી (= અંગી) છે અને પગ તે અવયવ (= અંગ) છે.

૩. જન્ય-જનક ભાવ સંબંધ– पितुः पुत्रः । दशरथस्य रामः । (પિતાનો પુત્ર. દશરથનો રામ). અહીં પિતા દશરથ 'જનક' છે અને પુત્ર રામ 'જન્ય' છે. ભાષામાં આવા સ્વસ્વામિભાવાદિ સંબંધો વ્યક્ત કરવા માટે ષષ્ઠી વિભક્તિનો ઉપયોગ કરવામાં આવે છે. કારકોનો જગત્ જોડેનો સંબંધ દર્શાવનારા આવાં (ષષ્ઠ્યન્ત પદો જે તે કારકનાં વિશેષણ બને છે અને તેવાં) ષષ્ઠ્યન્ત પદોનો ઉપયોગ કરવાથી વાક્યનો વિસ્તાર થતો જાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

II.6.1. (નિયમ-૧) સ્વ-સ્વામિભાવ વગેરે સંબંધો દર્શાવવા માટે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થાય છે.

નોંધ : હવે, અહીં પ્રશ્ન થશે કે કયા શબ્દને ષષ્ઠી વિભક્તિનો પ્રત્યય લાગે છે ? તો, અગાઉ કહ્યું છે તેમ કારકો ક્રિયા(પદ) ઉપરાંત, જગત્‌ના બીજા એક પદાર્થની સાથે પણ સંબંધિત હોય છે. અહીં, કારકો જગત્‌ના જે અન્ય પદાર્થોની સાથે સંબંધિત હોય છે, તે અન્ય સંબંધી પદાર્થવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે. દા. ત.

સીતા વનના લાકડાંથી રાંધે છે.

સીતા વનસ્ય કાષ્ઠૈઃ પચતિ ।

અહીં કરણ-કારક-લાકડાં-ની સાથે જગત્‌નો બીજો જે એક પદાર્થ-વન- જોડાયેલો છે, તે (વન)ને ષષ્ઠી વિ.નો પ્રત્યય લાગ્યો છે.

* * *

ગુજરાતી ભાષાની દૃષ્ટિએ જોઈએ તો, જે શબ્દની પાછળ '-નો', '-ની' '-નું', '-નાં' એવા પ્રત્યયો લાગેલા હોય તે શબ્દોને, સંસ્કૃતમાં અનુવાદ કરતી વખતે, ષષ્ઠી વિ.નો પ્રત્યય લાગે છે. (વનના = વનસ્ય)

હવે કેટલાંક વાક્યો ઉદાહરણ તરીકે જોઈશું –

૧. રાજાનો મહેલ છે. નૃપસ્ય પ્રાસાદઃ અસ્તિ ।
૨. ભરતની નગરી છે. भरतस्य नगरी अस्ति ।
૩. કૃષ્ણાનું ધન છે. कृष्णायाः धनम् अस्ति ।
૪. નળના સૈનિકો દોડે છે. नलस्य सैनिकाः धावन्ति ।
૫. વૃક્ષની ડાળી છે. वृक्षस्य शाखा अस्ति ।
૬. મારું નાક છે. मम नासिका अस्ति ।
૭. તારું ગામ છે. तव ग्रामम् अस्ति ।
૮. આપણા શિક્ષક છે. अस्माकं गुरुः अस्ति ।
૯. તમારા પુત્રો જાય છે. युष्माकं पुत्राः गच्छन्ति ।
૧૦. અમારા શત્રુઓ બેસે છે. अस्माकं शत्रवः उपविशन्ति ।
૧૧. તારી પત્ની જુવે છે. तव पत्नी पश्यति ।

નોંધ : ગુજરાતીમાં નામની પાછળ ષષ્ઠી વિભક્તિના -નો, -ની, -નું, -ના પ્રત્યયો લાગે છે તથા 'હું-અમે' કે 'તું-તમે' જેવા સર્વનામની પાછળ ગુજરાતીમાં -રો, -રી, -રા, -રું, -ણા, -ણું, -ણી જેવા પ્રત્યયો લાગે છે. જુઓ ૬ થી ૧૧ સુધીનાં વાક્યો)

II.6.2. (નિયમ-૨) : જે સમુદાયમાંથી કોઈને અલગ તારવવામાં આવે છે (એટલે કે કોઈનું નિર્ધારણ કરવામાં આવે છે) ત્યારે, તે સમુદાયવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ (અથવા સપ્તમી વિભક્તિ) લગાડવામાં આવે છે. દા. ત.,

૧. વિદ્યાર્થીઓમાંથી મૈત્ર (નામનો વિદ્યાર્થી) હોંશિયાર છે. (સમુદાયવાચક શબ્દ)
છાત્રાણાં (અથવા છાત્રેષુ) મૈત્રઃ પટુતમઃ / ચતુરતમઃ અસ્તિ ।

૨. માણસોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે.
માનવાનાં (માનવેષુ) બ્રાહ્મણઃ શ્રેષ્ઠઃ અસ્તિ ।

૩. ગાયોમાં કાળી ગાય બહુ દૂધ આપનારી છે.
ધેનૂનામ્ (ધેનુષુ) કૃષ્ણા (ધેનુઃ) બહુક્ષીરા અસ્તિ ।

૪. બધી નદીઓમાં ભાગીરથી શ્રેષ્ઠ છે.
સર્વાસાં નદીનાં (નદીષુ) ભાગીરથી શ્રેષ્ઠા ।

આમ, અહીં સમુદાયવાચક શબ્દો (વિદ્યાર્થીઓ, માણસો, ગાયો અને નદી)ને ષષ્ઠી વિભક્તિ (અથવા સપ્તમી વિભક્તિ)ના પ્રત્યયો લગાડવામાં આવ્યા છે.

II.6.3. (નિયમ-૩) : જેમના તરફ અનાદર દર્શાવવાનો હોય, તે પદાર્થને પણ ષષ્ઠી (અથવા સપ્તમી) વિભક્તિ લગાડવામાં આવે છે. દા. ત.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. પુત્રોના રડતાં કપિલ સંન્યાસી થઈ ગયો. पुत्राणां रुदतां कपिलः प्राव्राजीत् । (અથવા पुत्रेषु रुदत्सु कपिलः प्राव्राजीत् ।)	૨. पश्यतो राक्षसस्य नन्दाः पशव इव हताः । મંત્રી રાક્ષસના દેખતાં, નન્દરાજાઓ પશુની જેમ હણાયા.

અહીં ભાવલક્ષણ =(ક્રિયાન્તર) ઉપરાંત 'અનાદર' રૂપી અર્થ જ અધિકપણે અભિવ્યક્ત કરવાની ઇચ્છા હોય છે. જેમકે,''અમાત્ય રાક્ષસ જીવતો હતો, દેખતો હતો છતાંય નન્દરાજાઓનો વધ થયો.'' જ્યારે કેવળ ભાવલક્ષણ = ક્રિયાન્તર લક્ષિત કરવું હોય ત્યારે સતિ સપ્તમીનો અનુવાદ 'જ્યારે-ત્યારે'વાળી રચનાથી થાય છે. જેમકે, पुत्रे रुदति, कपिलः प्राव्राजीत् ॥ 'પુત્ર રડતો હતો ત્યારે, કપિલ સંન્યાસી થઈને ચાલી નીકળ્યો.' પણ જ્યારે 'અનાદર' પણ વ્યક્ત કરવો હોય ત્યારે સતિસપ્તમીને બદલે ષષ્ઠી વિભક્તિ વપરાય છે અને 'છતાંય' શબ્દથી તેનો અનુવાદ થાય છે. જેમકે, पुत्रस्य रुदतः कपिलः प्राव्राजीत् । 'પુત્ર રડતો હતો છતાંય કપિલ સંન્યાસ લઈને ચાલી નીકળ્યો.' અહીં કપિલ ક્યારે સંન્યાસી થઈ ગયો ? - એ પ્રશ્નના જવાબમાં પુત્રની જ્ઞાત રુદન ક્રિયાથી અજ્ઞાત એવી સંન્યાસી થઈ જવાની ક્રિયા લક્ષિત (સૂચિત) થાય છે. આમ રુદન ક્રિયાથી ભાવલક્ષણ = ક્રિયાન્તરનું સૂચન થાય છે. તેથી સતિસપ્તમીને અવકાશ છે. (જેથી રુદનક્રિયાવાચક रुदत् - વર્તમાન કૃદન્ત-શબ્દને અને એ ક્રિયા કરનાર કર્તા પુત્રને સપ્તમી લાગે છે –) पुत्रे रुदति, कपिलः प्राव्राजीत् ॥ પણ ભાવલક્ષણ ઉપરાંત, અનાદર-તિરસ્કાર-ઉપેક્ષા - એવા અર્થો પણ વ્યક્ત કરવા હોય તો કેવળ સપ્તમી નહીં, પણ ષષ્ઠી વિભક્તિ પણ વપરાય છે : पुत्रस्य रुदतः, कपिलः प्राव्राजीत् । બીજું એક ઉદાહરણ જોઈએ તો मुनीनां पश्यतां नरेश्वरः त्रिशङ्कुः सशरीरो दिवं जगाम । 'બીજા મુનિઓ જોતા રહ્યા અને રાજા ત્રિશંકુ સદેહે સ્વર્ગે ગયા.' (રઘુવંશ)

II.6.4. (નિયમ-૪) : 'જેની પાસે' અમુક વસ્તુ હોય તે (માલિક વ્યક્તિ વાચક) શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. અર્થાત્ માલિકી (Possessive) અર્થમાં ષષ્ઠી વિભક્તિ લાગે છે. દા. ત.,

૧. 'દશરથને (ચાર) પુત્રો છે.' 'દુર્યોધનને યુદ્ધ ઉપકારિ છે. (અહીં, ષષ્ઠી વિભક્તિનો 'નો', 'ની', 'નું', કે 'ના' પ્રત્યય વપરાયો નથી. પણ '-ને' એવો પ્રત્યય વપરાયો છે, જે 'માલિકી' એવો અર્થ સૂચવે છે.)
दशरथस्य (चत्वारः) पुत्राः सन्ति । दुर्योधनस्य युद्धम् उपकारि अस्ति ।

૨. 'મારી પાસે સુવર્ણ છે.' (અહીં 'અમુકની પાસે'નો અર્થ ''નજીકમાં'' એમ કરવાનો નથી, પણ ''અમુકની માલિકી'' એવો અર્થ કરવાનો છે. તેથી ત્યાં અનુવાદ ષષ્ઠી વિભક્તિથી થશે.)
मम सुवर्णम् अस्ति । (અહીં मम समीपे એવો અનુવાદ કરવાનો નથી.)

II.6.5. (નિયમ-૫) उपरि, समीपे, कृते, समक्षम्, अग्रे, पुरः, पुरतः, अधः, दक्षिणतः, उत्तरतः એવા અવ્યયોની સાથે જોડાયેલા શબ્દને પણ ષષ્ઠી વિ. લાગે છે. દા. ત.

૧. વૃક્ષની ઉપર વાંદરો બેઠો છે. वृक्षस्य उपरि वानरः उपविशति ।	૩. નગરની સામે નદી વહે છે. नगरस्य पुरतः नदी वहति ।	૫. વૃક્ષોની નીચે બાળકો રમે છે. तरूणाम् अधः बालाः क्रीडन्ति ।
૨. પતિને માટે તે તપ કરે છે. भर्तुः कृते सा तपश्चरति ।	૪. શંકરની પાસે ભૂતો ઊભા છે. शङ्करस्य समीपे भूताः तिष्ठन्ति ।	૬. નગરની દક્ષિણે સ્મશાન છે. नगरस्य दक्षिणतः श्मशानमस्ति ।

II.6.6. ति, तृ, अ કે अन જેવા કૃત્ પ્રત્યયો લાગીને બનેલા કૃદન્ત શબ્દનો પ્રયોગ થયો હોય ત્યારે કર્તાવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે. (આને 'कर्तरि षष्ठी' કહે છે.) દા. ત.

૧. 'शाकुन्तलं' तु कालिदासस्य कृतिः (अस्ति) ।
'શાકુન્તલ' એ તો કાલિદાસની રચના છે. (અહીં નાટકરૂપી કૃતિ (રચના)ના કર્તા 'કાલિદાસ' છે; તેમને ષષ્ઠી વિભક્તિમાં રજૂ કરેલ છે.)

૨. विष्णुमित्रस्य गानं मधुरम् आसीत् ।
'વિષ્ણુમિત્રનું ગાન મધુર હતું.' (અહીં ગાનક્રિયા કરનાર વિષ્ણુમિત્ર 'કર્તા' છે, તેને अन પ્રત્યયાન્ત गान એવા કૃદન્ત શબ્દના યોગે ષષ્ઠી વિભક્તિ લાગી છે.)

કૃદન્ત શબ્દના પ્રયોગની સાથે જો ક્યારેક કર્તાવાચક શબ્દ અને કર્મવાચક શબ્દ પણ આવીને ઊભા રહે તો કર્મવાચક શબ્દને (જ) ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે; અને કર્તાવાચક શબ્દને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. જેમકે, आश्चर्यम्, अगोपेन गवां दोहः (सञ्जातः) । 'આશ્ચર્ય કહેવાય કે - એક ગોવાળિયો નહીં એવી વ્યક્તિએ ગાયોનો દોહ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(= દોહન) કર્યો.[૧૦] અહીં દોહનક્રિયાના કર્મ ગો પદાર્થને ષષ્ઠી વિભક્તિમાં મૂકેલ છે, અને દોહનક્રિયા કરનાર કર્તા અગોપ વ્યક્તિને તૃતીયામાં રજૂ કરેલ છે. आचार्येण शब्दानाम् अनुशासन् (कृतम्) 'આચાર્યે (= પાણિનિએ) શબ્દોનું અનુશાસન કર્યું.' અહીં અનુશાસન ક્રિયાના કર્મ शब्दને ષષ્ઠી વિભક્તિ લાગી છે, અને કર્તા आचार्य શબ્દને તૃતીયા વિભક્તિ લાગી છે.

કૃત્ય પ્રત્યયોવાળા ('અમુક ક્રિયા કરવી જોઈએ' એવો અર્થ દર્શાવતા) કૃદન્ત શબ્દોનો પ્રયોગ હોય ત્યાં કર્તાવાચક શબ્દને (વિકલ્પે) ષષ્ઠી વિભક્તિ અથવા (ક્યારેક) તૃતીયા વિભક્તિ પણ લાગે છે. દા. ત. मम सेव्यः हरिः । અથવા मया सेव्यः हरिः । 'મારે હરિને સેવવા જોઈએ.' અહીં सेव्य 'સેવવા જોઈએ' એવા કૃત્ય પ્રત્યયાન્ત શબ્દના યોગમાં સેવન ક્રિયા કરનાર કર્તા अहम् 'હું'-ને ષષ્ઠીમાં કે તૃતીયામાં (मम કે मया) મૂકવામાં આવેલ છે.

II.6.7. स्मृ (યાદ કરવું), दय् (દયા ખાવી) અને अनु + कृ (અનુકરણ કરવું) ધાતુવાચ્ય ક્રિયાના કર્મકારકને ષષ્ઠી વિભક્તિમાં મૂકવામાં આવે છે. દા. ત. ૧. मातुः स्मरणम् (पुण्यजनकम् अस्ति) । 'માતાનું સ્મરણ' (પુણ્યકારી હોય છે). અહીં સ્મરણક્રિયાના કર્મ તરીકે मातृ શબ્દને (દ્વિતીયા નહીં લાગતાં) ષષ્ઠી વિભક્તિ લાગે છે. ૨. हे देव नन्द ! राक्षसः ते प्रसादानाम् स्मरति । 'હે દેવ નન્દ ! પેલો રાક્ષસ (અમાત્ય) તમારી કૃપાઓને યાદ કરે છે.' અહીં સ્મરણક્રિયાના કર્મ તરીકે 'પ્રસાદ' (= કૃપા) છે. તેને ષષ્ઠીમાં મૂકેલ છે. ૩. भीमस्य अनुकरिष्यामि मम बाहुः शस्त्रं भविष्यति । '(હું) ભીમનું (કર્મ) અનુકરણ કરીશ, મારો હાથ જ મારું શસ્ત્ર બનશે.' ૪. ननु कलभेन यूथपतेः अनुकृतम् । અરે ! આ મદનિયાએ તો મોટા ગજરાજનું અનુકરણ કર્યું. અહીં અનુકરણ ક્રિયાના કર્મ તરીકે भीम શબ્દને અને यूथपति શબ્દને ષષ્ઠી વિભક્તિમાં મૂકેલ છે.

II.6.8. कृते (ને માટે) हेतोः (ને કારણે) જેવા શબ્દોની સાથે પણ ષષ્ઠી વિભક્તિ વપરાય છે : જેમકે, ૧. **रामस्य कृते** पितुः आज्ञा शिरोधार्या । 'રામને માટે પિતાની આજ્ઞા મસ્તકે ચઢાવવા જેવી છે.' ૨. **कस्य हेतोः** विस्मृतम् । 'શા કારણે ભૂલી જવાયું ?' ૩. **अल्पस्य हेतोः** बहु हातुम् इच्छन् । (હે રાજા દિલીપ !) અત્યંત નાના હેતુને માટે (= એક ગાયને બચાવવા માટે) તું ઘણા બધાનો (= પોતાના શરીરનો) નાશ કરવા તું ઇચ્છે છે.' (રઘુવંશ)

II.7.0. સપ્તમી વિભક્તિનો પ્રયોગ :

સંસ્કૃત ભાષામાં સામાન્ય રીતે 'અધિકરણકારક' વાચક શબ્દને સપ્તમી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે. આથી, 'અધિકરણ-કારક' કોને કહેવાય ? એની પહેલાં ચર્ચા કરીશું. ત્યાર પછી, અધિકરણ-કારક ઉપરાંત બીજા કયા કયા અર્થોની અભિવ્યક્તિ કરવા માટે સપ્તમી વિભક્તિનો ઉપયોગ કરવામાં આવે છે તે જોઈશું.

√पच् √पठ √कृ વગેરે ધાતુઓથી 'ક્રિયા'નો બોધ થાય છે. પરંતુ અહીં પ્રશ્ન થશે કે 'ક્રિયા' એટલે શું ? તો-ક્રિયા એટલે 'વ્યાપાર' અને 'ફળ'. દા. ત. સીતા ચોખા રાંધે છે. આ વાક્યમાં વપરાયેલો 'રાંધવું' એવો ક્રિયાવાચક શબ્દ સાંભળવાથી શ્રોતાના મનમાં-૧. ચૂલો સળગાવવો, તપેલી અગ્નિ ઉપર મૂકવી, તપેલીમાં ચોખાપાણી વગેરે નાંખવું, હલાવવું અને છેલ્લે તપેલી નીચે ઉતારવી એવા એવા 'વ્યાપાર'નો બોધ થાય છે; તથા ૨. આવો વ્યાપાર કરવાથી ચોખા ઢીલા પડવા રૂપી કોઈક 'ફળ' આવ્યું હશે—એનો પણ બોધ થાય છે. હવે 'રાંધવું' ક્રિયાના વ્યાપારને ધારણ કરનારને 'કર્તા' કહેવાય છે; જે આ વાક્યમાં 'સીતા' છે. તથા રાંધવાની ક્રિયાથી જન્મેલા (ઢીલા પડવા રૂપી) ફળને ધારણ કરનારને 'કર્મ' કહેવાય છે; જે આ વાક્યમાં 'ચોખા' છે.

પરંતુ રાંધવાની ક્રિયાના વ્યાપારને ધારણ કરનાર સીતા (= કર્તાકારક) પોતે જો બીજા કોઈક (રસોડા જેવા) આધાર-સ્થાનમાં ઊભી / બેઠી નહીં હોય તો રાંધવાની ક્રિયા કરી શકાશે જ નહીં. એ જ પ્રમાણે, રાંધવાની ક્રિયાના ફળને ધારણ કરનાર ચોખા (= કર્મકારક) પોતે જો બીજા કોઈક (તપેલી જેવા) આધારસ્થાનમાં નહીં મૂક્યા હોય તો પણ રાંધવાની ક્રિયા થઈ શકશે નહીં. આથી કર્તા કે કર્મમાં રહેલી ક્રિયા (= વ્યપાર અને ફળ)નો જે આધાર હોય છે, તેને વ્યાકરણની પરિભાષામાં 'અધિકરણકારક' કહેવામાં આવે છે. આવા અધિકરણકારકને સપ્તમી વિભક્તિના પ્રત્યય લગાડવામાં આવે છે. દા. ત.

---

૧૦. અહીં दुह् ધાતુને કૃદન્તનો घञ् (अ) પ્રત્યય લાગીને दोह શબ્દ બન્યો છે; તથા अनु+शास् ધાતુને કૃદન્તનો अन પ્રત્યય લાગીને અનુશાસન શબ્દ બન્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. રસોડામાં <u>સીતા</u> લાકડાંથી તપેલીમાં ચોખા <u>રાંધે છે.</u>

ઉદ્દેશ્ય | જગત્ (વક્તા-શ્રોતાથી ભિન્ન → પ્રથમ પુરુષ એકવચન

રાંધવાની ક્રિયા કરનાર ↓ ક્રિયાના 'વ્યાપારને ધારણ કરનાર ↓ કર્તા ↓ (પ્રથમા વિભક્તિ એકવચન) સીતા

ક્રિયાપદ (તેમાં પ્રથમ પુરુષ, એકવચનનો તિ પ્રત્યય વપરાશે. ↑ (વર્તમાનકાળ પ્રથમ પુ. એ. વ.નું ક્રિયાપદ) पचति

હવે બીજે તબક્કે :- રાંધવાની ક્રિયામાં પ્રકૃષ્ટ ઉપકારક = સાધનભૂત પદાર્થ લાકડાં છે. તેથી તેને કરણકારક કહેવાશે, અને તેને તૃતીયા વિ. નો પ્રત્યય લગાડવો પડશે, તથા રાંધવાની ક્રિયા જેની ઉપર થાય છે. અર્થાત્ રાંધવાની ક્રિયાનું ફળ જેમાં આવવાનું છે તે ચોખાને કર્મકારક ગણવામાં આવશે. તેથી તેને દ્વિતીયા વિભક્તિનો પ્રત્યય લાગશે.

રસોડામાં સીતા લાકડાંથી તપેલીમાં ચોખા રાંધે છે.

લાકડાંથી: રાંધવાની ક્રિયામાં પ્રકૃષ્ટ ઉપકારક | કરણ ↓ તૃતીયા વિભક્તિ, બહુવચન

ચોખા: ક્રિયાના ફળને ધારણ કરનાર | કર્મ ↓ દ્વિતીયા વિભક્તિ, બહુવચન

રસોડામાં સીતા काष्ठैः તપેલીમાં तण्डुलान् पचति ।

હવે ત્રીજે તબક્કે :- એ વિચારો કે - સીતાને = કર્તાને ધારણ કરી રાખનાર કયું આધારસ્થાન છે ? તો 'રસોડું'. એને અધિકરણકારક ગણાશે. એ જ પ્રમાણે ચોખાને = કર્મને ધારણ કરી રાખનાર કયો આધારપદાર્થ છે ? તો 'તપેલી'. એને પણ અધિકરણકારક કહેવાશે. આ બન્ને અધિકરણોને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવશે.

રસોડામાં સીતા काष्ठैः તપેલીમાં तण्डुलान् पचति ।

રસોડામાં: કર્તાનું આધારસ્થાન ↓ અધિકરણકારક ↓ સપ્તમી વિ.

તપેલીમાં: કર્મનું આધારસ્થાન ↓ અધિકરણકારક ↓ સપ્તમી વિ.

महानसे सीता काष्ठैः स्थाल्यां तण्डुलान् पचति ।
(= पाकशालायां)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અધિકરણ કારકની આ ચર્ચાની સાથે સાથે જ બીજી પણ એક વિચારણા કરવી આવશ્યક છે. જેમકે, ક્રિયામાત્રને જન્મવા માટે 'સ્થળ' અને 'કાળ' રૂપી બે અસાધારણ નિમિત્તકારણોની પણ જરૂર પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો અમુક ચોક્કસ સ્થળ અને 'કાળ'ની બહાર કોઈ જ ક્રિયા થઈ શકતી નથી. એટલે કે, ઉપર વર્ણવેલાં ''કર્તા અને કર્મ દ્વારા (through) ક્રિયાને ધારણ કરનારાં'' બે અધિકરણો ઉપરાંત, ૩. કારકસમૂહને ધારણ કરનાર કોઈ દિક્ (સ્થળ) રૂપી અધિકરણ; અને ૪. ક્રિયા જેમાં જન્મે છે તે 'કાળ' રૂપી અધિકરણ પણ વાક્યમાં નિર્દેશવામાં આવે છે. દા. ત.,

૨. સવારે વનમાં, સીતા કુટિરમાં લાકડાંથી તપેલામાં ચોખા રાંધે છે

કારક સમૂહ

प्रात:कालेवने(सीता कुटिरे काष्ठैः स्थाल्यां तण्डुलान्) पचति ।

અહીં - સીતા (કર્તૃકારક), કુટિર (અધિકરણકારક), લાકડાં (કરણકારક), તપેલી (અધિકરણકારક), ચોખા (કર્મકારક) જેવા કારકસમૂહને ધારણ કરનાર સ્થળ 'વન' છે. તેને પણ સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. તથા રાંધવાની ક્રિયા કયા સમયે થાય છે ? એની જિજ્ઞાસા / આકાંક્ષા સંતોષવા દિવસનો જે 'પ્રાતઃકાળ' છે, તેને પણ સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

૩. બપોરે | પૂર્વ દિશામાં | રામ પુષ્પક વિમાનમાં ઉડે છે.

रामः पुष्पकविमाने उड्डयते ।

मध्याह्ने पूर्वस्यां दिशि रामः पुष्पकविमाने उड्डयते ।

અહીં 'રામ' અને 'પુષ્પક વિમાન' જેવા કારકસમૂહને ધારણ કરનાર 'પૂર્વદિશા' રૂપી સ્થળને પણ અધિકરણ ગણીને સપ્તમી વિ.માં મૂકવામાં આવે છે. તથા ઉડવાની ક્રિયાને ધારણ કરનાર કાલ(વાચક શબ્દ 'બપોર')ને પણ સપ્તમી વિ. લગાડવામાં આવે છે.

આ પ્રકારનાં બીજાં કેટલાંક વાક્યો જોઈશું :

૪. આજે । ગીતા વાંચે છે.
अद्य (= अस्मिन् दिवि) गीता पठति ।

૬. આગામિની માસે । રામ રાજસિંહાસને બેસશે.
आगामिनि मासे रामः राजसिंहासने उपवेक्ष्यति ।

૫. ગઈ કાલે । પાંડવો વનમાં ગયા.
ह्यः/गतवासरे पाण्डवाः वनम् अगच्छन् ।

૭. આવતી કાલે । ભરત વનમાંથી ઘરમાં આવશે.
आगामिनि दिने भरतः वनात् गृहम् आगमिष्यति ।

II.7.1. (નિયમ-૧) આધારસ્થાન દર્શાવતા શબ્દોને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. દા. ત.,

૧. તું સાદડી ઉપર બેસું છું.
त्वं कटे उपविशसि ।

૩. ઘરની નજીકમાં વૃક્ષ ઊભું છે.
गृहस्य समीपे वृक्षः तिष्ठति ।

૫. મોર પર્વતની ઉપર નૃત્ય કરે છે.
मयूरः पर्वते नृत्यति ।

૭. તલમાં તેલ છે.
तिलेषु तैलम् अस्ति ।

૨. નૌકા નદીમાં છે.
नौका नद्याम् अस्ति ।

૪. હું વનની અંદર મૃગોને જોઉં છું.
अहम् वने मृगान् पश्यामि ।

૬. મનુષ્યો ઘરની અંદર રહે છે.
मनुष्याः गृहे वसन्ति ।

૮. મને બ્રહ્મને વિશે જિજ્ઞાસા છે.
मम ब्रह्मणि जिज्ञासा अस्ति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધ : ગુજરાતી ભાષાની વાક્યરચનામાં આધારસ્થાનવાચક શબ્દોને (= અધિકરણ કારકને) '-માં, અંદર, ઉપર, -ની ઉપર', '-ને વિશે' જેવા અનુગો/ પ્રત્યયો લાગ્યા હોય છે.

II.7.2. (નિયમ-૨) : જેના ઉપર પ્રેમ કરવાનો હોય તે વ્યક્તિ / પદાર્થને પણ સપ્તમી વિ.માં મૂકવામાં આવે છે. (આવે વખતે વાક્યમાં √स्निह, अभिलष्, કે अनुरंज् જેવા ક્રિયાપદોનો પ્રયોગ થયો હોય છે.)

૧. માતા પુત્રને સ્નેહ કરે છે.
माता पुत्रे स्निह्यति ।

૨. દુષ્યન્ત શકુન્તલામાં અનુરક્ત છે.
दुष्यन्तः शकुन्तलायाम् अनुरक्तः अस्ति ।

II.7.3. એ જ પ્રમાણે, ક્રિયાનું નિમિત્ત/પ્રયોજન (= પ્રાપ્ય વસ્તુ) દર્શાવતા શબ્દને પણ સપ્તમીમાં મૂકાય છે. चर्मणि द्वीपिनं हन्ति । 'ચામડાને માટે દીપડાને હણે છે.' दन्तयोः हस्तिनं हन्ति । 'બે (હાથી)દાંતને માટે હાથીને હણે છે.' [નોંધ : 'સતિ સપ્તમી'નો વિચાર પ્રકરણ-૪માં કરવામાં આવશે.]

II.7.4. સંતાનોત્પત્તિની ક્રિયામાં (પિતાને અપાદાનકારક અને) માતાને અધિકરણકારક ગણવામાં આવે છે. (આ સંસ્કૃત ભાષાની એક વિશેષતા છે.)

૧. दशरथात् कौसल्यायां रामः जातः ।
દશરથથી કૌસલ્યામાં રામ જન્મ્યા.

II.8. કોઈ વ્યક્તિને ઉદ્દેશીને કંઈ કહેવામાં આવે તે પહેલાં, જો તેને સંબોધન કરવું હોય તો તે વ્યક્તિવાચક શબ્દનો 'સંબોધન વિભક્તિ'માં પ્રયોગ કરવામાં આવે છે.[11]

દા. ત. ૧. હે રામ ! તમે અહીં આવો.
हे राम ! त्वम् अत्र आगच्छ ।
(સંબોધન વિભક્તિ)

૨. હે પ્રભુ ! તમે મારો ઉદ્ધાર કરો.
भो प्रभो ! त्वम् माम् उद्धर ।
(સંબોધન વિભક્તિ)

નોંધ : સર્વનામવાચક શબ્દને માટે 'સંબોધન વિભક્તિ' હોતી જ નથી. (એટલે કે 'હે હું', 'હે તું,' 'હે તમે' 'હે સૌ'—એમ બોલાતું નથી.)

II.9.I. સ્વાધ્યાય :

નીચેના વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરો :

(પ્રથમા)

૧. હું બોલું છું.	(वद)	१. अहम् वदामि ।
૨. નદી વહે છે.	(वह)	२. नदी वहति ।
૩. અગ્નિ સળગે છે.	(दह)	३. अग्निः दहति ।
૪. તું ફેંકે છે.	(क्षिप)	४. त्वम् क्षिपसि ।
૫. તમે બે હરી જાવ છો.	(हृ हर)	५. युवाम् हरथः ।
૬. ઋષિ યજન કરે છે.	(यज)	६. ऋषिः यजति ।
૭. અમે યજન કરીએ છીએ.		७. वयम् यजामः ।
૮. હું યાદ કરું છું.	(स्मृ)	८. अहम् स्मरामि ।
૯. અમે બે ફરીએ છીએ.	(अट)	९. आवाम् अटावः ।
૧૦. તું ઇચ્છે છે.	(इष् इच्छ)	१०. त्वम् इच्छसि ।
૧૧. ઋષિઓ નમે છે.	(नम)	११. ऋषयः नमन्ति ।
૧૨. રાજા જીતે છે.	(जि जय)	१२. नृपः जयति ।
૧૩. તેઓ જાય છે.	(गम् गच्छ)	१३. ते गच्छन्ति ।
૧૪. તું (હરિને) ભજે છે.	(भज)	१४. त्वम् (हरिम्) भजसि ।
૧૫. પશુઓ ચરે છે.	(चर)	१५. पशवः चरन्ति ।

૧૧. કારક વિચારણા અને વિભક્તિપ્રયોગ બાબતે તલસ્પર્શી જ્ઞાન મેળવવું હોય તો - कारकप्रकरणम् ॥ સં. વસન્તકુમાર મ. ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૮૭ (દ્વિતીયાવૃત્તિ) જોવા અનુરોધ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧૬. અમે રહીએ છીએ.	(वस्)	१६. वयम् वसामः ।
૧૭. હું જીવું છું.	(जी)	१७. अहम् जीवामि ।
૧૮. તમે બેસો છો.	(उप + दिश्)	१८. यूयम् उपविशथ ।
૧૯. અમે છીએ.	(अस्)	१९. वयम् स्मः ।
૨૦. તું છે.	(अस्)	२०. त्वम् असि ।
૨૧. ગુરુ જાણે છે.	(बुध बोध)	२१. गुरुः बोधति ।
૨૨. શિષ્યો વાંચે છે.	(पठ)	२२. शिष्याः पठन्ति ।
૨૩. વિદૂષક ખાય છે.	(खाद्)	२३. विदूषकः खादति ।
૨૪. અમે આપીએ છીએ.	(दा< यच्छ)	२४. वयम् यच्छामः ।
૨૫. આચાર્ય જુવે છે.	(दृश्< पश्य)	२५. आचार्यः पश्यति ।
(દ્વિતીયા)		
૨૬. સેવક ભારને વહે છે.	(वह)	२६. सेवकः भारं वहति ।
૨૭. તું કમળ જુવે છે.	(दृश्< पश्य)	२७. त्वं कमलं पश्यसि ।
૨૮. રાજા શઠોને દંડે છે.	(दण्ड)	२८. नृपः शठान् दण्डयति ।
૨૯. ચોર ધાન્યને ચોરે છે.	(चुर्< चोरय)	२९. चौरः धान्यं चोरयति ।
૩૦. અમે પુસ્તકને શોધીએ છીએ.	(मृग)	३०. वयम् पुस्तकं मार्गयामः ।
૩૧. હું સત્ય બોલું છું.	(वट)	३१. अहम् सत्यं वदामि ।
૩૨. તું બે ફળ ખાય છે.	(खाद)	३२. त्वं फले खादसि ।
૩૩. તેઓ પુસ્તકો વાંચે છે.	(पठ)	३३. ते पुस्तकं पठन्ति ।
૩૪. ઘોડાઓ ગામમાં દોડે છે.	(धाव्)	३४. अश्वा ग्रामं धावन्ति ।
૩૫. ભક્ત ઈશ્વરને પૂજે છે.	(पूज्)	३५. भक्तः ईश्वरं पूजयति ।
૩૬. ઋષિ ક્રોધને જીતે છે.	(जि < जय)	३६. ऋषिः क्रोधं जयति ।
૩૭. તું પાણી સિંચે છે.	(सिञ्च)	३७. त्वं जलं सिञ्चसि ।
૩૮. અમે બે સૂર્યને નમીએ છીએ.	(नम्)	३८. आवाम् सूर्यं नमावः ।
૩૯. હું બે હાથ ધોઉં છું.	(क्षाल्)	३९. अहम् हस्तौ क्षालयामि ।
૪૦. ગોપાળ ઘાસ લઈ જાય છે.	(नी< नय)	४०. गोपालः तृणं नयति ।
૪૧. અમે મન્દિરમાં જઈએ છીએ.	(गम < गच्छ)	४१. वयम् मन्दिरं गच्छामः ।
૪૨. તમે બે મસ્તકને સ્પર્શો છો.	(स्पृश्)	४२. युवाम् मस्तकं स्पृशथः ।
૪૩. તેઓ બે નગરમાં પ્રવેશે છે.	(विश्)	४३. तौ नगरं विशतः ।
૪૪. ગુરુ ધર્મવાક્ય કહે છે.	(कथ)	४४. गुरुः धर्मवाक्यं कथयति ।
૪૫. સીતા શરીરને શણગારે છે.	(भूष्)	४५. सीता शरीरं भूषयति ।
૪૬. તમે ભાત રાંધો છો.	(पच)	४६. यूयम् ओदनं पचथ ।
૪૭. હું અર્ધ્ય આપું છું.	(दा < यच्छ)	४७. अहम् अर्घ्यं यच्छामि ।
૪૮. અમે બે વનમાં ફરીએ છીએ.	(अट)	४८. आवाम् वनम् अटावः ।
૪૯. તમો વિદ્યા ઇચ્છો છો.	(इच्छ)	४९. यूयम् विद्याम् इच्छथ ।
૫૦. તેઓ માર્ગ પૂછે છે.	(पृच्छ)	५०. ते मार्गम् पृच्छन्ति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(તૃતીયા)

૫૧. રમેશ દંડથી ઘડો બનાવે છે.	५१. रमेशः दण्डेन घटं करोति ।
૫૨. રથ યન્ત્રો વડે ચાલે છે.	५२. रथः यन्त्रैः चलति ।
૫૩. ઉદયન તર્કથી જીતે છે.	५३. उदयनः तर्केण जयति ।
૫૪. રામ વાનરોથી યુદ્ધ જીતે છે.	५४. रामः वानरैः युद्धं जयति ।
૫૫. સીતા ઘડાથી જળ લાવે છે.	५५. सीता घटेन जलम् आनयति ।
૫૬. સિંહ નખોથી મૃગને હણે છે.	५६. सिंहः नखैः मृगं हन्ति ।
૫૭. તું અલંકારોથી શરીર શણગારે છે.	५७. त्वम् अलंकारैः शरीरं भूषयसि ।
૫૮. તે વિધિથી યજ્ઞ કરે છે.	५८. सः विधिना यज्ञं करोति ।
૫૯. અમે શ્લોકોથી વર્ણવીએ છીએ.	५९. वयं श्लोकैः वर्णयामः ।
૬૦. હું પુણ્યથી હરિને જોઉં છું.	६०. अहं पुण्येन हरिं पश्यामि ।
૬૧. તડકાથી જળ સૂકાય છે.	६१. आतपेन जलं शुष्यति ।
૬૨. અમે બે ગોત્રથી ભારદ્વાજ છીએ.	६२. आवाम् गोत्रेण भारद्वाजौ स्वः ।
૬૩. સીતા લાકડાંથી ભાત રાંધે છે.	६३. सीता काष्ठैः ओदनं पचति ।
૬૪. તેઓ બે પગથી દોડે છે.	६४. ते पादाभ्यां धावन्ति ।
૬૫. પશુ બે આંખથી જુએ છે.	६५. पशुः नेत्राभ्यां पश्यति ।
૬૬. અર્જુન પ્રકાશથી વનને જુવે છે.	६६. अर्जुनः प्रकाशेन वनं पश्यति ।
૬૭. તે કોદાળીથી ખોદે છે.	६७. सः खनित्रेण खनति ।
૬૮. નાવડી નદી દ્વારા સમુદ્રમાં પ્રવેશે છે.	६८. नाविका नदेन समुद्रं प्रविशति ।
૬૯. જ્ઞાની શાસ્ત્રોથી તત્ત્વને જાણે છે.	६९. बुधः शास्त्रैः तत्त्वम् अवगच्छति।
૭૦. જીવ દુઃખથી મોહ પામે છે.	७०. जीवः दुःखेन मुह्यति ।
૭૧. તમે બે કુઠારથી વૃક્ષ કાપો છો.	७१. युवाम् कुठारेण वृक्षान् छिनत्ति ।
૭૨. ઈન્દ્ર વજ્રથી વલને મારે છે.	७२. इन्द्रः वज्रेण वलं ताडयति ।
૭૩. દેવો સદાચારથી યજ્ઞમાં આવે છે.	७३. देवाः सदाचारेण यज्ञम् आगच्छन्ति।
૭૪. તું પુષ્પોથી દેવને પૂજે છે.	७४. त्वं पुष्पैः देवं पूजयसि ।
૭૫. અમે સૌ બે આંખોથી વાંચીએ છીએ.	७५. वयम् नेत्राभ्यां पठामः ।

(ચતુર્થી)

૭૬. હું દેવને પુષ્પ આપું છું.	७६. अहं देवाय पुष्पम् अर्पयामि ।
૭૭. તું ફળો માટે ઉદ્યાનમાં જાય છે.	७७. त्वं फलेभ्यः उद्यानं गच्छति ।
૭૮. કર્ણ બ્રાહ્મણને સુવર્ણ આપે છે.	७८. कर्णः विप्राय सुवर्णं यच्छति ।
૭૯. રામ રાવણ પ્રત્યે ગુસ્સે થાય છે.	७९. रामः रावणाय क्रुध्यति ।
૮૦. તમે કલ્યાણને માટે હરિને ભજો છો.	८०. यूयं कल्याणाय हरिं भजथ ।
૮૧. ઋષિ પુણ્યને માટે તપ કરે છે.	८१. ऋषिः पुण्याय तपः चरति ।
૮૨. હંસપદિકા વસુમતીની અસૂયા કરે છે.	८२. हंसपदिका वसुमत्यै असूयति ।
૮૩. ગણેશને નમસ્કાર હજો.	८३. गणेशाय नमः ।
૮૪. ભીમ દુર્યોધનને માટે પૂરતો છે.	८४. भीमः दूर्योधनाय अलम् ।
૮૫. અમે સૂર્યને અર્ઘ્ય આપીએ છીએ.	८५. वयं सूर्याय अर्घ्यं यच्छामः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૮૬. ગુરુ શિષ્યને ધર્મ કહે છે.	८६. गुरुः शिष्याय धर्मम् उपदिशति।
૮૭. કૃષ્ણાનું કલ્યાણ હજો.	८७. कृष्णायै स्वस्ति ।
૮૮. અંગદ સુગ્રીવને નિવેદન કરે છે.	८८. अंगदः सुग्रीवाय निवेदयति ।
૮૯. ચંડિકાને નમસ્કાર હજો.	८९. चण्डिकायै नमः ।
૯૦. સરસ્વતીને સ્વાહા.	९०. सरस्वत्यै स्वाहा ।
૯૧. ગુરુને નમસ્કાર હજો.	९१. गुरवे नमः ।
૯૨. વૃન્દા ધર્મની સ્પૃહા રાખે છે.	९२. वृन्दा धर्माय स्पृहयति ।
૯૩. તમે શિષ્યને શાસ્ત્ર ઉપદેશો છો.	९३. यूयं शिष्याय शास्त्रम् उपदिशथ।
૯૪. વિનય સુખને માટે હોય છે.	९४. विनयः सुखाय भवति ।
૯૫. પરપીડન પાપને માટે હોય છે.	९५. परपीडनं पापाय भवति ।
૯૬. રમેશે મહેશને રૂપિયો ચૂકવવાનો છે.	९६. रमेशः महेशाय रूपकं धारयति।
૯૭. બ્રાહ્મણોને લાડુ ભાવે છે.	९७. ब्राह्मणेभ्यः मोदकाः रोचन्ते ।
૯૮. ભીમ દુર્યોધનને માટે ગુસ્સે થાય છે.	९८. भीमः दुर्योधनाय कुप्यति ।
૯૯. વિદૂષક ધનિકની ઈર્ષ્યા કરે છે.	९९. विदूषकः धनिकाय ईर्ष्यति ।
૧૦૦. ભક્ત વિષ્ણુ પાસેથી મોક્ષનો લેણદાર છે.	१००. विष्णुः भक्ताय मोक्षं धारयति।
(પંચમી)	
૧૦૧. વાદળમાંથી પાણી વરસે છે.	१०१. मेघेभ्यः जलं वर्षति ।
૧૦૨. શકુનિ આસનેથી પડે છે.	१०२. शकुनिः आसनात् पतति ।
૧૦૩. કોટરમાંથી સાપ બહાર આવે છે.	१०३. कोटरात् सर्पः बहिर्गच्छति ।
૧૦૪. પશુઓ તળાવમાંથી પાણી પીવે છે.	१०४. पशवः कासारात् जलं पिबन्ति ।
૧૦૫. ખાબોચીયામાંથી ભૂંડ નીકળે છે.	१०५. पल्वलेभ्यः वराहाः उत्तिष्ठन्ति।
૧૦૬. કન્યા માતા પાસેથી ભોજન મેળવે છે.	१०६. कन्या जनन्याः भोजनं प्राप्नोति।
૧૦૭. ઋષિઓ આશ્રમમાંથી નીકળે છે.	१०७. ऋषयः आश्रमात् निर्गच्छन्ति ।
૧૦૮. દુઃખ પાપમાંથી નીપજે છે.	१०८. दुःख पापात् उत्पतति ।
૧૦૯. નગર વનથી દૂર છે.	१०९. नगरं वनात् दूरम् अस्ति ।
૧૧૦. હું બાગમાંથી આવું છું.	११०. अहम् उद्यानात् आगच्छामि ।
૧૧૧. તમે કુવામાંથી જળ લાવો છો.	१११. यूयं कूपात् जलम् आनयथ ।
૧૧૨. મૂર્ખા અજ્ઞાનને લીધે બબડે છે.	११२. मूर्खाः अज्ञानात् जल्पन्ति ।
૧૧૩. વીજળી વાદળમાંથી પ્રકાશે છે.	११३. विद्युत् मेघात् विद्योतते ।
૧૧૪. હું ચોરથી ડરું છું.	११४. अहम् चौरात् बिभेमि ।
૧૧૫. તું નરકમાંથી રક્ષણ કરે છે.	११५. त्वं नरकात् पासि/रक्षसि ।
૧૧૬. બ્રાહ્મણો રાજા પાસેથી ધન મેળવે છે.	११६. विप्राः नृपात् धनं लभन्ते ।
૧૧૭. તમે વનમાંથી વનમાં ફરો છો.	११७. यूयं वनात् वनं अटथ ।
૧૧૮. સ્મૃતિ કરતાં શ્રુતિ પ્રાચીન છે.	११८. स्मृत्याः/स्मृतेः श्रुतिः प्राचीना अस्ति।
૧૧૯. હિમાલયમાંથી ગંગા નીકળે છે.	११९. हिमालयात् गङ्गा प्रभवति ।
૧૨૦. માટીમાંથી ઘડો બને છે.	१२०. मृत्तिकायाः घटः भवति ।
૧૨૧. રાજા કરતાં વિદૂષક ચતુર છે.	१२१. नृपात् विदूषकः चतुरः अस्ति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧૨૨. તું જડતાને કારણે અપ્રિય છે.	१२२. त्वं जाड्यात् अप्रियः असि ।
૧૨૩. ઉપાધ્યાય પાસેથી તે વેદ ભણે છે.	१२३. उपाध्यायात् सः वेदम् अधीते ।
૧૨૪. અમે ડાળી ઉપરથી પડીએ છીએ.	१२४. वयं शाखाभ्यः पतामः
૧૨૫. અગ્નિમાંથી તણખા ઉડે છે.	१२५. अग्नेः स्फुलिंगाः उत्पतन्ति ।
(ષષ્ઠી)	
૧૨૬. રામનો પુત્ર છે.	१२६. रामस्य पुत्रः अस्ति ।
૧૨૭. દુષ્યન્તની પત્ની છે.	१२७. दुष्यन्तस्य पत्नी अस्ति ।
૧૨૮. સીતાનું ધન છે.	१२८. सीतायाः धनम् अस्ति ।
૧૨૯. નગરના માણસો છે.	१२९. नगरस्य जनाः सन्ति ।
૧૩૦. તારા પિતા જાય છે.	१३०. तव जनकः गच्छति ।
૧૩૧. તારી પત્ની ગાય છે.	१३१. तव पत्नी गायति ।
૧૩૨. ચોર તારું ધન ચોરે છે.	१३२. चौरः तव धनं चोरयति ।
૧૩૩. તું મારું પુસ્તક લઈ જાય છે.	१३३. त्वं मम पुस्तकं नयसि ।
૧૩૪. હું મારા રથથી જાઉં છું.	१३४. अहं मम रथेन गच्छामि ।
૧૩૫. મારા ઘરમાં સ્વજનો છે.	१३५. मम गृहे स्वजनाः सन्ति ।
૧૩૬. હું દેવની કૃપાથી જીવું છું.	१३६. अहम् देवस्य कृपया जीवामि ।
૧૩૭. પશુ પર્વતના શિખર પરથી પડે છે.	१३७. पशुः पर्वतस्य शिखराद् पतति ।
૧૩૮. અમારું ગામ વનની સમીપમાં છે.	१३८. अस्माकं ग्रामं वनस्य समीपे अस्ति ।
૧૩૯. હાથીઓનું ટોળું ફરે છે.	१३९. गाजानां यूथं चरति ।
૧૪૦. પૌરાણિક રાજાનું ચરિત વર્ણવે છે.	१४०. पौराणिकः नृपस्य चरित वर्णयति ।
૧૪૧. ગ્રીષ્મનો સૂર્ય તપે છે.	१४१. ग्रीष्मस्य सूर्यः तपति ।
૧૪૨. નદીનું પાણી વહે છે.	१४२. नद्याः जलम् वहति ।
૧૪૩. મથુરાના લોકો વનમાં રહે છે.	१४३. मथुरायाः जनाः वने वसन्ति ।
૧૪૪. દુશ્મનોની તલવારો પડે છે.	१४४. शत्रूणां असयः पतन्ति ।
૧૪૫. હું આપણો ધર્મ વિચારું છું.	१४५. अहम् अस्माकं धर्मं विचारयामि ।
૧૪૬. અમે વૃક્ષોના ફળો ખાઈએ છીએ.	१४६. वयम् वृक्षाणां फलानि भक्षयामः ।
૧૪૭. તમે આપણા વેદો વાંચો છો.	१४७. यूयम् अस्माकं वेदान् पठथ ।
૧૪૮. તું અમારા રથમાં બેસે છે.	१४८. त्वम् अस्माकं रथे उपविशसि ।
૧૪૯. અમે બે તમારી નૌકાને જોઈએ છીએ.	१४९. आवाम् युष्माकं नौकां पश्यावः ।
૧૫૦. કવિઓ વીરોનું ચરિત કહે છે.	१५०. कवयः वीराणां चरितं कथयन्ति ।
(સપ્તમી)	
૧૫૧. વૃક્ષ ઉપર ફળો છે.	१५१. वृक्षे फलानि सन्ति ।
૧૫૨. આકાશમાં ચન્દ્રમા છે.	१५२. आकाशे चन्द्रः अस्ति ।
૧૫૩. હિમાલય ઉપર શંકર રહે છે.	१५३. हिमालये शंकरः निवसति ।
૧૫૪. તું ઘરમાં પુસ્તક વાંચે છે.	१५४. त्वं गृहे पुस्तकं पठसि ।
૧૫૫. લંકાની અંદર સોનું છે.	१५५. लङ्कायां सुवर्णम् अस्ति ।
૧૫૬. સવારે ચન્દ્ર અસ્ત પામે છે.	१५६. प्रातःकाले चन्द्रः अस्तं गच्छति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧૫૭. ગ્રીષ્મમાં સૂર્ય તપે છે.	१५७. ग्रीष्मे सूर्यः तपति ।
૧૫૮. શરીરમાં પ્રાણો રહે છે.	१५८. शरीरे प्राणाः वसन्ति ।
૧૫૯. તું પર્વત ઉપર નાચું છું.	१५९. त्वं पर्वते नृत्यसि ।
૧૬૦. દશરથ રામને પ્રેમ કરે છે.	१६०. दशरथः रामे स्निह्यति ।
૧૬૧. તલમાં તેલ છે.	१६१. तिलेषु तैलम् अस्ति ।
૧૬૨. નદીના પાણીમાં મગરો છે.	१६२. नद्याः जले मकराः वर्तन्ते ।
૧૬૩. રામ સાદડી ઉપર સૂતા છે.	१६३. रामः कटे शेते ।
૧૬૪. વાદળાં આકાશમાં દોડે છે.	१६४. मेघाः आकाशे धावन्ति ।
૧૬૫. નારાયણને વિષે રામનો સ્નેહ વધે છે.	१६५. नारायणे रामस्य स्नेहः वर्धते ।
૧૬૬. ભક્તને મોક્ષને વિષે ઇચ્છા છે.	१६६. भक्तस्य मोक्षे इच्छा अस्ति ।
૧૬૭. મને વેદને વિષે શ્રદ્ધા છે.	१६७. मम श्रुतौ श्रद्धा अस्ति ।
૧૬૮. ગંગાના તટે મન્દિર છે.	१६८. गङ्गायाः तटे मन्दिरम् अस्ति ।
૧૬૯. હું વિશ્વનાથની નજીકમાં રહું છું.	१६९. अहं विश्वनाथस्य समीपे वसामि ।
૧૭૦. મન્દિર ઉપર જગન્નાથનો ધ્વજ ફરકે છે.	१७०. मन्दिरे जगन्नाथस्य ध्वजः विलसति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ-3

વિશેષણોનો પ્રયોગ

(વિશેષ્ય અને વિશેષણ વચ્ચે સંગતિ)

III.0.1 'વિશેષણ' એટલે શું ? શબ્દવ્યવહારમાં આપણે જે વાક્યોનો પ્રયોગ કરીએ છીએ તેમાં એક ક્રિયાપદ ઉપરાંત અન્ય નામપદોનો પ્રયોગ કરીએ છીએ. આ નામપદો (મહદંશે) ક્રિયા કરનારા જુદા જુદા પદાર્થો (=કારકો)ના વાચક હોય છે.

દા. ત., 'સીતા વનમાંથી પુષ્પો લાવે છે.'

(કર્તા) (અપાદાન) (કર્મ) —

નામપદો ક્રિયાપદ

અહીં, વાક્યમાં કર્મકારક તરીકે 'પુષ્પ' પદાર્થનો નિર્દેશ છે. હવે આવા કારક પદાર્થોને માટે જે નામપદ– 'પુષ્પો'નો પ્રયોગ થયો છે, તે કોઈક જાતિ કે સમૂહનો બોધ કરાવે છે. તેવે વખતે આપણે/વક્તા તે પદાર્થને જાતિ કે સમૂહથી અલગ તારવવા માટે કોઈક 'વિશેષણ' વાચક શબ્દનો (–બીજા એક નામપદનો) પણ પ્રયોગ કરતા હોઈએ છીએ. જેમકે,

'સીતા વનમાંથી [(લાલ) પુષ્પો] લાવે છે.'

અહીં 'લાલ' એવા એક રંગવાચક શબ્દથી, વનમાં જે અનેક રંગનાં પુષ્પો ખીલ્યાં હશે તેમાંથી સીતા કયા રંગનાં પુષ્પો લાવે છે એને અલગ તારવી બતાવ્યાં છે. અહીંયા, જાતિ કે સમૂહનો વાચક 'પુષ્પ' શબ્દ વિશેષ્ય છે; અને જાતિ કે સમૂહમાંથી અમુક પુષ્પોને અલગ પાડનાર 'લાલ' શબ્દ 'વિશેષણ' છે.[1]

બીજાં એક–બે ઉદાહરણો જોઈશું :

૧. રાધાજી કૃષ્ણને અમ્બર આપે છે.
રાધાજી કૃષ્ણને [(પીત) અમ્બર] આપે છે.
વિશેષણ વિશેષ્ય

૨. રામ રથમાં બેસે છે.
રામ [(વેગીલા) રથમાં] બેસે છે..
રામ [(સુવર્ણમય) રથમાં] બેસે છે.
વિશેષણ વિશેષ્ય

૩. ધનિકો સ્વર્ગે જતા નથી.
[(અમેરિકન) ધનિકો] સ્વર્ગે જતા નથી.
વિશેષણ વિશેષ્ય

૪. પાર્વતી શંકરને પૂજે છે.
પાર્વતી (સમાધિસ્થ) શંકરને પૂજે છે.
વિશેષણ વિશેષ્ય

૫. નદીમાં જળ છે.
નદીમાં (શીતળ) જળ છે.
વિશેષણ-વિશેષ્ય

૬. કાશીમાં ગંગા છે.
કાશીમાં (વિસ્તીર્ણ) ગંગા છે.
વિશેષણ વિશેષ્ય

આ ઉદાહરણોમાં 'પીત', 'વેગીલા', 'સુવર્ણમય' અને 'અમેરિકન'– વગેરે નામપદો વિશેષણવાચક છે. અમ્બર (= વસ્ત્રો) તો અનેક રંગના હોય છે; પરંતુ રાધાજી કૃષ્ણને જે અમ્બર આપે છે તે 'પીત' રંગનું છે. આ 'પીત' એવા વિશેષણવાચક શબ્દથી અન્ય રંગોના અમ્બરની નિવૃત્તિ થઈ જાય છે, (કે રાધા તો પીળા રંગનું જ અમ્બર આપે છે; બીજા કોઈ જ રંગનું નહીં). આ જ પ્રમાણે, 'રામ રથમાં બેસે છે.' તો રથ તો અનેક વસ્તુના બનેલા હોઈ શકે. એ અનેક પ્રકારના રથોમાંથી રામ જે રથમાં બેસે છે તે 'વેગીલો/સુવર્ણમય' છે; એમ કહેવાથી અન્ય પ્રકારના રથો (શ્રોતાના મનમાંથી) દૂર થઈ જાય છે.

---

૧. અલગ પાડનાર = વ્યાવર્તક શબ્દને 'વિશેષણ' કહેવામાં આવે છે. इतरव्यावर्तकत्वं विशेषणत्वम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આથી 'વેગીલા' અને 'સુવર્ણમય' એ શબ્દો વિશેષણવાચક ગણાય છે. ત્રીજા વાક્યમાં અનેક પ્રકારના/દેશના ધનિકોમાંથી સ્વર્ગે નહીં જનારા જે ધનિ. . છે, તેમને અલગ પાડવા માટે 'અમેરિકન' એવો વિશેષણવાચક શબ્દ વધારાનો વપરાયો છે.

III.0.2 ક્રિયા કરનારાં જુદાં જુદાં કર્તા, કર્મ વગેરે કારકોને કઈ કઈ વિભક્તિઓ લગાડવામાં આવે છે ? એની સોદાહરણ ચર્ચા આપણે પ્રકરણ–૨ માં કરી છે. હવે, પ્રકરણ–૩ માં આ કારકોનાં 'વિશેષણો'ને સંસ્કૃત ભાષામાં કેવી રીતે રજૂ કરવામાં આવે છે એની ચર્ચા કરવામાં આવશે. પરંતુ, સૌથી પહેલાં એ જોઈશું કે આ વિશેષણોના કેટલા પ્રકાર છે ?

* * *

૧. '[(મૂર્ખ) વિદૂષક] વનમાં જાય છે.' 'શ્વેતવર્ણી વિદૂષક વનમાં જાય છે.' 'ઠીંગણો વિદૂષક વનમાં જાય છે.' 'એક વિદૂષક વનમાં જાય છે.' 'હસતો વિદૂષક વનમાં જાય છે.'– આ બધાં વાક્યોમાં વિદૂષકનાં વિવિધ વિશેષણો વપરાયાં છે. તેમાંથી કોઈ ગુણવાચક છે, રંગવાચક છે, આકૃતિવાચક છે, સંખ્યાવાચક છે; તો કોઈ વર્તમાનકાલિક ક્રિયાપરક છે. પરંતુ આ બધા જ ગુણધર્મો મૂર્ખતા, શ્વેતવર્ણ, ઠીંગણાપણું વગેરે વિદૂષકની અંદર જ રહેલાં છે; (વિદૂષકની બહાર ક્યાંય રહેલાં નથી). અથવા, બીજા શબ્દોમાં કહીએ તો–મૂર્ખ(તા) અને વિદૂષક બે અલગ/પરસ્પરથી ભિન્ન પદાર્થ નથી; 'ઠીંગણો' અને 'વિદૂષક' પણ બે જુદા પદાર્થ નથી. (= ઠીંગણાપણું વિદૂષકમાં જ અભિન્નપણે રહેલું છે.) આથી, આવાં વિશેષણોને આપણે ''અભેદમૂલક વિશેષણ'' કહીશું.

૨. (क) '[< રામની (પત્ની) > સીતા] રાંધે છે.'

(ख) '[< ઊર્મિલાની સાથે > સીતા] રાંધે છે.'

(ग) [< માતા વિના > સીતા] રાંધે છે.– આ વાક્યોમાં પણ 'સીતા કેવી ?' એની રજૂઆત કરવા માટે વિવિધ વિશેષણો વપરાયાં છે. જેમકે, ''રામની (પત્ની) એવી,'' ''ઊર્મિલા સાથે (રહેલી),'' અને ''માતા વિનાની એવી''– સીતા રાંધે છે. પરંતુ, અહીં સૂક્ષ્મતાથી વિચારતાં ખ્યાલ આવશે કે આ બધાં જ વિશેષણવાચક પદો સીતાથી ભિન્ન એવા કોઈક બીજા પદાર્થનાં વાચક છે. દા. ત., રામ અને સીતા જુદાં છે; ઊર્મિલા અને સીતા જુદાં છે; તથા માતા અને સીતા જુદાં છે. (આ ત્રણેય વાક્યોમાં વપરાયેલાં વિશેષણો અનુક્રમે ૧. રાંધનાર વ્યક્તિ સીતા જગત્‌ના બીજા એક પદાર્થ–રામ–સાથે કયા સંબંધે જોડાયેલી છે તે કહે છે; ૨. સીતા કોના સાહચર્યમાં રાંધે છે તે કહે છે; તથા ૩. સીતા કોના રાહિત્યમાં/સાહિત્યનાં અભાવમાં રાંધે છે તે કહે છે.) આથી આ તમામ વિશેષણોને 'ભેદમૂલક વિશેષણો' કહીશું.

આ રીતે જોતાં, સંસ્કૃત ભાષામાં વપરાતાં વિશેષણો નીચે મુજબ છે :

વિશેષણ

૧. ભેદમૂલક
↓
(૧) ષષ્ઠી વિભક્તિથી રજૂ થતાં, 'સંબંધ'વાચક વિશેષણો
(૨) સાહચર્યનો ભાવ કહેનારા- सह, सार्धम्, साकं, समं જેવા અવ્યયોની સાથે વપરાનારાં વિશેષણો.
(૩) રાહિત્યનો/એકાકીપણાનો ભાવ કહેનારાં વિશેષણો, કે જેમની સાથે-विना, ऋते જેવા અવ્યયોનો પ્રયોગ થાય છે.

૨. અભેદમૂલક
↓
(૧) ગુણવાચક શબ્દો
(૨) રંગવાચક શબ્દો
(૩) સંખ્યાવાચક શબ્દો
(૪) સર્વનામવાચક શબ્દો
(૫) તદ્ધિતાન્ત શબ્દો
(૬) કૃદન્ત શબ્દો
(૭) સામાસિક શબ્દો
(૮) વર્તમાન કૃદન્તો { ૧. કર્તરિ વ. કૃ. / ૨. કર્મણિ વ. કૃ.
(૯) ભવિષ્યત્કૃદન્તો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાક્યમાં વિશેષણો શી કામગીરી બજાવે છે ?

સામાન્ય રીતે તો (સાદા) વાક્યમાં એક ક્રિયાપદ, અને ક્રિયા કરનારાં કર્તા, કર્માદિકારક વાચક નામપદો જ વપરાતાં હોય છે. પરંતુ આવા વાક્યનો વિસ્તાર કરવો હોય તો, ઉપર્યુક્ત પ્રકારનાં વિશેષણો ઉમેરવામાં આવે છે. દા. ત.,

૧. (क) દુષ્યન્ત રથ દ્વારા વનમાં જાય છે. (સાદું વાક્ય)
કર્તા કરણ કર્મ ક્રિયાપદ

હવે, આ વાક્યમાં કારકનાં વિશેષણો ઉમેરીશું તો તે વાક્યનું કદ વધતું જશે. જેમકે,

૧. (ख) [(વિદૂષકની સાથે) (રાજા) દુષ્યન્ત] [(સુવર્ણમય) રથ દ્વારા]
૧ ૨ ૩
[(વિદર્ભના) વનમાં] જાય છે.'' (વિશેષણ સહિતનું વાક્ય)
૪

(અહીં ૧ અને ૪ નંબરનાં પદોથી ભેદમૂલક વિશેષણ રજૂ થયાં છે; તથા ૨ અને ૩ નંબરના પદોથી અભેદમૂલક વિશેષણો રજૂ થયાં છે.)

ટૂંકમાં વિશેષણોના પ્રયોગ થકી કોઈ પણ વાક્યનું કદ વધતું હોય છે.

III.1.0. ભેદમૂલક વિશેષણોનો પ્રયોગ :

સંસ્કૃત ભાષામાં ભેદમૂલક વિશેષણો એકસરખી રીતે પ્રયોજાતાં જોવાં મળતાં નથી. તે દરેક જુદી જુદી વિભક્તિમાં વપરાય છે. હવે, આ ભેદમૂલક ત્રણ વિશેષણો કેવી રીતે વપરાય છે તે જોઈશું.

III.1.1. અગાઉ પ્રકરણ-૨ (II.6.0)માં આપણે જોઈ ગયા છીએ કે- વાક્યમાં ક્રિયા કરનારાં કારકોનો જેમ એક તરફથી ક્રિયાપદ સાથે સંબંધ હોય છે, તેમ તે કારકોનો, (ક્રિયાપદની બહાર), જગત્‌ની જોડે પણ એક સંબંધ હોય છે. આ સંબંધો મુખ્યત્વે કરીને ૧. જન્ય-જનક ભાવરૂપ સંબંધ, ૨. સ્વ-સ્વામિ ભાવરૂપ સંબંધ કે ૩. અવયવ-અવયવીભાવ રૂપ સંબંધ વગેરે હોય છે. આવા સંબંધની અભિવ્યક્તિ, (વાક્યમાં ધ્વન્યાત્મક સ્તર ઉપર) ષષ્ઠી વિભક્તિના પ્રત્યયથી કરવામાં આવે છે, જેમકે,

[(હસ્તિનાપુરનો) દુષ્યન્ત] [(કણ્વના) આશ્રમમાં] જાય છે.

અહીં 'હસ્તિનાપુરનો' એ શબ્દ 'દુષ્યન્ત'નું વિશેષણ છે. 'દુષ્યન્ત' કર્તાકારક તરીકે ગમનક્રિયા કરે છે; પણ સાથે સાથે એ દુષ્યન્તને જગત્ જોડે પણ સંબંધ છે. જેમકે, એ 'દુષ્યન્ત ક્યાંનો ?' તો ''હસ્તિનાપુર-નો.'' આમ 'હસ્તિનાપુરનો' એવો (ષષ્ઠી વિભક્તિમાં રહેલો) શબ્દ દુષ્યન્તનું વિશેષણ બને છે એમ કહેવાશે. વળી, 'હસ્તિનાપુરં' અને 'દુષ્યન્ત' એ બન્ને પરસ્પરથી ભિન્ન છે. તેથી 'હસ્તિનાપુરનો' એ શબ્દ 'ભેદમૂલક વિશેષણ' ગણાશે. (આ જ રીતે 'આશ્રમ'નું ભેદમૂલક વિશેષણ તે 'કણ્વનો' છે. કારણ કે 'કણ્વ' અને 'આશ્રમ' બન્ને એક બીજાથી જુદા જુદા પદાર્થો છે. તથા અનેક ઋષિઓના આશ્રમમાંથી 'દુષ્યન્ત કોના આશ્રમમાં જાય છે ?' એવો પ્રશ્ન પૂછવાથી 'કણ્વના'' (આશ્રમમાં)' એમ જવાબ મળે છે. આથી આશ્રમના વિશેષણ તરીકે ''કણ્વનો'' એ શબ્દ પ્રતીત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો 'કણ્વનો' એ શબ્દ સાંભળવાથી અન્ય ઋષિઓના આશ્રમોની નિવૃત્તિ થાય છે. તેથી પ્રકૃત વાક્યમાં 'કણ્વનો' એ શબ્દ 'આશ્રમ'નું વિશેષણ બને છે.

(નિયમ-૧) કારકોનાં જગત્ જોડેનાં આવાં સંબંધવાચક વિશેષણોની અભિવ્યક્તિ સંસ્કૃત ભાષામાં પણ (ગુજરાતીની જેમ જ) ષષ્ઠી વિભક્તિ દ્વારા કરવામાં આવે છે. જેમકે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain Digitized by eGangotri.

१. हस्तिनापुरस्य दुष्यन्तः, कण्वस्य आश्रमम् गच्छति । ३. महेशः मम पुस्तकं पठति ।

२. दशरथस्य रामः, इन्द्रस्य रथेन, वनं गच्छति । ४. कर्णः दुर्योधनस्य असिना युध्यति ।

અહીં 'असि = તલવાર કોની ?' તો 'દુર્યોધનની'. એવા પ્રત્યુત્તરથી સમજાય છે કે दुर्योधनस्य એ પદ असिનું ભેદમૂલક વિશેષણ છે, જે સ્વસ્વામિભાવ રૂપ સંબંધની પ્રતીતિ કરાવે છે; અને સંસ્કૃતમાં તે વિશેષણવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી છે.

III.1.2. 'અમુક વ્યક્તિ કોઈક ક્રિયા કરે છે' એમ જ્યારે કોઈ વાક્યમાં કહેવાય છે ત્યારે, ઘણી વખત વક્તા એ વ્યક્તિ કોના સાહચર્યવાળી છે (કોના સાહિત્યથી યુક્ત છે) એ પણ કહેતો હોય છે. દા. ત., "[(સીતાની સાથે) રામ] વનમાં જાય છે." અહીંયા વનગમન કરનાર વ્યક્તિ 'રામ' (કર્તાકારક) છે, તે કોના સાહચર્યથી યુક્ત છે એ કહેવા માટે "સીતાની સાથે" એ પદ પ્રયોજાયું છે. આ-'સીતાની સાથે'-પદ તે રામનું ભેદમૂલક વિશેષણ છે. (કારણ કે 'રામ' અને 'સીતા' જુદા જુદા પદાર્થો છે.) આવા સાહચર્યનો ભાવ કહેનારા ભેદમૂલક વિશેષણની અભિવ્યક્તિ કરવા માટે સંસ્કૃત ભાષામાં નીચે મુજબની વ્યવસ્થા છે :

(નિયમ–૨) કારકના વિશેષણ તરીકે જે વ્યક્તિ/પદાર્થનું સાહચર્ય દર્શાવવું હોય તે વ્યક્તિ/પદાર્થ વાચક શબ્દને તૃતીયા વિભક્તિમાં મૂકવો અને તેની જોડે सह/साकम्/सार्धम्/समम् જેવા અવ્યયનો પ્રયોગ કરવો.[2] દા. ત.,



(ગૌતમીની સાથે) शकुन्तला । पतिगृहे । गच्छति ।

હવે, વાક્યમાં ગત્યર્થક ધાતુનો પ્રયોગ થયો છે, તેથી (નિયમ. II.2.2 મુજબ) જ્યાં જવાનું છે તે લક્ષ્યવાચક 'पतिगृहे' શબ્દને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવશે. તો (ગૌતમીની સાથે) शकुन्तला पतिगृहं गच्छति ।

હવે (ત્રીજે તબક્કે) 'શકુન્તલા' કેવી ? તો 'ગૌતમીના સાહચર્યવાળી', આથી તે (= 'ગૌતમીની સાથે') કર્તાકારક શકુન્તલાનું ભેદમૂલક વિશેષણ બને છે; અને પરિણામે ગૌતમીનું સાહચર્ય દર્શાવવા, તે (ગૌતમી) શબ્દને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવશે, તથા તેની જોડે અવ્યયનો પ્રયોગ થશે. તો

(गौतम्या सह) शकुन्तला पतिगृहं गच्छति ।

---

२. લિખિત સંસ્કૃત સાહિત્યમાં ક્યારેય આવા सह (વગેરે) અવ્યયનો પ્રયોગ નથી પણ થયો હતો. ત્યાં सहનો અધ્યાહાર સમજવામાં આવે છે. દા. ત., कापि चपला मधुरिपुणा विलसति युवतिरधिकगुणा । (गीतगोविन्द ७-१४-१) 'કોઈક અધિકગુણવાળી ચંચળ યુવતિ મધુરિપુ = કૃષ્ણની સાથે વિહાર કરે છે.' અહીં सहનો પ્રયોગ નથી થયો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨. વિશ્વામિત્ર (રામની સાથે) જનકપુરીમાં જાય છે.

विश्वामित्रः (रामेण सह) जनकपुरीं गच्छति ।

૩. બ્રાહ્મણ [(પુરાણની સાથે) વેદ] વાંચે છે.

(અહીં કર્મકારકનું વિશેષણ છે)

विप्रः (पुराणेन सह) वेदम् पठति ।

૪. રાજા [(તલવારની સાથે) ગદાથી પણ] પ્રહાર કરે છે.

(અહીં કરણકારકનું વિશેષણ છે).

नृपः (असिना सार्धं / साकं / समं) गदया अपि प्रहरति ।

૫. અગ્નિ [(વનની સાથે) મહેલને] બાળે છે.

अग्निः (वनेन समं) प्रासादं दहति ।

III.1.3. 'કોઈ વ્યક્તિ અમુક ક્રિયા કરે છે' એમ કહેવાય છે ત્યારે, તે વ્યક્તિ બીજી કઈ વ્યક્તિના સાહચર્ય વિના (= સાહિત્યના અભાવમાં) એ ક્રિયા કરે છે એમ પણ કહેવાની જરૂર ઊભી થાય છે. દા. ત.,

"[(કમલા વિના) સરસ્વતી] આશ્રમમાં નિવાસ કરે છે." અહીંયાં નિવાસક્રિયા કરનારી સરસ્વતી 'કોના વિના' (એકલી) આશ્રમમાં રહે છે, એ દર્શાવવા માટે 'કમલા વિના' એ શબ્દો પ્રયોજાયા છે. આથી 'કમલા વિના' એ 'સરસ્વતી'નું (ભેદમૂલક) વિશેષણ બને છે. આવા રાહિત્યનો ભાવ દર્શાવનારા (ભેદમૂલક) વિશેષણની અભિવ્યક્તિ કરવા માટે સંસ્કૃત ભાષામાં નીચે મુજબની વ્યવસ્થા છે :

(નિયમ-૩) (क) કારકના વિશેષણ તરીકે જે વ્યક્તિ/પદાર્થના સાહચર્યનો અભાવ દર્શાવવો હોય, તે વ્યક્તિ કે પદાર્થવાચક શબ્દને બીજી વ્યક્તિમાં, અથવા ત્રીજી વિભક્તિમાં કે પાંચમી વિભક્તિમાં મૂકવો અને તેની સાથે '**विना**' એવા અવ્યયનો પ્રયોગ કરવો.

(ख) કારકના વિશેષણ તરીકે જે વ્યક્તિ કે પદાર્થના રાહિત્યનો (= રહિતતાનો) ભાવ દર્શાવવો હોય, તે વ્યક્તિ કે પદાર્થવાચક શબ્દને પંચમી વિભક્તિમાં મૂકવો અને તેની સાથે ऋते એવા અવ્યયનો પ્રયોગ કરવો.

દા. ત., (क)

(૧) [(રામ વિના) સીતા] આશ્રમમાં જાય છે.

[રામ વિના] सीता आश्रमं गच्छति ।

અહીં, સીતા 'રામ વિનાની' છે એમ કહીને રામના રાહિત્યનો ભાવ દર્શાવ્યો છે. તેથી 'રામ વિના(ની)' એ શબ્દ સીતા'નું ભેદમૂલક વિશેષણ બને છે. (એટલે કે 'સીતા' કેવી ? તો– 'રામ વિના(ની)' હવે, જે વ્યક્તિ/પદાર્થનું રાહિત્ય દર્શાવવું છે, તે શબ્દ–'રામ'-ને બીજી, ત્રીજી કે પંચમી વિભક્તિમાં મૂકાશે, અને તેની સાથે 'विना' એવા અવ્યયનો પ્રયોગ થશે. તો–

(रामं विना) सीता आश्रमं गच्छति ।

(रामेण विना) सीता आश्रमं गच्छति ।

(रामात् विना) सीता आश्रमं गच्छति ।

(૨) 'શ્રુતિ વિના સ્મૃતિ શોભતી નથી.'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(श्रुतिं विना)
(श्रुत्या विना) स्मृतिः न शोभते ।
(श्रुत्याः/श्रुतेः विना)

(૩) છાત્રો (ગુરુ વિના) જ્ઞાન મેળવતા નથી.

छात्राः (गुरुं विना)
(गुरुणा विना) ज्ञानं न लभन्ते ।
(गुरोः विना)

(ख)-

(૧) (વિભીષણ સિવાય) રામ લડે છે.

(विभीषणाद् ऋते) रामः युध्यति ।

(૩) धर्माद् ऋते सुखं नास्ति ।

ધર્મ સિવાય સુખ નથી.

(૨) (સદાચરણ સિવાય) જ્ઞાન શોભતું નથી.

(सदाचरणाद् ऋते) ज्ञानं न शोभते ।

[અહીં "કેવું જ્ઞાન નહીં શોભવાની ક્રિયા કરે છે?" એવો પ્રશ્ન પૂછતાં 'સદાચરણ રહિતનું' (જ્ઞાન)-એ પદ વિશેષણ તરીકે પ્રતીત થાય છે.]

નોંધ : સંસ્કૃત ભાષામાં, વિના ની જેમ પૃથક્ અને નાના અવ્યયોની સાથે પણ બીજી, ત્રીજી કે પંચમી વિભક્તિ વપરાય છે. જેમ કે, ૧. રામથી જુદી (એવી) સીતા સુખ અનુભવતી નથી. ૨. સ્ત્રી વિના લોકયાત્રા નિષ્ફળ (છે).

१. सीता रामाद्
रामेण पृथक् सुखं न अनुभवति ।
रामं

२. नाना	नारीं	द्वितीया	निष्फला लोकयात्रा ।
	नार्या	तृतीया	
	नार्याः	पंचमी	

III.2.0 અભેદમૂલક વિશેષણોનો પ્રયોગ :

સંસ્કૃત ભાષામાં વપરાતાં અભેદમૂલક વિશેષણો અનેક પ્રકારનાં છે તે આપણે (III.0.2માં) અગાઉ જોઈ ગયાં છીએ. આ નવેક પ્રકારનાં અભેદમૂલક વિશેષણોના પ્રયોગ બાબતે એક સામાન્ય નિયમ કામ કરતો જોવા મળે છે. જેમ કે,

વાક્યમાં વપરાયેલાં નામપદોને વિશેષિત કરવા માટે જો કોઈ અભેદમૂલક વિશેષણનો પ્રયોગ થયો હોય તો, વિશેષ્યભૂત નામપદના જે લિંગ, વચન (= સંખ્યા) અને વિભક્તિ હોય તે વિશેષણ (વાચક શબ્દ)ને પણ લાગુ પડે છે.

[અર્થાત્

यल्लिङ्गं यद्वचनं या च विभक्तिर्विशेष्यस्य ।
तल्लिङ्गं तद्वचनं सैव विभक्तिर्विशेषणस्यापि ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(અભેદમૂલક) વિશેષણ વાચક શબ્દના લિંગ, વચન અને વિભક્તિપ્રત્યય વિશેષ્યને અધીન હોય છે.[૩] બીજા શબ્દોમાં કહીએ તો-વિશેષ્યવાચક શબ્દમાં જે લિંગ હોય, જે વચન = સંખ્યા હોય, અને તેને જે વિભક્તિ લાગી હોય તેને સુસંગત રહીને જ વિશેષણનો પ્રયોગ થાય છે. એટલે કે વિશેષ્યના જેવા જ લિંગમાં વિશેષણવાચક શબ્દને ફેરવીને/અથવા તેવા જ લિંગવાળો વિશેષણવાચક શબ્દ છે એમ સમજીને; વિશેષ્યની જે સંખ્યા અને જે વિભક્તિ હોય, તે સંખ્યા અને વિભક્તિ પણ વિશેષણવાચક શબ્દને લાગુ પાડવી.]

ઉદાહરણ તરીકે–

૧. હું [(ધવલ) વસ્ત્ર] જોઉં છું.
૨. હું [(ધવલ) સાડી] જોઉં છું.
૩. હું [(ધવલ) ચન્દ્રને] જોઉં છું.
(વિશેષણ) (વિશેષ્ય)

અહીંયાં ૧. 'ધવલ' રંગ અને વસ્ત્ર, ૨. 'ધવલ' રંગ અને સાડી કે ૩. 'ધવલ' રંગ અને ચન્દ્ર અલગ અલગ પદાર્થો નથી. (ગુણિન્ વસ્ત્ર/સાડી/ચન્દ્રમાં જ 'ધવલ' ગુણ સમવાય સંબંધે રહેલો છે.) એટલે કે, આ ત્રણેય વાક્યોમાં 'ધવલ' એવો શબ્દ અભેદમૂલક વિશેષણ તરીકે પ્રયોજાયો છે. હવે, આવા અભેદમૂલક વિશેષણોનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે તેનો સંસ્કૃતમાં અનુવાદ નીચે પ્રમાણે કરવામાં આવે છે :

૧. હું (ધવલ) વસ્ત્ર જોઉં છું.

અહમ્ (ધવલ) वस्त्रं पश्यामि ।

અહીં, જોવું ક્રિયાનું કર્મ 'વસ્ત્ર' છે. અને તે 'વસ્ત્ર' કેવું ? તો 'ધવલ (રંગનું)'. આમ 'ધવલ' એવું પદ કર્મકારકવાચક 'વસ્ત્ર' શબ્દનું અભેદમૂલક વિશેષણ છે. આથી તેનો અનુવાદ કરતી વખતે વિશેષ્યભૂત 'વસ્ત્ર' શબ્દને જે લિંગ, વચન અને વિભક્તિ લગાડ્યાં છે તેનો પહેલાં વિચાર કરી લઈને, પછી તે (વિશેષ્ય)ના જેવા લિંગ, વચન અને વિભક્તિપ્રત્યય વિશેષણવાચક 'ધવલ' શબ્દને લગાડીશું.

अहम् (ધવલ) वस्त्रं पश्यामि ।
વિશેષણ વિશેષ્ય
↑ ↓
૧. નપુંસકલિંગ
૨. એકવચન અને
૩. દ્વિતીયા વિભક્તિ.

તદનુસાર વિશેષણ 'ધવલ' શબ્દને
નપુંસકલિંગ ગણીને, દ્વિતીયા વિભક્તિ
એકવચનનો પ્રત્યય લગાડીશું. તો–

अहम् धवलम् वस्त्रं पश्यामि ।

---

૩. આથી જ સંસ્કૃત-શબ્દકોશો (Dictionary) માં વિશેષણવાચક શબ્દોનાં કોઈ લિંગ બતાવ્યાં હોતાં નથી. દા. ત. चतुर, सुन्दर, दण्डिन् । આવા શબ્દો સ્વરાન્ત છે કે વ્યંજનાન્ત છે ? એટલું જ ત્યાં દર્શાવ્યું હોય છે. (આવાં વિશેષણોનો વાક્યમાં વિશેષ્યાનુસારી પ્રયોગ થાય છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨. આવી જ રીતે- 'હું (ધવલ) સાડી જોઉં છું.'
વિશેષણ વિશેષ્ય

अहम् (धवल) शाटीं पश्यामि ।

૧. વિશેષ્યમાં સ્ત્રીલિંગ
૨. દ્વિતીયા વિભક્તિ
૩. એકવચન છે.

તદનુસાર વિશેષણવાચક 'ધવલ' શબ્દમાં પણ સ્ત્રીત્વનો (= સ્ત્રીલિંગનો) વાચક આ પ્રત્યય ઉમેરીને, (ધવલ + આ = ધવલા), પછી તેને આકારાન્ત સ્ત્રીલિંગ माला જેવો શબ્દ સમજીને, તેનું દ્વિતીયા વિભક્તિ, એકવચનનું રૂપ બનાવવું પડશે, જેથી धवला + अम् = धवलाम् । થશે.)

अहम् धवलां शाटीं पश्यामि ।

૩. એ જ પ્રમાણે,	'હું	(ધવલ)	ચન્દ્રને	જોઉં છું.
	કર્તા	વિશેષણ	કર્મ	ક્રિયાપદ (સાદું વાક્ય)
	अहम्	(धवल)	चन्द्रम्	पश्यामि ।

અહીં કર્મકારક વાચક 'ચન્દ્ર' શબ્દ વિશેષ્ય છે, અને તેને 'ધવલ' એવું વિશેષણ જોડવામાં આવે, ત્યારે તે અભેદમૂલક વિશેષણવાચક શબ્દનો અનુવાદ વિશેષ્ય (ચન્દ્ર)ના લિંગ, વચન અને વિભક્તિ અનુસાર જ થશે. એટલે કે–

अहम् (धवल) चन्द्रम् पश्यामि ।

આ વિશેષ્યમાં
૧. પુંલિંગ,
૨. દ્વિતીયા વિભક્તિ અને
૩. એકવચન છે.

તદનુસાર વિશેષણવાચક 'ધવલ' શબ્દમાં પણ પુંસ્ત્વ (= પુંલિંગ) સમજીને, તેનું દ્વિતીયા વિભક્તિ-એકવચનનું રૂપ બનાવવું પડશે.

अहम् (धवलम्) चन्द्रम् पश्यामि ।

અહીં વિશેષણવાચક 'ધવલ' શબ્દને હ્રસ્વ अ કારાન્ત પુંલિંગ राम શબ્દ જેવો જ ગણીને, તે ('ધવલ')ના પણ પુંલિંગમાં रामवत् રૂપો ચલાવીને દ્વિતીયા વિભક્તિ-એકવચનમાં રૂપાંતર કરવું પડ્યું છે.

* * *

બીજાં કેટલાંક ઉદાહરણો જોઈશું :

૧. પુષ્પ (મનોહર) છે.

पुष्पम् (मनोहर) अस्ति ।

વિશેષ્યમાં
૧. નપુંસકલિંગ
૨. પ્રથમા વિ.
૩. એકવચન છે.

તદનુસાર વિશેષણવાચક 'મનોહર' શબ્દને પણ, નપુંસકલિંગ પ્રથમા વિભક્તિ એકવચનમાં મૂકીશું. તો–

पुष्पम् मनोहरम् अस्ति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨. મનોહર કન્યા પુસ્તક વાંચે છે.

(મનોહર) कन्या पुस्तकं पठति ।

વિશેષ્યમાં
૧. સ્ત્રીલિંગ
૨. પ્રથમા વિભક્તિ
૩. એકવચન

તદનુસાર વિશેષણવાચક 'મનોહર' શબ્દને (आ પ્રત્યય લગાડીને) સ્ત્રીલિંગમાં ફેરવીને પછી, તેનું પ્રથમા વિ. એકવચનનું રૂપ તૈયાર કરવું પડશે.

मनोहरा कन्या पुस्तकं पठति ।

૩. (મનોહર) રામ ઉદ્યાનમાં રમે છે.
વિશેષણ વિશેષ્ય
(મનોહર) रामः उद्याने क्रीडति ।

વિશેષ્યમાં
૧. પુલિંગ
૨. પ્રથમા વિભક્તિ
૩. એકવચન છે.

તદનુસાર, વિશેષણવાચક 'મનોહર' શબ્દને પણ પુંલિંગમાં રહેલો સમજીને, તેનું પ્રથમા વિભક્તિ એકવચનનું રૂપ વાપરવું પડશે, તો–

मनोहरः रामः उद्याने क्रीडति ।
વિશેષણ વિશેષ્ય

આ બન્ને વચ્ચે લિંગ, વચન અને વિભક્તિની સંગતિ = એકરૂપતા જોવા મળે છે.

નોંધ ૧. ઉપરનાં ઉદાહરણોનો અભ્યાસ કરવાથી એ નિયમ સ્પષ્ટ થયો હશે કે સંસ્કૃત ભાષામાં અભેદમૂલક વિશેષણવાચક શબ્દોનો પ્રયોગ વિશેષ્યને અધીન રહેતો હોય છે. (એટલે કે વિશેષ્યનાં લિંગ, વચન અને વિભક્તિને સુસંગત રહીને વિશેષણનો પ્રયોગ કરવાનો હોય છે.[૪] આથી સૌથી પહેલાં તો, તે વિશેષણવાચક શબ્દને વિશેષ્યાનુસારી લિંગમાં પરિવર્તિત કરવો પડે છે. એને માટેની વ્યવસ્થા નીચે મુજબ છે :–

(क) હ્રસ્વ अ કારાન્ત વિશેષણવાચક શબ્દનાં–
૧. પુંલિંગમાં– राम ના જેવાં રૂપો થાય છે,
૨. સ્ત્રીલિંગમાં– राम + आ = रामा । પછી, માલાના જેવાં રૂપો થાય છે.
૩. નપુંસકલિંગમાં–वन ના જેવાં રૂપો થાય છે.

---

૪. પાણિનીય વ્યાકરણમાં 'વિશેષણવાચક શબ્દોને કઈ વિભક્તિ લગાડવી ?' એ વિષે કોઈ માર્ગદર્શન આપ્યું નથી. તેનું કારણ અમે જે ''અભેદમૂલક વિશેષણ' શબ્દનો પ્રયોગ કર્યો છે તે શબ્દમાંથી સમજી શકાય એમ છે. એટલે કે કારકોનાં જે વિશેષણ રૂપ શબ્દો હોય છે તે, કોઈ કારકેતર પદાર્થના -વ્યક્તિના- વાચક હોતાં નથી. [દા. ત. 'યુવાન રામ' એમ કહીએ ત્યારે 'યુવાન' અને 'રામ' એ બે જુદા જુદા વ્યક્તિઓ નથી. બલ્કે 'રામ'માં જ યુવકત્વ નામનો ગુણધર્મ અભેદસંબંધે રહેલો છે; જેથી તે 'યુવાન' શબ્દને ''અભેદમૂલક વિશેષણ' કહેલ છે.] એટલે કે વિશેષણ પોતે પણ એ જ કારક છે; (કે જેનું તે વિશેષણ છે). આથી વિશેષ્યભૂત કારકનાં જે વિશેષણ હોય તેને માટે જુદું વિભક્તિ-વિધાન કરવાનું રહેતું નથી. આમ વિશેષ્યભૂત કારકનાં જે લિંગ, વચન, વિભક્તિ હોય, તે અભેદમૂલક વિશેષણને પણ લાગુ પડે એ જ સ્વાભાવિક છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) હ્રસ્વ इ કારાન્ત વિશેષણવાચક શબ્દનાં–
૧. પુંલિંગમાં– कविના જેવાં રૂપો થાય છે.
૨. સ્ત્રીલિંગમાં– मतिના જેવાં રૂપો થાય છે.
૩. નપુંસકલિંગમાં– वारिની જેમ રૂપો થાય છે.

(ग) હ્રસ્વ उ કારાન્ત 'ગુણ'વાચક વિશેષણ હોય તો–
૧. પુંલિંગમાં–भानुના જેવાં રૂપો થાય છે.
૨. સ્ત્રીલિંગમાં– पटु + ई = पट्वी । એમ સ્ત્રીલિંગનો દ્યોતક ई ઉમેરીને પછી, नदी ના જેવાં રૂપો થાય છે. (અથવા દીર્ઘ ई ઉમેર્યા વિના જ धेनु જેવાં રૂપો પણ વિકલ્પે થાય છે.)
૩. નપુંસકલિંગમાં– मधुના જેવાં રૂપો થાય છે.

(घ) જો વ્યંજનાન્ત વિશેષણવાચક શબ્દ હોય તો– દા. ત., बुद्धिमत्
૧. પુલિંગમાં– भगवत्ની જેમ રૂપો ચાલે છે.
૨. સ્ત્રીલિંગમાં– बुद्धिमत् + ई = बुद्धिमती । એમ સ્ત્રીલિંગનો દ્યોતક દીર્ઘ ई ઉમેરીને પછી नदीની જેમ રૂપો ચાલે છે.
૩. નપુંસકલિંગમાં– जगत् (નપું.) જેવાં રૂપો થાય છે.

(અહીં (क), (ग), (घ)ના સન્દર્ભોમાં સ્ત્રીલિંગ શબ્દરૂપ કેવી રીતે બને છે તેની નોંધ લેવી.)

* * * *

નોંધ–૨ : વિશેષણોનો પ્રયોગ વિશેષ્યને અધીન રહેતો હોવાથી વિશેષણવાચક શબ્દનાં રૂપો ત્રણેય લિંગમાં ચાલતાં હોય છે.

જેમકે, (क)–૧ હ્રસ્વ અકારાન્ત मनोहर શબ્દનાં રૂપો, પુલિંગમાં रामवत् થાય છે.

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	मनोहरः	मनोहरौ	मनोहराः
દ્વિતીયા	मनोहरम्	मनोहरौ	मनोहरान्
તૃતીયા	मनोहरेण	मनोहराभ्याम्	मनोहरैः
ચતુર્થી	मनोहराय	मनोहराभ्याम्	मनोहरेभ्यः
પંચમી	मनोहरात्	मनोहराभ्याम्	मनोहरेभ्यः
ષષ્ઠી	मनोहरस्य	मनोहरयोः	मनोहराणाम्
સપ્તમી	मनोहरे	मनोहरयोः	मनोहरेषु
સંબોધન	हे मनोहर	मनोहरौ	मनोहराः ॥

(क)–૨ मनोहर + आ (સ્ત્રીલિંગનો દ્યોતક પ્રત્યય) = मनोहरा । હવે, આ શબ્દનાં રૂપો સ્ત્રીલિંગમાં मालावत् થશે.

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	मनोहरा	मनोहरे	मनोहराः
દ્વિતીયા	मनोहराम्	मनोहरे	मनोहराः
તૃતીયા	मनोहरया	मनोहराभ्याम्	मनोहराभिः
ચતુર્થી	मनोहरायै	मनोहराभ्याम्	मनोहराभ्यः
પંચમી	मनोहरायाः	मनोहराभ्याम्	मनोहराभ्यः
ષષ્ઠી	मनोहरायाः	मनोहरयोः	मनोहराणाम्
સપ્તમી	मनोहरायाम्	मनोहरयोः	मनोहरासु
સંબોધન	हे मनोहरे	मनोहरे	मनोहराः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(क)-૩ હ્રસ્વ अ કારાન્ત मनोहर શબ્દનાં રૂપો નપુંસકલિંગમાં વનની જેમ થાય છે.

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	मनोहरम्	मनोहरे	मनोहराणि
દ્વિતીયા	मनोहरम्	मनोहरे	मनोहराणि
તૃતીયા	मनोहरेण	मनोहराभ्याम्	मनोहरैः
ચતુર્થી	मनोहराय	मनोहराभ्याम्	मनोहरेभ्यः
પંચમી	मनोहरात्	मनोहराभ्याम्	मनोहरेभ्यः
ષષ્ઠી	मनोहरस्य	मनोहरयोः	मनोहराणाम्
સપ્તમી	मनोहरे	मनोहरयोः	मनोहरेषु
સંબોધન	हे मनोहर	मनोहरे	मनोहराणि ॥

નીચેનાં વાક્યોનો અભ્યાસ કરો :

૧. રામ (મનોહર) ઘરમાં રહે છે.
रामः मनोहरे गृहे निवसति ।
(વિશેષ્ય ગૃહ નપું. સપ્તમી એકવચનમાં છે. તદનુસાર વિશેષણનું રૂપ)

૨. કૃષ્ણ (મનોહર) નદીમાં નાહ્ય છે.
कृष्णः (मनोहरायां) नद्यां स्नाति ।
(વિશેષ્ય નદી શબ્દ સ્ત્રીલિંગ, સપ્તમી, એક. વ. માં છે. તદનુસાર વિશેષણનું રૂપ થશે)

૩. સીતા (મનોહર) વનોને જુવે છે.
सीता मनोहराणि वनानि पश्यति ।
(વિશેષ્ય વન શબ્દ નપું. દ્વિતીયા વિ. બહુ વ., માં છે. તદનુસાર વિશેષણનું રૂપ થશે.)

૪. સીતા (મનોહર) વૃક્ષોને જુવે છે.
सीता मनोहरान् वृक्षान् पश्यति ।
વિશેષણ | વિશેષ્ય
(વિશેષ્ય વૃક્ષ શબ્દ પુંલિંગ, દ્વિતીયા વિ. બહુ વ. માં છે. તદનુસાર વિશેષણનું રૂપ વપરાશે)

સમાન
લિંગ
વચન
વિભક્તિ

(ख)-૧. હ્રસ્વ इ કારાન્ત વિશેષણવાચક शुचि (= પવિત્ર) શબ્દનાં પુલિંગમાં રૂપો કવિની જેમ થાય છે.

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	शुचिः	शुची	शुचयः
દ્વિતીયા	शुचिम्	शुची	शुचीन्
તૃતીયા	शुचिना	शुचिभ्याम्	शुचिभिः
ચતુર્થી	शुचये	शुचिभ्याम्	शुचिभ्यः
પંચમી	शुचेः	शुचिभ्याम्	शुचिभ्यः
ષષ્ઠી	शुचेः	शुच्योः	शुचीनाम्
સપ્તમી	शुचौ	शुच्योः	शुचिषु
સંબોધન	हे शुचे	शुची	शुचयः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख)-૨. હ્રસ્વ इ કારાન્ત વિશેષણવાચક शुचि શબ્દનાં સ્ત્રીલિંગમાં રૂપો मति શબ્દ જેવાં ચાલે છે :

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	शुचिः	शुची	शुचयः
દ્વિતીયા	शुचिम्	शुची	शुचीः
તૃતીયા	शुच्या	शुचिभ्याम्	शुचिभिः
ચતુર્થી	शुच्यै, शुचये	शुचिभ्याम्	शुचिभ्यः
પંચમી	शुच्याः, शुचेः	शुचिभ्याम्	शुचिभ्यः
ષષ્ઠી	शुच्याः, शुचेः	शुच्योः	शुचीनाम्
સપ્તમી	शुच्याम्, शुचौ	शुच्योः	शुचिषु
સંબોધન	हे शुचे	शुची	शुचयः ॥

(ख)-૩. હ્રસ્વ इ કારાન્ત વિશેષણવાચક शुचि શબ્દનાં નપુંસકલિંગમાં રૂપો वारिની જેમ ચાલે છે :

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	शुचि	शुचिनी	शुचीनि
દ્વિતીયા	शुचि	शुचिनी	शुचीनि
તૃતીયા	शुचिना	शुचिभ्याम्	शुचिभिः
ચતુર્થી	शुचिने, शुचये	शुचिभ्याम्	शुचिभ्यः
પંચમી	शुचिनः शुचेः	शुचिभ्याम्	शुचिभ्यः
ષષ્ઠી	शुचिनः, शुचेः	शुचिनोः, शुच्योः	शुचीनाम्
સપ્તમી	शुचिनि, शुचौ	शुचिनोः, शुच्योः	शुचिषु
સંબોધન	हे शुचि, हे शुचे	हे शुचिनी	हे शुचीनि ॥

(ग)-૧. હ્રસ્વ उ કારાન્ત 'ગુણ'વાચક વિશેષણ पटु શબ્દનાં રૂપો भानु જેવાં થાય છે :

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	पटुः	पटू	पटवः
દ્વિતીયા	पटुम्	पटू	पटून्
તૃતીયા	पटुना	पटुभ्याम्	पटुभिः
ચતુર્થી	पटवे	पटुभ्याम्	पटुभ्यः
પંચમી	पटोः	पटुभ्याम्	पटुभ्यः
ષષ્ઠી	पटोः	पट्वोः	पटूनाम्
સપ્તમી	पटौ	पट्वोः	पटुषु
સંબોધન	हे पटो	पटू	पटवः ॥

(ग)-૨ હ્રસ્વ उ કારાન્ત 'ગુણ'વાચક વિશેષણ पटु શબ્દમાં સ્ત્રીલિંગનો (दीर्घ ई) ઉમેરીશું તો पट्वी શબ્દ બનશે. હવે તેનાં नदीની જેમ રૂપો ચાલશે.

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	पट्वी	पट्व्यौ	पट्व्यः
દ્વિતીયા	पट्वीम्	पट्व्यौ	पट्वीः
તૃતીયા	पट्व्या	पट्वीभ्याम्	पट्वीभिः
ચતુર્થી	पट्व्यै	पट्वीभ्याम्	पट्वीभ्यः
પંચમી	पट्व्याः	पट्वीभ्याम्	पट्वीभ्यः

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ષષ્ઠી	पट्व्याः	पट्व्योः	पट्वीनाम्
સપ્તમી	पट्व्याम्	पट्व्योः	पट्वीषु
સંબોધન	हे पट्वि	पट्व्यौ	पट्व्यः ॥

(અથવા, ઈ ઉમેર્યા વિના જ, સ્ત્રીલિંગ ધેનુ શબ્દ જેવાં રૂપો પણ થાય છે)

(ગ)- ૩. હ્રસ્વ उ કારાન્ત 'ગુણ'વાચક વિશેષણ पटु શબ્દનાં રૂપો નપુંસકલિંગમાં मधु જેવાં થાય છે.

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	पटु	पटुनी	पटूनि
દ્વિતીયા	पटु	पटुनी	पटूनि
તૃતીયા	पटुना	पटुभ्याम्	पटुभिः
ચતુર્થી	पटुने, पटवे	पटुभ्याम्	पटुभ्यः
પંચમી	पटुनः, पटोः	पटुभ्याम्	पटुभ्यः
ષષ્ઠી	पटुनः, पटोः	पटुनोः, पट्वोः	पटूनाम्
સપ્તમી	पटुनि, पटौ	पटुनोः, पट्वोः	पटुषु
સંબોધન	हे पटो, पटु	पटुनी	पटूनि ॥

(ઘ)-૧. વ્યંજનાન્ત વિશેષણવાચક महत्/बुद्धिमत्/भगवत् શબ્દનાં રૂપો પુંલિંગમાં નીચે પ્રમાણે થાય છે :

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	महान्	महान्तौ	महान्तः
દ્વિતીયા	महान्तम्	महान्तौ	महतः
તૃતીયા	महता	महद्भ्याम्	महद्भिः
ચતુર્થી	महते	महद्भ्याम्	महद्भ्यः
પંચમી	महतः	महद्भ्याम्	महद्भ्यः
ષષ્ઠી	महतः	महतोः	महताम्
સપ્તમી	महति	महतोः	महत्सु
સંબોધન	हे महन्	महान्तौ	महान्तः

(ઘ)-૨. વ્યંજનાન્ત વિશેષણ महत् શબ્દનાં રૂપો સ્ત્રીલિંગમાં ચલાવતાં પહેલાં તેમાં દીર્ઘ ई ઉમેરવામાં આવે છે. महत् + ई = महती । હવે તેનાં નદીવત્ રૂપો થાય છે :

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	महती	महत्यौ	महत्यः
દ્વિતીયા	महतीम्	महत्यौ	महतीः
તૃતીયા	महत्या	महतीभ्याम्	महतीभिः
ચતુર્થી	महत्यै	महतीभ्याम्	महतीभ्यः
પંચમી	महत्याः	महतीभ्याम्	महतीभ्यः
ષષ્ઠી	महत्याः	महत्योः	महतीनाम्
સપ્તમી	महत्याम्	महत्योः	महतीषु
સંબોધન	हे महति	महत्यौ	महत्यः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ઘ)-૩. વ્યંજનાન્ત વિશેષણ महत् શબ્દનાં રૂપો નપુંસકલિંગમાં जगत् (નપું.) જેવાં થાય છે.

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	महत्	महती	महान्ति
દ્વિતીયા	महत्	महती	महान्ति
તૃતીયા	महता	महद्भ्याम्	महद्भिः
ચતુર્થી	महते	महद्भ्याम्	महद्भ्यः
પંચમી	महतः	महद्भ्याम्	महद्भ्यः
ષષ્ઠી	महतः	महतोः	महताम्
સપ્તમી	महति	महतोः	महत्सु
સંબોધન	हे महत्	महती	महान्ति ॥

કેટલાંક રંગવાચક અને ગુણવાચક વિશેષણોનાં ત્રણેય લિંગમાં જે રૂપો થશે તેના નમુના—

-	-	પુંલિંગ	સ્ત્રીલિંગ	નપુંસકલિંગ
૧.	શ્વેત	श्वेतः	श्वेता	श्वेतम्
૨.	કૃષ્ણ	कृष्णः	कृष्णा	कृष्णम्
૩.	રક્ત	रक्तः	रक्ता	रक्तम्
૪.	પીત	पीतः	पीता	पीतम्
૫.	મધુર	मधुरः	मधुरा	मधुरम्
૬.	શીતલ	शीतलः	शीतला	शीतलम्
૭.	શોભન	शोभनः	शोभना	शोभनम्
૮.	મૃદુ	मृदुः	मृद्वी	मृदु
૯.	કટુ	कटुः	कट्वी	कटु
૧૦.	સાધુ	साधुः	साध्वी	साधु
૧૧.	બુદ્ધિશાળી	बुद्धिमान्	बुद्धिमती	बुद्धिमत्
૧૨.	ઐશ્વર્યશાળી	भगवान्	भगवती	भगवत्
૧૩.	આપશ્રી	भवान्	भवती	भवत्
૧૪.	લક્ષ્મીયુક્ત	श्रीमान्	श्रीमती	श्रीमत्
૧૫.	દંડવાળો	दण्डी	दण्डिनी	दण्डि

* * *

બીજા કેટલાક પુલિંગ શબ્દોનું સ્ત્રીલિંગમાં નીચે પ્રમાણે પરિવર્તન થાય છે :

(૧) हरिण-हरिणी, दूत-दूती, नर्तक-नर्तकी, ब्राह्मण-ब्राह्मणी, राजन्-राज्ञी, पति-पत्नी, देव-देवी, भव-भवानी, इन्द्र-इन्द्राणी, रुद्र-रुद्राणी, तरुण-तरुणी, युवन्-युवती, श्वन्-शूनी, गौर-गौरी, गोप-गोपी, कवि-कवयित्री, नेतृ-नेत्री, कर्तृ-कर्त्री, पुत्र-पुत्री, दातृ-दात्री, सुन्दर-सुन्दरी અથવા सुन्दरा, चण्ड-चण्डी અથવા चण्डा ॥

(૨) दारक-दारिका, सेवक-सेविका, तनय-तनया, बाल-बाला, आत्मज-आत्मजा, आर्य-आर्या, अज-अजा, कारक-कारिका ।

(૩) ક્યારેક રૂપભેદે (આકારાન્ત રૂપમાં અને ઈ કારાન્ત વગેરે રૂપોમાં ભેદ પડવાથી) અર્થભેદ થતો પણ જોવા મળે છે. જેમ કે, ૧. (उपाध्याय-उपाध्याया/उपाध्यायी) (= સ્ત્રી શિક્ષિકા); પણ उपाध्यायानी/उपाध्यायी (= ઉપાધ્યાયની પત્ની,—જે સ્વયં શિક્ષિકા ન હોય); ૨. क्षत्रिय-क्षत्रिया/क्षत्रियाणी (क्षत्रिय સ્ત્રી), પણ क्षत्रियी (= क्षत्रियની પત્ની); ૩. शूद्र-शूद्रा (= शूद्र એવી સ્ત્રી); પણ शूद्री (= शूद्रની પત્ની) वैश्य-वैश्या (= वैश्य એવી સ્ત્રી); પણ वैश्यी (= वैश्यની પત્ની) ૪. प्राज्ञ-प्राज्ञा (વિદુષી એવી સ્ત્રી) પણ प्राज्ञी (= વિદ્વાન્‌ની પત્ની) એવો અર્થ થાય છે.

(૪) વ્યંજનાન્ત નામને સ્ત્રીલિંગમાં ફેરવવા ઈ ઉમેરાય છે : धनवत्-धनवती, बुद्धिमत्-बुद्धिमती, श्रीमत्-श्रीमती, श्रेयस्- श्रेयसी, रूपिन्-रूपिणी, विद्यार्थिन्-विद्यार्थिनी વગેરે.

III.2.1. ગુણવાચક અભેદમૂલક વિશેષણ :

વિશેષ્યનાં જે લિંગ, વચન અને વિભક્તિ હોય છે તે ગુણવાચક અભેદમૂલક વિશેષણને લાગુ પડે છે. દા. ત.,

૧. હું (સુન્દર) વનને જોઉં છું.
अहम् शोभनं वनम् पश्यामि ।

૨. વિક્રમ (વિશાળ) ઉજ્જયિનીના રથથી જાય છે.
विक्रमः विशालायाः उज्जयिन्याः रथेन गच्छति ।

૩. જયેશ (કટુ) અન્ન ખાય છે.
जयेशः कटु अन्नं खादति ।

૪. ભીમ (કટુ) મદિરાને પીવે છે.
भीमः कट्वीं मदिरां पिबति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૫. રાવણ (સાધુ) સીતાને હરી જાય છે.
રાવણઃ સાધ્વીં સીતામ્ અપહરતિ ।
૬. દશરથ (ચતુર) રામને રાજ્ય આપે છે.
દશરથઃ ચતુરાય રામાય રાજ્યં યચ્છતિ ।
૭. દુર્યોધન (મોટી) સેનાથી લડે છે (ગુરુ+ઈ = ગુર્વી)
દુર્યોધનઃ ગુર્વ્યા સેનયા યુધ્યતિ ।
૮. રાજા (શૂદ્ર) કન્યાને ધન આપે છે.
નૃપઃ શૂદ્રાયૈ કન્યાયૈ ધનં યચ્છતિ ।
૯. સીતા (નાની) તપેલીમાં રાંધે છે (લઘુ+ઈ = લધ્વી)
સીતા લધ્વ્યાં સ્થાલ્યાં પચતિ ।
૧૦. (પ્રચણ્ડ) સૂર્ય તપે છે.
પ્રચણ્ડઃ સૂર્યઃ તપતિ ।
૧૧. (પ્રચણ્ડ) કાલિકા યુદ્ધ કરે છે.
પ્રચણ્ડા/પ્રચણ્ડિકા કાલિકા યુધ્યતિ ।

III.2.2. રંગવાચક અભેદમૂલક વિશેષણ :

વિશેષ્યનાં જે લિંગ, વચન અને વિભક્તિ હોય છે તે રંગવાચક અભેદમૂલક વિશેષણને લાગુ પડે છે. દા. ત.,

૧. કૃષ્ણ (પીત) વસ્ત્ર ધારણ કરે છે.
કૃષ્ણઃ પીતમ્ અમ્બરં/વસ્ત્રં દધાતિ ।
૨. જયન્ત (સફેદ) કન્યાને પરણી લાવે છે.
જયન્તઃ શ્વેતાં કન્યાં પરિણયતિ ।
૩. પુત્રી કૃષ્ણને (લાલ) પુષ્પો આપે છે.
પુત્રી કૃષ્ણાય રક્તાનિ પુષ્પાણિ યચ્છતિ ।
૪. વરૂ (સફેદ) પર્વત ઉપરથી પડે છે.
વૃકઃ ધવલાત્ પર્વતાત્ પતતિ ।
૫. સીતા (લાલ) ઘડાથી પાણી લાવે છે.
સીતા રક્તેન ઘટેન જલમ્ આનયતિ ।
૬. ગોપાળ (કપિલ) ગાયને દોહે છે.
ગોપાલઃ કપિલાં ધેનું દોગ્ધિ ।
૭. મહાવત કાળા હાથી ઉપર ઊભો છે.
હસ્તિપકઃ કૃષ્ણે ગજે તિષ્ઠતિ ।
૮. મગર કાળી નદીમાં તરે છે.
મકરઃ કૃષ્ણાયાં નદ્યાં તરતિ ।

III.2.3.0. સંખ્યાવાચક અભેદમૂલક વિશેષણો :

ભાષામાં સંખ્યાવાચક શબ્દો અભેદમૂલક વિશેષણ તરીકે પ્રયોજાય છે. પરંતુ, સામાન્ય રીતે અન્ય અભેદમૂલક વિશેષણો અને વિશેષ્ય વચ્ચે જે લિંગ, વચન અને વિભક્તિની સંગતિ જોવા મળે છે; તે અહીં વિશેષણીભૂત સંખ્યાવાચક શબ્દોના પ્રયોગમાં ક્યાંક જ (= અમુક સંખ્યા સુધી) જળવાતી જોવા મળે છે તથા બીજા કેટલાક સંખ્યાવાચક શબ્દો વિશેષણ તરીકે વપરાયા હોય ત્યારે કંઈક જુદા પ્રકારની વ્યવસ્થા પ્રવર્તતી જોવા મળે છે.

III.2.3.1. અભેદમૂલક વિશેષણ તરીકે વપરાયેલા સંખ્યાવાચક શબ્દોમાંથી

(ક) ૧ થી ૧૮ સુધીના સંખ્યાવાચક શબ્દો વિશેષણો તરીકે વપરાયા હોય ત્યારે – નીચે મુજબની વ્યવસ્થા જોવા મળે છે :

૧ થી ૧૮ સુધીના તમામ સંખ્યાવાચક શબ્દો હંમેશા કેવળ વિશેષણ તરીકે જ વપરાય છે. [બીજા શબ્દોમાં કહીએ તો- ૧ થી ૧૮ સુધીના સંખ્યાવાચક શબ્દો સંખ્યેયપરક જ હોય છે. જેમકે, 'એક ઘડો', 'પાંચ છોકરીઓ.' અહીં 'એક'/'પાંચ' એવો સંખ્યાવાચક શબ્દ સંખ્યેય (= જે પદાર્થની ગણતરી કરવાની છે, તે) 'ઘડા'/'છોકરી' પરક છે. (= તે સંખ્યાવાચક શબ્દો 'ઘડા' અને 'છોકરી' રૂપ પદાર્થોને જ કહેનારા છે.) અર્થાત્ સંખ્યા અને સંખ્યેય અભિન્ન છે. તેથી તે સંખ્યાવાચક શબ્દો સંખ્યેય પદાર્થોના અભેદમૂલક વિશેષણ બની રહે છે.]

હવે, આ (૧ થી ૧૮) સંખ્યાવાચક શબ્દોના પ્રયોગ બાબતે જે વ્યવસ્થા પ્રવર્તે છે તે જોઈશું.

(ક)-૧ : એકથી ચાર સુધીના સંખ્યાવાચક શબ્દો વિશેષણ તરીકે (જ) વપરાય છે; અને તેવે વખતે તે શબ્દોનો વિશેષ્ય (= સંખ્યેય)ના લિંગ અનુસાર જુદા જુદા લિંગમાં પ્રયોગ થતો જોવા મળે છે. દા. ત.,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

	એક = एक શબ્દ *			બે = द्वि શબ્દ *		
	પુંલિંગ	નપુંસકલિંગ	સ્ત્રીલિંગ	પુંલિંગ	નપુંસકલિંગ	સ્ત્રીલિંગ
प्र.	एकः	एकम्	एका	द्वौ	द्वे	द्वे (मालावत्)
द्वि.	एकम्	एकम्	एकाम्	द्वौ	द्वे	द्वे
तृ.	एकेन	एकेन	एकया	द्वाभ्याम्	द्वाभ्याम्	द्वाभ्याम्
च.	एकस्मै	एकस्मै	एकस्यै	द्वाभ्याम्	द्वाभ्याम्	द्वाभ्याम्
पं.	एकस्मात्	एकस्मात्	एकस्याः	द्वाभ्याम्	द्वाभ्याम्	द्वाभ्याम्
ष.	एकस्य	एकस्य	एकस्याः	द्वयोः	द्वयोः	द्वयोः
स.	एकस्मिन्	एकस्मिन्	एकस्याम्	द्वयोः	द्वयोः	द्वयोः
सं.	–	–	–	–	–	–

* एक શબ્દ 'નિત્ય એકવચનાન્ત' છે. તેથી તેના કેવળ એકવચનમાં જ રૂપો ચાલે છે. તથા द्वि શબ્દ 'નિત્ય દ્વિવચનાન્ત' છે. તેથી તેનાં રૂપો કેવળ દ્વિવચનમાં જ ચાલે છે. [પણ ક્યારેક 'કોઈકે આમ કર્યું, બીજાઓએ તેમ કર્યું' એવી રજૂઆત હોય ત્યાં एक અનિશ્ચાયક સર્વનામ તરીકે બહુવચનમાં પણ વપરાય : તેઽપિ તાડ્યમાના एके मृता अन्ये भिन्नमस्तकाः । (પંચતન્ત્ર)]

	ત્રણ = त्रि શબ્દ[૫]			ચાર = चतुर् શબ્દ[૫]		
	પુંલિંગ	નપુંસકલિંગ	સ્ત્રીલિંગ	પુંલિંગ	નપુંસકલિંગ	સ્ત્રીલિંગ
प्र.	त्रयः	त्रीणि	तिस्रः	चत्वारः	चत्वारि	चतस्रः
द्वि.	त्रीन्	त्रीणि	तिस्रः	चतुरः	चत्वारि	चतस्रः
तृ.	त्रिभिः	त्रिभिः	तिसृभिः	चतुर्भिः	चतुर्भिः	चतसृभिः
च.	त्रिभ्यः	त्रिभ्यः	तिसृभ्यः	चतुर्भ्यः	चतुर्भ्यः	चतसृभ्यः
पं.	त्रिभ्यः	त्रिभ्यः	तिसृभ्यः	चतुर्भ्यः	चतुर्भ्यः	चतसृभ्यः
ष.	त्रयाणाम्	त्रयाणाम्	तिसृणाम्	चतुर्णाम्	चतुर्णाम्	चतसृणाम्
स.	त्रिषु	त्रिषु	तिसृषु	चतुर्षु	चतुर्षु	चतसृषु

વાક્યમાં વિશેષણ તરીકે આ સંખ્યાવાચક શબ્દો નીચે પ્રમાણે વપરાશે–

૧. (એક) છોકરી રમે છે.
एका कन्या क्रीडति ।

૨. હું (એક) વનમાં પ્રવેશું છું.
अहम् एकम् वनम् प्रविशामि ।

૩. (એક) રથ દોડે છે.
एकः रथः धावति ।

૪. રાજા (એક) બ્રાહ્મણને ધન આપે છે.
नृपः एकस्मै ब्राह्मणाय धनं यच्छति ।

૫. त्रि શબ્દ અને चतुर् શબ્દ 'નિત્ય બહુવચનાન્ત' ગણાયો છે. આથી તેનાં એકવચન કે દ્વિવચનમાં રૂપો ચાલતાં જ નથી. તેનાં કેવળ બહુવચનમાં જ રૂપો ચાલે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૫. રામ (બે) આંખથી જુવે છે.
रामः द्वाभ्याम् नयनाभ्याम् पश्यति ।

૬. (બે) કન્યાઓ ઘરમાં રહે છે.
द्वे कन्ये गृहे निवसतः ।

૭. અગ્નિ બે વનને બાળે છે.
अग्निः द्वे वने दहति ।

૮. ત્રણ પુરુષોનાં પુસ્તકો છે.
त्रयाणाम् पुरुषाणाम् पुस्तकानि सन्ति ।

૯. શંકરને ત્રણ નયનો છે.
शङ्करस्य त्रीणि नयनानि सन्ति ।

૧૦. ત્રણ નદીઓ વહે છે.
तिस्रः नद्यः प्रवहन्ति ।

૧૧. ત્રણ પર્વતો ઊભા છે.
त्रयः पर्वताः तिष्ठन्ति ।

૧૨. ચાર પુરુષો જાય છે.
चत्वारः पुरुषाः गच्छन्ति ।

૧૩. ચાર સ્ત્રીઓ નાચે છે.
चतस्रः नार्यः नृत्यन्ति ।

નોંધ : અહીં વિશેષ્ય (= સંખ્યેય = જે પદાર્થોની ગણતરી કરવાની હોય તે 'સંખ્યેય' કહેવાય)ના લિંગ, વચન, વિભક્તિ અનુસાર જ ૧ થી ૪ સંખ્યાવાચક વિશેષણોનાં રૂપો વપરાયાં છે.

(क)-૨ : પાંચથી અઢાર સુધીના સંખ્યાવાચક શબ્દો કેવળ વિશેષણ તરીકે જ વપરાય છે; પરંતુ તેમનાં રૂપો ત્રણેય લિંગમાં એકસરખાં (અને કેવળ બહુવચનમાં) જ થાય છે. (આથી આ સંખ્યાવાચક શબ્દો વિશેષણ તરીકે વપરાય ત્યારે વિશેષ્યની કેવળ વિભક્તિ સાથે તેમની સંગતિ વિચારવાની રહે છે.) દા. ત.,

	पञ्चन्-પાંચ (પુંલિંગ, સ્ત્રીલિંગ, નપું. ત્રણેયમાં સમાન)	षष्-છ (પું. સ્ત્રી. નપું. ત્રણેયમાં સમાન)	सप्तन्-સાત (પું. સ્ત્રી. નપું. ત્રણેયમાં સમાન)
प्र.	पंच (બહુવચન)	षट् (બહુવચન)	सप्त (બહુવચન)
द्वि.	पंच	षट्	सप्त
तृ.	पंचभिः	षड्भिः	सप्तभिः
च.	पंचभ्यः	षड्भ्यः	सप्तभ्यः
पं.	पंचभ्यः	षड्भ्यः	सप्तभ्यः
ष.	पंचानाम्	षण्णाम्	सप्तानाम्
स.	पंचसु	षट्सु	सप्तसु
सं.	–	–	–

	अष्टन्-આઠ (પુંલિંગ, સ્ત્રીલિંગ, નપું. ત્રણેયમાં સમાન)	नवन्-નવ (પું. સ્ત્રી. નપું. ત્રણેયમાં સમાન)	दशन्-દશ (પું. સ્ત્રી. નપું. ત્રણેયમાં સમાન)
प्र.	अष्टौ, अष्ट (બહુવચન)	नव (બહુવચન)	दश (બહુવચન)
द्वि.	अष्टौ, अष्ट	नव	दश
तृ.	अष्टाभिः अष्टभिः	नवभिः	दशभिः
च.	अष्टाभ्यः, अष्टभ्यः	नवभ्यः	दशभ्यः
पं.	अष्टाभ्यः, अष्टभ्यः	नवभ्यः	दशभ्यः
ष.	अष्टानाम्	नवानाम्	दशानाम्
स.	अष्टासु, अष्टसु	नवसु	दशसु
सं.	हे अष्टौ, हे अष्ट	हे नव	हे दश

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધ : આ જ રીતે બધા नकारान्त સંખ્યાવાચી શબ્દો (एकादशन्, द्वादशन्, त्रयोदशन्, पञ्चदशन्, षोडशन्, सप्तदशन् અને अष्टादशन् = ૧૮)નાં રૂપો ત્રણેય લિંગમાં એકસમાન અને નિત્ય બહુવચનાન્ત રૂપે (पञ्चन् શબ્દની જેમ જ) ચાલે છે.

આ સંખ્યાવાચક શબ્દો વિશેષણ તરીકે કેટલાંક વાક્યોમાં વાપરી જોઈશું :

૧. ઉદ્યાનમાં (પાંચ) વૃક્ષો છે. (વિશેષ્ય 'વૃક્ષ' શબ્દ પુંલિંગમાં છે.)
उद्याने पञ्च वृक्षाः सन्ति ।

૨. સિંધમાં (પાંચ) નદીઓ છે. (નદી સ્ત્રીલિંગમાં છે)
सिन्धप्रदेशे पञ्च नद्यः सन्ति ।

૩. રાજા (છ) બ્રાહ્મણોને ધન આપે છે.
नृपः षड्भ्यः ब्राह्मणेभ्यः धनं यच्छति ।

૪. સીતા (છ) કન્યાઓને વાર્તા કહે છે.
सीता षड्भ्यः कन्याभ्यः वार्तां कथयति ।

૫. બ્રાહ્મણ દશ યજ્ઞોમાં (આહુતિ) હોમે છે.
विप्रः दशसु यज्ञेषु जुहोति ।

(ख)-૧ : ઓગણીસથી પરાર્ધ સુધીના સંખ્યાવાચક શબ્દો વિશેષણ તરીકે ય વપરાય છે; (અને વિશેષ્ય તરીકે પણ વપરાય છે.) પરંતુ તેમાં ૧૯ થી ૯૯ સુધીના સંખ્યાવાચક શબ્દો નિત્ય સ્ત્રીલિંગ છે અને તેમનો પ્રયોગ કેવળ એકવચનમાં જ થાય છે. (અર્થાત્ ૧૯ થી ૯૯ સુધીના સંખ્યાવાચક શબ્દો વિશેષણ તરીકે વપરાયા હોય ત્યારે વિશેષ્યનાં જે લિંગ અને વચન હોય તે આ-૧૯ થી ૯૯ સુધીના- સંખ્યાવાચક શબ્દોમાં પ્રવેશી શકતા નથી.) દા. ત.,

૧. પચ્ચીસ બાળકો આવે છે.
पञ्चविंशतिः बालकाः आगच्छन्ति ।
(૨૫ સંખ્યાનો વાચક શબ્દ વિશેષણ તરીકે વપરાયો હોવા છતાંય સ્ત્રીલિંગ અને એકવચનમાં પ્રયોગ થયો છે.) (પુંલિંગ, બહુવચનમાં વિશેષ્ય છે.) પણ

૨. અમે છત્રીસ અહીં છીએ.
वयं षट्त्रिंशत् अत्र वर्तामहे ।
(વિશેષ્ય) (વિશેષણ સ્ત્રીલિંગ-એકવચનમાં)

૩. અડતાલીસ અધ્યાપકો છે.
अष्टचत्वारिंशत् अध्यापकाः सन्ति ।
(વિશેષણ-સ્ત્રીલિંગ-એકવચનમાં) (વિશેષ્ય-પુંલિંગ બહુવચનમાં)

૪. ત્રીસ સુન્દર અશ્વો આવ્યા (છે).
त्रिंशत् सुन्दराः अश्वाः आगतवन्तः ।
(વિશેષણ-૨ સ્ત્રીલિંગ એકવચન) (વિશેષણ-૧ પુંલિંગ બહુવચન) (વિશેષ્ય પુંલિંગ બહુવચન) (પુંલિંગ, कर्तरि બહુવચનમાં ભૂતકૃદન્ત)
પણ → તદનુસાર

આમ ૧૯ થી ૯૯ સુધીના સંખ્યાવાચક શબ્દો વિશેષણ તરીકે વપરાયા હોય ત્યારે નિત્ય સ્ત્રીલિંગ અને એકવચનમાં જ રહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख)-૨ : આ જ (૧૯ થી ૯૯ સુધીના) સંખ્યાવાચક શબ્દો જ્યારે વાક્યમાં ઉદ્દેશ્યભૂત વિશેષ્ય રૂપે ક્યાંક વપરાય છે, ત્યારે ક્રિયાપદમાં પણ એકવચનના પ્રત્યયની સંગતિ રાખવી પડે છે; (કારણ કે આ સંખ્યાવાચક શબ્દો હંમેશાં એકવચનમાં જ પ્રયોજાય છે.)

દા. ત., ૧. અમે છત્રીસ અહીં છીએ. (= અમારી ૩૬ ની સંખ્યા અહીં છે.)

अस्माकं षट्त्रिंशत् अत्र वर्तते ।

(વિશેષ્ય સ્ત્રીલિંગ એકવચનમાં) (ક્રિયાપદમાં પણ એકવચન)

૨. આડત્રીસ અધ્યાપકો છે. (= અધ્યાપકોની ૩૮ સંખ્યા અહીં છે.)

अध्यापकानां अष्टचत्वारिंशत् अस्ति ।

ઉદ્દેશ્યભૂત વિશેષ્ય સ્ત્રીલિંગ અને એકવચનમાં તદનુસાર ક્રિયાપદ એકવચનમાં

૩. પચ્ચીસ બાળકો આવ્યા (છે).

(= બાળકોની ૨૫ સંખ્યા આવી છે.)

बालकानां पञ्चविंशतिः आगतवती ।

વિશેષ્ય ૨૫ સંખ્યા વાચક શબ્દ સ્ત્રીલિંગ અને એકવચનમાં → તદનુસાર → (કર્તરિ વર્તમાન કૃદન્ત પણ સ્ત્રીલિંગ, એકવચનમાં વપરાશે.)

* * *

હવે, આપણે આ (૧૯ થી ૯૯) સંખ્યાવાચક શબ્દોનાં કેવાં રૂપો થાય છે તે જોઈશું :

(૧) एकोनविंशति-૧૯, विंशति-૨૦, एकविंशति-૨૧, द्वाविंशति-૨૨, त्रयोविंशति-૨૩, चतुर्विंशति-૨૪, पंचविंशति-૨૫, षड्विंशति-૨૬, सप्तविंशति-૨૭, अष्टाविंशति-૨૮, नवविंशति-૨૯-આટલા સંખ્યાવાચક શબ્દો વિશેષ્ય તરીકે વપરાયા હોય કે વિશેષણ તરીકે વપરાયા હોય, પણ તેમનાં રૂપો હ્રસ્વ ઇકારાન્ત સ્ત્રીલિંગ મતિ શબ્દ જેવાં જ થાય છે. (કારણ કે ૧૯ થી પરાર્ધ સુધીના બધા જ સંખ્યાવાચક શબ્દો નિત્ય સ્ત્રીલિંગ છે.)

(૨) त्रिंशत्-૩૦, एकत्रिंशत्-૩૧, द्वात्रिंशत्-૩૨, त्रयोस्त्रिंशत्-૩૩, चतुर्त्रिंशत्-૩૪, पंचत्रिंशत्-૩૫, षट्त्रिंशत्-૩૬, सप्तत्रिंशत्-૩૭, अष्टात्रिंशत्-૩૮, नवत्रिंशत्-૩૯, चत्वारिंशत्-૪૦, एकचत्वारिंशत्-૪૧, द्वाचत्वारिंशत्-द्विच०-૪૨, त्रयश्चत्वारिंशत्-त्रिचत्वा०-૪૩, चतुश्चत्वारिंशत्-૪૪, पञ्चचत्वारिंशत्-૪૫, षट्चत्वारिंशत्-૪૬, सप्तचत्वारिंशत्-૪૭, अष्टा/अष्टचत्वारिंशत्-૪૮, नवचत्वा०-૪૯, पञ्चाशत्-૫૦, एकपंचाशत्-૫૧, द्वा / द्विपंचाशत्-૫૨, त्रयः/त्रिपंचाशत्-૫૩, चतुःपंचाशत्-૫૪, पञ्चपंचाशत्-૫૫, षट्पंचाशत्-૫૬, सप्तपंचाशत्-૫૭, अष्टा/अष्टपंचाशत्-૫૮, नवपंचाशत्-૫૯-આટલા સંખ્યાવાચક શબ્દો નિત્ય સ્ત્રીલિંગ અને એકવચનમાં જ રહે છે; તથા વિશેષ્ય કે વિશેષણ તરીકે વપરાય છે. આ શબ્દોનાં રૂપો સ્ત્રીલિંગ વિપદ્ શબ્દના જેવાં થાય છે.

(૩) षष्टि-૬૦, एकषष्टि-૬૧, द्वा/द्विषष्टि-૬૨, त्रि/त्रियष्षष्टि-૬૩, चतुष्षष्टि-૬૪, पञ्चषष्टि-૬૫, षट्षष्टि-૬૬, सप्तषष्टि-૬૭, अष्टा/अष्टषष्टि-૬૮, नवषष्टि-૬૯, અથવા एकोनसप्तति-૬૯, सप्तति-૭૦, एकसप्तति-૭૧, द्वा/द्विसप्तति-૭૨, त्रि/त्रियस्सप्तति-૭૩, चतुस्सप्तति-૭૪, पञ्चसप्तति-૭૫, षट्सप्तति-૭૬, सप्तसप्तति-૭૭, अष्ट/अष्टसप्तति-૭૮, नवसप्तति/एकोनाशीति-૭૯, अशीति-૮૦, एकशीति-૮૧, द्व्यशीति-૮૨, त्र्यशीति-૮૩, चतुरशीति-૮૪, पंचाशीति-૮૫, षडशीति-૮૬, सप्ताशीति-૮૭, अष्टाशीति-૮૮, नवाशीति/एकोननवति-૮૯, नवति-૯૦, एकनवति-૯૧, द्वि/द्वानवति-૯૨, त्रयो/त्रिनवति-૯૩, चतुर्नवति-૯૪, पंचनवति-૯૫, षण्णवति-૯૬, सप्तनवति-૯૭, अष्टा/अष्टनवति-૯૮, नयनवति-૯૯-આટલા સંખ્યાવાચક શબ્દો વિશેષ્ય અને વિશેષણ એમ બન્ને રીતે વપરાય છે. પરંતુ તે શબ્દો નિત્ય સ્ત્રીલિંગ અને એકવચનમાં જ રહે છે; તથા તે (षष्टि...नवनवति) શબ્દોનાં રૂપો સ્ત્રીલિંગ (विंशतिની જેમ જ) મતિ શબ્દના જેવાં ચાલે છે.

(૪) ૧૧૩, ૨૦૧૨ જેવી મોટી સંખ્યાઓના સંસ્કૃત રૂપાંતર કરતી વેળાએ જમણેથી ડાબે જતાં જે આંકડાઓ હોય તેમને પ્રથમ મૂકવામાં આવે છે તથા शत અને सहस्र આદિ શબ્દની પાછળ 'अधिक' કે उत्तर શબ્દને મૂકવામાં આવે છે. જેમકે – ૧૧૩ માટે त्रयोदशाधिकशतं बालाः गच्छन्ति । અથવા त्रयोदशोत्तरशतं बालाः गच्छन्ति । ૨૦૧૨ માટે द्वादशाधिकं द्विसहस्रम् । વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દા. ત., (નિત્ય સ્ત્રીલિંગ, કેવળ એકવચનમાં જ રૂપો)

	विंशति	त्रिंशत्	षष्टि	नवति
प्र.	विंशतिः	त्रिंशत्	षष्टिः	नवतिः
द्वि.	विंशतिम्	त्रिंशतम्	षष्टिम्	नवतिम्
तृ.	विंशत्या	त्रिंशता	षष्ट्या	नवत्या
च.	विंशत्यै, विंशतये	त्रिंशते	षष्ट्यै, षष्टये	नवत्यै, नवतये
पं.	विंशत्याः, विंशतेः	त्रिंशतः	षष्ट्याः, षष्टेः	नवत्याः, नवतेः
ष.	विंशत्याः, विंशतेः	त्रिंशतः	'' ''	नयत्याः, नवतेः
स.	विंशत्याम्, विंशतौ	त्रिंशति	षष्ट्याम्, षष्टौ	नवत्याम्, नवतौ

(ગ) એકસોથી પરાર્ધ સુધીના સંખ્યાવાચક શબ્દો વિશેષ્ય રૂપે પણ વપરાય છે, અને વિશેષણ રૂપે પણ વપરાય છે. આ બધા શબ્દો નિત્ય એકવચનાન્ત હોય છે; પણ તેમનાં લિંગ નીચે મુજબ જોવા મળે છે :

૧૦૦	शत (નપું.)	દશ લાખ-प्रयुत (નપું.)
૨૦૦	द्विशत (નપું.)	કરોડ-कोटि (स्त्री)
૩૦૦	त्रिशत (નપું.)	દશ કરોડ-अर्बुद (નપું.)
૪૦૦	चतुःशत (નપું.)	અરબ-अब्ज (નપું.)
૫૦૦	पञ्चशत (નપું.)	દશ અરબ-खर्व (નપું., પુંલિંગ)
૧૦૦૦	सहस्र (નપું.)	ખરબ-निखर्व (નપું., પુંલિંગ)
૧૦,૦૦૦	अयुत (નપું.)	દશ ખરબ- महापद्म (નપું.)
૧,૦૦,૦૦૦	लक्ष (નપું.)	નીલ-शङ्कु (પું.)
અથવા	लक्षा (स्त्री.)	

૧. વિશેષણ તરીકે (૧૦૦ વગેરે) સંખ્યાવાચક શબ્દો વપરાયા હોય ત્યારે–દા. ત. (એક) સો વિદ્યાર્થીઓ રમે છે. शतं छात्राः क्रीडन्ति । (અહીં પ્રથમા વિભક્ત્યન્ત छात्राः શબ્દ વિશેષ્ય છે. તેમાં પુંલિંગ અને બહુવચન છે. પરંતુ વિશેષણ રૂપ शत શબ્દ 'નિત્ય નપું.' અને 'નિત્ય એકવચનાન્ત' રૂપે જ વપરાય છે. પરંતુ બસો, પાંચસો, નવસો એવી સંખ્યા દર્શાવવા शत (નપું)નાં રૂપો બહુવચનમાં વપરાય છે : त्रीणि सूत्रसहस्राणि तथा नवशतानि च । षण् णवतिं च सूत्राणां पाणिनिः कृतवान् स्वयम् ॥ (નોંધ : गजपुंगवस्तु धीरं विलोकयति चाटुशतैश्च भुङ्क्ते । (નીતિશતક) જેવા પ્રયોગમાં शत શબ્દ બહુવચનમાં વપરાયો છે. પણ તે બહુવ્રીહિ સમાસમાં આવેલો છે અને वचनैःનું વિશેષણ છે. તેથી वचन જો બહુવચનમાં હોય તો તેના વિશેષણને પણ બહુવચનમાં ફેરવવો જ પડે.)

૨. આ જ (૧૦૦ વગેરે) સંખ્યાવાચક શબ્દો વિશેષ્ય તરીકે વપરાયા હોય ત્યારે–

'એકસો વિદ્યાર્થીઓ રમે છે.' (= વિદ્યાર્થીઓની સો સંખ્યા રમે છે.) छात्राणां शतं क्रीडति । અહીં સંખ્યાવાચક शत શબ્દ 'નિત્ય નપું.' અને 'નિત્ય એકવચનાન્ત' તરીકે વપરાયો છે. [તથા તે શબ્દ વિશેષ્ય = ઉદ્દેશ્ય રૂપ હોઈને તેના પ્રથમ પુ. એકવચન અનુસાર ક્રિયાપદમાં (પ્રથમ પુ.નો) એકવચનનો /-ति/ પ્રત્યય વપરાયો છે.]

* * *

સંખ્યાવાચક શબ્દોનો પ્રયોગ કરતી વખતે સંશય રહ્યા કરતો હોય તો જે તે સંખ્યાવાચક શબ્દની પાછળ संख्यक શબ્દ ઉમેરીને, એટલે કે સંખ્યાવાચક શબ્દને એ રીતે હ્રસ્વ अकारान्त બનાવી લઈને, ત્યાર પછી વિશેષ્ય અનુસાર તેના લિંગ, વચન, વિભક્તિ ગોઠવી લેવાં. જેમકે,

૧. धृतराष्ट्रस्य शतसंख्यकाः सुताः सन्ति ।
૨. पाण्डोः पञ्चसंख्यकाः पुत्राः सन्ति ।
૩. विंशतिसंख्यकानि स्वादूनि फलानि पतन्ति ।
૪. वने पञ्चसंख्यकाः मयूराः नृत्यन्ति ।

'આવૃત્તિ' (= કેટલી વાર ? - એવો) અર્થ દર્શાવવા માટે (૧) द्वि, त्रि અને चतुर् એ ત્રણ સંખ્યાવાચક શબ્દોને सुच् > स् (એવો તદ્ધિતનો) પ્રત્યય લાગે છે. જેથી द्विः । त्रिः । चतुः । એવા રૂપો બને છે. જેમકે, ૧. सः दिनस्य (दिने वा) द्विः त्रिर्वा अधीते ।' 'તે દિવસના બે વાર (કે ત્રણ વાર) ભણે છે : ૨. त्रिः संख्याम् उपासीत । '(દિવસમાં) ત્રણ વાર સંધ્યા કરવી જોઈએ.' (૨) एक સંખ્યાવાચકના સ્થાનમાં, આવૃત્તિ અર્થમાં 'सकृत्' (= એકવાર) એવો શબ્દ આદેશ રૂપે થાય છે. જેમકે, यदि सकृद् अपि मुरारि-समर्चा, तस्य यमः किं कुरुते चर्चा 'જો એકવાર પણ મુરારિ (કૃષ્ણ)ની પૂજા કરી હોય, તો તેની યમરાજ કેવી રીતે ચર્ચા કરી શકવાના છે ?' (૩) આ સિવાયના સંખ્યાવાચક શબ્દોને कृत्वस्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રત્યય લાગે છે; (અને पञ्चन् વગેરે શબ્દોના અંતિમ न् કારનો લોપ થાય છે) : જેમકે ૧. विदूषकः दिवसस्य पञ्चकृत्वः भुङ्क्ते । 'વિદૂષક દિવસના પાંચવાર ભોજન કરે છે : ૨. 'त्रिः सप्तकृत्वः परशुरामः पृथिवीम् अक्षत्रियाम् अकरोत् ।' 'ત્રણ વાર સાતવાર અર્થાત્ એકવીસવાર પરશુરામે પૃથિવીને નક્ષત્રિય કરી.' (૪) આવી જ રીતે સંખ્યાવાચક શબ્દોને 'धा' પ્રત્યય પણ 'પ્રકાર', 'વાર' અર્થમાં લાગે છે. જેમકે, ૧. दलति हृदयं गाढोद्वेगं, द्विधा तु न भिद्यते । 'ગાઢ ઉદ્‌વેગવાળું હૃદય દળાય છે, પણ બે ભાગમાં તે ભેદાઈ જતું નથી.' [આ 'આવૃત્તિ' અને પ્રકાર અર્થવાળા પ્રત્યયો લાગ્યા પછી, તે સંખ્યાવાચક શબ્દો વાક્યમાં અવ્યયની જેમ વપરાય છે; તથા પ્રાયઃ ક્રિયાવિશેષણ રૂપે કામગીરી બજાવે છે.]

III.2.3.2. પૂરણાર્થક સંખ્યાવાચક[૬] શબ્દો વિશેષણ તરીકે વપરાયા હોય ત્યારે વિશેષ્યના જે લિંગ, વચન અને વિભક્તિ હોય તે, એ વિશેષણને પણ લાગુ પડે છે. આનાં ઉદાહરણો જોઈએ તે પહેલાં-કેટલાંક સંખ્યાવાચક શબ્દો ઉપરથી (સાધેલા =) બનાવેલા 'પૂરણાર્થક સંખ્યાવાચક' (= ક્રમાંકવાચક) શબ્દોનાં રૂપ જોઈશું :

સંખ્યા	પૂરણીસંખ્યા પુંલિંગ	નપુંસકલિંગ	સ્ત્રીલિંગ
૧. एक	प्रथमः	प्रथमम्	प्रथमा
૨. द्वि	द्वितीयः	द्वितीयम्	द्वितीया
૩. त्रि	तृतीयः	तृतीयम्	तृतीया
૪. चतुर्	चतुर्थः/तुरीयः/तुर्यः	चतुर्थम्	चतुर्थी/तुरीया/तुर्या
૫. पंचन्	पंचमः	पंचमम्	पंचमी
૬. षष्	षष्ठः	षष्ठम्	षष्ठी
૭. सप्तन्	सप्तमः	सप्तमम्	सप्तमी
૮. अष्टन्	अष्टमः	अष्टमम्	अष्ठमी
૯. नवन्	नवमः	नवमम्	नवमी
૧૦. दशन्	दशमः	दशमम्	दशमी
૧૧. एकादशन्	एकादशः	एकादशम्	एकादशी
૨૦. विंशति	विंश/विंशतितमः	विंशम्/विंशतितमम्	विंशी/विंशतितमी
૩૦. त्रिंशत्	त्रिंशत्तमः	त्रिंशत्तमम्	त्रिंशत्तमी
૫૦. पंचाशत्	पंचाशत्तमः	पंचाशत्तमम्	पंचाशत्तमी
૬૦. षष्टि	षष्टितमः	षष्टितमम्	षष्टितमी
૭૦. सप्तति	{ सप्ततः { सप्ततितमः	{ सप्ततम् { सप्ततितमम्	{ सप्तती { सप्ततितमी
૮૦. अशीति	अशीतितमः	अशीतितमम्	अशीतितमी
૯૦. नवति	नवतितमः	नवतितमम्	नवतितमी
૧૦૦. शत	शततमः	शततमम्	शततमी
૧૦૦૦. सहस्र	सहस्रतमः	सहस्रतमम्	सहस्रतमी
	આ શબ્દો અકારાન્ત હોઈ रामवत् રૂપો થશે.	આ શબ્દો અકારાન્ત હોઈને તેમનાં वनवत् રૂપો થશે.	જે આકારાન્ત છે તેમનાં રૂપો मालावत् થશે અને જે દીર્ઘ ઈકારાન્ત શબ્દો છે, તેનાં રૂપો नदीवत् થશે.

હવે, પૂરણાર્થક = ક્રમાંકવાચક સંખ્યાશબ્દો વિશેષણ તરીકે વપરાયા હોય તેવાં વાક્યો :

૧. રામ દશરથનો (પ્રથમ) પુત્ર છે.

रामः दशरथस्य प्रथमः पुत्रः अस्ति ।

૬. 'એક વન છે.' 'બે વન છે.' આ વાક્યોમાં વપરાયેલા 'એક' અને 'બે' એવા શબ્દો કેવળ સંખ્યાવાચક છે. પરંતુ 'પહેલું વન છે.' 'બીજું વન છે' એવા વાક્યોમાં વપરાયેલા 'પહેલું' અને 'બીજું' શબ્દો ક્રમવાચક છે. વ્યાકરણની પરિભાષામાં આવા શબ્દોને 'પૂરણાર્થક સંખ્યાવાચક' કહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨. વસુમતી	દુષ્યન્તની	(પ્રથમ)	પત્ની	છે.	
वसुमती	दुष्यन्तस्य	प्रथमा	पत्नी	अस्ति ।	
૩. વિદર્ભનું	દંડકારણ્ય	(પ્રથમ)	વન	છે.	
विदर्भस्य	दण्डकारण्यम्	प्रथमं	वनम्	अस्ति ।	
૪. કૃષ્ણ	દેવકીનો	(આઠમો)	પુત્ર	છે.	
कृष्णः	देवक्याः	अष्टमः	पुत्रः	अस्ति ।	
૫. રાવણ	સોમું	કમળ	શિવને	અર્પે	છે.
रावणः	शततमम्	कमलं	शिवाय	अर्पयति ।	
૬. કવિ	(સાતમા)	શ્લોકથી	રામને	વર્ણવે	છે.
कविः	सप्तमेन	श्लोकेन	रामं	वर्णयति ।	
૭. હું	(આઠમી)	મૂર્તિને	જોઉં	છું.	
अहम्	अष्टमीं	मूर्तिं	पश्यामि ।		

નોંધ : ઉપરનાં વાક્યોનો ધ્યાનથી અભ્યાસ કરતાં જણાય છે કે અહીં ક્રમાંકવાચી (= પૂરણાર્થક સંખ્યાવાચક) શબ્દો વિશેષણ તરીકે વપરાયા છે. તથા તે વખતે વિશેષ્યવાચક (દા. ત., પુત્ર, પત્ની, વન, પુત્ર, કમળ, શ્લોક અને મૂર્તિ જેવા) શબ્દોમાં જે લિંગ, વચન અને વિભક્તિ વપરાયાં છે, તે જ લિંગ, વચન અને વિભક્તિ એ ક્રમાંકવાચી (પ્રથમ, દ્વિતીય, આઠમો વગેરે) વિશેષણોમાં પણ લાગુ પાડ્યાં છે.

III.2.3.3. ''બે કે ત્રણ'', ''ત્રણ કે ચાર'', ''ચાર કે પાંચ'' -એમ સંખ્યા બાબતે અનિશ્ચિતતા પ્રવર્તતી/દર્શાવવી હોય તો, તેવા સંખ્યાવાચક સંસ્કૃત શબ્દોને હ્રસ્વ અકારાન્ત બનાવી લઈને પછી; વિશેષ્યાનુસારી લિંગ, વચન-વિભક્તિ ગોઠવી લેવાં. જેમકે,

૧. હું પાંચ–છ દિવસમાં (= વડે) કામ કરીશ.
अहं पञ्चषैः दिनैः कार्यं करिष्यामि (पंच + षष् = पंचष)

૨. હું સાત–આઠ દિવસ ઘરમાં રહું છું.
अहं सप्ताष्टानि दिनानि गृहे निवसामि । (सप्त + अष्ट = सप्ताष्ट)

૩. હું બે–ત્રણ મહિનામાં (= વડે) વ્યાકરણ જાણું છું.
अहम् द्वित्रैः मासैः व्याकरणं जानामि । (द्वि + त्रि = द्वित्र)

૪. હું દીકરાને પ્રેમપૂર્વક બે–ત્રણ ફળ આપું છું.
अहं पुत्राय सस्नेहं द्वित्राणि फलानि यच्छामि । (द्वि + त्रि = द्वित्र)

૫. અહીં ત્રણ–ચાર વાંદરા છે.
अत्र त्रिचतुराः वानराः सन्ति । (त्रि + चतुर् = त्रिचतुर)

૬. કાલિદાસ વગેરે (જેવા) કવિઓ તો બેત્રણ કે પાંચ-છ (જ) હોય.
कवयः कालिदासाद्याः द्वित्राः पञ्चषाः वा सन्ति ।

નોંધ : સંખ્યાવાચક શબ્દોના પ્રયોગ બાબતે વધુ જિજ્ઞાસા થાય ત્યારે बृहद् अनुवाद चन्द्रिका, ले. चक्रधर नौटियाल 'हंस' मोतीलाल बनारसीदास, 1977, पृष्ठ 85-101 જોવા ભલામણ કરે છે.

III.2.4.0. 'સર્વનામ' કોને કહેવાય ?

''સૌને માટે વપરાય'' તેને સર્વનામ કહે છે. જેમ કે, 'રામ વનમાં જાય છે.' 'દુષ્યન્ત વનમાં જાય છે.' ઋષિ વનમાં જાય છે.' અહીં રામ/દુષ્યન્ત/ઋષિ... એ સૌને માટે 'તે વનમાં જાય છે' એમ બોલી શકાય છે. આવા સૌને માટે વપરાતા 'તે', 'આ 'પેલું', 'જે' વગેરે શબ્દોને 'સર્વનામ' કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો નામને બદલે જે શબ્દ વપરાય તેને 'સર્વનામ' કહે છે. દા. ત., ''રામ વનમાં જાય છે. રામ ત્યાં પર્ણકુટિ બાંધે છે. રામ ખર–દૂષણને મારે છે. રામની પત્નીનું અપહરણ થાય છે. પછી રામ રાવણને હણે છે.'' આને બદલે– ''રામ વનમાં જાય છે. તે ત્યાં પર્ણકુટિ બાંધે છે. તે ખર–દૂષણને મારે છે. તેમની પત્નીનું અપહરણ થાય છે. પછી તે રાવણને હણે છે.'' -એમ જ્યારે 'રામ' એવા નામને બદલે 'તે', 'તેમની' જેવા જે શબ્દો વપરાય છે, તેને 'સર્વનામ' કહે છે.

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંસ્કૃત ભાષામાં આવા 'સર્વનામ'વાચક શબ્દોની સંખ્યા લગભગ ૩૫ છે. જેમકે,

૧. सर्व } બધું	૧૨. नेम-અર્ધું	૨૪. त्यद्-તે
૨. विश्व	૧૩. सम-બધું, સર્વ	૨૫. तद्-તે
૩. उभय } બન્ને	૧૪. सिम-સમ્પૂર્ણ	૨૬. यद्-જે
૪. उभ	૧૫. पूर्व-પૂર્વ	૨૭. एतद्-'આ' વધુ નજીકમાં
૫. किम् + डतर = कतर	૧૬. पर-પર/પાછળ	૨૮. इदम्-આ, નજીકમાં
૬. किम् + डतम = कतम	૧૭. अवर-બીજું	૨૯. अदस्-પેલું/દૂરનું
૭. अन्य-બીજું	૧૮. दक्षिण-જમણું	૩૦. एक-એક
૮. अन्यतर-બેમાંથી કોઈ એક	૧૯. उत्तर-ઉત્તર	૩૧. द्वि-બે
૯. इतर-બીજા	૨૦. अपर-બીજું-નીચું	૩૨. युष्मद्-તું/તમે
૧૦. त्वत् } અન્યના	૨૧. अधर-નીચેનું	૩૩. अस्मद्-હું/અમે
૧૧. त्व } પર્યાય	૨૨. स्व-પોતાનું	૩૪. भवत्-આપશ્રી
	૨૩. अन्तर-વચ્ચે	૩૫. किम्-શું (પ્રશ્નાર્થક)

इदमस्तु सन्निकृष्टं समीपतरवर्ति चैतदो रूपम् ।
अदसस्तु विप्रकृष्टं तदिति परोक्षे विजानीयात् ॥

આ શ્લોકમાં-૧. इदम् સર્વનામ નજીકમાં રહેલી વસ્તુ માટે વપરાય છે, ૨. एतद् સર્વનામ થોડી વધુ નજીકની વસ્તુ માટે વપરાય છે, ૩. अदस् સર્વનામ દૂરની વસ્તુ માટે વપરાય છે અને ૪. तद् સર્વનામ પરોક્ષમાં રહેલી (હાજર નહીં તેવી) વસ્તુ માટે વપરાય છે એમ જણાવ્યું છે.

આ સર્વનામ વાચક શબ્દોની રૂપરચના અંગે એક મહત્ત્વનો મુદ્દો એ છે કે

(૧) अस्मद्-(હું) (૨) युष्मद्-(તું)	ત્રણેય લિંગમાં (પ્રથમાદિ વિભક્તિઓના) એકસરખાં રૂપો થાય છે.
(૩) सर्व, विश्व, तद्, यद्, इदम्, एतद्, किम्-વગેરે (अस्मद्-युष्मद् સિવાયનાં) બધાં જ સર્વનામો.	ત્રણેય લિંગમાં (પ્રથમાદિ વિભક્તિઓનાં) જુદાં જુદાં રૂપો થાય છે.[૭]

દાખલા તરીકે જોઈએ તો–

(क) વક્તા તરીકે રામ કહે કે 'હું બોલું છું.'

(ख) વક્તા તરીકે સીતા કહે કે– 'હું બોલું છું.'

(ग) વક્તા તરીકે વન (માનવીય વાણીમાં) કહે કે–'હું બોલું છું.'

તો જેમ ગુજરાતી ભાષામાં, વક્તા પુંલિંગ (= રામ) હોય, સ્ત્રીલિંગ (= સીતા) હોય કે નપુંસકલિંગ (= વન) હોય તો પણ તેમને માટે વપરાયેલ સર્વનામવાચક શબ્દ ત્રણેય લિંગમાં 'હું' એક સમાન રહે છે. તેવી રીતે સંસ્કૃત ભાષામાં પણ अस्मद्નું अहम् રૂપ ત્રણેય લિંગને માટે એકસરખું જ વપરાય છે. આવી જ રીતે 'તું' માટે વપરાતા युष्मद् સર્વનામનાં રૂપો પણ ત્રણેય લિંગમાં એકસરખાં જ થાય છે.

---

૭. उद्दिश्यमानप्रतिनिर्दिश्यमानयोरेकत्वमापादयन्ति सर्वनामानि पर्यायेण तल्लिङ्गमुपाददते इति कामचारः । (કૈયટ).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अस्मद्‌નાં રૂપો જોઈશું. (ત્રણેય લિંગમાં સમાન)

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	अहम्	आवाम्	वयम्
દ્વિતીયા	माम् કે मा[૮]	आवाम् કે नौ	अस्मान् કે नः
તૃતીયા	मया	आवाभ्याम्	अस्माभिः
ચતુર્થી	मह्यम् કે मे	आवाभ्याम् કે नौ	अस्मभ्यम् કે नः
પંચમી	मत्	आवाभ्याम्	अस्मत्
ષષ્ઠી	मम કે मे	आवयोः કે नौ	अस्माकम् કે नः
સપ્તમી	मयि	आवयोः	अस्मासु
સંબોધન	–	–	–

(કોઈપણ સર્વનામવાચક શબ્દનાં સંબોધન વિભક્તિમાં રૂપો થતાં નથી.)

युष्मद्‌નાં રૂપો (ત્રણેય લિંગમાં સમાન)

	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	त्वम्	युवाम्	यूयम्
દ્વિતીયા	त्वाम् કે त्वा[૮]	युवाम् કે वाम्	युष्मान् કે वः
તૃતીયા	त्वया	युवाभ्याम्	युष्माभिः
ચતુર્થી	तुभ्यम् કે ते	युवाभ्याम् કે वाम्	युष्मभ्यग् કે वः
પંચમી	त्वत्	युवाभ्याम्	युष्मत्
ષષ્ઠી	तव કે ते	युवयोः કે वाम्	युष्माकम् કે वः
સપ્તમી	त्वयि	युवयोः	युष्मासु
સંબોધન	–	–	–

अस्मद्-युष्मद् સિવાયનાં (તમામ) सर्व, *विश्व, तद्, *यद्, *इदम् વગેરે સર્વનામોનાં રૂપો ત્રણેય લિંગમાં અલગ અલગ થાય છે. નમુના તરીકે એક तद्‌નાં રૂપો જોઈશું (બાકીનાં સર્વનામોનાં રૂપો પરિશિષ્ટમાં આપ્યાં છે) :

तद् = ते

	પુંલિંગ			નપુંસકલિંગ			સ્ત્રીલિંગ		
	એક.	દ્વિ.	બહુ.	એક.	દ્વિ.	બહુ.	એક.	દ્વિ.	બહુ.
પ્રથમા	सः	तौ	ते	तद्	ते	तानि	सा	ते	ताः
દ્વિતીયા	तम्	तौ	तान्	तद्	ते	तानि	ताम्	ते	ताः
તૃતીયા	तेन	ताभ्याम्	तैः	तेन	ताभ्याम्	तैः	तया	ताभ्याम्	ताभिः
ચતુર્થી	तस्मै	ताभ्याम्	तेभ्यः	तस्मै	ताभ्याम्	तेभ्यः	तस्यै	ताभ्याम्	ताभ्यः
પંચમી	तस्मात्	ताभ्याम्	तेभ्यः	तस्मात्	ताभ्याम्	तेभ्यः	तस्याः	ताभ्याम्	ताभ्यः
ષષ્ઠી	तस्य	तयोः	तेषाम्	तस्य	तयोः	तेषाम्	तस्याः	तयोः	तासाम्
સપ્તમી	तस्मिन्	तयोः	तेषु	तस्मिन्	तयोः	तेषु	तस्याम्	तयोः	तासु
સંબો.	–	–	–	–	–	–	–	–	–
				(નોંધ : નપુંસકલિંગમાં તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગના રૂપો જેવાં જ છે.					

૮. अस्मद्-युष्मद्‌નાં આવાં વૈકલ્પિક રૂપો વાક્યના આરંભે (કે શ્લોકમાં પાદના આરંભે) ક્યારેય વપરાતાં નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નીચેનાં વાક્યોનો અભ્યાસ કરો :

(૧) રામ વિભીષણને રાજ્ય આપે છે. તે વિમાનમાં બેસીને અયોધ્યા પાછા ફરે છે. તે પહેલાં ભરતને મળે છે.

(૨) સીતા જનકની પુત્રી છે. તે રાઘવશ્રેષ્ઠ રામને પરણે છે. તે અયોધ્યાની રાણી બને છે. મંથરા તેની ઈર્ષ્યા કરે છે.

(૩) ખાંડવ-વન ઘણું મોટું છે. તેને અર્જુન સળગાવે છે. તે હવે ફરી જોવા મળે એમ નથી.

અહીંયાં (૧), (૨) અને (૩) એ ત્રણેયમાં 'તે' એવા સર્વનામનો (ગુજરાતી ભાષામાં) એકસરખો ('તે' એવા શબ્દથી) પ્રયોગ થયો છે. તે 'તે' એવા સર્વનામમાં કયું લિંગ હશે ? એ શોધવા માટે પૂર્વવાક્યોમાં કયું નામ છે, કે જેને માટે આ 'તે' એવું સર્વનામ વાપર્યું છે ? એનો પહેલાં વિચાર (= પરામર્શ) કરવો પડે છે. એટલે કે 'રામ વિભીષણને રાજ્ય આપે છે. તે વિમાનમાં બેસીને...' અહીં 'તે' એવું સર્વનામ 'રામ'ને માટે વપરાયું છે એમ પૂર્વવાક્યને તપાસ્યા પછી જાણવા મળે છે. આથી આ વાક્યમાં 'તે' પુંલિંગમાં રહેલ છે એમ નક્કી થશે. એ જ પ્રમાણે, 'સીતા જનકની પુત્રી છે, તે રામને પરણે છે' એ વાક્યોમાં 'તે' એવા સર્વનામવાચક શબ્દમાંથી સીધું લિંગજ્ઞાન થતું નથી પણ પૂર્વવાક્યમાં કયું નામ વપરાયું છે, એ નામ કયા લિંગમાં છે એનો પહેલાં પરામર્શ કરવો પડે છે. ત્યાર પછી જ ખબર પડે છે કે 'તે રામને પરણે છે' માંનું 'તે' સર્વનામ સ્ત્રીલિંગમાં રહેલું છે. (આમ શાસ્ત્રમાં સર્વનામોને 'પૂર્વપરામર્શક' પણ કહ્યા છે.) આથી એટલું નક્કી થાય છે કે (ગુજરાતી ભાષામાં) જ્યાં સર્વનામનો પ્રયોગ કર્યો હોય ત્યાં પૂર્વવાક્યમાં વપરાયેલા નામનો પરામર્શ કર્યા વિના, તેમનું લિંગજ્ઞાન થતું નથી. तद् વગેરે સર્વનામોનાં રૂપો તે ત્રણેય લિંગમાં ભિન્ન ભિન્ન થાય છે એમ જોયું.

પરંતુ–૧. રામ વનમાં જાય છે. તે (પુંલિંગ) દૂષણને મારે છે.

૨. સીતા વનમાં જાય છે. તે (સ્ત્રીલિંગ) મૃગને જુવે છે.

એ વાક્યોમાં પૂર્વવાક્યના નામ (રામ/સીતા)નો વિચાર કર્યા પછી જ, જણાય છે કે પહેલા વાક્યમાં વપરાયેલ 'તે' સર્વનામનો સંસ્કૃતમાં અનુવાદ કરવા માટે तद् ના પુંલિંગમાં ચાલતાં રૂપોમાંથી યોગ્ય રૂપ પસંદ કરવું પડશે. અને બીજા વાક્યમાં વપરાયેલ 'તે' સર્વનામને માટે तद् નાં સ્ત્રીલિંગમાં ચાલતાં રૂપોમાંથી યોગ્ય રૂપ પસંદ કરવું પડશે.

* * *

હવે, આ સર્વનામોનો પ્રયોગ વાક્યમાં બે રીતે થતો જોવા મળે છે :

(क) ઉદ્દેશ્ય તરીકે વપરાયેલું સર્વનામ, અને

(ख) વિશેષણ તરીકે વપરાયેલું સર્વનામ.

સર્વનામોનાં આ દ્વિવિધ પ્રયોગોની ચર્ચા અનુક્રમે (III.2.4.1) અને (III.2.4.2) પેરેગ્રાફમાં કરવામાં આવી છે.

III.2.4.1. ઉદ્દેશ્ય તરીકે 'સર્વનામ'વાચક શબ્દોનો પ્રયોગ : પ્રકરણ–૧ માં આપણે જોઈ ગયા છીએ કે સમગ્ર જીવન દરમ્યાન આપણે જે અસંખ્ય વાક્યો બોલીએ છીએ તેમાં આપણી વાતચીતના ઉદ્દેશ્ય (= topic of the conversation) માત્ર ત્રણ જ હોય છે. જેમ કે,

(૧) વક્તા પોતે પોતાના વિષે વાત કરતો હોય છે. (દા. ત., હું અમુક છું; હું અમુક કાર્ય કરું છું; હું અમુક કરીશ, મેં આમ કર્યું હતું વગેરે.)

(૨) વક્તા તેની સામે ઊભેલા શ્રોતાને ઉદ્દેશીને = શ્રોતાને વિષે વાત કરતો હોય છે- (દા. ત., તું અમુક છું, તું આમ કરે છે, તું આમ કર, તમે આમ કર્યું હતું, તમારે અમુક કાર્ય કરવું જોઈએ વગેરે.)

(૩) વક્તા પોતાનાથી ભિન્ન અને શ્રોતાથી ભિન્ન એવા = બાકીના મૂર્ત-અમૂર્ત/જડ-ચેતન જગત્ વિષે વાતચીત કરતો હોય છે. (દા. ત., રથ દોડે છે, પાંદડાં પડે છે, પશુઓ ચરે છે. સૂર્ય પૂર્વમાં ઉગે છે. તે રામ રાજા બને છે. તેણી પાણી ભરે છે, પેલી હરિણી દોડે છે, વગેરે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હવે, આપણી વાતચીતના આ ત્રણ ઉદ્દેશ્યોને માટે સંસ્કૃત ભાષામાં નીચે મુજબના ''સર્વનામ''વાચક શબ્દોનો પ્રયોગ થાય છે : વાક્યમાં નીમ્નોક્ત ત્રણમાંથી કોઈ એક ઉદ્દેશ્ય હોય ત્યારે

ઉદ્દેશ્ય
↓
વક્તા | શ્રોતા | જગત્ (જડ-ચેતન)

	વક્તા	શ્રોતા	જગત્ (જડ-ચેતન)
	↓	↓	↓
ત્રણ ઉદ્દેશ્યને માટે વપરાતા સર્વનામ વાચક શબ્દોનું વર્ગીકરણ	अस्मद् ↑ (ઉત્તમ પુરુષને માટે વપરાતું સર્વનામ)	युष्मद् (મધ્યમ પુરુષને માટે વપરાતું સર્વનામ)	सर्व, विश्व, उभय, इदम्, एतद्, अदस् तद्, यद्, किम्, વગેરે (પ્રથમ પુરુષને માટે વપરાતાં સર્વનામો)

આ સર્વનામવાચક શબ્દો વાક્યમાં ઉદ્દેશ્ય તરીકે વપરાયા હોય ત્યારે તેમની સાથે ક્રિયાપદના પ્રત્યયોની સંગતિ (agreement) નીચે મુજબ જોવા મળે છે :

વક્તા =ઉત્તમ પુરુષ માટે વપરાતું સર્વનામ — ક્રિયાપદમાં

(૧) अस्मद् માંથી બનાવેલાં પ્રથમા વિભક્તિનાં રૂપો

(क) अहम् (એકવચન) તેની સાથે → ઉત્તમ પુરુષ એકવચનનો પ્રત્યય દા. ત., પરસ્મૈપદના ધાતુને વર્તમાનકાળમાં /मि/ પ્રત્યય જ લાગે.
= अहम् गच्छामि ।

(નોંધ : ત્રણેય લિંગમાં સમાન રૂપે થાય છે.

(ख) आवाम् (દ્વિવચન) તેની સાથે → ઉત્તમ પુરુષ દ્વિવચનનો પ્રત્યય દા. ત., વર્તમાનકાળમાં /-वस्/ પ્રત્યય જ વપરાય છે.
= आवाम् गच्छावः ।

(ग) वयम् (બહુવચન) તેની સાથે → ઉત્તમ પુરુષ બહુવચનનો પ્રત્યય દા. ત., વર્તમાનકાળમાં /मस्/ પ્રત્યય જ વપરાય છે.
= वयम् गच्छामः ।

(૨) શ્રોતા = મધ્યમ પુરુષ માટે વપરાતું સર્વનામ — ક્રિયાપદ

युष्मद् માંથી બનાવેલાં પ્રથમા વિભક્તિનાં રૂપો (નોંધ : ત્રણેય લિંગમાં સમાન રૂપો થાય છે.)

(क) त्वम् (એકવચન) તેની સાથે → મધ્યમ મધ્યમ એકવચનનો પ્રત્યય દા.ત., પરસ્મૈપદના ધાતુને વર્તમાનકાળમાં /सि/ પ્રત્યય જ લાગે છે.
= त्वं गच्छसि ।

(ख) युवाम् (દ્વિવચન) તેની સાથે → મધ્યમ પુરુષ દ્વિવચનનો પ્રત્યય- દા. ત., વર્તમાનકાળમાં /-थस्/ પ્રત્યય જ લાગે છે.
= युवाम् गच्छथः ।

(ग) यूयम् (બહુવચન) તેની સાથે → મધ્યમ પુરુષ બહુવચનનો પ્રત્યય- દા. ત., વર્તમાનકાળમાં /-थ/ પ્રત્યય જ લાગે છે.
= यूयम् गच्छथ ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

		ક્રિયાપદ
(૩) જગત્ = પ્રથમ પુરુષ માટે વપરાતાં तद्, यद्, इदम् વગેરે અનેક સર્વનામો (નોંધ : આ દરેકના ત્રણેય લિંગમાં જુદાં જુદાં રૂપો થાય છે.)		
तद् માંથી બનાવેલાં (પુંલિંગ) પ્રથમા વિભક્તિનાં રૂપો)	(क) सः તેની સાથે (એકવચન)	→ પ્રથમ પુરુષ એકવચનનો પ્રત્યય દા. ત., પરસ્મૈપદના ધાતુને વર્તમાનકાળમાં /-ति/ પ્રત્યય જ લાગે છે. = सः गच्छति ।
	(ख) तौ તેની સાથે (દ્વિવચન)	→ પ્રથમ પુરુષ દ્વિવચનનો પ્રત્યય, દા. ત., વર્તમાનકાળમાં /-तस्/ પ્રત્યય જ લાગે છે. = तौ गच्छतः ।
	(ग) ते તેની સાથે (બહુવચન)	→ પ્રથમ પુરુષ બહુવચનનો પ્રત્યય. દા. ત., વર્તમાનકાળમાં /-अन्ति/ જ લાગે છે. = ते गच्छन्ति ।

* * *

ઉપરની ચર્ચામાં વક્તા–શ્રોતા–અને જગત્ એવા ત્રણ ઉદ્દેશ્યોને માટે વપરાતાં જુદાં જુદાં સર્વનામોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે; તથા તેમની સાથે વપરાતાં ક્રિયાપદમાં કયા પુરુષના પ્રત્યયોની સંગતિ (agreement) અનિવાર્યપણે જાળવવી પડે છે ? એની પણ સોદાહરણ સ્પષ્ટતા કરવામાં આવી છે. પરંતુ આ સન્દર્ભમાં भवत् ('આપ') એવું સર્વનામ અપવાદ રૂપ છે. આ भवत् એવા સર્વનામના પ્રયોગ બાબતે નીચે મુજબની વ્યવસ્થા જોવા મળે છે :

વાક્યોનો ઉદ્દેશ્ય જ્યારે શ્રોતા હોય છે ત્યારે (युष्मद् = 'તું' ઉપરાંત) भवत् 'આપ' એવું એક બીજું સર્વનામ પણ વપરાય છે. અલબત્ત, શ્રોતા પ્રત્યે સમ્માન દર્શાવવું હોય ત્યારે તે વપરાય છે. (બોલનારને માટે શ્રોતા જ્યારે માન આપવા લાયક હોય ત્યારે, તે શ્રોતાને માટે માનાર્થે भवत् એવા સર્વનામનો પ્રયોગ કરે છે.)[૯] પરંતુ હવે નોંધપાત્ર એ છે કે–ઉદ્દેશ્યભૂત શ્રોતાને માટે આ भवत् સર્વનામનો પ્રયોગ થતો હોવા છતાંય, તેની સાથે વપરાયેલા ક્રિયાપદમાં મધ્યમ પુરુષના (દા. ત., પરસ્મૈપદી ધાતુને વર્તમાનકાળમાં લાગતા सि-थस्-थ એવા) પ્રત્યયો લાગતા નથી, પણ

૯. भवत्–આપ

	પુંલિંગ			નપુંસકલિંગ			સ્ત્રીલિંગ (भवती-नदीवत् રૂપો) (भवत् + ई)		
प्र.	भवान्	भवन्तौ	भवन्तः	भवत्	भवती	भवन्ति	भवती	भवत्यौ	भवत्यः
द्वि.	भवन्तम्	भवन्तौ	भवतः	भवत्	भवती	भवन्ति	भवतीम्	भवत्यौ	भवतीः
तृ.	भवता	भवद्भ्याम्	भवद्भिः	તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગ જેવાં જ થાય છે.			भवत्या	भवतीभ्याम्	भवतीभिः
च.	भवते	भवद्भ्याम्	भवद्भ्यः				भवत्यै	भवतीभ्याम्	भवतीभ्यः
पं.	भवतः	भवद्भ्याम्	भवद्भ्यः				भवत्याः	भवतीभ्याम्	भवतीभ्यः
ष.	भवतः	भवतोः	भवताम्				भवत्याः	भवत्योः	भवतीनाम्
स.	भवति	भवतोः	भवत्सु				भवत्याम्	भवत्योः	भवतीषु
सं.	हे भवन्	भवन्तौ	भवन्तः				हे भवति	भवत्यौ	भवत्यः

પ્રથમ પુરુષના (દા. ત., ति-तस्-अन्ति એવા) પ્રત્યયો જ વપરાય છે. દા. ત.,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

भवत् (= 'આપ') એવા સર્વનામની સાથે તો પ્રથમ પુરુષના (દા. ત., ति-तस्-अन्ति એવા) પ્રત્યયો જ વપરાય છે. દા. ત.,

૧. તું મન્દિરે જાય છે.
કર્મ ક્રિયાપદમાં

ઉદ્દેશ્ય — જનાર — મધ્યમ પુરુષ, એકવચનનો સિ પ્રત્યય લાગશે.

શ્રોતા — કર્તા

મધ્યમ પુરુષ એકવચન, તેથી

પ્રથમ વિ.

त्वं मन्दिरं गच्छसि ।

નોંધ : अस्मद्-युष्मद् એ બે સર્વનામો અપ્રકટ લિંગવાળા છે, તેથી 'તું' શબ્દથી ઉલ્લિખિત જનાર વ્યક્તિ પુંલિંગ હોય કે સ્ત્રીલિંગ પણ त्वम् રૂપમાં કોઈ ફેરફાર થતો નથી. (બીજા શબ્દોમાં કહીએ તો -अस्मद्-युष्मद् નાં રૂપો ત્રણેય લિંગમાં એક સમાન થાય છે. તેથી જનાર વ્યક્તિ પુરુષ હોય કે સ્ત્રી પણ त्वम् રૂપમાં કોઈ ફેરફાર થશે નહીં.) જ્યારે भवत् સર્વનામનાં રૂપો તો ત્રણેય લિંગમાં ભિન્ન ભિન્ન થાય છે :——— →

૩. તું શંકરને નમે છે.
त्वं शङ्करं नमसि ।
(પુરુષ, સ્ત્રી)
કે નાન્યતર

૨. તમે (= આપ) મન્દિરે જાવ છો.
કર્મ ક્રિયાપદમાં પ્રથમ પુરુષ એકવચનનો ति પ્રત્યય જ વપરાશે.

ઉદ્દેશ્ય — જનાર

શ્રોતા — કર્તા (પુંલિંગ)

મધ્યમ પુરુષ, એકવચન છે. તથાપિ આ ઉદ્દેશ્યને માંટે માનાર્થે 'આપ' = भवत् સર્વનામનો પ્રયોગ કરવાનો હોવાથી

પ્રથમા વિ. દ્વિતીયા
भवान् मन्दिरं गच्छति ।

હવે, ગમનક્રિયા કરનાર = જનાર વ્યક્તિ જો સ્ત્રીલિંગ હોય તો भवत् સર્વનામનું સ્ત્રીલિંગનું રૂપ વપરાશે. જેમકે,

भवती मन्दिरं गच्छति ।

૪. (क) આપ (શ્રીમાન્) શંકરને નમો છો.
भवान् शङ्करं नमति ।

(ख) આપ (શ્રીમતી) શંકરને નમો છો.
भवती शङ्करम् नमति ।

(ग) આપ (નપું.) શંકરને નમો છો.
भवत् शङ्करम् नमति ।

વિશેષ : (૧) શ્રોતાને ઉદ્દેશીને જ્યારે વાક્યપ્રયોગ કરવામાં આવે અને તે શ્રોતાની પ્રત્યે સમ્માન દર્શાવવું હોય તો 'भवत्' એવા સર્વનામનો પ્રયોગ થાય છે, (તથા ક્રિયાપદમાં પ્રથમ પુરુષના પ્રત્યયોનો ઉપયોગ કરવામાં આવે છે). પરંતુ આવા આદરણીય શ્રોતા (પુરુષ કે સ્ત્રી) જો બોલનારની સામે જ-પ્રત્યક્ષ હાજર હોય તો भवत्નાં રૂપોની આગળ /अत्र-/ એવો શબ્દ ઉમેરવામાં આવે છે. જેમ કે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"(અહીં રહેલા) આપશ્રી આશીર્વચન બોલો છો."

ઉદ્દેશ્ય — શ્રોતા — મધ્યમ પુરુષ એકવચન છે. પણ આ ઉદ્દેશ્યને માટે માનાર્થે भवत् શબ્દનો પ્રયોગ કરવાનો હોવાથી → ક્રિયાપદમાં પ્રથમ પુરુષ એકવચનનો ति પ્રત્યય જ વપરાશે.

બોલનાર — કર્તા (પુંલિંગ) — સામે હાજર ઊભેલા માટે अत्र + भवत् નો પ્રયોગ → પ્રથમા

કર્મ → દ્વિતીયા

अत्रभवान् आशीर्वचनं वदति ।

"(અહીં હાજર રહેલી) આપશ્રી આશીર્વચન બોલો છો." તો

अत्रभवती आशीर्वचनं वदति । થશે.

(૨) ઉદ્દેશ્યભૂત આદરણીય વ્યક્તિ બોલનારની સમ્મુખ હાજર ના હોય, અને તેવી વ્યક્તિ વિષે માનાર્થે વાત કરવી હોય તો तत्र + भवत् નાં રૂપો વપરાય છે.

"(ત્યાં રહેલા) તે શ્રીમાન્ આ પ્રમાણે વેદાર્થને કહે છે."

तत्रभवान् एवं वेदार्थं कथयति ।

(ત્યાં રહેલા) તે શ્રીમતી સીતા રામને વંદન કરે છે.

तत्रभवती सीता रामं प्रणमति ।

III.2.4.2. (અભેદમૂલક) વિશેષણ તરીકે 'સર્વનામ'વાચક શબ્દોનો પ્રયોગ :

વાક્યમાં सर्व, तद्, यद्, इदम् વગેરે સર્વનામોનો પ્રયોગ જ્યારે (અભેદમૂલક) વિશેષણ તરીકે થયો હોય ત્યારે (વિશેષ્યભૂત) નામપદોના જે લિંગ, વચન અને વિભક્તિ હોય છે, તે (જ લિંગ, વચન અને વિભક્તિ) સર્વનામવાચક શબ્દને પણ લાગુ પડે છે. દા. ત.,

૧. રામ આ નગરીમાં નિવાસ કરે છે.

આ — સર્વનામ વિશેષણ ← નગરીમાં — વિશેષ્ય: ૧. સ્ત્રીલિંગ ૨. સપ્તમી વિ. ૩. એકવચન

તદનુસાર 'આ' વિશેષણ રૂપ સર્વનામમાં પણ સ્ત્રીલિંગ, સપ્તમી એકવચનનો પ્રયોગ થશે.

रामः एतस्याम् नगर्यां निवसति ।

एतस्याम् → લિંગ વિભક્તિ વચનની સંગતિ ← नगर्यां

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

एतद् = આ

	પુંલિંગમાં–			નપુંસકલિંગમાં–			સ્ત્રીલિંગમાં–		
प्र.	एषः	एतौ	एते	एतद्	एते	एतानि	एषा	एते	एताः
द्वि.	एतम्, एनम्	एतौ, एनौ	एतान्, एनान्	एतद्, एनत्	एते, एने	एतानि, एनानि	एताम्	एते	एताः
तृ.	एतेन, एनेन	एताभ्याम्	एतैः	તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગ જેવાં જ થાય છે.			एतया	एताभ्याम्	एताभिः
च.	एतस्मै	एताभ्याम्	एतेभ्यः				एतस्यै	एताभ्याम्	एताभ्यः
पं.	एतस्मात्	एताभ्याम्	एतेभ्यः				एतस्याः	एताभ्याम्	एताभ्यः
ष.	एतस्य	एतयोः, एनयोः	एतेषाम्				एतस्याः	एतयोः	एतासाम्
स.	एतस्मिन्	एतयोः, एनयोः	एतेषु				एतस्याम्	एतयोः	एतासु
सं.	-	-	-				-	-	-

૨. હું (આ) નગરને જોઉં છું.
अहम् (आ) नगरम् पश्यामि ।

અહીં કર્મકારક વાચક નગરમ્ એવા નામપદના અભેદમૂલક વિશેષણ તરીકે 'આ' એવા સર્વનામનો પ્રયોગ થયો છે. આથી 'નગર' શબ્દમાં જે ૧. નપુંસકલિંગ, ૨. (કર્મકારકવાચિકા) બીજી વિભક્તિ અને ૩. એકવચનનો પ્રયોગ થયો છે, તે વિશેષણ રૂપ સર્વનામ વાચક 'આ' = एतद् શબ્દને પણ લાગુ પડશે. તો

નપુંસકલિંગ
દ્વિતીયા, એકવચનની
સંગતિ
↓ ↓
अहम् एतद् नगरम् पश्यामि ।

૩. ભરત આ (બે) હાથથી (બે) પાદુકા લાવે છે.

ભરત → ઉદ્દેશ્ય → જગત્ પ્રથમ પુરુષ એકવચન
ભરત → લાવવાની ક્રિયા કરનાર → કર્તા → પ્રથમા વિભક્તિ એકવચન
હાથથી → કરણ → તૃતીયા વિભક્તિ, દ્વિવચન.
પાદુકા → કર્મ → દ્વિતીયા વિ. દ્વિવચન
લાવે છે. → ક્રિયાપદ
તેમાં આ + ની ધાતુને વર્તમાન-કાળ પ્રથમ પુરુષ એકવચનનો /ति/ પ્રત્યય લાગશે.

↓
भरतः (आ) हस्ताभ्याम् (द्वे) पादुके आनयति ।
(आ) विशेषण — हस्ताभ्याम् विशेष्यमां

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

भरतः (આ) हस्ताभ्याम् (द्वे) पादुके आनयति ।

હવે બીજે તબક્કે → (આ) વિશેષણ ← હસ્તાભ્યામ્ વિશેષ્યમાં
– પુંલિંગ
– તૃતીયા વિ.
– દ્વિવચન છે.

તદનુસાર વિશેષણ રૂપ 'આ' સર્વનામમાં પણ પુંલિંગ, તૃતીયા વિ. દ્વિવચનનું રૂપ વપરાશે. તો–

भरतः एताभ्याम् हस्ताभ्याम् (द्वे) पादुके आनयति ।

૪. તું (આ) સમુદ્રમાંથી રત્નો મેળવે છે.

- તું – ઉદ્દેશ્ય – શ્રોતા – મધ્યમ પુરુષ એકવચન
- તું – મેળવનાર – કર્તા → પ્રથમા
- સમુદ્રમાંથી – અપાદાન → પંચમી
- રત્નો – કર્મ → દ્વિતીયા
- મેળવે છે – ક્રિયાપદ: તેમાં प्र + आप् ધાતુ + नु વિકરણને વર્તમાનકાળ મધ્યમ પુરુષ એકવચનનો सि > षि પ્રત્યય લાગશે. તો

त्वम् (આ) समुद्रात् रत्नानि प्राप्नोषि ।

હવે બીજે તબક્કે (આ) વિશેષણ ← समुद्रात् વિશેષ્યમાં
૧. પુંલિંગ
૨. પંચમી વિ.
૩. એકવચન છે.

તદનુસાર વિશેષણ રૂપ 'આ' = एतद् સર્વનામમાં પણ પુંલિંગ, પંચમી વિભક્તિ એકવચનનો પ્રયોગ થશે.

त्वम् एतस्मात् समुद्रात् रत्नानि प्राप्नोषि ।

૫. વાનર આ વનમાં રહે છે.

वानरः एतस्मिन् वने निवसति ।

વિશેષણ (સર્વનામ) – વિશેષ્ય

અહીં
૧. નપુંસકલિંગ
૨. સપ્તમી વિ.
→ ૩. એકવચનની ←
સંગતિ જોવા મળે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૬. રાવણ આ સતી સીતાને હરી જાય છે.

	વિશેષણ–૨ (સર્વનામ)	વિશેષણ–૧ (ગુણવાચક)	વિશેષ્ય કર્મ	
રાવણઃ	(આ)	(સતી)	સીતામ્	अपहरति ।

સીતામ્:
૧. સ્ત્રીલિંગ
૨. દ્વિતીયા વિ.
૩. એકવચન

रावणः एताम् सतीम् सीताम् अपहरति ।

૭. જે પર્વત ઊભો છે; હું તેને (= તે પર્વતને) જોઉં છું.

ઉદ્દેશ્ય – જગત્ – પ્રથમ પુરુષ એકવચન

ઊભો રહેનાર – કર્તા

ક્રિયાપદ તેમાં પ્રથમ પુરુષ એકવચનનો /ति/ પ્રત્યય લાગશે

પ્રથમા વિ.

(જે) પર્વતઃ तिष्ठति, હું તેને જોઉં છું,

વિશેષણ વિશેષ્યમાં
૧. પુંલિંગ
૨. પ્રથમા વિ.
૩. એકવચન

તદનુસાર

સર્વનામમાં પણ પુંલિંગ, પ્રથમા વિ. એકવચનનું રૂપ થશે.

यः पर्वतः तिष्ठति ।	હું	તેને	જોઉં છું.
	કર્તા	કર્મ	ક્રિયાપદ
	अहम्	(તેને)	पश्यामि ।

અહીં 'જોવું' ક્રિયાના કર્મ તરીકે 'તેને' એવા સર્વનામવાચક શબ્દનો પ્રયોગ થયો છે. તથા પૂર્વવાક્યમાં આવેલા 'પર્વત'ને માટે તે શબ્દ વપરાયો છે. (સર્વનામવાચક શબ્દો 'પૂર્વપરામર્શક' હોય છે-એ ન્યાયે.) આથી પુંલિંગ એવા 'પર્વત' શબ્દને માટે વપરાયેલા આ 'તેને' એવા સર્વનામનું દ્વિતીયા વિ. એકવચનનું રૂપ પણ પુંલિંગનું જ પસંદ કરવું પડશે. તો–अहम् तम् (= पर्वतम्) पश्यामि ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

यद्-જે

પુંલિંગમાં				નપુંસકલિંગમાં			સ્ત્રીલિંગમાં		
प्र.	यः	यौ	ये	यद्	ये	यानि	या	ये	याः
द्वि.	यम्	यौ	यान्	यद्	ये	यानि	याम्	ये	याः
तृ.	येन	याभ्याम्	यैः	તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગ જેવાં જ થાય છે.			यया	याभ्याम्	याभिः
च.	यस्मै	याभ्याम्	येभ्यः				यस्यै	याभ्याम्	याभ्यः
पं.	यस्मात्	याभ्याम्	येभ्यः				यस्याः	याभ्याम्	याभ्यः
ष.	यस्य	ययोः	येषाम्				यस्याः	ययोः	यासाम्
स.	यस्मिन्	ययोः	येषु				यस्याम्	ययोः	यासु
सं.	–	–	–				–	–	–

૮. બધા મનુષ્યો રામાયણ વાંચે છે.
કર્તા કર્મ ક્રિયાપદ

(બધા) मनुष्याः रामायणं पठन्ति ।
વિશેષણ વિશેષ્યમાં
સર્વનામ
૧. પુંલિંગ
૨. પ્રથમા વિ.
૩. બહુવચન

તદનુસાર
सर्वे मनुष्याः रामायणं पठन्ति ।

૯. (બધી) સ્ત્રીઓ અલંકારોથી શરીરને શણગારે છે.
(કર્તા) (કરણ) (કર્મ) (ક્રિયાપદ)

(બધી) नार्यः अलंकारैः शरीरं भूषयन्ति ।
વિશેષણ વિશેષ્ય
સર્વનામ
૧. સ્ત્રીલિંગ
૨. પ્રથમા વિ.
૩. બહુવચન

તદનુસાર
सर्वाः नार्यः अलंकारैः शरीरं भूषयन्ति ।

૧૦. અગ્નિ (બધાં) વનોને બાળે છે.
अग्निः सर्वाणि वनानि दहति ।
વિશેષણ વિશેષ્ય
૧. નપુંસકલિંગ
૨. દ્વિતીયા વિ.
૩. બહુવચનની સંગતિ જોવા મળે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सर्व-બધા

	પુંલિંગ			નપુંસકલિંગ			સ્ત્રીલિંગ		
प्र.	सर्वः	सर्वौ	सर्वे	सर्वम्	सर्वे	सर्वाणि	सर्वा	सर्वे	सर्वाः
द्वि.	सर्वम्	सर्वौ	सर्वान्	सर्वम्	सर्वे	सर्वाणि	सर्वाम्	सर्वे	सर्वाः
तृ.	सर्वेण	सर्वाभ्याम्	सर्वैः	તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગ જેવાં જ થાય છે.			सर्वया	सर्वाभ्याम्	सर्वाभिः
च.	सर्वस्मै	''	सर्वेभ्यः				सर्वस्यै	''	सर्वाभ्यः
पं.	सर्वस्मात्	''	सर्वेभ्यः				सर्वस्याः	''	''
ष.	सर्वस्य	सर्वयोः	सर्वेषाम्				सर्वस्याः	सर्वयोः	सर्वासाम्
स.	सर्वस्मिन्	सर्वयोः	सर्वेषु				सर्वस्याम्	सर्वयोः	सर्वासु
सं.	–	–	–				–	–	–

સંસ્કૃત ભાષામાં બહુવ્રીહિ સમાસમાં વપરાતો आदि શબ્દ કોઈ નિશ્ચિતલિંગમાં રહેલો નથી. (તે શબ્દ अनियतलिङ्ग બને છે.) પરિણામે વાક્યમાં 'અમુક છે આદિમાં જેની' એવા અર્થમાં आदि શબ્દનો પ્રયોગ થાય છે ત્યારે, તે आदि શબ્દ જેની પાછળ જોડવામાં આવ્યો હોય છે તેના લિંગને તે (आदि) શબ્દ ધારણ કરે છે. જેમકે,

૧. **'સીતા વગેરે સ્ત્રીઓ નગરમાં પ્રવેશે છે.'**

અહીં सीता + आदि = सीतादि શબ્દ સ્ત્રીલિંગ ગણવામાં આવશે. (કારણ કે आदि શબ્દ જેની પાછળ જોડવામાં આવ્યો છે તે सीता શબ્દ સ્ત્રીલિંગમાં છે.) હવે, આ सीतादि શબ્દ 'સ્ત્રીઓ'નું વિશેષણ છે અને તેથી વિશેષ્ય (સ્ત્રીઓ–ને) અધીન રહીને सीतादि શબ્દનાં રૂપ હ્રસ્વ इકારાન્ત સ્ત્રીલિંગ मति શબ્દની જેમ થશે. सीतादयः नार्यः नगरं प्रविशन्ति । (આ વાક્યમાં 'સ્ત્રીઓ' એવું સ્ત્રીલિંગ વિશેષ્ય ન બોલ્યા હોય તો પણ सीतादिનાં રૂપો मतिની જેમ ચાલશે.) કારણ કે 'सीतादि' એ બહુવ્રીહિ સમાસ છે, જેનો અર્થ થાય છે : ''સીતા છે આદિમાં જેની એવી સ્ત્રીઓ.''

૨. **દશરથ રામ વગેરે પુત્રોને બોલાવે છે.**

दशरथः रामादीन् पुत्रान् आह्वयति । અહીં रामादि શબ્દ પુલિંગ ગણાશે. કારણ કે आदिની આગળ આવેલો શબ્દ राम પુંલિંગમાં છે. વળી, 'રામ વગેરે' તે ''પુત્રોને''નું વિશેષણ છે, તેથી વિશેષ્ય– ''પુત્રો''–ને અધીન રહીને પણ रामादिનાં રૂપો હ્રસ્વ इકારાન્ત પુંલિંગ कविની જેમ થશે.

૩. **હું બ્રહ્મપુર વગેરે નગરોને જોઉં છું.**

अहम् ब्रह्मपुरादीनि नगराणि पश्यामि । અહીં ब्रह्मपुरादि શબ્દ નપુંસકલિંગ ગણાશે. કારણ કે आदिની આગળ આવેલો ब्रह्मपुर શબ્દ નપુંસકલિંગમાં છે. વળી, 'બ્રહ્મપુર વગેરે.' તે ''નગરોને''નું વિશેષણ છે, તેથી વિશેષ્ય– ''નગરોને''–ને અધીન રહીને પણ ब्रह्मपुरादिનાં રૂપો હ્રસ્વ इકારાન્ત નપુંસકલિંગ वारिની જેમ થશે.

નોંધ : બહુવ્રીહિ સમાસ સિવાય અન્યત્ર સ્વતંત્ર રીતે વપરાતો आदि શબ્દ કેવળ પુંલિંગમાં હોય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એ જ પ્રમાણે– પ્રશ્નવાચક किम् સર્વનામ પણ અભેદમૂલક વિશેષણ તરીકે વપરાય છે ત્યારે તેનાં લિંગ, વચન અને વિભક્તિ પણ વિશેષ્યાધીન જ રહે છે. તે નીચેનાં વાક્યોમાં તપાસો :–

૧૧.	ઋષિ	કયા	આશ્રમમાંથી	આવે છે ?	
		(વિશેષણ)	(વિશેષ્ય)		
	ऋषिः	कस्मात्	आश्रमात्	आगच्छति ।	
૧૨.	પુસ્તકો	કઈ	કન્યાઓનાં	છે ?	
	(કર્તા)	(વિશેષણ)	(વિશેષ્ય)	(ક્રિયાપદ)	
	पुस्तकानि	कासाम्	कन्यकानां	सन्ति ।	
૧૩.	રાજા	(કયા)	બ્રાહ્મણને	ધન	આપે છે.
	नृपः	कस्मै	ब्राह्मणाय	धनं	यच्छति ।
૧૪.	રામ	(કઈ)	નદીમાં	નાહ્ય	છે ?
	रामः	कस्याम्	नद्याम्	स्नाति ।	
૧૫.	હું	(કયું)	પુષ્પ	જોઉં	છું ?
	अहम्	किम्	पुष्पम्	पश्यामि ।	
૧૬.	તું	(કયા)	કારણથી	ધન	ચોરે છે.
	त्वम्	कस्मात्	कारणात्	धनं	चोरयसि ।
૧૭.	જ્ઞાની	(કઈ)	વિદ્યા વડે	મૃત્યુને	તરી જાય છે ?
	प्राज्ञः	कया	विद्यया	मृत्युं	तरति ।
૧૮.	રમેશ	(કયા)	દંડથી	ચોરને	મારે છે.
	रमेशः	केन	दण्डेन	चोरं	ताडयति ।

किम्-કયું (સર્વનામ)

	પુંલિંગ			નપુંસકલિંગ			સ્ત્રીલિંગ		
પ્ર.	कः	कौ	के	किम्	के	कानि	का	के	काः
દ્વિ.	कम्	कौ	कान्	किम्	के	कानि	काम्	के	काः
તૃ.	केन	काभ्याम्	कैः	તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગ જેવાં જ થાય છે.			कया	काभ्याम्	काभिः
ચ.	कस्मै	काभ्याम्	केभ्यः				कस्यै	"	काभ्यः
પં.	कस्मात्	काभ्याम्	केभ्यः				कस्याः	"	"
ષ.	कस्य	कयोः	केषाम्				कस्याः	कयोः	कासाम्
સ.	कस्मिन्	कयोः	केषु				कस्याम्	कयोः	कासु
સં.	–	–	–				–	–	–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉપરની ચર્ચામાં પ્રશ્નવાચક किम् સર્વનામનો અભેદમૂલક વિશેષણ તરીકે જુદાં જુદાં વાક્યોમાં પ્રયોગ કરી બતાવ્યો છે, પરંતુ આ જ 'किम्' સર્વનામ જ્યારે વાક્યમાં અનિશ્ચિતાર્થને બતાવતું હોય છે, ત્યારે તેના પ્રયોગમાં થોડાક વિશેષ વિધિની જરૂર રહે છે. જેમ કે–

૧. ભીમ કયા વનમાં રહે છે ?

કયા: પ્રશ્નાર્થક સર્વનામ = વિશેષણ ↑

વનમાં: (વિશેષ્ય) ૧. નપુંસક ૨. સપ્તમી ૩. એકવચન

તદનુસાર

भीमः कस्मिन् वने निवसति ?

૨. ભીમ કોઈક વનમાં રહે છે.

કોઈક: (= કોઈ એક) અનિશ્ચિત = અજ્ઞાતાર્થ સર્વનામ = વિશેષણ ↑

વનમાં: વિશેષ્ય ↓ ૧. નપુંસક ૨. સપ્તમી ૩. એકવચન

તદનુસાર વિશેષણીભૂત

किम् સર્વનામને પણ નપુંસકલિંગ, સપ્તમી, એકવચનમાં ગોઠવવું પડશે. જેમ કે, कस्मिन् । પરંતુ, હજી આ રૂપમાં 'અનિશ્ચય'નો અર્થ ઉમેરવાનો બાકી છે, તેને માટે, આવા સપ્તમ્યન્ત રૂપની પાછળ चिद्, चन કે अपि- એ ત્રણમાંથી કોઈપણ એક અવ્યય ઉમેરવો પડશે. જેમ કે,

भीमः (कस्मिन् + अपि / कस्मिन् + चन / कस्मिन् + चिद्) वने निवसति । અથવા

સન્ધિ કર્યા પછી–

भीमः कस्मिन्नपि वने निवसति ।

भीमः कस्मिंश्चन वने निवसति ।

અથવા भीमः कस्मिंश्चिद् वने निवसति ।

૨. કોઈક સિંહ આવે છે

કોઈક: (અનિશ્ચયાર્થક) સર્વનામ ↑

સિંહ: વિશેષ્ય ૧. પુંલિંગ ૨. પ્રથમા ૩. એકવચન

આવે છે: ક્રિયાપદ

(કોઈક) सिंहः आगच्छति ।

कः + अपि = कोऽपि

कः + चिद् = कश्चिद् } सिंहः आगच्छति

कः + चन = कश्चन

૩. કોઈક સ્ત્રી આવે છે. (किम्નું સ્ત્રીલિંગ, પ્રથમા વિ. એકવચનનું રૂપ વપરાશે.)

का + अपि = कापि

का + चन = काचन } स्त्री आगच्छति

का + चिद् = काचिद्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૪. કોઈક પુણ્ય રક્ષા કરે છે.

किम् + अपि = किमपि
किम् + चन = किंचन } पुण्यं रक्षति ।
किम् + चिद् = किंचिद्

૫. રામ કોઈક બાણથી રાવણને હણે છે.
रामः केनापि/केनचन/केनचिद् बाणेन रावणं हन्ति ।

૬. દેવદત્ત કોઈકનું ધન લઈ જાય છે.
देवदत्तः कस्यापि/कस्यचन/कस्यचिद् धनम् अपहरति ।

૭. દુષ્યન્ત કોઈક કન્યાઓને જુવે છે.
दुष्यन्तः काश्चन/काः अपि/काश्चिद् कन्याः पश्यति ।

૮. અગ્નિ કોઈક વનોને બાળે છે.
अग्निः कानिचन/कानिचिद्/कान्यपि वनानि दहति ।

નોંધ : અહીં અનિશ્ચયાર્થક किम् સર્વનામ વિશેષણ તરીકે વપરાયું હોય છે, ત્યારે તેનાં રૂપો તો વિશેષ્યનાં જે લિંગ, વચન અને વિભક્તિ હોય છે તદનુસાર જ થતાં હોય છે. પણ તે વિભક્ત્યન્ત રૂપોમાં અનિશ્ચિતતાનો અર્થ ઉમેરવા, ઉપર દર્શાવ્યું છે તેમ, चिद्, चन કે अपि ને (રૂપની પાછળ) ઉમેરવામાં આવે છે.

* * *

इदम् સર્વનામ પણ અભેદમૂલક વિશેષણ તરીકે વાપરી શકાય છે; અને તેવે વખતે વિશેષ્યભૂત નામપદનાં જે લિંગ, વચન અને વિભક્તિ હોય છે, તે इदम् શબ્દને પણ લાગુ પડે છે. દા. ત.,

૧. કવિ (આ) શ્લોકથી હરિને વર્ણવે છે.

(આ) = વિશેષણ ↔ શ્લોકથી = વિશેષ્ય, પુંલિંગ, તૃતીયા વિ., એકવચન

कविः अनेन श्लोकेन हरिं वर्णयति ।

૨. હું (આ) કન્યાને જોઉં છું.
अहम् इमाम् कन्यां पश्यामि ।

હવે, इदम् સર્વનામનાં જે (इमम् કે एनम् એવાં) વૈકલ્પિક રૂપો છે, તેનો પ્રયોગ ક્યારે થાય છે એ જાણવું જરૂરી છે : સંભાષણ દરમ્યાન જે એક નામપદ (= કારક)ને માટે પહેલીવાર इदम् સર્વનામનો પ્રયોગ કર્યો હોય, તેના તે જ નામપદને માટે તરતના બીજા વાક્યમાં ફરીથી इदम् શબ્દનો પ્રયોગ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે (તેને 'અન્વાદેશ' કે 'અનુકથન' કહે છે, અને તેમાં) આ વૈકલ્પિક (બીજા) રૂપનો ઉપયોગ કરવો જોઈએ. જેમકે,

इदम्–'આ'

	પુંલિંગ			નપુંસકલિંગ			સ્ત્રીલિંગ		
प्र.	अयम्	इमौ	इमे	इदम्	इमे	इमानि	इयम्	इमे	इमाः
द्वि.	इमम् / एनम् *	इमौ / एनौ	इमान् / एनान्	इदम् / एनम्	इमे / एने	इमानि / एनानि	इमाम्	इमे	इमाः
तृ.	अनेन / एनेन	आभ्याम्	एभिः	તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગ જેવાં જ થાય છે.			अनया	आभ्याम्	आभिः
च.	अस्मै	आभ्याम्	एभ्यः				अस्यै	आभ्याम्	आभ्यः
पं.	अस्मात्	आभ्याम्	एभ्यः				अस्याः	आभ्याम्	आभ्यः
ष.	अस्य	अनयोः / एनयोः	एषाम्	* નોંધ : एतद् સર્વનામનાં રૂપોમાં પણ આવાં વૈકલ્પિક રૂપો જોવા મળે છે.			अस्याः	अनयोः	आसाम्
स.	अस्मिन्	अनयोः / एनयोः	एषु				अस्याम्	अनयोः	आसु
सं.	–	–	–				–	–	–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કવિ	આ પહેલીવાર इदम्	શ્લોકથી (વિશેષ્ય)	વર્ણવે છે,	હું	આ બીજીવાર इदम्	(શ્લોક)ને	યાદ કરું છું.
कविः	अनेन	श्लोकेन	वर्णयति,	अहम्	एनम्	(=श्लोकं)	स्मरामि ।

અહીં, બીજા વાક્યમાં વિશેષ્યભૂત 'શ્લોક'ના જ વિશેષણ તરીકે ફરીથી 'આ' = इदम् એવા સર્વનામનો પ્રયોગ થયો છે. તેવે વખતે इदम् શબ્દનાં દ્વિતીયા વિભક્તિમાં જે इमम् કે एनम् એવાં બે રૂપ છે, તેમાંથી બીજું વૈકલ્પિક एनम् રૂપ જ વપરાશે.

III.2.5 અભેદમૂલક વિશેષણ તરીકે તદ્ધિતાન્ત શબ્દો : સંસ્કૃતભાષામાં તદ્ધિતાન્ત શબ્દોનો પ્રયોગ (અભેદ મૂલક) વિશેષણ તરીકે થતો જોવા મળે છે.[10] પરિણામે, તેવા તદ્ધિતાન્ત શબ્દોનાં રૂપો પણ વિશેષ્યનાં લિંગ, વચન અને વિભક્તિ અનુસાર જ વાપરવાં પડે છે.

દા. ત., ("દશરથનો પુત્ર" એ અર્થમાં > दशरथ + તદ્ધિતનો इ પ્રત્યય = दाशरथि)

૧. (દાશરથિ) રામ વનમાં જાય છે.

(દાશરથિ): વિશેષણ (પુંલિંગ कवि ની જેમ રૂપ ચાલશે)

રામ: વિશેષ્ય — ૧. પુંલિંગ ૨. પ્રથમા વિ. ૩. એકવચન

↑ તદનુસાર

दाशरथिः रामः वनं गच्छति ।

૨. વિશ્વામિત્ર (દાશરથિ) રામને આયુધ આપે છે.

विश्वामित्रः दाशरथये रामाय आयुधं यच्छति

વિશેષણ → સમાન લિંગ, વચન વિભક્તિ ← વિશેષ્ય

૩. ('યદુવંશમાં જન્મેલા' એ અર્થમાં यदु + તદ્ધતિનો अ પ્રત્યય = यादव)

(યાદવ) રામ , દ્વારિકા જાય છે.

यादवः रामः (અર્થાત્ બલરામ) द्वारिकां व्रजति ।

૪. ('જમદગ્નિનો પુત્ર' એ અર્થમાં जमदग्नि + તદ્ધિતનો एय પ્રત્યય =जामदग्नेय અર્થાત્ 'પરશુરામ')

(જામદગ્નેય) રામ ક્ષત્રિયોનાં મસ્તકો છેદે છે.

जामदग्नेयः रामः क्षत्रियाणां मस्तकानि छिनत्ति

---

૧૦. એટલે કે (વિશેષણ તરીકે વપરાતા) તદ્ધિતાન્ત શબ્દોનાં રૂપો પણ ત્રણેય લિંગમાં ચાલે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધ : અહીં 'રામ' શબ્દ વિશેષ્ય તરીકે વપરાયો છે. પરંતુ 'રામ' તો અનેક હોઈ શકે. આથી તે દરેક 'રામ'ની આગળ એક-એક વિશેષણ જોડવામાં આવ્યું છે. જેમકે, ૧. દાથરથિઃ = દશરથનો જે પુત્ર છે તેવો રામ. ૨. યાદવઃ = યદુવંશમાં જે જન્મ્યા છે તેવા (બલ)રામ. ૩. જામદગ્નેયઃ = જમદગ્નિ ઋષિના જે પુત્ર છે તે (પરશુ)રામ. હવે, આ વિશેષણવાચક શબ્દો જુદા જુદા તદ્ધિત પ્રત્યય લગાડીને બનાવવામાં આવ્યા છે. આવા તદ્ધિતપ્રત્યયાન્ત શબ્દોનો પ્રયોગ વિશેષ્યના લિંગ, વચન અને વિભક્તિ અનુસાર થતો હોય છે.

'તદ્ધિત' એટલે શું ? तद् + हित = तद्धित । તે (નામ)ના અર્થમાં ઉમેરો કરનારા પ્રત્યયને 'તદ્ધિત' પ્રત્યય કહે છે. (तेभ्यः प्रयोगेभ्यः हिता इति तद्धिताः । એમ પણ કહેવાયું છે.) બીજા શબ્દોમાં કહીએ તો- એક નામ ઉપરથી બીજું નામ બનાવનારા પ્રત્યયને 'તદ્ધિત પ્રત્યય' કહે છે. દા. ત., કુન્તી એક નામ છે. હવે, ''તે (કુન્તી)નો પુત્ર'' એવો નવો અર્થ ઉમેરવા આ કુન્તી નામની પાછળ, 'एय' એવો તદ્ધિતનો પ્રત્યય લગાડીએ તો (વ્યાકરણની પ્રક્રિયાથી) कौन्तेय એવું બીજું એક નામ તૈયાર થાય છે. (આ कौन्तेय એવા તદ્ધિતાન્ત નામમાંથી ''કુન્તાનો પુત્ર'' એવો અર્થ નીકળે છે.) આ તદ્ધિતાન્ત નામ, હવે યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનના વિશેષણ તરીકે વાપરી શકાશે. એ જ પ્રમાણે, વર્ષ > વાર્ષિક, માસ > માસિક, પક્ષ > પાક્ષિક, આત્મન્ > આત્મીય, રાજન્ > રાજકીય, પથિન્ > પથિક, પાંડુ (રાજા) > પાંડવ, રઘુ > રાઘવ, કુરુ > કૌરવ, મનુ > માનવ, વસુદેવ > વાસુદેવ, સમાજ > સામાજિક, શિવ > શૈવ, શક્તિ > શાક્ત, તન્ત્ર > તાન્ત્રિક, રાષ્ટ્ર > રાષ્ટ્રિય, કપાલ > કાપાલિક, ગંગા > ગાંગેય, પંચાલ > પાંચાલ, ન્યાય > નૈયાયિક, વ્યાકરણ > વૈયાકરણ, ધર્મ > ધાર્મિક, યજ્ઞ > યાજ્ઞિક, પ્રમાણ > પ્રામાણિક, દંડ > દણ્ડિન્, ધન્ > ધનવત્, બુદ્ધિ > બુદ્ધિમત્, સુન્દર > સૌન્દર્ય-સુંદરતા વગેરે શબ્દો પણ તદ્ધિતપ્રત્યયાન્ત છે.

તદ્ધિતપ્રત્યયો સંખ્યાની દૃષ્ટિએ અનેક છે. (ગ્રન્થવિસ્તરભયથી તે દરેકનો અહીં પરિચય કરાવવો શક્ય નથી.) તેથી તેમાંના કેટલાક પ્રત્યયોનો પરિચય કરાવીને તેના દ્વારા સાધવામાં આવતા નવાં તદ્ધિતાન્ત નામો ''વિશેષણ'' તરીકે વાક્યમાં કેવી રીતે વપરાય છે ? એ જોઈશું.

(क) અપત્યાર્થક તદ્ધિત પ્રત્યયો :

(૧-૧) 'અમુક પુરુષનો પુત્ર' એવો અર્થ કહેવા માટે હ્રસ્વ અકારાન્ત શબ્દોને 'इ' પ્રત્યય લાગે છે. દા.ત., दशरथ + इ । અહીં આદિ અક્ષર दમાં વૃદ્ધિ થઈને दा થાય છે; અને છેલ્લા थ અક્ષરમાંથી अનો લોપ થઈને, इ ઉમેરાય છે. પરિણામે दाशरथि બને છે. આવી રીતે, दक्ष + इ = दाक्षि, द्रोण + इ = द्रोणि વગેરે બને છે. હવે, આ दाशरथि = 'દશરથના પુત્ર'નો બોધ કરાવે છે, તેથી તે दाशरथि વગેરે શબ્દોનાં રૂપો હ્રસ્વ इ કારાન્ત પુંલિંગ कवि શબ્દની જેમ ચાલશે.

(૧-૨) 'અમુક પુરુષની કન્યા' એવો અર્થ કહેવા માટે, એટલે કે 'દશરથની પુત્રી' એ અર્થવાળો તદ્ધિતાન્ત શબ્દ બનાવવો હોય તો, दाशरथिમાં દીર્ઘ ई ઉમેરી લેવો. જેથી दाशरथी (દશરથની કન્યા), द्रोणी (દ્રોણની કન્યા), दाक्षी (દક્ષની કન્યા), जानकी (જનકની કન્યા) વગેરે શબ્દો બનશે. હવે આવા સ્ત્રીલિંગનો બોધ કરાવનારા તદ્ધિતાન્ત શબ્દોનાં રૂપો नदीની જેમ ચાલશે.

(૨-૧) 'અમુક સ્ત્રીનો પુત્ર' એવો અર્થ વ્યક્ત કરવો હોય, તો દીર્ઘ આ-કારાન્ત અને દીર્ઘ ઈકારાન્ત સ્ત્રીલિંગ શબ્દોને 'एय' એવો તદ્ધિતનો પ્રત્યય લાગે છે (તથા સ્ત્રીવાચક શબ્દના આદિ અક્ષરમાં વૃદ્ધિ થાય છે.) જેમકે, (અર્જુનની માતા) कुन्ती + एय = कौन्तेय, (ગરુડની માતા) सुपर्णी + एय = सौपर्णेय, माद्री + एय = माद्रेय, (બહેન) ભગિની + एय = ભાગિનેયઃ (ભાણેજ), इन्दिरा + एय = ऐन्दिरेय, विनता + एय = वैनतेय, राधा + एय = राधेय વગેરે.

અહીં જે એક (कुन्ती વગેરે) નામ ઉપરથી, તદ્ધિતનો एय પ્રત્યય લગાડીને બીજાં (कौन्तेय વગેરે) નામ સાધવામાં આવ્યાં છે, તેને ''તદ્ધિતાન્ત નામ'' કહે છે. હવે, તે 'અમુકનો પુત્ર' એવો અર્થ કહેનારા છે; તેથી હ્રસ્વ અકારાન્ત પુંલિંગ राम શબ્દની જેમ જ તેનાં રૂપો ચાલશે.

(૨-૨) 'અમુક સ્ત્રીની કન્યા' એવો અર્થ વ્યક્ત કરવો હોય તો, ઉપર જે एय પ્રત્યયાન્ત શબ્દો બનાવ્યા છે, તેમાં (અન્તિમ अ સ્વરનો લોપ કરીને) દીર્ઘ ई ઉમેરી લેવો. જેથી सौपर्णेय् + ई = सौपर्णेयी । वैनतेयी, भागिनेयी વગેરે શબ્દો બનશે. હવે, આનાં રૂપો नदीની જેમ ચાલશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) 'ગોત્ર/વંશમાં જન્મેલ' અર્થવાળા તદ્ધિત

(૧-૧) (મૃત એવા) મૂળ પુરુષથી ત્રીજી-ચોથી-પાંચમી વગેરે પેઢીએ જન્મેલા સંતાનને વ્યાકરણમાં 'ગોત્રાપત્ય' કહે છે. દા.ત., ગર્ગ ઋષિના મર્યા પછી; ત્રીજી-ચોથી-પાંચમી વગેરે પેઢીએ જન્મેલા, એટલે કે ગર્ગના વંશમાં જન્મેલા કોઈ પણ વ્યક્તિને 'ગાર્ગ્ય' કહેવાય છે. गर्ग + य = गार्ग्यं । એ જ રીતે; पुलस्ति > पौलस्त्य, वत्स > वात्स्य, धूम > धौम्य, कण्व > काण्व्य, अगस्त्य > आगस्त्य, शण्डिल > शाण्डिल्य, जमदग्नि > जामदग्न्य, पराशर > पाराशर्य[11] વગેરે શબ્દો બને છે. (રામનીજેમ રૂપો થશે.)

(૧-૨) મૂળપુરુષથી ચોથી પેઢીએ જન્મેલા પ્રપૌત્રને વ્યાકરણમાં 'યુવાપત્ય' કહે છે. પરંતુ પ્રપૌત્રને 'યુવાપત્ય' કહેવા માટે એ આવશ્યક છે કે તે મૂળપુરુષ જીવતો હોય. (પિતા > પુત્ર > પૌત્ર > પ્રપૌત્ર = યુવાપત્ય. અથવા પુત્ર = યુવાપત્ય > પિતા > પિતામહ > પ્રપિતામહ) દા. ત. 'ગર્ગ' એ પ્રપિતામહ છે, તેમનો ચોથી પેઢીએ જે યુવાપત્ય હોય, તદ્વાચક તદ્ધિતાન્ત શબ્દ બનાવવો હોય તો, પહેલાં गर्ग શબ્દને ગોત્રાપત્ય અર્થમાં य પ્રત્યય લગાવીને गार्ग्य શબ્દ બનાવવો પડે છે; અને ત્યાર પછી गार्ग्यને યુવાપત્ય અર્થમાં आयन પ્રત્યય લગાડીને गार्ग्यायण એવો શબ્દ બનાવાય છે.

(૧-૩) અમુક પુરુષની ત્રીજી વગેરે પેઢીએ જન્મેલી કન્યા (સ્ત્રીસંતાન) કહેવી હોય તો गर्ग > गार्ग्य । માંથી य પ્રત્યયને ખસેડીને, ई ઉમેરવોઃ- गार्गी । वात्सी । पौलस्ती । धौमी (આનાં નદીની જેમ રૂપો થશે.)

(૨-૧) ગોત્રાપત્ય અર્થમાં ઋષિવાચક बिद વગેરે શબ્દોને अ(ञ्) પ્રત્યય લાગે છે. દા. ત., बिदस्य अपत्यं पुमान् > बिद + अ = वैद । शुनक > शौनक । कश्यप > काश्यप । कुशिक > कौशिक । उपमन्यु > औपमन्यव । (રામની જેમ રૂપો થશે.)

(૨-૨) ઉપરના શબ્દોનું સ્ત્રીલિંગમાં પરિવર્તન કરવું હોય તો —એટલે કે 'बिद વગેરે ઋષિઓના વંશમાં જન્મેલી કન્યા' એવો અર્થ કહેવો હોય તો, ઉપરના अ(ञ्) પ્રત્યયાન્ત શબ્દોમાંથી અંતિમ હ્રસ્વ अ કારનો લોપ કરીને, પછી દીર્ઘ ई ઉમેરી લેવો. જેથી बैदी, शौनकी, कौशिकी, औपमन्यवी, काश्यपी વગેરે શબ્દો બનશે. (પછી તેનાં નદીની જેમ રૂપો ચાલશે.)

(ग) '— પાસે હોવું', 'તેમાં હોવું' '—થી યુક્ત' અર્થાત્ મતુપ્ અર્થમાં થતા તદ્ધિત પ્રત્યયો :

(૧-૧) બહુત્વ, નિન્દા, પ્રશંસા, નિત્યયોગ = નિત્યસંબંધ, અધિકતા, માલિકી જેવા અર્થો દર્શાવવા માટે નામની પાછળ (मतुप् =) मत् પ્રત્યય લાગે છે. જેમકે, 'बुद्धिः अस्ति अस्य' = 'આનામાં બુદ્ધિ છે' એમ કહેવા बुद्धि + मत् = बुद्धिमत् શબ્દ બને છે. धनम् अस्ति अस्य = 'આની પાસે ધન છે' એમ કહેવા धन + मत्, (પછી मનો व् થાય છે.)[12] धनवत् શબ્દ બને છે. प्रशस्तं रूपम् अस्ति अस्य 'આનું રૂપ પ્રશંસનીય છે' એ અર્થમાં रूप એવા નામને-શબ્દને -मत् > वत् પ્રત્યય લાગશે તો रूपवत् શબ્દ બનશે. આવી જ રીતે, भगवत् (ઐશ્વર્યવાળું), हनुमत् (દાઢીવાળો વાનર), श्रीमत् (લક્ષ્મીવાળું), धीमत् (બુદ્ધિવાળું) વગેરે શબ્દો પણ બને છે.

---

૧૧. પરાશરનો પુત્ર (બીજી પેઢી) - એ અર્થમાં पाराशर શબ્દ બને છે, પણ પરાશરનો પૌત્ર (ત્રીજી પેઢી) -એ માટે पाराशर्य બને છે. એ જ પ્રમાણે, જમદગ્નિનો પુત્ર > जामदग्नेय, પણ 'તેનો પૌત્ર' (ત્રીજી પેઢી) કહેવો હોય તો जामदग्न्यः ॥

૧૨. નામની પાછળ मत् પ્રત્યય લગાડવામાં આવે ત્યારે જો નામપદ अ કારાન્ત કે आ કારાન્ત હોય, અથવા તો ङ् ण् न् म् ञ् સિવાયનો વ્યંજનાન્ત હોય; તથા જેની ઉપધામાં (=ઉપાન્ત્યવર્ણ તરીકે) म्, अ કે आ હોય તો मत्ના म्નો व् થાય છે. દા. ત., ૧. धन (અકારાન્ત) > धनवत् । विद्या (આકારાન્ત) विद्यावत् । तडित्, यशस् (અનુનાસિક સિવાયના વ્યંજનાન્ત શબ્દ) तडित्वत् यशस्वत् પણ । लक्ष्मी (ઉપધામાં म्) > लक्ष्मीवत् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

बुद्धिमत् = 'બુદ્ધિથી યુક્ત'
(ત્રણેય લિંગમાં વિભિન્ન રૂપો)

પુંલિંગ बुद्धिमत् બુદ્ધિવાળો				નપુંસકલિંગ बुद्धिमत् બુદ્ધિવાળું			સ્ત્રીલિંગ बुद्धिमत् + ई = बुद्धिमती (નદીવત્ રૂપો) બુદ્ધિવાળી સ્ત્રી		
	એક વ.	દ્વિ. વ.	બ. વ.	એક વ.	દ્વિ. વ.	બ. વ.	એક વ.	દ્વિ. વ.	બ. વ.
प्र.	बुद्धिमान्	बुद्धिमन्तौ	बुद्धिमन्तः	बुद्धिमत्	बुद्धिमती	बुद्धिमन्ति	बुद्धिमती	बुद्धिमत्यौ	बुद्धिमत्यः
द्वि.	बुद्धिमन्तम्	बुद्धिमन्तौ	बुद्धिमतः	बुद्धिमत्	बुद्धिमती	बुद्धिमन्ति	बुद्धिमतीम्	बुद्धिमत्यौ	बुद्धिमतीः
तृ.	बुद्धिमता	बुद्धिमद्भ्याम्	बुद्धिमद्भिः	તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગ જેવાં જ થાય છે.			बुद्धिमत्या	बुद्धिमतीभ्याम्	बुद्धिमतीभिः
च.	बुद्धिमते	बुद्धिमद्भ्याम्	बुद्धिमद्भ्यः				बुद्धिमत्यै	बुद्धिमतीभ्याम्	बुद्धिमतीभ्यः
पं.	बुद्धिमतः	बुद्धिमद्भ्याम्	बुद्धिमद्भ्यः				बुद्धिमत्याः	बुद्धिमतीभ्याम्	बुद्धिमतीभ्यः
ष.	बुद्धिमतः	बुद्धिमतोः	बुद्धिमताम्				बुद्धिमत्याः	बुद्धिमत्योः	बुद्धिमतीनाम्
स.	बुद्धिमति	बुद्धिमतोः	बुद्धिमत्सु				बुद्धिमत्याम्	बुद्धिमत्योः	बुद्धिमतीषु
सं.	बुद्धिमन्	बुद्धिमन्तौ	बुद्धिमन्तः	हे बुद्धिमत्	बुद्धिमती	बुद्धिमन्ति	हे बुद्धिमति	बुद्धिमत्यौ	बुद्धिमत्यः

આ જ પ્રમાણે धन + मत् > धनवत् । નાં રૂપો ત્રણેય લિંગમાં નીચે મુજબ થશે. (પું.) धनवान् धनवन्तौ धनवन्तः । (નપું.) धनवत् धनवती धनवन्ति । (સ્ત્રી.) धनवती धनवत्यौ धनवत्यः । વગેરે.

(૧-૨) કોઈ પણ નામને જે જે અર્થોમાં मतुप् એવો તદ્ધિત પ્રત્યય લાગે છે, તે જ અર્થો (જેવા કે—બાહુલ્ય, પ્રશંસા, નિત્યયોગ, માલિકી વગેરે)માં इन् એવો પ્રત્યય પણ લાગે તે. દા.ત.,

૧. 'પ્રશંસનીય બળથી યુક્ત વ્યક્તિ' એ અર્થમાં-
बल + इन् (વ્યાકરણની પ્રક્રિયા અનુસાર ल માંથી अ નો લોપ) = बलिन् । (દા.ત., ભીમ)

૨. 'દૂધાળું ઝાડ' (નિત્યયોગ)-
क्षिर + इन् = क्षिरिन् । (દા. ત., વટવૃક્ષ)

૩. 'દંડથી યુક્ત (દંડને સતત પાસે રાખનાર)'-
दण्ड + इन् = दण्डिन् । (દા. ત., સંન્યાસી)

૪. 'ધનનો માલિક = ધનવાળો-' અર્થમાં-
धन + इन् = धनिन् । (દા. ત., કુબેર)

૫. 'વિદ્યા રૂપી પ્રયોજનવાળો'-અર્થમાં
विद्यार्थ + इन् = विद्यार्थिन् । (દા. ત., આત્રેયી)

આ જ પ્રમાણે, प्राणिन्, पक्षिन्, शशिन्, करिन्, हस्तिन्, स्त्रग्विन्, वाग्मिन्, मौलिन्, कंचुकिन्, एकाकिन्, किरीटिन् વગેરે શબ્દો બને છે.

આવાં इन्नन्त (= इन् प्रत्ययान्त) શબ્દો પણ વિશેષણ તરીકે વપરાતાં હોઈને, તેમનાં ત્રણેય લિંગમાં જુદાં જુદાં રૂપો થાય છે. જેમકે,-

પુંલિંગ बलिन् (બળવાળો)				સ્ત્રીલિંગ बलिन् + ई = बलिनी (બળવાળી) નદીવત્ રૂપો			નપુંસકલિંગ बलिन् (બળવાળું)		
प्र.	बली	बलिनौ	बलिनः	बलिनी	बलिन्यौ	बलिन्यः	बलि	बलिनी	बलीनि
द्वि.	बलिनम्	बलिनौ	बलिनः	बलिनीम्	बलिन्यौ	बलिनीः	बलि	बलिनी	बलीनि
तृ.	बलिना	बलिभ्याम्	बलिभिः	बलिन्या	बलिनीभ्याम्	बलिनीभिः	(તૃતીયાથી સપ્તમી સુધી પુંલિંગનાં રૂપોની જેમ)		
च.	बलिने	बलिभ्याम्	बलिभ्यः	बलिन्यै	बलिनीभ्याम्	बलिनीभ्यः			
प.	बलिनः	बलिभ्याम्	बलिभ्यः	बलिन्याः	बलिनीभ्याम्	बलिनीभ्यः			
ष.	बलिनः	बलिनोः	बलिनाम्	बलिन्याः	बलिन्योः	बलिनीनाम्			
स.	बलिनि	बलिनोः	बलिषु	बलिन्याम्	बलिन्योः	बलिनीषु			
सं.	हे बलिन्	बलिनौ	बलिनः	हे बलिनि	बलिन्यौ	बलिन्यः	हे बलिन्	बलिनी	बलीनि ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કેટલાંક વાક્યોમાં આ મત્વર્થીય તદ્ધિતાન્ત શબ્દોનો 'વિશેષણ' તરીકે પ્રયોગ કરી જોઈશું :

૧.	(વિદ્યાવાળો)	પુરુષ	સર્વત્ર	પૂજાને	યોગ્ય છે.
	વિશેષણ	વિશેષ્ય			
	विद्यावान्	पुरुषः	सर्वत्र	पूजाम्	अर्हति ।
૨.	ક્ષત્રિય	(લક્ષ્મીવાળા)	વિષ્ણુને	પૂજે	છે.
	क्षत्रियः	लक्ष्मीवन्तं	विष्णुं	पूजयति ।	
૩.	(બુદ્ધિવાળા)	છાત્રોના	ગુરુ	આવે	છે.
	बुद्धिमताम्	छात्राणां	गुरुः	आगच्छति ।	
૪.	તું	યશવાળી	સીતાને	જુવે છે.	
	त्वम्	यशस्वतीम्	सीतां	पश्यसि ।	
૫.	યુદ્ધમાં	(બજરંગ)	(બલી)	હનુમાન (= દાઢીવાળા) જીતે છે.	
	युद्धे	वज्रांगः	बली	हनुमान्	जयति ।
૬.	(દંડધારિણી)	સાધ્વી	(વૈશાલી)	નગરીમાં	વિહાર કરે છે.
	दण्डिनी	साध्वी	वैशाल्यां	नगर्यां	विहरति ।
૭.	સિંહ	(બળવાળા)	હાથીને	હણે છે.	
	सिंहः	बलिनं	कुञ्जरम्	हन्ति ।	
૮.	વાદળો (સસલાના ચિહ્નવાળા)		ચન્દ્રને	ઢાંકી દે છે.	
	मेघाः	शशिनम्	चन्दम्	आच्छादयन्ति ।	
૯.	મહાવત	(સૂંઢવાળી)	હાથણીને	લાવે છે.	
	गजरक्षकः	करिणीं/हस्तिनीं	कुञ्जरीम्	आनयति ।	
૧૦.	બૌદ્ધો	(ધનવાળા)	નગરમાં	રહે છે.	
	बौद्धाः	धनिनि	नगरे	निवसन्ति ।	

નોંધ : અહીં વિશેષ્ય (પુરુષ, વિષ્ણુ, છાત્ર, સીતા, હનુમાન, સાધ્વી, હાથી, ચન્દ્ર, હાથણી અને નગર)નાં જે લિંગ, વચન અને વિભક્તિ છે; તદનુસાર જ વિશેષણો (વિદ્યાવાળો, લક્ષ્મીવાળા, બુદ્ધિવાળા, યશવાળી, બલી, દંડધારિણી) વગેરેનો પ્રયોગ કર્યો છે.

(ઘ) સર્વનામવાચક શબ્દોને લાગતા તદ્ધિતના પ્રત્યયો :

(૧) સર્વનામવાચક શબ્દોને 'તત્સંબંધી' અર્થમાં તદ્ધિતનો छ > ईय પ્રત્યય લાગે છે. જેમ કે,

૧. હું → મારું અમારું (= મારા સંબંધી) (= અમારા સંબંધી) अस्मद् → मदीय अस्मदीय	૨. તું → તારું તમારું युष्मद् → त्वदीय युष्मदीय
૩. તે → તેનું/તેમનું तद् → तदीय	૪. આ → એનું/એમનું एतद् → एतदीय
૫. જે → જેનું/જેમનું यद् → यदीय	૬. આપ → આપનું भवत् → भवदीय

હવે, આ ईय પ્રત્યયાન્ત તદ્ધિત શબ્દો 'વિશેષણ' તરીકે વપરાય છે, અને તેથી ત્રણેય લિંગમાં તેમનાં રૂપો ચાલે છે. જેમ કે मदीय, त्वदीय, तदीय, अस्मदीय, भवदीय વગેરેનાં.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. પુંલિંગમાં રામની જેમ રૂપો ચાલશે.

૨. સ્ત્રીલિંગમાં (मदीय + आ = मदीया) - માલાની જેમ-

૩. નપુંસકલિંગમાં वन ની જેમ-રૂપો ચાલશે.

૧. હે દેવી નર્મદા ! તારા પાદપંકજમાં (હું) નમન કરું છું.
हे देवि नर्मदे । त्वदीयं पादपङ्कजम् नमामि

૨. હે રામ ! આપની સીતા તમને નમે છે.
भो राम ! भवदीया सीता त्वां नमति ।

૩. જેના પાણીમાં રામ નાહ્ય છે, તે સરયુ નદી છે.
यदीये जले रामः स्नाति, सा सरयुः नदी अस्ति ।

૪. આ અમારી શાળા છે.
इयम् अस्मदीया शाला अस्ति ।

(૨) સર્વનામવાચક શબ્દોમાંથી 'પ્રકાર' અર્થમાં, (અર્થાત્ સમાન-આના જેવું, આવું, તેવું-એ અર્થમાં) નીચેના તદ્ધિતાન્ત શબ્દો બને છે.

[अस्मद् + दृश् + क्स/क्विप्/कञ् वा, मदादेशः, आत्वम्]

૧. अस्मद् સર્વનામમાંથી

(પું) मादृश् (મારા જેવો)
(નપું) मादृश् (મારા જેવું)
(સ્ત્રી) मादृशी (મારા જેવી)
अस्मादृश् (અમારા જેવો)
अस्मादृश् (અમારા જેવું)
अस्मादृशी (અમારા જેવી)

૨. युष्मद् સર્વનામમાંથી

(પું) त्वादृश् (તારા જેવો)
(નપું) त्वादृश् (તારા જેવું)
(સ્ત્રી) त्वादृशी (તારા જેવી)
युष्मादृश् (તમારા જેવો)
युष्मादृश् (તમારા જેવું)
युष्मादृशी (તમારા જેવી)

૩. तद् સર્વનામમાંથી

(પું) तादृश् (તેવો)
(નપું) तादृश् (તેવું)
(સ્ત્રી) तादृशी (તેવી)

૪. इदम् સર્વનામમાંથી

(પું) ईदृश् (એવો/આવો)
(નવું) ईदृश् (આવું)
(સ્ત્રી) ईदृशी (આવી)

૫. एतत् સર્વનામમાંથી

(પું) एतादृश् (આવો)
(નપું) एतादृश् (આવું)
(સ્ત્રી) एतादृशी (આવી)

૬. यत् સર્વનામમાંથી

(પું) यादृश् (જેવો)
(નપું) यादृश् (જેવું)
(સ્ત્રી) यादृशी (જેવી)

૭. किम् સર્વનામમાંથી

(પું) कीदृश् (કેવો)
(નપું) कीदृश् (કેવું)
(સ્ત્રી) कीदृशी (કેવી)

૮. भवत् સર્વનામમાંથી

(પું) भवादृश् (આપના જેવો)
(નપું) भवादृश् (આપના જેવું)
(સ્ત્રી) भवादृशी (આપના જેવી)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ શબ્દોનું પ્રથમાદિ વિભક્તિમાં રૂપાખ્યાન નીચે પ્રમાણે થાય છે -

માદૃશ્ (પુંલિંગ) 'મારા જેવો'

	એક વ.	દ્વિ. વ.	બહુ. વ.
प्र.	मादृक्	मादृशौ	मादृशः
द्वि.	मादृशम्	मादृशौ	मादृशः
तृ.	मादृशा	मादृग्भ्याम्	मादृग्भिः
च.	मादृशे	मादृग्भ्याम्	मादृग्भ्यः
पं.	मादृशः	मादृग्भ्याम्	मादृग्भ्यः
ष.	मादृशः	मादृशोः	मादृशाम्
स.	मादृशि	मादृशोः	मादृक्षु
सं.	हे मादृक्	मादृशौ	मादृशः ॥

માદૃશી (સ્ત્રીલિંગ) 'મારા જેવી'

	એક વ.	દ્વિ. વ.	બહુ. વ.
प्र.	मादृशी	मादृश्यौ	मादृश्यः
द्वि.	मादृशीम्	मादृश्यौ	मादृशीः
तृ.	मादृश्या	मादृशीभ्याम्	मादृशीभिः
च.	मादृश्यै	मादृशीभ्याम्	मादृशीभ्यः
पं.	मादृश्याः	मादृशीभ्याम्	मादृशीभ्यः
ष.	मादृश्याः	मादृश्योः	मादृशीनाम्
स.	मादृश्याम्	मादृश्योः	मादृशीषु
सं.	हे मादृशि	मादृश्यौ	मादृश्यः

માદૃશ્ (નપુંસકલિંગ) (મારા જેવું)

	એક વ.	દ્વિ. વ.	બહુ. વ.
प्र.	मादृक्	मादृशी	मादृंशि
द्वि.	मादृक्	मादृशी	मादृंशि

(તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગના જેવાં જ થાય છે.)

सं.	हे मादृक्	मादृशी	मादृंशि ॥

કેટલાંક વાક્યોમાં આનો પ્રયોગ કરીશું :

૧. (અમારા જેવી) નૌકા સમુદ્રમાં તરે છે.
अस्मादृशी नौका समुद्रे तरति ।

૨. (આવાં) જ વનોમાં ઋષિઓ તપ કરે છે.
एतादृक्षु एव वनेषु ऋषयः तपश्चरन्ति ।

૩. (જેવો) પતિ છે, (તેવી) જ પત્ની છે.
यादृक् पतिः अस्ति, तादृशी एव पत्नी अस्ति ।

૪. બાળક (આવા) જ (ચંચળ) ઘોડાથી ડરે છે.
बालकः ईदृशः एव चञ्चलात् अश्वात् बिभेति ।

૫. (આપના જેવા) (ગુણવાળા) પુરુષો જ સંસ્કૃતની રક્ષા કરે છે.
भवादृशाः गुणिनः पुरुषाः एव संस्कृतं रक्षन्ति ।

૬. અરવિન્દ (કેવા) યોગનું આચરણ કરે છે ?
अरविन्दः कीदृशं योगम् आचरति ? ।

(ङ) તુલનાર્થક અને અતિશયાર્થક (વિશેષણ) શબ્દો બનાવનારા તદ્ધિત પ્રત્યયો : ગુણવાચક શબ્દો આખા સમુદાયને વિશેષણ તરીકે લાગુ પાડવા હોય ત્યારે તો તેમને તદ્ધિતનો કોઈ પ્રત્યય લાગતો નથી. પરંતુ વાગ્વ્યવહાર દરમિયાન આપણે (૧) ઘણી વાર બે પદાર્થો કે બે વ્યક્તિઓની તુલના કરીને કોઈ એકને વધુ ચઢિયાતો (કે વધુ ઉતરતો) બતાવતા હોઈએ છીએ. અથવા (૨) ઘણીવાર અનેક પદાર્થો કે અનેક વ્યક્તિઓમાંથી કોઈ એકની ઉત્કૃષ્ટતા-અતિશયતા-બતાવતા હોઈએ છીએ. આવી 'તુલના' કે 'અતિશયતા' દર્શાવવા માટે (સંસ્કૃત ભાષામાં) ગુણવાચક શબ્દોને, નીચે મુજબના તદ્ધિત પ્રત્યયો લાગે છે.

(૧-૧) કોઈ પણ બે પદાર્થો કે બે વ્યક્તિઓની તુલનામાં કોઈ એકનું ચઢિયાતાપણું દર્શાવવા ગુણવાચક શબ્દને તદ્ધિતનો तर પ્રત્યય લાગે છે. દા. ત., चतुर + तर = चतुरतर । मृदुतर । लघुतर । साधुतर । क्षुद्रतर વગેરે. આવા શબ્દોનો પ્રયોગ વિશેષણ તરીકે થતો હોઈને, વિશેષ્યાધીન રહીને ત્રણેય લિંગમાં તેમનાં રૂપો ચાલે છે.

૧. મૈત્ર અને ચૈત્રમાંથી, ચૈત્ર (વધુ હોંશિયાર) છે.
मैत्रचैत्रयोः, चैत्रः चतुरतरः अस्ति ।
(વિશેષ્ય) (વિશેષણ)

૨. યુધિષ્ઠિર અને સહદેવમાંથી યુધિષ્ઠિર વધુ સજ્જન છે.
युधिष्ठिरसहदेवयोः युधिष्ठिरः साधुतरः अस्ति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. સીતા અને દ્રૌપદીમાંથી સીતા વધુ કોમળ છે.
सीताद्रौपद्यो:, सीता मृदुतरा अस्ति ।

૪. ગોપાલ શ્યામ કરતાં વધુ હોંશિયાર છે.
गोपाल: श्यामात् पटुतर: (अस्ति) ।

૫. માણસ દેવ કરતાં નીચો છે.
मानव: देवात् निष्कृष्टतर: अस्ति ।

૬. ગુરુ પિતા કરતાં મોટા છે.
आचार्य: पितु: (= जनकात्) महत्तर: अस्ति ।

(૧-૨) એ જ પ્રમાણે, કોઈ પણ બે પદાર્થો કે વ્યક્તિઓની તુલનામાં કોઈ એકનું ચઢિયાતાપણું બતાવવા માટે, ગુણવાચક શબ્દને તદ્ધિતનો ઈયસ્ પ્રત્યય લગાડવામાં આવે છે. દા. ત., लघु + ઈયસ્ (વ્યાકરણની પ્રક્રિયાથી घु માં નો उ કાર નીકળી જશે, તો) लघीयस् । શબ્દ બનશે. એવી રીતે, गुरु > गरीयस् । पटु > पटीयस् । महत् > महीयस् । दूर > दवीयस् । વગેરે શબ્દો પણ બને છે. આવા શબ્દો પણ વાક્યમાં વિશેષણ તરીકે વપરાતા હોઈને, વિશેષ્યાધીન રહીને ત્રણેય લિંગમાં તેમનાં રૂપો થાય છે. ઉદા. ત.

૧. ચૈત્ર અને મૈત્રની અંદર, ચૈત્ર વધુ હોંશિયાર છે.
चैत्रमैत्रयो:, चैत्र: पटीयान् अस्ति ।

૨. કાશી અને મથુરામાંથી, કાશી વધુ દૂર છે.
काशीमथुरयो: काशी दवीयसी अस्ति ।

૩. હું ગંગા અને યમુનામાંથી મોટી (એવી) ગંગાને જોઉં છું.
अहम् गङ्गायमुनयो: महीयसीं/महत्तरां गङ्गां पश्यामि ।

૪. ખાંડવ અને દંડક વનોમાંથી ખાંડવ વન વધુ મોટું છે.
खाण्डवदण्डकयो: वनयो: खाण्डवं वनं महीय: (= महत्तरम्) अस्ति ।

૫. દશરથને કૌસલ્યા અને કૈકેયીમાંથી, કૈકેયી વધુ પ્રિય છે.
दशरथस्य कौसल्याकैकेय्यो: कैकेयी प्रेयसी (=प्रियतरा) अस्ति ।

ઉદા. તરીકે लघीयस् શબ્દનાં ત્રણેય લિંગમાં રૂપો જોઈશું :

૧. लघीयस् (બેમાંથી વધુ નાનું)

	પુંલિંગ			लघीयसी/સ્ત્રીલિંગ/(नदीवत्)		
	એક. વ.	દ્વિ. વ.	બહુ. વ.	એક. વ.	દ્વિ. વ.	બહુ. વ.
प्र.	लघीयान्	लघीयांसौ	लघीयांस:	लघीयसी	लघीयस्यौ	लघीयस्य:
द्वि.	लघीयांसम्	लघीयांसौ	लघीयस:	लघीयसीम्	लघीयस्यौ	लघीयसी:
तृ.	लघीयसा	लघीयोभ्याम्	लघीयोभि:	लघीयस्या	लघीयसीभ्याम्	लघीयसीभि:
च.	लघीयसे	लघीयोभ्याम्	लघीयोभ्य:	लघीयस्यै	लघीयसीभ्याम्	लघीयसीभ्य:
पं.	लघीयस:	लघीयोभ्याम्	लघीयोभ्य:	लघीयस्या:	लघीयसीभ्याम्	लघीयसीभ्य:
ष.	लघीयस:	लघीयसो:	लघीयसाम्	लघीयस्या:	लघीयस्यो:	लघीयसीनाम्
स.	लघीयसि	लघीयसो:	लघी:सु/यस्सु	लघीयस्याम्	लघीयस्यो:	लघीयसीषु
सं.	हे लघीयन्	लघीयांसौ	लघीयांस:	हे लघीयसि	लघीयस्यौ	लघीयस्य:

નપુંસકલિંગ

	એક વ.	દ્વિ. વ.	બહુ. વ.
प्र.	लघीय:	लघीयसी	लघीयांसि
द्वि.	लघीय:	लघीयसी	लघीयांसि

શેષ તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગનાં રૂપોની જેમ ચાલે છે.

स.	हे लघीय:	लघीयसी	लघीयांसि ॥

આવી જ રીતે, गरीयस्, नेदीयस्, दवीयस्, प्रेयस्, महीयस् વગેરેનાં રૂપો પણ ચલાવવાં.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધ : બેમાંથી એકનું ચઢિયાતાપણું દર્શાવતા આ બે/-तर/-અને/ईयस्/ પ્રત્યયાન્ત શબ્દોનો જ્યાં પ્રયોગ થાય છે એ વાક્યોનો અભ્યાસ કરવા જેવો છે. જેમકે, 'મૈત્ર અને ચૈત્રમાંથી; ચૈત્ર વધુ હોંશિયાર છે.

मैत्रस्य च चैत्रस्य च, चैत्रः चतुरतरः अस्ति ।

અથવા

मैत्रचैत्रयोः (ષષ્ઠી દ્વિવચન) चैत्रः चतुरतरः अस्ति ।

અહીંઆ જે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તે 'નિર્ધારણ-અર્થે ષષ્ઠી વિ.' છે. એટલે કે જે બે પદાર્થોમાંથી એકને અલગ તારવવો છે. (ચઢિયાતાપણાની દૃષ્ટિએ 'જે બેમાંથી'-નિર્ધારણ કરવું છે.) તે બે પદાર્થોને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. (આવી ષષ્ઠી 'સંબંધ-અર્થ'નો બોધ કરાવતી નથી. પરંતુ તે 'નિર્ધારણરૂપી અર્થનો = નિર્ધાય સમૂહ/વ્યક્તિનો બોધ કરાવે છે.) [આવી નિર્ધારણાર્થક-ષષ્ઠીની સમજૂતી પ્રકરણ-૨ (II.6.2)માં આપી છે; તે જોવા અનુરોધ છે.]

(૨-૧) અનેક પદાર્થો કે અનેક વ્યક્તિઓમાંથી કોઈ એકની ઉત્કૃષ્ટતા-અતિશયતા-દર્શાવવા માટે ગુણવાચક શબ્દને તદ્ધિતનો तम પ્રત્યય લાગે છે. દા. ત., चतुर + तम = चतुरतम । मृदुतम । लघुतम । साधुतम । क्षुद्रतम । વગેરે. આવા શબ્દોનો પ્રયોગ વિશેષણ તરીકે થતો હોઈને, વિશેષ્યાધીન રહીને ત્રણેય લિંગમાં તેમનાં રૂપો ચાલે છે. દા. ત.,

૧. વાનરોમાં હનુમાન અતિશય ચતુર છે.
वानराणां[13] (वानरेषु) हनुमान् चतुरतमः अस्ति ।

૨. આયુધોમાં વજ્ર અત્યંત કઠોર છે.
आयुधानां(-धेषु) वज्रम् कठोरतमम् अस्ति ।

૩. બધી નગરીઓમાં વારાણસી અતિશય લાંબી છે.
सर्वासाम् नगरीणाम् वाराणसी दीर्घतमा अस्ति ।
(सर्वासु नगरीषु) (વિશેષ્ય) (વિશેષણ)

એ જ રીતે,

૪. હિમાલય બધાય પર્વતોમાં સૌથી ઊંચો છે.
हिमालयः सर्वेषां पर्वतानां (सर्वेषु पर्वतेषु) उन्नततमः (अस्ति) ।

૫. બોરનું ફળ બધા ફળોમાં હલકું/નાનું છે.
बदरीफलं सर्वेषां फलानां (અથવા सर्वेषु फलेषु) निकृष्टतमम् (अस्ति) ।

૬. સીતા બધી બહેનોમાં હોશિયાર છે.
सीता सर्वासां भगिनीनां (सर्वासु भगिनीषु) पटुतमा (अस्ति) ।

(૨-૨) અનેક પદાર્થો કે અનેક વ્યક્તિઓમાંથી કોઈ એકની ઉત્કૃષ્ટતા-અતિશયતા-દર્શાવવા માટે ગુણવાચક શબ્દને તદ્ધિતનો इष्ठ પ્રત્યય લગાડવામાં આવે છે. દા. ત., लघु + इष्ठ (વ્યાકરણની પ્રક્રિયા અનુસાર ઘુમાંના ઉકારનો લોપ,) = लघिष्ठ । એ જ પ્રમાણે, गुरु > गरिष्ठ । पटु > पटिष्ठ । प्रिय > प्रेष्ठ । दीर्घ > द्राघिष्ठ । महत् > महिष्ठ । વગેરે. આવા શબ્દો પણ અભેદમૂલક વિશેષણ તરીકે વપરાતા હોય છે, તેથી વિશેષ્યાધીન રહીને, તે શબ્દોનાં ત્રણેય લિંગમાં જુદાં જુદાં રૂપો થાય છે.[14] જેમકે,

૧.	બધા	વિદ્યાર્થીઓમાંથી	ચૈત્ર	અતિશય	હોંશિયાર છે.
	सर्वेषां	छात्राणां	चैत्रः	पटिष्ठः	अस्ति ।
૨.	બધી	વિદ્યાર્થિનીઓમાં	કૃષ્ણા	અતિશય	હોંશિયાર છે.
	सर्वासां	विद्यार्थिनीनां	कृष्णा	पटिष्ठा	अस्ति ।
૩.	દેવોમાં	શંકર	સૌથી મોટા	(દેવ)	છે.
	देवानां	शङ्करः	महिष्ठः	(देवः)	अस्ति ।

૧૩. चतुरतर જ્યારે પુંલિંગ નામના વિશેષણ તરીકે વપરાય ત્યારે તેનાં રૂપો रामની જેમ ચાલશે. સ્ત્રીલિંગમાં चतुरतर + आ = चतुरतरा નાં રૂપો मालाની જેમ ચાલશે; તથા નપુંસકલિંગમાં चतुरतमનાં રૂપો वनની જેમ ચાલશે.

૧૪. लघिष्ठ વગેરે શબ્દો પુંલિંગમાં रामवत्, નપુંસકલિંગમાં वनवत्, સ્ત્રીલિંગમાં लघिष्ठा > मालावत् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કેટલાક ગુણવાચક વિશેષણોના સામાન્ય રૂપો, તુલનાત્મક રૂપો અને અતિશયાર્થક રૂપોના નમૂના જોઈશું :

સામાન્ય વિશેષણ વાચક શબ્દ	તુલનાત્મક પ્રત્યય तर/ईयस्	અતિશયાર્થક પ્રત્યય तम/इष्ठ
चतुर	चतुरतर	चतुरतम
कुशल	कुशलतर	कुशलतम
साधु	साधुतर	साधुतम
शुक्ल	शुक्लतर	शुक्लतम
विद्वस्	विद्वत्तर	विद्वत्तम
पटु	पटुतर, पटीयस्	पटुतम, पटिष्ठ
प्रिय	प्रियतर, प्रेयस्	प्रियतम, प्रेष्ठ
गुरु	गुरुतर, गरीयस्	गुरुतम, गरिष्ठ
धनिन्	धनितर, धनीयस्	धनितम, धनिष्ठ
बलिन् } बलिवत् }	बलितर } बलवत्तर } बलीयस्	बलितम } बलवत्तम } बलिष्ठ
लघु	लघुतर, लघीयस्	लघुतम, लघिष्ठ
दीर्घ	दीर्घतर, द्राघीयस्	दीर्घतम, द्राघिष्ठ
दृढ	दृढतर, द्रढीयस्	दृढतम, द्रढिष्ठ
मृदु	मृदुतर, म्रदीयस्	मृदुतम, म्रदिष्ठ
वहुल	बंहीयस्	बंहिष्ट
बाढ	साधीयस्	साधिष्ठ
युवन्	यवीयस } कनीयस् }	यविष्ठ } कनिष्ठ }
वृद्ध	वृद्धतर, वर्षीयस्, -ज्यायस्	वृद्धतम, वर्षिष्ठ, ज्येष्ठ
अल्प	अल्पीयस्, कनीयस्	अल्पिष्ठ, कनिष्ठ
बहु	बहुतर, भूयस्	बहुतम, भूयिष्ठ
प्रशस्य	श्रेयस्, ज्यायस्	श्रेष्ठ, ज्येष्ठ
युवा	कनीयस्, यवीयस्	कनिष्ठ, यविष्ठ
उरु	उरुतर, वरीयस्	उरुतम, वरिष्ठ
स्थूल	स्थूलतर, स्थवीयस्	स्थूलम, स्थविष्ठ
दूर	दूरतर, दवीयस्	दूरतम, दविष्ठ
क्षुद्र	क्षुद्रतर, क्षोदीयस्	क्षुद्रतम्, क्षोदिष्ठ
ह्रस्व	ह्रसीयस्	ह्रसिष्ठ
अन्तिक	नेदीयस्	नेदिष्ठ
क्षिप्र	क्षेपीयस्	क्षेपिष्ठ
स्थिर	स्थेयस्	स्थेष्ठ
पृथु	प्रथीयस्	प्रथिष्ठ
पापी	पापीयस्	पापिष्ठ વગેરે.

આ તુલનાત્મક શબ્દો અને અતિશયાર્થક શબ્દોનો જેમાં પ્રયોગ થયો છે, એવાં કેટલાંક વાક્યો જોઈશું :

૧. युवा स्यात् साधु, युवाध्यापकः आशिष्ठो द्रढिष्ठो बलिष्ठः ।
तस्येयं पृथ्वी सर्वा, वित्तस्य पूर्णा स्यात् ॥ (तैत्तिरीयोपनिषद् 2.8.)

''નવયુવક સાધુચરિતવાળો હોય, ખૂબ અભ્યાસી હોય, સૌ કરતાં વધુ આશાવાન્, દઢનિશ્ચયવાળો અને બળસમ્પન્ન હોય. આવા યુવાનને માટે (જ) આખી પૃથિવી ધનથી ભરેલી રહે છે.''

૨. नमो नेदिष्ठाय प्रियदव दविष्ठाय च नमो
नमः क्षोदिष्ठाय स्मरहर महिष्ठाय च नमः ।
नमो वर्षिष्ठाय त्रिनयन यविष्ठाय च नमो
नमः सर्वस्मै ते, तदिदमिति सर्वाय च नमः । (शिवमहिम्न स्तोत्र-29)

''હે પ્રિયદવ (= પ્રિય છે વન જેમને) ! અત્યંત નજીક અને અત્યંત દૂર એવા તમને (શંકરને) નમસ્કાર. હે સ્મરહર ! (કામદેવનો નાશ કરનાર) અત્યંત સૂક્ષ્મ અને અત્યંત મોટા એવા તમને નમસ્કાર. હે ત્રિનયન ! અત્યંત વૃદ્ધ અને અત્યંત યુવાન એવા તમને નમસ્કાર. 'તે'-'આ' જે કંઈ છે તે બધા સ્વરૂપવાળા તમને નમસ્કાર હજો.''

III.2.6.0. કૃદન્તં શબ્દો : જેમ એક નામ ઉપરથી બીજું નામ બનાવનારા પ્રત્યયને 'तद्धित' પ્રત્યય કહેવામાં આવે છે; તેમ ક્રિયાપદ (= ધાતુ) ઉપરથી 'નામ' બનાવનારા પ્રત્યયને ''कृत् प्रत्यय' કહે છે. આવો 'कृत् प्रत्यय' લાગીને જે શબ્દ બન્યો હોય, તેને 'કૃદન્ત-નામ/શબ્દ' કહેવામાં આવે છે. [कृत् प्रत्ययो તો અનેક છે. પરંતુ તેમાંના કેટલાક કાળવાચક છે (= કે જે ક્રિયાપદને બદલે વાપરી શકાય છે); અને બીજા કેટલાક कृत् प्रत्ययो 'નામ સાધક' પણ છે. નીચેના કોષ્ટક ઉપરથી તેનો સામાન્ય પરિચય મળશે :]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

कृत्प्रत्ययो

૧. कृत्य

(ભાવ કે કર્મ અર્થમાં)

૧. तव्यत्

૨. तव्य

૩. अनीयर्

૪. यत् (य)

૫. क्यप् (य)

૬. ण्यत् (य)

'આમ કરવું જોઈએ,' 'અમુકને યોગ્ય' એવા અર્થમાં ધાતુની પાછળ લાગતા કૃત્ય પ્રત્યયો. આવા પ્રત્યયો અકર્મક ધાતુને લાગ્યાં હોય તો તે શબ્દોનાં રૂપ નપું. એક વ.માં રહે છે. જો સકર્મક ધાતુને લાગ્યા હોય તો તે શબ્દનાં રૂપો કર્મના લિંગ, વચન, વિભક્તિ અનુસાર ચાલે છે.

૨. कृत्

કાળવાચક

૧. ભૂતકાલિક કૃદન્ત
त-तवत्

૨. વર્તમાન કૃદન્ત
अत्-आन

૩. ભવિષ્યત્કૃદન્ત
ष्यत्-ष्यमाण

(આ ત્રણેયનાં રૂપો ત્રણેય લિંગમાં ચાલે છે.)

૪. પૂર્વકાલિક કૃદન્ત
(= સંબંધક ભૂતકૃદન્ત)
त्वा-य

૫. ભવિષ્યત્કાલિક કૃદન્ત
(= હેત્વર્થ કૃદન્ત)
तुम्

આ બન્ને ૪, ૫ કૃદન્ત શબ્દો અવ્યય તરીકે વપરાય છે.

નામ-સાધક કૃત્ પ્રત્યયો

૧. ભાવાર્થક એવા અકર્તૃકારકાર્થ-વાચક કૃત્
घञ् > पाक, (પું), ति > कृति (સ્ત્રી), अन > करण, (નપું), अ > चिकीर्ष + आ = चिकीर्षा, जिज्ञासा (સ્ત્રી).

૨. કર્તૃકારકવાચક કૃત્પ્રત્યય (ત્રણેય લિંગમાં રૂપ થશે.)

(૧) तृच् > कर्तृ, नेतृ,

(૨) ण्वुलू (= अक) > कारक, नायक

(૩) ल्युट् (= अन) > करण, नयन

(૪) क, ट, अण् अच्, खच्, ड (= अ) > बुध, कुरुचर, कुम्भकार, पूजार्ह, प्रियंवद, पङ्कज

(૫) क्विप् (= ०) > वृत्रहन्, विभ्राज्

(૬) इन > उष्णभोजिन्, मिथ्यावादिन्

(૭) इष्णु ('શીલ અર્થમાં') > करिष्णु, प्रभविष्णु

(૮) तृन् (,,) > कर्तृ

(૯) वुञ् (= अक)(,,) > निन्दक, हिंसक, भाषक

(૧૦) युच् (=अन) (,,) कम्पन, चलन, मण्डन

(૧૧) उ > चिकीर्षु, जिज्ञासु

૩. ઉણાદિ

પ્રત્યયોને પણ કૃદન્ત નામ સાધક પ્રત્યય કહેવામાં આવે છે. પરંતુ આ પ્રત્યયોનો અહીં પરિચય નહીં કરાવવામાં આવે. [ભાષામાં વપરાતા તમામ શબ્દો કોઈકને કોઈક ધાતુમાંથી અમુક પ્રત્યય લાગીને જ બન્યા છે, એટલે કે બધા જ શબ્દો 'યૌગિક' = વ્યુત્પન્ન છે – એવું બતાવવા આ 'ઉણાદિ' પ્રત્યયોની કલ્પના કરવામાં આવી છે.]

III.2.6.1 અભેદમૂલક વિશેષણ તરીકે કૃદન્ત શબ્દોનો પ્રયોગ :

ઉપર જોયું તે પ્રમાણે, સંસ્કૃત ભાષામાં કૃદન્ત શબ્દો તો અનેક પ્રકારના જોવા મળે છે. પરંતુ તેમાંથી જે "કર્તૃકારકવાચક કૃત્ પ્રત્યયો" છે, તેમનાથી સાધવામાં આવેલા શબ્દોનો પ્રયોગ અભેદમૂલક વિશેષણ તરીકે થતો જોવા મળે છે. આથી આ કૃદન્ત શબ્દોનાં રૂપો પણ વિશેષ્યનાં લિંગ, વચન અને વિભક્તિ અનુસાર જ ચાલે છે. દા. ત., (क)

૧.	વાનરોના (નેતા)	સુગ્રીવ	રામને	પગે લાગે છે.	
	વિશેષણ	વિશેષ્ય (કર્તા)	(કર્મ)	(ક્રિયાપદ)	
	वानराणां नेता	सुग्रीवः	रामं	प्रणमति ।	
૨.	(સીતાનું	અપહરણ કરનાર)	રાવણને	રામ	હણે છે.
		વિશેષણ	વિશેષ્ય (કર્મ)	-(કર્તા)	(ક્રિયાપદ)
	सीतायाः	(अप)हर्तारम्	रावणं	रामः	हन्ति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. દુર્ગા વિશ્વનું (સર્જન) કરનારી છે.

વિશેષ્ય		વિશેષણ	
दुर्गा	विश्वस्य	कर्त्री	अस्ति ।

૪. રાજા દેશનું (રક્ષણ કરનારા) સૈનિકોને ધન આપે છે.

नृपः देशस्य रक्षितृभ्यः सैनिकेभ्यः धनं यच्छति ।

૫. કંસને (હણનાર) કૃષ્ણને નમસ્કાર.

कंसस्य हन्त्रे कृष्णाय नमः ।

નોંધ : અહીં આ 'નેતા', 'અપહરણ' 'કરનાર', 'કરનારી', 'રક્ષણ કરનાર' અને 'હણનાર' એવા વિશેષણવાચક શબ્દો બનાવવા માટે જુદા જુદા ધાતુઓને 'કર્તા' અર્થમાં કૃદન્તનો तृ પ્રત્યય લગાડવામાં આવ્યો છે. જેમકે, नी + तृ = नेतृ । अप + हृ + तृ = अपहर्तृ । कृ + तृ = कर्तृ । हन् + तृ = हन्तृ । ત્યાર પછી આ કૃદન્ત શબ્દો જે વિશેષ્યને માટે વપરાય છે, તે વિશેષ્યનાં લિંગ, વચન અને વિભક્તિ અનુસાર પરિવર્તિત કરીને વાક્યમાં વપરાય છે. જેમકે, પહેલા વાક્યમાં 'સુગ્રીવ' (પું. પ્રથમા, એક વ.)ના વિશેષણ તરીકે नेतृ શબ્દ વપરાયો છે, તેથી नेतृ ને પણ પું. પ્રથમા એક વ.માં ફેરવીને—नेता રૂપે-મૂક્યો છે. તેવી રીતે 'રાવણ' (પું. દ્વિતીયા, એક વ.)ના વિશેષણ તરીકે अपहर्तृ ને પું. દ્વિ. એક વ.માં ફેરવીને- अपहर्तारम् રૂપે મૂક્યો છે. તથા (સ્ત્રી. પ્રથમા એક વ.) દુર્ગાના વિશેષણ તરીકે 'કરનારી' શબ્દને कर्तृ + ई = कर्त्री બનાવીને, તેને પણ સ્ત્રી, પ્રથમા એક વ.માં મૂક્યો છે.

नेतृ 'લઈ જનાર'

	નેતૃ પુંલિંગમાં-લઈ જનારો			નેતૃ + ई = नेत्री-સ્ત્રીલિંગ-લઈ જનારી		
	એક વ.	દ્વિ. વ.	બહુ વ.	એક વ.	દ્વિ. વ.	બહુ વ.
प्र.	नेता	नेतारौ	नेतारः	नेत्री	नेत्र्यौ	नेत्र्यः
द्वि.	नेतारम्	नेतारौ	नेतॄन्	नेत्रीम्	नेत्र्यौ	नेत्रीः
तृ.	नेत्रा	नेतृभ्याम्	नेतृभिः	नेत्र्या	नेत्रीभ्याम्	नेत्रीभिः
च.	नेत्रे	नेतृभ्याम्	नेतृभ्यः	नेत्र्यै	नेत्रीभ्याम्	नेत्रीभ्यः
पं.	नेतुः	नेतृभ्याम्	नेतृभ्यः	नेत्र्याः	नेत्रीभ्याम्	नेत्रीभ्यः
ष.	नेतुः	नेत्रोः	नेतॄणाम्	नेत्र्याः	नेत्र्योः	नेत्रीणाम्
स.	नेतरि	नेत्रोः	नेतृषु	नेत्र्याम्	नेत्र्योः	नेत्रीषु
सं.	हे नेतः	नेतारौ	नेतारः	हे नेत्रि	नेत्र्यौ	नेत्र्यः ॥

	नेतृ નપુંસકલિંગમાં 'લઈ જનારું'		
प्र.	नेतृ	नेतृणी	नेतॄणि
द्वि.	नेतृ	नेतृणी	नेतॄणि
	(૩ થી ૭ પુંલિંગની જેમ)		
स.	हे नेतः	नेतृणी	नेतॄणि

આવી જ રીતે कर्तृ धातृ, हर्तृ, हन्तृ रक्षितृ વગેરે વિશેષણવાચક કૃદન્ત શબ્દોનાં રૂપો ત્રણેય લિંગમાં જુદાં જુદાં થાય છે.

દા. ત., (ख)

૧. 'અમુક ક્રિયા કરનાર' એવા (= કર્તા) અર્થમાં ધાતુઓને [ण्वुल् =] अक પ્રત્યય લાગે છે. જેથી कृ + अक = कारक । पाठक । दाहक । दायक । हारक । नायक । धारक । पाचक । शामक । दर्शक । भक्षक । વગેરે કૃદન્ત શબ્દો બને છે. આવા શબ્દોનો વાક્યમાં અભેદમૂલક વિશેષણ તરીકે પ્રયોગ થાય છે. તેથી તેમનાં રૂપો ત્રણેય લિંગમાં થશે. જેમકે,

(क) પુંલિંગમાં— कारक । नायक । વગેરેનાં રૂપો રામની જેમ.

(ख) સ્ત્રીલિંગમાં—कारक > कारिका । नायक > नायिका એવું સ્ત્રીલિંગમાં પરિવર્તન કરીને, પછી આકારાન્ત માલાની જેમ રૂપો ચાલાવવાં.

(ग) નપુંસકલિંગમાં—कारक । नायक । વગેરેનાં રૂપો વનની જેમ ચલાવવાં.

૨. 'અમુક ક્રિયા કરનાર' એવા (કર્તા) અર્થમાં नन्दि વગેરે ધાતુઓને (ल्युट् =) अन એવો કૃત્ પ્રત્યય લાગે છે. તેથી नन्द् + अन = नन्दन (આનંદ પમાડનાર नन्दयति इति) रुच् + अन = रोचन (પ્રકાશનાર), वर्धन (વધારનાર),

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મદન (મદ પમાડનાર), જનાર્દન, મધુસૂદન વગેરે[૧૫] વિશેષણ તરીકે વપરાતા આ કૃદન્ત શબ્દોનાં રૂપો પણ ત્રણેય લિંગમાં ચાલશે.

(क) પુંલિંગમાં - नन्दन વગેરેનાં રૂપો राम ની જેમ

(ख) નપુંસકલિંગમાં - नन्दन વગેરેનાં રૂપો वन ની જેમ

(ग) સ્ત્રીલિંગમાં -वर्धन + आ, वर्धना । मदना । रोचना વગેરે થશે; પછી માલાની જેમ રૂપો થશે.

૩. 'અમુક ક્રિયા કરનાર' એવા (કર્તા) અર્થમાં, ધાતુની પરમાં क, ट, अण्, अच्, खच् અને ड જેવા વિવિધ કર્તા પ્રત્યયો લગાડવામાં આવે છે. આ બધા પ્રત્યયોમાંથી છેલ્લે 'अ' કાર સ્વરૂપ પ્રત્યય બાકી રહે છે. આ દરેકના અનુક્રમે એક-એક ઉદાહરણ આ પ્રમાણે છે : बुध् + अ + बुध (જાણનારો), कुरुचर (કુરુદેશમાં ફરનારો), कुम्भकार (કુંભ બનાવનારો), पूजार्ह (પૂજાને યોગ્ય), प्रियंवद (પ્રિય બોલનાર), पङ्कज (પંક = કાદવમાં જન્મનાર). આ બધા કૃદન્ત શબ્દો પણ વિશેષણ તરીકે વપરાય છે, અને તેમનાં ત્રણેય લિંગમાં રૂપો ચાલે છે.

(क) પુંલિંગમાં - बुध વગેરેનાં રૂપો राम ની જેમ ચાલશે.

(ख) નપુંસકલિંગમાં - बुध વગેરેનાં રૂપો वन ની જેમ ચાલશે.

(ग) સ્ત્રીલિંગમાં-बुध > बुधा, कुरुचर > कुरुचरी, कुम्भकारी, पूजार्हा, प्रियंवदा, पङ्कजा બનશે. પછી તે જો આકારાન્ત હોય તો માલાની જેમ; અને ઈકારાન્ત હોય તો નદીની જેમ રૂપો ચાલશે.

કેટલાંક ઉદાહરણો જોઈશું :

૧. કૌસલ્યા (રઘુનન્દન) રામને જુવે છે.
कौसल्या रघुनन्दनं रामं पश्यति ।

૨. સૂર્ય (વિશ્વને પ્રકાશનાર) છે.
सूर्यः विश्वस्य रोचनः अस्ति ।

૩. (કુરુદેશમાં ફરનારી) ભાનુમતી વિલાપ કરે છે.
कुरुचरी भानुमती विलपति ।

૪. મહેશ (કુંભ બનાવનાર) ભરતના ઘરેથી ઘડો લાવે છે.
महेशः कुम्भकारस्य भरतस्य गृहात् घटम् आनयति ।

૫. હું (કાદવમાં જન્મનાર) પુષ્પ ઈશ્વરને અર્પું છું.
अहम् पङ्कजं पुष्पम् ईश्वराय अर्पयामि ।

૬. શકુન્તલા (પ્રિય બોલનારી) સખીને પ્રેમવેદના જણાવે છે.
शकुन्तला प्रियंवदायै सख्यै प्रेमवेदनां निवेदयति ।

૭. વેદને (વાંચનારા) બ્રાહ્મણો મન્દિરે જાય છે.
वेदस्य पाठकाः ब्राह्मणाः मन्दिरं गच्छन्ति ।

૮. (બાળનારા) અગ્નિમાંથી તણખા નીકળે છે.
दाहकात् अग्नेः स्फुलिंगाः प्रादुर्भवन्ति ।

૯. જયેશ શાકુન્તલની નાયિકાને પ્રેમ કરે છે.
जयेशः शाकुन्तलस्य नायिकायां स्निह्यति ।

૧૦. પાણી અગ્નિનું (શમન કરનાર) છે.
जलम् अग्नेः शामकम् अस्ति ।

દા. ત., (ग) वृत्रं हन्ति (વૃત્રને મારનાર) એ અર્થમાં वृत्र + √हन् ધાતુને क्विप् > ० પ્રત્યય લાગે છે. द्विष् + क्विप् = द्विष् (દ્વેષ કરનાર) सम् + राज् + क्विप् > सम्राज्, विभ्राज् (ખૂબ શોભતો) ॥ તેથી वृत्रहन् । द्विष्, सम्राज् એવા કૃદન્ત શબ્દો બને છે. જેમનો વાક્યમાં વિશેષણ તરીકે તેનો પ્રયોગ થાય છે. તેથી તેનાં ત્રણેય લિંગમાં જુદાં જુદાં રૂપો થાય છે. જેમકે,

૧૫. આ-અન પ્રત્યય 'કર્તા' ઉપરાંત અન્ય કારકોનાં અર્થો પણ ઘણીવાર દર્શાવે છે. જેમકે ૧. हसनम् (હસવું), गमनम्, (જવું), हरणम् માં 'ભાવ' (=ક્રિયા રૂપી) અર્થમાં પ્રયોગ થાય છે. દા. ત., (हसनं मधुरम् गमनम् मधुरम् मधुराधिपतेरखिलं मधुरम्)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

वृत्रहन्

	પુંલિંગ			સ્ત્રીલિંગ वृत्रहन् + ई = वृत्रघ्नी		
	એક વ.	દ્વિ. વ.	બહુ વ.	એક વ.	દ્વિ. વ.	બહુ વ.
प्र.	वृत्रहा	वृत्रहणौ	वृत्रहणः	वृत्रघ्नी	वृत्रघ्न्यौ	वृत्रघ्न्यः
द्वि.	वृत्रहणम्	वृत्रहणौ	वृत्रघ्नः	वृत्रघ्नीम्	वृत्रघ्न्यौ	वृत्रघ्नीः
तृ.	वृत्रघ्ना	वृत्रहभ्याम्	वृत्रहभिः	वृत्रघ्न्या	वृत्रघ्नीभ्याम्	वृत्रघ्नीभिः
च.	वृत्रघ्ने	वृत्रहभ्याम्	वृत्रहभ्यः	वृत्रघ्न्यै	वृत्रघ्नीभ्याम्	वृत्रघ्नीभ्यः
पं.	वृत्रघ्नः	वृत्रहभ्याम्	वृत्रहभ्यः	वृत्रघ्न्याः	वृत्रघ्नीभ्याम्	वृत्रघ्नीभ्यः
ष.	वृत्रघ्नः	वृत्रघ्नोः	वृत्रघ्नाम्	वृत्रघ्न्याः	वृत्रघ्न्योः	वृत्रघ्नीनाम्
स.	वृत्रघ्नि-हणि	वृत्रघ्नोः	वृत्रहसु	वृत्रघ्न्याम्	वृत्रघ्न्योः	वृत्रघ्नीषु
सं.	हे वृत्रहन्	वृत्रहणौ	वृत्रहणः	हे वृत्रघ्नि	वृत्रघ्न्यौ	वृत्रघ्न्यः

वृत्रहन् નપુંસકલિંગ (नामन्‌ની જેમ)

	એક વ.	દ્વિ. વ.	બહુ. વ
प्र.	वृत्रह	वृत्रहणी	वृत्रहाणि
द्वि.	वृत्रह	वृत्रहणी	वृत्रहाणि
	(૩ થી ૭ પુંલિંગની જેમ)		
सं.	वृत्रह/वृत्रहन्	वृत्रहणी	वृत्रहाणि

આ જ રીતે કર્તા અર્થમાં क्विप् પ્રત્યય લાગીને, लिह (ચાટનાર), द्विष् (દ્વેષ કરનાર), राज् (ચમકતો, શાસન કરતો), विश्वराज्, परिव्राज् (ફરનારો), युञ्ज् (જોડનાર), विभ्राज् વગેરે કૃદન્ત શબ્દો પણ બને છે. (તે દરેકનાં ત્રણેય લિંગમાં રૂપો ચાલે છે.

૧. દેવો (વૃત્રને મારનાર) ઈન્દ્રની પ્રશંસા કરે છે.
देवाः वृत्रहणम् इन्द्रं प्रशंसन्ति ।

૨. રાક્ષસો (વૃત્રને મારનાર) ઈન્દ્ર ઉપર ક્રોધ કરે છે.
राक्षसाः वृत्रघ्ने इन्द्राय क्रुध्यन्ति ।

૩. આકાશમાં (વૃત્રને મારનારી) વીજળી ચમકે છે.
आकाशे वृत्रघ्नी विद्युत् विराजते ।

૪. દેવીઓ (વૃત્રને મારનાર) વજ્રાયુધને નમે છે.
देव्यः वृत्रह वज्रायुधं नमन्ति ।

દા. ત., ઘ 'અમુક ક્રિયા કરનાર' એવા (કર્તા) અર્થમાં, ધાતુની પાછળ इन् એવો કૃત્ પ્રત્યય લાગે છે. દા. ત., ग्रह् + इन् = ग्राहिन् (ગ્રહણ કરનાર), मन्त्र् + इन् = मन्त्रिन् (મંત્રણા કરનાર), स्थायिन् (ઊભા રહેનાર), धारिन् (ધારણ કરનાર), कुमारघातिन् (કુમારને હણનાર), उष्णभोजिन् (ગરમ ખાનાર), मिथ्यावादिन् (ખોટું બોલનાર), मित्रद्रोहिन् (મિત્રનો દ્રોહ કરનાર), मनोहारिन् (મનને હરી જનાર) વગેરે. આ इन् અન્તવાળા કૃદન્ત શબ્દોનો પ્રયોગ પણ 'વિશેષણ' તરીકે થાય છે. પરિણામે ત્રણેય લિંગમાં તેનાં રૂપો ચાલશે. જેમકે,

चक्रधारिन्

	चक्रधारिन् પુંલિંગ-ચક્રને ધારણ કરનાર			चक्रधारिन् + ई = चक्रधारिणी સ્ત્રીલિંગ		
	એ. વ.	દ્વિ. વ.	બ. વ.	એક વ.	દ્વિ. વ.	બ. વ.
प्र.	चक्रधारी	चक्रधारिणौ	चक्रधारिणः	चक्रधारिणी	चक्रधारिण्यौ	चक्रधारिण्यः
द्वि.	चक्रधारिणम्	चक्रधारिणौ	चक्रधारिणः	चक्रधारिणीम्	चक्रधारिण्यौ	चक्रधारिणीः
तृ.	चक्रधारिणा	चक्रधारिभ्याम्	चक्रधारिभिः	चक्रधारिण्या	चक्रधारिणीभ्याम्	चक्रधारिणीभिः
च.	चक्रधारिणे	चक्रधारिभ्याम्	चक्रधारिभ्यः	चक्रधारिण्यै	चक्रधारिणीभ्याम्	चक्रधारिणीभ्यः
पं.	चक्रधारिणः	चक्रधारिभ्याम्	चक्रधारिभ्यः	चक्रधारिण्याः	चक्रधारिणीभ्याम्	चक्रधारिणीभ्यः
ष.	चक्रधारिणः	चक्रधारिणोः	चक्रधारिणाम्	चक्रधारिण्याः	चक्रधारिण्योः	चक्रधारिणीनाम्
स.	चक्रधारिणि	चक्रधारिणोः	चक्रधारिषु	चक्रधारिण्याम्	चक्रधारिण्योः	चक्रधारिणीषु
सं.	हे चक्रधारिन्	चक्रधारिणौ	चक्रधारिणः	हे चक्रधारिणि	चक्रधारिण्यौ	चक्रधारिण्यः

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

चक्रधारिन् નપુંસકલિંગમાં

	એક વ.	દ્વિ. વ.	બ. વ.
પ્ર.	चक्रधारि	चक्रधारिणी	चक्रधारीणि
દ્વિ.	चक्रधारि	चक्रधारिणी	चक्रधारीणि
	(તૃતીયાથી સપ્તમી સુધી પુંલિંગની જેમ)		
સં.	हे चक्रधारिन्	चक्रधारिणी	चक्रधारीणि

૧. તું (કંસને હણનાર) કૃષ્ણને નમે છે.
त्वम् कंसघातिनं कृष्णं नमसि ।

૨. (બ્રહ્મ વિશે બોલનારી) ગાર્ગી જનકને કહે છે.
ब्रह्मवादिनी गार्गी जनकाय कथयति ।

૩. પુષ્પો (મનોહર) ઉદ્યાનમાં શોભે છે.
पुष्पाणि मनोहारिणि उद्याने शोभन्ते ।

૪. (ગદાને ધારણ કરનાર) ભીમ દુર્યોધનને હણે છે.
गदाधारी भीमः दुर्योधनं हन्ति ।

દા. ત., ङ 'અમુક ક્રિયા કોઈ વ્યક્તિ સારી રીતે કરે છે' અથવા 'અમુક ક્રિયા સતત કરવાની જેને ટેવ છે' એવા અર્થમાં અમુક અમુક ધાતુઓને इष्णु અને आलु પ્રત્યયો લગાડવામાં આવે છે. આનાથી-

(૧) इष्णु પ્રત્યયાન્ત કૃદન્ત શબ્દો : (अलं + कृ + इष्णु) अलंकरिष्णु (અલંકૃત કરનાર), उन्मदिष्णु (ઉન્મત્ત કરનાર), रोचिष्णु (પ્રકાશિત કરનાર), वर्धिष्णु (વધારો કરનાર), सहिष्णु (ખૂબ સહન કરનાર), चरिष्णु (સતત ફરનાર), प्रभविष्णु (સમર્થ થનાર) વગેરે. તથા

(૨) आलु પ્રત્યયાન્ત શબ્દો : स्पृहयालु, गृहयालु, दयालु, शयालु (ઊંઘી રહેનાર), निद्रालु, श्रद्धालु વગેરે.

આ બધા કૃદન્ત શબ્દો પણ 'વિશેષણ' તરીકે વપરાય છે. આ વાક્યમાં તેમનો પ્રયોગ વિશેષ્યાધીન રહે છે. આ બન્ને પ્રકારના उ કારાન્ત શબ્દોનાં રૂપો -

(क) પુલિંગમાં- ભાનુની જેમ ચાલે છે.

(ख) સ્ત્રીલિંગમાં- ધેનુની જેમ ચાલે છે.

(ग) નપુંસકલિંગમાં- મધુની જેમ ચાલે છે.

કેટલાંક વાક્યોમાં આ શબ્દોનો પ્રયોગ કરીશું :

૧. ઋષિ (પ્રકાશનારા) સૂર્યને અર્ઘ્ય આપે છે.
ऋषिः रोचिष्णवे सूर्याय अर्घ्यं यच्छति ।

૨. દ્રૌપદી (સહનશીલ) યુધિષ્ઠિરને નિંદે છે.
द्रौपदी सहिष्णुं युधिष्ठिरं निन्दति ।

૩. શકુન્તલા (સુશોભન કરનારી) પ્રિયંવદાની સાથે જાય છે.
शकुन्तला (अलंकरिष्ण्वा) प्रियंवदया सह गच्छति ।
(ધેન્વાની જેમ અલંકરિષ્ણુનું સ્ત્રીલિંગ તૃતીયા એકવચન)

૪. ભમરો પુષ્પમાંથી (ઉન્મત્ત કરનાર) મધને પીવે છે.
भ्रमरः पुष्पात् उन्मदिष्णु मधु पिबति ।
(વિશેષણ) કર્મ (વિશેષ્ય)
નપુંસક
દ્વિતીયા, એકવચન
તદનુસાર

દા. ત., च ઈચ્છાદર્શક સન્નન્ત ધાતુઓની પાછળ, 'અમુક ઈચ્છા કરનાર' એવા (કર્તા) અર્થમાં उ પ્રત્યય લાગે છે. જેનાથી कर्तुम् इच्छति = चिकीर्ष् + उ = चिकीर्षु (કરવાની ઈચ્છાવાળો), पिपासु (પીવાની ઈચ્છાવાળો), जिज्ञासु (જાણવાની ઈચ્છાવાળો), पिपठिषु (ભણવાની ઈચ્છાવાળો) જેવા શબ્દો બને છે. આવા શબ્દોનો પ્રયોગ પણ 'વિશેષણ' તરીકે થાય છે; અને તેમનાં ત્રણેય લિંગમાં રૂપો ચાલે છે. જેમકે,

(क) પુંલિંગમાં-ભાનુની જેમ રૂપો ચાલે છે.

(ख) નપુંસકલિંગમાં-મધુની જેમ રૂપો ચાલે છે.

(ग) સ્ત્રીલિંગમાં-ધેનુની જેમ રૂપો ચાલે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કેટલાંક વાક્યોમાં આનો પ્રયોગ કરીશું :

૧. હું (બ્રહ્મને) (જાણવાની ઇચ્છા કરનારો/વાળો)) છું. अहम् ब्रह्मणः जिज्ञासुः अस्मि ।	૨. કૃષ્ણા (ભણવાની ઇચ્છા કરનારી) છે. कृष्णा पिपठिषुः अस्ति ।
૩. તું (પીવાની ઇચ્છા કરનાર) મનુષ્યને જળ આપે છે. त्वं पीपासवे मनुष्याय जलं यच्छसि ।	(ધેનુની જેમ સ્ત્રીલિંગમાં पिपठिषु શબ્દનાં રૂપો)

અહીં વિશેષ્ય ભૂત मनुष्य શબ્દ પુંલિંગ હોઈને, તેના વિશેષણ તરીકે આવેલા पिपासु શબ્દના રૂપો પુંલિંગ भानुની જેમ ચલાવ્યા છે.

* * *

નોંધ : (III.2.6.0 માં) આરંભે પૃ. ૧૧૦માં આપેલા ચાર્ટમાં 'નામસાધક કૃત્ પ્રત્યયો' સિવાયના, બીજા જે 'કાળવાચક', કે 'ભાવ-કર્મ અર્થવાળા' કૃત્/કૃત્ય પ્રત્યયો દર્શાવ્યા છે તેમનો વાક્યમાં કેવી રીતે થાય છે ? એની ચર્ચા હવે પછી કરવામાં આવશે.

III.2.7. સામાસિક શબ્દોનો વિશેષણ તરીકે પ્રયોગ : સંસ્કૃત ભાષામાં બે કે તેથી વધારે પરસ્પરની સાથે જોડીને (તે બે કે અધિક પદોની વચ્ચે આવેલાં વિભક્તિ પ્રત્યયોને ખસેડી લઈને) એક (મોટો) શબ્દ બનાવવામાં આવે છે. આને 'સમાસવિધિ' કહે છે. દા. ત., राज्ञः पुरुषः । 'રાજાનો માણસ' [राजन् + अस् ષષ્ઠી વિભક્તિનો પ્રત્યય + पुरुष + स् પ્રથમા વિભક્તિનો પ્રત્યય = राजन् + 0 + पुरुष + 0 → राज (न् નો લોપ) + पुरुष । → राजपुरुष ।] અહીં, राज्ञः पुरुषः । ('રાજાનો માણસ') ને ''વિગ્રહવાક્ય' કહેવામાં આવે છે. અને राजपुरुष । ને (કે જેમાં राज + पुरुष એમ બે શબ્દો જોડીને, એક મોટો શબ્દ બનાવવામાં આવ્યો છે, તેને) ''સમાસ'' (અથવા ''સામાસિક શબ્દ'') કહે છે.

'સમાસ'ના મુખ્યત્વે ચાર પ્રકાર છે :

[૧. અવ્યયીભાવ]

૨. તત્પુરુષ- (क) દ્વિતીયા તત્પુ. થી સપ્તમી તત્પુરુષ
(ख) કર્મધારય
[(ग) દ્વિગુ (જેમાં સંખ્યાવાચક શબ્દ પૂર્વપદમાં હોય છે.)]
(घ) નઞ્ તત્પુ. (च) ઉપપદ તત્પુ.
(ङ) પ્રાદિ તત્પુ. (छ) મધ્યમપદ લોપી તત્પુ.
[(ज) ગતિ તત્પુ.] (झ) અલુક્ તત્પુ.

૩. બહુવ્રીહિ { (क) સમાનાધિકરણ બહુવ્રીહિ
(ख) વ્યધિકરણ બહુવ્રીહિ

[૪. દ્વન્દ્વ : (क) સમાહાર
(ख) ઈતરેતર
(ग) એકશેષ]

નોંધ : (૧) 'તત્પુરુષ સમાસ' અને 'બહુવ્રીહિ સમાસ' વાળા જે શબ્દો હોય છે, તેમનો વાક્યની અંદર (પ્રાયઃ) વિશેષણ તરીકે પ્રયોગ થતો જોવા મળે છે. તથા, અહીં જે સમાસ કે સમાસના ભેદને [ ] મોટા કૌંસમાં દર્શાવ્યા છે, તે સમાસો વાક્યમાં 'વિશેષણ' તરીકે વપરાતા નથી.

(૨) ઉપર્યુક્ત તમામ સમાસો અને તેમનાં ઉદાહરણો વગેરેની ચર્ચા 'પરિશિષ્ટ-૪'માં કરવામાં આવશે. પ્રસ્તુત ગ્રન્થમાં વાક્યની સંરચના જ પ્રધાન છે. તેથી સમાસ વગેરેની પ્રક્રિયા અને અન્ય રૂપોની રચનાને ગૌણ રૂપે જ રજૂ કરી છે; અથવા પરિશિષ્ટમાં સમાવી છે.

(૩) 'તત્પુરુષ સમાસ' અને 'બહુવ્રીહિ સમાસ'નો વાક્યમાં ''વિશેષણ'' તરીકે પ્રયોગ થાય છે—એમ કહીએ છીએ ત્યારે, એ પણ નોંધપાત્ર છે કે આ બે સમાસોને માટે જરૂરી એવી વિધિ કર્યા પછી, જે સામાસિક શબ્દો સમ્પન્ન થાય છે, તેની પાછળ લિંગ-પરિવર્તક/બોધક પ્રત્યયો લગાડવાના હોતા નથી. પરંતુ વિગ્રહ વાક્યની સ્થિતિમાં જ, વિશેષ્યના લિંગ

Vasant Bhatt Collection, Gujarat

CC-0: In Public Domain.Digitized by eGangotri.

અનુસાર લિંગવિશિષ્ટ શબ્દનો પ્રયોગ થતો હોય છે. એટલે કે વિશેષ્યના જેવા જ લિંગવાળા આ સમાસના શબ્દો બને છે. (નીચેનાં ઉદાહરણો જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે :)

૧. દ્વિતીયા તત્પુરુષ :

(क) कृष्णं श्रितः પુંલિંગ > कृष्णश्रितः । (હ્રસ્વ અકારાન્ત, પુંલિંગ राम શબ્દની જેમ રૂપો.)

(૧) (કૃષ્ણને આશ્રયે રહેલા) સૂરદાસ દ્વારિકા જાય છે. | कृष्णश्रितः सूरदासः द्वारिकां गच્छति ।
(વિશેષણ) (વિશેષ્ય)

(૨) વિષ્ણુ (કૃષ્ણશ્રિત) સૂરદાસને મોક્ષ આપે છે. | विष्णुः कृष्णश्रिताय सूरदासाय मोक्षं प्रयच्छति ।

(ख) कृष्णं श्रिता (સ્ત્રીલિંગ) → कृष्णश्रिता । (દીર્ઘ આકારાન્ત, સ્ત્રીલિંગ માલાની જેમ રૂપો ચાલશે.)

(૧) (કૃષ્ણને આશ્રયે રહેલી) મીરા નાથદ્વાર જાય છે. | कृष्णश्रिता मीरा नाथद्वारं गच्छति ।

(૨) (કૃષ્ણશ્રિતા) ગોપીનું ઘર ગોકુળમાં છે. | कृष्णश्रितायाः गोपकन्यायाः गृहं गोकुले अस्ति ।

(૩) હનુમાન (શોકમાં પડેલી) સીતાને જુવે છે. | हनुमान् शोकपतितां सीतां पश्यति ।

૨. તૃતીયા તત્પુરુષ :

(क) आचारेण निपुणः (પુંલિંગ) → आचारनिपुणः । (હ્રસ્વ અકારાન્ત પુંલિંગ રામની જેમ રૂપો થશે.)

૧. (આચારથી (=માં) નિપુણ એવા) યુધિષ્ઠિર ભીમને ગમતા નથી. आचारनिपुणः युधिष्ठिरः भीमाय न रोचते।
વિશેષણ વિશેષ્ય

૨. દશરથ (આચારનિપુણ) રામ પર સ્નેહ કરે છે. → दशरथः आचारनिपुणे रामे स्निह्यति ।
વિશેષણ વિશેષ્ય

સમાન
લિંગ
વચન
વિભક્તિ

(ख) आचारेण निपुणा (સ્ત્રીલિંગ) → आचारनिपुणा । (દીર્ઘ આકારાન્ત સ્ત્રીલિંગ માલાની જેમ રૂપો ચાલશે.)

૧. ઋષિઓ (આચારથી નિપુણ એવી) સીતાથી સંતોષ પામે છે. | ऋषयः आचारनिपुणया सीतया सन्तुष्यन्ति ।
વિશેષણ વિશેષ્ય

૨. રાવણ (આચારનિપુણ) સીતા ઉપર ગુસ્સે થાય છે. | रावणः आचारनिपुणायै सीतायै क्रुध्यति ।

(ग) ૧. कोपेन कलुषितः (પુંલિંગ) → कोपकलुषितः (रामः)
૨. कोपेन कलुषिता (સ્ત્રીલિંગ) → कोपकलुषिता (राक्षसी)
૩. कोपेन कलुषितम् (નપુંસક) → कोपकलुषितम् (नयनम्)
(વિશેષણ) (વિશેષ્ય)

દા. ત., ૧. કૌરવો (કોપકલુષિત) ભીમને જુવે છે.
कौरवाः कोपकलुषितं भीमं पश्यन्ति ।
વિશેષણ વિશેષ્ય

૨. (ગુસ્સે ભરાયેલી) શૂર્પણખા રાવણ તરફ દોડે છે.
कोपकलुषिता शूर्पणखा रावणं प्रति धावति ।

૩. गोपी कोपकलुषिताभ्याम् नयनाभ्यां कृष्णं प्रेक्षते ।

૩. ચતુર્થી તત્પુરુષ :

(क) द्विजाय अयम् (अर्थः) (પુંલિંગ) 'બ્રાહ્મણ માટેનો આ છે' → द्विजार्थः । (પુંલિંગ રામ ની જેમ રૂપો)

૧. સીતા (બ્રાહ્મણો માટેના) લાડુ લાવે છે.
सीता द्विजार्थान् मोदकान् आनयति ।

૨. રાજા (બ્રાહ્મણો માટેના) ઘટને અડકતા નથી.
नृपः द्विजार्थं घटं न स्पृशति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) द्विजाय इयम् (अर्था) -(સ્ત્રીલિંગ). 'બ્રાહ્મણ માટેની આ છે.' → द्विजार्था – (સ્ત્રીલિંગ માલાની જેમ રૂપો થશે.)

૧. (બ્રાહ્મણો માટેની) ગાય વ્રજમાં ફરે છે.
द्विजार्था गौः (धेनुः) व्रजे चरति ।

૨. વિદૂષક (બ્રાહ્મણ માટેની) દાળ પીવે છે.
विदूषकः द्विजार्थां यवागूं पिबति ।

(ग) द्विजाय इदम् (अर्थम्) (નપુંસકલિંગ). 'બ્રાહ્મણ માટેનું આ છે.' → द्विजार्थम् । (નપુંસકલિંગમાં વનની જેમ રૂપો ચાલશે.)

૧. રાજા (બ્રાહ્મણ માટેના) ધનને લેતો નથી.
नृपः द्विजार्थं धनम् न अपहरति ।

૨. અમે (બ્રાહ્મણ માટેના) ઘરોને જોઈએ છીએ.
वयम् द्विजार्थानि गृहाणि पश्यामः ।

૪. પંચમી તત્પુરુષ :

(क) सिंहाद् भीतः (પુંલિંગ) (સિંહથી ડરેલો) → सिंहभीतः । (પુંલિંગ-રામની જેમ રૂપો ચાલશે.)

૧. વનમાં (સિંહથી ડરેલા) મૃગો દોડે છે.
वने सिंहभीताः मृगाः धावन्ति ।

૨. દુષ્યન્ત (સિંહથી ડરેલા) વિદૂષકને બોલાવે છે.
दुष्यन्तः सिंहभीतम् विदूषकम् आह्वयति ।

(ख) सिंहाद् भीता (સ્ત્રીલિંગ) 'સિંહથી ડરેલી' → सिंहभीता । (સ્ત્રીલિંગ માલાની જેમ રૂપો થશે.)

૧. અરણ્યમાં (સિંહથી ડરેલી) કન્યા રડે છે.
अरण्ये सिंहभीता कन्या रोदिति ।

૨. રત્નાવલી (સિંહથી ડરેલી) સારિકાને પાંજરામાં મૂકે છે.
रत्नावली सिंहभीतां सारिकां पिञ्जरे स्थापयति ।

(ग) सिंहाद् भीतम् (નપુંસકલિંગ) સિંહથી ડરેલું → सिंहभीतम् । (નપુંસકલિંગ વનની જેમ રૂપો થશે.)

૧. (સિંહથી ડરેલાં) બાળકો જળમાં પડે છે.
सिंहभीतानि बालकानि (કર્તા) जले पतन्ति ।

૨. ઋષિ (સિંહથી ડરેલા) બાળકની પાસે જાય છે.
ऋषिः सिंहभीतस्य बालकस्य समीपे गच्छति ।

પંચમી તત્પુ. (વિશેષણ) → સમાન લિંગ વચન વિભક્તિ ← નપુંસક (વિશેષ્ય)

૫. ષષ્ઠી તત્પુરુષ :

(क) राज्ञः पुरुषः (પુંલિંગ) 'રાજાનો માણસ' → राजपुरुषः । (પુંલિંગ રામની જેમ રૂપો ચાલશે.)

૧. યુધિષ્ઠિર (રાજપુરુષ) સંજયને મોકલે છે.
युधिष्ठिरः राजपुरुषं सञ्जयं प्रेषयति ।

૨. દુર્યોધન (રાજપુરુષ) સંજય ઉપર ક્રોધ કરે છે.
दुर्योधनः राजपुरुषाय सञ्जयाय क्रुध्यति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) राज्ञः भार्या (સ્ત્રીલિંગ) 'રાજાની પત્ની' → राजभार्या । (સ્ત્રીલિંગ માલાની જેમ રૂપો થશે.)

૧. દશરથ (રાજપત્ની) કૈકેયીનો તિરસ્કાર કરે છે.
दशरथः राजभार्यां कैकेर्यी तिरस्करोति ।

૨. ઉદયન (રાજપત્ની) વાસવદત્તાને નૂપુર આપે છે.
उदयनः राजभार्यायै वासवदत्तायै नूपुरं यच्छति ।

૬. સપ્તમી તત્પુરુષ :

(क) अक्षेषु शौण्डः (પુંલિંગ) '(જુગારનાં પાસાં (રમવા)માં ચતુર' → अक्षशौण्डः । (પુંલિંગ राम ની જેમ રૂપો થશે.)

૧. ભીષ્મ (પાસામાં ચતુર એવા) શકુનિ ઉપર વિશ્વાસ રાખતા નથી.
भीष्मः अक्षशौण्डे शकुनौ न विश्वसिति ।

૨. સહદેવ (પાસામાં ચતુર એવા) શકુનિને હણે છે.
सहदेवः अक्षशौण्डं शकुनिं हन्ति ।

(ख) अक्षेषु शौण्डा (સ્ત્રીલિંગ) (પાસામાં ચતુર એવી) → अक्षशौण्डा । (સ્ત્રીલિંગ માલા ની જેમ રૂપો.)

૧. (પાસામાં ચતુર એવી) કન્યા અર્થશાસ્ત્ર વાંચે છે.
अक्षशौण्डा कन्या अर्थशास्त्रं पठति ।

૨. શઠ (પાસામાં ચતુર એવી) કન્યા પાસેથી ધન ચોરે છે.
शठः अक्षशौण्डायाः कन्यायाः धनं चोरयति ।

(ग) આ જ પ્રમાણે,

૧. आतपे शुष्कः → आतपशुष्कः (તડકામાં સૂકાયેલો), (પું.)
आतपे शुष्का → आतपशुष्का (તડકામાં સૂકાયેલી), (સ્ત્રી)
आतपे शुष्कम् → आतपशुष्कम् (તડકામાં સૂકાયેલું), (નપું.)

૨. प्रेम्णि धूर्तः → प्रेमधूर्तः (પ્રેમમાં લુચ્ચો), (પું.)
प्रेम्णि धूर्ता → प्रेमधूर्ता (પ્રેમમાં લુચ્ચી), (સ્ત્રી.)
प्रेम्णि धूर्तम् → प्रेमधूर्तम् (પ્રેમમાં લુચ્ચું), (નપું.)

૩. सभायां पण्डितः → सभापण्डितः (સભામાં પંડિત), (પું.) सभायां पण्डिता → सभापण्डिता, (સ્ત્રી) વગેરે સપ્તમી તત્પુ. સમાસના શબ્દો પણ બને છે.

૧. યમુનાના કિનારે (પ્રેમધૂર્ત કૃષ્ણ) ફરે છે.
यमुनायाः तटे प्रेमधूर्तः कृष्णः विहरति ।

૨. રાધિકા પ્રેમમાં ધૂર્ત એવી દૂતીની ઈર્ષ્યા કરે છે.
राधिका प्रेमधूर्तायै दूत्यै ईर्ष्यति ।

૩. અમારા ગુરુ (સભામાં પંડિત) છે.
अस्माकं गुरुः सभापण्डितः अस्ति ।

૪. યાજ્ઞવલ્ક્ય સભાપંડિત ગાર્ગીને પ્રશ્ન કરે છે (પૂછે છે)
याज्ञवल्क्यः सभापण्डितां गार्गीं पृच्छति ।

૫. વર્ષાકાળમાં (તડકામાં સૂકાયેલી) વેલ પડે છે.
वर्षाकाले आतपशुष्का लता पतति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૭. કર્મધારય (તત્પુરુષનો એક ભેદ) :

(क) कुत्सितः पुरुषः (ખરાબ પુરુષ) (પું.) → कापुरुषः । (પુંલિંગ રામની જેમ રૂપો થશે.)

૧. ભીમ (ખરાબ પુરુષ એવા) દુર્યોધનને યુદ્ધમાં જીતે છે.
भीमः कापुरुषं दुर्योधनं युद्धे जयति ।

૨. દ્રૌપદી (ખરાબ પુરુષ એવા) કિચકથી ડરે છે.
द्रौपदी कापुरुषात् किचकात् बिभेति ।

(ख) श्वेतः च कृष्णः च → 'ધોળો અને કાળો' श्वेतकृष्ण । (પુંલિંગ રામની જેમ રૂપો થશે.)
श्वेता च कृष्णा च । 'ધોળી અને કાળી' → श्वेतकृष्णा । (સ્ત્રીલિંગમાં માલાની જેમ રૂપો થશે.)

૧. (ધોળો અને કાળો એવો) કૂતરો ભસે છે.
श्वेतकृष्णः कुक्कुरः भषति ।

૨. ગોપાલ (ધોળી અને કાળી એવી) ગાયને વાડામાં લઈ જાય છે.
गोपालः श्वेतकृष्णां धेनुं व्रजं नयति ।

(ग) घनः इव श्यामः । 'વાદળ જેવો કાળો' → घनश्यामः । (પુંલિંગમાં રામની જેમ રૂપ થશે). તથા घनः इव श्यामा ।
'વાદળ જેવી કાળી' → घनश्यामा । (સ્ત્રીલિંગમાં માલાની જેમ રૂપ થશે.) [ઉપમાલંકાર]

૧. ગોપીઓ (વાદળ જેવા કાળા) કૃષ્ણની સાથે રાસક્રીડા કરે છે.
गोप्यः घनश्यामेन कृष्णेन सह रासक्रीडां कुर्वन्ति ।

૨. યક્ષ (વાદળ જેવી કાળી) યક્ષિણીને યાદ કરે છે.
यक्षः घनश्यामां यक्षिणीं स्मरति ।

૮. નઞ્ તત્પુરુષ :

(क) न ब्राह्मणः । 'જે બ્રાહ્મણ નથી તે' → अब्राह्मणः । न अश्वः । 'જે ઘોડો નથી તે' → अनश्वः । (પુંલિંગ રામની જેમ રૂપો થશે.)

૧. (બ્રાહ્મણ નહીં તેવા) વિશ્વામિત્ર તપ કરે છે. अब्राह्मणः विश्वामित्रः तपः चरति ।

૨. દુષ્યન્ત (ઘોડા નહીં તેવા) પશુને હણે છે. दुष्यन्तः अनश्वं पशुं हन्ति ।

(ख) न ब्राह्मणी । 'જે બ્રાહ્મણ નથી તેવી →' अब्राह्मणी (સ્ત્રીલિંગમાં નદીની જેમ રૂપ થશે.)

૧. (બ્રાહ્મણ નહીં તેવી) દમયન્તી દુઃખી થાય છે.
अब्राह्मणी दमयन्ती सीदति ।

૯. પ્રાદિ તત્પુરુષ :

(क) अतिक्रान्तः मर्यादाम् । 'મર્યાદાનું ઉલ્લંઘન કરનાર' → अतिमर्यादः (પુંલિંગમાં રામની જેમ રૂપો થશે.)
अतिक्रान्ता मर्यादाम् । 'મર્યાદાનું ઉલ્લંઘન કરનારી' → अतिमर्यादा (સ્ત્રીલિંગમાં માલાની જેમ રૂપો થશે.)

૧. ભીમ (મર્યાદાનું ઉલ્લંઘન કરનાર) દુઃશાસનની છાતીમાંથી રુધિર પીવે છે.
भीमः अतिमर्यादस्य दुःशासनस्य वक्षःस्थलात् रुधिरं पिबति ।

૨. ગુરુ (મર્યાદા તોડનાર) શિષ્યને આશ્રમમાંથી બહાર કાઢી મૂકે છે.
गुरुः अतिमर्यादं शिष्यम् आश्रमात् बहिष्करोति ।

૩. નાયિકા મર્યાદા તોડનાર દૂતીને બાંધે છે.
नायिका अतिमर्यादां दूतीं बध्नाति ।

(ख) अवकृष्टः कोकिलया- કોકિલા (ના અવાજ)થી ખેંચાઈ આવેલો → अवकोकिलः (પુંલિંગ રામની જેમ રૂપો થશે.)
अवकृष्टा कोकिलया → કોકિલાથી ખેંચાઈ આવેલી → अवकोकिला । (સ્ત્રીલિંગ માલાની જેમ રૂપો થશે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. (કોકિલાથી ખેંચાઈ આવેલો) કામદેવ વનમાં ફરે છે.
अवकोकिलः कामदेवः वने परिभ्रमति ।
૨. દુષ્યન્ત (કોકિલાના અવાજથી ખેંચાઈ આવેલી) શકુન્તલાને જુવે છે.
दुष्यन्तः अवकोकिलां शकुन्तलां पश्यति ।

(क) प्रतिगतः अक्षम् → प्रत्यक्षः (રામની જેમ)
प्रतिगता अक्षम् → प्रत्यक्षा (માલાની જેમ)
प्रतिगतम् अक्षम् → प्रत्यक्षम् (વનની જેમ)

૧. હું (આંખની સામે આવી ગયેલા) સૂર્યને વંદુ છું.
अहम् प्रत्यक्षं सूर्यं नमामि ।
૩. તું જ (સામે ઊભેલું) બ્રહ્મ છું -(બ્રહ્મન્-નપું. શબ્દ)
त्वम् एव प्रत्यक्षं ब्रह्म असि ।

૨. (સામે આવી ઊભેલા) મહાદેવને નમસ્કાર.
प्रत्यक्षाय महादेवाय नमः ।
૪. (સામે રહેલી) નગરી કાશી છે.
प्रत्यक्षा नगरी काशी अस्ति ।

૧૦. ઉપપદ તત્પુરુષ :

- कुम्भं करोति (यः) → कुम्भकारः । (પું)
- कुम्भं करोति (या) → कुम्भकारी । (સ્ત્રી)
- कुरुषु चरति (यः) → कुरुचरः । (પું)
- पङ्के जायते (यत्) → पङ्कजम् । (નપું)

पङ्के जायते (यः) → पङ्कजः । (પું)
पङ्के जायते (या) → पङ्कजा । (સ્ત્રી)
कम्बलं ददाति (यः) → कम्बलदः । (પું)

૧. (ઘડો બનાવનાર) દેવદત્ત ગામમાં જાય છે.
कुम्भकारः देवदत्तः ग्रामं गच्छति ।
૨. સૈનિકો (કુરુદેશમાં ફરનારી) સ્ત્રીને લાવે છે.
सैनिकाः कुरुचरीं नारीम् आनयन्ति ।
૩. કવિ (કાદવમાં જન્મેલું) પુષ્પ રાજાને આપે છે.
कविः पङ्कजम् पुष्पं नृपाय अर्पयति ।

૪. છોકરો (કાદવમાં જન્મેલ) કીડાઓને પથ્થરથી હણે છે.
बालकः पङ्कजान् कीटान्/जन्तून् पाषाणेन हन्ति ।
૫. તળાવની પાસે (કાદવમાં જન્મેલી) નલિની શોભે છે.
तटाकस्य (कासारस्य) समीपे, पङ्कजा नलिनी शोभते ।
૬. શિષ્યો (કામળો આપનારા) ગુરુના આશ્રમમાં રહે છે.
शिष्याः कम्बलदस्य गुरोः आश्रमे निवसन्ति ।

૧૧. મધ્યમપદલોપી તત્પુરુષ સમાસ :

(क) देवस्य पूजकः → देवपूजकः ।
देवपूजकः च असौ ब्राह्मणः → देवब्राह्मणः ।
देवस्य पूजिका → देवपूजिका ।
देवपूजिका च असौ ब्राह्मणी → देवब्राह्मणी ।
(મધ્યમપદ પૂજક નો લોપ થયો)

૧. (દેવપૂજક બ્રાહ્મણ એવા) ચૈત્ર હરિને પૂજે છે.
देवब्राह्मणः चैत्रः हरिं पूजयति ।
૨. (દેવપૂજક બ્રાહ્મણી) તારામતી માણસોને જોતી નથી.
देवब्राह्मणी तारामती जनान् न पश्यति ।

૧૨. અલુક્ તત્પુરુષ (બે પદોનો સમાસ થવા છતાંય જેમાંથી વિભક્તિ પ્રત્યયનો લોપ થયો હોતો નથી.) :

(क) खे चरति (यः) → खेचरः । (રામ ની જેમ)
खे चरति (या) → खेचरी । (નદી ની જેમ)
खे चरति (यत्) → खेचरम् । (વન ની જેમ)
सरसि जायते यत् → सरसिजम् । युधि स्थिरः इति युधिष्ठिरः । વગેરે.

૧. હું (આકાશમાં ફરનારી) વીજળીને જોઉં છું.
अहम् खेचरीं सौदामिनीं पश्यामि ।
૨. રામ (આકાશમાં ફરતા) રાક્ષસોને હણે છે.
रामः खेचरान् राक्षसान् हन्ति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. ઋષિ (આકાશમાં ફરતા) મનથી બધું જાણે છે.
ऋषिः खेचरेण मनसा सर्वं जानाति ।

૪. હાથી (સરોવરમાં ઉગેલા) પુષ્પને સૂંઢથી લે છે.
कुञ्जरः सरसिजम् पुष्पं शुण्डया गृह्णाति ।

૫. રાજા (દેખતાં હરી લેનાર) ચૈત્રને દંડ દે છે.
नृपः पश्यतोहरं चैत्रं दण्डयति ।

(खेचर અને सरसिजમાં સપ્તમી વિભક્તિનો લોપ થયો નથી; તથા पश्यतोहरમાં ષષ્ઠી વિ. નો લોપ થયો નથી.)

૧૩. સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસો :

(૧) દ્વિતીયા સમાનાધિકરણ બહુવ્રીહિ-

(क) आरूढः वानरः यं, सः = आरूढवानरः (वृक्षः)
'જેની ઉપર વાનર બેઠો છે તેવો (વૃક્ષ).' (પું)

(ख) आरूढः वानरः यां, सा = आरूढवानरा (शाखा)
'જેની ઉપર વાનર બેઠો છે તેવી (ડાળી).' (સ્ત્રી)

(ग) आरूढः वानरः यत्, तत् = आरूढवानरं (विमानम्)

૧. (વાંદરો બેઠેલા) ઝાડ ઉપરથી પાંદડાં પડે છે.
आरूढवानरात् वृक्षात् पर्णानि पतन्ति ।

૨. પવનથી (જેની ઉપર વાંદરો બેઠો છે તેવી) ડાળી ધ્રૂજે છે.
पवनेन आरूढवानरा शाखा कम्पते ।

૩. ભરત (જેની ઉપર વાંદરાઓ બેઠા છે તેવા) વિમાનને જુવે છે.
भरतः आरूढवानरं विमानं पश्यति ।

(૨) તૃતીયા સમાનાધિકરણ બહુવ્રીહિ-

(क) जितानि इन्द्रियाणि येन सः = जितेन्द्रियः = (रामः)
(જેણે ઇન્દ્રિયો જીતી છે, તેવો) (પું.)

(ख) जितानि इन्द्रियाणि यया सा = जितेन्द्रिया (कन्या)
(જેણે ઇન્દ્રિયો જીતી છે, તેવી) (સ્ત્રી.)

(ग) जितानि इन्द्रियाणि येन, तत् = जितेन्द्रियम् (बलम्)
(જેણે ઇન્દ્રિયો જીતી છે, તેવું-સૈન્ય) (નપું.)

૧. સુગ્રીવ (જિતેન્દ્રિય = જેણે ઇન્દ્રિયોને જીતી છે તેવા) રામને મદદ આપે છે.
सुग्रीवः जितेन्द्रियाय रामाय साहाय्यं यच्छति ।

૨. અગ્નિ (જિતેન્દ્રિય) સીતાને બાળતો નથી
अग्निः जितेन्द्रियां सीतां न दहति ।

૩. યુદ્ધમાં જિતેન્દ્રિય સૈન્ય જ જીતે છે.
युद्धे जितेन्द्रियं सैन्यम् एव जयति ।

(૩) ચતુર્થી સમાનાધિકરણ બહુવ્રીહિ-

(क) दत्तं धनम् यस्मै सः = दत्तधनः (नृपः) (પું.)
(જેને ધન આપવામાં આવ્યું છે તેવો)

(ख) दत्तं धनम् यस्यै सा = दत्तधना (कन्या) (સ્ત્રી.)
(જેને ધન આપવામાં આવ્યું છે તેવી)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ग) दत्तं धनम् यस्मै तत् = दत्तधनम् (मन्दिरम्) (નપું.)
(જેને ધન આપવામાં આવ્યું છે તેવું)
૧. (જેને ધન આપવામાં આવ્યું છે તેવો) નોકર સેવા કરે છે.
दत्तधनः सेवकः सेवां करोति ।
૨. (જેને ધન આપવામાં આવ્યું છે તેવી) દાસી બાગમાં જાય છે.
दत्तधना दासी वनं गच्छति ।
૩. અમે (જેને ધન આપવામાં આવ્યું છે તેવાં) મન્દિરોની શોભા જોઈએ છીએ.
वयम् दत्तधनानां मन्दिराणां शोभां पश्यामः ।

(૪) પંચમી સમાનાધિકરણ બહુવ્રીહિ-
(क) निर्गतं धनं यस्मात् सः = निर्धनः (ब्राह्मणः)
(જેમાંથી ધન નીકળી ગયું છે તેવો)
(ख) निर्गतं धनं यस्याः सा = निर्धना (नारी)
(જેમાંથી ધન નીકળી ગયું છે તેવી)
(ग) निर्गतं धनं यस्मात् तत् । = निर्धनं (नगरम्)
૧. (જેની પાસેથી ધન ચાલ્યું ગયું છે તેવા) ચારુદત્તના ઘરમાં વસન્તસેના પ્રવેશે છે.
निर्धनस्य चारुदत्तस्य गृहं वसन्तसेना प्रविशति ।
૨. દાસ (જેની પાસેથી ધન ચાલ્યું ગયું તેવી) દાસીને ઘરેણું આપે છે.
दासः निर्धनायै दास्यै आभूषणं यच्छति ।
૩. નાગરિકો (જેમાંથી ધન ચાલ્યું ગયું છે તેવા) નગરોમાંથી બહાર જાય છે.
नागरिकाः निर्धनेभ्यः नगरेभ्यः बहिर्गच्छन्ति ।

(૫) ષષ્ઠી સમાનાધિકરણ બહુવ્રીહિ-
(क) रक्ते लोचने यस्य सः = रक्तलोचनः (रामः)
(લાલ લોચન છે જેનાં તેવો) (પું)
(ख) रक्ते लोचने यस्याः सा = रक्तलोचना (स्त्री) (પું.)
(લાલ લોચન છે જેનાં તેવી = લાલ લોચનવાળી)
(ग) रक्ते लोचने यस्य तत् = रक्तलोचनम् (सैन्यम्) (નપું)
૧. (જેનાં લોચન લાલ છે તેવા) રામ રાવણના મસ્તક ઉપર બાણ ફેંકે છે.
रक्तलोचनः रामः रावणस्य मस्तके बाणं क्षिपति ।
૨. (લાલ લોચનવાળી) દુર્ગા મહિષાસુરને મારે છે.
रक्तलोचना दुर्गा महिषासुरं हन्ति ।
૩. રાજા (જેનાં લોચન લાલ છે તેવા) સૈન્યથી રાષ્ટ્રને રક્ષે છે.
नृपः रक्तलोचनेन सैन्येन राष्ट्रं रक्षति ।

(૬) સપ્તમી સમાનાધિકરણ બહુવ્રીહિ-
(क) वीरः पुरुषः यस्मिन् सः = वीरपुरुषः (देशः)
(જેમાં વીર પુરુષ છે તેવો) (પું)
(ख) वीरः पुरुषः यस्यां सा = वीरपुरुषा (नगरी)
(જેમાં પુરુષ વીર છે તેવી) (સ્ત્રી)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ग) वीरः पुरुषः यस्मिन् तत् = वीरपुरुषं (वनम्)

૧. હું વીરપુરુષવાળા દેશમાં રહું છું.
अहम् वीरपुरुषे देशे निवसामि ।

૨. તમે (જેમાં વીર પુરુષ છે તેવી) નગરીમાં જાવ છો.
यूयम् वीरपुरुषां नगरीं गच्छथ ।

૩. હસ્તિનાપુરમાં (જેમાં વીર પુરુષો છે તેવાં) ઘરો છે.
हस्तिनापुरे वीरपुरुषाणि गृहाणि सन्ति ।

૧૪. વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ :

વિગ્રહવાક્યમાં (જ્યારે બન્ને પદો પ્રથમા વિભક્તિમાં ના હોય, પણ) એક જ પદ પ્રથમા વિભક્તિમાં હોય અને બીજું પદ ષષ્ઠી કે સપ્તમી વિભક્તિમાં હોય ત્યારે, તેને 'વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ' કહે છે. જેમકે,

(क) चन्द्रः शेखरे यस्य सः = चन्द्रशेखरः ।
(જેના મુકુટમાં ચન્દ્ર છે તે) (પું)-રામની જેમ રૂપો
- चन्द्रः शेखरे यस्याः सा = चन्द्रशेखरा ।
(જેના મુકુટમાં ચન્દ્ર છે તેવી) (સ્ત્રી)-માલાની જેમ રૂપો
- चन्द्रः शेखरे यस्य तत् = चन्द्रशेखरम् ।
(જેના મુકુટમાં ચન્દ્ર છે તેવું) (નપું.)-વનની જેમ રૂપો

૧. (જેના મુકુટમાં ચન્દ્ર છે તેવા) શંકર પાર્વતીને પરણે છે.
વિશેષણ વિશેષ્ય
चन्द्रशेखरः शङ्करः पार्वतीं परिणयति ।

૨. રાવણ પોતાનાં નેત્રથી ચન્દ્રશેખર શંકરને પૂજે છે.
रावणः स्वस्य नेत्रेण **चन्द्रशेखरं शङ्करम्** अर्चयति ।

૩. (જેના મુકુટમાં ચન્દ્ર છે તેવી) ઇન્દ્રાણી ઐરાવત ઉપર ચઢે છે.
चन्द्रशेखरा इन्द्राणी ऐरावतम् आरोहति ।

(ख) चन्द्रस्य कान्तिः इव कान्तिः यस्य सः-चन्द्रकान्तिः ।[१६]
('ચન્દ્રની કાન્તિ જેવી કાન્તિ છે જેની' તેવો પુરુષ) (પું) કવિની જેમ રૂપો
- चन्द्रस्य कान्तिः इव कान्तिः यस्याः सा-चन्द्रकान्तिः ।
('ચન્દ્રની કાન્તિ જેવી કાન્તિ છે જેની' તેવી સ્ત્રી) (સ્ત્રી)-મતિની જેમ રૂપો.
- चन्द्रस्य कान्तिः इव कान्तिः यस्य तत् - चन्द्रकान्ति ।
('ચન્દ્રની કાન્તિ જેવી કાન્તિ છે જેની' તેવું વન), (નપું)-વારિની જેમ રૂપો થશે.

(આવી જ રીતે, उष्ट्रस्य मुखम् इव मुखं यस्य सः, - यस्याः सा, -यस्य तत् । એવો વિગ્રહ કરીને उष्ट्रमुखः । (પું), उष्ट्रमुखा । (સ્ત્રી) અને उष्ट्रमुखम् (નપું)—'ઊંટના મોં જેવું છે મોં જેનું'-એવા અર્થવાળા શબ્દો બને છે.)

૧. માલતી ગવાક્ષમાંથી (ચન્દ્રની કાન્તિ જેવી કાન્તિ છે જેની, તેવા) માધવને જુવે છે.
मालती गवाक्षात् **चन्द्रकान्तिम् माधवम्** प्रेक्षते ।

૨. દુષ્યન્ત (ચન્દ્ર જેવી કાન્તિવાળી) શકુન્તલાને વીંટી આપે છે.
दुष्यन्तः **चन्द्रकान्त्यै शकुन्तलायै** अंगुलीयकं प्रयच्छति ।

૩. (ઊંટના મોં જેવા મોં વાળો) શકુનિ યુધિષ્ઠિરને છેતરે છે.
उष्ट्रमुखः शकुनिः युधिष्ठिरं वञ्चयते ।

---

૧૬. અહીં વિગ્રહવાક્યમાં બે વાર આવેલા कान्ति શબ્દમાંથી એક कान्ति શબ્દનો લોપ થાય છે. આથી તેને 'મધ્યમપદ લોપ-પ્રયુક્ત બહુવ્રીહિ' કહેવાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૪. હનુમાન લંકામાં (ઊંટના મોં જેવા મોં વાળા) બારણાં જુએ છે.

हनुमान् लङ्कायाम् उष्ट्रमुखानि द्वाराणि पश्यति ।

નોંધ : ઉપરનાં ઉદાહરણોમાં જે શબ્દોને વધુ કાળા અક્ષરોમાં છાપ્યા છે, તેમનો ધ્યાનથી અભ્યાસ કરવાથી એ જોઈ શકાશે કે (મોટા ભાગના) તત્પુરુષ સમાસો અને (બધા જ) બહુવ્રીહિ સમાસો વાક્યમાં ''વિશેષણ'' તરીકે (જ) વપરાય છે. અને પરિણામે આ પ્રકરણના આરંભે (III.2.0) બતાવેલા નિયમ અનુસાર, વિશેષણોના લિંગ, વચન અને વિભક્તિનો પ્રયોગ વિશેષ્યવાચક શબ્દના જે લિંગ, વચન અને વિભક્તિ હોય તદનુરૂપ જ કરવાનો હોય છે. દા. ત., ઉપરનાં ઉદા. માં उष्ट्रमुखानि द्वाराणि । માં 'द्वाराणि' એવું વિશેષ્ય નપુંસકલિંગ દ્વિતીયા વિ. બહુવચનમાં છે, તેથી તે વિશેષ્યની સાથે સંગતિ (agreement) જળવાય એ રીતે, उष्ट्रमुख એવું (વ્યધિકરણ બહુવ્રીહિ સમાસવાળું) વિશેષણ પણ નપુંસકલિંગ, દ્વિતીયા વિ. બહુવચનમાં રૂપાંતરિત કરીને વાક્યમાં વાપર્યું છે. (આવી જ રીતે બીજાં ઉદાહરણો પણ ફરી તપાસી જવા અનુરોધ છે.)

વિશેષ : (સાદાં) બે પદ જોડીને કોઈ એક સમાસ બનાવવામાં આવે છે એનાં તો ઉદાહરણો ઉપર જોયાં. પરંતુ સંસ્કૃતભાષાના સાહિત્યમાં તો જુદા જુદા સમાસોવાળા અનેક શબ્દોને પણ જોડીને બનાવેલા મોટા સામાસિક શબ્દો પણ વાપરવામાં આવ્યાં છે. એનાં એક-બે ઉદાહરણ જિજ્ઞાસુને માટે રજૂ કરીશું :

૧. कनकवलयभ्रंशरिक्तप्रकोष्ठः (सः कामी)-मेघदूतम्-''સોનાનું કડું પડી જવાથી જેનું કાંડું ખાલી થઈ ગયું છે તેવો (← વિશેષણ); તે કામી યક્ષ (← વિશેષ્ય).'' અહીં જે મોટો સામાસિક શબ્દ કાલિદાસે બનાવ્યો છે, તે ''ષષ્ઠી તત્પુરુષ સમાસ ગર્ભિત (ષષ્ઠી સમાનાધિકરણ) બહુવ્રીહિ સમાસ'' છે. એટલે કે વિગ્રહવાક્યમાં પ્રથમ તબક્કે ષષ્ઠી તત્પુરુષ કરીને, પછી બીજા તબક્કે, તે ષષ્ઠી તત્પુરુષવાળા શબ્દને બહુવ્રીહિમાં ફેરવવામાં આવ્યો છે. જેમકે,

(A) कनकस्य वलयम् इति कनकवलयम् । (ષષ્ઠી તત્પુ.)
कनकवलयस्य भ्रंशः इति कनकवलयभ्रंशः । (ષષ્ઠી તત્પુ.)

(B) कनकवलयभ्रंशेन, रिक्तः प्रकोष्ठः यस्य सः इति । कनकवलय भ्रंश रिक्त प्रकोष्ठः । (બહુવ્રીહિ)



આમ છેલ્લો બહુવ્રીહિ સમાસ સધાતાં પહેલાં, તેમાં ષષ્ઠી તત્પુરુષવાળો શબ્દ કુક્ષિપ્રવિષ્ટ થઈ ગયો છે. એટલે કે આ આખો શબ્દ 'ષષ્ઠી તત્પુરુષ ગર્ભિત બહુવ્રીહિ' સમાસ કહેવાશે.

૨. जनकतनया स्नानपुण्योदकेषु (रामगिर्याश्रमेषु)-मेघदूतम् ''જનકની તનયા (=સીતા) ના સ્નાનોથી પુણ્યશાળી બનેલા ઉદકોવાળા (← વિશેષણ), રામગિરિ આશ્રમોમાં (← વિશેષ્ય) [યક્ષે નિવાસ કર્યો હતો].''
— આ પણ 'ષષ્ઠી તત્પુરુષ ગર્ભિત બહુવ્રીહિ' સમાસનું ઉદાહરણ છે. જેમકે,

(A) जनकस्य तनया इति जनकतनया । (ષષ્ઠી તત્પુ.)
जनकतनयायाः स्नानम् इति जनकतनयास्नानम् । (ષષ્ઠી તત્પુ.)

(B) जनकतनयास्नानैः पुण्यानि उदकानि येषां ते
जनकतनयास्नानपुण्योदकाः (= आश्रमाः) । (બહુવ્રીહિ)

— ત્યાર પછી, આ બહુવ્રીહિ સમાસ रामगिर्याश्रमेषुનું વિશેષણ હોઈને, તેને પણ પુંલિંગ, સપ્તમી બહુવચનમાં ફેરવવો પડે છે. તો

जनकतनया-स्नान-पुण्यो-दकेषु (रामगिर्याश्रमेषु) શબ્દ બનશે.



---

૧૬. અહીં વિગ્રહવાક્યમાં બે વાર આવેલા कान्ति શબ્દમાંથી એક कान्ति શબ્દનો લોપ થાય છે. આથી તેને 'મધ્યમપદલોપ પ્રયુક્ત બહુવ્રીહિ' કહેવાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. संग्रामाध्वरदीक्षितः (भीमः) (''સંગ્રામ રૂપી અધ્વરમાં દીક્ષિત'' એવો ભીમ) આ શબ્દ ''ઉપમાનોત્તરપદ કર્મધારય (એટલે કે રૂપકાલંકાર) ગર્ભિત સપ્તમી તત્પુરુષ ''સમાસ''નું ઉદાહરણ છે. જેમકે,

(A) संग्रामः एव अध्वरः इति संग्रामाध्वरः । (કર્મધારય)

(B) संग्रामाध्वरे दीक्षितः इति संग्रामाध्वरदीक्षितः । (સપ્તમી તત્પુરુષ)

૪. मदनशरहता (शकुन्तला) । કામદેવના બાણથી હણાયેલી (વિશેષણ) એવી, શકુન્તલા (વિશેષ્ય), આ શબ્દ ''ષષ્ઠી તત્પુરુષ ગર્ભિત તૃતીયા તત્પુરુષ''નું ઉદાહરણ છે. જેમકે,

(A) मदनस्य शराः इति मदनशराः । (ષષ્ઠી તત્પુ.)

(B) मदनशरैः हता इति मदनशर हता । (તૃતીયા તત્પુ.)

નોંધ : આવાં અનેક સામાસિક શબ્દો ભેગા મળીને, જે એક મોટો સામાસિક શબ્દ બને છે; તે પણ વાક્યમાં 'વિશેષણ' રૂપે આવતો હોય છે પરિણામે તે વિશેષણીભૂત સામાસિક શબ્દમાં પણ વિશેષ્યને અધીન રહીને (લિંગ), વચન અને વિભક્તિ પ્રત્યયો ગોઠવવાના રહે છે.

III.2.8.0 (અભેદમૂલક) વિશેષણ તરીકે વર્તમાન કૃદન્તનો પ્રયોગ :

વાગ્વ્યવહાર દરમિયાન આપણે જે સાદાં વાક્યોનો પ્રયોગ કરીએ છીએ તેમાં 'કયાં કયાં કારકોએ કઈ ક્રિયા કરી ?' એનો નિર્દેશ કરતા હોઈએ છીએ. (જેમકે, રામ લક્ષ્મણને વાર્તા કહે છે.) પરંતુ ક્યારેક આ કારકો મુખ્ય ક્રિયા કરતી વખતે બીજી કોઈક ક્રિયા પણ કરી રહ્યા હોય છે એમ પણ આપણે દર્શાવીએ છીએ. જેમકે,

(વનમાં) જતાં <u>રામ લક્ષ્મણને વાર્તા</u> <u>કહે છે.</u>

(કારકો) ક્રિયાપદ

અહીં, 'રામ' કર્તા-કારક જ્યારે 'કહેવા'ની મુખ્ય ક્રિયા કરી રહ્યા છે, ત્યારે ગમન ક્રિયા પણ કરી રહ્યા છે એમ દર્શાવવા (વનમાં) 'જતાં' એવા એક (કૃદન્ત) શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ 'જવાની' ક્રિયા વર્તમાનકાળમાં થઈ રહી છે; આથી 'જતાં' શબ્દને ''વર્તમાન કૃદન્ત'' કહે છે. વળી, એ પણ ધ્યાનમાં લેવું જોઈએ કે આ 'જવાની ક્રિયા' પણ રામમાં અભેદસંબંધે રહેલી છે; (= રામ પદાર્થની બહાર બીજા કોઈ પદાર્થમાં જવાની ક્રિયા રહેલી નથી.) એટલે કે ''જતાં'' એ શબ્દ 'રામ'નું અભેદમૂલક વિશેષણ બન્યું છે. આવાં બીજાં ઉદાહરણો પણ જુવો :-

૧. રમતના મેદાનમાં દોડતો રમેશ હસે છે.

૨. મન્ત્ર બોલતી સીતા ઈશ્વરને પુષ્પમાળા અર્પે છે.

૩. રડતી રડતી છોકરી ઘરમાં પ્રવેશે છે.

અહીં 'રમેશ', 'સીતા' અને 'છોકરી' જેવા કર્તાકારકો અનુક્રમે હસવાની, અર્પણ કરવાની અને પ્રવેશવાની મુખ્ય ક્રિયા કરે છે, પણ સાથે સાથે તે જ સમયે (= વર્તમાનકાળમાં જ) તેઓ બીજી એક ક્રિયા (જેમકે, દોડવાની, બોલવાની અને રડવાની ક્રિયા) પણ કરી રહ્યા છે. આને-'દોડતો', 'બોલતી' અને 'રડતી' શબ્દોને– **''વર્તમાન કૃદન્ત''** કહે છે.

સંસ્કૃત ભાષામાં આવા 'વર્તમાનકૃદન્ત' શબ્દો બનાવવા માટે (૧) પરસ્મૈપદી ધાતુને-अत् પ્રત્યય, તથા (૨) આત્મનેપદી ધાતુને- आन (કે मान) પ્રત્યય લગાડવામાં આવે છે. જેમકે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) પરસ્મૈપદી ધાતુ + अत्	(૨) આત્મનેપદી ધાતુ + आन/मान
(गम्) – गच्छ् + अत् = गच्छत्	कम्प + मान = कम्पमान
पठ् + अत् = पठत्	वन्द + मान = वन्दमान
(भू) – भव् + अत् = भवत्	वृत् + मान = वर्तमान
(पा) – पिब् + अत् = पिबत्	वृध + मान = वर्धमान
(दृश्) – पश्य् + अत् = पश्यत्	लभ + मान = लभमान
(क्रुध्) – क्रुध्य + अत् = क्रुध्यत्	मन्य + मान = मन्यमान
(कथ) – कथय् + अत् = कथयत्	यत् + मान = यतमान
कृ + अत् = कुर्वत्	कृ + आन = कुर्वाण
अस् + अत् = सत्	(कृ ઉભયપદી ધાતુ હોઈને બંને પ્રકારનાં રૂપો થશે.)

હવે, આ 'વર્તમાનકૃદન્ત' પ્રકારના શબ્દો વાક્યમાં કોઈક કારકનાં '(અભેદમૂલક) વિશેષણ' તરીકે વપરાય છે એમ ઉપર જણાવ્યું છે. તેથી એ પણ સમજી લેવાનું કે, આ વર્તમાનકૃદન્તોનાં રૂપો પણ ત્રણેય લિંગમાં જુદાં જુદાં ચાલશે.

(૧) પરસ્મૈપદી વર્તમાનકૃદન્તનાં રૂપો :

गच्छत् પુંલિંગ 'જતો'

	એક વ.	દ્વિ. વ.	બ. વ.
प्र.	गच्छन्	गच्छन्तौ	गच्छन्तः
द्वि.	गच्छन्तम्	गच्छन्तौ	गच्छतः
तृ.	गच्छता	गच्छद्भ्याम्	गच्छद्भिः
च.	गच्छते	गच्छद्भ्याम्	गच्छद्भ्यः
पं.	गच्छतः	गच्छद्भ्याम्	गच्छद्भ्यः
ष.	गच्छतः	गच्छतोः	गच्छताम्
स.	गच्छति	गच्छतोः	गच्छत्सु
सं.	हे गच्छन्	गच्छन्तौ	गच्छन्तः ॥

गच्छत् નપુંસકલિંગ 'જતું'

	એક વ.	દ્વિ. વ.	બ. વ.
	गच्छत्	गच्छती	गच्छन्ति
	गच्छत्	गच्छती	गच्छन्ति

તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગનાં રૂપો જેવાં જ થશે.

सं.	हे गच्छत्	गच्छती	गच्छन्ति

(નપુંસકલિંગમાં આ गच्छत्નાં રૂપો નપું. जगत्ની જેમ થયાં છે.)

गच्छत् સ્ત્રીલિંગમાં → गच्छन्ती 'જતી'

એકવચન	દ્વિવચન	બહુવચન
गच्छन्ती	गच्छन्त्यौ	गच्छन्त्यः
गच्छन्तीम्	गच्छन्त्यौ	गच्छन्तीः
गच्छन्त्या	गच्छन्तीभ्याम्	गच्छन्तीभिः
गच्छन्त्यै	गच्छन्तीभ्याम्	गच्छन्तीभ्यः
गच्छन्त्याः	गच्छन्तीभ्याम्	गच्छन्तीभ्यः
गच्छन्त्याः	गच्छन्त्योः	गच्छन्तीनाम्
गच्छन्त्याम्	गच्छन्त्योः	गच्छन्तीषु
हे गच्छन्ति	गच्छन्त्यौ	गच्छन्त्यः ॥

નોંધ : ૧. વર્તમાનકૃદન્તોનાં સ્ત્રીલિંગમાં જે રૂપો થાય છે તે દીર્ઘ ઈકારાન્ત નદી શબ્દની જેમ ચાલે છે.

૨. अत् પ્રત્યયાન્ત વર્તમાનકૃદન્ત શબ્દોનું સ્ત્રીલિંગ રૂપ બનાવવા માટે (क) જો ધાતુ ૧ લા, ૪ થા, ૬ ઠા, કે ૧૦ મા ગણનો હોય તો त्ની આગળ न् ઉમેરવો : गच्छत् > गच्छन्त् । ત્યાર પછી, તેની પાછળ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(સ્ત્રીલિંગનો બોધક) ई ઉમેરવો : गच्छन्त् + ई = गच्छन्ती । પછી નદીની જેમ રૂપો ચલાવવાં. તથા (ख) જો ધાતુ ૨, ૩, ૫, ૭, ૮ કે ૯ મા ગણનો હોય તો अत् પ્રત્યયાન્ત વર્તમાનકૃદન્તના શબ્દની પાછળ સીધો જ, સ્ત્રીલિંગબોધક ई ઉમેરી દેવો. જેમકે, शृ > (श्रृणोति) 'સાંભળવું' (૯ ગણ), शृण्वत् વર્તમાનકૃદન્ત + ई > शृण्वती (સ્ત્રીલિંગમાં). क्री 'ખરીદવું' (૯ ગણ), क्रीणत् + ई > क्रीणती (સ્ત્રીલિંગમાં). अस् 'હોવું' (૨ જો ગણ) सत् + ई = सती ।

(૨) આત્મનેપદી ધાતુના વર્તમાનકૃદન્તનાં રૂપો :

कुर्वाण कम्पमान लभमान	આવા (अ કારાન્ત) વર્તમાનકૃદન્તનાં- (क) પુંલિંગમાં રામની જેમ રૂપો ચાલશે. (ख) સ્ત્રીલિંગમાં (कुर्वाण + आ = कुर्वाणा)-માલાની જેમ રૂપો ચાલશે. તથા (ग) નપુંસકલિંગમાં વનની જેમ રૂપો થશે.

III.2.8.1 કારકોનાં 'વિશેષણ' તરીકે (પરસ્મૈપદી ધાતુ સાધિત) વર્તમાન કૃદન્તવાળા શબ્દોનો પ્રયોગ :

૧. (વનમાં) જતાં   રામ   લક્ષ્મણને વાર્તા કહે છે.

વિશેષણ (વર્તમાન કૃદન્ત) — વિશેષ્યમાં: ૧. પુંલિંગ ૨. પ્રથમા વિ. ૩. એકવચન — ક્રિયાપદ

[गम् > गच्छ् + अत् = गच्छत् । તેનું પુંલિંગમાં પ્રથમા એકવચનનું રૂપ गच्छन् થશે.]

તદનુરૂપ

(वने) गच्छन् रामः लक्ष्मणाय वार्तां कथयति ।

૨. રમતના મેદાનમાં દોડતો   રમેશ   હસે છે.

વિશેષણ   વિશેષ્ય   [धावत् નું પુંલિંગ, પ્રથમા, એકવચન धावन् થશે.]

क्रीडांगणे धावन् रमेशः हसति ।

૩. મન્ત્ર બોલતી   સીતા ઈશ્વરને પુષ્પમાળા અર્પે છે.

વિશેષણ — વિશેષ્યમાં: ૧. સ્ત્રીલિંગ ૨. પ્રથમા વિ. ૩. એકવચન

('બોલવા'ની ક્રિયાનું કર્મ 'મન્ત્ર' છે, તેથી 'મન્ત્ર' શબ્દને દ્વિતીયા વિ. લાગશે.)

[वदत् નું સ્ત્રીલિંગ; પ્રથમા, એકવચન वदन्ती થશે.]

તદનુરૂપ

मन्त्रम् वदन्ती सीता ईश्वराय पुष्पमालाम् अर्पयति ।

૪. રામ વીણાને સાંભળતાં સાંભળતાં દર્ભાસન ઉપર બેસે છે.

रामः वीणां शृण्वन् दर्भासने उपविशति ।

૫. તું ગીત ગાતી કૃષ્ણાને જુવે છે.

त्वम् गीतं गायन्तीं कृष्णां पश्यसि ।

વિશેષણ   વિશેષ્ય

સ્ત્રીલિંગ, દ્વિતીયા વિ. એકવચનની સંગતિ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૬. હું પડનાં પાંદડાં જોઉં છું
अहम् पत. . पर्णानि पश्यामि ।
વિશેષણ વિશેષ્ય-કર્મ
(વર્તમાન કૃદન્ત) ૧. નપુંસક
૨. દ્વિતીયા વિ.
૩. બહુવચન
તદનુસાર

[पत् + अत् = पतत् 'પડતું' આ. વ. કૃ.નું નપુંસકલિંગમાં जगत् ની જેમ દ્વિતીયા બહુવચનમાં पतन्ति રૂપ થશે.]

૭. તમે ઘરમાં રમતાં બાળકો ઉપર ગુસ્સે થાવ છો.
यूयम् गृहे क्रीडद्भ्यः बालकेभ्यः क्रुध्यथ ।

૮. આમ્રવૃક્ષની ડાળીમાં ગાતી કોકીલાને શકુન્તલા શોધે છે.
आम्रवृक्षस्य शाखायां कूजन्तीं कोकिलां शकुन्तला अन्विष्यति ।

૯. વારંવાર દુઃખોને મેળવતો મનુષ્ય ઈશ્વરની સ્તુતિ કરે છે.
वारंवारं दुःखानि आप्नुवन् मनुष्यः ईश्वरं स्तौति ।

૧૦. પ્રજાપાલક હોઈને (= હોતાં) દુષ્યન્ત નિઃસંતાનનું ધન લેતો નથી.
प्रजापालकः सन् दुष्यन्तः निःसंतानस्य धनं न अपहरति ।

૧૧. મંથરા રાણી થતી સીતાની ઈર્ષ્યા કરે છે.
मन्थरा राज्ञी भवन्त्यै सीतायै ईर्ष्यति ।

૧૨. કન્યા ગર્જતા સિંહથી ડરે છે.
कन्या गर्जतः (← पंचमी →)सिंहात् बिभेति ।

૧૩. (પૂજન) કરતા રામની સાથે સીતા પણ નમે છે.
(पूजनं) कुर्वता रामेण सह सीता अपि प्रणमति ।

૧૪. બ્રહ્મનું સ્વરૂપ ચિંતન કરતો ઋષિ વનમાં ફરે છે.
ब्रह्मणः स्वरूपं चिन्तयन् ऋषिः वने विचरति ।

૧૫. स्पृशन्नपि गजो हन्ति, जिघ्रन्नपि भुजङ्गमः ।
पालयन्नपि भूपालः, प्रहसन्नपि दुर्जनः ॥ - हितोपदेशः

સ્પર્શ કરતો હાથી પણ (આપણને) હણે છે, (કેવળ) સુંઘતો સાપ પણ હણે છે, પાલન કરી રહેલો રાજા પણ હણે છે, અને (કેવળ) હસી રહેલો (જણાતો) દુર્જન પણ હણે છે.

III.2.8.2 કારકોનાં 'વિશેષણ' તરીકે (આત્મનેપદી ધાતુસાધિત) વર્તમાનકૃદન્તવાળા શબ્દોનો પ્રયોગ :

૧. સુવર્ણ આપતો કર્ણ હસ્તિનાપુર જાય છે.
सुवर्णं ददानः कर्णः हस्तिनापुरं गच्छति ।
વિશેષણ વિશેષ્ય
(વર્તમાન કૃદન્ત) ૧. પુંલિંગ
૨. પ્રથમા વિ.
૩. એકવચન
તદનુસાર

[दा 'આપવું' ૩ જો ગણ ઉભયપદી ધાતુ-નું આત્મનેપદ વર્ત. કૃ. બનાવવા दा > ददा + आन > ददान । તેનાં પુંલિંગમાં रामની જેમ રૂપ ચાલશે.]

૨. ઘડો બનાવતા કુંભારો દંડથી ચક્રને ફેરવે છે.
घटं कुर्वाणाः कुम्भकाराः दण्डेन चक्रं भ्रमयन्ति ।

[कृ ૮મો ગણ, ઉભયપદી ધાતુનું આત્મનેપદમાં વર્ત. કૃ. कुर्वाण થશે. તેનું વિશેષ્ય 'कुम्भकाराः'ની જેમ પુંલિંગ પ્રથમા બહુવચનમાં कुर्वाणाः એવું રૂપ થયું છે.]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. હિમાલય દિવસે દિવસે વધતી પાર્વતીને જુવે છે.
हिमालयः दिने दिने वर्धमानां पार्वतीं पश्यति ।

૪. રાજા સેવા કરતા નોકરને ધન આપે છે.
नृपः सेवमानाय भृत्याय धनं यच्छति ।

૫. તળાવમાં કંપતા કમળો શોભે છે.
कासारे कम्पमानानि कमलानि शोभन्ते ।

૬. રામ વ્યથિત થતા મનથી વિચારે છે.
रामः व्यथमानेन मनसा चिन्तयति ।

૭. બ્રહ્માંડમાં રહેલું જગત્ નશ્વર છે.
ब्रह्माण्डे वर्तमानं जगत् नश्वरम् अस्ति ।
વિશેષણ — વિશેષ્ય
વર્તમાનકૃદન્ત — (કર્તા)
નપુંસકલિંગ
પ્રથમા વિ.
એકવચનની
સંગતિ

III.2.8.3 કર્મણિ વર્તમાનકૃદન્ત :

કર્મણિ પ્રયોગ દરમિયાન વાક્યરચનાના કયા નિયમો કામ કરે છે એનો હજી આપણે વિચાર કર્યો નથી. (તે અંગે પ્રકરણ-૭માં વિચારણા કરીશું.) તથાપિ, અહીં પ્રસંગતઃ એ નોંધીશું કે વાક્યમાં 'કર્મણિ વર્તમાન કૃદન્તો' કર્મના ''વિશેષણ'' તરીકે જ વપરાય છે. જેમ કે, गम्यमान (જવાતાં), पठ्यमान (વાંચવામાં આવતાં), दीयमान (આપવામાં આવતાં), क्रियमाण (કરવામાં આવતાં), नीयमान (લઈ જવામાં આવતાં), चोर्यमाण (ચોરવામાં આવતાં) વગેરે. (આ કૃદન્ત શબ્દો અકારાન્ત હોઈને પુંલિંગમાં રામની જેમ, સ્ત્રીલિંગમાં આકાર ઉમેર્યા પછી માલાની જેમ, તથા નપુંસકલિંગમાં વનની જેમ રૂપો થશે.)

૧. બ્રાહ્મણ વડે (લાવવામાં આવતી) ગાય પૂજાય છે.
ब्राह्मणेन नीयमाना धेनुः पूज्यते ।
(વિશેષણ) (વિશેષ્ય-કર્મ)

અથવા

બ્રાહ્મણ લાવવામાં આવતી ગાયને પૂજે છે.
ब्राह्मणः नीयमानां धेनुं पूजयति ।

૨. માણસો રાજા વડે (કરવામાં આવતા) કાર્યને પ્રશંસે છે.
जनाः नृपेण क्रियमाणं कार्यं प्रशंसन्ति ।

૩. નગરરક્ષક (ચોરવામાં આવતા) ધનને જોતો નથી.
नगररक्षकः चोर्यमाणं धनं न पश्यति ।

૪. હું ચૈત્ર વડે (વાંચવામાં આવતી) ગીતાને સાંભળું છું.
अहम् चैत्रेण पठ्यमानां गीतां शृणोमि ।

૫. તું કૃષ્ણ વડે (આપવામાં આવતો) મોક્ષ ઇચ્છે છે.
त्वं कृष्णेन दीयमानं मोक्षम् इच्छसि ।
વિશેષણ — વિશેષ્ય-કર્મ
પુંલિંગ
દ્વિ. વિ.
એ.વ.ની
સંગતિ

III.2.8.4 સ્વાધ્યાય :

વર્તમાન કૃદન્તોનો જેમાં પ્રયોગ થયો છે તેવા કેટલાક સુપ્રચલિત શ્લોકો જોઈશું :-

(क) શ્રીમદ્ ભગવદ્ગીતા (અધ્યાય-૫/૮, ૯) :

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपञ्श्वसन् ॥
प्रलपन् विसृजन् गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥

(અનુવાદ) ઇન્દ્રિયો ઇન્દ્રિયોના વિષયોમાં રહ્યા કરે છે એમ (धारयन् =) સમજતો તત્ત્વવેત્તા યોગીપુરુષ पश्यन् (अपि) = બધું જોતો (હોતા છતાંય), शृण्वन् (अपि) સાંભળતો, स्पृशन् = અડકતો, जिघ्रन् = સુંઘતો, अश्नन् = ખાતો, गच्छन् = (બધે) જતો, स्वपन् = ઊંઘતો, श्वसन् = શ્વાસ લેતો, प्रलपन् = પ્રલાપ કરતો, विसृजन् = વિસર્જન

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કરતો, गृह्णन् = ગ્રહણ કરતો, उन्मिषन् = આંખો ખોલતો, निमिषन् = આંખ મીંચતો (વગેરે ક્રિયા કરતો) હોવા છતાંય ''કશુંય હું કરતો નથી'' એમ (જ) માને છે.

(ख) શ્રીમદ્ ભગવદ્ગીતા (અધ્યાય-૪/૬) :

अजोऽपि सन्नव्ययात्मा, भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥

(અનુવાદ) અવ્યયાત્મા એવો હું (= શ્રીકૃષ્ણ અર્થાત્ પરબ્રહ્મ) અજ = અજન્મા હોવા (सन्) છતાંય અને બધા ભૂતોનો ઈશ્વર હોવા (सन्) છતાંય; મારી પ્રકૃતિને અધિષ્ઠાન બનાવીને, મારી (જ) માયા થકી (હું) જન્મું છું.

(ग) શ્રીગીતગોવિન્દ મહાકાવ્ય :

वेदान् उद्धरते जगन्निवहते भूगोलम् उद्बिभ्रते,
दैत्यान् दारयते, बलिं छलयते क्षत्रक्षयं कुर्वते ।
पौलस्त्यं जयते, हलं कलयते कारुण्यम् आतन्वते
म्लेच्छान् मूर्छयते दशाकृतिकृते श्रीकृष्णाय तुभ्यं नमः ॥

નોંધ : नमः અવ્યયના યોગમાં, જેને નમસ્કાર કરવાના હોય તેને ચતુર્થી વિભક્તિનો પ્રત્યય લગાડવામાં આવે છે. જેમકે, श्रीगणेशाय नमः । તેવી રીતે અહીં "तुभ्यं श्रीकृष्णाय नमः" = 'તમને શ્રીકૃષ્ણને નમસ્કાર' એ મુખ્ય વાક્ય છે. હવે, આ શ્રીકૃષ્ણ (વિશેષ્ય) કેવાં કેવાં ? એ બતાવવા માટે वेदान् उद्धरते = વેદોનો ઉદ્ધાર કરતાં, जगत् निवहते = જગત્નું પાલન-પોષણ કરતા, भूगोलम् उद्बिभ्रते = પૃથિવીને ઊંચી લાવતા-ઇત્યાદિ વિશેષણોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ વિશેષણો વર્તમાનકૃદન્તવાળા શબ્દોથી બનાવેલાં છે; અને વિશેષ્યવાચક શબ્દ श्रीकृष्णाय જેમ પુંલિંગ, ચતુર્થી, એકવચનમાં છે, તેવી રીતે उद्धरत् વર્ત. કૃ. વગેરેનું પણ પુંલિંગમાં ચતુર્થી વિ. એકવચનનું રૂપ બનાવીને (= उद्धरते, निवहते, उद्बिभ्रते વગેરે) તેનો શ્લોકમાં પ્રયોગ કરવામાં આવ્યો છે. આમ અહીં પણ વિશેષ્ય અને વિશેષણ વચ્ચે લિંગ, વચન અને વિભક્તિની સંગતિ (agreement) જોવા મળે છે.

(અનુવાદ) (મત્સ્ય રૂપે) વેદોનો ઉદ્ધાર કરતા, (કચ્છપ રૂપે) જગત્નું વહન કરતા, (શૂકર રૂપે) પૃથિવીને ઊંચકતા (નૃસિંહ રૂપે) દૈત્યોને કાપી નાખતા, (વામન રૂપે) બલિરાજાને છેતરતા, (પરશુરામ રૂપે) ક્ષત્રિયોનો ક્ષય કરતા, (રામ રૂપે) પૌલસ્ત્ય (રાવણ)ને જીતતા, (બલરામ રૂપે) હળ ફેરવતા/ધરતા, (બુદ્ધ રૂપે) કારુણ્યને ફેલાવતા અને (કલ્કિ રૂપે) મ્લેચ્છોને મૂર્છિત કરી દેતા અર્થાત્ દશ આકાર-અવતાર-ધારણ કરતા એવા તમને શ્રીકૃષ્ણને નમસ્કાર (હજો.)

(घ) એક સુભાષિત : अधीयानो बहून् ग्रन्थान्, सेवमानो बहून् गुरून् ।
लोकमानो बहून् देशान्, बहुज्ञो जायते नरः ॥

(અનુવાદ) ઘણા ગ્રન્થોને ભણતો, ઘણા ગુરુઓને સેવતો અને ઘણા દેશોને જોતો માણસ 'બહુજ્ઞ' (= ઘણું જાણનારો) બને છે. (આ શ્લોકમાં આત્મનેપદી ધાતુને વર્ત. કૃ. નો आन પ્રત્યય લાગીને બનેલાં अधीयान વગેરે રૂપોનો પ્રયોગ થયો છે; તથા વિશેષ્ય (नरः)ની જેમ તે વિશેષણરૂપે વપરાયેલાં વર્ત. કૃ. નાં રૂપો પણ પુંલિંગ, પ્રથમા એકવચનમાં રહેલાં છે.)

(ङ) कुर्वाणः कृतिम् अमितां, मितं शयानः
भुञ्जानो मितम्, अमितं परं ददानः ।
जानानो बहुविषयान्, मितं ब्रुवाणः
उत्कर्षं भुवि लभते स वर्धमानः ॥

(અનુવાદ) અમાપ ક્રિયાઓ (= સર્જનો) કરતો, પણ થોડુંક જ સૂતો, ઓછું ખાતો, પણ પુષ્કળ (દાનમાં) આપતો, ઘણા ઘણા વિષયોને જાણતો, પણ ખૂબ ઓછું બોલતો (અને પરિણામે) વૃદ્ધિ પામતો (વ્યક્તિ) પૃથિવી ઉપર ઉત્કર્ષ મેળવે છે.

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કેટલાંક વર્તમાન કૃદન્તોનાં રૂપો : (પ્રથમા વિભક્તિ, એકવચનમાં)

પરસ્મૈપદી ધાતુઓ	પુંલિંગ	સ્ત્રીલિંગ	નપુંસકલિંગ
(૧લો ગણ)	—	—	—
भू (થવું)	भवन्	भवन्ती	भवत्
गै (ગાવું)	गायन्	गायन्ती	गायत्
पठ् (વાંચવું)	पठन्	पठन्ती	पठत्
गम् (જવું)	गच्छन्	गच्छन्ती	गच्छत्
गुञ्ज् (ગુંજવું)	गुञ्जन्	गुञ्जन्ती	गुञ्जत्
क्रीड् (રમવું)	क्रीडन्	क्रीडन्ती	क्रीडत्
दृश् (જોવું)	पश्यन्	पश्यन्ती	पश्यत्
तृ (તરવું)	तरन्	तरन्ती	तरत्
घ्रा (સુંઘવું)	जिघ्रन्	जिघ्रन्ती	जिघ्रत्
चल् (ચાલવું)	चलन्	चलन्ती	चलत्
निन्द् (નિન્દા કરવી)	निन्दन्	निन्दन्ती	निन्दत्
पा (પીવું)	पिबन्	पिबन्ती	पिबत्
स्था (ઊભા રહેવું)	तिष्ठन्	तिष्ठन्ती	तिष्ठत्
हस् (હસવું)	हसन्	हसन्ती	हसत्
त्यज् (ત્યજવું)	त्यजन्	त्यजन्ती	त्यजत्
वद् (બોલવું)	वदन्	वदन्ती	वदत्
(૪થો ગણ)			
क्रुध् (ગુસ્સો કરવો)	क्रुध्यन्	क्रुध्यन्ती	क्रुध्यत्
नृत् (નાચવું)	नृत्यन्	नृत्यन्ती	नृत्यत्
लुभ् (લોભ કરવો)	लुभ्यन्	लुभ्यन्ती	लुभ्यत्
शम् (શમવું)	शाम्यन्	शाम्यन्ती	शाम्यत्
सिध् (સાધવું, પૂરું થવું)	सिध्यन्	सिध्यन्ती	सिध्यत्
अनु + इष् (શોધવું)	अन्विष्यन्	अन्विष्यन्ती	अन्विष्यत्
(૬ઠ્ઠો ગણ)			
इष् (ઇચ્છા કરવી)	इच्छन्	इच्छती / इच्छन्ती	इच्छत्
प्रच्छ् (પૂછવું)	पृच्छन्	पृच्छती / पृच्छन्ती	पृच्छत्
मस्ज् (ડુબવું)	मज्जन्	मज्जती / मज्जन्ती	मज्जत्
लिख् (લખવું)	लिखन्	लिखती / लिखन्ती	लिखत्
स्पृश (અડકવું)	स्पृशन्	स्पृशती / स्पृशन्ती	स्पृशत्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧૦ મો ગણ)

चिन्त् (વિચારવું)	चिन्तयन्	चिन्तयन्ती	चिन्तयत्
कथ् (કહેવું)	कथयन्	कथयन्ती	कथयत्
पूज् (પૂજવું)	पूजयन्	पूजयन्ती	पूजयत्
रच् (રચવું)	रचयन्	रचयन्ती	रचयत्
चुर् (ચોરવું)	चोरयन्	चोरयन्ती	चोरयत्

(રૂપાખ્યાન : પુંલિંગમાં गच्छन् गच्छन्तौ गच्छन्तः । ની જેમ ચાલશે. સ્ત્રીલિંગમાં નદીની જેમ, તથા નપુંકલિંગમાં जगत्‌ની જેમ ચાલશે.)

(૧, ૪, ૬, ૧૦ સિવાયના ગણના ધાતુઓ)	—	(न् વગરનું રૂપ)	—
जागृ (ઊઠવું)	जाग्रन्	जाग्रती	जाग्रत्
शक् (શકવું)	शक्नुवन्	शक्नुवती	शक्नुवत्
स्वप् (સુવું)	स्वपन्	स्वपती	स्वपत्
कृ (કરવું)	कुर्वन्	कुर्वती	कुर्वत्
तन् (વિસ્તારવું)	तन्वन्	तन्वती	तन्वत्
अस् (હોવું)	सन्	सती	सत्
श्रु (સાંભળવું)	शृण्वन्	शृण्वती	शृण्वत्
क्री (ખરીદવું)	क्रीणन्	क्रीणती	क्रीणत्
आप् (મેળવવું)	आप्नुवन्	आप्नुवती	आप्नुवत्
આત્મનેપદી ધાતુઓ	**પુંલિંગ**	**સ્ત્રીલિંગ**	**નપુંસકલિંગ**
कम्प् ધ્રુજવું	कम्पमानः	कम्पमाना	कम्पमानम्
जन् જન્મવું	जायमानः	जायमाना	जायमानम्
वन्द् પગે લાગવું	वन्दमानः	वन्दमाना	वन्दमानम्
वृत् હોવું	वर्तमानः	वर्तमाना	वर्तमानम्
वृध् વધવું	वर्धमानः	वर्धमाना	वर्धमानम्
ઉભયપદી ધાતુઓ	(रामની જેમ રૂપો)	(मालाની જેમ રૂપો)	(वन ની જેમ રૂપો)
कृ કરવું	कुर्वाणः	कुर्वाणा	कुर्वाणम्
	कुर्वन्	कुर्वती	कुर्वत्
ज्ञा જાણવું	जानानः	जानाना	जानानम्
	जानन्	जानती	जानत्
नी લઈ જવું	नयमानः	नयमाना	नयमानम्
	नयन्	नयन्ती	नयत्
ब्रू બોલવું	ब्रुवाणः	ब्रुवाणा	ब्रुवाणम्
	ब्रुवन्	ब्रुवती	ब्रुवत्
धा મૂકવું	दधानः	दधाना	दधानम्
	दधन्	दधती	दधत्

III.2.9.1 (અભેદમૂલક) વિશેષણ તરીકે ભવિષ્યત્ કૃદન્તોનો પ્રયોગ :

કારકોનાં વિશેષણ તરીકે ''અમુક ક્રિયા કરતો'' (બોલતો, ખાતો, જોતો વગેરે) એવા જે શબ્દો વપરાય છે તેને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

'વર્તમાન કૃદન્ત' કહે છે-એમ અગાઉ જોઈ ગયા. હવે, વાક્યમાં (ક્યારેક) કારકોનાં વિશેષણ તરીકે "અમુક ક્રિયા (ભવિષ્યમાં) કરનાર" (દા. ત., મુંબઈ જનાર, ફિલ્મ જોનારા, સાંજે નાચનારી વગેરે) એવાં જે શબ્દો વપરાય છે, તેને "ભવિષ્યત્કૃદન્ત" કહે છે. દા. ત.

૧. વનમાં (જનારા) રામ મસ્તક ઉપરથી મુકુટ ત્યજે છે.

વિશેષણ

ભવિષ્યત્કૃદન્ત વિશેષ્ય

वनं गमिष्यन् रामः मस्तकात् मुकुटं त्यजंति ।

સમાન લિંગ, વચન, વિભક્તિ

૨. યુદ્ધમાં (ઊભો રહેનારો) વીર દેવને નમે છે.

વિશેષણ વિશેષ્ય

(ભવિષ્યત્કૃદન્ત) (કર્તા)

युद्धे स्थास्यन् वीरः देवं प्रणमति ।

૩. ફુટબોલથી (રમનારી) કન્યા મેદાનમાં જાય છે.

पादकन्दुकेन क्रीडिष्यन्ती कन्या क्रीडाक्षेत्रं गच्छति ।

૪. દુઃખોને (સહનારી) સીતા (રામની સાથે) વનમાં જાય છે.

दुःखानि सहिष्यमाणा सीता (रामेण सह) वनं गच्छति ।

નોંધ : અહીં 'રામ' એવો કર્તાકારક ભવિષ્યમાં વનમાં જનારો છે, આથી "(વનમાં) જનારા" એ શબ્દ ભવિષ્યત્કૃદન્ત છે, અને રામના વિશેષણ તરીકે વપરાયો છે. હવે, પૂર્વોક્ત નિયમ અનુસાર આવાં અભેદમૂલક વિશેષણોનો પ્રયોગ (લિંગ, વચન અને વિભક્તિ બાબતે) વિશેષ્યને અધીન રહે છે. એથી કરીને स्थास्यन् वीरः क्रीडिष्यन्ती कन्या, सहिष्यमाणा सीता ઉદાહરણોમાં પણ સમાન લિંગ, વચન અને વિભક્તિ વપરાયાં છે એ જોવું.

સંસ્કૃત ભાષામાં આવાં ભવિષ્યત્કૃદન્તો બનાવવા માટે પરસ્મૈપદી ધાતુને-ष्यत् પ્રત્યય લાગે છે, તથા આત્મનેપદી ધાતુને- ष्यमाण પ્રત્યય લાગે છે. જેમકે,

પરસ્મૈપદી ધાતુ	ष्यत् પ્રત્યયાન્ત	આત્મનેપદી ધાતુ	ष्यमाण પ્રત્યયાન્ત
भू-થવું	भविष्यत्	जन्-જન્મવું	जनिष्यमाण
गम्-જવું	गमिष्यत्	सह-સહન કરવું	सहिष्यमाण
स्था-ઊભા રહેવું	स्थास्यत्	व्यथ-વ્યથિત થવું	व्यथयिष्यमाण
पठ्-વાંચવું	पठिष्यत्	युध्-લઢવું	योत्स्यमान
हन्-મારવું	हनिष्यत्	लभ्-મેળવવું	लप्स्यमान

રૂપાખ્યાન : ઉપર મુજબના ભવિષ્યત્કૃદન્તો જ્યારે વાક્યમાં વિશેષણ તરીકે વપરાય છે, ત્યારે વિશેષ્યને અધીન રહીને તેમનાં ત્રણેય લિંગમાં જુદાં જુદાં રૂપો ચલાવવાં પડે છે. જેમકે,

(क) ष्यत् પ્રત્યયાન્ત :

દા. ત., भविष्यत्—પુંલિંગમાં (गच्छत् વર્તમાન કૃદન્તની જેમ)

भविष्यन् भविष्यन्तौ भविष्यन्तः । વગેરે.

—સ્ત્રીલિંગમાં (भविष्यत् > भविष्यन्ती પછી नदी ની જેમ)

भविष्यन्ती भविष्यन्त्यौ भविष्यन्त्यः

—નપુંસકલિંગમાં (जगत् ની જેમ રૂપો)

भविष्यत् भविष्यती भविष्यन्ति

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri.

(ख) ष्यमाण પ્રત્યયાન્ત :

દા. ત., जनिष्यमाण — પુંલિંગમાં (રામની જેમ)
जनिष्यमाणः जनिष्यमाणौ जनिष्यमाणाः
— સ્ત્રીલિંગમાં > जनिष्यमाणा (માલાની જેમ)
जनिष्यमाणा जनिष्यमाणे जनिष्यमाणाः
— નપુંસકલિંગ-(વન ની જેમ)
जनिष्यमाणम् जनिष્यमाणे जनिष्यमाणानि વગેરે.

* * *

કર્મણિપ્રયોગમાં ભવિષ્યત્કૃદન્તનો પ્રયોગ કર્મના વિશેષણ તરીકે થાય છે : દા. ત.

૧. રામ વડે (સેવાનારા) વિશ્વામિત્ર આવે છે.
रामेण सेविष्यमाणः विश्वामित्रः आगच्छति ।

૨. સીતા વડે (સેવાનારી) અરુન્ધતી આવે છે.
सीतया सेविष्यमाणा अरुन्धती आगच्छति ।

૩. અમારા વડે (ખવાનારા) ફળો તું લાવે છે.
अस्माभिः भोक्ष्यमाणानि फलानि त्वम् आनयसि ।

૪. હું તમારા વડે (બોલવામાં આવનારાં) વાક્યો જાણું છું.
अहम् युष्माभिः वक्ष्यमाणानि वाक्यानि जाने ।

III.3.1 (અભેદમૂલક) વિશેષણોનો દ્વિવિધ પ્રયોગ :

અત્યાર સુધીની ચર્ચા (III.2.0 થી III.2.9.1)માં આપણે જોયું કે વાક્યમાં અભેદમૂલક વિશેષણોનો પ્રયોગ વિશેષ્યને અધીન રહે છે. (એટલે કે વિશેષ્યનાં જે લિંગ, વચન અને વિભક્તિ હોય, તે જ લિંગ, વચન અને વિભક્તિ પ્રત્યયમાં વિશેષણનો પ્રયોગ કરવામાં આવે છે.) આવાં અભેદમૂલક વિશેષણોનો પ્રયોગ વાક્યમાં બે રીતે થાય છે એમ કહી શકાય. જેમકે,

(क) 'થવું' અને હોવું = 'છે' સિવાયની (कृ > करोति । વગેરે) ક્રિયાઓવાળાં વાક્યોમાં-

(ख) 'થવું' (भू > भवति) અને 'હોવું' (अस् > अस्ति = છે.) એ બે ક્રિયાઓવાળાં વાક્યોમાં-

નીચે આપેલાં કેટલાંક વાક્યોનો અભ્યાસ કરો :

(क) (भू અને अस् સિવાયની) कृ > करोति । વગેરે ક્રિયાઓવાળાં વાક્યો-

૧. <u>ચતુર/કાળો/ઠીંગણો</u> <u>રામ</u> <u>વનમાં જાય છે.</u>
વિશેષણ ઉદ્દેશ્ય (વિધેય)

चतुरः / कृष्णः / वामनः } रामः । वनम् गच्छति ।

અહીં 'રામ'માં જ ચતુરત્વ, કૃષ્ણત્વ કે ઠીંગણાપણું અભેદસંબંધે રહેલું છે. આથી रामः વિશેષ્યનાં જે લિંગ, વચન, વિભક્તિ છે, તદનુસાર જ चतुरः વગેરે વિશેષણોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

અહીં, ઉદ્દેશ્યભૂત કર્તૃકારક (रामः)ના વિશેષણ તરીકે चतुरः વગેરેનો પ્રયોગ થયો છે; (આવાં વિશેષણો પોતે વિધેય નથી).

૨. રમેશ — <u>આ મોટા સફેદ</u> ઘડાને લાવે છે.
કર્તા — વિશેષણો કર્મ
ઉદ્દેશ્ય — વિધેય

रमेशः इमम् महान्तं श्वेतं घटम् आनयति ।

અહીં 'ઘડા'માં જ સફેદી, મોટાપણું અને 'આ' = इदन्त्व અભિન્નપણે રહેલું છે; આથી 'ઘડાને' વિશેષ્યમાં રહેલા પુંલિંગ, દ્વિતીયા વિ. અને એકવચનને સંગત રહીને જ તે 'સફેદ' વગેરે વિશેષણોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

અહીં, વિધેયાંશમાં રહેલા કર્તા સિવાયના[17] કારકોનાં વિશેષણ તરીકે इमम्, महान्तम्, श्वेतं જેવા શબ્દોનો પ્રયોગ થયો છે.

---

૧૭. કર્મણિપ્રયોગ હોત તો-'કર્મ સિવાયના'.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) भवति અને अस्ति ક્રિયાવાળાં વાક્યોમાં-

૧. રામ રાજા થાય છે.

વિશેષ્ય — વિશેષણ

ઉદ્દેશ્ય — વિધેય

અહીં 'રામ'થી ભિન્ન રાજત્વ નથી. અર્થાત્ રાજાપણું 'રામ'માં અભેદસંબંધે રહેલું છે. તેથી 'રાજા' શબ્દ 'રામ' વિશેષ્યનું 'અભેદમૂલક વિશેષણ' બને છે. આથી 'રામ'માં જે લિંગ, વચન અને વિભક્તિનો પ્રયોગ થશે, તે જ વિશેષણીભૂત 'રાજા' શબ્દને લાગુ પડશે. જેમકે,

रामः नृपः भवति ।

અહીં, ('રાજા') વિશેષણ પોતે જ વિધેય રૂપે રહેલું છે. (એટલે કે 'રામ'ને ઉદ્દેશીને રાજત્વનું વિધાન કરવામાં આવ્યું છે.)

એ જ પ્રમાણે-

૨. રામ (સીતાના) પતિ છે.

વિશેષ્ય — વિશેષણ

ઉદ્દેશ્ય — વિધેય

रामः (सीतायाः) पतिः अस्ति ।

અહીં પણ 'રામ' (ઉદ્દેશ્ય) કોણ છે ? તો ''રામ 'પતિ' છે'' એમ વિશેષણ જ વિધેય રૂપે રજૂ થયું છે (= રામને ઉદ્દેશીને પતિત્વનું વિધાન કરવામાં આવ્યું છે.)

આવાં બીજાં કેટલાંક ઉદાહરણો જોઈશું :

૩. जननी जन्मभूमिश्च, स्वर्गादपि गरीयसी अस्ति ।

ઉદ્દેશ્ય-વિશેષ્ય — વિધેય-વિશેષણ

(માતા અને જન્મભૂમિ સ્વર્ગ કરતાંય વધુ મહાન છે.)

૪. सः हि भवति दरिद्रो, यस्य तृष्णा विशाला (अस्ति) ।

ઉદ્દેશ્ય (વિશેષ્ય) — (વિધેય) (વિશેષણ)

(તે જ દરિદ્ર છે; જેની તૃષ્ણા વિશાળ છે.)

અહીં 'तृष्णा' ને ઉદ્દેશીને વિશાલત્વનું વિધાન કરવામાં આવ્યું છે.

નોંધ : ઉપરનાં ૧ થી ૪ ચારેય વાક્યોમાં भू કે अस् ધાતુમાંથી સાધેલાં ક્રિયાપદોનો પ્રયોગ થયો છે; અને ત્યાં જે અભેદમૂલક વિશેષણો नृपः, पतिः, गरीयसी કે विशाला વપરાયાં છે. તે 'વિધેય' રૂપે વપરાયાં છે એ વિચારવું.

III.3.2. સંસ્કૃત ભાષાની વાક્યરચનામાં જેમ—(क) ઉદ્દેશ્ય અને ક્રિયાપદ (ના 'પુરુષ') માં સંગતિ (agreement) જોવા મળે છે તેમ (ख) વિશેષ્ય અને વિશેષણનાં લિંગ, વચન અને વિભક્તિમાં પણ એકરૂપતા = સંગતિ (agreement) જોવા મળે છે, (બીજા શબ્દોમાં કહીએ તો, વિશેષ્યનાં જે લિંગ, વચન અને વિભક્તિ હોય છે, તે જ લિંગ, વચન અને વિભક્તિ વિશેષણવાચક શબ્દને પણ લાગુ પાડવામાં આવે છે.)

પરંતુ સંસ્કૃત ભાષામાં એવાં પણ કેટલાંક વાક્યો મળે છે કે—જેમાં વિશેષ્ય અને વિશેષણ વચ્ચે લિંગ અને વચનની સંગતિનો ભંગ થયેલો હોય.

દા. ત. ૧. वेदाः प्रमाणम् । 'વેદો પ્રમાણ છે.' (અહીં वेदाः પુંલિંગ, પ્રથમા, બહુવચનમાં છે, પણ તેનું વિશેષણ प्रमाणम् નપુંસકલિંગ, પ્રથમા, એકવચનમાં છે.) આમ, લિંગ અને વચનની સંગતિનો ભંગ થયો છે.

૨. पितरो देवताः । 'પિતાઓ જ દેવતા છે.' અહીં पितरः પુંલિંગ, પ્રથમા વિ. બહુ વ.માં છે; પણ તેનું વિશેષણ देवताः સ્ત્રીલિંગ, પ્રથમા વિ. બહુવચનમાં છે. આમ લિંગની સંગતિનો ભંગ થયો છે.

* આવાં ઉદાહરણો, કે જેમાં વિશેષ્ય-વિશેષણ વચ્ચેની સંગતિનો ભંગ થયેલો જોવા મળે છે તેના કારણની ચર્ચામાં ઉતરીએ તો - શબ્દો ત્રણ પ્રકારના હોય છે : (૧) નિયત લિંગવાળા શબ્દો (દા. ત., रामः, पुष्पम्, नदी), જેમને अजहल्लिङ्ग શબ્દો પણ કહેવાય છે. (૨) અનિયતલિંગવાળા શબ્દો (દા. ત. चतुर, मृदु, रक्त જેવાં વિશેષણ રૂપે વપરાતા શબ્દો); આવા શબ્દો જે વિશેષ્યના વિશેષણ તરીકે વપરાયા હોય તે વિશેષ્યનાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લિંગને ધારણ કરે છે. જેમકે, चतुरः (रामः) । चतुरा (सीता) । रक्तम् (पुष्पम्) । रक्ता (शाटी) । આવા શબ્દોને जहल्लिङ्ग શબ્દો પણ કહી શકાય. (૩) અલિંગ શબ્દો, દા. ત. च, वै, नूनम्, खलु વગેરે અવ્યય રૂપ શબ્દોના કોઈ લિંગ હોતાં જ નથી. હવે જે પહેલા પ્રકારના શબ્દો છે, તેમાં पात्र, आस्पद, भाजन, प्रमाण, स्थान જેવા કેટલાક શબ્દો એવાં છે કે જે 'અજહત્-લિંગ' છે. જેથી કરીને તે ઉદ્દેશ્યભૂત વિશેષ્યના લિંગને વશ વર્તતાં નથી. દા. ત. वेदाः प्रमाणम् । અહીં 'વેદ' શબ્દ પુંલિંગ, બહુવચનમાં છે, અને તેમને ઉદ્દેશીને જે કહેવાયું છે 'તે (વેદો) પ્રમાણ છે' તેમાં વેદોના વિશેષણ તરીકે પ્રમાણ શબ્દ વિધેયાંશમાં વાપર્યો છે. પણ પ્રમાણ શબ્દ પોતે કોઈ પણ સ્થિતિમાં પોતાનું લિંગ ત્યજતો નથી. તેથી वेदाः प्रमाणम् । એમ જ પ્રયોગ કરવો પડે છે. આવા બીજા પણ પ્રયોગો મળી શકે. જેમકે,

૧. संपदः आपदाम् पदम् । 'સંપત્તિઓ આપત્તિઓનું સ્થાન છે.' ૨. भगवत्पादाः शङ्कराचार्याः अस्माकं श्रद्धायाः स्थानम् । - ભગવાન શંકરાચાર્ય આપણી શ્રદ્ધાનું સ્થાન છે. (અહીં शङ्कराचार्याः - स्थानाः । એવું થતું નથી.) ૩. शैत्यं हि यत्सा प्रकृतिर्जलस्य । 'જળની જે પ્રકૃતિ છે, તે શૈત્ય (= ઠંડક) છે. (અહીં प्रकृतिः સ્ત્રીલિંગ વિશેષ્ય સાથે शैत्य વિશેષણ નપુંસકલિંગમાં છે.)

III.4.1. વિશેષણોના ભેદો :

વિશેષણ
- નામપદનાં
  - ભેદમૂલક
    1. ષષ્ઠી વિભક્તિથી રજૂ થતાં, 'સંબંધ'વાચક શબ્દો
    2. સાહચર્યનો ભાવ કહેનારા
    3. રાહિત્યનો ભાવ કહેનારા
  - અભેદમૂલક
    1. ગુણવાચક શબ્દો
    2. રંગવાચક
    3. સંખ્યાવાચક
    4. સર્વનામવાચક
    5. તદ્ધિતાન્ત શબ્દો
    6. કૃદન્ત શબ્દો
    7. સામાસિક શબ્દો
    8. વર્તમાન કૃદન્તો
    9. ભવિષ્યત્કૃદન્તો
- ક્રિયાપદનાં
  - ૧. ક્રિયાવિશેષણ

[અત્યાર સુધી આપણે નામપદોનાં વિશેષણોની વિસ્તારથી સોદાહરણ ચર્ચા કરી છે. હવે, III.4.2 માં ક્રિયા-પદનાં ઉપર્યુક્ત વિશેષણની ચર્ચા કરીશું.]

III.4.2 ક્રિયાપદનાં વિશેષણ :

ક્રિયાવિશેષણ : જ્યારે કોઈ શબ્દથી ક્રિયાને વિશેષિત કરવામાં આવે છે (= ક્રિયાના સ્વરૂપને વર્ણવવામાં આવે છે) ત્યારે તેને 'ક્રિયાવિશેષણ' કહે છે. જેમકે,

૧. સીતા વનમાં ચોખા (સરસ) રાંધે છે.
(સરસ = ક્રિયાવિશેષણ, રાંધે છે = ક્રિયા)
सीता वने तण्डुलान् सुष्ठु पचति ।

૨. વિદૂર રાજસભામાં (સવિસ્તર અને સ્પષ્ટ) મંત્રણા કરે છે.
विदूरः राजसभायां सविस्तरं विशदं च मन्त्रयते ।

૩. વિમાન (કર્તા), આકાશમાં (ઝડપથી) જાય છે.
विमानम् आकाशे क्षिप्रं/झटिति गच्छति ।

૪. વાલ્મીકિના આશ્રમમાં સીતા (ગદ્ગદિત થઈને) રડે છે.
वाल्मीकेः आश्रमे सीता सगद्गदम् रोदिति ।

૫. શિષ્ય ગુરુને (નમ્રતાપૂર્વક) પ્રણામ કરે છે.
शिष्यः गुरुं सप्रश्रयं नमति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીંઆ રાંધવાની, મન્ત્રણાની, જવાની, રડવાની અને નમવાની ક્રિયાને વિશેષિત કરવા જે सुष्ठु, सविस्तरं, विशदं, क्षिप्रं/झटिति, सगद्‌गदम्, सप्रश्रयं શબ્દો વપરાયા છે તે બધાં જ 'ક્રિયાવિશેષણ' કહેવાય છે. વાક્યમાં આ ક્રિયાવિશેષણોને નપુંસકલિંગ ગણીને દ્વિતીયા વિભક્તિ એકવચનમાં મૂકવામાં આવે છે.[૧૮]

III.5. સ્વાધ્યાય :

આપણે અભેદમૂલક વિશેષણો લગભગ નવેક પ્રકારનાં જોયાં છે. અગાઉ કહ્યું છે તેમ આવાં વિશેષણોનો પ્રયોગ વિશેષ્યના લિંગ, વચન અને વિભક્તિને અધીન હોય છે. તથા આવાં વિશેષણોના પ્રયોગ થકી વાક્યનું કદ વધતું જાય છે. આ બન્ને મુદ્દાઓ નીચેનાં ઉદાહરણો સમજવાથી સ્પષ્ટ થશે : જેમકે, પહેલું ઉદાહરણ :

વિશેષ્ય	અભેદમૂલક વિશેષણો	ક્રિયાપદ
रामः	૧. ગુણવાચક- कृपालुः/जिज्ञासुः/दयालुः/वामनः/शठः/भ्राता/पतिः/नृपः ૨. રંગવાચક- गौरः/श्वेतः/कृष्णः/पिंगलः ૩. સંખ્યાવાચક- एकः ૪. સર્વનામવાચક- यः/एषः/सः/अयम् ૫. तद्धितान्त શબ્દ- धनवान्/ज्ञानी/राघवः/दाशरथिः ૬. કૃદન્ત શબ્દો- मोक्षदाता/नेता/हन्ता ૭. સમાસ- सीतापतिः/दशरथपुत्रः/लक्ष्मणाग्रजः/अयोध्यापतिः ૮. વર્તમાન કૃદન્ત- (प्राणं) श्वसन्/(पुष्पं) जिघ्रन्/(वनं) गच्छन् ૯. ભવિષ્યત્કૃદન્ત- (वनं) गमिष्यन्/(रावणं) हनिष्यन्	अस्ति

બીજું ઉદાહરણ : नृपः ब्राह्मणाय यच्छति । એવા સાદા વાક્યને નીચે દર્શાવ્યાં છે એ પ્રકારનાં વિશેષણો વાપરીને વિસ્તૃત કરી શકાય :

વિશેષણ	← કર્તા	વિશેષણ	← સમ્પ્રદાન	ક્રિયાપદ
दयालुः धनाढ्यः किरीटी प्रजापालकः ←	नृपः વિશેષ્ય પુંલિંગ પ્રથમા એકવચન	वेदज्ञाय वृद्धाय ज्ञानिने ज्ञानवते दरिद्राय वामनाय ←	ब्राह्मणाय વિશેષ્ય પુંલિંગ ચતુર્થી એકવચન	यच्छति ।

(૧૮) क्रियाविशेषणानां कर्मत्वम् एकत्वं क्लीबत्वम् च भवति । (જુઓ : નીલકંઠની 'પરિભાષાવૃત્તિ', ૧૩૪)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ત્રીજું ઉદાહરણ :

आरम्भगुर्वी क्षयिणी क्रमेण
लघ्वी पुरा वृद्धिमती च पश्चात् ।
दिनस्य पूर्वार्द्धपरार्द्धभिन्ना
छायेव मैत्री खल-सज्जनानाम् ॥

''દુષ્ટોએ કરેલી મૈત્રી શરૂઆતમાં મોટી હોય છે, પણ પાછળથી ઘટતી જાય છે, જ્યારે સજ્જનોએ કરેલી મૈત્રી-જેવી રીતે છાયા દિવસના પૂર્વાર્દ્ધમાં જુદી (નાની) હોય છે અને પરાર્દ્ધમાં જુદી (મોટી) હોય છે તેમ શરૂઆતમાં થોડી હોય છે પણ પાછળથી વધતી જાય છે.''

	વિશેષણ	
(क) खलानां मैत्री વિશેષ્ય	१. आरम्भगुर्वी અને २. क्रमेण क्षयिणी	अस्ति ।

	વિશેષણ	
(ख) सज्जनानां मैत्री વિશેષ્ય	१. (दिनस्य) पूर्वार्द्धपरार्द्धभिन्ना छाया इव, २. पुरा लघ्वी, અને ३. पश्चात् वृद्धिमती	(अस्ति) ।

ચોથું ઉદાહરણ :

अनाघ्रातं पुष्पं किसलयमलूनं कररूहै-
रनाविद्धं रत्नं मधु नवमनास्वादितरसम् ।
अखण्डं पुण्यानां फलमिव च तद्रूपमनघं
न जाने भोक्तारं कमिह समुपस्थास्यति विधिः ॥ (શાકુન્તલ : ૧-૧૦)

(तद्रूपम् = तस्याः रूपम्)

તે (શકુન્તલા)નું નિષ્પાપ રૂપ જાણે વણસુંઘાયેલું પુષ્પ છે, નખોથી નહીં ચૂંટેલી કુંપળ છે, વણવિંધાયેલું રત્ન છે, નહીં ચાખેલું નવું મધ છે અને પુણ્યોનું અખંડ ફળ છે. હું (દુષ્યન્ત) જાણતો નથી કે આ રૂપના કયા ભોક્તાને વિધાતા (અહીં) ઉપસ્થિત કરશે ?

	વિશેષણો	
(तद् = तस्याः शकुन्तलायाः) रूपम्-વિશેષ્ય	१. अनघम् २. (अनाघ्रानतं) पुष्पम् इव ३. ((कररूहैः) (अलूनं) किसलयम् (इव) ४. (अनाविद्धं) रत्नम् (इव) ५. (अनास्वादितम्) (नवम्) मधु (इव) ६. ((पुण्यानाम्) अखण्डम्) फलम् (इव)	(अस्ति)

નિષ્કર્ષ : આ પૃથક્કરણોનો અભ્યાસ કરવાથી એ સ્પષ્ટ થયું હશે કે-

(क) અભેદમૂલક વિશેષણોનો પ્રયોગ વિશેષ્યનાં લિંગ, વચન અને વિભક્તિને અધીન રહે છે (એટલે કે વિશેષ્ય-વિશેષણ વચ્ચે લિંગ, વચન અને વિભક્તિની સંગતિ-agreement-જાળવવી પડે છે) તથા (ख) વિશેષણોના પ્રયોગથી સાદા વાક્યનો વિસ્તાર થતો જાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ - ૪

વાક્યોનાં પ્રકાર
અને
વાક્યનો વિસ્તાર કરનારાં ઉપવાક્યો

IV.1. **વાક્યનું સ્વરૂપ :** અત્યાર સુધીમાં આપણે સંસ્કૃત ભાષાનાં સાદાં વાક્યોની રચના કેવી રીતે થાય છે એની ચર્ચા કરી છે. જેમાં પહેલાં ૧. ઉદ્દેશ્ય અને ક્રિયાપદ વચ્ચે સંગતિ ગોઠવવી; ત્યાર પછી ૨. જુદા જુદા કારકાર્થોની અભિવ્યક્તિ કરવા કઈ કઈ વિભક્તિનો ઉપયોગ કરવો; અને પછી ૩. તે તે કારકોનાં 'ભેદમૂલક' અને 'અભેદમૂલક' એવાં દ્વિવિધ વિશેષણોનો કેવી રીતે (= વિશેષ્યને સુસંગત રહીને) પ્રયોગ કરવો એનું વિસ્તારથી સોદાહરણ નિરૂપણ કર્યું છે. પરંતુ નામપદો + ક્રિયાપદની અન્વિતિથી ઊભા થતાં વાક્યોના પ્રકાર અને તેમની સંઘટનાનો ક્રમ પણ ચર્ચવો જોઈએ.

આ ગ્રન્થની ભૂમિકામાં જે 'વાક્યવિચાર' પ્રસ્તુત કર્યો છે ત્યાં જણાવ્યું છે કે - સંસ્કૃત ભાષાનાં વાક્યોમાં સામાન્ય રીતે (અનેક) નામપદો અને (ઓછામાં ઓછું) એક ક્રિયાપદ આવેલું હોય છે. હવે, આ નામપદો અને ક્રિયાપદ વચ્ચેના પ્રધાન-ગૌણ ભાવનો વિચાર કરીએ તો ક્રિયા ઉપકાર્ય (= સાધ્ય) છે, અને નામપદો દ્વારા વ્યક્ત થતાં કારકો ઉપકારક (= સાધન) છે. આ દૃષ્ટિએ સાધ્ય ક્રિયાની પ્રત્યે - અપેક્ષાએ - સાધનભૂત કારકોને ગૌણ ગણવામાં આવ્યાં છે. બીજા શબ્દોમાં કહીએ તો વક્તા જ્યારે બોલતો હોય છે ત્યારે તેને મુખ્યત્વે કોઈક 'ક્રિયા' વિષે જ વાત કરવી ઉદ્દિષ્ટ હોય છે.[1] એટલે કે વાક્યમાં ક્રિયા પ્રધાન છે, કેન્દ્રસ્થાને રહેલી છે.

આ હકીકતને ધ્યાનમાં રાખીને 'પાણિનીય વ્યાકરણ'માં વાર્તિકકાર કાત્યાયને વાક્યનું લક્ષણ આપતાં કહ્યું છે કે - एकतिङ् वाक्यम् । (૨-૧-૧ સૂત્રભાષ્યમાંનું વાર્તિક-૧૦) અર્થાત્ ''ઓછામાં ઓછું જ્યાં એક ક્રિયાપદ (= તિઙન્ત પદ) હોય તેને 'વાક્ય' કહે છે.'' આ ઉપરાંત, ત્યાં 'વાક્ય'નું એક બીજું લક્ષણ પણ આપ્યું છે કે - आख्यातं साव्यय-कारक-विशेषणं वाक्यम् । (૨-૧-૧ સૂત્રભાષ્ય વાર્તિક-૯) ''અવ્યયો, કારકો અને વિશેષણ સહિતનું જે ક્રિયાપદ તેને 'વાક્ય' કહે છે.'' પરંપરાગત દૃષ્ટિએ વાક્યનાં જે આ બે લક્ષણો આપવામાં આવ્યાં છે તેમાં ક્રિયાપદને વાક્યનું પ્રાણભૂત તત્ત્વ માન્યું છે. આથી ક્રિયાના ઉપલક્ષ્યમાં વાક્યોના કેટલા પ્રકાર પડી શકે છે તેનો વિચાર કરીશું.

IV.2.0. વાક્યોના પ્રકાર

પરંપરાગત વ્યાકરણની દૃષ્ટિએ (૧) ત્રિવિધ ઉદ્દેશ્ય અનુસાર વાક્યના (क) કર્તરિ પ્રયોગ, (ख) કર્મણિ પ્રયોગ અને (ग) ભાવે પ્રયોગવાળાં વાક્યો એવું એક વિભાજન વિચારાયેલું છે. (જુઓ : પ્રકરણ-૭). આ ઉપરાંત, (૨) ક્રિયાપદને આધારે (क) વર્તમાનકાળ, ભવિષ્યત્કાળ અને ભૂતકાળ જેવી કાળવાચક વાક્યરચનાઓ, અને (ख) આજ્ઞાર્થ, વિધ્યર્થ, ક્રિયાતિપત્ત્યર્થ, આશીર્વાદાર્થક, નિષેધાર્થક કે પ્રશ્નાર્થકવાળી 'અર્થ' (Mood) વાચક વાક્યરચનાઓ; તથા (ग) પ્રેરક, ઇચ્છાદર્શક અને પૌનઃપુન્યાર્થક વાક્યરચનાઓ-એવું વિભાજન પણ પાડવામાં આવે છે. (જુઓ : પ્રકરણ-૫ અને ૮) આમ વાક્યની આંતરિક સંરચનાને (syntax) અને વાક્ય દ્વારા વ્યક્ત થતા વિચારો (semantics) -અર્થો-ને ધ્યાનમાં રાખીને વાક્યોના પ્રકાર અનેક રીતે દર્શાવી શકાય. અંગ્રેજી વ્યાકરણમાં (i) Simple sentence, (ii) Compound sentence and (iii) Complex sentence - એવાં ત્રિવિધ વાક્યો વિચારાયાં છે. પ્રસ્તુત પ્રકરણમાં એક જુદી રીતે વાક્યોના પ્રકાર વિચારવામાં આવે છે. (સંસ્કૃત ભાષા શીખવા મથતા અભ્યાસીને અહીં દર્શાવેલા ક્રમે જો વાક્યરચનાઓ આત્મસાત્ કરાવાશે તો તે વધુ જલ્દી ફળદાયી બનશે :)

---

૧. જગતમાં જડ-ચેતન પદાર્થો તો પહેલેથી પડેલા જ છે-સિદ્ધ છે. જેમકે, ગાય, માણસ, પર્વત, નદી, સૂર્ય, જંગલ, ચોખા, તપેલી વગેરે. આવા પદાર્થોની વાચક સંજ્ઞાઓ (કેવળ નામો) બોલવાથી કશો વ્યવહાર થઈ શકતો નથી. એટલે જગતના એ સિદ્ધ (અને બુદ્ધિસ્થ) પદાર્થોએ ભેગા મળીને કઈ ક્રિયા કરી, કરશે, કરવી-એના વિષે બોલવાથી જ વ્યવહાર ચાલે છે. દા.ત. માણસ કુહાડીથી વૃક્ષને કાપે છે.' 'સીતા તપેલીમાં ચોખા રાંધે છે.' 'પર્વતમાંથી નીકળીને નદી જંગલમાં જાય છે.' વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain:Digitized by eGangotri.

જેમકે, (૧) સાદું વાક્ય - (क) ઉદ્દેશ્ય અને ક્રિયાપદવાળું વાક્ય
(ख) ઉદ્દેશ્ય, કારકસમૂહ અને ક્રિયાપદવાળું વાક્ય.
(૨) વિશેષણ સહિતનું (સાદું) વાક્ય
(૩) મિશ્રવાક્ય, (મુખ્ય વાક્યાન્તર્ગત ઉપવાક્યનો પ્રયોગ)
(૪) સંયુક્ત વાક્ય, (વાક્યસંયોજક અવ્યયના પ્રયોગવાળું)
(૫) જટિલ વાક્ય (આલંકારિક વાક્ય રચનાઓ તથા 'મિશ્ર' અને 'સંયુક્ત' વાક્યની સહોપસ્થિતિ)

IV.2.1.[૧] સાદું વાક્ય - સંસ્કૃત ભાષામાં બે પ્રકારનાં સાદા વાક્યો વિચારી શકાય : (क) ઉદ્દેશ્ય અને ક્રિયાપદવાળું વાક્ય, તથા (ख) ઉદ્દેશ્ય અને કારકસમૂહ સહિતના ક્રિયાપદવાળું વાક્ય. ઉદાહરણ દ્વારા આને વિશદ કરીએ તો -

(क) સંસ્કૃત ભાષામાં ક્યારેક કેવળ ક્રિયાપદથી બનેલાં વાક્ય પણ જોવાં મળે છે. જેમકે, ब्रूहि ब्रूहि । '(તું) બોલ, બોલ.' એ જ પ્રમાણે, पश्य '(તું) જો.' गच्छ '(તું) જા.' અથવા साधयामः । '(અમે) જઈએ છીએ.' अभिनन्दामि । કે प्रणमामि । (હું) અભિનંદુ છું,' '(હું) પ્રણામ કરું છું' અહીં કેવળ ક્રિયાપદનો પ્રયોગ છે. પરંતુ તેમાં વપરાયેલા मि - सि - ति જેવા પ્રત્યયથી તેનો ઉદ્દેશ્ય (-કર્તાકારક) કોણ છે ? તે સમજાઈ જાય છે અથવા, ક્યારેક પ્રકટપણે જેમાં ઉદ્દેશ્યનો પણ નિર્દેશ હોય અને તેની સાથેનું સંબદ્ધ ક્રિયાપદ હોય તેવું વાક્ય પણ જોવા મળે છે. જેમકે, सूर्यः उदेति । 'સૂર્ય ઉદય પામે છે.' नदी वहति । 'નદી વહે છે.' अहं गच्छामि । 'હું જાઉં છું.' વગેરે.



આમ સાદા વાક્યની રચનામાં ઉદ્દેશ્યને સુસંગત એવા ક્રિયાપદનો પ્રયોગ થતો હોય છે. અહીં ક્રિયાપદનો પ્રયોગ હોવો તો અનિવાર્ય છે જ, પણ ઉદ્દેશ્યભૂત વક્તા, શ્રોતા કે તદ્ભિન્ન જગત્‌નો અનુક્રમે अस्मद्, युष्मद् કે तद्, यद्, इदम् અથવા राम, सीता વગેરે જેવી કોઈ) વ્યક્તિ ગમ્યમાન પણ હોય અને પ્રકટપણે નિર્દેશાયેલી પણ હોઈ શકે :

૧. ब्रूहि ब्रूहि । → (त्वं) ब्रूहि ।   ૨. सः गच्छति । । 'તે (રામ) જાય છે.'

કેવળ ક્રિયાપદનો પ્રયોગ	ગમ્યમાન ઉદ્દેશ્ય	ક્રિયાપદ	પ્રકટ ઉદ્દેશ્ય	તદનુરૂપ ક્રિયાપદ	}	ઉદ્દેશ્ય સાથે સંબદ્ધ ક્રિયાપદનો પ્રયોગ
	(તું)	બોલ.				

(આવા પ્રકારના વાક્યનું નિરૂપણ પ્રકરણ-૧માં કર્યું છે.)

(ख) ઉદ્દેશ્ય અને કારકસમૂહ સહિતના ક્રિયાપદવાળું વાક્ય :

ઉપર્યુક્ત પ્રકારના સાદા વાક્યનો વિસ્તાર કરીને જ્યારે ઉદ્દેશ્ય ભૂત કર્તા અને ક્રિયાપદની વચ્ચે અન્ય કારકોનો નિર્દેશ પણ કરવામાં આવે ત્યારે આ બીજા પ્રકારનું સાદું વાક્ય તૈયાર થાય છે. (જેની ચર્ચા પ્રકરણ-૨માં કરવામાં આવી છે.) જેમકે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. सीता ।	+	કારક સમૂહ	+ ।	૨. पचति ।
ઉદ્દેશ્યભૂત		(કરણ, અધિકરણ, કર્મ)		ક્રિયાપદ
કર્તા		૩. अग्निना		
		૪. स्थाल्यां		
		૫. तण्डुलान्		

અહીં, અમુક ક્રિયા પહેલેથી છેલ્લે સુધી પાર પાડનાર વ્યક્તિ (કર્તાકારક)નો વાક્યમાં નિર્દેશ કરવા ઉપરાંત, એ ક્રિયા કરવામાં બીજી કઈ કઈ વ્યક્તિએ / પદાર્થે સહકાર આપ્યો છે (વત્તે ઓછે અંશે ક્રિયા પૂરી કરવામાં થોડી થોડી મદદ કરી છે) તે દર્શાવવા અન્ય 'કારકો'ની પણ વિવક્ષા કરવામાં આવે છે. જેમકે, ઉપરના વાક્યમાં- सीता એ ક્રિયાજનક તરીકે - કર્તૃકારક સ્વરૂપે - મદદ કરી છે. બીજા શબ્દોમાં કહીએ તો સીતા ચોખા, તપેલી, અગ્નિ વગેરે અન્ય પદાર્થોને ભેગાં કરીને તેમના દ્વારા રાંધવાની ક્રિયાને જન્માવે છે. આમ સીતા એક સંયોજક કર્તા (co-ordinator agent) તરીકે રાંધવાની ક્રિયાને ઉપકૃત કરે છે. (અસ્તિત્વમાં લાવે છે.) अग्निना (= સળગતાં લાકડાં) સાધન = કરણકારક સ્વરૂપે (પ્રકૃષ્ટ ઉપકારક સાધન તરકે) રાંધવાની ક્રિયાને પાર પાડવામાં મદદ કરે છે. स्थाल्याम् - તપેલી પોતાનામાં ચોખાને ધારણ કરી રાખીને આધાર - અધિકરણકારક - સ્વરૂપે કાર્ય કરીને રાંધવાની ક્રિયાને મદદ કરે છે. તથા तण्डुलान् - (જે ચોખા છે, તે) આ રાંધવાની ક્રિયાથી અનાજનું (ચોખાનું) ઢીલા પડવારૂપી જે ફળ આવે છે, તે વિક્લિત્તિ (= ઢીલાશ)ને ધારણ કરીને ચોખા જેવો પદાર્થ પણ કર્મકારક તરીકે રાંધવાની ક્રિયાને ઉપકૃત કરે છે. આમ વાક્યમાં ક્રિયાપદ અને ઉદ્દેશ્ય ભૂત કર્તૃકારક ઉપરાંત અન્ય કારકસમૂહ પણ ઉમેરીને વાક્યનું સંઘટન કરવામાં આવે છે. વળી, વાક્યના કેન્દ્રસ્થાને જે ક્રિયા રહેલી છે તે ક્રિયા (અન્ય કયા કયા કારકની મદદથી ઉપકૃત થઈ એમ દર્શાવવા ઉપરાંત) ક્યાં થઈ ? અને ક્યારે થઈ ? એની પણ વિવક્ષા હોય ત્યારે, (ઉપર્યુક્ત કારકસમૂહ ઉપરાંત)-જે તે ક્રિયાના સ્થળ-કાળ દર્શાવનારાં સપ્તમ્યન્ત પદો કે અમુક અવ્યયોનો પણ પ્રયોગ કરવામાં આવે છે. કારણ કે સ્થળ અને કાળની મર્યાદા બહાર કોઈ ક્રિયા થઈ શકતી જ નથી. એટલે કે કોઈ પણ ક્રિયા નિશ્ચિત સ્થળે અને નિશ્ચિત સમયમાં જ થતી હોય છે.[2] આથી, વક્તા જ્યારે કોઈ ક્રિયા વિશે વાત કરતો હોય છે ત્યારે તે પોતાના વાક્યમાં જે તે ક્રિયા કયા સ્થળે અને કયા સમયે અસ્તિત્વમાં આવી / આવશે તેનો પણ પ્રાયઃ નિર્દેશ કરતો હોય છે. જેમકે,

રસોડામાં	સવારે	<u>સીતા</u> <u>અગ્નિથી</u> <u>તપેલીમાં</u> <u>ચોખા</u> રાંધે છે.	
૧. સ્થળ	૨. કાળ.	૩. કારક સમૂહ	+ ક્રિયાપદ = વાક્ય

૧. સ્થળ → રસોડામાં → महानसे

૨. કાળ → સવારે → प्रातःकाले

૩. કારકસમૂહ →

કર્તાકારક (તથા ઉદ્દેશ્ય, તેથી)	પ્રથમા વિ.	सीता
કરણકારક -	તૃતીયા વિ.	अग्निना
અધિકરણ -	સપ્તમી વિ.	स्थाल्यां
કર્મકારક -	દ્વિતીયા વિ.	तण्डुलान् + ક્રિયાપદ → पचति ।

નોંધ : ૧. स्थाल्यां (તપેલીમાં) - આ જે અધિકરણ છે, તે 'ચોખા' રૂપી કર્મકારકને ધારણ કરી રાખે છે, જ્યારે महानसे (રસોડામાં) - સ્થળરૂપી અધિકરણ તો સમગ્ર કારકસમૂહને (જેમકે, સીતાને, અગ્નિને, તપેલીને અને ચોખાને) ધારણ કરી રાખે છે. આથી તેનો પૃથક્ નિર્દેશ કરવો પડે છે.

---

૨. આથી તત્ત્વજ્ઞાનમાં ક્રિયામાત્રને જન્મવા માટે 'સ્થળ અને 'કાળ' એ બેને અસાધારણ (શાશ્વત) નિમિત્તકારણ માનવામાં આવેલ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨. એ જ પ્રમાણે पचति । ક્રિયાપદમાંના ति પ્રત્યયથી વર્તમાનકાળનો બોધ થાય છે. પરંતુ તે વર્તમાનરૂપી કાળનો સામાન્યેન નિર્દેશ કરે છે. (એમાં ઘણા મોટા સમયગાળાનો સમાવેશ થઈ શકે.) આથી વક્તા (વર્તમાનકાળમાં થતી) તે રાંધવાની ક્રિયાના કાળરૂપી શાશ્વત અધિકરણનો પણ (अद्य, श्वः, ह्यः, प्रातःकाले, मध्याह्ने, पूर्णिमायां, वर्षाकाले એવા શબ્દોથી) પૃથક્ નિર્દેશ કરીને નિશ્ચિતતા લાવે છે. (જેમકે - સીતા રસોડામાં / વનમાં / લંકામાં અને સવારે / બપોરે / રાત્રે રાંધે છે.)

આ દૃષ્ટિએ જોતાં, સંસ્કૃત ભાષાના સાદા વાક્યનું સ્વરૂપ નીચે મુજબ જણાશે :

(ख)





હવે આ ચાર્ટ (ख)ને સમજીએ તો - વાક્યમાં ક્રિયા કેન્દ્રસ્થાને, પ્રધાનભાવે રહેલી છે. કેમકે આ ક્રિયા સાધ્ય = ઉપકાર્ય છે; જ્યારે સ્થળ, કાળ, અને કારકો સાધનો = ઉપકારકો છે. જેમકે, ૧. સ્થળ અને ૨. કાળ ક્રિયામાત્રને જન્માવનારાં શાશ્વત્ નિમિત્તકારણો છે. (આથી ઉપરના ચાર્ટમાં તે સ્થળ-કાળને '→' તીરની નિશાનીથી ક્રિયા ઉપર ઉપકાર કરતાં દર્શાવ્યાં છે.) એ જ પ્રમાણે, ૩. રાંધવાની ક્રિયામાં ભાગ લેનારા પદાર્થો પણ કારકસ્વરૂપે = સાધનભાવે ક્રિયાને જન્માવવામાં ઉપકારક બને છે. (આથી તે 'કારકો'ને પણ '→' તીરની નિશાનીથી 'ક્રિયા' તરફ - ઉપકાર્ય-ઉપકારક/ ક્રિયા-કારકભાવસંબંધે - અન્વિત થતાં દર્શાવ્યાં છે.)

આમ, 'સાદાં વાક્ય' તરીકે સંસ્કૃતમાં (क) ઉદ્દેશ્ય (પ્રકટ કે ગમ્યમાન) અને ક્રિયાપદવાળાં વાક્ય, તથા (ख) ઉદ્દેશ્ય અને કારકસમૂહ સહિતનું (તથા પ્રાયઃ સ્થળ, કાળના નિર્દેશપૂર્વકનું) ક્રિયાપદ જેમાં હોય તેવાં વાક્યોની સંઘટના થતી હોય છે.

IV.2.2. [૨] વિશેષણ સહિતનું (સાદું) વાક્ય : સાદા વાક્યનો વિસ્તાર કરનારાં વિશેષણ-વાચક નામપદોનો વિશેષ્યની સાથે લિંગ, વચન અને વિભક્તિની બાબતમાં સુસંગત રહીને કેવી રીતે પ્રયોગ કરવામાં આવે છે તેની વિસ્તૃત ચર્ચા પ્રકરણ-૩માં કરી છે. હવે, ઉદ્દેશ્ય, કારકસમૂહ અને ક્રિયાપદવાળા વાક્યમાં જે બે પ્રકારનાં (ભેદમૂલક અને અભેદમૂલક) વિશેષણો ઉમેરીને, વિવિધ કારકોને જે જે રીતે વિશેષિત કરી શકાય છે તેનું સ્પષ્ટીકરણ નીચેના આલેખ દ્વારા કરીશું :

૧. સાદું વાક્ય : રામ નાવડાથી ગંગાને તરી જાય છે.

रामः जलयानेन गङ्गाम् उत्तरति ।

૨. વિશેષણ સહિતનું વાક્ય :

- અયોધ્યાનો રામ તારા નાવડાથી જલપૂર્ણ ગંગાને તરી જાય છે.
- ભગવાન રામ ભરતના નાવડાથી વિસ્તીર્ણ ગંગાને તરી જાય છે.
- સીતાની સાથે રામ કાષ્ઠમય નાવડાથી પૂનિત ગંગાને તરી જાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

- ભરત વિના(ના) રામ મોટા નાવડાથી ભારતવર્ષની ગંગાને તરી જાય છે.
- તે ચતુર રામ આ નાવડાથી આકાશની ગંગાને તરી જાય છે.
- કૌસલ્યાનો રામ નાના નાવડાથી પેલી ગંગાને તરી જાય છે. અહીં 'તરી જાય છે' ક્રિયાપદ સિવાયનાં નામપદોનું વિશ્લેષણ કરીએ તો –



અહીં કર્તૃકારક (રામ), કરણકારક (નાવડું) અને કર્મકારક (ગંગા)નાં કેટલાંક ૧. ભેદમૂલક વિશેષણો અને ૨. બીજાં કેટલાંક અભેદ-મૂલક વિશેષણોનો પ્રયોગ થયો છે. આમાંથી જે ભેદમૂલક વિશેષણો છે, તેની અભિવ્યક્તિ કરવા વાક્યમાં સહ યોગે તૃતીયા વિભક્તિ, વિના યોગે બીજી / ત્રીજી / પંચમી વિભક્તિનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે,

(सीतया सह) रामः जलयानेन गङ्गाम् उत्तरति ।

(भरतं/भरतेन/भरतात् विना) रामः जलयानेन गङ्गाम् उत्तरति ।

નોંધ : અહીં 'રામ' (કર્તાકારક) કેવા ? તો 'સીતાની સાથે રહેલા' એવો પ્રત્યુત્તર મળે છે. આથી 'સીતયા સહ' પદો 'રામ' (કર્તાકારક)નાં વિશેષણ બને છે. વળી, તે સીતા રામથી ભિન્ન એવી વ્યક્તિ છે ('રામ' અને 'સીતા' અભિન્ન નથી), તેથી 'સીતાની સાથે' સીતયા સહ-એ પદો 'રામ' કર્તાકારકનું 'ભેદમૂલક વિશેષણ' ગણાય છે. તથા, કારકોની જગત્ સાથેનો સંબંધ દર્શાવનારા શબ્દોને ષષ્ઠી વિભક્તિ દ્વારા રજૂ કરવામાં આવે છે. (આવાં ષષ્ઠ્યન્ત પદો પણ કારકનાં 'ભેદમૂલક વિશેષણ' ગણાય છે.) જેમ કે –

–अयोध्यायाः / कौसल्याः रामः, भरतस्य जलयानेन, भारतवर्षस्य गङ्गाम् उत्तरति ।

અહીં, 'રામ'નો એક તરફથી તરવાની ક્રિયા કરનાર = કર્તાકારક તરીકે उत्तरति ક્રિયામાં (ક્રિયા-કારક ભાવે) સંબંધ છે. તો બીજી તરફથી, એ 'રામ'નો (ક્રિયાથી નિરપેક્ષ એવા) બહારના જગત્ના બીજા એક પદાર્થ (દા. ત., 'અયોધ્યા' અને 'કૌસલ્યા') સાથે પણ (વસતિ-વાસ્તવ્ય = રહેઠાણ અને રહેવાસીભાવે) સંબંધ છે. એ જ પ્રમાણે, નાવડી = 'જલયાન'નો એક તરફથી પ્રકૃષ્ટ ઉપકારક = કરણકારક તરીકે उत्तरति = તરવાની ક્રિયામાં (ક્રિયા-કારક ભાવે) સંબંધ છે, તો બીજી તરફથી, એ 'જલયાન'નો (તરવાની ક્રિયાથી નિરપેક્ષ એવા) બાહ્ય જગત્ના બીજા એક પદાર્થ (દા.ત. ભરત નામની વ્યક્તિ) સાથે પણ (સ્વ-સ્વામિભાવે) સંબંધ છે. એ જ પ્રમાણે, ગઙ્ગાનો કર્મકારક રૂપે એક તરફથી તરવાની ક્રિયામાં સંબંધ છે તો બીજી તરફથી, તે 'ગંગા'નો જગત્ના બીજા એક પદાર્થ - ભારતવર્ષ-ની સાથે પણ સંબંધ છે. એટલે કે –

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अयोध्यायाः रामः, भरतस्य जलयानेन, भारतवर्षस्य गङ्गाम् उत्तरति ।

નોંધ : પ્રકરણ-૩માં ષષ્ઠ્યન્ત પદોને પણ કારકના ''ભેદમૂલક વિશેષણ'' ગણવામાં આવ્યાં છે.

* * *

હવે, કારકોનાં જે અભેદમૂલક વિશેષણો છે; તેમને વાક્યની અંદર વિશેષ્યના લિંગ, વચન અને વિભક્તિને અધીન-સુસંગત-રહીને વાપરવામાં આવે છે. (એમ અગાઉ આપણે જોઈ ચૂક્યા છીએ.) જેમ કે –

– भगवान् रामः, काष्ठमयेन जलयानेन, जलपूर्णां गङ्गाम् उत्तरति ।

– चतुरः रामः, महता जलयानेन, विस्तीर्णां गङ्गाम् उत्तरति ।

– सः रामः, अनेन जलयानेन, एतां गङ्गाम् उत्तरति ।

આમ, સાદા વાક્યમાં પ્રયોજાયેલાં ઉપર્યુક્ત દ્વિવિધ વિશેષણોમાંથી જે ભેદમૂલક વિશેષણો છે, તે જે તે કારકોની સાથે જ સંબંધિત હોય છે; (એમને ક્રિયા સાથે કોઈ સંબંધ હોતો નથી) તથા જે અભેદમૂલક વિશેષણો છે, તે તો એક રીતે પોતે પણ કારકો જ છે. જેમકે,



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

IV.2.3.0 [૩] **મિશ્ર વાક્ય :** એક મુખ્ય વાક્યની અન્તર્ગત જ્યાં બીજું એક 'ઉપવાક્ય' પણ ગોઠવવામાં આવ્યું હોય ત્યારે તેને 'મિશ્રવાક્ય' કહીશું. વાગ્વ્યવહારમાં આપણે (क) કોઈ એક વ્યક્તિએ (= કર્તૃકારકે) એક મુખ્યક્રિયા કરતાં પહેલાં, જો બીજી કોઈ ક્રિયા પણ કરી હોય તો તેનો નિર્દેશ પણ કરીએ છીએ. અથવા (ख) કોઈ એક વ્યક્તિ (કર્તૃકારક) અમુક મુખ્ય ક્રિયા કર્યા પછી, (ભવિષ્યમાં) બીજી કોઈ ક્રિયા પણ કરવાનો હોય છે તો તેનો પણ વાક્યમાં નિર્દેશ કરવામાં આવે છે. જેમકે,

(क) ब्राह्मणः [नद्यां स्नात्वा] मन्दिरं गच्छति ।
'બ્રાહ્મણ (નદીમાં નાહીને) મન્દિરે જાય છે.' અહીં બ્રાહ્મણે મંદિરમાં જતાં પહેલાં નદીમાં સ્નાનક્રિયા કર્યાનો ઉલ્લેખ છે.

(ख) सीता [पुष्पाणि आनेतुम्] उपवनं गच्छति ।
'સીતા (પુષ્પો લાવવા માટે) બગીચામાં જાય છે.'

અહીં સીતા બગીચામાં ગયા પછી, (ભવિષ્યમાં) પુષ્પો લાવવાની ક્રિયા કરવાની છે તેનો પણ ઉલ્લેખ છે.

અહીં મુખ્યક્રિયા થતાં પહેલાં થયેલી ક્રિયાનો નિર્દેશ કરતાં પદોને; તથા મુખ્ય ક્રિયા થયા પછી (ભવિષ્યમાં) થનારી ક્રિયાનો નિર્દેશ કરતાં પદોને આપણે 'ઉપવાક્ય' કહીશું. ઉપરનાં ઉદાહરણોમાં (क) नद्यां स्नात्वा અને (ख) पुष्पाणि आनेतुम् એ બે 'ઉપવાક્ય' છે. આવાં ઉપવાક્યોમાં પણ કોઈક ક્રિયાનો, અને તે ક્રિયાનાં આવશ્યક કારકોનો સ્પષ્ટ જુદો નિર્દેશ હોય છે; અલબત્ત મુખ્યક્રિયાનો કર્તા અને આવી ઉપક્રિયાનો કર્તા બન્ને એક જ વ્યક્તિ હોય છે. જેમકે, અહીં બ્રાહ્મણે જ 'જવાની ક્રિયા' કરી છે, અને તેણે જ સ્નાનક્રિયા કરી છે. સીતાએ જ (બગીચામાં) 'જવાની' ક્રિયા કરી છે, અને તેણી જ (પુષ્પો) 'લાવવાની' ક્રિયા કરવાની છે. વળી, આ ઉપક્રિયામાં આવશ્યક એવાં અન્ય કારકોનો પણ નિર્દેશ થાય છે. જેમકે, અહીં સ્નાન ક્રિયાના અધિકરણ કારક તરીકે 'નદી'નો (-नद्याम् સપ્તમ્યન્ત પદનો); અને લાવવું (આનયન) ક્રિયાના કર્મકારક તરીકે 'પુષ્પ'નો (पुष्पाणि-દ્વિતીયાન્ત પદનો) પણ સ્વતન્ત્ર ઉલ્લેખ છે. આમ नद्यां स्नात्वा અને पुष्पाणि आनेतुम् ને 'ઉપવાક્ય' એવી સંજ્ઞા આપી શકાશે. પરંપરાગત વ્યાકરણમાં આને 'સંબંધક ભૂતકૃદન્ત' અને 'હેત્વર્થ કૃદન્ત' તરીકે ઓળખાવાય છે.

એ જ પ્રમાણે, વાક્યની મુખ્ય ક્રિયા ક્યારે થઈ એ દર્શાવવા માટે યુગપત્ સમયમાં થયેલી એક બીજી ક્રિયાનો પણ ઉલ્લેખ કરવામાં આવે તો તે પણ 'ઉપવાક્ય' રૂપ જ છે. જેમકે, [रामे वनं गते] दशरथः प्राणान् तत्याज । '(રામ જ્યારે વનમાં ગયા ત્યારે) દશરથે પ્રાણો ત્યજ્યા.' અહીં પ્રાણત્યાગની મુખ્ય ક્રિયા ક્યારે થઈ એ દર્શાવવા બીજી એક રામની વનગમન ક્રિયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહીં તે ગમનક્રિયાના બીજા એક (રામ રૂપ) સ્વતન્ત્ર કર્તાનો અને (વન રૂપ) કર્મનો પણ નિર્દેશ છે. આમ 'रामे वनं गते ।' તેને પણ ઉપવાક્ય કહેવાશે. પરંપરાગત વ્યાકરણમાં આને ''સતિ સપ્તમીવાળાં પદો'' તરીકે ઓળખાવાયાં છે. પરંતુ એક મુખ્ય ક્રિયા અને તેના કારકસમૂહની વચ્ચે / સાથે જ્યારે આવાં 'ઉપવાક્યો' ઉમેરવામાં આવે છે ત્યારે તે વાક્ય 'મિશ્રવાક્ય'નું રૂપ ધારણ કરે છે. આને નીચેના આલેખ દ્વારા સ્પષ્ટ કરી શકાય :-



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આમ (૧) સાદું વાક્ય + (क) પ્રકારનું સંબંધક ભૂતકૃદન્તવાળું ઉપવાક્ય મળીને; (૨) સાદું વાક્ય + (ख) પ્રકારનું હેત્વર્થકૃદન્તવાળું ઉપવાક્ય મળીને; (૩) સાદું વાક્ય + (ग) પ્રકારનાં સતિસપ્તમીવાળાં પદોનું ઉપવાક્ય મળીને તથા (૪) સાદું વાક્ય + (घ) પ્રકારનું અનાદરાર્થે ષષ્ઠીવાળું ઉપવાક્ય મળીને સંસ્કૃતમાં ચતુર્વિધ 'મિશ્રવાક્યો'નું નિર્માણ થાય છે. હવે આવાં ઉપવાક્યોની સંરચના નીચે વિસ્તારથી ચર્ચીશું :

IV.2.3.1. સંબંધક ભૂતકૃદન્તવાળું ઉપવાક્ય :

વાગ્વ્યવહાર દરમ્યાન આપણે અનેક વાક્યો બોલીએ છીએ. તે દરેકમાં જે એક એક મુખ્ય ક્રિયા વિષે વાત કરતા હોઈએ છીએ તે મુખ્ય ક્રિયા થતાં પૂર્વે, એ મુખ્ય ક્રિયા કરનાર વ્યક્તિ જ (= કર્તાકારક જ) - ૧. બીજી ક્રિયા પણ કરવાનો હોય છે; અથવા ૨. કરી ચૂક્યો હોય છે એમ પણ દર્શાવાય છે. જેમકે,

૧. <u>રામ</u> [<u>માતાને (પગે લાગીને)</u>] <u>(પછી) વનમાં જશે.</u>
(કર્તા) (કર્મ) (મુખ્ય ગમન ક્રિયા થતાં પૂર્વે થનારી ક્રિયા) કર્મ (મુખ્યક્રિયા)

અહીં, ''રામ વનમાં જશે'' એ સાદા વાક્યની મુખ્ય ક્રિયા (વન)ગમનક્રિયા છે. પરંતુ આ વાક્ય બોલનાર વ્યક્તિ એમ પણ દર્શાવવા માંગે છે કે મુખ્ય ગમનક્રિયા થતાં પૂર્વે એ મુખ્યક્રિયા કરનાર વ્યક્તિ-રામ-બીજી પણ એક ક્રિયા કરવાનો છે, અને તે (માતાને) 'પગે લાગવાની' ક્રિયા છે. આથી વક્તાએ ''રામ વનમાં જશે'' એવા સાદા વાક્યની અંદર [માતાને પગે લાગીને] એવા એક ઉપવાક્યને ઉમેરી દીધું છે.

૨. કૃષ્ણ (કંસને) હણીને, દ્વારિકા જાય છે.
(કર્તા) [(કર્મ) મુખ્ય-ગમન ક્રિયા થતાં પૂર્વે થયેલી ક્રિયા] (કર્મ) (મુખ્ય ક્રિયા)

અહીં, ''કૃષ્ણ દ્વારિકા જાય છે.'' એ સાદા વાક્યની મુખ્ય ક્રિયા (દ્વારિકા) ગમનક્રિયા છે. પરંતુ આ વાક્ય બોલનાર વ્યક્તિ એમ પણ દર્શાવવા માંગે છે કે મુખ્ય ગમનક્રિયા કરતાં પૂર્વે, એ મુખ્ય ક્રિયા કરનાર વ્યક્તિએ-કૃષ્ણે-બીજી પણ એક ક્રિયા કરી નાખી છે; જેમકે - (કંસને) 'હણી નાખવાની' ક્રિયા. આથી વક્તા ''કૃષ્ણ દ્વારિકા જાય છે'' એવા સાદા વાક્યની અંદર ['કંસને હણીને'] એવા એક ઉપવાક્યને ઉમેરી દે છે.

સંસ્કૃતભાષાના વાક્યમાં મુખ્ય ક્રિયાની પૂર્વે થયેલી, આવી 'પૂર્વકાલિક' ક્રિયાને દર્શાવતાં પદને ''સંબંધક ભૂતકૃદન્ત'' કહે છે.[3] [ગુજરાતી ભાષાની વાક્યરચનામાં આવાં સંબંધક ભૂતકૃદન્તોને દર્શાવવા માટે ક્રિયાવાચક શબ્દને ''-ને'' પ્રત્યય લગાડવામાં આવ્યો હોય છે. જેમકે, -જમીને, રમીને, લાવીને, મૂકીને, લઈને, મારીને, સ્નાન કરીને, ઊંઘીને, વાંચીને, જોઈને, જઈને, આવીને, રોપીને, કાપીને, ચૂંટીને, પૂજીને, નમીને વગેરે વગેરે.] સંસ્કૃત ભાષામાં આવા 'સંબંધક ભૂતકૃદન્ત'નું રૂપ બનાવવા માટે (મૂળ) ધાતુની પાછળ / -त्वा / પ્રત્યય લગાડવામાં આવે છે. જેમકે, ૧. √गम्+त्वा → गत्वा (ધાતુના म् નો લોપ)[4] = જઈને. ૨. √कृ+त्वा → कृत्वा = કરીને. ૩. √भू+त्वा → भूत्वा થઈને, ૪. √पठ्+त्वा → पठित्वा (ધાતુ અને પ્રત્યયની વચ્ચે એક નવો इ વર્ણ ઉમેરાયો.[4]) = વાંચીને. ૫. √कथ+त्वा → कथयित्वा કહીને, ૬. √भक्ष्+त्वा= भक्षयित्वा = ખાઈને/ ભક્ષણ કરીને, ૬. हन्+त्वा → हत्वा (ધાતુના न् કારનો લોપ)[4] = હણીને. ૭. नम्+त्वा→ नत्वा = નમીને. ૮. √दृश्+त्वा → दृष्ट्वा = જોઈને વગેરે.

પરંતુ આપણે ક્યારેક મૂળધાતુની પૂર્વે ઉપસર્ગ પણ જોડતા હોઈએ છીએ; આવા સંજોગોમાં (એટલે કે, સોપસર્ગ ધાતુનું જો સંબંધક ભૂતકૃદન્ત રૂપ બનાવવું હોય તો) તે સોપસર્ગ ધાતુને /-त्वा/ પ્રત્યયને બદલે, /-य/ પ્રત્યય લાગે છે. જેમકે,

---

૩. Indeclinable Past Participles or Gerunds.

૪. ધાતુ + પ્રત્યયમાંથી અમુક રૂપો તૈયાર કરવામાં આવે છે, ત્યારે વચગાળામાં કેવાં ધ્વનિપરિવર્તનો કરવામાં આવે છે તેની (= રૂપરચના અંગેની) ચર્ચા પ્રસ્તુત પુસ્તકમાં પ્રાયઃ કરવામાં આવી નથી. વાક્યમાં સંબંધક ભૂતકૃદન્તવાળાં ઉપવાક્યોનો પ્રયોગ કેવી રીતે કરવામાં આવે છે એ જ અહીં ચર્ચાનો મુખ્ય વિષય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. आ+√गम्+य = आगत्य (ધાતુના म् નો લોપ તથા એક નવો त् ઉમેરાયો.) = આવીને (ક્યાંક વિકલ્પે आगम्य એવું રૂપ પણ વપરાય છે.) ૨. अलम् + √कृ +य → अलंकृत्य = શણગારીને. ૩. सम् √भू+य → संभूय = સારી રીતે બનીને. ૪. प्र + √पद्+य → प्रपद्य = ખૂબ વાંચીને. ૫. प्र+√नम् → प्रणम्य (ઉપસર્ગમાંના રેફને કારણે ધાતુના न् કારનો ण् કાર થઈ ગયો) = પ્રણામ કરીને વગેરે.

નોંધ : આ /-त्वा / પ્રત્યયાન્ત, કે /-ય/ પ્રત્યયાન્ત સંબંધક ભૂતકૃદન્તોને 'અવ્યય' પ્રકારના શબ્દો ગણવામાં આવ્યા છે. તેથી તેમનાં કોઈ લિંગ કે વિભક્તિમાં રૂપો ચાલતાં નથી.

હવે, સંબંધક ભૂતકૃદન્તવાળાં ઉપવાક્યોનો વાક્યમાં પ્રયોગ કરી બતાવીશું :

૧. રામ	[(માતાને)	પગે લાગીને]	(પછી)	વનમાં	જશે.
કર્તા	કર્મ	મુખ્ય (ગમન) ક્રિયાની પૂર્વ-કાલિક ક્રિયા = સબંધક ભૂતકૃદન્ત		કર્મ	મુખ્ય ક્રિયા (ભવિષ્યમાં થનારી ક્રિયા)

પ્રથમ તબક્કે, સાદા વાક્યનો અનુવાદ કરીએ તો –

रामः [(માતાને) પગે લાગીને] वनम् गमिष्यति ।

બીજે તબક્કે એ વિચારીશું કે રામ (વનમાં) જવાની મુખ્ય ક્રિયા કરશે એ પૂર્વે બીજી કઈ ક્રિયા કરવાનો છે. તો તે રામ (માતાને) 'પગે લાગવાની' ક્રિયા કરવાનો છે, આથી પૂર્વકાલિક ક્રિયા દર્શાવતાં ''પગે લાગીને'' ને સંબંધકભૂતકૃદન્ત કહેવાશે. એને માટે √नम् ધાતુને + त्वा પ્રત્યય લગાડીને नत्वा 'નમીને' એવું સંબંધક ભૂતકૃદન્તવાળું રૂપ બનાવીશું. હવે આવું त्वा પ્રત્યયાન્ત રૂપ 'અવ્યય' ગણાતું હોઈને વાક્યમાં એનો સીધો જ પ્રયોગ થશે :

रामः (માતાને) नत्वा, वनम् गमिष्यति ।

ત્રીજે તબક્કે એ જુવો કે સંબંધક ભૂતકૃદન્તથી જે નમનક્રિયાનો નિર્દેશ કર્યો છે તે સકર્મક છે. એટલે કે 'નમીને' એવી ક્રિયા સાંભળીને 'કોને નમે છે ?' એવો પ્રશ્ન થશે. તો એ નમનક્રિયાના 'કર્મ' તરીકે 'માતાને' એવો જવાબ મળે છે. આથી, હવે આ કર્મવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવો પડશે. તો -रामः [जननीं नत्वा] वनम् गमिष्यति ।

૨. કૃષ્ણ	[(કંસને)	હણીને,]	દ્વારિકા	જાય છે.
કર્તા	કર્મ	મુખ્ય ક્રિયા (ગમન) કરતાં પૂર્વે થયેલી = પૂર્વકાલિક ક્રિયા દર્શાવતું સંબંધક ભૂતકૃદન્ત.	કર્મ	મુખ્ય ક્રિયા

कृष्णः [(કંસને) હણીને] द्वारिकां गच्छति । અહીં, દ્વારિકામાં ગમન કરતાં પહેલાં કર્તાએ–કૃષ્ણે–કંસને હણી નાખવાની ક્રિયા કરી છે. આથી આ પૂર્વકાલિક ક્રિયાને દર્શાવતાં ''હણીને'' પદને સંબંધક ભૂતકૃદન્ત કહે છે. તેને માટે સંસ્કૃત ભાષામાં (हन्+त्वा→) हत्वा રૂપ વપરાશે. તો - कृष्णः (કંસને) हत्वा, द्वारिकां गच्छति । થશે. પછી, આ હણવાની ક્રિયા સકર્મક હોઈને પ્રશ્ન થવાનો કે 'કોને હણીને ?' તો 'કંસને' એવો જવાબ મળે છે. આ 'કંસને' એ હણવાની ક્રિયાનું કર્મ છે, આથી તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવો પડશે. તો–

कृष्णः [कंसं हत्वा], द्वारिकां गच्छति ॥ થશે.

નોંધ : (૧) ઉપરનાં બન્ને ઉદાહરણોનો અનુવાદ વિચારતી વખતે એ ધ્યાન ઉપર આવ્યું હશે કે મુખ્ય ક્રિયા કરનાર વ્યક્તિ (કર્તા) અને પૂર્વકાલિક ક્રિયા કરનાર વ્યક્તિ એક જ છે. દા.ત., કૃષ્ણ જ ગમનક્રિયા કરનાર છે, અને એ જ કૃષ્ણે પહેલાં (કંસને) હણવાની ક્રિયા પણ કરી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨) વાક્યરચનાના દરમ્યાન कृष्णः द्वारिकां गच्छति । જેવા સાદાં વાક્યોમાં પૂર્વકાલિક ક્રિયા દર્શાવનારાં પદો (= સંબંધક ભૂતકૃદન્તવાળાં ઉપવાક્યો' ઉમેરવાથી વાક્યનું કદ વધતું જાય છે.

૩. હવે, સોપસર્ગ ધાતુવાળા સંબંધક ભૂતકૃદન્તનો એક વાક્યમાં પ્રયોગ્ કરીશું :

(૧) (क) હું [(હાથમાં પાણી) લઈને], સૂર્યને અર્ઘ્ય આપું છું.

अहम् [(હાથમાં પાણી) લઈને] सूर्याय अर्घ्यं यच्छामि ।

(ख) કર્તાએ 'આપવાની' મુખ્ય ક્રિયા કરતાં પહેલાં 'લેવાની' ક્રિયા કરી છે. આથી આ પૂર્વકાલિક ક્રિયાને માટે ग्रह् + त्वा → गृहीत्वा એવું સંબંધક ભૂતકૃદન્ત વપરાશે.

अहम् [(હાથમાં પાણી) गृहीत्वा] सूर्याय अर्घ्यं यच्छामि ।

અધિકરણ કર્મ

(ग) अहम् [(हस्ते जलं) गृहीत्वा] सूर्याय अर्घ्यं यच्छामि ।

હવે, ઉપવાક્યમાં દર્શાવેલી પૂર્વકાલિક ક્રિયામાં થોડોક ફેરફાર કરીએ. જેમકે ''(હાથમાં પાણીને) ભેગું કરી, અથવા સારી રીતે લઈને'' એમ બોલીએ તો √ग्रह् ધાતુની પૂર્વે सम् ઉપસર્ગ જોડવો પડશે. પરંતુ ધાતુને ઉપસર્ગ સહિત વાપરવો હોય તો, પૂર્વે કહ્યું છે તેમ તેવા (સોપસર્ગ) ધાતુની પાછળ त्वाને બદલે य પ્રત્યય વાપરવો પડે છે. એટલે કે सम्+√ग्रह+य = संगृह्य । એવું રૂપ વપરાશે :

(घ) अहम् [(हस्ते जलं) संगृह्य] सूर्याय अर्घ्यं यच्छामि ।

બીજાં બે ઉદાહરણ જુઓ :

(૨) સીતા [પુષ્પો લઈને] વનમાં જાય છે.

सीता पुष्पाणि नीत्वा, वनं गच्छति । પણ

'સીતા [પુષ્પો લાવીને], વનમાં જાય છે.' તો

सीता पुष्पाणि आनीय (आ + √नी + य) वनं गच्छति ।

(૩) મૃગ [પાણી પીને] દોડે છે.

मृगः जलं पीत्वा, धावति ।

પણ મૃગ [પાણી, ખૂબ પીને] દોડે છે.' તો मृगः जलं निपीय, धावति ।

(૪) વિદૂષક [હસીને] પ્રેક્ષકોને જુવે છે.

विदूषकः [હસીને] प्रेक्षकान् पश्यति ।

અહીં જોવાની મુખ્ય ક્રિયાની પૂર્વે વિદૂષકે 'હસવા'ની ક્રિયા કરી છે. આથી हस् ધાતુને સંબંધક ભૂતકૃદન્તનો त्वा પ્રત્યય લગાવીને, हसित्वा રૂપથી તેને દર્શાવીશું :

विदूषकः हसित्वा, प्रेक्षकान् पश्यति ।

નોંધ : અહીં √हस् ધાતુ અકર્મક છે. તેથી हसित्वाની સાથે બીજું કોઈ કર્મવાચક = દ્વિતીયાન્ત પદ આવી શકે એમ નથી.

(૫) કૃષ્ણ [ગોપીના ઘરમાં જઈને,] [દૂધ પીને,] [માખણ ખાઈને] અને [દહીં ચોરીને] (પછી) માટલી ફોડી નાંખે છે.

અહીં, ''કૃષ્ણ માટલી ફોડી નાંખે છે'' એટલુ જ સાદું વાક્ય છે : कृष्णः घटिकां भनक्ति । પરંતુ 'ભાંગવાની' એ મુખ્ય ક્રિયા કરતાં પહેલાં, કૃષ્ણે બીજી અનેક ક્રિયાઓ કરી છે. એ બધી જ પૂર્વકાલિક ક્રિયાઓ હોઈને તે દરેકને માટે સં. ભૂ. કૃદન્તવાળાં રૂપો વપરાશે. જેમકે,

कृष्णः [गोप्याः गृहं गत्वा], [दुग्धं पीत्वा]

[नवनीतं भक्षयित्वा], [दधि च चोरयित्वा] घटिकां भनक्ति ।

અહીં એક સાદા વાક્યમાં સં. ભૂ. કૃદન્તવાળાં બીજાં અનેક ઉપવાક્યો ઉમેરીને વાક્યનો વિસ્તાર કરવામાં આવ્યો છે.

સ્વાધ્યાય : નીચેનાં વાક્યોનો અભ્યાસ કરો. તેમાં કૌંસમાં જે ઉપવાક્યો ઉમેર્યાં છે, તેનો અનુવાદ સંબંધક ભૂતકૃદન્તના /-त्वा/ પ્રત્યયથી કરીશું, (તથા જો ઉપસર્ગ પૂર્વકના ધાતુનું સબંધક ભૂતકૃદન્તવાળું રૂપ વાપરવાનું હશે તો ત્યાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

/-ય/ પ્રત્યય વાપર્યો હશે.)

૧. વનમાળી (બગીચામાં જઈને) પુષ્પો ચુંટે છે.
वनमाली उद्यानं गत्वा पुष्पाणि चिनोति ।

૨. દેવદત્ત (વેદ વાંચીને) પંડિત થાય છે.
देवदत्तः वेदं पठित्वा पण्डितः भवति ।

૩. બ્રાહ્મણ (નદીમાં નાહીને) સૂર્યને અર્ધ્ય આપે છે.
विप्रः नद्याम् स्नात्वा सूर्याय अर्घ्यं यच्छति ।

૪. અમે (પાણી પીને) ભોજન કરીએ છીએ.
वयम् जलं पीत्वा भक्षयामः ।

૫. નર્તકી (ગીત સાંભળીને) રંગભૂમિ ઉપર નાચે છે.
नर्तकी गीतं श्रुत्वा रङ्गभूमौ नृत्यति ।

૬. મોર (વાદળ જોઈને) પર્વત ઉપર ગહેકે છે.
मयूरः मेघं दृष्ट्वा पर्वते रौति ।

૭. તમે બે (હરિને નમીને) પાઠશાળામાં જાવ છો.
युवाम् हरिं नत्वा पाठशालां गच्छथः ।

૮. વિદૂષક (કુટિલ દંડ લઈને) સારિકાને મારે છે.
विदूषकः कुटिलं दण्डं गृहीत्वा सारिकां ताडयति ।

૯. વાનરો (માર્ગ પૂછીને) દક્ષિણ દિશામાં દોડે છે.
वानराः मार्गं पृष्ट्वा दक्षिणस्यां दिशि धावन्ति ।

૧૦. રામ (દંડકારણ્યમાં રહીને = વસીને) પંચવટીમાં જાય છે.
रामः दण्डकारण्ये उषित्वा पञ्चवटीं गच्छति ।

૧૧. સંન્યાસી (બ્રહ્મતત્ત્વને જાણીને), (અજ્ઞાનને કાપીને), (આસક્તિને ત્યજીને) નિર્વાણને પામે છે.
परिव्राजकः (ब्रह्मतत्त्वं ज्ञात्वा), (अज्ञानं छित्वा), (आसक्तिं त्यक्त्वा) निर्वाणम् अधिगच्छति ।

સોપસર્ગ ધાતુ સાથે સંબંધકભૂતકૃદન્ત /-ય/

૧૨. દુષ્યન્ત (શાપને કારણે શકુન્તલાને ભૂલીને), (હંસપદિકાના મધુર સંગીતને સાંભળીને) પર્યુત્સુક થાય છે.
दुष्यन्तः शापवशात् शकुन्तलां विस्मृत्य, हंसपदिकायाः मधुरं संगीतं निशम्य, पर्युत्सुकः भवति ।

૧૩. હનુમાન (વિશ્વરૂપ ધરીને), (મેરુ ઉપર ચઢીને), (સાગરને તરીને), (લંકામાં પ્રવેશીને) સીતાને જુવે છે.
हनुमान् विश्वरूपम् आश्रित्य, मेरुम् आरुह्य, सागरं संतीर्य, लङ्काम् प्रविश्य, सीतां पश्यति ।

૧૪. યાજ્ઞિક (ઘીથી અગ્નિને સિંચીને) યજ્ઞને શરૂ કરે છે.
याज्ञिकः घृतेन अग्निम् निषिच्य (= सिक्त्वा) यज्ञं प्रारभते ।

૧૫. લવ (અશ્વમેધના ઘોડાને રોકીને), (આશ્રમના બાળકોને બોલાવીને) ઘોડાનું વર્ણન કરે છે.
लवः अश्वमेधस्य अश्वम् अवरुद्ध्य, आश्रमस्य बालकान् आहूय अश्वं वर्णयति ।

૧૬. સીતા (કૂવામાંથી પાણી કાઢીને) ઘડા દ્વારા ઘરે લાવે છે.
सीता कूपात् जलम् उद्धृत्य, घटेन गृहे आनयति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧૭. હું (સવારે ઊઠીને) માતાને વંદું છું.
अहम् प्रातःकाले उत्थाय, मातरं नमामि ।

૧૮. ખેડૂત (નદીનું પાણી લાવીને) વૃક્ષોને સિંચે છે.
कृषिकारः नद्याः जलम् आनीय, वृक्षान् सिञ्चति ।

૧૯. ચોર (શેઠનું ધન હરી લઈને) માર્ગ ઉપર દોડે છે.
चौरः धनिकस्य धनम् अपहृत्य, मार्गे धावति ।

૨૦. દુષ્યન્ત (શકુન્તલાને પરણીને), હસ્તિનાપુર પાછો ફરે છે.
दुष्यन्तः शकुन्तलां परिणीय, हस्तिनापुरं प्रतिगच्छति ।

૨૧. ભીમ (દુર્યોધનની બે જાંઘ ઉપર પ્રહાર કરીને), (દુઃશાસનનું રુધિર પીને) દ્રૌપદીના વાળને ગુંથે છે.
भीमः दुर्योधनस्य ऊरुद्वयस्य उपरि प्रहृत्य, दुःशासनस्य रुधिरं पीत्वा, द्रौपद्याः केशान् संग्रथ्नाति ।

***

નીચેનાં વાક્યોનો અનુવાદ જુવો (અને પૂર્વકાલિક ક્રિયા દર્શાવતાં સંબંધક ભૂતકૃદન્તને ઓળખો) :

૧. स दुष्टाशयो बकः क्रमेण तान् जलचरान् पृष्ठम् आरोप्य जलाशयस्य नातिदूरे शिलां समासाद्य, तस्याम् आक्षिप्य, स्वेच्छया भक्षयित्वा, भूयोऽपि जलाशयं समासाद्य, जलचराणां मिथ्यावार्तासंदेशकैः मनांसि रंजयन् आहारवृत्तिम् अकरोत् ॥

તે દુષ્ટ આશયવાળો બગલો ક્રમશઃ તે જળચરોને પીઠ ઉપર બેસાડીને, જલાશયની થોડે દૂર (એક) શિલા પર લાવીને, તેની ઉપર (જળચરોને) પછાડીને, સ્વેચ્છાપૂર્વક ખાઈને, ફરી પાછા જળાશય ઉપર જઈને, જળચરોને બનાવટી વાર્તા અને સંદેશાઓ વડે, (તેમનાં) મનને ખૂશ કરતો આહારવૃત્તિ ચલાવતો હતો.

૨. वैशम्पायनो मुहूर्तमिव ध्यात्वा सादरम् अब्रवीत् ।
વૈશમ્પાયન ઘડીભર જાણે ધ્યાન ધરીને, આદરપૂર્વક કહેવા લાગ્યો.

૩. तत् ते कर्म प्रवक्ष्यामि यत् ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ।
(હું) (તને) તે કર્મ કહીશ, જેને જાણીને (તું) અશુભમાંથી છુટીશ.

૪. उत्थाय हृदि लीयन्ते दरिद्राणां मनोरथाः ।
દરિદ્ર વ્યક્તિઓનાં મનોરથો હૃદયમાં ઊગીને, (ત્યાંને ત્યાં) વિલીન થઈ જાય છે.

૫. श्रुत्वा स्पृष्ट्वा च दृष्ट्वा च भुक्त्वा घ्रात्वा च यो नरः ।
न हृष्यति ग्लायति वा स विज्ञेयो जितेन्द्रियः ॥
(બધું જ) સાંભળીને, અડકીને, જોઈને, ખાઈને, સુંઘીને પણ જે વ્યક્તિ હર્ષ પામતો નથી, કે ગ્લાનિ પામતો નથી તે (વ્યક્તિ)ને જિતેન્દ્રિય જાણવો.

વિશેષ : ૧. નિષેધવાચક નञ્‌ની સાથે ધાતુને જોડવામાં આવ્યો હોય ત્યારે સંબંધક ભૂતકૃદન્તનું રૂપ બનાવવા માટે /-त्वा/ પ્રત્યય જ વપરાય છે. (ત્યાં સોપસર્ગ ધાતુ ગણીને /-य/ પ્રત્યય લાગતો નથી). દા. ત., 'હે યુધિષ્ઠિર ! તમે જરાસન્ધને નહીં હણીને, પાપનું આચરણ કરો છો.' हे युधिष्ठिर ! त्वं जरासन्धम् अहत्वा, पापम् आचरसि । કુંભાર ઘડો નહીં બનાવીને ગ્રામજનોને છેતરે છે. कुम्भकारः घटम् अकृत्वा, ग्रामजनान् वञ्चयते ।

૨. સોપસર્ગ ધાતુની પાછળ સં. ભૂ. કૃદન્તનો જેમ /-य/ પ્રત્યય લાગે છે, તેમ ધાતુની આગળ **च्वि પ્રત્યયાન્ત**[૫] શબ્દ જોડવામાં આવે તો પણ, તેવા ધાતુને સં. ભૂ. કૃદન્તનો /-य/ પ્રત્યય જ લગાડવામાં આવે છે. દા. ત., અર્જુન કૃષ્ણની આજ્ઞાને સ્વીકારીને, કૌરવોને હણે છે.

---

૫. च्वि પ્રત્યયાન્ત શબ્દોની સમજ પ્રકરણ-૫ (V.12.2) માં રજૂ કરવામાં આવી છે. (જુઓ : પૃ. ૨૦૭)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अर्जुनः कृष्णस्य आज्ञां स्वीकृत्य/उरीकृत्य/ऊरीकृत्य, कौरवान् हन्ति । (स्वी+√कृ+य).

બાળક કપડાં મેલાં કરીને, સાંજે ઘરે પાછો આવે છે.

बालकः वस्त्राणि मलिनीकृत्य, सायंकाले गृहं प्रतिगच्छति ।

૩. પ્રેરણાર્થક ધાતુઓની સાથે પણ त्वा પ્રત્યય જોડીને સંબંધ ભૂતકૃદન્તવાળું રૂપ બનાવી શકાય છે. જેમકે, 'દશરથ [(રામને વનમાં મોકલીને, ← પ્રેરક સં. ભૂ. કૃ.)] પ્રતિજ્ઞાનું પાલન કરે છે.' दशरथः रामं वनं गमयित्वा, प्रतिज्ञां पालयति । 'સુગ્રીવ [રામ વડે વાલીને મરાવડાવીને (← પ્રેરક સં. ભૂ. કૃ.)], પોતાનું રાજ્ય મેળવે છે.' सुग्रीवः रामेण वालिं घातयित्वा, राज्यं प्राप्नोति । 'અર્જુન ધનુષને નમાવીને, પણછને બાંધે છે.' अर्जुनः धनुः प्रणमय्य (← સોપસર્ગ પ્રેરક ધાતુ) ज्यां बध्नाति ।

૪. પૂર્વકાલિક ક્રિયા વારંવાર કરવામાં આવી છે એમ દર્શાવવા માટે (क) સં. ભૂ. કૃ. વાળા રૂપને બેવડાવવામાં આવે છે; અથવા (ख) એક ત્રીજા જ પ્રકારના अम् પ્રત્યયાન્ત રૂપો વપરાય છે. જેમકે,

૧. વારંવાર જઈને = गत्वा गत्वा	गामं गामं
૨. વારંવાર મેળવીને = लब्ध्वा लब्ध्वा	लाभं लाभं
૩. વારંવાર પીને = पीत्वा पीत्वा	पायं पायं
૪. વારંવાર જમીને = भुक्त्वा भुक्त्वा	भोजं भोजं
૫. વારંવાર સાંભળીને = श्रुत्वा श्रुत्वा	श्रावं श्रावं
૬. વારંવાર જાગીને = जागारित्वा जागरित्वा	जागरं जागरं
૭. વારંવાર યાદ કરીને = स्मृत्वा स्मृत्वा	स्मारं स्मारं
૮. વારંવાર નાહીને = स्नात्वा स्नात्वा	स्नायं स्नायं

દા. ત., બુદ્ધનો ઉપદેશ સાંભળી સાંભળીને અશોક હિંસાને ત્યજે છે. बुद्धस्य उपदेशं श्रुत्वा श्रुत्वा/श्रावं श्रावम् अशोकः हिंसां त्यजति । રાજવાહન સરોવરોને જોઈ જોઈને, અલકાનગરીમાં જાય છે. राजवाहनः सरांसि दर्शं दर्शम् अलकानगरीं गच्छति । વિદૂષક લાડવા ખાઈ ખાઈને જાડો થાય છે. विदूषकः मोदकान् भुक्त्वा भुक्त्वा/भोजम् भोजम्, पीनः भवति ।

IV.2.3.2 હેત્વર્થ કૃદન્તવાળું ઉપવાક્ય :

વાગ્વ્યવહાર દરમ્યાન આપણે અનેક વાક્યો બોલીએ છીએ. તે દરેકમાં સામાન્ય રીતે એક મુખ્યક્રિયા વિશે વાત કરતા હોઈએ છીએ. હવે, મુખ્યક્રિયા કરનાર વ્યક્તિ-કર્તાકારક-અમુક મુખ્યક્રિયા કર્યા પછી, ભવિષ્યમાં બીજી કોઈક ક્રિયા કરવા માટે (જ), (અમુક) મુખ્ય ક્રિયા કરતો હોય છે. તો આવી મુખ્યક્રિયા કરવાના પ્રયોજન રૂપ = હેતુભૂત બનેલી ક્રિયાને દર્શાવતા શબ્દને ''હેત્વર્થ કૃદન્ત'' કહે છે.

દા. ત., ૧. કૃષ્ણ [કંસને હણવા માટે] મથુરા જાય છે.

અહીં, 'કૃષ્ણ મથુરા જાય છે' એ સાદું વાક્ય છે. હવે 'કૃષ્ણ શા માટે મથુરા જાય છે ?' એવો પ્રશ્ન થાય તો કૃષ્ણની (મથુરા તરફની) ગમનક્રિયાનો હેતુ દર્શાવવા, એ સાદા વાક્યની અંદર બીજા એક ક્રિયાવાચક શબ્દનો–જેમકે, 'હણવા માટે'નો ઉમેરો કરવામાં આવે છે. એટલે કે સાદા વાક્યની મુખ્ય (ગમન) ક્રિયાની પ્રયોજનભૂત = હેતુભૂત ક્રિયા તે 'હણવા માટે' છે. વળી મુખ્યક્રિયાની આવી હેતુભૂત બનેલી ક્રિયા, મુખ્ય ક્રિયા કર્યા પછી જ, ભવિષ્યમાં થનારી છે. (તથા તે બન્ને ક્રિયાઓનો કરનાર એક જ વ્યક્તિ-કર્તાકારક-હોય છે. દા. ત., ઉપરના વાક્યમાં જોઈએ તો કૃષ્ણ જ મથુરામાં જાય છે, અને કૃષ્ણ જ કંસને હણવાની ક્રિયા કરવાના છે.) તેથી, ''હણવા માટે''-ને 'હેત્વર્થ કૃદન્ત' તરીકે ઓળખવામાં આવે છે.

બીજું એક ઉદાહરણ લઈએ :

૨. રામ [માતાને પગે લાગીને]	[રાવણને મારવા માટે]	વનમાં જાય છે.
(ભૂત =) પૂર્વકાલિક ક્રિયા	ભવિષ્યત્કાલિક ક્રિયા	મુખ્ય ક્રિયા

અહીં, 'રામ વનમાં જાય છે' એ સાદું વાક્ય છે. તેમાં મુખ્ય ક્રિયા તરીકે ગમનક્રિયાનો ઉલ્લેખ થયો છે. આ ઉપરાંત, તેમાં બીજા બે ક્રિયાવાચક શબ્દોનો પણ પ્રયોગ થયો છે. આમાંથી, મુખ્યક્રિયાની પૂર્વે થયેલી જે ભૂતકાલિક ક્રિયા (દા.ત., પગે લાગીને) છે, તેને ''સંબંધક ભૂતકૃદન્ત'' તરીકે ઓળખાવી ચૂક્યા છીએ, પરંતુ 'રામ' કર્તાની મુખ્યક્રિયા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(= ગમનક્રિયા) જેને માટે કરવામાં આવે છે તે મારવાની = હનનક્રિયા ભવિષ્યમાં થવાની છે. આવી ભવિષ્યમાં થનારી ક્રિયા એ મુખ્યક્રિયા કરવાનો 'હેતુ' છે. એટલે કે, ઉપરના વાક્યમાં 'રામ' શા માટે વનમાં જાય છે ?' = 'રામની વનગમન ક્રિયાનો શો હેતુ છે ?' તો 'રાવણને મારવા માટે' એવો જવાબ મળે છે. આવી મુખ્ય ક્રિયાની હેતુભૂત = પ્રયોજન ભૂત, અને (મુખ્ય ક્રિયા કર્યા પછી, જે) ભવિષ્યમાં થનારી ક્રિયા છે (જેમકે, 'મારવા માટે'), તેને ''હેત્વર્થકૃદન્ત'' કહે છે.

સંસ્કૃત ભાષામાં આવા હેત્વર્થ કૃદન્તનું રૂપ બનાવવા માટે (મૂળ) ધાતુની પાછળ /-तुम्/ પ્રત્યય જોડવામાં આવે છે. (તથા ગુજરાતી ભાષામાં આવા હેત્વર્થ કૃદન્તના રૂપમાં ક્રિયાવાચક શબ્દની પાછળ /માટે/ એવો અનુગ જોડાયો હોય છે.) જેમકે,

૧. 'કૃષ્ણ [કંસને હણવા માટે] મથુરા જાય છે.' પહેલે તબક્કે, સાદા વાક્યનો અનુવાદ કરીશું :

कृष्णः [કંસને હણવા માટે] मथुरां गच्छति । હવે બીજે તબક્કે વિચારીએ તો –

અહીં, મથુરાગમનનો હેતુ કંસહનન છે. તથા ગમનક્રિયા કર્યા પછી (જ) કૃષ્ણ ભવિષ્યમાં હનનક્રિયા કરશે. આથી સાદા વાક્યની મુખ્ય (ગમન) ક્રિયાની હેતુભૂત (= મુખ્ય ક્રિયામાં પ્રયોજનીભૂત) એવી જે હનનક્રિયા છે, તેને સંસ્કૃત ભાષામાં વ્યક્ત કરવા માટે √हन् ધાતુને /-तुम्/ એવો હેત્વર્થ કૃદન્તનો પ્રત્યય જોડીશું. તો –

कृष्णः [કંસને हन्तुम्] मथुरां गच्छति । ત્રીજે તબક્કે -

/-तुम्/ પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્તથી જે હનનક્રિયા નિર્દેશાઈ છે તે સકર્મક છે. એટલે કે ''हन्तुम् = હણવા માટે'' એવી ક્રિયા સાંભળીને પ્રશ્ન થાય છે કે કોને/શું હણવા માટે મથુરા જાય છે ? તો 'કંસને (હણવા જાય છે),' એવો પ્રત્યુત્તર મળે છે. આથી હનનક્રિયાના 'કર્મ' તરીકે 'કંસને' (એવા શબ્દને) સંસ્કૃતમાં દ્વિતીયા વિભક્તિથી વ્યક્ત કરવો પડશે. જેમકે,

कृष्णः [कंसं हन्तुम्] मथुरां गच्छति ।

આમ સાદા વાક્યની અંદર, મુખ્ય ક્રિયા જેને માટે થઈ રહી હોય એવા ભવિષ્યત્કાલિક ક્રિયાને દર્શાવવા 'હેત્વર્થ કૃદન્ત'નો પ્રયોગ થાય છે. આવા હેત્વર્થ કૃદન્તવાળા ઉપવાક્યનો સાદા વાક્યમાં ઉમેરો કરવાથી વાક્યનું કદ વધતું જાય છે.

નિદર્શ રૂપે કેટલાક ધાતુઓનાં /-तुम्/ પ્રત્યયાન્ત રૂપો = 'હેત્વર્થ કૃદન્તો' જોઈશું :

૧. √गम्+तुम् = गन्तुम् (જવા માટે),[૬]
૨. √कृ+तुम् = कर्तुम् (કરવા માટે),
૩. √दृश्+तुम् = द्रष्टुम् (જોવા માટે)[૬]
૪. √पा+तुम् = पातुम् (પીવા માટે)[૬]
૫. √स्ना+तुम् = स्नातुम् (સ્નાન કરવા માટે)
૬. √यज्+तुम् = यष्टुम् (યજન/યજ્ઞ કરવા માટે)
૭. √नी+तुम् = नेतुम् (લઈ જવા માટે).
– आनेतुम् (લાવવા માટે)
૮. हृ+तुम् = हर्तुम् (હરી લેવા માટે)
૯. गै+तुम् = गातुम् (ગાવા માટે)
૧૦. त्यज्+तुम् = त्यक्तुम् (ત્યજવા માટે)
૧૧. भू+तुम् = भवितुम् (થવા માટે)
૧૨. लभ्+तुम् = लब्धुम् (મેળવવા માટે)
૧૩. वच्+तुम् = वक्तुम् (બોલવા માટે)
૧૪. ग्रह+तुम् = ग्रहीतुम् (ગ્રહણ કરવા માટે)
૧૫. छिद्+तुम् = छेत्तुम् (કાપવા માટે)
૧૬. जि+तुम् = जेतुम् (જીતવા માટે)
૧૭. नृत्+तुम् = नर्तितुम् (નાચવા માટે)
૧૮. पूज्+तुम् = पूजयितुम् (પૂજવા માટે)
૧૯. कथ्+तुम् = कथयितुम् (કહેવા માટે)
૨૦. स्तु+तुम् = स्तोतुम् (સ્તુતિ કરવા માટે)
૨૧. प्रच्छ्+तुम् = प्रष्टुम् (પૂછવા માટે)
૨૨. त्रै+तुम् = त्रातुम् (રક્ષણ કરવા માટે)
૨૩. स्पृश्+तुम् = स्प्रष्टुम् (સ્પર્શ માટે)
૨૪. ज्ञा+तुम् = ज्ञातुम् (જાણવા માટે)
૨૫. तृ+तुम् = तरितुम्/तरीतुम् (તરવા માટે)
૨૬. आ+रुह+तुम् = आरोढुम् (ચઢવા માટે)

નોંધ : હેત્વર્થ કૃદન્તના /-तुम्/ પ્રત્યયાન્ત રૂપોને અવ્યય ગણવામાં આવે છે. આથી હેત્વર્થ કૃદન્તવાચ્ય ક્રિયાના

૬. /-तुम्/ પ્રત્યય હંમેશાં મૂળધાતુની પાછળ જ જોડાય છે. એટલે કે √गम् ધાતુની પાછળ तुम् પ્રત્યય જોડીશું ત્યારે તેને गच्छ આદેશ થતો નથી. એ રીતે √दृश् ધાતુને પણ तुम् પ્રત્યય લાગે ત્યારે पश्य् આદેશ થતો નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કર્તાની સંખ્યા, વિભક્તિ કે લિંગાદિ અનુસાર તુમ્ પ્રત્યયાન્ત રૂપમાં કશો જ ફેરફાર કરવાનો રહેતો નથી. વાક્યમાં તેમનો સીધો જ પ્રયોગ કરવામાં આવે છે.

સ્વાધ્યાય : હેત્વર્થ કૃદન્તવાળાં ઉપવાક્યોનો વાક્યમાં પ્રયોગ કરી બતાવીશું :

૧. યુવકો (પર્વત ઉપર ચઢવા માટે) સુસજ્જ થાય છે.
युवकाः/युवानः (पर्वतम् आरोढुम्) सज्जाः भवन्ति ।

૨. કુંભાર (ઘડો બનાવવા માટે) માટી લાવે છે.
कुम्भकारः (घटं निर्मातुम्) मृत्तिकाम् आनयति ।

૩. વિજયા (રમવા માટે) મેદાનમાં જાય છે.
विजया (क्रीडितुम्) क्रीडाङ्गणं गच्छति ।

૪. હું (કવિતા રચવા (માટે)) ઇચ્છું છું.
अहम् कवितां रचयितुम् इच्छामि ।

૫. ધૃતરાષ્ટ્ર (વિદૂર સાથે મન્ત્રણા કરવા માટે) રાજસભામાં જાય છે.
धृतराष्ट्रः (विदूरेण सह मन्त्रयितुम्) सभां गच्छति ।

૬. ઈન્દ્ર (કર્ણ પાસેથી કવચકુંડળ માંગવા માટે) બ્રાહ્મણના વેશે પ્રવેશ કરે છે.
इन्द्रः (कर्णात् कवचकुण्डलानि याचितुम्) ब्राह्मणस्य परिवेषेण प्रविशति ।

૭. પ્રિયંવદા (શકુન્તલાને મળવા) હસ્તિનાપુરમાં આવે છે.
प्रियंवदा (शकुन्तलां मीलितुम्) हस्तिनापुरम् आगच्छति ।

૮. શાકપૂણિ (મન્ત્રની દેવતા જાણવા માટે) પ્રયત્ન કરે છે.
शाकपूणिः (मन्त्रस्य देवतां ज्ञातुम्) प्रयतते ।

૯. દુર્યોધન (ભીમની સાથે લડવા માટે) ગદાને હાથમાં લે છે.
दुर्योधनः (भीमेन सह योद्धुम्) गदां हस्ते गृह्णाति ।

૧૦. દાસી (રાણીને શણગારવા માટે) પુષ્પો લાવે છે.
दासी (राज्ञीं भूषयितुम्) पुष्पाणि आनयति ।

૧૧. ભક્ત (ઈશ્વરને પૂજવા અને સ્તુતિ કરવા માટે) મંદિરે જાય છે.
भक्तः (ईश्वरं पूजयितुम् स्तोतुम् च) मन्दिरं गच्छति ।

૧૨. વિદૂષક (દૂધપાકને ચાખવા માટે) તલપાપડ થાય છે.
विदूषकः (पायसं स्वादितुम्) पर्युत्सुकः भवति ।

૧૩. દુષ્યન્ત (શકુન્તલાને યાદ કરવા માટે) શક્તિમાન્ નથી.
दुष्यन्तः (शकुन्तलां स्मर्तुम्) न शक्नोति ।

૧૪. રાજા (દાન આપવા માટે) સિંહાસન ઉપર બેસે છે.
नृपः (दानं दातुम्) सिंहासने उपविशति ।

૧૫. ઈશ્વર (ભક્તને બચાવવા માટે), (ગરુડ ઉપર ચઢીને) આવે છે.
ईश्वरः (भक्तं त्रातुम्) (←હેત્વર્થ કૃદન્ત), ←गरुडम् आरुह्य) (← સં. ભૂ. કૃદન્ત) आगच्छति ।

૧૬. તમે (ઇન્દ્રનું યજન કરવા માટે,) (તેની પાસેથી વર મેળવવા) વેદમન્ત્રોને વાંચો છો.
यूयम् (इन्द्रं यष्टुम्), (तस्मात् च वरं लब्धुम्) वेदमन्त्रान् पठथ ।

૧૭. આત્રેયી (બ્રહ્મવિદ્યાને ભણવા માટે) અગસ્ત્યના આશ્રમમાં રહે છે.
आत्रेयी (ब्रह्मविद्याम् अध्येतुम्) अगस्त्यस्य आश्रमे निवसति ।

૧૮. રાવણ (સીતાને અડકવા માટે) સમર્થ નથી,
रावणः सीतां स्प्रष्टुम् न अलम् । (अथवा न शक्नोति ।)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧૯. ભરત (રાજા બનવા માટે) ઇચ્છતો નથી.

भरतः (नृपः भवितुम्) न इच्छति ।

(અહીં भू-भवितुम् ધાતુ અકર્મક હોવાથી नृप શબ્દને દ્વિતીયા વિ. લાગતી નથી. તે ભરતનું વિશેષણ હોવાથી પ્રથમા વિ. જ લાગી શકે છે.)

૨૦. હનુમાન્ (સૂર્યના ગોળાને પકડવા માટે) આકાશમાં ઉડે છે.

हनुमान् (सूर्यमण्डलं ग्रहीतुम्) आकाशे उड्डयते ।

***

આ જ રીતે, પ્રેરણાર્થક ધાતુને પણ /-तुम्/ પ્રત્યય લગાવીને હેત્વર્થકૃદન્ત બનાવી શકાય છે.[૭] જેમકે,

૨૧. કૈકેયી (રામને વનમાં મોકલવા માટે) વર માંગે છે.

कैकेयी (रामं वनं गमयितुम्) वरं याचते ।

૨૨. કૃષ્ણ (જરાસંધને મરાવવા માટે) ભીમની સાથે મગધદેશમાં જાય છે.

कृष्णः (जरासन्धं घातयितुम्) भीमेन सह मगधान् गच्छति ।

૨૩. નીચેનો શ્લોક જુવો :

नाशयितुमेव नीचः परकार्यं वेत्ति, न प्रसाधयितुम् ।
पातयितुमेव शक्तिर्वायोर्वृक्षं, न चोन्नेतुम् ॥

(અનુવાદ) ''નીચ વ્યક્તિ પારકાના કામને તોડી પડાવવાનું જ જાણે છે, આગળ વધારવાનું નહીં. (જેવી રીતે) વૃક્ષને પાડી નંખાવવા માટે જ વાયુની શક્તિ છે; (પણ વૃક્ષને) ઊંચે લઈ જવા માટે નહીં.''

વિશેષ : સામાન્ય રીતે વાક્યમાં હેત્વર્થકૃદન્તનો પ્રયોગ થયો હોય ત્યારે સાદા વાક્યની મુખ્ય ક્રિયા, અને (ઉપવાક્યમાં) હેત્વર્થ કૃદન્તથી વાચ્ય ક્રિયાનો કર્તા એક જ વ્યક્તિ હોય છે. [દા. ત. લક્ષ્મણ (ફળો લેવા માટે) ઉપવનમાં જાય છે. लक्ष्मणः (फलानि आहर्तुम्) उपवनं गच्छति । અહીં સાદા વાક્યની મુખ્ય (= ગમન) ક્રિયાનો કર્તા લક્ષ્મણ છે, અને 'ફળો લાવવા માટે' એવા ઉપવાક્યની (= લાવવાની) ક્રિયાનો કર્તા પણ લક્ષ્મણ જ છે.] પરંતુ કાલવાચક શબ્દો (જેવા કે, कालः, समयः, वेला)ની સાથે, એક કર્તા ન હોય તો પણ /-तुम्/ પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્તનો પ્રયોગ થાય છે. જેમકે,

૧. अध्येतुं, अयम् कालः अस्ति ।

('રામને' અથવા) (તારે) ભણવા માટેનો, આ સમય છે.''

અહીં, 'આ સમય છે' એવા સાદા વાક્યની 'છે' (अस्ति) ક્રિયાનો કર્તા 'अयम् कालः' છે. જ્યારે अध्येतुम् એવા હેત્વર્થકૃદન્તથી વાચ્ય જે ભણવાની ક્રિયા છે તેનો કર્તા 'રામ' (કે 'તું') છે. આમ બન્ને કર્તા જુદા જુદા હોય, પણ જો કોઈ કાલવાચક શબ્દનો વાક્યમાં પ્રયોગ થયો હોય તો /-तुम्/ પ્રત્યયાન્ત રૂપ વાપરી શકાય છે. એ જ પ્રમાણે -

२. गन्तुम्, समयोऽयम् अस्ति ।

(દુષ્યન્તને) જવા માટે, આ સમય છે.

३. भोक्तुम्, वेला इयम् अस्ति ।

(વિદૂષકને) ખાવા માટેની આ વેળા છે.

૭.

	સાદી ક્રિયા			પ્રેરક ક્રિયા	
જવા માટે	=	गन्तुम्	→	गमयितुम्	મોકલવા માટે
હણવા માટે	=	हन्तुम्	→	घातयितुम्	હણાવવા માટે
નાશ કરવા	=	नष्टुम्	→	नाशयितुम्	નાશ કરાવવા
કરવા માટે	=	कर्तुम्	→	कारयितुम्	કરાવવા માટે
પડવા માટે	=	पतितुम्	→	पातयितुम्	પડાવવા માટે
પકડવા માટે	=	ग्रहीतुम्	→	ग्राहयितुम्	ગ્રહણ કરાવવા માટે વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હેત્વર્થ સૂચવવાના ઉપાયાન્તરો :

સાદા વાક્યની મુખ્ય ક્રિયા બીજી જે ક્રિયાને માટે કરવામાં આવે છે, તે (ભવિષ્યમાં થનારી) હેતુભૂતક્રિયાને કરવા માટે /-तुम्/ પ્રત્યયનો પ્રયોગ થાય છે એમ ઉપરની ચર્ચા દ્વારા જોયું. દા. ત. लक्ष्मणः (फलानि आहर्तुम्) वनं गच्छति । અહીં લક્ષ્મણના વનગમનનો હેતુ ફલાહરણ છે. તેથી 'આહરણ'ને હેતુભૂત ક્રિયા કહેવાશે. આવી ભવિષ્યમાં થનારી હેતુભૂત ક્રિયાને વ્યક્ત કરવા ઉપરના વાક્યમાં √हृ ધાતુને /-तुम्/ પ્રત્યય લગાડીને, आहर्तुम् એવું હેત્વર્થ કૃદન્ત બનાવ્યું છે.

પરંતુ આવી (ભવિષ્યમાં થનારી) હેતુભૂત ક્રિયાને વ્યક્ત કરવા માટે /-तुम्/ પ્રત્યય ઉપરાંત બીજા બે ઉપાયો પણ છે. જેમકે,

(क) હેતુભૂત ક્રિયાના ભાવવાચક (= अन પ્રત્યયાન્ત) શબ્દને ચતુર્થી વિભક્તિમાં મૂકવો.[૩૨] [તથા તે હેતુભૂત ક્રિયાના કર્મને ષષ્ઠી વિ.માં મૂકવું.]

(ख) હેતુભૂત ક્રિયાના ભાવવાચક (= अन પ્રત્યયાન્ત) શબ્દને अर्थम् એવો અવ્યય જોડી દેવો. [તથા તે ક્રિયાના કર્મને ષષ્ઠી વિ.માં મૂકવું].

દા. ત.

૧. લક્ષ્મણ (ફલો લાવવા માટે) વનમાં જાય છે.
કર્તા કર્મ હેત્વર્થ કૃદન્ત કર્મ મુખ્યક્રિયા
– लक्ष्मणः (फलानि आहर्तुम्) वनं गच्छति ।
(कर्म)
(क) लक्ष्मणः (फलानाम् आहरणाय) वनं गच्छति ।
(ख) लक्ष्मणः (फलानाम् आहरणार्थं) वनं गच्छति ।

૨. ભરત (રામને જોવા માટે) મહેલમાં જાય છે.
કર્તા કર્મ હેતુભૂત ક્રિયા કર્મ મુખ્ય ક્રિયા
– भरतः (रामं द्रष्टुम्) प्रासादं गच्छति ।
(क) भरतः (रामस्य दर्शनाय) प्रासादं गच्छति ।
(ख) भरतः (रामस्य दर्शनार्थं) प्रासादं गच्छति ।

(આવી રીતે કોઈ પણ ધાતુને अन પ્રત્યય લગાડીને पठन, कथन, गमन, नयन, दान, स्नान, अध्ययन, हरण, करण, दर्शन, शमन, पचन વગેરે ભાવવાચક શબ્દો બનાવીને, તેને ચતુર્થી વિ.માં મૂકીને હેતુનો અર્થ વ્યક્ત કરી શકાય છે.) ક્યારેક ધાતુને ભાવ અર્થમાં घञ् = अ પ્રત્યય લગાડીને वास, याग, पाक, नाश વગેરે શબ્દો પણ બનાવી શકાય છે; અને તેને પણ ચતુર્થી વિ.માં મૂકીને 'હેતુ'નો અર્થ પ્રકટ કરી શકાય. જેમકે –

૩. બ્રાહ્મણ (ઈન્દ્રનું યજન કરવા માટે) કાશી જાય છે.
કર્તા કર્મ હેત્વર્થ કૃદન્ત કર્મ મુખ્ય ક્રિયા
– विप्रः (इन्द्रं यष्टुम्) काशीं गच्छति ।
(क) विप्रः (इन्द्रस्य यागाय) काशीं गच्छति ।
(ख) विप्रः (इन्द्रस्य यजनार्थं) काशीं गच्छति ।

***

---

૩૨. કારણ કે ચતુર્થી વિભક્તિના પ્રત્યયો (સમ્પ્રદાનકારક રૂપી અર્થ વ્યક્ત કરવા ઉપરાંત) હેતુ = તાદર્થ્યનો અર્થ વ્યક્ત કરવા પણ સમર્થ છે. આમ ક્રિયાની અંદર રહેલા "-ને સારું," "-ને માટે"ના ભાવને વ્યક્ત કરવા तुम् પ્રત્યય ઉપરાંત ચતુર્થી વિ. પણ સક્ષમ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આમ, સાદાવાક્યની અંદર 'સંબંધક ભૂતકૃદન્ત' વાળાં અને 'હેત્વર્થ કૃદન્ત' વાળાં ઉપવાક્યો ઉમેરવાથી વાક્યનો વિસ્તાર થતો જાય છે. તથા સાદા વાક્યમાં આવાં 'ઉપવાક્યો' ઉમેરાવાથી, જે વાક્ય તૈયાર થાય છે તેને **'મિશ્રવાક્ય'** કહીશું.

સ્વાધ્યાય : નીચે આપેલાં કોષ્ટકોમાંથી, દરેક કોલમમાંથી એક એક યોગ્ય શબ્દ લઈને વાક્યો બનાવો :

(क)

કર્તા	સંબંધક ભૂતકૃદન્ત હેત્વર્થક કૃદન્ત	કર્મ (લક્ષ્યવાચક શબ્દ)	ક્રિયાપદ
रामः रथः सिंहः	नदीं लंघयित्वा हरिणं हत्वा, मृगं हन्तुं सीतां नीत्वा मार्गयितुम्, वोढुं, वन्दितुं	ग्रामं मन्दिरं वनं	गच्छति । प्रविशति । उपसर्पति ।

જેમકે,

१. रामः सीतां नीत्वा ग्रामं/वनं गच्छति ।
२. रामः नदीं लंघयित्वा ग्रामं/वनं गच्छति ।
३. रामः (राज्यधुरां) वोढुं ग्रामं प्रविशति ।
४. रामः (सीतां) मार्गयितुम् वनम् उपसर्पति ।
५. रथः नदीं लंघयित्वा ग्रामं/वनं गच्छति ।
६. रथः (भारं) वोढुं मन्दिरम् उपसर्पति ।
७. सिंहः नदीं लंघयित्वा वनं/ग्रामं प्रविशति ।
८. सिंहः हरिणं हत्वा वनम् उपसर्पति ।
९. सिंहः मृगं हन्तुं वनं गच्छति ।
१०. सिंहः (पशुं) मार्गयितुम् ग्रामं प्रविशति ।

(ख)

કર્તા	સંબંધક ભૂતકૃદન્ત	કર્મ	ક્રિયાપદ
अहम्	ग्रामं गत्वा नद्यां स्नात्वा प्रातः उत्थाय निद्रां त्यक्त्वा	किं पुस्तकम् किं	पश्यामि । गच्छामि । पठामि ।

(ग)

કર્તા	કારકાન્તરાદિ	કૃદન્તો	કારકાન્તરો	ક્રિયાપદ
रामः	परशुना,	(वने) आरट्य	वृक्षं	छिनत्ति
	शरैः, प्रेम्णा	अपयशः	सीतां	आप्नोति
		मार्जितुम्/मार्ष्टुम्		
	हस्ताभ्याम्		सेनां	भिनत्ति
		मिलित्वा/सम्बुध्य	सुग्रीवं	
	बाहुबलेन	दण्डयितुम्	राक्षसं	अभिभवति
	लक्ष्मणेन सह			

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(घ)

કર્તા	સંબંધક ભૂતકૃદન્ત ઉપવાક્ય-૧	હેત્વર્થ કૃદન્ત ઉપવાક્ય-૨	ક્રિયાપદ
भीमः	तस्मै कुपित्वा	स्तम्भं तोलयितुम्	इच्छति
	तं बाहुभ्यां निपीडय	केशान् गुम्फितुम्	वाञ्छति
	युद्धे तम् अवरुद्धय	ऊरुद्वयं ध्वंसितुम्	काङ्क्षति
	नीतिं त्यक्त्वा	प्रतिज्ञां पालयितुम्	कामयते
	दीर्घं श्वसित्वा	दुर्योधनं हन्तुम्	लिप्सते
	प्रगल्भं हसित्वा	वक्षःस्थलं भेत्तुम्	वष्टि

(ङ)

કર્તા	કર્મ	સંબંધક ભૂતકૃદન્ત ઉપવાક્ય-૧	હેત્વર્થ કૃદન્ત ઉપવાક્ય-૨	ક્રિયાપદ
गुरुः	– गीतायाः	मन्त्रं जपित्वा	तत्त्वं निरुपयितुम्	वदति
	श्लोकान्	जलम् आदाय	इन्द्रं यष्टुम्	उच्चरति
	– मन्त्रान्	प्राङ्मुखम् उपविश्य	वेदम् स्पष्टीकर्तुम्	व्याहरति
	– व्याकरणस्य	हरिं ध्यात्वा	शिष्यान् ज्ञापयितुम्	निगदति
	सूत्रम्	सूर्यम् समर्च्य	वेदमन्त्रान् रक्षितुम्	उदाहरति
	– विष्णोः	पुष्पाणि संचित्य	यशः लब्धुम्	आलपति
	नामानि	वृक्षान् सिक्त्वा	श्रुतिं सेवितुम्	अभिदधति
	– सत्यं	शास्त्रं स्मृत्वा	संस्कारान् वप्तुम्	जल्पति
	– ब्रह्मणः	स्मृतिम् आश्रित्य		उदीरयति
	ज्ञानं	मीमांसां निरीक्ष्य		वक्ति
		नभोवाणीं निशम्य		ब्रवीति
		ब्रह्मा भूत्वा		आचष्टे
			भाषते	

(च)

કર્તા	સંબંધક ભૂતકૃદન્ત	કર્મ	ક્રિયાપદ
ब्राह्मणः	वाराणसीम् उषित्वा / अध्युष्य	आत्मदर्शनं	सृजति
	सोमं पीत्वा / निपीय	शास्त्रं	करोति
	वेदान् अधीत्य	काव्यं	प्रणयति
	आस्तिकदर्शनानि संग्रथ्य	यज्ञं	घटयति
	गुरुमतं लब्ध्वा / उपलभ्य	ज्ञानदीपकं	निर्माति
	अज्ञानान्धकारं दूरीकृत्य	नीतिं	निर्मिमीते
	स्वकर्मणि श्रद्धां सिक्त्वा	धर्मकार्यं	अनुतिष्ठति
			विदधाति
			रचयति
			कल्पयति

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(છ)

કર્તા	સંબંધક ભૂતકૃદન્ત	કર્મ	ક્રિયાપદ
गोपी	व्रजं गत्वा	कृष्णं	नौति
	वनमालां गृहीत्वा		स्तौति
राधिका	दधि मथित्वा		प्रशंसते
	मधुरं रूपं चिन्तयित्वा		श्लाघते
	सर्वाः गोपीः आहूय		वर्णयति
			अभिनन्दति

IV.2.3.3. સતિસપ્તમી :

વાગ્વ્યવહારમાં અમુક મુખ્ય ક્રિયા ક્યારે થઈ એ બતાવવા માટે (क) બીજી એક થઈ ગયેલી; અથવા (ख) (તે મુખ્ય ક્રિયાની સાથેને સાથે) થતી = થઈ રહેલી ક્રિયાનો નિર્દેશ કરવામાં આવે છે. જેમકે,

(क) રામ વનમાં ગયા ત્યારે દશરથે પ્રાણો ત્યજ્યા.

અહીં, '(પ્રાણ) ત્યાગ'ની મુખ્ય ક્રિયા ક્યારે થઈ, એ દર્શાવવા બીજી એક (થઈ ગયેલી) ક્રિયા [જેમકે-રામનું વનગમન]નો નિર્દેશ કરવામાં આવ્યો છે. અહીં જે ક્રિયાન્તરથી મુખ્ય ક્રિયા લક્ષિત થાય છે, તે (ક્રિયાન્તર)ને રજૂ કરતા પદોને 'સતિસપ્તમી' કહે છે; (અને ગુજરાતી ભાષાની દૃષ્ટિએ તેમાં ''આમ હોતે છતે'' અથવા ''જ્યારે–(ત્યારે)'' વાળી વાક્યરચના હોય છે).

<u>रामे (वनं) गते [सति]</u>, दशरथः प्राणान् तत्याज/त्यजति स्म ।

સતિસપ્તમી

(ख) 'દિવસો જતાં, દેવદત્ત પંડિત થાય છે.' આ વાક્યમાં (પંડિત) 'થવાની' મુખ્ય ક્રિયા ક્યારે થઈ એ બતાવવા માટે મુખ્ય 'થવાની' ક્રિયાની સાથેને સાથે થઈ રહેલી બીજી ક્રિયા (જેમકે, -દિવસોના ''પસાર થવાની'' ક્રિયા)નો નિર્દેશ કરવામાં આવ્યો છે. આથી મુખ્ય ક્રિયાને લક્ષિત કરનારા ક્રિયાન્તર ''દિવસો જતાં''ને ''સતિ-સપ્તમી'' કહેવામાં આવે છે. જેમકે,

<u>दिनेषु गच्छत्सु [सत्सु]</u>, देवदत्तः पण्डितः भवति ।

ક્રિયાન્તર (સતિસપ્તમી) → મુખ્ય ક્રિયા

***

સતિસપ્તમીવાળાં પદોની પ્રાથમિક ઓળખ મેળવ્યા પછી, તેની વાક્યરચના બાબતે સ્પષ્ટતા કરીશું : (क) જ્યારે ભૂતકાળમાં થઈ ગયેલી ક્રિયાથી, મુખ્ય ક્રિયા ક્યારે થઈ એ બતાવવામાં આવે છે ત્યારે –

૧. 'થઈ ગયેલી' ક્રિયા દર્શાવવા 'કર્મણિ ભૂતકૃદન્ત'(વાળા) શબ્દને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે, તથા

૨. એ કર્મણિ ભૂતકૃદન્તથી વાચ્ય એવા 'કર્મ' વાચક શબ્દને પણ સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

[૩. અન્ય કારકોને યથાયોગ્ય વિભક્તિ ચાલુ રાખવી.] દા. ત.

(૧) પાંડવોથી ભીષ્મ હણાયા (ત્યારે); દુર્યોધન સંગ્રામમાં જાય છે.
(કર્તા) (સતિસપ્તમી) ક્રિયા (સાદું વાક્ય)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

''પાંડવોથી ભીષ્મ હણાયા (ત્યારે)'' दुर्योधनः संग्रामम् गच्छति । અહીં દુર્યોધનની 'જવાની' મુખ્ય ક્રિયા ક્યારે થઈ એ દર્શાવવા માટે બીજા એક ક્રિયાન્તરનો = ભીષ્મની હણાવાની ક્રિયાનો) નિર્દેશ કરવામાં આવ્યો છે. આથી 'ભીષ્મ હણાયા' એ પદો 'સતિસપ્તમી' ગણાશે. હવે, ભૂતકાળમાં થઈ ગયેલી (હણાવાની ક્રિયાને માટે हत (= હણાયેલું) એવું કર્મણિ ભૂતકૃદન્ત વાપરીશું, અને ઉપર દર્શાવેલા બે નિયમો પ્રમાણે, તે કર્મણિ ભૂતકૃદન્ત વાળા हत શબ્દને સપ્તમી વિભક્તિનો પ્રત્યય લગાડીશું, તથા તે કર્મણિ ભૂતકૃદન્તથી વાચ્ય એવા 'કર્મકારક'ને (દા.ત., 'ભીષ્મ'ને) પણ સપ્તમી વિભક્તિમાં મૂકીશું' [તથા આ ઉપવાક્યમાં કર્મણિ ભૂત કૃદન્ત વપરાયું છે, તેથી કર્તા–'પાંડવો'-ને તૃતીયા વિભક્તિમાં મૂકીશું.] તો–

(पाण्डवैः) भीष्मे हते (सति), दुर्योधनः संग्रामं गच्छति ।

નોંધ : ૧. ઉપરના ઉદાહરણ भीष्मे हते (सति)-માં કર્મવાચક भीष्म શબ્દને, તથા કર્મણિ ભૂતકૃદન્ત हत શબ્દને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવ્યા છે. હવે, આ બે સપ્તમ્યન્ત શબ્દોની સાથે √अस् ધાતુના વર્તમાનકૃદન્ત सत् નું પણ સપ્તમ્યન્ત રૂપ વાપરવામાં આવે છે. (અથવા, અધ્યાહૃત સમજવામાં આવે છે). भीष्मे અને हते એ સપ્તમ્યન્તપદો પુંલિંગમાં અને એકવચનમાં છે, તેથી सत् વર્તમાનકૃદન્તને પણ પુંલિંગ, સપ્તમી વિ. એકવચન (= सति)માં મૂકવામાં આવે છે.

૨. (भीष्मे हते,) दुर्योधनः संग्रामम् गच्छति । ઉપવાક્ય = સતિસપ્તમ્યન્ત પદોનો (અથવા, તો હનન એવા ક્રિયાન્તરનો) કર્તા (પાંડવ) છે. જ્યારે સાદા વાક્યની મુખ્ય (= ગમન) ક્રિયાનો કર્તા (= દુર્યોધન) અલગ વ્યક્તિ છે-તે અહીં નોંધનીય છે.

***

√अस् 'હોવું' ધાતુનું વર્તમાનકૃદન્ત सत्

	પુંલિંગ			નપુંસકલિંગ			સ્ત્રીલિંગ		
	એ.વ.	દ્વિ.વ.	બ.વ.	એ.વ.	દ્વિ.વ.	બ.વ.	એ.વ.	દ્વિ.વ.	બ.વ.
प्र.	सन्	सन्तौ	सन्तः	सत्	सती	सन्ति	सती	सत्यौ	सत्यः
द्वि.	सन्तम्	सन्तौ	सतः	सत्	सती	सन्ति	सतीम्	सत्यौ	सतीः
तृ.	सता	सद्भ्याम्	सद्भिः	તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગ જેવાં જ થાય છે.			सत्या	सतीभ्याम्	सतीभिः
च.	सते	''	सद्भ्यः				सत्यै	सतीभ्याम्	सतीभ्यः
पं.	सतः	''	''				सत्याः	सतीभ्याम्	सतीभ्यः
ष.	सतः	सतोः	सताम्				सत्याः	सत्योः	सतीनाम्
स.	सति	सतोः	सत्सु				सत्याम्	सत्योः	सतीषु
सं.	हे सन्	सन्तौ	सन्तः	हे सत्	सती	सन्ति	हे सति	सत्यौ	सत्यः

(ख) જ્યારે વર્તમાનકાળમાં થઈ રહેલી ક્રિયાથી, મુખ્યક્રિયા ક્યારે થઈ એ બતાવવામાં આવે છે ત્યારે –

૧. 'થઈ રહેલી' ક્રિયા દર્શાવતા વર્તમાનકૃદન્ત (કર્તરિ વ. કૃ. કે કર્મણિ વ. કૃ.) વાળા શબ્દને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. તથા

૨. (૧) એ (કર્તરિ) વર્તમાનકૃદન્તથી વાચ્ય એવા 'કર્તા' વાચક શબ્દને પણ સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

અથવા

૨. (૨) એ (કર્મણિ) વર્તમાનકૃદન્તથી વાચ્ય એવા 'કર્મ'વાચક શબ્દને પણ સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

૩. [અન્ય કારકોની યથાયોગ્ય વિભક્તિ ચાલુ રાખવામાં આવે છે.]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દા. ત. પૌરવના પૃથ્વી ઉપર શાસન કરતે છતે–અર્થાત્

પૌરવ (પૃથ્વીનું) શાસન કરી રહ્યા છે (ત્યારે), ભ્રમર શકુન્તલા ઉપર અવિનય આચરે છે.

કર્તા કર્મ — કર્તા અધિકરણ કર્મ ક્રિયાપદ

સતિસપ્તમી — સાદું વાક્ય

પ્રથમ તબક્કે સાદા વાક્યનો અનુવાદ કરીએ તો – ''પૌરવ પૃથિવીનું શાસન કરી રહ્યા છે (ત્યારે), भ्रमरः शकुन्तलायाम् अविनयम् आचरति ।'' ત્યાર પછી બીજે તબક્કે સતિસપ્તમીવાળા પદનો વિચાર કરીએ તો અહીં, ભ્રમરની (અવિનય) 'આચરણ'ની મુખ્ય ક્રિયા ક્યારે થઈ એ બતાવવા માટે બીજા એક ક્રિયાન્તરનો (= પૌરવની શાસનક્રિયાનો) નિર્દેશ કરવામાં આવ્યો છે. આથી ''પૌરવ શાસન કરી રહ્યા છે (ત્યારે)'' એ પદો 'સતિસપ્તમી' ગણાશે. હવે, મુખ્ય ક્રિયાને (= આચરણ ક્યારે થયું, તેને) લક્ષિત કરવા માટે, પ્રસ્તુત ઉપવાક્યમાં જે ક્રિયાન્તર 'શાસન' = ('શાસન કરતે છતે' એવું) છે, તેને માટે કર્તરિ વર્તમાનકૃદન્ત વાપરીશું. જેમકે, √शास् शासने એવા પરસ્મૈપદી ધાતુનું વર્તમાનકૃદન્ત शासत् થશે. તેનું સપ્તમી વિભક્તિમાં शासति રૂપ થશે. તથા પૂર્વોક્ત નિયમઃ ૨(૧) મુજબ વર્તમાનકૃદન્તથી વાચ્ય કર્તા (પૌરવ)ને પણ સપ્તમી વિભક્તિ લગાડીશું, [તથા શાસન ક્રિયાના કર્મ તરીકે 'પૃથિવી'ને દ્વિતીયા વિ. યથાવત્ ચાલુ રાખીશું.] તો–

पौरवे वसुमतीं शासति (सति), भ्रमरः शकुन्तलायाम् अविनयम् आचरति । એવો અનુવાદ થશે.

બીજું એક ઉદાહરણ લઈશું :

''બધાનાં ઊંઘતાં, કમલા રડે છે.''

(અર્થાત્ બધા ઊંઘી રહ્યા છે ત્યારે, કમલા રડે છે.)

અહીં, ''બધા ઊંઘી રહ્યા છે (ત્યારે)'' कमला रोदिति । માં રડવાની મુખ્યક્રિયાને લક્ષિત કરનાર ક્રિયાન્તર-ઊંઘતાંને માટે કર્તરિ વર્તમાનકૃદન્ત વાપરીશું. જેમકે, √शीङ् शयने । એવા આત્મનેપદી ધાતુનું વર્તમાનકૃદન્ત शयान થશે. તેનું સપ્તમી વિભક્તિ બહુવચનમાં शयानेषु (रामेषु ની જેમ) રૂપ થશે. તથા પૂર્વોક્ત નિયમ ૨(૧) મુજબ તે વર્તમાનકૃદન્તથી વાચ્યકર્તા (બધા)ને પણ સપ્તમી વિ. બહુવચનનો પ્રત્યય લગાડીશું, તો- सर्वेषु शयानेषु (सत्सु), कमला रोदिति । એવો અનુવાદ થશે.

ત્રીજું એક ઉદાહરણ લઈએ :

(ગોપાલ વડે) ગાયો દોહ્વાતાં, દેવદત્ત ગીત લલકારે છે. (અર્થાત્-'ગાયો દોહવાઈ રહી છે ત્યારે દેવદત્ત ગીત ગાય છે.') અહીં 'ગાયો દોહ્વાતાં, देवदत्तः गीतं गायति ।' માં ગાવાની મુખ્ય ક્રિયાને લક્ષિત કરનાર 'દોહન' ક્રિયાન્તરને માટે કર્મણિ વર્તમાનકૃદન્ત (दुह्यमान)નું સપ્તમી વિ. બહુવચન વાપરીશું. તથા તે કર્મણિ વર્તમાનકૃદન્તથી વાચ્ય કર્મ (ગાય)ને પણ પૂર્વોક્ત નિયમ : ૨(૨) મુજબ, સપ્તમી વિભક્તિમાં મૂકીશું, [તથા પ્રસ્તુત વાક્યમાં કર્મણિ વર્ત. કૃ. વાપર્યું હોઈને કર્તા 'ગોપાલ'ને તૃતીયા વિ. યથાવત્ ચાલુ રાખીશું-] તો-

(गोपालेन) गोषु दुह्यमानासु देवदत्तः गीतं गायति ॥

કેટલાંક સુપ્રચલિત ઉદાહરણો જોઈશું :–

૧. रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं
भास्वानुदेष्यति हसिष्यति चक्रवालम् ।
इत्थं विचिन्तयति कोशगते द्विरेफे
हा हन्त हन्त नलिनीं गज उज्जहार ॥

(અનુ.) ''રાત્રિ જતી રહેશે, સવાર થશે, સૂર્ય ઉદય પામશે અને ક્ષિતિજ હસી ઊઠશે'' એમ કોશમાં રહેલો ભ્રમર વિચારી રહ્યો છે (ત્યારે, જ) અરેરે ! હાથીએ (ભ્રમર જેમાં પૂરાયો છે એવી) તે નલિનીને ઉખાડી. [અહીં विचिन्तयत् વર્ત. કૃ.ને અને તે વિચારવાની ક્રિયા કરનાર કર્તાવાચક શબ્દ 'द्विरेफ'ને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવેલ છે.]

૨. उदयति सवितरि, पक्षिणः उड्डयन्ते ।

''સવિતા = સૂર્ય ઉદય પામતાં (જ), પક્ષીઓ ઊડે છે.''

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. हते भीष्मे, हते द्रोणे कर्णे च विनिपातिते ।
आशा बलवती राजन् ! शल्यो जेष्यति पाण्डवान् ॥

''હે રાજન્ (ધૃતરાષ્ટ્ર) ! આશા બળવતી છે. કારણ કે (પાંડવો વડે) ભીષ્મ હણાતાં, દ્રોણ હણાતાં અને કર્ણ (રણમાં) પડતાં (છતાંય) શલ્ય પાંડવોને જીતશે (એવી આશા રખાય છે).''

૪. अपरसागराम्भसि (અધિકરણ), पतिते दिवसकरे (સતિસપ્તમી), वेगोत्थितम् अम्भःसीकरनिकरमिव तारागणम् (કર્મ), अम्बरम् (કર્તા), अधारयत् ॥

''પશ્ચિમ સમુદ્રની અંદર (જ્યારે) દિવસકર = સૂર્ય પડ્યો ત્યારે આકાશે વેગને કારણે પ્રકટેલ જળબિન્દુઓના સમૂહ જેવો તારાગણ ધારણ કર્યો.'' (કાદમ્બરી).

૫. विकारहेतौ सति, विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः ॥ (કુમારસંભવ : ૧-૫૯)

''વિકાર (જન્મવા)નું કારણ હોવા છતાંય; જેમનાં ચિત્ત વિકાર અનુભવતાં નથી તેઓ જ 'ધીર' (કહેવાય) છે.''

૬. पत्तने विद्यमानेऽपि, किं ग्रामे रत्नपरीक्षा क्रियते ।
''મોટું શહેર હોતે છતે, શું ગામડામાં રત્નની પરીક્ષા થાય છે ?''

૭. वयसि गते कः कामविकारः, शुष्के नीरे कः कासारः ।
क्षीणे वित्ते कः परिवारो, ज्ञाते तत्त्वे कः संसारः ॥ (ચર્પટપંજરિકા)

''ઉંમર વીતતાં કામવિકાર કેવો ? જળ સૂકાતાં સરોવર કેવું ? ધન ક્ષીણ થઈ જતાં પરિવાર કેવો ? અને તત્ત્વ જાણી લીધા પછી સંસાર કેવો ને કેવી વાત ?''

IV.2.3.4. અનાદરાર્થે ષષ્ઠીવાળાં પદોનું 'ઉપવાક્ય' :

જેવી રીતે એક જ્ઞાતક્રિયાથી બીજી અજ્ઞાતક્રિયા લક્ષિત કરવી હોય ત્યારે જેમ સતિ-સપ્તમીનો પ્રયોગ થાય છે, તેમ ભાવલક્ષણ (= ક્રિયાન્તર) ઉપરાંત 'અનાદર' રૂપી અર્થ પણ અધિકપણે અભિવ્યક્ત કરવો હોય ત્યારે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થાય છે. જેમકે, ''પુત્ર રડતો હતો ત્યારે - છતાંય દેવદત્ત સંન્યાસી થઈ ગયો.'' पुत्रे रुदति देवदत्तः प्राव्राजीत् । આ ઉદાહરણમાં જ્ઞાત રુદનક્રિયાથી માત્ર ભાવલક્ષણ = ક્રિયાન્તર (સંન્યાસી થવાની ક્રિયા) સૂચવવાની જ ઇચ્છા નથી, પણ દેવદત્તે પુત્રનો અનાદર કર્યો એ અર્થ પણ સૂચવવાનો આશય છે. પરંતુ જ્યારે ભાવલક્ષણ ઉપરાંત 'અનાદર' રૂપી અર્થ પણ વિશેષપણે સૂચવવાનો આશય હોય છે ત્યારે કેવળ સપ્તમી જ પ્રવૃત્ત થતી નથી. આ સંદર્ભમાં, જ્ઞાત રુદનક્રિયાવાચક रुदत् (વર્તમાન કૃદન્ત) શબ્દને અને તે ક્રિયા કરનાર કર્તા-પુત્રને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે; (આને ''અનાદરાર્થે ષષ્ઠી વિભક્તિ''વાળાં પદ' કહે છે.) પરિણામે पुत्रे रुदति देवदत्तः प्राव्राजीत् । ની સાથે સાથે पुत्रस्य 'रुदतः' देवदत्तः प्राव्राजीत् । એવો પ્રયોગ પણ થાય છે. – આમાં 'देवदत्तः प्राव्राजीत्' એ સાદું-મુખ્ય--વાક્ય છે, તેની પૂર્વે ''पुत्रस्य रुदतः'' એવું અનાદરાર્થે ષષ્ઠીવાળું ઉપવાક્ય ઉમેરીને એક 'મિશ્રવાક્ય'ની રચના થઈ છે.

બીજાં કેટલાંક ઉદાહરણો જોઈશું :

૧. पश्यतः गुरोः शिष्यः अविनयमाचरति । 'ગુરુ જોતાં હોય છતાંય શિષ્ય અવિનય કરે છે.'

૨. नन्दाः पर्यायभूताः पशव इव हताः पश्यतो राक्षसस्य । '(અમાત્ય) રાક્ષસ જોતો રહી ગયો ને પશુઓની જેમ એક પછી એક નંદવંશીય રાજાઓ હણાઈ ગયાં.'

૩. अहं पुनर्युष्माकं प्रेक्षमाणानाम् एनं कुमारवृषसेनं स्मर्तव्यशेषं करोमि । ''તમારા સૌના જોતાં જ હું આ કુમાર વૃષસેનને માત્ર સ્મૃતિશેષ બનાવી દઉં છું.''

IV.2.3.5. ક્રિયાવિશેષણ :

ક્રિયાને વિશેષિત કરનારાં પદોને 'ક્રિયાવિશેષણ' કહે છે. જેમકે, 'જરાસન્ધ લહેરથી સૂતો છે.' जरासंधः सुखं शेते । અહીં શયનક્રિયાને વિશેષિત કરનાર શબ્દ 'सुखम्' ને ક્રિયાવિશેષણ કહે છે. વાક્યમાં આવાં ક્રિયાવિશેષણને નપુંસકલિંગ ગણીને દ્વિતીયા વિભક્તિ એકવચનમાં મૂકવામાં આવે છે. આ વિશે III.4.2.માં આપણે સોદાહરણ ચર્ચા કરી છે. (વળી આ ક્રિયાવિશેષણ પ્રકારના પદને 'ઉપવાક્ય' ગણવાનું નથી. આવાં પદોનો સંબંધ (આલેખમાં દર્શાવ્યા પ્રમાણે) મુખ્ય ક્રિયાવાચક પદ સાથે હોવાથી અહીં આટલી પુનરુક્તિ કરી છે.)

IV.2.4. [૪] સંયુક્ત વાક્ય :

સંસ્કૃત ભાષામાં च, इति, यद्, यथा-तथा, यदि-तर्हि, अन्यच्च, हि, अथवा જેવા કેટલાક અવ્યયોનો પ્રયોગ કરીને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બે વાક્યને જોડવામાં આવે છે. આવા વાક્યસંયોજક અવ્યયોથી જ્યારે બે વાક્યોને પરસ્પરમાં જોડવામાં આવે ત્યારે એક **"સંયુક્ત વાક્ય"** બને છે. ઉદાહરણ તરીકે કેટલાક વાક્યસંયોજક અવ્યયોનો અભ્યાસ કરીએ તો -

(૧) સમુચ્ચયાર્થક 'च' અવ્યયનો પ્રયોગ : વાક્યમાં બે કે બેથી વધારે વ્યક્તિઓ/પદાર્થોનો સમુચ્ચય દર્શાવવો હોય ત્યારે 'અને' અર્થવાળા 'च' અવ્યયનો પ્રયોગ કરવામાં આવે છે. આથી 'च' ને સમુચ્ચયાર્થક અવ્યય કહેવાય છે. આવો च અવ્યય વાક્યમાં (क) પદસંયોજક અને (ख) વાક્યસંયોજક - એમ બે રીતે વપરાતો જોવા મળે છે. જેમકે,

(क) रामः असिना बाणेन च रावणं हन्ति ।

'રામ તલવારથી અને બાણથી રાવણને હણે છે.'

અહીં 'च' એવા અવ્યયથી 'તલવારનો' અને 'બાણ'નો સમુચ્ચય કરવામાં આવ્યો છે. (પદસંયોજક- च)

(ख) ૧. रामः लक्ष्मणः च वनं गच्छतः । 'રામ અને લક્ષ્મણ વનમાં જાય છે.'

અહીં 'રામ' અને 'લક્ષ્મણ'નો વનગમન ક્રિયામાં એકસરખો અન્વય છે. એટલે કે અહીં મૂળમાં તો रामः वनं गच्छति । અને लक्ष्मणः वनं गच्छति । એવાં બે સ્વતન્ત્ર વાક્યો છે. પણ 'च' એવા વાક્યસંયોજક અવ્યય દ્વારા તે બન્નેને ભેગાં કરીને દર્શાવેલ છે : रामः लक्ष्मणः च वनं गच्छतः । બન્ને કર્તાઓ એકસરખી ક્રિયા કરે છે, અને બન્નેનું એકસરખું પ્રાધાન્ય છે તેથી ક્રિયાપદમાં પણ गच्छति એવા એકવચનના રૂપને બદલે गच्छतः । એવું દ્વિવચનનું રૂપ વપરાયું છે. ૨. એ જ પ્રમાણે, रामः भरतः लक्ष्मणः शत्रुघ्नः च दशरथस्य पुत्राः सन्ति । (અથવા रामश्च भरतश्च लक्ष्मणश्च शत्रुघ्नश्च दशरथस्य पुत्राः सन्ति ।) 'રામ, ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન દશરથના પુત્રો છે. એવા વાક્યના ગર્ભમાં પણ ચાર સ્વતન્ત્ર વાક્યો રહેલાં છે. જેમકે ૧. रामः दशरथस्य पुत्रः अस्ति । ૨. भरतः दशरथस्य पुत्रः अस्ति ૩. लक्ष्मणः दशरथस्य पुत्रः अस्ति । ૪. शत्रुघ्नः दशरथस्य पुत्रः अस्ति ।

આ ચારેય વાક્યોને 'च' એવા અવ્યયથી જોડીને એક વાક્ય રૂપે ઉપર રજૂ કરેલ છે. ઉપરના બન્ને ઉદાહરણોમાં જુદા જુદા કર્તાઓની એક જ ક્રિયામાં એકસમાન અન્વિતિ (જોડાણ) જોવા મળે છે. પરંતુ ક્યારેક એક જ કર્તાની બે જુદી જુદી ક્રિયામાં અન્વિતિ હોય તો તેને પણ च અવ્યય દ્વારા અભિવ્યક્ત કરવામાં આવે છે. જેમકે, ૩. भरतः रामं प्रणमति पूजयति च । 'ભરત રામને પ્રણામ કરે છે અને પૂજે છે.' અહીં પણ મૂળમાં બે સ્વતંત્ર વાક્ય પડ્યાં છે : भरतः रामं प्रणमति । અને भरतः रामं पूजयति । આવાં બે વાક્યને च થી જોડીને ઉપરનું વાક્ય બનાવાયું છે. ૪. ક્યારેક બે જુદા જુદા કર્તાઓએ બે જુદી જુદી ક્રિયાઓ કરી હોય તેની અભિવ્યક્તિ કરતાં બે સ્વતન્ત્ર વાક્યોને પણ चથી જોડવામાં આવે છે. જેમકે, 'रामः सुवर्णमृगम् अनुधावति ।' તથા 'रावणः सीताम् अपहरति ।' હવે આ બે વાક્યોને સંયોજીને એક મોટું વાક્ય બનાવવું હોય તો બીજા વાક્યના પહેલાં શબ્દની પાછળ च અવ્યયનો પ્રયોગ કરવામાં આવે છે : रामः सुवर्णमृगम् अनुधावति रावणश्च सीताम् अपहरति ।

આવી જ રીતે, किं च, अपरं च, अन्यच्च, अपि च જેવા અવ્યયસમૂહથી પણ બે વાક્યોને જોડીને એક સંયુક્તવાક્ય બનાવી શકાય છે :

૧. रामः पितुः आज्ञापालकः पुत्रः आसीत् ।
   अपि च लोकानुराधनाय तत्परो राजा आसीत् ।
   'રામ પિતાનો આજ્ઞાપાલક પુત્ર હતો. અને વળી, લોકોનું આરાધન કરવા માટે તત્પર એવો રાજા પણ હતો.'

૨. भरतः मातरं कैकेयीम् अधिक्षिपति, अपरञ्च राज्यम् अस्वीकृत्य वनम् अधिगच्छति ।'

'ભરત માતા કૈકેયીને નિંદે છે, અને વળી રાજ્યનો અસ્વીકાર કરીને વનમાં (જવા) ચાલી નીકળે છે.'' વગેરે. અહીં બે વાક્યોને જોડવા, બીજા વાક્યના આરંભે આવા વાક્યસંયોજક અવ્યયને વાપરવામાં આવે છે.

(૨) કારણદર્શક हि, तेन, अतः, यतो हि- જેવા અવ્યયોથી પણ બે વાક્યોને જોડવામાં આવે છે. દા. ત.

૧. त्वमेव ननु कल्याणि संजीवय जगत्पतिम् ।
   प्रियस्पर्शो हि पाणिस्ते, तत्रैष निरतो जनः । (उत्तररामचरित ३-१०)

''હે કલ્યાણિ (સીતા) ! તું જ આ જગત્પતિ (રામ)ને જીવાડ. કારણ કે, તારો હાથ જ એવો છે કે જેનો સ્પર્શ એ (રામ)ને પ્રિય છે; આવા હાથને વિષે જ આ વ્યક્તિ ગાઢાસક્ત છે.''

૨. किमत्र चित्रम् । एते हि शुकशारिकाप्रभृतयो विहंगविशेषा यथाश्रुतं वाचम् उच्चारयन्ति ॥

''એમાં શું આશ્ચર્ય ? કારણ કે, આ શુક-સારિકા વગેરે વિશેષ પ્રકારના પક્ષીઓ તો જેવું સાંભળ્યું હોય તેવી વાણી ઉચ્ચારી શકે છે.''

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. आकाशे मेघाडम्बरं दृश्यते । तेन वृष्टिः अनुमीयते ।
"આકાશમાં વાદળો ઉમટી પડ્યાં છે. તેથી વૃષ્ટિનું અનુમાન થાય છે."

૪. धर्माद् एव सुखं प्राप्यते, अतः धर्मः यत्नेन परिपालनीयः ।
"ધર્મથી જ સુખ મળે છે; માટે ધર્મ પ્રયત્નપૂર્વક પાળવો જોઈએ."

૫. सत्वरमागच्छ, यतो हि गुरुतरं प्रयोजनम् अस्ति ।
તું જલ્દીથી આવ, કારણકે ભારે જરૂરિયાત છે.'

(૩) **અવતરણ ઉદ્ધરણ - પ્રદર્શક અવ્યય દ્વારા પણ બે વાક્યોને જોડીને એક 'સંયુક્ત વાક્ય' બનાવી શકાય છે. જેમકે, इति અને यद् ।**

ગુજરાતી ભાષામાં બે વાક્યોને જોડવા માટે 'કે' એવા અવ્યયનો પ્રયોગ થાય છે. દા. ત. ૧. હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પૂછ્યું કે - ક્યાં છે તારો પરમેશ્વર ? તેને (તું) બતાવ. લે હવે તે તને રક્ષે.

અહીં 'હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પૂછ્યું' એટલું એક સ્વતંત્ર/પૂર્ણ વાક્ય છે. અને "ક્યાં છે તારો પરમેશ્વર ? (વગેરે)" એ બીજું વાક્ય છે. આ બે વાક્યોને જોડવા ગુજરાતી ભાષામાં 'કે' અવ્યયનો ઉપયોગ કરવામાં આવે છે. આવા સન્દર્ભમાં, બે વાક્યોને જોડવા માટે સંસ્કૃત ભાષામાં બે પ્રકારના અવ્યયો વપરાતા જોવા મળે છે : यद् અથવા इति ।

(क) यद् અવ્યયનો અર્થ છે = 'કે'

હવે જે બે વાક્યોને જોડવાં હોય તે બે વાક્યોની બરાબર વચ્ચે આ यद् અવ્યયનો પ્રયોગ કરવામાં આવે છે. જેમકે,

हिरण्यकशिपुः प्रह्लादम् अपृच्छत् यद् क्व अस्ति तव परमेश्वरः, दर्शय तम्, रक्षतु सः त्वाम् अधुना ।

અથવા, (ख) इति = "એ પ્રમાણે"

ગુજરાતી ભાષામાં, જે બે વાક્યોમાંનું એક વાક્ય અવતરણ ચિહ્નમાં રહેલું હોય, તે અવતરણ ચિહ્નવાળું વાક્ય પૂર્ણ થયા પછી, સંસ્કૃત ભાષામાં 'इति' એવા અવ્યયનો પ્રયોગ કરવામાં આવે છે. (એટલે કે ઉપરના જ વાક્યોને 'કે' એવા અવ્યયથી જોડ્યા વિના, વિરામચિહ્નોની મદદથી જો રજૂ કરીએ તો, ગુજરાતીમાં આમ લખાશે :)

૧. હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પૂછ્યું : "ક્યાં છે તારો પરમેશ્વર ? તેને તું બતાવ. લે હવે તે તને રક્ષે."

હવે, સંસ્કૃત ભાષામાં તો (અંગ્રેજી કે ગુજરાતી ભાષા જેવાં) વિરામચિહ્નોનો ક્યારેય ઉપયોગ નહોતો થતો. તેને માટે (એટલે કે અવતરણ ચિહ્નવાળા વાક્યને રજૂ કરવા માટે) તો સંસ્કૃત ભાષામાં इति અવ્યયનો પ્રયોગ કરવામાં આવે છે. જેમકે,

हिरण्यकशिपुः प्रह्लादम् अपृच्छत्-क्व अस्ति तव परमेश्वरः । तं दर्शय । रक्षतु सः त्वाम् अधुना इति ॥

આ જ રીતે કોઈની ઉક્તિનું ઉદ્ધરણ ટાંકવા માટે, નીતિવાક્ય કે શાસ્ત્રવચનને ઉદ્ધૃત કરવા માટે સંસ્કૃત ભાષામાં इतिનો પ્રયોગ પ્રચૂર માત્રામાં થયેલો જોવા મળે છે.

દા. ત. ૨. मित्रं नाम सम्पदि विपदि च सहायं भवति । अमित्रस्य दिशः शून्याः इति मित्रापेक्षी लोकः ॥
મિત્ર તો એનું નામ કે જે સમ્પત્તિમાં અને વિપત્તિમાં સાથીદાર બની રહે. (કહેવાયું છે :) "મિત્ર વગરનાને બધી દિશાઓ શૂન્ય થઈ જાય છે." (માટે) બધા લોકો મિત્રની અપેક્ષા રાખે છે.

૩. वत्सलक्ष्मणस्य पुत्रकः आज्ञापयति; इति अमृतबिन्दुसुन्दराणि अक्षराणि श्रूयन्ते ॥ (उत्तररामचरित-४)
'વત્સ લક્ષ્મણનો દીકરો આજ્ઞા આપે છે' એવા જાણે અમૃતબિન્દુ જેવા સુન્દર અક્ષરો સંભળાઈ રહ્યા છે.

એક વધુ ઉદાહરણ લઈએ તો –

૪. આથી, ગૌરસિંહે ફરીથી એકધારું ધ્યાનથી જોયું તો- કુટીરની નજીકમાં આવેલા બગીચા (નિષ્કુટ)માં કેળની ઝાડીમાં બે-ત્રણ ઝાડ અતિશય ધ્રૂજી રહ્યાં હતાં.

(क) अतः पुनरेकतानेन निपुणं निरीक्षमाणेन गौरसिंहेन दृष्टम् यत्- कुटीरनिकटस्थ- निष्कुटककदलीकूटे द्वित्रास्तरवोऽतितरां कम्पन्ते ॥

(ख) अतः पुनरेकतानेनन निपुणं निरीक्षमाणेन गौरसिंहेन दृष्टम् कुटीरनिकटस्थनिष्कुटककदलीकूटे द्वित्रास्तरवोऽतितरां कम्पन्ते इति ।

નોંધ : આમ, સંસ્કૃત ભાષામાં બે વાક્યોને જોડવા માટે यद् અથવા इति એવા બે અવ્યયો વપરાતા જોવા મળે છે. પરંતુ એ નોંધપાત્ર છે કે આ બન્ને અવ્યયોમાંથી કોઈ એક જ અવ્યયનો ઉપયોગ કરીને બે વાક્યોને જોડવામાં આવે છે. (એટલે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કે यद् અવ્યયનો એકવાર પ્રયોગ કર્યા પછી, ત્યાં इति અવ્યયનો પ્રયોગ થઈ શકતો નથી. એ જ પ્રમાણે, જ્યાં इति અવ્યયથી બે વાક્યોને જોડ્યાં હોય ત્યાં यद् અવ્યય ન વાપરવો.)

(૪) વિકલ્પાર્થક અવ્યયો वा, यद्वा, अथ वा, आहोस्वित् દ્વારા પણ બે સ્વતન્ત્ર વાક્યોને જોડીને, એક 'સંયુક્ત વાક્ય' બનાવી શકાય છે. દા. ત.

૧. खलानां कण्टकानां च द्विविधैव प्रतिक्रिया ।
उपानन्मुखभङ्गो वा दूरतो वा विसर्जनम् ।
'દુષ્ટો અને કંટકો તરફ બે પ્રકારનો જ પ્રતિભાવ હોઈ શકે :
ચંપલથી મુખ ભાંગી કાઢવું અથવા તેને દૂરથી જ ફેંકી દેવો.'

૨. मालतीकुसुमस्य द्वे गती भवतः । सर्वलोकस्य मूर्ध्नि तिष्ठेद्, वने वा विशीर्येत ।
'માલતી પુષ્પની બે જ ગતિ હોઈ શકે છે :
બધા માણસોના મસ્તક ઉપર વિરાજે અથવા તે વનમાં જ કરમાઈ જાય. (અહીં, પ્રાયઃ બીજા વાક્યના પહેલા શબ્દ પછી, વિકલ્પાર્થક वा અવ્યયનો પ્રયોગ થાય છે - वने वा विशीर्येत । એ નોંધવું.)

૩. भो ब्राह्मण ! अश्वमेधयज्ञस्य फलं ददामि यद्वा / अथ वा मम शीरो ददामि ।
''અરે બ્રાહ્મણ ! અશ્વમેધ યજ્ઞનું ફળ આપું, અથવા તો મારું (=કર્ણનું) મસ્તક ઉતારી આપું.''

(૫) પશ્ચાદ્વર્તી ક્રિયા / પરિસ્થિતિ દર્શાવનારા ततः, ततश्च કે अत्रान्तरे જેવા અવ્યયોથી પણ બે વાક્યને જોડી શકાય છે.

૧. लक्ष्मणेन रावणपुत्रो मेघनादः हतः, ततः क्रुद्धो रावणः युद्धाय बहिरागच्छत् ।
'લક્ષ્મણથી રાવણનો પુત્ર મેઘનાદ હણાયો; ત્યાર પછી ગુસ્સે થયેલો રાવણ યુદ્ધને માટે (મહેલની) બહાર નીકળ્યો.'

૨. चन्द्रापीडः गहनकान्तारं प्राविशत् । अत्रान्तरे एकस्मात् शिवालयात् महान् शब्दः समभवत् ।
'ચન્દ્રાપીડ ગાઢ જંગલમાં પ્રવેશ્યો; એટલામાં એક શિવાલયમાંથી મોટો અવાજ થયો.'

૩. तव पुत्रान् मासषट्केन नीतिशास्त्रज्ञान् न करोमि, ततः स्वनामत्यागं करोमि । (હિતોપદેશ)
'જો તારા પુત્રોને છ મહિનામાં નીતિશાસ્ત્રજ્ઞ ન બનાવું તો પછી હું મારું નામ ત્યજી દઈશ.''

(૬) આ જ પ્રમાણે, किन्तु, परन्तु, अन्यथा, न च વગેરે વાક્યસંયોજક અવ્યયોથી ''સંયુક્તવાક્ય''ની રચના થતી જોવા મળે છે. દા. ત. गुणाः पूजास्थानं गुणिषु सन्ति, न च लिङ्गं, न च वयः पूजास्थानम् अस्ति ।

(૭) કેટલાક વાક્યસંયોજક બબ્બેની જોડમાં વપરાતા હોય છે. જેમકે, (क) ઉપમાનોપમેયવાળી વાક્યાવલીને જોડવા यथा-तथा, (ख) સમય દર્શાવતાં यदा-तदा, यावत्-तावत्, (ग) શરત રજૂ કરતાં यदि-तर्हि, (घ) સંકોચવચન રજૂ કરનાર यद्यपि-तथापि, (ङ) કે સ્થળ દર્શાવનારાં यत्र-तत्र જેવા અવ્યયો હંમેશા (પ્રકટ કે અપ્રકટ રૂપે) જોડમાં જ વપરાય છે : જેમકે,

यथा ह्येकेन चक्रेण रथस्य न गतिर्भवेत् ।
तथा पुरुषकारेण विना दैवं न सिध्यति ।
'જેવી રીતે એક જ પૈડાથી રથની અંદર ગતિ આવતી નથી, તેવી રીતે પુરુષાર્થ વિના નસીબ પણ ફળતું નથી.'

૨. यावत् वित्तोपार्जने त्वं शक्तः असि, तावदेव तव परिवारः त्वयि अनुरक्तः अस्ति । 'જ્યાં સુધી તું પૈસા કમાવવા શક્તિમાન્ છું, ત્યાં સુધી જ તારો પરિવાર તારામાં અનુરક્ત છે.'

૩. यदा धर्मस्य ग्लानिः भवति, तदा (अहं कृष्णः) आत्मानं सृजामि । 'જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે હું મારું સર્જન કરું છું (= હું જન્મ લઉં છું).'

૪. यदि लक्ष्मणस्यात्मजः चन्द्रकेतुः ऊर्मिलायाः पुत्रः तर्हि मैथिलस्य राजर्षेः दौहित्रः स भवति ।
'જો તે લક્ષ્મણનો દીકરો ચન્દ્રકેતુ ઊર્મિલાનો પુત્ર હોય, તો મિથિલાના રાજા (જનક)નો તે દૌહિત્ર (= ભાણો) થાય.'

૫. यत्र योगेश्वरः कृष्णः वर्तते, तत्र श्रीः निवसति । 'જ્યાં યોગેશ્વર કૃષ્ણ હોય છે, ત્યાં લક્ષ્મીનો વાસ હોય છે.'

૬. यद्यपि बहु नाधीषे, तथापि पठ पुत्र ! व्याकरणम् । 'હે દીકરા ! જો કે તું બહુ ના ભણે તો પણ તું વ્યાકરણ જરૂર ભણજે.'

૭. यद् (જે) અને तद् (તે) એવાં બે સર્વનામો ઉદ્દિશ્યમાન અને પ્રતિનિર્દિશ્યમાન તરીકે પણ જોડમાં જ વપરાય છે; અને તે પણ બે વાક્યોને જોડીને એક 'સંયુક્ત-વાક્ય' બનાવી આપે છે. જેમકે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

१. रे रे चातक ! सावधानमनसा, मित्र, क्षणं श्रूयताम् ।
यं यं पश्यसि, तस्य तस्य पुरतो मा ब्रूहि दीनं वचः ।

''રે ચાતક ! હે મિત્ર ! સાવધાન મનથી એક ક્ષણ માટે તું સાંભળ.' (તું) જેને જેને જુવે, તેની તેની સામે તું દીનતાભર્યું વાક્ય ના ઉચ્ચારીશ.''

૨. स तु भवतु दरिद्रो, यस्य तृष्णा विशालाऽस्ति । 'તે દરિદ્ર છે, કે જેની તૃષ્ણા વિશાળ છે.'

૩. अपण्डिताः ते पुरुषा मताः, ये स्त्रीषु च श्रीषु च विश्वसन्ति । 'તે પુરુષો અપંડિત ગણાય છે (મનાય છે), કે જેઓ સ્ત્રીઓમાં અને લક્ષ્મીમાં વિશ્વાસ રાખે છે.'

૪. यस्यास्ति वित्तं, सः नरः पण्डितः अस्ति । 'જેની પાસે ધન છે, તે માણસ જ પંડિત છે' અહીં પૈસાવાળો ઉદ્દિશ્યમાન છે, અને 'તે' વ્યક્તિ જ પંડિત તરીકે પ્રતિનિર્દિશ્યમાન છે.

એ જ પ્રમાણે, પહેલા વાક્યમાં यम् यम्ने ઉદ્દેશીને, तस्य तस्य એવો પ્રતિનિર્દેશ કર્યો છે; અને એ રીતે બે વાક્યોને જોડ્યાં છે. આ વાક્યને 'સંયુક્ત વાક્ય' કહેવાય છે.

IV.2.5 [૫] જટિલ વાક્ય : [ક] સંસ્કૃત ભાષામાં જે કાવ્યોનું સર્જન થયું છે તેમાં અલંકારપ્રચુર ભાષાનો પ્રયોગ થયો છે. તેમાં એક વાક્યમાં બીજાં અનેક વાક્યો તાણા-વાણાની જેમ ગુંથાઈને પડ્યાં હોય છે. આવાં વાક્યોને આપણે 'જટિલ વાક્ય' કહીશું. એક બે ઉદાહરણથી આની રચનાને સમજીશું : ૧. दमयन्त्याः वदनं कमलम् इव सुन्दरम् अस्ति ।

'દમયન્તીનું વદન કમળ જેવું સુન્દર છે.' ઉપલક દૃષ્ટિએ સરળ જણાતા આ વાક્યના પેટાળમાં ખરેખર બે વાક્યો પડેલાં છે. જેમકે, कमलम् सुन्दरम् अस्ति । અને दमयन्त्याः वदनम् (अपि) सुन्दरम् अस्ति । - આ વાક્યોને 'इव' એવા (ઉપમાનોપમેય વાક્યસંયોજક) અવ્યય દ્વારા જોડીને એક 'જટિલવાક્ય'ની રચના કરવામાં આવી છે. (આને જટિલ વાક્યરચના એટલે કહીએ છીએ કે અહીં બેવાર વપરાતા सुन्दरम् શબ્દમાંથી એક सुन्दर શબ્દનો લોપ કરવામાં આવ્યો છે. જ્યારે यथा - तथा જેવા અવ્યયો પણ ઉપમાનોપમેય વાક્યસંયોજક અવ્યયો છે, પરંતુ તે બે સ્વતંત્ર વાક્યોને માત્ર જોડે જ છે, ત્યાં કોઈ અંશનો લોપ થતો નથી.)

૨. यथा वाराङ्गना अनेकरूपा भवति, तथा नृपनीतिः अनेकरूपा भवति । અહીં यथा-तथाથી જોડાયેલાં બે વાક્યોની સ્વતન્ત્ર પ્રતીતિ કરી શકાય છે; પણ જ્યારે वाराङ्गना इव नृपनीतिः अनेकरूपा भवति । એવું इव અવ્યયના પ્રયોગથી બનાવેલું વાક્ય પ્રયોજાય છે, ત્યારે તે 'જટિલ વાક્ય'નું રૂપ ધારણ કરે છે. કવિઓએ પ્રયોજેલી અલંકારિક ભાષામાં આવાં વાક્યોનું બાહુલ્ય જોવા મળે છે, પણ વાગ્ વ્યવહારમાં તેનો પ્રમાણમાં અલ્પ પ્રયોગ થાય છે, તેથી પ્રસ્તુત ગ્રન્થમાં આ પાંચમા પ્રકારના વાક્યની સંરચનાને વિસ્તારથી ચર્ચી નથી. (આના વિશે ભવિષ્યમાં એક સ્વતન્ત્ર અભ્યાસ કરવાની ઇચ્છા છે.)

(ખ) ક્યારેક 'મિશ્રવાક્ય' અને 'સંયુક્તવાક્ય' ભેગાં મળીને પણ 'જટિલ વાક્ય'નું નિર્માણ થતું હોય છે. દા. ત. तच्छ्रुत्वा, मार्जारो [भूमिं स्पृष्ट्वा] कर्णौ स्पृशति, ब्रूते च 'मया [धर्मशास्त्रं श्रुत्वा] वीतरागेणेदं दुष्करं व्रतं चान्द्रायणमध्यवसितंमिति । અહીં तद्, श्रुत्वा, स्पृष्ट्वा, च, श्रुत्वा અને इतिની મદદથી એક મોટા જટિલ વાક્યની રચના કરવામાં આવી છે – તે તપાસો.

1. સાદું વાક્ય

૧. કેવળ ક્રિયાપદથી બનેલું વાક્ય	૨. ઉદ્દેશ્ય અને ક્રિયાપદથી બનેલું વાક્ય	૩. ઉદ્દેશ્ય + કારકસમૂહ + ક્રિયાપદથી બનેલું વાક્ય	૪. ઉદ્દેશ્ય + કારકસમૂહ + સ્થળ, કાળ + ક્રિયાપદ
– पश्य पश्य ।	– रामः वदति ।	– रामः [जलेन वृक्षान्] सिञ्चति ।	– अहं [हस्ताभ्यां फलानि] [प्रातःकाले उपवने] अवचिनोमि ।
– एहि ।	– त्वं पठसि ।	– सीता [अग्निना स्थाल्यां तण्डुलान्] पचति ।	
	– अहं पश्यामि ।		

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

2. વિશેષણ સહિતનું વાક્ય

(क)
ભેદમૂલક વિશેષણવાળું વાક્ય

- [दशरथस्य] रामः युध्यति ।
- [पुत्रेण सह] पिता आगच्छति ।
- [रामं विना] भरतः अयोध्यायां न निवसति ।

(ख)
અભેદમૂલક વિશેષણોવાળું વાક્ય

૧. ગુણવાચક વિશેષણ	૨. રંગવાચક વિશેષણ	૩. સંખ્યાવાચક વિશેષણ	૪. સર્વનામવાચક વિશેષણ
– सीता [सुन्दरं] बालकं पश्यति । – देवदत्तः [शुष्कं] काष्ठं छिनत्ति । – [मूर्खः] विदूषकः मन्त्रं जपति ।	– अहं [रक्तं] पुष्पं पश्यामि । – अश्वः [हरितं] तृणं खादति । – [गौरः] बालः रोदिति । – भूतले [नीलः] घटः अस्ति ।	– [एका] सन्नारी संभाषणं करोति । – [पञ्च] पुरुषाः पठन्ति ।	– [सः] रामः राजा अस्ति । – [इदं] जलम् अस्ति । – रामः [एतानि] पुस्तकानि पठति ।

૫. તદ્ધિતાન્ત નામથી બનેલું વિશેષણ	૬. કૃદન્ત નામથી બનેલું વિશેષણ	૭. સામાસિક શબ્દથી બનેલું વિશેષણ	૮. વર્તમાનકૃદન્ત રૂપ વિશેષણ
– [कौन्तेयः] अर्जुनः कर्णं विध्यति । – [दाशरथिः] रामः सीतां परिणयति । – [बलवन्तः] सैनिकाः युध्यन्ति । – अहं [मदीयां] शालां गच्छामि ।	– [कुम्भकारः] रमेशः कुक्कुटं ताडयति । – अहं [वरदं] गुरुं नौमि । – वानरः [नेतारं] हनुमन्तम् अनुसरन्ति ।	– [घनश्यामः] कृष्णः वदति । – [सीतापतिः] रामः जयति । – [भक्तवत्सलम्] प्रभुम् भजामि ।	– [गच्छन्] रामः वार्तां शृणोति । – गृहं [प्रविशन्ती] सीता स्तोत्रं पठति । – [हृष्टः] सिंहः पलायते । **૯. ભવિષ્યત્ કૃદન્તરૂપ વિશેષણ** ऋषिः लङ्कां [गमिष्यमाणाय ।] रामाय वरं ददाति ।

3. મિશ્ર વાક્ય

૧. સંબંધક ભૂતકૃદન્તવાળું ઉપવાક્ય મિશ્રિત થતાં બનેલું વાક્ય	૨. હેત્વર્થ કૃદન્તવાળું ઉપવાક્ય મિશ્રિત થતાં બનેલું વાક્ય	૩. સતિસપ્તમીવાળું ઉપવાક્ય મિશ્રિત થતાં બનેલું વાક્ય
– रामः [मातरं नत्वा] वनं गच्छति । – देवदत्तः [स्नानं कृत्वा] मन्दिरं गच्छति । – विश्वेशः [व्याकरणं पठित्वा] वेदं जानाति । – विश्वा [भारतमागम्य] संस्कृतं पठति ।	– सीता [पुष्पाणि आनेतुम्] उपवनं गच्छति । – कृष्णः [कंसं हन्तुम्] मथुरां गच्छति । – शिष्यः [वाराणसीं गन्तुं] सज्जो भवति ।	– [रामे वनं गते] दशरथः प्राणान् तत्याज । – [भोजे दिवं गते] सरस्वती निरालम्बाभवत् । **૪. અનાદરાર્થે ષષ્ઠીવાળું ઉપવાક્ય** पश्यतो गुरोः शिष्यः अविनयम् आचरति स्म । 'ગુરુ જોતાં હતાં તોય શિષ્યે અવિનય કર્યો.'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

4. સંયુક્ત વાક્ય

૧. વાક્યસંયોજક च, इति, यद् અવ્યયથી જોડાયેલાં વાક્યો
- रामः राजमुकुटं त्यजति, वनं च गच्छति ।
- उद्योगिनं पुरुषसिंहम् उपैति लक्ष्मीः इति प्रेरकवचनं स्मरन्तु सर्वे जनाः ।
- शङ्कराचार्यः भणति यद् ब्रह्म सत्यं, जगन्मिथ्या, जीवो ब्रह्मैव, नापरः (अस्ति) ।

૨. यदा-तदा, यदि-तर्हि, यथा-तथा, यावत्-तावत्, यत्र-तत्र જેવી અવ્યયોની જોડથી તથા यद्-तद् જેવાં સર્વનામથી સંધાયેલાં વાક્યો.
- यदा कृष्णः यमुनां प्रविशति, तदा गोपजनाः कोलाहलं कुर्वन्ति ।
- यदि व्याकरणं न ज्ञायेत, तर्हि काव्यास्वादो नैव भवेत् ।
- यत्र यत्र वेदाध्ययनं भवति, तत्र तत्र दुःखत्रयाभिघातः भवति ।
- यावत् सूर्यः तपति, तावत् निशाचराः यज्ञकर्मणि विघ्नं नैव कुर्वन्ति ।
- यस्य नास्ति स्वयं प्रज्ञा, शास्त्रं तस्य करोति किम् ।

5. જટિલ વાક્ય

૧. इव વગેરેના પ્રયોગથી થયેલી ઉપમા, ઉત્પ્રેક્ષા કે શ્લેષાદિ અલંકારવાળી વાક્યરચનાઓ :
- चन्द्रापीडः तस्य च दक्षिणां मूर्तिमाश्रित्याभिमुखीमासीनाम्, धवलगुणेनेव केवलेनोत्पादिताम् पशुपतिदक्षिणमुख-हासच्छविमिव बहिर्निर्गत्य कृतावस्थानाम्, इयत्तामिव धवलिम्नः, पीतामृतामिव विगततृष्णाम्, असमस्तपदवृत्तिमिवादृन्द्वाम् प्रतिपन्नपाशुपतव्रतां कन्यकां (महाश्वेतां) ददर्श ॥

૨. त्वा, तुम् કે સતિસપ્તમી આદિવાળાં ઉપવાક્યો અને સંયુક્ત વાક્યોનો એક સાથે પ્રયોગ થતાં બનેલું મહાવાક્ય.
- सर्वे मां चञ्चुभिर्हत्वा सकोपा ऊचुः - "पश्य रे मूर्ख ! स हंसस्तव राजा सर्वथा मृदुः, अतस्तस्य राज्याधिकारो नास्ति। यत एकान्तमृदुः करतलस्थमप्यर्थं रक्षितुमक्षमः, स कथं पृथिवीं शास्ति ?" इति ।

ઉપસંહાર : આમ સંસ્કૃત ભાષામાં પાંચ પ્રકારનાં વાક્યોની રચનાઓ જોવા મળે છે : (૧) સાદું વાક્ય, (૨) વિશેષણ સહિતનું સાદું વાક્ય, (૩) મિશ્રવાક્ય, (૪) સંયુક્ત વાક્ય અને (૫) જટિલ વાક્ય. આમાંથી સૌથી પહેલી 'સાદા વાક્ય'ની રચના, પ્રસ્તુત ગ્રન્થના પહેલા બે પ્રકરણ દ્વારા, ધ્યાનથી શીખી લેવામાં આવે તો, બીજી ચતુર્વિધ વાક્યરચનાઓ તો 'વાક્ય વિસ્તારની વિવિધ યુક્તિઓ' સ્વરૂપની જ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain Digitized by eGangotri.

પ્રકરણ - ૫

જુદા જુદા કાળ અને અર્થોમાં વાક્યરચના

V.0 ભૂમિકા : (ક્રિયાપદનું સ્વરૂપ)

V.0.0. અગાઉના ચાર પ્રકરણોમાં મહદંશે પરસ્મૈપદી ધાતુના વર્તમાનકાળનાં (જ) ક્રિયાપદોને લઈને આરંભે પાંચ પ્રકારના વાક્યોની રચના કેવી રીતે થાય છે ? એનો વિચાર કર્યો. જેમાં કર્તા અને ક્રિયાપદની સંગતિ કેવી રીતે ગોઠવવી, તથા જુદા જુદા કારકાર્થોની અભિવ્યતિ કરવા માટે પ્રથમા વિભક્તિથી માંડીને સપ્તમી વિભક્તિ સુધીનાં નામપદો ક્યારે વાપરવાં એના નિયમો દર્શાવ્યા છે. ત્યાર પછી, ત્રીજા-ચોથા પ્રકરણમાં અનુક્રમે નામપદોનાં ભેદમૂલક અને અભેદમૂલક વિશેષણોનો પ્રયોગ બતાવ્યો છે; તથા સાદા વાક્યની અંદર ઉપવાક્યો ઉમેરીને મિશ્ર વાક્યની રચના કેવી રીતે કરી શકાય એ સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. ત્યાર પછી 'સંયુક્તવાક્ય' અને 'જટિલવાક્ય'ની રચનાઓ સમજાવી છે. આમ વાક્યમાં વપરાતાં અનેક પ્રકારનાં નામપદોની ચર્ચા અત્યાર સુધીનાં પ્રકરણોમાં હાથ ધરી હતી. હવે, સાદા વાક્યના ક્રિયાપદોની રચનામાં વર્તમાનકાળ ઉપરાંત બીજા કયા કાળો (Tenses) અને અર્થો (Moods)નો પ્રયોગ થતો હોય છે એનો (V.1 થી શરૂ કરીને V.3 માં) વિચાર કરીશું. પરંતુ એની પહેલાં, એ જુદા જુદા 'કાળ' અને 'અર્થ'ની અભિવ્યક્તિ કરનારાં વિભિન્ન ''ક્રિયાપદો''ની પ્રાથમિક સંરચના સ્પષ્ટ કરવા (V.0.1. થી શરૂ કરીને V.0.5 સુધી) થોડોક પ્રયત્ન કરીશું.

V.0.1. સંસ્કૃત ક્રિયાપદોનાં રૂપાખ્યાન અંગે પ્રારંભિક વિચારણા :

આપણે, ગુજરાતી ભાષાના ભાષકો, વાગ્વ્યવહાર દરમ્યાન જે ક્રિયાપદો બોલીએ છીએ, અને સંસ્કૃત ભાષામાં જે ક્રિયાપદો વપરાય છે તેમાં એક મુખ્ય સ્વરૂપગત ભેદ એ જોવા મળે છે કે ગુજરાતી ભાષાનાં ક્રિયાપદો લગભગ સહાયકારી ક્રિયાપદોની મદદથી રચાય છે; જ્યારે સંસ્કૃત ભાષાનાં ક્રિયાપદો (લગભગ સહાયકારી ક્રિયાપદ વિનાનાં, અને) પ્રશ્લિષ્ટ સ્વરૂપનાં હોય છે. જેમકે,

૧. મોર નાચે છે.	१. मयूरः नृत्यति ।
૨. મોર નાચતો/નાચ્યો હતો.	२. मयूरः अनृत्यत् ।
૩. વૃક્ષ પડી ગયું.	३. वृक्षः अपतत् ।
૪. રામ ઈન્દ્રનું યજન કરતો હતો.	४. रामः इन्द्रम् अयजत् ।
૫. રાવણ સીતાને અપહરી જાય છે.	५. रावणः सीताम् अपहरति ।

અહીં, ગુજરાતી ભાષાનાં વાક્યોમાં જે ક્રિયાપદો વપરાયાં છે એનો અભ્યાસ કરશો તો એ ધ્યાન ઉપર આવશે કે 'નાચતો' અને 'હતો' એવાં બે પદોની મદદથી એક ક્રિયાનો બોધ થાય છે. ૪થા (અને ૫મા) વાક્યમાં તો 'યજન', 'કરતો' અને 'હતો' એવાં ત્રણ પદોની મદદથી એક ક્રિયાનો બોધ કરાવવામાં આવ્યો છે આ બે કે ત્રણ પદોવાળાં ક્રિયાપદોમાંથી જે પહેલું પદ છે (જેમકે; 'નાચતો', 'નાચે', 'પડી', 'યજન' કે 'અપહરી') તે મુખ્ય ક્રિયાનો બોધ કરાવે છે; તથા એ પછીનાં પદો, કે જેમને સહાયકારી ક્રિયાપદો કહે છે, તેમાંથી કર્તરિ પ્રયોગ કે કર્મણિ પ્રયોગ, વર્તમાનકાળ કે ભૂતકાળ જેવા કાળ, અને ક્રિયા કરનારા કર્તાકારકની સંખ્યા વગેરે અર્થોનો બોધ થાય છે. (દા. ત. 'વૃક્ષ પડી ગયું' કે 'વૃક્ષો પડી ગયાં'. અહીં 'ગયું' કે 'ગયાં' એવા બીજા પદમાંથી ભૂતકાળનો અને એકવચન કે બહુવચન જેવી સંખ્યાનો બોધ થાય છે.) આમ ગુજરાતી ભાષા, કે જે સ્વરૂપની દૃષ્ટિએ લગભગ અયોગાત્મક પ્રકારની છે, તેમાં મુખ્ય ક્રિયારૂપી અર્થ કહેનારી પ્રકૃતિ (ધાતુ) અને કાળ, પુરુષ, સંખ્યા જેવા અર્થો કહેનાર પ્રત્યયનો સંશ્લેષ થવાને બદલે તે બન્નેને માટે અલગ અલગ શબ્દો વપરાય છે.

જ્યારે સંસ્કૃત ભાષામાં જે ક્રિયાપદો વપરાય છે તે પ્ર-શ્લિષ્ટ પ્રકારનાં છે, એટલે કે તેમાં ક્રિયા રૂપી અર્થ કહેનાર પ્રકૃતિ (= ધાતુ) + અને કાળ, પુરુષ, સંખ્યાનો વાચક પ્રત્યય પરસ્પરને પ્રકૃષ્ટપણે આશ્લેષ આપીને (= પ્રશ્લિષ્ટ બનીને) રહેલા હોય છે. (તેથી તેમાં સહાયકારી ક્રિયાપદો ઉમેરવાની જરૂર રહેતી નથી.)

ઉદાહરણ તરીકે (રામઃ) पश्यति । '(રામ) જુવે છે'. એ વાક્યમાંના 'पश्यति' (જુવે છે) એવા એક ક્રિયાપદમાંથી જે જે અર્થોનો બોધ થાય છે તેનું વિશ્લેષણ કરીએ તો –

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

पश्यति- (ક્રિયાપદ)

૧. (જોવું) ક્રિયા (= વ્યાપાર) રૂપી અર્થનો બોધ થાય છે.
૨. (આ ક્રિયા કરવા થકી) કોઈક દૃશ્યનું જ્ઞાન થવા રૂપી ફળ જન્મે છે.
૩. વર્તમાનકાળમાં આ ક્રિયા થઈ રહી છે.
૪. આ જોવાની ક્રિયા કરનારો = કર્તાકારક (વક્તા અને શ્રોતાથી ભિન્ન એવો) કોઈક ''ત્રીજો પુરુષ'' છે, અને
૫. જોનારો = જોવાની ક્રિયા કરનારો વ્યક્તિ સંખ્યાની દૃષ્ટિએ એક છે–તેનો પણ બોધ થાય છે.

અહીં, 'पश्यति' એવા ક્રિયાપદમાંથી જે પહેલા બે અર્થો (વ્યાપાર અને ફળ) મળે છે તેને માટે √दृश् એવી ક્રિયાવાચક પ્રકૃતિ (= ધાતુ) ઉપયોગમાં લેવાઈ છે, તેની પાછળ (શપ્→) 'अ' એવો 'વિકરણ પ્રત્યય' (અથવા તો ''અંગસાધક પ્રત્યય'') જોડવામાં આવ્યો છે. [આ 'अ' વિકરણ પ્રત્યય ધાતુને લગાડવાથી, મૂળ ધાતુના ધ્વનિઓમાં વિકાર = પરિવર્તન આવે છે. જેમ કે, √दृश् ને બદલે 'पश्य' થઈ જાય છે, (આમ, આ 'अ' પ્રત્યય મૂળધાતુના ધ્વનિઓમાં વિકાર લાવે છે, તેથી તે પ્રત્યયને 'વિકરણ પ્રત્યય' કહે છે.) પછી તેને अ જોડીશું તો-એટલે કે पश्य्+अ = पश्य એવું 'અંગ' તૈયાર થશે. પછી] ઉપર્યુક્ત બાકીના ત્રણ (કાળ, પુરુષ અને સંખ્યારૂપી) અર્થોનો વાચક બને એવો ति પ્રત્યય જોડવામાં આવે છે : पश्य + ति = पश्यति । આમ સંસ્કૃતભાષામાં જે ક્રિયાપદો હોય છે તેમાં કુલ કેટલા પ્રકારના (= કયા કયા અર્થના વાચક) ધ્વનિઓ સંમિશ્રિત થયા છે તેનો ઉપલક દૃષ્ટિએ જોતાં ખ્યાલ જ આવતો નથી. પરંતુ ઉપરની ચર્ચા જોયા પછી, એ સ્પષ્ટ થયું હશે કે સંસ્કૃત ભાષાનાં તમામ ક્રિયાપદોમાં સામાન્ય રીતે ૧. ધાતુ + ૨. વિકરણ પ્રત્યય અને + ૩. (કાળ-પુરુષ-સંખ્યાવાચક) ति (વગેરે) પ્રત્યય પરસ્પરમાં પ્રશ્લિષ્ટ થયા હોય છે.

સંસ્કૃત ભાષાના ક્રિયાપદોમાં જોડાતા આ ત્રણેય પ્રકારના સાર્થક ધ્વનિઓ વિષે (= રૂપઘટકો વિષે) સ્વતંત્રપણે અને થોડી વિગતે વાત કરવી પડશે.

V.0.2. ક્રિયાવાચક 'ધાતુ'ઓનો અભ્યાસ :

જગત્‌માં બનતી ક્રિયાઓને અભિવ્યક્ત કરવા માટે સંસ્કૃત ભાષામાં જે મૂળભૂત-પ્રકૃતિ સ્વરૂપ-ક્રિયાવાચક શબ્દો છે તેમને સંસ્કૃત વ્યાકરણકારોએ ''ધાતુ'' (root) કહ્યા છે. લગભગ ઈ. સ. પૂર્વે ૬૦૦-૫૦૦માં મહર્ષિ પાણિનિએ સંસ્કૃત ભાષાનું એક 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ લખ્યું છે. આ વ્યાકરણના અંતે, તેમણે પરિશિષ્ટ રૂપ એક 'ધાતુપાઠ' જોડ્યો છે. જેમાં તેમણે સંસ્કૃતભાષામાં વપરાતા ૧૯૭૦ જેટલા ક્રિયાવાચક 'ધાતુ'ઓની વર્ગીકૃત યાદી આપી છે. વાગ્વ્યવહાર દરમ્યાન જુદી જુદી ક્રિયાઓને અભિવ્યક્ત કરવા માટે આ ધાતુઓનો પ્રયોગ થાય છે. ધાતુપાઠમાં આ તમામ ધાતુઓના અર્થોનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. જેમકે,

૧. √भू सत्तायाम् (भू ધાતુ 'થવું' ક્રિયા કહેવા વપરાય છે)
૨. √अस् भुवि (अस् ધાતુ 'હોવું' (અસ્તિત્વ) ક્રિયા કહેવા વપરાય છે)
૩. √डुकृञ् करणे (कृ ધાતુ 'કરવું' ક્રિયા કહેવા વપરાય છે)
૪. √गम्लृ गतौ (गम् ધાતુ 'જવું' ક્રિયા કહેવા વપરાય છે)
૫. √एध वृद्धौ (एध् ધાતુ 'સમૃદ્ધ થવું' ક્રિયા કહેવા વપરાય છે) વગેરે.

આમ 'ધાતુપાઠ'માં 'અમુક ધાતુનો અમુક (નિશ્ચિત) અર્થ છે' એમ કહીને, દરેક ધાતુના અર્થનું વિગતે પ્રદર્શન કરવામાં આવ્યું છે. સંસ્કૃત ભાષામાં આવા ક્રિયાવાચક ૧૯૭૦ ધાતુઓ છે. જે જગત્‌માં બનતી જુદી જુદી ઘટનાઓ, ક્રિયા-પ્રક્રિયાનો બોધ કરાવી શકે છે. (એટલે કે ધાતુઓ અર્થની દૃષ્ટિએ 'ક્રિયા'ના વાચક છે.) પણ આ ધાતુઓમાંથી સંસ્કૃત

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાઙ્મયમાં વપરાતાં અનેકાનેક ક્રિયાપદો કેવી રીતે બનાવી શકાય તેની રૂપરચના વિષે ચર્ચા કરતાં પહેલાં, આ ધાતુઓનો ચતુર્વિધ દૃષ્ટિએ અભ્યાસ કરવો જરૂરી છે. (જેને માટે નીચે આપેલા ચાર્ટનો ધ્યાનથી અભ્યાસ કરો :)



કોઈ પણ ક્રિયાવાચક 'ધાતુ' ઉપરથી અમુક નિશ્ચિત (કાલ કે અર્થનું વાચક) ક્રિયાપદ સાધીએ (= તૈયાર કરીએ) ત્યારે, પ્રારંભે (જ) તે ધાતુનો ઉપર નિર્દેશ્યા પ્રમાણે ચાર દૃષ્ટિએ વિચાર કરવો જરૂરી બને છે. જેમકે, જે તે ધાતુ-

૧. સકર્મક છે, અકર્મક છે, કે દ્વિકર્મક છે ?
૨. (રૂઢિથી જ) પરસ્મૈપદી છે કે આત્મનેપદી છે ? (અથવા તો-ઉભયપદી છે તો તે ધાતુવાચ્ય ક્રિયાનું ફળ કોને મળવાનું છે ?)
૩. દશગણોમાંથી કયા ગણનો છે ? (એટલે કે કયો વિકરણ પ્રત્યય ઉમેરવો પડશે ?)
૪. અમુક અમુક પ્રકારના ક્રિયાપદ સાધતી વખતે તે (ધાતુ)ની પાછળ 'इ' એવો એક નવો વર્ણ (= આગમ) ઉમેરવો પડશે કે નહીં ?

આ ચારેય મુદ્દાનો; અને આ જ ક્રમે વિચાર કર્યા પછી (જ) કોઈ પણ ધાતુ ઉપરથી ક્રિયાપદનું રૂપ સાધી શકાય છે. (તેથી આ ચારેય મુદ્દાનો ક્રમશઃ પહેલાં વિચાર કરીશું.)

V.0.3.1. સકર્મક, અકર્મક અને દ્વિકર્મક ધાતુઓ :

ભાષામાં વપરાતા બધા જ ક્રિયાવાચક ધાતુઓને ૧. સકર્મક, ૨. અકર્મક અને ૩. દ્વિકર્મક એવા ત્રણ ભાગમાં વહેંચી શકાય છે. ધાતુઓનું આ ત્રૈવિધ્ય સમજવા માટે આપણે ધાત્વર્થ (= ધાતુના અર્થો)નો વિચાર કરવો પડશે.

સકર્મક ધાતુઓ : અગાઉ (V.0.1, પૃષ્ઠ : ૧૬૯ માં) જણાવ્યું છે તદનુસાર, ધાતુના –૧. વ્યાપાર અને ૨. ફળ એવા–બે અર્થો છે. ઉદાહરણ તરીકે,

(क) 'રાંધવું' ક્રિયાવાચક √पच् (पचति) ધાતુ લઈશું. સીતા (पच्+अ+ति =) पचति । 'સીતા રાંધે છે.' અહીંઆ 'રાંધવું' ક્રિયા સાંભળ્યા પછી શ્રોતાના મનમાં બે અર્થોનો બોધ થાય છે જેમકે, ૧. ચૂલો સળગાવવો, તપેલી સાણસી-પાણી વગેરે વસ્તુઓ ભેગી કરવી અને તપેલીમાં ચોખાને નાખીને તેને અગ્નિ ઉપર ચઢાવવા. ત્યાર પછી ૨. ચોખાને પાણીમાં ગરમ કરીને ઢીલા પાડવા. એટલે કે કડક ચોખામાંથી ઢીલો પડેલો 'ભાત' બનાવવો. આમ 'રાંધવું' અર્થવાળા √पच् ધાતુને સાંભળ્યા પછી ૧. ચોક્કસ વ્યાપાર (=ક્રિયાઓ)નો, તથા ૨. ચોખા ઢીલા પડવા રૂપી ફળનો બોધ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) આ જ રીતે, रामः वृक्षं छिनत्ति । 'રામ વૃક્ષને કાપે છે.' અહીં 'કાપવું' અર્થવાળા √छिद् ધાતુને સાંભળ્યા પછી ૧. છેદવાની ક્રિયા કરનારે (= કર્તાએ) કુહાડી લેવી અને વૃક્ષની ડાળ ઉપર ઝીંકવી-એવા વ્યાપારનો બોધ થાય છે; તથા ૨. તે વ્યાપાર થકી વૃક્ષની ડાળના બે ટુકડા થવા રૂપી ફળનો પણ બોધ થાય છે.

આ બન્ને ઉદાહરણોનો અભ્યાસ કરતાં જણાશે કે ધાતુના પૂર્વોક્ત બે અર્થો-વ્યાપાર અને ફળ-જુદી જુદી વ્યક્તિ/પદાર્થમાં રહેલા હોય છે. જેમકે, રાંધવાની ક્રિયાનો સમગ્ર વ્યાપાર (દા. ત., ચૂલો સળગાવવો, તપેલી ચઢાવવી, તેમાં ચોખા અને પાણી નાખવાં વગેરે) = ક્રિયાકલાપ ક્રિયાજનક/ક્રિયા કરનાર 'સીતા' નામની રાંધનારી સ્ત્રીવ્યક્તિમાં રહેલો હોય છે. અને ચોખા ઢીલા પડવા, = 'ભાત' બનવા રૂપી ફળ 'ચોખા' નામની વસ્તુમાં આવેલ હોય છે. એ જ પ્રમાણે બીજા (ख) ઉદાહરણમાં કુહાડી ઉપાડવી, વૃક્ષ ઉપર ઝીંકવી વગેરે વ્યાપાર 'રામ' નામના ક્રિયાજનક વ્યક્તિમાં રહેલો હોય છે; અને વૃક્ષની ડાળીના બે ટુકડા થવા રૂપી ફળ વૃક્ષમાં રહેલું હોય છે. આમ જ્યારે ધાતુના બે અર્થો—વ્યાપાર અને ફળ—બે જુદી જુદી વ્યક્તિમાં રહેતા હોય ત્યારે, અર્થાત્ ક્રિયા કરનારો અને જેની ઉપર ક્રિયા થતી હોય તે વ્યક્તિઓ અલગ અલગ હોય ત્યારે તે ધાતુને सकर्मक કહેવામાં આવે છે.[1] પરંતુ—(અકર્મક ધાતુઓ)

(ग) रामः शेते । 'રામ સૂઈ જાય છે.' અહીં 'સૂવું' અર્થવાળા √शीङ् शयने ધાતુને સાંભળ્યા પછી ૧. જમીન ઉપર અંગ પ્રસારીને, વિચાર બંધ કરીને આંખો મીંચીને સૂઈ જવું એવા વ્યાપારનો, અને ૨. જેને પરિણામે 'શ્રમની નિવૃત્તિ' થવા રૂપી ફળ જન્મ્યાનો બોધ જરૂર થાય છે. પણ અહીં સૂક્ષ્મતાથી વિચારતાં જણાય છે કે સુવાની ક્રિયાનો વ્યાપાર અને 'શ્રમનિવૃત્તિ' રૂપી ફળ તે એક જ વ્યક્તિ, (राम)માં જ રહે છે.

આમ જ્યારે ધાત્વર્થ-વ્યાપાર અને ફળ-બે જુદા જુદા પદાર્થો/વ્યક્તિઓમાં ન રહેતો હોય; પણ એક જ વ્યક્તિમાં રહેતા હોય તો તેવા ધાતુને अकर्मक કહેવામાં આવે છે.[2]

* * *

કયા કયા ધાતુઓને અકર્મક ગણી શકાય ? એનું માર્ગદર્શન આપતી પરંપરાગત એક કારિકા નીચે પ્રમાણે છે :—

लज्जा-सत्ता-स्थिति-जागरणं वृद्धि-क्षय-भय-जीवित-मरणम् ।
नर्तन-निद्रा-रोदन-वासाः स्पर्धा-कम्पन-मोदन-हासाः ।
शयन-क्रीडा-रुचि-दीप्त्यर्थाः धातवः एते कर्मणि नोक्ताः ॥

૧. लज्जते-लज्जति । તે શરમાય છે. ૨. भवति- 'તે થાય છે/જન્મે છે.' ૩. अस्ति- તે છે. ૪. तिष्ठति - તે ઊભો છે. ૫. वर्तते - તે છે. ૬. जागर्ति - તે જાગે છે. ૭. नृत्यति - તે નાચે છે. ૮. बिभेति - તે ડરે છે. ૯. रोदिति - તે રડે છે. ૧૦. वसति - તે નિવાસ કરે છે. ૧૧. स्पर्धते - તે સ્પર્ધા કરે છે. ૧૨. कम्पते - તે ધ્રુજે છે. ૧૩. हसति - તે હસે છે . ૧૪. शेते - તે સૂતો છે. ૧૫. क्रीडति - તે રમે છે. ૧૬. रोचते - તે પસંદ પડે છે. ૧૭. राजते - તે ચમકે છે, શોભે છે.

આટલા ધાતુઓ, અને આવા જ અર્થવાળા અન્ય ધાતુઓ સકર્મક નથી, (અર્થાત્ અકર્મક છે). તદુપરાંત સિદ્ધિ, શુદ્ધિ, તુષ્ટિ વગેરે, અને स्निह् (સ્નેહ કરવો) અર્થવાળા ધાતુઓને પણ 'અકર્મક' ગણવામાં આવ્યા છે.[3] (કારણ કે આ ધાતુઓથી વાચ્ય એવી જે જે ક્રિયાઓ છે, તે ક્રિયાના વ્યાપાર અને ફળ એક જ વસ્તુ/વ્યક્તિમાં રહેલાં હોય છે.)

* * *

---

१. स्वार्थफलव्यधिकरणव्यापारवाचकत्वं सकर्मकत्वम् ।

२. स्वार्थफलसमानाधिकरणव्यापारवाचकत्वम् अकर्मकत्वम् ।

३. વિશેષ નોંધ : ૧. જે વાક્યમાં અકર્મક ધાતુનો પ્રયોગ થયો હોય તેમાં કર્મકારકવાચક બીજી વિભક્તિવાળું પદ આવી શકતું નથી. પરંતુ આવાં વાક્યોમાં જો ક્યારેક દેશવાચક, કાલવાચક, ભાવવાચક કે માર્ગવાચક શબ્દો વપરાયા હોય તો તેમને બીજી વિભક્તિમાં મૂકવામાં આવે છે. જુઓ II.2.4. જેમકે, देवदत्तः कुरून् स्वपिति । मासम् आस्ते । गोदोहम् आस्ते । क्रोशम् आस्ते । પરંતુ અહીં એ મુદ્દો ધ્યાનમાં રાખવાનો છે કે આવાં અકર્મક ક્રિયાપદવાળાં વાક્યોમાં ઉપર મુજબનાં દ્વિતીયા વિભક્ત્યન્ત પદો આવ્યાં હોવા છતાંય, તેમનો 'કર્મણિપ્રયોગ' થઈ શકતો નથી. ૨. અકર્મક ધાતુવાચ્ય ક્રિયાને પ્રેરક બનાવીએ ત્યારે, સાદા વાક્યનો કર્તા (પ્રેરક વાક્યરચનામાં) 'કર્મ' બને છે. ૩. ક્યારેક કોઈક અકર્મક ધાતુ ઉપસર્ગના યોગમાં સકર્મક પણ બને છે. દા. ત., भवति । 'તે થાય છે'; અકર્મક ગણાય છે, પણ अनुभवति । 'તે અનુભવ કરે છે.'માં अनु ઉપસર્ગપૂર્વકનો भू ધાતુ 'સકર્મક' બન્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દ્વિકર્મક ધાતુઓ : ધાતુપાઠમાં નોંધાયેલા ૧૯૭૦ ધાતુઓમાંથી √दुह (દોહવું) વગેરે સોળ ધાતુઓને દ્વિકર્મક ગણવામાં આવ્યા છે. આ दुहादि ૧૬ ધાતુઓ કેવી રીતે દ્વિકર્મક બને છે એની ચર્ચા II.2.3માં કરવામાં આવી છે. (વાક્યમાં જ્યારે આવા દ્વિકર્મક ધાતુઓનો પ્રયોગ થયો હોય ત્યારે, કર્તરિ/કર્મણિ વાક્યરચનામાં કયા કયા મુદ્દાઓ નોંધપાત્ર બને છે તેની ચર્ચા આગળ ઉપર પ્રકરણ-૭માં કરવામાં આવશે.)

***

કોઈ પણ ધાતુ ઉપરથી જ્યારે ક્રિયાપદનું રૂપ સાધવું હોય ત્યારે તે ધાતુ (ઉપર્યુક્ત દૃષ્ટિએ) સકર્મક છે કે અકર્મક છે; (કે દ્વિકર્મક છે) એનો સૌથી પહેલાં વિચાર કરી લેવો પડે છે. કારણ કે –

૧. જો ધાતુ સકર્મક હશે તો, (क) તે ધાતુવાચ્ય વ્યાપારનાં આશ્રય 'કર્તા' કારકને ઉદ્દેશીને ક્રિયાનું વિધાન કરવું છે.[૪] (એટલે કે 'કર્તરિ પ્રયોગ' કરવો છે) ? કે - (ख) તે ધાતુવાચ્ય વ્યાપારથી જન્ય એવા ફળના આશ્રય રૂપ 'કર્મ'કારકને ઉદ્દેશીને ક્રિયાનું વિધાન કરવું છે (એટલે કે 'કર્મણિપ્રયોગ' કરવો છે) ? એની પહેલાં પસંદગી કરી લેવી પડે છે. (આ પસંદગી વક્તાની વિવક્ષાને અધીન રહે છે.) [દ્વિકર્મક ધાતુ હશે તો પણ આવા જ બે વિકલ્પને અવકાશ રહેશે.]

૨. જો ધાતુ અકર્મક હશે તો તે ધાતુવાચ્ય ક્રિયા = વ્યાપાર અને તજ્જન્ય ફળ એક જ પદાર્થ (વ્યક્તિ)માં રહેતાં હોઈને, વ્યાપારાશ્રય કર્તાકારકથી ભિન્ન હોય એવો ફલને ધારણ કરનારો (= ફલાશ્રય બનનારો) પદાર્થ (= કર્મકારક રૂપ પદાર્થ) જુદો મળવાનો જ નથી. તેથી 'કર્મ'ને ઉદ્દેશ્ય બનાવીને તો વાક્યરચના થઈ શકતી જ નથી (એટલે કે અકર્મક ધાતુનો પ્રયોગ કરવાનો હોય તો 'કર્મણિપ્રયોગ' થઈ શકતો જ નથી). તેથી આવા અકર્મક ધાતુનો ઉપયોગ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે વક્તા પાસે નિમ્નોક્ત બે પ્રકારની પસંદગી રહે છે : (क) અકર્મક ધાતુવાચ્ય ક્રિયા = વ્યાપારના આશ્રયરૂપ 'કર્તાકારક'ને ઉદ્દેશીને ક્રિયાનું વિધાન કરવું છે.[૫] (એટલે કે 'કર્તરિપ્રયોગ' કરવો છે) ? કે (ख) તે અકર્મક ધાતુવાચ્ય વ્યાપાર (= ભાવ)ને પોતાને જ ઉદ્દેશ્ય બનાવીને ક્રિયાનું વિધાન કરવું છે (એટલે કે 'ભાવે પ્રયોગ' કરવો છે) ?

V.0.3.2. અગાઉ (V.0.1. માં) જણાવ્યું છે તેમ ક્રિયાપદની રચના કરવા માટે ક્રિયાવાચક પ્રકૃતિ (= ધાતુ)ની પાછળ + (કાળ, પુરુષ અને સંખ્યા જેવા અર્થો દર્શાવનાર) ति વગેરે પ્રત્યયો જોડવામાં આવે છે. આવા પ્રત્યયો કુલ (= ૯+૯) = ૧૮ છે. (જેને વ્યાકરણકારોએ तिङ् પ્રત્યયો કહ્યા છે). આમાંના પહેલા નવ પ્રત્યયોને 'પરસ્મૈપદ'ના પ્રત્યયો કહે છે અને બાકીના નવ પ્રત્યયોને 'આત્મનેપદ'ના પ્રત્યયો કહે છે. જેમકે,

---

૪. 'સીતા (કર્તા) તપેલીમાં ચોખા (કર્મ) રાંધે છે.' અહીં 'રાંધવું' ક્રિયાનો વ્યાપાર (= તપેલી લેવી, ચોખા-પાણી લેવાં, તપેલીમાં મૂકવા, અગ્નિ ઉપર ચઢાવવા વગેરે.) જે વ્યક્તિમાં રહે છે તે 'સીતા'ને ''કર્તાકારક'' કહેવાય છે તથા 'રાંધવું' ક્રિયાથી = વ્યાપારથી, જે 'ઢીલા પડવા' રૂપી ફળ આવશે, તે જે પદાર્થમાં રહેશે તે (ચોખા-પદાર્થ)ને 'કર્મકારક' કહેવાય છે. હવે, વક્તાને જ્યારે આ રાંધવાની ક્રિયા વિષે વિધાન કરવું હોય છે, ત્યારે તે તેને બે રીતે રજૂ કરી શકે છે : (क) કોણ રાંધે છે ? [અર્થાત્ રાંધવાની ક્રિયાના કર્તાને ઉદ્દેશીને વાક્ય બનાવી શકે; જેમાં કર્તાવાચક શબ્દને પ્રથમા વિ.માં તે મૂકે, અને તે કર્તા અનુસાર ક્રિયાપદના રૂપમાં ति વગેરે પ્રત્યયને ગોઠવે. (જેને વિષે પ્રકરણ-૧માં સમજૂતી આપે છે.) જેમકે, સીતા તપેલીમાં ચોખા રાંધે છે : सीता स्थाल्यां तण्डुलान् पचति ।] અથવા (ख) શું રંધાય છે ? [અર્થાત્ રાંધવાની ક્રિયાનું ફળ જેમાં રહેવાનું છે તે 'કર્મકારક'ને ઉદ્દેશીને વાક્ય બનાવી શકે; જેમાં કર્મવાચક શબ્દને પ્રથમા વિ.માં તે મૂકે, અને તે કર્મ અનુસાર ક્રિયાપદના રૂપમાં य+ते વગેરે આત્મનેપદના પ્રત્યયને ગોઠવે. (જેને વિષે પ્રકરણ-૭માં સમજૂતી આપીશું.) જેમકે, સીતા વડે તપેલીમાં ચોખા રંધાય છે. सीतया स्थाल्यां तण्डुलाः पच्यन्ते ।]

૫. 'મેદાનમાં (અધિકરણ) રામ (કર્તા) રમે છે. (ક્રિયાપદ). અહીં 'રમવું' ક્રિયાનો વ્યાપાર (= હાથ ઊંચાનીચા કરવા, પગથી દોડાદોડ કરવી; ઉછળકૂદ કરવી વગેરે) જે વ્યક્તિમાં રહે છે તે 'રામ'ને 'કર્તાકારક' કહે છે. (હવે આ રમવું ક્રિયાનું ફળ—આનંદની પ્રાપ્તિ-તે રામથી ભિન્ન બીજા કોઈ પદાર્થમાં રહેતી નથી, પણ રામમાં જ રહે છે. તેથી 'રમવું' ક્રિયાનો વ્યાપાર અને ફળ બન્ને એક જ પદાર્થમાં રહેતા હોઈને, તે ધાતુ 'અકર્મક' કહેવાશે. આવા અકર્મક ધાતુવાચ્ય ક્રિયાનું વિધાન કરવું હોય ત્યારે (= આવી ક્રિયા વિષે વાત કરવી હોય ત્યારે) વક્તા તેને બે રીતે રજૂ કરી શકે છે. જેમકે, (क) કોણ રમે છે ? [અર્થાત્ રમવાની ક્રિયાના કર્તાને ઉદ્દેશીને વાક્ય બનાવી શકે; જેમાં કર્તાવાચક શબ્દને પ્રથમા વિ.માં મૂકશે; અને તે કર્તા અનુસાર ક્રિયાપદના રૂપમાં ति વગેરે પ્રત્યયને ગોઠવશે (જેને વિષે પ્રકરણ-૧માં સમજૂતી આપી છે). તો 'મેદાનમાં રામ રમે છે.' = क्रीडांगणे रामः क्रीडति ।] અથવા (કર્તા વડે = રામ વડે) શું કરાય છે ? [અર્થાત્ કર્તા વડે કઈ 'ક્રિયા' થઈ રહી છે તે ક્રિયા = ભાવને ઉદ્દેશીને પણ વાક્ય બનાવી શકે; જેમાં કર્તાવાચક શબ્દને તે તૃતીયા વિ.માં મૂકશે; અને ક્રિયાપદના રૂપમાં ધાતુ + य + ते એવો આત્મનેપદનો પ્રત્યય ગોઠવશે. (જેને વિષે પ્રકરણ-૭માં ચર્ચા કરીશું.) જેમકે, 'રામ વડે મેદાનમાં રમાય છે.' रामेण क्रीडांगणे क्रीड्यते ।]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(क) 'પરસ્મૈપદ-પ્રત્યયો' તરીકે ઓળખાતા નવ પ્રત્યયો

	એકવચન	દ્વિવચન	બહુવચન
૧. પ્રથમ પુરુષ	ति	तस्	अन्ति ॥
૨. મધ્યમ પુરુષ	सि	थस्	थ
૩. ઉત્તમ પુરુષ	मि	वस्	मस्

(ख) 'આત્મનેપદ-પ્રત્યયો' તરીકે ઓળખાતા નવ પ્રત્યયો

	એકવચન	દ્વિવચન	બહુવચન
૧. પ્રથમ પુરુષ	त	आताम्	अन्त ॥
૨. મધ્યમ પુરુષ	थास्	आथाम्	ध्वम्
૩. ઉત્તમ પુરુષ	इ	वहि	महि

હવે, ધાતુપાઠમાં આપેલા ૧૯૭૦ જેટલા ધાતુઓમાંથી – (૧) કેટલાક ધાતુઓને રૂઢિથી/પરંપરાથી કેવળ 'પરસ્મૈપદ' તરીકે ઓળખાતા (ઉપર મુજબના ति વગેરે) પ્રત્યયો જ લગાડવામાં આવે છે. (દા. ત., 'વાંચવું' અર્થવાળા √पठ् ધાતુને આ પરસ્મૈપદસંજ્ઞક પ્રત્યયો લાગીને पठति-पठतः-पठन्ति જેવાં ક્રિયાપદનાં રૂપો બને છે.) આવા ધાતુઓને (કે જેમને પરસ્મૈપદસંજ્ઞક પ્રત્યયો જ લાગે છે, તેમને) "પરસ્મૈપદી" ધાતુ કહેવામાં આવે છે.

(૨) બીજા કેટલાક ધાતુઓને રૂઢિથી / પરંપરાથી કેવળ 'આત્મનેપદ' તરીકે ઓળખાતા (ઉપર મુજબના त વગેરે) પ્રત્યયો જ લગાવવામાં આવે છે. (દા. ત., 'મેળવવું' અર્થવાળા √लभ् ધાતુને આ આત્મનેપદ સંજ્ઞક પ્રત્યયો લાગીને लभते-लभेते-लभन्ते જેવાં ક્રિયાપદનાં રૂપો બને છે.) આવા ધાતુઓને "આત્મનેપદી" ધાતુ કહેવામાં આવે છે.

(૩) આ બે પ્રકારના ધાતુઓ ઉપરાંત એવા પણ કેટલાક ધાતુઓ છે કે જેમને 'પરસ્મૈપદ'સંજ્ઞક અને 'આત્મનેપદ'સંજ્ઞક-એમ બન્ને પ્રકારના પ્રત્યયો લાગે છે. (દા. ત., 'કરવું' અર્થવાળા √कृ करणे ધાતુને આ બન્ને પ્રકારના પ્રત્યયો લાગીને करोति-कुरुतः-कुर्वन्ति (પરસ્મૈપદમાં); અને कुरुते-कुर्वाते-कुर्वते (આત્મનેપદમાં) જેવાં ક્રિયાપદનાં રૂપો બને છે.) આવા ધાતુને "ઉભયપદી" ધાતુ કહેવામાં આવે છે.

વિશેષ નોંધ : (૧) ક્રિયાપદનાં રૂપો બનાવતી વખતે જે જે ધાતુઓને રૂઢિથી કેવળ પરસ્મૈપદના જ પ્રત્યયો લાગે છે; અથવા તો જે જે ધાતુઓને રૂઢિથી કેવળ આત્મનેપદના જ પ્રત્યયો લાગે છે તેમનો વાક્યમાં પ્રયોગ કરતી વખતે તો કોઈ સંદેહ ઉદ્ભવતો જ નથી. કારણ કે કેવળ રૂઢિને વશવર્તીને જ જે તે ધાતુને રૂઢિથી નિશ્ચિત થયેલા પરસ્મૈપદના કે આત્મનેપદના પ્રત્યયો લગાડવાના હોય છે. પરંતુ જ્યારે કોઈ ઉભયપદી ધાતુનો વાક્યમાં પ્રયોગ કરવાનો પ્રસંગ ઊભો થાય છે ત્યારે તેવા ધાતુને બેમાંથી કયા પ્રકારના પ્રત્યયો લગાડવા એ અંગે પ્રશ્ન ઊભો થાય છે; અને તે સ્થળે કોઈ નિયમની આવશ્યકતા રહે છે. મહર્ષિ પાણિનિએ આ અંગે વ્યવસ્થા કરતાં જણાવ્યું છે કે ઉભયપદી ધાતુઓનો પ્રયોગ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે વક્તાએ એ વિચારી લેવું કે આ ઉભયપદી ધાતુવાચ્ય ક્રિયાનું ફળ તે ક્રિયા કરનારને જ મળે એમ ઈષ્ટ છે કે બીજા કોઈને તે ક્રિયાનું ફળ મળે એમ ઈષ્ટ છે. જો ક્રિયાનું ફળ ક્રિયા કરનારને પોતાને જ મળે એમ ઈષ્ટ હોય તો તે આત્મનેપદના પ્રત્યયો લગાડીને બનાવેલું ક્રિયાપદ વાપરશે; તથા જો ક્રિયાનું ફળ બીજાને પર ને – મળે એમ ઈષ્ટ હશે તો તે પરસ્મૈપદના પ્રત્યયો લગાડીને બનાવેલું ક્રિયાપદ વાપરશે. દા. ત., √यज् 'યજન કરવું' ધાતુ ઉભયપદી છે. તેનું એક ઉદાહરણ લઈને આ મુદ્દો સમજીશું : "રામ (પોતાને પુત્ર પ્રાપ્ત થાય એ કામનાથી) ઈન્દ્રને યજે છે. તો આમ બોલાશે : रामः इन्द्रं यजते । (અહીં यज् ધાતુને 'આત્મનેપદ' સંજ્ઞક /-ते/ પ્રત્યય લાગીને બનેલું ક્રિયાપદ વપરાયું છે.) પણ જો "રામ (બીજાને = લક્ષ્મણને પુત્ર પ્રાપ્ત થાય એવી કામનાથી) ઈન્દ્રને યજે છે." એમ કહેવું હશે ત્યારે (યજનક્રિયાનું ફળ પરગામી છે તેથી) रामः इन्द्रं यजति । એમ બોલાશે. (જેમાં यज् ધાતુને 'પરસ્મૈપદ'સંજ્ઞક /-ति/ પ્રત્યય લાગીને બનેલું ક્રિયાપદ વપરાયું છે.)

આમ (કેવળ) ઉભયપદી ધાતુના સન્દર્ભમાં[૧] ક્રિયાનું ફળ જો આત્મગામી હોય (= એ ક્રિયા કરનારને પોતાને મળવાનું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હોય) તો તેવા ધાતુની પાછળ 'આત્મનેપદ' સંજ્ઞક નવ પ્રત્યયો વાપરવા. પણ જો ક્રિયાનું ફળ પરગામી હોય (= એ ક્રિયા કરનારથી એવી બીજી કોઈ વ્યક્તિને મળવાનું હોય) તો તેવા ધાતુની પાછળ 'પરસ્મૈપદ' સંજ્ઞક પ્રત્યયો વાપરવા (એવું વ્યાકરણકાર પાણિનિએ સૂચવ્યું છે.)[૭]

(૨) પરંતુ વ્યવહારદશામાં; ખાસ કરીને સાહિત્યિક પ્રયોગોમાં આ નિયમનું પાલન કરવામાં આવ્યું હોય/આવતું હોય એમ પ્રાયઃ જોવા મળતું નથી. દા. ત.

(૧) राजाः स्वसूनोश्चन्द्रापीड इति नाम चकार । (પરસ્મૈપદ)
'રાજાએ પોતાના પુત્રનું 'ચન્દ્રાપીડ' એવું નામ પાડ્યું.'

(૨) शुकनासोऽपि विप्रजनोचितं वैशम्पायन इति नाम चक्रे । (આત્મનેપદ)
'(મન્ત્રી) શુકનાસે પણ (પોતાના પુત્રનું) વિપ્રજનોને ઉચિત એવું 'વૈશમ્પાયન' એવું નામ રાખ્યું.

અહીંઆ √कृ કરણે એવા ઉભયપદી (આઠમા ગણના) ધાતુનો પ્રયોગ એકવાર પરસ્મૈપદનો પ્રત્યય લગાવીને કર્યો છે; અને બીજીવાર અત્મનેપદનો પ્રત્યય જોડીને કર્યો છે. પણ બન્ને સન્દર્ભોમાં ક્રિયાનું ફળ કર્તૃગામી—આત્મગામી-જ છે. તેથી ઉપર કહ્યા મુજબની કોઈ વ્યવસ્થાનું પાલન મહાકવિ બાણભટ્ટે (ઈ. સ. ૬૦૦-૬૪૮) 'કાદમ્બરી'માં કર્યું નથી.

V.0.3.3. પાણિનિએ સંગૃહીત કરેલા 'ધાતુપાઠમાં જે ૧૯૭૦ જેટલા ક્રિયાવાચક ધાતુઓ જોવા મળે છે; તેમને જુદા જુદા દશ ગણો (Conjugation)માં વહેંચી દેવામાં આવ્યા છે. ('ગણ' એટલે સમૂહ) જેમકે,

ક્રમ	નામ	ધાતુ સંખ્યા
૧. પહેલો ગણ	भ्वादिगण	૧૦૩૫
૨. બીજો ગણ	अदादिगण	૭૨
૩. ત્રીજો ગણ	जुहोत्यादिगण	૨૪
૪. ચોથો ગણ	दिवादिगण	૧૪૦
૫. પાંચમો ગણ	स्वादिगण	૩૫
૬. છઠ્ઠો ગણ	तुदादिगण	૧૫૭
૭. સાતમો ગણ	रुधादिगण	૨૫
૮. આઠમો ગણ	तनादिगण	૧૦
૯. નવમો ગણ	क्र्यादिगण	૬૧
૧૦. દશમો ગણ	चुरादिगण	૪૧૧
	=	૧૯૭૦ કુલ ધાતુઓની સંખ્યા.

***

૬. स्वरितञितः कर्त्रभिप्राये क्रियाफले । पा. सू. १-३-७२
= स्वरितेतो ञितश्च धातोरात्मनेपदं स्यात्, कर्तृगामिनि क्रियाफले ॥

૭. There are two *Padas* in Sanskrit : the *Atmanepada and Parasmaipada*. The Atmanepada ('Voice for one's self') denotes that the fruit of the action accrues to the agent (कर्तृगामि फलं); as, कुरुते 'does for himself.' The Parasmaipada ('Voice for another') denotes that the fruit of the action accrues to another; गच्छति 'goes for another.' This distinction is scarcely, if ever, observed in practice. It is the original meaning of the terms, but cannot be consistently followed in all cases.

— Apte V.S., The Student's Guide to Sanskrit Composition (p. 214).

અલબત્ત, આ आत्मने-पद અને परस्मै-पद શબ્દોના વ્યુત્પત્તિજન્ય અર્થો એવું જરૂર સૂચવે છે કે કોઈક કાળે આવા ધાતુઓનો પ્રયોગ, તે (આત્મનેપદ-પરસ્મૈપદ એવા) શબ્દોના અર્થનું સ્વારસ્ય જાળવીને જ થતો હશે. (દા. ત., देवा वै यज्ञामतन्वत । – ઐતરેય બ્રાહ્મણ ૨-૧૧-૧, અને अवृणीत कामार्ता तं विद्याधरकन्यका । –કથાસરિત્સાગર ૪૨-૨૦૧) જિજ્ઞાસુએ SANSKRIT SYNTAX : by J.S. Speijer, pp. 235 to 241 જોવાં.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગણોનું નામકરણ : પહેલા ગણને આરંભે √भू सत्तायाम् । એવો ધાતુ આવેલો છે. આથી તે ગણનું નામ "भ्वादि (भू ધાતુ છે આદિમાં જેની એવો) ગણ પાડવામાં આવ્યું છે. આ જ રીતે, બીજા ગણના આરંભે √अद् भक्षणे ધાતુ છે. આથી તેને अदादिगण કહેવામાં આવે છે. આમ જે તે ગણના પહેલા પહેલા ધાતુને લઈને આ દશેય ગણનાં નામ પાડવામાં આવ્યાં છે.

(દશ) **વિકરણ પ્રત્યયોનું પ્રયોજન અને ધાતુઓના સમૂહને દશ ગણમાં વર્ગીકૃત કરવાનો આધાર :** હવે, ઉપર દર્શાવ્યા મુજબના સંસ્કૃત ભાષાના ૧૯૭૦ ધાતુઓને દશ ગણમાં કેવી રીતે / શા માટે વિભક્ત કરવામાં આવ્યા છે ? તથા તેમને ધાતુની પાછળ જોડવાનું શું પ્રયોજન છે ? તે જાણવું ખૂબ જરૂરી છે. અગાઉ (V.0.1. માં) બતાવ્યું છે તે મુજબ સંસ્કૃત ભાષાનું (કર્તરિ) ક્રિયાપદ બનાવવા માટે ધાતુ+પ્રત્યયને જ્યારે જોડવામાં આવે ત્યારે, તે બેની વચ્ચે એક 'વિકરણ પ્રત્યય' પણ ઉમેરવામાં આવે છે. ધાતુની પાછળ આ વિકરણ પ્રત્યય જોડાતાં, ધાતુમાં કોઈક પ્રકારનો ધ્વન્યાત્મક વિકાર ઉત્પન્ન થાય છે. આથી તેને 'વિકરણ પ્રત્યય' કહેવામાં આવે છે. આનું બીજું નામ 'અંગ-સાધક' પ્રત્યય પણ છે. આવા પ્રત્યયનો ઉપલક દૃષ્ટિએ કોઈ જ અર્થ હોતો નથી; પણ શાસ્ત્રીય દૃષ્ટિએ તો તે વિકરણ-પ્રત્યયો કર્તરિ પ્રયોગનો અનુવાદ કરનારા પ્રત્યયો હોય છે. (આની વિશેષ સમજૂતી આગળ ઉપર આપવામાં આવશે.) હાલ પૂરતું એટલું જાણીશું કે તે વિકરણ પ્રત્યયો કોઈ ચોક્કસ પ્રકારનું ક્રિયાપદનું રૂપ બનાવવા વપરાય છે. આથી તેમનું વ્યાકરણિક પ્રયોજન છે (= એટલે કે કર્તરિ ક્રિયાપદની રૂપરચનામાં એમની જરૂરિયાત છે) એમ કહી શકાય.

હવે, જે જે ધાતુઓને એક સરખો વિકરણ પ્રત્યય લાગતો હોય, તે સૌ ધાતુઓનો એક અલગ સમૂહ = 'ગણ' બનાવવામાં આવ્યો છે. દા. ત., તમામ भ्वादि (="√भू सत्तायाम् ધાતુ છે આદિમાં જે ગણની" – એવા ૧૦૩૫) ધાતુઓમાં (शप् =) 'अ' વિકરણ પ્રત્યય જોડાય છે. આથી તેવા ધાતુઓનો સમૂહ, બીજા નવ ગણો (= સમૂહો)થી જુદો પડે છે. આ જ પ્રમાણે अदादिगण ના ૭૨ ધાતુઓમાં કોઈ જ વિકરણ પ્રત્યય લાગતો નથી. આથી તેમનો એક જુદો જ સમૂહ બનાવવામાં આવ્યો. આમ દશેય ગણોના વિકરણ પ્રત્યયો અલગ અલગ છે. બીજા શબ્દોમાં કહીએ તો – **ભિન્ન ભિન્ન વિકરણ પ્રત્યયોને આધારે ધાતુઓને ભિન્ન ભિન્ન દશ ગણોમાં વિભક્ત કરવામાં આવ્યા છે.**

(क) भ्वादिगण વગેરે દશ ગણોના વિકરણ પ્રત્યયો નીચે મુજબ છે. (આ પ્રત્યયો કેવળ 'કર્તરિ પ્રયોગ'માં જ લાગે છે :-

(१) भ्वादिगण → (शप् =)८ अ – { भू+अ+ति = भवति । कम्प्+अ+ते = कम्पते ।

(२) अदादिगण → (शप् નો લોપ=)०– { अद्+०+ति = अत्ति । शी+०+ते = शेते ।

(३) जुहोत्यादिगण – વિકરણ પ્રત્યયોનો અભાવ – { हु + ० + ति (ધાતુનું દ્વિત્વ વગેરે) = जुहोति । दा+०+ते = दत्ते ।

(४) दिवादिगण-(श्यन् =) य – { दिव्+य+ति = दीव्यति । बुध्+य+ते = बुध्यते ।

(५) स्वादिगण-(श्नु=) नु – { सु+नु+ति = सुनोति । सु+नु+ते = सुनुते ।

(६) तुदादिगण – (श=) अ- { तुद्+अ+ति = तुदति । कृष्+अ+ते = कृषते ।

---

૮. लः कर्मणि च भावे चाकर्मकेभ्यः । ૩-૪-૬૯ સૂત્રથી પાણિનિએ સૂચવ્યું છે કે 'અમુક લકાર કર્તાનો, કર્મનો કે ભાવનો વાચક બની શકે છે. પરંતુ વક્તા વિવક્ષાથી પોતાને 'કર્તરિ પ્રયોગ કરવો છે' એમ નક્કી કરી લે ત્યાર પછી જ कर्तरि शप् । ૩-૧-૬૮ (થી ૮૧) વગેરે સૂત્રોથી આ જે शप् વગેરે વિકરણ પ્રત્યયોનું વિધાન કરવામાં આવ્યું છે તેની પ્રવૃત્તિ થાય છે. આમ, આવા વિકરણ પ્રત્યયો પૂર્વવિવક્ષિત 'કર્તરિ પ્રયોગ'ના અનુવાદક બને છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૭) रुधादिगण (श्नम् =) न/न्- { रुध्+न+ति = रुणद्धि । / रुध्+न्+ते = रुन्द्धे ।

(८) तनादिगण -उ- { तन्+उ+ति = तनोति । / तन्+उ+ते = तनुते ।

(९) क्रयादिगण (श्ना=)- ना - { क्री+णा+ति = क्रीणाति । / क्री+ना+ते = क्रीणीते ।

(१०) चुरादिगण (णिच्=) अय - { चुर्+अय+ति = चोरयति । / चुर्+अय+ते = चोरयते ।

(ख) સકર્મક ધાતુનો 'કર્મણિ પ્રયોગ' કરવો હોય, કે અકર્મક ધાતુનો 'ભાવે પ્રયોગ' કરવો હોય તો –

દશેય ગણના (જે સકર્મક / અકર્મક ધાતુ હોય, તેમાંથી કોઈ પણ ધાતુને)	કેવળ (यक्=) य વિકરણ પ્રત્યય જ લાગે છે.	દા. ત. ૧. पठ् + य + ते = पठ्यते । કર્મણિ પ્રયોગ ૨. गम् + य + ते = गम्यते । ભાવે પ્રયોગ

નોંધ : કર્મણિ કે ભાવે પ્રયોગમાં ક્યારેય ઉપર્યુક્ત शप्, श्यन्, श्ना, उ વગેરે વિકરણ પ્રત્યયો લાગતા જ નથી.

V.0.3.4. 'इ' સ્વરનો ઉમેરો (इडागम) :

ક્રિયાવાચક પ્રકૃતિને = ધાતુઓને આત્મનેપદના કે પરસ્મૈપદના પ્રત્યય લગાડીને ક્રિયાપદનાં રૂપો સાધતી વખતે જેમ, તે બેની વચ્ચે એક 'વિકરણ પ્રત્યય' ઉમેરવામાં આવે છે (દા. ત., भू+शप् → अ+ति); તેમ અમુક અમુક પ્રકારના ક્રિયાપદનાં રૂપો બનાવતી વખતે ધાતુ અને ति વગેરે પ્રત્યયોની વચ્ચે એક इ સ્વર ઉમેરવામાં આવે છે. જેમકે, ૧. भू > भो > भव् + इ + स्य + ति = भविष्यति २. गम् + इ + स्य + ति = गमिष्यति । જે જે ધાતુઓમાંથી આવા ક્રિયાપદનાં રૂપો બનાવતી વખતે इट् = इ સ્વર ઉમેરવામાં આવે છે તે ધાતુઓને सेट् (= 'इट् આગમ (= સ્વર) સહિતના') કહેવામાં આવે છે.

આ જ પ્રમાણે, જે ધાતુઓમાંથી ક્રિયાપદનાં રૂપો બનાવતી વખતે ધાતુ + ति વગેરે પ્રત્યયોની વચ્ચે इट् = इ સ્વર ઉમેરાતો નથી; તે ધાતુઓને अनिट् (= इट् આગમ વિનાના) કહેવામાં આવે છે. ઉદા. ત. (૧) दा+०+स्य+ति = दास्यति । (२) जि+०+स्य+ति = जेष्यति ।

[ક્યારેક કોઈક ધાતુનાં અમુક રૂપોમાં (જ) આ इ સ્વર લગાડવામાં આવે પણ છે; અને નથી પણ લગાડવામાં આવતો. (એટલે કે તે इ સ્વર વિકલ્પે લગાડવામાં આવે છે.) તો તેવા ધાતુને वेट् (वा+इट्, वैकल्पिक इट् आगमवाळा) કહેવામાં આવે છે. દા. ત., ચોથા दिवादि ગણનો √क्षम् 'क्षमा કરવી' ધાતુ वेट् છે. તેથી क्षम्+इ+स्य+ति = क्षमिष्यति । અથવા, ક્યારેક क्षम्+०+स्य+ति = क्षंस्यति । એવું इ આગમ વિનાનું રૂપ પણ (વિકલ્પે) જોવા મળે છે.]

કયા કયા ધાતુઓને इट् આગમ (= इ સ્વરનો ઉમેરો) લાગે છે કે નથી લાગતો ? એનું માર્ગદર્શન કરાવતી કેટલીક કારિકાઓનો વ્યાકરણપરંપરામાં નીચે પ્રમાણે સંગ્રહ કરવામાં આવ્યો છે :

(क) सेट् ધાતુઓની યાદી :

(१) एकाच् (= એકાક્ષર) = એક સ્વરવાળા સ્વરાન્ત ધાતુઓમાંથી જે ऊदन्त (દીર્ઘ 'ઊ'કારાન્ત- भू, लू વગેરે); ॠदन्त (દીર્ઘ ॠ કારાન્ત- कॄ, तॄ વગેરે); √यु ભેગું કરવું કે અલગ તારવવું); √रु (= અવાજ કરવો, અદાદિ ગણ, પરસ્મૈપદી); √क्ष्णु (= તીક્ષ્ણ કરવું, અદાદિગણ, પરસ્મૈપદી); √नु (= સ્તુતિ કરવી, અદાદિ, પરસ્મૈ.); √क्षु (= છીંક ખાવી કે ખાંસી ખાવી, અદાદિ, પરસ્મૈ); √श्वि (= જવું, વધવું, ભ્વાદિ ગણ, પરસ્મૈ; √शी (= સૂઈ જવું, અદાદિ, આત્મનેપદી); √डी (= ઉડવું, ભ્વાદિ, દિવાદિ, આત્મનેપદી); √श्रि (= આશ્રય લેવો, ભ્વાદિ, ઉભયપદી); √वृङ (= પસંદ કરવું, સ્વાદિ, આત્મનેપદી) અને √वृञ् (= ઢાંકવું, સ્વાદિ, ઉભયપદી)– આટલા સ્વરાન્ત ધાતુઓ सेट् છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(અર્થાત્ આ ધાતુઓનાં અમુક ક્રિયાપદો બનાવતી વખતે इ સ્વર ઉમેરાય છે.)

(૨) બધા જ अनेकाच् (= અનેકાક્ષર) = અનેક સ્વરવાળા સ્વરાન્ત અને વ્યંજનાન્ત ધાતુઓ પણ સેટ્ છે. જેમકે, जागृ, चकास्, दरिद्रा વગેરે. તથા બધા જ ઇચ્છાદર્શક (સન્નન્ત), પૌનઃપુન્યાર્થક (યઙન્ત), પ્રેરણાર્થક (ણિજન્ત), ધાતુઓ અને નામધાતુઓ પણ 'અનેકાચ્' હોઈને સેટ્ ગણવાના છે.

(૩) નીચે (ख)-૧ માં ગણાવેલા ૧૦૨ વ્યંજનાન્ત ધાતુઓને છોડીને, બાકીના બધા જ એકાચ્ (= એક સ્વરવાળા) વ્યંજનાન્ત ધાતુઓ પણ સેટ્ છે.

(ख) अनिट् ધાતુઓની યાદી

(૧) જે એકાચ્ (= એકાક્ષર) = એક સ્વરવાળા વ્યંજનાન્ત ધાતુઓ છે, તેમાંથી નીચે ઉલ્લેખેલા કુલ ૧૦૨ ધાતુઓ अनिट् (= इ સ્વરનો જેમાં ઉમેરો કરવાનો નથી તેવા) છે. જેમકે,

शक् સમર્થ થવું, स्वादि (५), परस्मै.
पच् રાંધવું, भ्वा. (१) उ.
मुच् છોડવું, तु. (६) उ.
रिच् ખાલી કરવું रुधादि (७) उभयपदी
वच् (ब्रू) બોલવું, अदादि (२) उभय.
विच् વિવેક કરવો, रु (७) उ.
सिच् સિંચવું, तुदादि (६) उ.
प्रच्छ् પૂછવું तुदादि (६) प.
त्यज् ત્યજવું, भ्वा. (१) प.
निज् ધોવું जुहो. (३) उ.
भज् સેવવું भ्वा (१) उ.
भञ्ज् તોડવું, रुधा (७) प.
भुज् ખાવું रुधा (७) आ.
भ्रस्ज् ભાંગવું तुदा (६) उ.
मस्ज् ડૂબકી મારવી तु (६) प.
यज् પૂજવું, भ्वा. (१) उ.
युज् જોડવું रुधा. (७) उ.
युज् યોગ કરવો दिवादि (४) आ.
रुञ्ज् રંગવું, भ्वा (१), उ., दिवादि (४) उ.
रुज् તોડવું तुदा (६) प.
सञ्ज् ચોંટવું भ्वा (१) प.
सृज् ઉત્પન્ન કરવું, બહાર કાઢવું,
तुदादि (६) प., दिवा (४) आ.
स्वञ्ज् આલિંગવું भ्वा. (१) आ.
अद् ખાવું अदादि (२) प.
क्षुद् ચૂર્ણ કરવું रुधा (७) उ.
छिद् કાપવું रुधा (७) उ.
तुद् દુઃખ આપવું तुदा (६) उ.
नुद् ધકેલવું तुदा (६) उ.
पद् જવું दिवादि (४) आ.
भिद् ફોડવું रुधा (७) उ.
विद् હોવું दिवादि (४) आ.
विद् (विन्द) જાણવું रुधा (७) आ.
शद् નષ્ટ થવું भ्वा (१), आ.
सद् ક્ષીણ થવું भ्वा, तु, प.
स्कन्द् હુમલો કરવો, भ्वा. प.
हद् મળત્યાગ भ्वा (१) आ.
क्रुध् ગુસ્સો કરવો दिवा (४), प.
क्षुध् ભૂખ્યા થવું दिवा (४) प.
बन्ध् બાંધવું क्रया (९) प.
बुध् જાણવું, ઊઠવું दि (४) आ.
युध् લઢવું दिवा (४), आ.
राध् સિદ્ધ કરવું स्वा (५) प.
साध् સિદ્ધ કરવું स्वा (५) प.
रुध् અવરોધવું रुधा (७) उ.
व्यध् વીંધવું दिवा (४) प.
शुध् શુદ્ધ થવું दिवा (४) प.
मन् જાણવું दिवा (४) आ.
हन् મારવું अदादि (२) प.
आप् મેળવવું स्वा (५) प.
क्षिप् ફેંકવું दिवादि (४) प.
तुदादि (६) उ.
तप् તપવું-તપાવવું भ्वा प.
तृप् તૃપ્ત થવું दिवा (४) प.
(વિકલ્પે इट् આગમ)
त्रप् શરમાવવું भ्वा (१) आ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

दृप् ઘમંડ કરવો દિ (૪) प.
लिप् લીંપવું તુદા (૬) उ.
लुप् કાંપવું તુદા (૬) उ.
शप् શાપ આપવો भ्वा. उ.
સોગંદ ખાવા/લેવા
भ्वा. आ., दिवा. उ.
सृप सरકવું भ्वा (१) प.
स्वप् સૂવું अदादि (२) प.
यम् મૈથુન કરવું, भ्वा, प.
रभ् શરૂ કરવું, भ्वा, आ.
लभ् મેળવવું भ्वा, आ
गम् જવું भ्वा. (१) प.
नम् નમવું भ्वा. (१) प.
यम् રોકવું भ्वा (१) प.
रम् રમવું भ्वा, आ.
क्रुश् રડવું, બુમો પાડવી भ्वा (१) प.
दंश् કરડવું, દંશ દેવો भ्वा. (१) प.
दिश् કહેવું તુદા (૬) उ.
दृश् જોવું, भ्वा. (१) प.
मृश् અડકવું (वि+मृश्
વિચાર કરવો) तु (६), प.
रिश् હિંસા કરવી તુદા (૬) प.
रुश् હિંસા કરવી, तु. प.
लिश् દુર્બલ થવું દિ (૪) आ.
लिश् જવું, તુદા (૬) प.
विश् અંદર જવું, तुदा, प.
स्पृश् સ્પર્શવું तुदा, प.
कृष् હળ ચલાવવું भ्वा. प.
तुदादि-उभयपदी.
त्विष् ચમકવું, भ्वा. उ.
दुष् દુષિત થવું, દિ (૪) प.
द्विष् દ્વેષ કરવો, अदा (२) उ.
पिष् દળવું रुधा (७) प.
पुष् પુષ્ટ કરવું, दिवा (४) प.
[पुष् भ्वा. क्र्यादि, બંને सेट् છે.]
विष् વ્યાપવું (३) जुहो. (३) उ.
शिष् વિશિષ્ટ કરવું रुधा (७) प.
शुष् સૂકાવું, દિ (૪) प.
श्लिष् ચોંટવું, દિ (૪) प.
घस् ખાવું भ्वा प.
वस् રહેવું भ्वा प.
दह् બાળવું भ्वा प.
दिह् લીંપવું अदा (२) उ.
दुह् દોહવું अदा (२) उ.
नह् બાંધવું दिवा (४) उ.
मिह् મૂત્ર કરવું भ्वा (१) प.
रुह् ઉગવું/ઉપર ચઢવું, भ्वा-प.
लिह् ચાટવું अदा. (२) उ.
वह् વહી જવું-લઈ જવું भ्वा (१) उभयपदी.

(ख) २. ઉપર (क) १ માં નહીં ઉલ્લેખેલા બધા જ एकाच् (= એકાક્ષર) = એક સ્વરવાળા સ્વરાન્ત ધાતુઓ પણ अनिट् છે (જેમના ક્રિયાપદોનાં રૂપોમાં इ સ્વર ઉમેરાતો નથી). દા. ત., √इण् = इ गतौ જવું, √इ (क्), √इ (ङ्), चि, जि, ब्रु, स्तु, द्रु, स्नु, श्रु, कृ, सृ, भृ, हृ વગેરે.

ઉપસંહાર : V.0.2. માં દર્શાવ્યું છે કે ધાતુઓનો જુદા જુદા ચાર દષ્ટિકોણથી અભ્યાસ કરવો જરૂરી છે. અહીં પુનરુક્તિ કરીને એ ચારેય દષ્ટિકોણનું પ્રયોજન જોઈશું :

(१) પહેલા દષ્ટિકોણથી ધાતુઓ જે બે અર્થો (વ્યાપાર અને ફળ)ના વાચક હોય છે, તે બન્ને સમાનાધિકરણ (= એક જ પદાર્થ / વ્યક્તિમાં રહેનારા) છે કે નહીં ? તેનો વિચાર કરીને; કોને પ્રાધાન્ય આપવું/અભિહિત કરવો છે ? [અર્થાત્

१. (વ્યાપારાશ્રય) 'કર્તા'ને ઉદ્દેશીને વાક્યરચના કરવી છે ?, કે
२. (ફલાશ્રય) 'કર્મ'ને ઉદ્દેશીને વાક્યરચના કરવી છે ?, કે –
३. (અકર્મક ધાતુના સન્દર્ભમાં) વ્યાપારને = ક્રિયાને = ભાવને (જ) ઉદ્દેશીને વાક્યરચના કરવી છે ?]

તે વિવક્ષાથી નક્કી કરીને ક્રિયાપદનું યોગ્ય રૂપ બનાવવામાં આવે છે (તથા વાક્યરચનામાં કયા નામપદને પ્રથમા,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તૃતીયા કે દ્વિતીયા વિભક્તિમાં મૂકવું ? તે નક્કી કરવામાં આવે છે.

એટલે કે – કયા ધાતુનો 'કર્તરિ પ્રયોગ' અને 'કર્મણિ પ્રયોગ, અથવા કયા ધાતુનો કેવળ 'કર્તરિ પ્રયોગ' અને 'ભાવે પ્રયોગ' જ થઈ શકશે ? એ નક્કી કરવા ઉપર્યુક્ત પહેલા દૃષ્ટિકોણથી ધાતુઓનું ('સકર્મક' – 'અકર્મક' ઇત્યાદિ) વર્ગીકરણ પાડવું અનિવાર્ય છે.

(૨) 'ધાતુપાઠ'માં સંગૃહીત ૧૯૭૦ ધાતુઓમાંથી કયા ધાતુને રૂઢિને કારણે (क) કેવળ આત્મનેપદના, (ख) કેવળ પરસ્મૈપદના પ્રત્યયો લગાવવા પડશે, કે (ग) ઉભયપદના પ્રત્યયોમાંથી યથેચ્છ પ્રત્યયો લગાવી શકાશે એ જાણવું અનિવાર્ય છે. આથી ઉપર્યુક્ત (V.0.2) બીજા દૃષ્ટિકોણથી ધાતુઓનો વિચાર કરવો પડે છે.

(૩) તથા ત્રીજા દૃષ્ટિકોણથી, જો કર્તરિ પ્રયોગ કરવો હોય તો – કયા ધાતુનું કેવું ક્રિયાપદ બનશે ? તે નક્કી કરવા માટે જે ધાતુ કયા ગણનો છે અને તદનુસાર તે ધાતુને કયો વિકરણ પ્રત્યય જોડવો પડશે ? એનો નિર્ણય કરવામાં આવે છે.

સાથે સાથે જો કર્તરિ પ્રયોગને બદલે કર્મણિપ્રયોગ (કે ભાવે પ્રયોગ) કરવાનો હોય તો ધાતુની પાછળ જે તે ગણનો વિકરણ પ્રત્યય નહીં લગાવતાં, (દશેય ગણના તમામ ધાતુઓને) એક સરખો /-य/ પ્રત્યય લગાડીને પછી તેની પાછળ કેવળ આત્મનેપદના પ્રત્યયો જ લગાડવામાં આવે છે.

(૪) ચોથા દૃષ્ટિકોણથી, આ બધા ધાતુઓમાંથી અમુક[૯] ક્રિયાપદનાં (કે કૃદન્તનાં) રૂપો બનાવતી વખતે (ધાતુની પાછળ) इ સ્વર (= इडागाम) ઉમેરાશે કે નહીં ? તેનો નિર્ણય કરવામાં આવે છે.

ક્રિયાપદની રૂપરચના દરમ્યાન આ છેલ્લા ત્રણેય (બીજા, ત્રીજા અને ચોથા) દૃષ્ટિકોણોથી ધાતુને બરાબર ઓળખવો પડે છે. જેમકે, ૧. અમુક ધાતુ આત્મનેપદી છે કે પરસ્મૈપદી ? (કે તે ધાતુ ઉભયપદી છે ?). ૨. કયો ધાતુ કયા ગણનો છે (અને તેને કર્તરિપ્રયોગમાં) કયો વિકરણ પ્રત્યય લગાડવો પડશે ?) તથા ૩. અમુક ધાતુ सेट् છે કે अनिट् ?

જ્યારે ઉપર્યુક્ત સૌથી પહેલા દૃષ્ટિકોણથી કરેલું ધાતુઓનું વર્ગીકરણ (જ) વાક્યરચના ઉપર અસર કરે છે. તથા બીજા, ત્રીજા અને ચોથા દૃષ્ટિકોણોને ધ્યાન ઉપર લીધાં પછી જ ધાતુઓના ક્રિયાપદનું રૂપાખ્યાન (રૂપરચના) સમજી શકાય છે.

V.0.4. જુદા જુદા 'કાળ' અને 'અર્થ'ના વાચક (અથવા પ્રતીક સમાન) દશ ल् કારોની ઉપસ્થિતિ :

સંભાષણ દરમ્યાન વક્તા જે વાક્યો બોલતો હોય છે તે દરેકમાં ઓછામાં ઓછું એક 'ક્રિયાપદ' આવેલું હોય છે. આવાં ક્રિયાપદોમાંથી (ઉપર V.0.1 માં જણાવ્યું તેમ) મુખ્યત્વે ૧. કોઈક નિશ્ચિત ક્રિયાનો અને ૨. તે ક્રિયા ક્યારે (કયા સમયે = કાળમાં) થઈ ? એનો બોધ થતો હોય છે.[૧૦] આવા ક્રિયાપદની રૂપરચનામાં ૧. ક્રિયાવાચક ધાતુ + ૨. વિકરણ, પ્રત્યય + ૩. કાળ/અર્થ વાચક ति વગેરે નવ પરસ્મૈપદના પ્રત્યયો; અથવા ते વગેરે નવ આત્મનેપદના પ્રત્યયો પરસ્પર જોડાય છે એમ અગાઉ કહી ચૂક્યા છીએ. તથા આ ત્રણેય પ્રકારના ધ્વનિઓમાંથી પહેલા બે પ્રકારના ધ્વનિઓ (દા.ત., ધાતુ તથા વિકરણ પ્રત્યય) વિષે V.0.2. તથા V.0.3.3 માં ચર્ચા કરી લીધી છે. હવે, ક્રિયાપદની રૂપરચનામાં જે ત્રીજા પ્રકારના ધ્વનિઓ (= અર્થાત્ ति વગેરે કે ते વગેરે પરસ્મૈપદના કે આત્મનેપદના નવ-નવ પ્રત્યયો) જોડવામાં આવે છે એના વિષે ચર્ચા હાથ ધરવાની છે :

સામાન્ય રીતે સંસ્કૃત ક્રિયાપદો – દા. ત. पश्यति = (તે) જુવે છે'; अपश्यत् = (તેણે) જોયું', पश्यतु = '(તે) જુવે.'–માં જે ति પ્રત્યય છે તેમાંથી વર્તમાનકાળનો બોધ થાય છે; –अत् પ્રત્યયમાંથી ભૂતકાળનો બોધ થાય છે, તથા –तु પ્રત્યયમાંથી આજ્ઞાર્થનો બોધ થાય છે. આમ ૧. ધાતુ અને ૨. વિકરણ પ્રત્યયની પાછળ જોડાતાં ૩. ति વગેરે પ્રત્યયો કોઈ નિશ્ચિત 'કાળ' કે 'અર્થ'નો બોધ કરાવે છે. પરંતુ ક્રિયાપદની રૂપરચના દરમ્યાન ધાતુ + (વિકરણ પ્રત્યય)ની પાછળ આવા

---

૯. 'અમુક' એટલે लिट् (પરોક્ષ ભૂતકાળ), लुट् (અનદ્યતન ભવિષ્ય), लृट् (સાદો ભવિષ્યત્કાળ) आशीर्लिङ् (આશીર્વાદાત્મક વિધ્યર્થ), लुङ् (સાદો ભૂતકાળ) અને लृङ् (ક્રિયાતિપત્ત્યર્થ)નાં ક્રિયાપદોમાં.

૧૦. સંસ્કૃત ક્રિયાપદમાં ''ધાતુ+વિકરણ પ્રત્યય + ति (વગેરે અઢાર પ્રત્યયોમાંથી કોઈ એક) પ્રત્યય''નો સંશ્લેષ થયો હોય છે, આમાંથી જે 'ધાતુ' રૂપા પ્રકૃતિ છે તેમાંથી કોઈ ક્રિયાવિશેષનો બોધ થાય છે. તથા /-ति/ વગેરે પ્રત્યયમાંથી કોઈ નિશ્ચિત 'કાળ' (કે 'અર્થ')નો બોધ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

/-ति/ વગેરે 'કાળ' કે 'અર્થ'ના વાચક પ્રત્યયો જોડવામાં આવે તે પૂર્વે, પરંપરાગત વ્યાકરણકારો (દા. ત., મહર્ષિ પાણિનિ) એમ વર્ણવે / કલ્પે છે કે ધાતુની પાછળ 'કાળ' કે 'અર્થ'ના વાચક બને એવા એક લ્ ધ્વનિ સહિતના અમુક વર્ણો મૂકવામાં આવે છે. જેમકે, √पच + लट् । √पच् + लिट् । √पच् + लुट् વગેરે. આ લ્ સહિતના ધ્વનિઓને ''લ કાર'' કહે છે. આવા લ કારોની સંખ્યા દશ જેટલી છે. જેમકે,

૧. लट्- વર્તમાનકાળ
૨. लिट्- પરોક્ષ ભૂતકાળ
૩. लुट्- અનદ્યતન ભવિષ્યત્કાળ
૪. लृट्- સામાન્ય ભવિષ્યત્કાળ
૫. लेट्- વૈદિક સંકેતાર્થ
૬. लोट्- આજ્ઞાર્થ
૭. लङ्- હ્યસ્તન ભૂતકાળ
૮. लिङ्-विधिलिङ्- વિધ્યર્થ
आशीर्लिङ्- આશીર્વાદાર્થ
૯. लुङ्- સામાન્ય ભૂતકાળ.
૧૦. लृङ्- ક્રિયાતિપત્ત્યર્થ

આ દશેય લ્ કારોનું પૃથક્કરણ કરીને જોઈએ તો આ દશમાંથી છ લ કારો 'કાળ' (Tenses)ના વાચક છે; તથા ચાર લ કારો 'અર્થ' (Moods) ના વાચક છે જેમકે,

(क) કાળ :

૪	૩	૨	૧	૫	૬
लिट् પરોક્ષ ભૂતકાળ Perfect Past Tense	लुङ् સામાન્ય ભૂતકાળ Aorist Past Tense	लङ् અનદ્યતન = હ્યસ્તન ભૂતકાળ Imperfect Past Tense	लट् વર્તમાનકાળ Present Tense	लुट् અનદ્યતન (= શ્વસ્તન) ભવિષ્યત્કાળ Periphrastic. Future Tense	लृट् સામાન્ય ભવિષ્યત્કાળ Simple Future Tense

ભૂતકાળ ત્રણ — વર્તમાનકાળ એક — ભવિષ્યત્કાળ બે.

(ख) અર્થ :

૭	૮	૯		૧૦
लेट् વૈદિક સંકેતાર્થ Subjunctive Mood	लोट् આજ્ઞાર્થ Imperative Mood	विधिलिङ् વિધ્યર્થ Potential Mood	आशीर्लिङ् આશીર્વાદાર્થ Benedictive Mood	लृङ् ક્રિયાતિપત્ત્યર્થ (= હેતુહેતુમદ્ભાવાર્થ) Conditional Mood

કેવળ વેદની ભાષામાં વપરાતો અર્થ — લોકની (= પ્રશિષ્ટ) સંસ્કૃત ભાષામાં વપરાતા ચાર અર્થો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રાસંગિક રીતે અહીં "કાળ" (Tense) અને "અર્થ" (Mood) વચ્ચેનો ભેદ પણ સમજી લઈશું : વાગ્વ્યવહાર દરમિયાન વક્તા દ્વારા જગત્‌ના જડ-ચેતન (કે બુદ્ધિસ્થ) પદાર્થોએ કઈ ક્રિયા કરી / કરે છે / કરશે એનું વિધાન કરવામાં આવે છે. હવે, વાક્યમાં આ ક્રિયાવિધાન કરતી વખતે 'જે તે ક્રિયા કયા સમયે થઈ ?' એ પણ દર્શાવવામાં આવે છે. આ 'કાળ' રૂપી અર્થ વ્યક્ત કરવા માટે (V.0.1 માં જણાવ્યું છે તે મુજબ) ધાતુ+વિકરણ પ્રત્યયની પાછળ તિ વગેરે પરસ્મૈપદના કે તે વગેરે આત્મનેપદના પ્રત્યયો જોડવામાં આવે છે.

(દિક્‌તત્ત્વ અને) 'કાળ' તત્ત્વ એ શબ્દબ્રહ્મની બે શક્તિ છે (એવું વાક્યપદીયકાર ભર્તૃહરિ કહે છે). બીજા શબ્દોમાં કહીએ તો - ક્રિયા માત્રને જન્મવા માટે (દિક્ અને) 'કાળ' જેવા અસાધારણ નિમિત્તકારણ (= શાશ્વત્-કારણ)ની અનિવાર્યપણે જરૂર રહે જ છે. (પરિણામે કોઈ પણ ક્રિયા કોઈક નિશ્ચિત સ્થળે અને સમયબિંદુએ જ થતી હોય છે. દિક્ અને કાળની મર્યાદા બહાર કોઈ ક્રિયા જન્મી શકતી જ નથી.)

સંભાષણ સમયની અપેક્ષાએ આ કાળતત્ત્વનું ત્રણ ભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. જેમકે,

સંભાષણની પૂર્વે વીતી ગયેલો કાળ			સંભાષણ દરમિયાનનો સમય	સંભાષણની ક્ષણ પછી આવનારો કાળ	
ભૂતકાળ			પ્રવર્તમાન કાળ	ભવિષ્યત્કાળ	
પરોક્ષ ભૂતકાળ	સામાન્ય ભૂતકાળ	હ્યસ્તન ભૂતકાળ	વર્તમાનકાળ	અનદ્યતન ભવિષ્યત્કાળ	સામાન્ય ભવિષ્યત્કાળ
જે તે વક્તાના જન્મ પૂર્વેનો કાળ, કે જે કાળમાં બનેલી ઘટના) વક્તાને પ્રત્યક્ષ હોતી નથી પણ 'પરોક્ષ' હોય છે.	ગયા પરમ દિવસથી માંડીને વક્તાની જે તે જન્મ તારીખ સુધીનો કાળ; (કે જે કાળમાં બનેલી ક્રિયાઓનો વક્તા 'સાક્ષી' બન્યો હોય છે). અથવા, આજના ચાલુ દિવસમાં જ વીતી ગયેલી ક્ષણો	ગઈકાલે બનેલી ક્રિયા માટે વપરાતો કાળ	વક્તા જે સમયે વાતચીત કરી રહ્યો છે તે સમયે બનતી ક્રિયા માટે વપરાતો કાળ તે વર્તમાન કાળ	આવતીકાલે બનનારી ક્રિયા માટે વપરાતો કાળ; (કે જેને 'શ્વસ્તન ભવિષ્યત્કાળ' પણ કહે છે.	૧. સંભાષણની ક્ષણ પછીનો, આજના ચાલુ દિવસનો અવશિષ્ટ સમય, તેને "સામાન્ય ભવિષ્યત્કાળ" કહે છે. તથા ૨. આવતા પરમ દિવસથી શરૂ કરીને, સૃષ્ટિના પ્રલય સુધીનો આગામી/અનન્ત ભવિષ્યત્કાળ, તેને "સામાન્ય ભવિષ્યત્કાળ" કહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંસ્કૃત ક્રિયાપદોમાં જે તિ વગેરે પરસ્મૈપદના કે તે વગેરે આત્મનેપદના પ્રત્યયો જોડવામાં આવે છે તે. (ઉપર દર્શાવ્યું છે તેમ) ભૂત, ભવિષ્યત્ અને વર્તમાન કાળમાંથી કોઈ એક કાળને દર્શાવે છે. પરંતુ ઘણીવાર વક્તા સંભાષણ (= શ્રોતા સાથેની વાતચીત) દરમ્યાન જે ક્રિયાવિધાન કરે છે તેની પાછળ.વક્તાના મનમાં શ્રોતાને કોઈ ક્રિયામાં પ્રવર્તાવવા રૂપી પ્રયોજન રહેલું હોય છે. આ 'પ્રયોજન'ને વ્યાકરણમાં 'અર્થ' (Mood) કહે છે. પ્રશિષ્ટ સંસ્કૃતભાષામાં આવા 'અર્થો' કુલ ચારેક છે. જેમકે,

૧. આજ્ઞાર્થ (लोट्)
૨. વિધ્યર્થ (विधिलिङ्)
૩. આશીર્વાદાર્થ (आशीर्लिङ्)
૪. ક્રિયાતિપત્ત્યર્થ (= હેતુ-હેતુમદ્ ભાવાર્થ) (लृङ्).

(આ ઉપરાંત, વૈદિક સંસ્કૃત ભાષામાં એક ૫. 'સંકેતાર્થ' (लेट्) નો પણ પ્રયોગ થયો છે. પરંતુ તેની અહીં ચર્ચા કરવામાં આવશે નહીં.)

આ 'આજ્ઞાર્થ' વગેરે વાળી વાક્યરચનાઓનો પરિચય આગળ (V.7 થી V.10) માં કરવામાં આવશે.

હવે કોઈક વાક્યમાં અમુક ક્રિયા વર્તમાનકાળમાં થઈ રહી છે એમ દર્શાવવું છે તો પહેલાં તે ક્રિયાવાચક એક નિશ્ચિત 'ધાતુ' લઈશું. હવે આ ધાતુથી વાચ્ય એવી ક્રિયા વર્તમાનકાળમાં થઈ રહી છે એમ દર્શાવવા માટે પહેલે તબક્કે ધાતુની પાછળ લટ્ એવો લકાર મૂકવામાં આવે છે. એ જ પ્રમાણે કોઈક વાક્યમાં અમુક ક્રિયા ભૂતકાળમાં થઈ રહી છે એમ દર્શાવવું છે તો પહેલાં તે ક્રિયાવાચક એક નિશ્ચિત ધાતુ પસંદ કરીશું. ત્યાર પછી, તે ધાતુથી વાચ્ય એવી ક્રિયા ભૂતકાળમાં થઈ રહી છે એમ દર્શાવવા માટે પહેલે તબક્કે- 'ધાતુ'ની પાછળ +લઙ્ એવો લકાર મૂકીશું.

હવે, અમુક ક્રિયા 'કોઈ એક નિશ્ચિત કાળમાં થઈ રહી છે' એમ દર્શાવવા માટે ક્રિયાવાચક ધાતુની પાછળ, જે લટ્ કે લિટ્ કે લુટ્ ઈત્યાદિ લકારની ઉપસ્થિતિ કરવામાં આવે છે એ અત્યંત મહત્ત્વની ક્ષણ છે. કારણ કે ધાતુની પાછળ જે લટ્ (કે લિટ્ વગેરે દશ લકારોમાંથી કોઈ એક) લકારને ઉપસ્થિત કરવામાં આવે છે તે વક્તાની વિવક્ષાને જાણવાની ક્ષણ છે. જેમકે,

૧.

'વાંચવું' ક્રિયા	+	વર્તમાનકાળમાં એ ક્રિયા થઈ રહી છે.

↓ ↓

૨. પદ્ લટ્

આ ધાતુ 'સકર્મક' છે. તેથી-	વિવક્ષાને અનુસરીને એ નક્કી કરવું પડશે કે 'કર્તા'ને ઉદ્દેશીને ક્રિયાનું વિધાન કરવું છે ? (એટલે કે 'કર્તરિ પ્રયોગ' કરવો છે ?) કે કર્મને ઉદ્દેશીને ક્રિયાનું વિધાન કરવું છે ? (એટલે કે 'કર્મણિ પ્રયોગ' કરવો છે ?)

૩. પદ્ + કર્તરિ પ્રયોગ / કર્મણિ પ્રયોગ

(વિવક્ષાનુસાર કોઈ એકની પસંદગી)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૪. (क) માની લો કે વક્તા 'કર્તા'ને ઉદ્દેશીને ક્રિયાવિધાન કરવા માગે છે. તો - 'કર્તરિપ્રયોગ' કરશે, જેમાં

૫. (क) पद् + { ति तस् अन्ति / सि थस् थ / मि वस् मस् }
(પદ્ ધાતુ રૂઢિથી 'પરસ્મૈપદી' ગણાય છે. તેથી આ પ્રત્યયો ઉત્પન્ન થાય છે.)

૬. (क) કર્તરિપ્રયોગનું ક્રિયાપદ બનાવવું છે. માટે ધાતુની પાછળ જે તે ગણનો ચોક્કસ વિકરણ પ્રત્યય (જ) જોડવો પડશે. જેમકે, પ્રસ્તુત ઉદા.માં पद् ધાતુ भ्वादि = પહેલા ગણનો છે, તેથી (शप् =) अ વિકરણ પ્રત્યય મૂકવો પડશે.

૭. (क) पद् + अ + ति
(વાંચવાની ક્રિયા કરનાર કર્તા ઉદ્દેશ્ય તરીકે પ્રથમ પુરુષ, એકવચન છે, તેથી ઉપર્યુક્ત નવ પરસ્મૈપદ સંજ્ઞક પ્રત્યયોમાંથી એક /-ति/ પ્રત્યય પસંદ કરીશું.)

૮. (क) पठति ॥

૪. (ख) માની લો કે વક્તા 'કર્મ'ને ઉદ્દેશીને ક્રિયાવિધાન કરવા માગે છે. તો - 'કર્મણિપ્રયોગ' કરશે, જેમાં

૫. (ख) पद् + { ते एते अन्ते / से एथे ध्वे / ए वहे महे }
(કર્મણિ પ્રયોગ કરતી વખતે ધાતુની પાછળ કેવળ આત્મનેપદ સંજ્ઞક પ્રત્યયો જ વપરાય છે; ધાતુ રૂઢિતઃ પરસ્મૈપદી હોય તો પણ.)

૬. (ख) કર્મણિપ્રયોગનું ક્રિયાપદ બનાવવું છે. માટે ધાતુની પાછળ (ધાતુ કયા ગણનો છે, એ વિચાર્યા વિના જ; સીધો) य વિકરણ પ્રત્યય ઉમેરવાનો રહેશે.

૭. (ख) पद् + य + ते
(વાંચવાની ક્રિયા જેની ઉપર થાય છે તે કર્મકારક ઉદ્દેશ્ય તરીકે પ્રથમ પુરુષ, એકવચન છે તેમ જોઈને, ઉપર્યુક્ત આત્મનેપદ સંજ્ઞક નવ પ્રત્યયોમાંથી એક / –ते / પ્રત્યય પસંદ કરીશું.)

૮. (ख) पठ्यते ॥

આવી જ રીતે, બીજા ભૂતકાળો કે ભવિષ્યત્કાળો માટે અથવા તો 'આજ્ઞાર્થ'- 'વિધ્યર્થ' જેવા 'અર્થો' (Moods) ને માટે લિટ્, લઙ્, લૃટ્, લોટ્ કે લિઙ્ ઇત્યાદિ જેવા જુદા જુદા લકારો પ્રથમ તબક્કે ધાતુની પાછળ ઉપસ્થિત કરવામાં આવે છે અને તે લકારની ઉપસ્થિતિ-ક્ષણે વક્તાની વિવક્ષાને તપાસી લેવાની રહે છે. ત્યાર પછી, ઉપર મુજબ (જ) કોઈપણ ક્રિયાપદની રૂપરચના આગળ વધતી હોય છે.

V.0.5. આત્મનેપદના અને પરસ્મૈપદના પ્રત્યયો :

ધાતુની પાછળ અમુક નિશ્ચિત 'કાળ' કે 'અર્થ'ના પ્રતીક તરીકે કોઈક લકારને ઉપસ્થિત કરીને, આપણે વક્તાની વિવક્ષાને આધારે જેવો નિર્ણય કરી લઈએ છીએ કે - ''આ ધાતુ સકર્મક છે, તેથી કર્તરિ પ્રયોગ કરીશું (કે કર્મણિ પ્રયોગ કરીશું); અથવા તો – આ ધાતુ અકર્મક છે, તેથી કર્તરિપ્રયોગ કરીશું (કે ભાવે પ્રયોગ કરીશું)'' - કે તરત જ તે લકારને ખસેડી લઈને તેના સ્થાનમાં રૂઢિને વશ વર્તીને (કર્તરિ પ્રયોગમાં) પરસ્મૈપદ સંજ્ઞક પ્રત્યયો કે આત્મનેપદ સંજ્ઞક પ્રત્યયો'' (અથવા કર્મણિ પ્રયોગ કરવો હશે તો કેવળ આત્મનેપદસંજ્ઞક પ્રત્યયો) ઉત્પન્ન કરીશું. [અને પછી યોગ્ય વિકરણ પ્રત્યય ઉમેરીને ક્રિયાપદની રૂપરચના આગળ ચલાવવામાં આવશે.]

હવે, ધાતુની પાછળ જોડાતાં આ 'પરસ્મૈપદ' સંજ્ઞક નવ પ્રત્યયો, તથા આત્મનેપદ' સંજ્ઞક નવ પ્રત્યયો (પાણિનીય વ્યાકરણ મુજબ) નીચે મુજબ છે :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

	પરસ્મૈપદ			આત્મનેપદ			
	એ.વ.	દ્વિ.વ.	બ.વ.		એ.વ.	દ્વિ.વ.	બ.વ.
પ્રથમ પુરુષ (Third Person)	ति	तस्	(झि) अन्ति	પ્રથમ પુરુષ (Third Person)	त	आताम्	(झ =) अन्त
મધ્યમ પુરુષ (Second Person)	सि	थस्	थ	મધ્યમ પુરુષ (Second Person)	थास्	आथाम्	ध्वम्
ઉત્તમ પુરુષ (First Person)	मि	वस्	मस्	ઉત્તમ પુરુષ (First Person)	इ	वहि	महि (ङ्)

નોંધ : ૧. સંસ્કૃત વ્યાકરણકારોએ ક્રિયાપદને ''तिङन्तपद'' કહ્યું છે, કારણ કે ધાતુની પાછળ ઉપર્યુક્ત નવ પરસ્મૈપદના અને નવ આત્મનેપદના પ્રત્યયો જોડીને સંસ્કૃત ક્રિયાપદો બનાવવામાં આવે છે. અહીં, (ઉપર દર્શાવ્યા પ્રમાણે) આરંભિક પ્રત્યય तिની સાથે અંતિમ महिङ् પ્રત્યયનો જે ङ् ધ્વનિ છે તેને જોડીને (જેમકે, ति + ङ् =) 'तिङ्' એવો એક પ્રત્યાહાર બનાવ્યો છે. એટલે કે ઉપર્યુક્ત અઢારેય પ્રત્યયોની तिङ् એવી એક ટૂંકી સંજ્ઞા બનાવી છે. આથી, આ तिङ् (= ઉપર્યુક્ત ૧૮) પ્રત્યયોમાંનો કોઈ પણ એક પ્રત્યય (ધાતુની પાછળ) લાગીને જે ક્રિયાપદ બન્યું હોય, તે ક્રિયાપદને तिङन्त (= तिङ् + अन्त) પદ કહેવામાં આવે છે. (तिङन्त પદ = तिङ्માંનો કોઈ એક પ્રત્યય છે અન્તમાં જેની, તેવું પદ = કોઈ પણ ક્રિયાપદ.)

નોંધ : ૨. ઉપર જે અઢાર પ્રત્યયો બતાવ્યા છે તે ધાતુમાત્રને લાગતા સામાન્ય પ્રત્યયો છે. પરંતુ વિશેષ કાળ કે વિશેષ અર્થની અભિવ્યક્તિ કરવા માટે આ પ્રત્યયોમાં થોડા ઘણા ધ્વન્યાત્મક વિકારો આવતા હોય છે. આવા વિશેષ કાળ કે વિશેષ અર્થ (Mood)ને માટે જે વિશેષ પ્રત્યયો છે તેનું યથાયોગ્ય સ્થાને પ્રદર્શન કરવામાં આવશે.

નોંધ : ૩. પરંપરાગત સંસ્કૃત વ્યાકરણકારોના ''પ્રથમ પુરુષ-મધ્યમ પુરુષ અને ઉત્તમ પુરુષ''-ના ક્રમને અંગ્રેજી વ્યાકરણના પ્રભાવ હેઠળ ઉલટાવી નાંખીને; તથા 'પ્રથમ'-'મધ્યમ'-'ઉત્તમ' એવાં નામોને બદલે અનુક્રમે 'ત્રીજો પુરુષ', 'બીજો પુરુષ' અને 'પહેલો પુરુષ' એવા શબ્દો આજકાલ વધુ પ્રચલિત થયા છે. તદનુસાર -

પરસ્મૈપદમાં				આત્મનેપદમાં			
૧. ઉત્તમ = પહેલો પુરુષ	मि	वस्	मस्	ઉત્તમ = પહેલો પુ.	इ	वहि	महि
૨. મધ્યમ = બીજો પુરુષ	सि	थस्	थ	મધ્યમ = બીજો પુ.	थास्	आथाम्	ध्वम्
૩. પ્રથમ = ત્રીજો પુરુષ	ति	तस्	अन्ति	પ્રથમ = ત્રીજો પુ.	त	आताम्	अन्त ॥

***

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ટૂંકમાં, સંસ્કૃત ક્રિયાપદોની રૂપરચના માટે નીચે દર્શાવેલા ક્રમે વિચારણા કરવી પડે છે :–

ધાતુ

- સકર્મક (વિવક્ષાધીન)
  - ૧ કર્તરિ પ્રયોગ
    - ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ ગણોમાં વર્ગીકૃત કરેલા ધાતુઓમાંથી અભીષ્ટ ક્રિયાને કહેનારો કોઈ એક ધાતુ, જે કેવળ રૂઢિને કારણે
      - અને / અથવા
        - ('પરસ્મૈપદ' સંજ્ઞક પ્રત્યય લેતો ધાતુ હોય; | 'આત્મનેપદ' સંજ્ઞક પ્રત્યય લેતો ધાતુ હોય.)
      - આવો ધાતુ + જે તે ગણનો વિકરણ પ્રત્યય + કાળ વિશેષ વાચક તિઙ્ પ્રત્યયો
      - = ક્રિયાપદ (તિઙન્ત પદ)
  - ૨ કર્મણિ પ્રયોગ
    - દશમાંથી કોઈ પણ ગણના ધાતુને
      - પરસ્મૈપદ સંજ્ઞક પ્રત્યયો લાગતાં જ નથી.
      - કેવળ 'આત્મનેપદ' સંજ્ઞક પ્રત્યયો
        - પછી, જે તે ગણનો વિશેષ વિકરણ પ્રત્યય લાગવાને બદલે, સર્વત્ર 'ય' પ્રત્યય ઉમેરાય છે. (આ 'ય' પ્રત્યય 'કર્મણિ પ્રયોગ'નો અનુવાદક છે.) પછી,
        - ધાતુ + ય + કાળવિશેષવાચક કેવળ આત્મનેપદના પ્રત્યયો
        - = ક્રિયાપદ
- અકર્મક (વિવક્ષાધીન)
  - ૩ કર્તરિ પ્રયોગ
    - (૧ની જેમ વ્યવસ્થા જાણવી.)
  - ૪ ભાવે પ્રયોગ
    - (૨ના જેવી વ્યવસ્થા જાણવી, પરંતુ આત્મનેપદના નવ પ્રત્યયોમાંથી કેવળ પ્રથમ પુરુષ, એકવચનનો એક પ્રત્યય જ વપરાય છે.)
    - દા.ત. ગમ્યતે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

V.1. વર્તમાનકાળવાળી વાક્યરચના :

સંસ્કૃત ભાષામાં 'વર્તમાનકાળનાં (= लट् લકારનાં) ક્રિયાપદ' તરીકે ક્રિયાપદનાં જે રૂપો વપરાયાં છે તેનો અભ્યાસ કરવાથી જણાય છે કે નીચે મુજબના સન્દર્ભોમાં / પરિસ્થિતિઓમાં તે વર્તમાનકાળનાં ક્રિયાપદો વાપરી શકાય :

(क) **"કર્તાએ અમુક ક્રિયા શરૂ કરી છે, પણ તે હજી પૂર્ણ થઈ નથી"**[11] એમ દર્શાવવા વર્તમાનકાળનાં ક્રિયાપદોનો (= लट् લકારના રૂપોનો) પ્રયોગ કરવામાં આવે છે. દા. ત.

૧. હું જગત્‌ના માતાપિતાને વંદન કરું છું.

કર્તા — વર્તમાનકાળની ક્રિયા

अहम् जगतः पितरौ वन्दे ।

(અહીં, કર્તા (હું)ની વન્દનક્રિયા શરૂ થઈ ચૂકી છે પણ તે ક્રિયા હજી પૂરી થઈ નથી. આથી वद् → वन्द् 'પ્રણામ કરવા' એવા પહેલા ગણના આત્મનેપદી ધાતુનું ઉત્તમ પુરુષ, એકવચનનું ક્રિયાપદ વપરાયું છે.)

૨. વાયુથી વૃક્ષની ડાળી હાલે છે.

वायुना वृक्षस्य शाखा कम्पते ।

(અહીં પણ, ડાળીની હાલવાની ક્રિયા ચાલુ થઈ છે, પણ પૂર્ણ થઈ નથી. અર્થાત્ એ હાલવાની ક્રિયા વર્તમાનકાળમાં થઈ રહી છે એમ દર્શાવવા પહેલા ગણના कम्प् ધાતુને વર્તમાનકાળનો આત્મનેપદી પ્રત્યય લાગીને, પ્રથમ પુરુષ એકવચનનું રૂપ બનાવવામાં આવ્યું છે.)

૩. સીતા (ઘરમાંથી નીકળીને) મન્દિરે જાય છે.

सीता (गृहात् निर्गत्य) मन्दिरं गच्छति ।

(આ ઉદાહરણમાં, સીતા ઘરમાંથી નીકળી ત્યારથી ગમનક્રિયા-ચાલવાની ક્રિયા-શરૂ થઈ ગઈ છે, પણ હજી તે મન્દિરે પહોંચી નથી. એટલે કે તેની ચાલવાની ક્રિયા પૂરી થઈ નથી, પણ તે ક્રિયા ચાલુ જ છે. તો આ ગમનક્રિયા 'વર્તમાનકાળ'માં થઈ રહી છે એમ કહેવાશે. આવો ક્રિયાગત વર્તમાનકાળ વ્યક્ત કરવા માટે √गम् > गच्छ ધાતુને વર્તમાનકાળનો પરસ્મૈપદી પ્રત્યય[12] લાગીને, પ્રથમ પુરુષ એકવચનનું ક્રિયાપદ (गच्छति) બનાવવામાં આવ્યું છે.)

૪. वहति जलम् इयम्, पिनष्टि गन्धान् इयम् (मुद्राराक्षस-१) 'આ (એક) સ્ત્રી પાણી લાવી રહી છે, તો બીજી એક સ્ત્રી સુગન્ધિ ભોજન-સામગ્રીને પીસી રહી છે.' (मुद्राराक्षस નાટકમાં રસોડામાં ચાલી રહેલી રસોઈક્રિયાનું વર્ણન કરતો આ શ્લોક છે. તેમાં પાણી લાવવાની ક્રિયા વર્તમાનકાળમાં થઈ રહી છે એમ દર્શાવવા वहति અને पिनष्टि । એવાં વર્તમાનકાળનાં ક્રિયાપદો વપરાયાં છે.) તે જ રીતે,

૫. एतास्तपस्विकन्यकाः इतः एव अभिवर्तन्ते । (શાકુન્તલ-૧) 'આ તપસ્વિ કન્યકાઓ આ તરફ જ આવી રહી છે.' (અહીં પણ अभिवर्तन्ते । ક્રિયાપદ વર્તમાનકાળ સૂચવે છે.)

---

૧૧. प्रारब्धाऽपरिसमाप्तश्च कालः वर्तमानः कालः । એવી વર્તમાનકાળની વ્યાખ્યા કરવામાં આવી છે. તથા મહાભાષ્યકાર પતંજલિ કહે છે કે - प्रवृत्तस्याविरामे शासितव्या भवन्ती । (वर्तमाने लट् । ३-२-१२३). દા. ત. इहाधीमहे । इह वसामः । इह पुष्यमित्रं याजयामः ॥

૧૨. वन्द् અને कम्प् ધાતુને આત્મનેપદના જ પ્રત્યયો કેમ લાગે છે ? અને गम् > गच्छ ધાતુને કેવળ પરસ્મૈપદના જ પ્રત્યયો કેમ લાગે છે ? અથવા તો "અમુક ધાતુને આત્મનેપદનો (કે પરસ્મૈપદનો) જ પ્રત્યય લાગે" એવું કેવી રીતે જાણી શકાય ? એવો જો કોઈને પ્રશ્ન થાય તો અગાઉ V.0.3.2 માં સ્પષ્ટતા કરી છે તે મુજબ આમાં આપણે રૂઢિને જ અનુસરવાનું છે. જેમકે, પરંપરાથી અમુક ધાતુઓની પાછળ કેવળ આત્મનેપદના જ પ્રત્યયો લાગે છે, તો બીજા કેટલાક ધાતુઓને કેવળ પરસ્મૈપદના જ પ્રત્યયો લાગે છે (અથવા તો કેટલાક એવા પણ ધાતુઓ છે કે જેમને ક્યારેક પરસ્મૈપદના, તો ક્યારેક આત્મનેપદના એટલે કે ઉભયપદના) પ્રત્યયો પણ યથેચ્છ લાગી શકતા હોય છે). [આની પાછળ રૂઢિ સિવાય બીજો કોઈ તર્ક કામ કરી રહ્યો છે એમ કહી શકાય એમ નથી.] આની વિશેષ ચર્ચા V.0.3.2.માં અને પાદટીપ ૭માં કરવામાં આવી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૬. ઋષિઓ ઈન્દ્રનું યજન કરી રહ્યા છે.
કર્તા કર્મ વર્તમાનકાળની ક્રિયા.
ऋषयः इन्द्रं यजन्ते । (અથવા यजन्ति)

(અહીં, ઋષિઓની યજન ક્રિયા ચાલી રહી છે; અને એ ક્રિયા હજી પૂર્ણ થઈ નથી–એમ દર્શાવવા માટે यज् ધાતુને વર્તમાનકાળનો પ્રથમ પુરુષ, બહુવચનનો अन्ते (અથવા अन्ति) પ્રત્યય લગાડીને ક્રિયાપદનું રૂપ બનાવવામાં આવ્યું છે.[૧૩] મૂળ यज् ધાતુ રૂઢિની ઉભયપદના પ્રત્યયો લેતો હોઈને યથેચ્છ રીતે ક્યારેક આત્મનેપદનો अन्ते પ્રત્યય લગાડાય છે; તો ક્યારેક પરસ્મૈપદનો अन्ति પ્રત્યય પણ લગાડી શકાય છે.)

૭. 'અત્યારે અમે ભણી રહ્યા છીએ.'
सम्प्रति वयम् अधीयामहे ।

૮. હમણાં દેવદત્ત આવી રહ્યો છે.
अधुना देवदत्तः आगच्छति ।

(આ બે ઉદાહરણોમાં વર્તમાનકાળનો અર્થ સૂચવવા માટે ધાતુની પાછળ महे અને ति પ્રત્યયો વપરાયા છે. તથા सम्प्रति (અત્યારે) અને अधुना (હમણાં) જેવા અવ્યયો પણ વપરાયાં છે. વર્તમાનકાળનાં ક્રિયાપદોની સાથે આવા અવ્યયો વપરાયા હોય ત્યારે 'ચાલુ વર્તમાનકાળ'નો વિશેષ અર્થબોધ થાય છે.)

(ख) કેટલીક સિદ્ધ હકીકતો / વાસ્તવિકતા અને અમુક નીતિ વાક્યો; કે જેમાં સનાતન સત્ય પ્રકટ કરવામાં આવ્યું હોય છે તેની અંદર પણ વર્તમાનકાળનાં ક્રિયાપદો વપરાય છે. જેમકે,

૧. છે ઉત્તર દિશામાં હિમાલય નામનો પર્વતોનો રાજા.
अस्ति उत्तरस्यां दिशि हिमालयो नाम नगाधिराजः । (કુમારસંભવ ૧-૧)

૨. લાંબા સમયથી પર્વતો ઊભા છે, અને નદીઓ વહે છે.
चिरं पर्वताः तिष्ठन्ति, नद्यः च प्रवहन्ति ।

૩. આણે (ઇચ્છિત કર્મો) કરી લીધાં કે નથી કરી લીધાં એની મૃત્યુ રાહ જોતું નથી.
न हि प्रतीक्षते मृत्युः कृतम् अस्य न वा कृतम् ।

૪. કહો, સજ્જનોની સંગતિ પુરુષોનું શું (હિત) નથી કરતી ?
सत्संगतिः कथय किं न करोति पुंसाम् । (ભર્તૃહરિ)

૫. સત્યવાદીઓ (પોતાની) પ્રતિજ્ઞાને મિથ્યા કરતા નથી.
सत्यवादिनः प्रतिज्ञां वितथां न कुर्वन्ति ।

૬. ખરેખર મહાપુરુષની તે પ્રકૃતિ (= સ્વભાવ) છે, કે જેના થકી તે બીજાની ઉન્નતિને સહી શકતા નથી.
प्रकृतिः खलु सा महीयसः, सहते नान्यसमुन्नतिं यया ।

૭. ખરેખર બાહ્ય ઉપાધિઓ ઉપર પ્રીતિ આશ્રય રાખતી નથી.
न खलु बहिरुपाधीन् प्रीतयः संश्रयन्ते । (ભવભૂતિ)

૮. આદ્ય ઋષિઓની વાણીને અર્થ અનુસરે છે.
ऋषीणां पुनराद्यानां वाचम् अर्थः अनुधावति । (ભવભૂતિ)

---

૧૩. અગાઉ (પાન : ૧૮૦ ઉપર) દર્શાવેલા ચાર્ટ મુજબ સંસ્કૃત ભાષામાં કેવળ એક જ પ્રકારનો વર્તમાનકાળ છે. અંગ્રેજી ભાષામાં જેમ ૧. I love. 'હું ચાહું છું.' *Simple Present,* ૨. I am loving. 'હું ચાહી રહ્યો છું.' - *Present Continuous,* ૩. I have loved. 'મેં ચાહ્યા છે.' - *Present Perfect* અને ૪. I have been loving. 'હું ચાહતો રહ્યો છું' *Present Perfect Continuous* એવા વર્તમાનકાળમાં અનેક પેટાભેદ છે તેવું સંસ્કૃત ભાષામાં નથી. અહીં તો 'સાદો', 'ચાલુ' કે 'પૂર્ણ' એવા બધા જ પ્રકારનો વર્તમાનકાળ એક જ ક્રિયાપદથી (= गच्छति । यजति । वन्दते । कम्पते । વગેરેથી) વ્યક્ત થાય છે. આથી ઉપરના વાક્યમાં 'યજે છે' હોય, કે 'યજન કરી રહ્યા છે' એમ હોય તો પણ સંસ્કૃત ભાષામાં અનુવાદ કરતી વખતે એક જ પ્રકારનું વર્તમાનકાલિક ક્રિયાપદ વપરાશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ग) વર્તમાન સામીપ્યમાં અર્થાત્ નજીકનો ભૂતકાળ કે નજીકનો ભવિષ્યત્કાળ દર્શાવવા માટે પણ વર્તમાનકાળનાં ક્રિયાપદો વપરાય છે. જેમકે,

૧. આ તું હમણાં નહીં હોય. / નથી.
ननु अयं न भवसि । (માલતીમાધવ)

('માલતીમાધવ' નામના 'પ્રકરણ' રૂપકમાં અઘોરઘણ્ટની સામે હાથમાં ખડ્ગ લઈને માધવ ઊભો છે, અને તે ઉપરનું વાક્ય બોલે છે. માધવ જણાવે છે કે તે ખડ્ગથી અઘોરઘણ્ટને હમણાં કાપી નાખશે. તો અહીં નજીકના ભવિષ્યમાં જ અઘોરઘણ્ટ જીવતો નહીં હોય એમ દર્શાવવા (न) भवसि એવા વર્તમાનકાળના ક્રિયાપદનો પ્રયોગ થયો છે.)

૨. (कदा त्वं नगराद् आगतोऽसि ? । "તું નગરમાંથી ક્યારે પાછો આવી ગયો (છું) ?" એવા પ્રશ્નના ઉત્તર રૂપે એમ બોલાય છે કે –)

'આ આવી જ રહ્યો છું' (= ચાલ્યો જ આવું છું.) (અર્થાત્ હમણાં થોડીક ક્ષણો પૂર્વે જ આવ્યો છું એવું દર્શાવવા = નજીકના ભૂતકાળને માટે પણ વર્તમાનકાળનું ક્રિયાપદ વપરાશે. જેમકે) अयम् आगच्छामि ।

(घ) વાર્તાકથનનો સન્દર્ભ હોય ત્યારે ભૂતકાળમાં બનેલી ઘટનાઓ જાણે વર્ણન કરનારની આંખ સામે જ થઈ રહી હોય એવી રીતે પણ વર્ણન કરી શકાય છે. અર્થાત્ ત્યારે પણ વર્તમાનકાળનાં ક્રિયાપદો વપરાય છે. દા. ત.

૧. હાથીએ કહ્યું : "તું કોણ (છે) ?"
हस्ती ब्रूते-कस्त्वम् ? ।

૨. સિંહની કેશવાળને કોઈક ઉંદર દરરોજ કાપી જાય છે (= કાપી જતો હતો).
केसराग्रं कश्चित् मूषिकः प्रत्यहं (= प्रतिदिनं) छिनत्ति ।

(ङ) ટેવ / નિત્યક્રમ સૂચવવા પણ ક્રિયાપદોમાં વર્તમાનકાળનો પ્રયોગ થાય છે. જેમકે,

૧. મૃગ દરરોજ ત્યાં જઈને, અનાજ ખાય છે.
मृगः प्रत्यहं तत्र गत्वा शस्यं खादति ।

૨. હિરણ્યક ભોજન કરીને, દરમાં સૂઈ જાય છે.
हिरण्यकः भोजनं कृत्वा बिले स्वपिति । (હિતોપદેશ)

૩. તમે (વનસ્પતિએ પાણી) ન પીધું હોય ત્યાં સુધી જે પહેલાં પાણી પીતી નથી (એવી શકુન્તલા પતિગૃહે જાય છે). શાકુન્તલ : ૪
पातुं न प्रथमं व्यवस्यति जलम् युष्मासु अपीतेषु या (सा शकुन्तला पतिगृहं गच्छति ।)

(च) "જ્યાં સુધી...ત્યાં સુધી" અર્થવાળા यावत्-तावत् અવ્યયો, તથા पुरा અવ્યયનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે પણ વર્તમાનકાળવાળું ક્રિયાપદ વપરાય છે. જેમકે,

૧. આર્ય માધવ્ય ! પકડી રાખ (આ) ચિત્રફલકને, જ્યાં સુધી હું (પાછો) ન આવું.
आर्य माधव्य ! अवलम्बस्व चित्रफलकं यावद् आगच्छामि ।

૨. જ્યાં સુધી (તે ચન્દ્રકેતુ) ન આવી પહોંચે ત્યાં સુધી (હે બટુઓ) આ ગાઢ વૃક્ષોની ઝાડીમાંથી નાસી જાઓ.
तद्, यावत् न पसपततिं, तावद् अपसर्पत अनेन तरुगहनेन । (ઉત્તરરામચરિત–અંક : ૪)

૩. મહાન્ યોદ્ધા પહેલાં સાત દ્વીપવાળી પૃથિવીને જીતી લે છે./લેશે./લીધી હતી.
अप्रतिरथः पुरा सप्तद्वीपां वसुधां जयति ।

૪. અહીં પહેલાંના વખતમાં છાત્રો રહેતા હતા.
वसन्ति इह पुरा छात्राः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(છ) શરતી વાક્યોમાં ભવિષ્યદર્થે પણ વર્તમાનકાળનાં ક્રિયાપદો વપરાય છે. જેમકે,

૧. જે અન્ન આપે છે, તે સ્વર્ગે જાય છે.
यः अन्नं ददाति, सः स्वर्गं याति । (સિદ્ધાન્તકૌમુદી)

૨. કેવળ પાપી થાય છે, જે કેવળ (= એકલો) ખાનારો (છે તે).
केवलाघो भवति, (यः) केवलादी । (ऋग्वेद १० : ११७)

(જ) પ્રશ્નાર્થક વાક્યોમાં જ્યારે ઇચ્છા અને ભવિષ્યત્કાળ સંમિશ્રિત થયેલા હોય ત્યારે પણ વર્તમાનકાળનાં ક્રિયાપદો વપરાય છે. જેમકે,

૧. હું શું કરું ? ક્યાં જાઉં (ઉત્તરરામચરિત : રામની ઉક્તિ)
किं करोमि, क्व गच्छामि ।

વિશેષ : બીજા ગણ (अदादि गण) ના ઉભયપદી ब्रू 'કહેવું' ધાતુના વર્તમાનકાળ (પરસ્મૈપદ)માં નીચે મુજબ રૂપો થાય છે.

વર્તમાનકાળ (लट्)

	એક. વ	દ્વિ. વ.	બ. વ.
પ્રથમ પુ.	ब्रवीति / आह	ब्रूतः / आहतुः	ब्रुवन्ति / आहुः [१४]
મધ્યમ પુ.	ब्रवीषि / आत्थ	ब्रूथः / आहथुः	ब्रूथ
ઉત્તમ પુ.	ब्रवीमि	ब्रूवः	ब्रूमः

અહીં, अहं ब्रवीमि । 'હું કહું છું' – એ વાક્યમાં ब्रू ધાતુ 'કહેવું' અર્થમાં પ્રયોજાયેલ છે, પરંતુ પરંપરાગત વ્યાકરણમાં આ ધાતુના વર્તમાનકાળનાં રૂપોમાં ઉપર દર્શાવ્યા મુજબના, (आह-आहतुः-आहुः-आत्थ-आहथुः જેવા) પાંચ વૈકલ્પિક રૂપો પણ નોંધવામાં આવ્યાં છે.[૧૫] આ રૂપો રૂપાખ્યાનની દૃષ્ટિએ વિચારીએ તો પરોક્ષ ભૂતકાળના પ્રત્યયો લાગીને તૈયાર થયેલાં છે. તથાપિ "વર્તમાનકાળ"નો બોધ કરાવે છે (એમ પાણિનિ કહે છે.) હવે, સંસ્કૃત વાઙ્મયમાં આ રૂપોનો જ્યાં પ્રયોગ થયો છે એનો અભ્યાસ કરવાથી એમ જણાય છે કે–જ્યારે બોલનાર વ્યક્તિ વિદ્યમાન ન હોય, પણ એની ઉક્તિ/કથન આજેય પ્રવર્તમાન હોય તો ત્યાં આ પાંચ રૂપો વપરાય છે. જેમકે,

૧. 'ભામહ કહે છે (કે)' – भामह आह ।
૨. એવું કેટલાક (આચાર્યો) કહે છે – इति केचन (आचार्याः) आहुः ।
૩. વામન અને જયાદિત્ય આમ કહે છે – वामन-जयादित्यौ आहतुः ।
૪. નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિ આમ કહે છે – इति नाट्यशास्त्रे भरतमुनिः आह ।[૧૬] વગેરે.

(અહીં, બોલનાર વ્યક્તિઓ અવસાન પામી ચૂકી છે, પણ એમનો મત/અભિપ્રાય/સિદ્ધાન્ત કથન આજે ય પ્રવર્તમાન છે એમ દર્શાવવા આ વિશિષ્ટ રૂપો વપરાય છે.)

V. 2. હ્યસ્તન (અનદ્યતન) ભૂતકાળવાળી વાક્યરચના :

અગાઉ જણાવ્યું છે તેમ સંસ્કૃત ભાષામાં ત્રણ પ્રકારનો ભૂતકાળ જોવા મળે છે. જેમકે, ૧. અનદ્યતન = હ્યસ્તન ભૂતકાળ, ૨. સામાન્ય ભૂતકાળ અને ૩. પરોક્ષ ભૂતકાળ.

---

૧૪. ब्रुवः पञ्चानाम् आदित आहो ब्रुवः । पा. सू. ३-४-८४ (तथा, आहस्थः । ८-२-३५) ब्रूवो लटः परस्मैपदानाम् आदितः पञ्चानां णलादयः पञ्च वा स्युर्ब्रुवश्चाहादेशः ॥ आह । आहतुः । आहुः । आत्थ । आहथुः ॥

૧૫. અહીં √ब्रू ના વિકલ્પે आह વગેરે નવેનવ રૂપો મળતાં નથી, કેવળ આ પાંચ (ખંડિત) રૂપો જ મળે છે.

૧૬. જેવી રીતે અંગ્રેજીમાં 'Shakespeare says' એવો સાદા વર્તમાનકાળનો પ્રયોગ થાય છે. તેના જેવો આ आह વગેરેનો પ્રયોગ છે એમ લાગે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વક્તા જ્યારે (આજની અપેક્ષાએ) ગઈકાલે બનેલી ઘટના/ક્રિયા વિષે બોલવા માંગતો હોય છે ત્યારે તે અનદ્યતન ભૂતકાળ (= लङ् લકાર)નો પ્રયોગ કરતો હોય છે. આ અનદ્યતન (= જે અદ્યતન = આજનું નથી, તે) ભૂતકાળને જ 'હ્યસ્તન ભૂતકાળ' કહે છે. (કારણકે ह्यः એવા અવ્યયનો અર્થ ''ગઈકાલ'' થાય છે. ह्य+तन = ह्यस्तन । अद्य+तन = अद्यतन ।)

ઉદા. ત. ૧. હું ગઈકાલે વારાણસીમાં હતો.
अहम् ह्यः वाराणस्याम् आसम् ।

૨. ગઈકાલે વરસાદ પડ્યો હતો.
ह्यः वृष्टिः अभवत् ।

૩. (ગઈકાલે જ) રામ વનમાં ગયા અને દશરથે પ્રાણો ત્યજ્યા એમ સાંભળીને ભરત અયોધ્યા પાછો ફરે છે.
रामः वनम् अगच्छत्, दशरथः च प्राणान् अत्यजत् इति श्रुत्वा भरतः अयोध्याम् प्रत्यागच्छति ।

આમ આજની અપેક્ષાએ જે ગઈકાલનો કાળ છે તેને માટે આ અનદ્યતન ભૂતકાળ = હ્યસ્તન ભૂતકાળ (लङ् લકાર)નાં ક્રિયાપદો વપરાય છે (વપરાવાં જોઈએ).

નોંધ : અલબત્ત, પ્રાપ્ત સંસ્કૃત સાહિત્યમાં આવો વિવેક ચુસ્તપણે જળવાયો હોય એમ જોવા મળતું નથી, એટલે કે – ગઈકાલ સિવાયના ભૂતકાળ માટે પણ 'હ્યસ્તન ભૂતકાળ'નાં ક્રિયાપદો વપરાય છે એમ જોવા મળે છે. જેમકે, વક્તા જે કાળનો સાક્ષી નથી એવા પરોક્ષ ભૂતકાળમાં બનેલી ક્રિયાઓ માટે પણ ''હ્યસ્તન ભૂતકાળ''નાં (लङ् લકારનાં) ક્રિયાપદો સંસ્કૃત સાહિત્યમાં વપરાયેલાં જોવા મળે છે. દા. ત.

इति संचिन्त्य हनुमांस्तदा प्लवगसत्तमः ।
दर्शयामास वैदेह्याः स्वरूपमरिमर्दनः ॥३५॥
हरिः पर्वतसंकाशस्ताम्रवक्त्रो महाबलः ।
वज्रदंष्ट्रनखो भीमो वैदेहीमिदमब्रवीत् ॥ (रामायणे सुन्दरकाण्डे पञ्चत्रिंशः सर्गः)

અહીં, આદિકવિ વાલ્મીકિએ ઘણા પ્રાચીન સમયમાં બનેલી ઐતિહાસિક ઘટના વર્ણવવા માટે दर्शयामास એવા ''પરોક્ષ ભૂતકાળ''ના રૂપની સાથે જ अब्रवीत् એવા 'હ્યસ્તન ભૂતકાળ''ના રૂપનો પણ પ્રયોગ કર્યો છે. – આ વિષે વધુ ચર્ચા નીચે 3માં (પાન ૧૯૧ ઉપર) કરવામાં આવી છે.

V.3. સામાન્ય ભૂતકાળવાળી વાક્યરચના :

વક્તાએ ગઈકાલે બનેલી ક્રિયા વિષે જો 'હ્યસ્તનભૂતકાળ'નાં ક્રિયાપદો વાપરવાનાં હોય તો - (क) આજના દિવસમાં જ કોઈક ક્રિયા પૂરેપૂરી થઈ ગઈ હોય એના વિષે વાત કરવા કયો ભૂતકાળ વપરાશે ? એવો પ્રશ્ન થશે. દા. ત.,

૧. 'અરુણાએ આજે/સવારે પુસ્તક વાંચ્યું હતું.
अरुणा अद्य/प्रातः काले पुस्तकम् अपाठीत् ।

૨. ભૂપેન્દ્ર (આજે) બપોરે વિમાન દ્વારા યુરોપ ગયો.
भूपेन्द्रः (अद्य) मध्याह्ने विमानेन युरोपम् अगमत् ।

૩. હેમન્ત આજે ગુજરાત પ્રદેશનો મુખ્યમન્ત્રી બન્યો.
हेमन्तः अद्य गुर्जरप्रदेशस्य मुख्यमन्त्री अभूत् ।

૪. (હું) આ અચ્છોદ સરોવર ઉપર, સ્નાન માટે આવી છું.
(अहम्) इदम् अच्छोदं सरः, स्नातुम् अभ्यागमम् ।

આમ, (ગઈકાલ સિવાયનો) આજના ચાલુ દિવસનો અથવા નજીકનો જ જે ભૂતકાળ હોય તેને માટે ''સામાન્ય ભૂતકાળ''નાં (लुङ् લકાર)નાં ક્રિયાપદો વપરાય છે. (જેમકે, ઉપરનાં વાક્યોમાં अपाठीत् । अगमत् । अभूत् । વગેરે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સામાન્ય ભૂતકાળનાં રૂપો વપરાયાં છે. પણ अपठत् अगच्छत् अभवत् । જેવાં હ્યસ્તન ભૂતકાળનાં રૂપો વપરાયાં નથી.) અથવા તો - (ख) ગઈકાલના કાળને છોડીને, એટલે કે ગયા પરમદિવસથી માંડીને વક્તાની જન્મતારીખ સુધીનો જે ભૂતકાળ હોય તેને પણ ''સામાન્ય ભૂતકાળ'' કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો–ગઈકાલ સિવાયનો જે અનિશ્ચિત ભૂતકાળ હોય, પણ વક્તા જે ભૂતકાળનો સાક્ષી બન્યો હોય તેમાં બનેલી ક્રિયાઓને કહેવા માટે ''સામાન્ય ભૂતકાળ'' (लुङ् લકાર)નાં ક્રિયાપદો વપરાય છે.[૧૭] [અંગ્રેજી ભાષામાં આને મળતો Past Indefinite અથવા Aorist (દા. ત. I walked) જોવા મળે છે.]

૧. આ જ રસ્તે (= રસ્તાથી) અમે કાશી ગયા હતા. (અહીં, ગઈકાલ સિવાયના કોઈક અનિશ્ચિત ભૂતકાળમાં આ ગમનક્રિયા થઈ હતી એમ સમજાય છે. તેથી તેને 'સામાન્ય ભૂતકાળ'ની ક્રિયા કહેવાશે. આથી-)
   अनेन एव मार्गेण वयं काशीम् अगमाम ।
૨. હું કિશોરાવસ્થામાં વ્યાકરણ ભણ્યો હતો.
   अहम् किशोरावस्थायाम् व्याकरणम् अध्यैषि ।
૩. તું ગયા મહિને દિલ્હી ગયો હતો ત્યારે તેં શું જોયું હતું ? (અનિશ્ચિત ભૂતકાળ)
   गतमासे त्वं देहलीम् अगमः, तदा त्वं किम् अद्राक्षीः ?
૪. તે હું તને જ આપું છું, (કારણ કે) (તેં) જેણે એકલાએ જ સત્ય કહ્યું છે.
   तदहं तुभ्यमेव ददामि, य एव सत्यम् अवादीः ॥ (ઐતરેય બ્રાહ્મણ)
૫. તને એક પુત્ર જન્મ્યો છે. अजनि ते वै पुत्रः ।
૬. સમગ્ર પૃથિવી ઉપર 'સુરથ' નામનો રાજા થઈ ગયો છે.
   समस्ते क्षितिमण्डले 'सुरथः' नाम राजा अभूत् ।
૭. (તે) સફેદ ધોયેલાં કપડાંની જોડ પહેરીને, મન્દિરે ગયો.
   (सः) धवले धौते वाससी (કર્મ, નપું. દ્વિ. વ.) परिधाय, देवगृहम् अगमत् ।

* * *

ઉપરની ચર્ચા દ્વારા એ સ્પષ્ટ થયું હશે કે – (૧) ગઈકાલે બનેલી ઘટના / ક્રિયાઓને કહેવા માટે ''હ્યસ્તન ભૂતકાળ''નાં (लङ् લકારનાં) ક્રિયાપદો વપરાય છે તથા (૨) આજના દિવસમાં બની ગયેલી ક્રિયા માટે તથા ગઈકાલને છોડીને, ગયા પરમદિવસથી માંડીને વક્તાની જન્મતારીખ સુધીના ભૂતકાળમાં બનેલી ઘટનાઓ / ક્રિયાઓ, (કે જે ક્રિયાઓનો વક્તા સાક્ષી બન્યો હોય છે) તેને કહેવા માટે ''સામાન્ય ભૂતકાળનાં (लुङ् લકારનાં) ક્રિયાપદો વપરાય છે. અથવા વાપરવાં જોઈએ. [ઈ.સ. પૂર્વે ૬૦૦માં થઈ ગયેલા આચાર્ય પાણિનિએ તેમના અષ્ટાધ્યાયી વ્યાકરણમાં આવી વ્યવસ્થા દર્શાવી છે. જેમકે, ૧. अनद्यतने (भूते) लङ् । पा. सू. ३-२-१११, તથા ૨. लुङ् । पा. सू. ३-२-११०.]

પરંતુ સંસ્કૃત સાહિત્યમાં ભૂતકાળ દર્શાવનારાં જે ક્રિયાપદોનો પ્રયોગ થયો છે, તેમાં (પ્રાચીન વ્યાકરણકારોએ સૂચવેલો) ઉપર મુજબનો કોઈ ભેદ જળવાયો હોય એમ જોવા મળતું નથી. એટલે કે 'હ્યસ્તન ભૂતકાળનું ક્રિયાપદ' કેવળ ગઈકાલે બનેલી ક્રિયાને કહેવા જ વાપરવું એવો વ્યાકરણકારોનો આગ્રહ સમ્માન્ય બન્યો નથી. જેથી કરીને,

(क) ગઈકાલે બનેલી ક્રિયાને માટે હ્યસ્તન ભૂતકાળનાં ક્રિયાપદ ઉપરાંત સામાન્ય ભૂતકાળનાં ક્રિયાપદો પણ વપરાયાં છે.
(ख) આજના દિવસમાં પૂરી થયેલી ક્રિયાને માટે પણ 'હ્યસ્તન ભૂતકાળ'નું ક્રિયાપદ વપરાયું છે.
(ग) ગઈકાલના ભૂતકાળ ઉપરાંત, વક્તાના જન્મ સમય સુધીનાં કોઈપણ ભૂતકાળમાં બનેલી ક્રિયા માટે 'હ્યસ્તન ભૂતકાળ'નું ક્રિયાપદ વપરાય છે. એ જ પ્રમાણે–

૧૭. આચાર્ય હેમચન્દ્રે 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' (૫-૨-૪)માં, અને સમ્માન્ય પ્રોફે. આર. જી. ભાંડારકરે 'સંસ્કૃત મન્દિરાન્તઃ પ્રવેશિકા'માં આ ભૂતકાળને ''અદ્યતન ભૂતકાળ'' એવું નામ આપ્યું છે. જે ઉપર્યુક્ત (क) પરિસ્થિતિના સન્દર્ભમાં જ લાગુ પડશે; પણ (ख) માં કહેલી પરિસ્થિતિને માટે ''અદ્યતન ભૂતકાળ'' શબ્દ વાપરવો ઉચિત જણાતો નથી. તેથી તેને ''સામાન્ય ભૂતકાળ'' (જ) કહેવો યોગ્ય જણાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ઘ) ઐતિહાસિક ઘટનાઓને માટે, કે વક્તા જેનો સાક્ષી પણ ના બન્યો હોય તેવા પરોક્ષ ભૂતકાળમાં બનેલી ક્રિયાઓને માટે પણ 'હ્યસ્તન ભૂતકાળ'નાં ક્રિયાપદો વપરાયાં છે.

આમ વ્યાકરણકારો જેને (રૂપરચનાની દૃષ્ટિએ) ''હ્યસ્તન ભૂતકાળનાં ક્રિયાપદ'' તરીકે ઓળખાવે છે, તે (પ્રયોગ અવસ્થામાં) અર્થની દૃષ્ટિએ જોઈએ તો ''સામાન્ય ભૂતકાળ'' (= કોઈ પણ પ્રકારના ભૂતકાળ)નો અર્થ વ્યક્ત કરવા વપરાયાં છે. કેટલાંક ઉદાહરણો જોઈશું :

૧. समाप्तविद्येन मया महर्षिर्विज्ञापितोऽभूद् गुरुदक्षिणायै ।

स मे चिरायास्खलितोपचारां तां भक्तिमेवागणयत् पुरस्तात् ॥ (रघुवंशम्-5.20) (વરતન્તુનો 'કૌત્સ' નામનો શિષ્ય રઘુરાજાને કહે છે કે - (''જેની વિદ્યા (મેળવવાની ક્રિયા) પૂરી થઈ ગઈ છે એવા મારા વડે તે મહર્ષિ (= વરતન્તુ) ગુરુદક્ષિણા (માંગવા) માટે વિજ્ઞાપિત કરવામાં આવ્યા (પરંતુ) પહેલાં તો તેમણે લાંબા સમય સુધી કરેલી અતૂટ ઉપચારોવાળી (મારી) ભક્તિને જ (ગુરુદક્ષિણા) ગણી લીધી (-છે એમ જણાવ્યું).''

અહીં, કૌત્સ રઘુરાજા સામે ઊભો રહીને કેટલાક (અનિશ્ચિત) દિવસો પૂર્વે થયેલી ગુરુ સાથેની વાતચીતને વર્ણવે છે. તેમાં કૌત્સે પહેલી પંક્તિમાં 'अभूत्' એવું 'સામાન્ય ભૂતકાળ' (लुङ्) નું ક્રિયાપદ વાપર્યું છે, અને પછી તરતના વાક્યમાં अगणयत् એવું 'હ્યસ્તન ભૂતકાળ' (लङ्) નું ક્રિયાપદ વાપર્યું છે. ('રઘુવંશ' મહાકાવ્યના રચયિતા મહાકવિ કાલિદાસનો સમય ઈ. સ. ૧લી સદી કે પાંચમી સદી માનવામાં આવે છે.)

'કુમારસંભવ' (૪-૪૧)નું બીજું એક ઉદાહરણ જોઈશું :

अभिलाषमुदीरितेन्द्रियः स्वसुतायामकरोत्प्रजापतिः ।

अथ तेन निगृह्य विक्रियामभिशप्तः फलमेतदन्वभूत ॥

(*પૂર્વાપર સન્દર્ભ* : હમણાં જ શંકરે ત્રીજું નેત્ર ખોલીને કામદેવને ભસ્મીભૂત કરી નાંખ્યો છે. તે ભસ્મરાશિને જોઈને રતિ વિલાપ કરી રહી છે અને એક તબક્કે તે પોતાનો દેહત્યાગ કરવા પણ ઉદ્યત થઈ છે. ત્યાં જ આકાશવાણી થાય છે. આકાશવાણી કહે છે કે–રતિ ! તારો ભર્તા (કામદેવ) પોતાના કયા કર્મથી આવી દશાને પામ્યો છે તે સાંભળ:)

''(કામદેવ વડે) જેની ઇન્દ્રિયોને પ્રેરવામાં આવી હતી એવા પ્રજાપતિએ પોતાની દીકરીને વિષે જ (કોઈ એક સમયે) અભિલાષા કરી હતી. (अकरोत्) ત્યારે તેમણે તે પોતાનો કામવિકાર રોકીને (નિગૃહીત કરીને), (કામદેવને) શાપ આપ્યો હતો, એનું આ ફળ તેણે (= કામદેવે) (આજે/અત્યારે) અનુભવ્યું છે (अन्वभूत्).''

અહીં, આજના દિવસમાં જ બનેલી (= પૂરી થયેલી) ક્રિયાને માટે अनु + अभूत् એવું 'સામાન્ય ભૂતકાળ' (लुङ् લકાર)નું ક્રિયાપદ સમુચિત વપરાયું છે. પરંતુ આજની કામદહનની ક્રિયા/ઘટનાની પૂર્વે, ઘણા દિવસ પહેલાં બનેલી (પ્રજાપતિ બ્રહ્માએ પોતાની પુત્રીને વિષે જ કરેલી) કામાભિલાષાની ક્રિયાને માટે अकरोत् એવું 'હ્યસ્તન ભૂતકાળ' (लङ् લકાર)નું ક્રિયાપદ યોગ્ય જણાતું નથી. [અહીં પણ अकरोत् ને બદલે अकार्षीत् (પરસ્મૈપદમાં) કે अकृत (આત્મનેપદમાં) એવું સામાન્ય ભૂતકાળનું જ ક્રિયાપદ વાપરવું જોઈતું હતું.]

૨. अतिभयजनकम् उत्पातवेताल व्रातम् इव शबरसैन्यम् अद्राक्षम् । मध्ये च तस्य महतः शबरसैन्यस्य प्रथमे वयसि वर्तमानम्...शबरसेनापतिम् अपश्यम् । (कादम्बरी, पूर्वभागे शबरसेनापतिवर्णनम् ॥)

(પોપટ શૂદ્રક રાજાને પોતાનો જીવનવૃત્તાન્ત કહેતાં બોલે છે કે-) ''મેં અત્યંત ભય જન્માવનાર, ઉત્પાત મચાવનાર વેતાલો (= ભૂતોથી વીંટળાયેલ શબ)ના સમૂહ જેવું શબરનું સૈન્ય જોયું (હતું). તથા તે મોટા શબર સૈન્યની વચ્ચે કિશોરાવસ્થામાં રહેલા શબર સેનાપતિને જોયો.''

અહીં, પોપટ પોતાના જીવનના આરંભે બનેલી એક ઘટનાનું વર્ણન કરે છે. આથી √दृश् (पश्य) ધાતુનું 'अद्राक्षम्' એવું સામાન્ય ભૂતકાળનું ક્રિયાપદ યથાર્થ વપરાયું છે એમ જણાય છે. પરંતુ, પછીના તરતના વાક્યમાં જ મહાકવિ બાણભટ્ટે (ઈ. સ. ૭મી સદી), તે પોપટના મુખમાં 'अपश्यम्' એવું હ્યસ્તન ભૂતકાળનું ક્રિયાપદ મૂક્યું છે. (ખરેખર અહીં પણ अद्राक्षम् જેવું (જ) સામાન્ય ભૂતકાળનું જ ક્રિયાપદ વાપરવું જોઈતું હતું.)

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નિષેધાર્થક मा (કે मा स्म) અવ્યયની સાથે સામાન્ય ભૂતકાળનાં (लुङ् લકારનાં) ક્રિયાપદો વપરાય છે ત્યારે, તે ક્રિયાપદોમાંથી 'આજ્ઞાર્થ'નો કે 'વિધ્યર્થ'નો ભાવ પ્રકટ થાય છે. (આવે વખતે સામાન્ય ભૂતકાળનાં જે 'अ' આગમ સહિતનાં ક્રિયાપદો હોય છે, જેમકે- अभूत् । अभूताम् । अभूवन् । વગેરે. તેમાંથી આદિ अनो લોપ થાય છે.) ઉદા. ત.

१. वयस्य, मा कातरो भूः । (માલતીમાધવ-૪)
હે મિત્ર ! વ્યાકુળ ન થઈશ. (આજ્ઞાર્થ)

२. भर्तुर्विप्रकृताऽपि रोषणतया मा स्म प्रतीपं गमः । (શાકુ. ૪/૧૮)
(હે શકુન્તલા ! તને) પતિ અપમાનિત કરે તો પણ ક્રોધે ભરાઈ વિરુદ્ધ આચરણ કરીશ નહીં. (આજ્ઞાર્થ)

३. मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
यत्क्रौञ्चमिथुनादेकमवधीः काममोहितम् ॥ (વાલ્મીકિનો 'આદ્યશ્લોક')
''હે નિષાદ ! તું શાશ્વતકાળ સુધી પ્રતિષ્ઠા (શાન્તિ) ન પામતો, કારણ કે તેં ક્રૌંચ યુગલમાંથી કામમોહિત એક (પક્ષી)ને હણ્યું છે.'' (-આજ્ઞાર્થ)
[અહીં मा અવ્યયનો પ્રયોગ થયો હોવા છતાંય (त्वम् +) अगमः । એ ક્રિયાપદમાંથી 'अ' નો લોપ થયો નથી. કેમકે વાલ્મીકિનો આ પ્રથમ શ્લોક છે, અને તે આર્ષવાણી હોઈને વ્યાકરણના નિયમનું પરિપાલન થયું નથી.]

४. क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ (श्रीमद्‌भगवद्‌गीता २-३)
''હે પાર્થ ! તું નપુંસકતાને ન પામીશ, તને આ શોભતું નથી. હૃદયની આ તુચ્છ દુર્બળતાને ત્યજીને, હે પરંતપ ! (તું) ઊભો થા.'' (આજ્ઞાર્થ)

५. आविर्भूतज्योतिषां ब्राह्मणानां ये व्याहारास्तेषु मा संशयो भूत् ॥ (ઉત્તરરામચરિત ૪/૧૮)
''પ્રકાશનો આવિર્ભાવ પામેલા બ્રાહ્મણોનાં જે વચનો છે, તેમાં સંશય ન હોય (= ન કરવાનો હોય.)'' (-વિધ્યર્થ).

६. मा मूमुहत् खलु भवन्तम् अनन्यजन्मा मा ते मलीमसविकारघना मतिर्भूत् । (માલતીમાધવ ૧-૩૨)
''(હે મિત્ર માધવ !) તને અનન્યજન્મા = કામદેવ મોહિત ન કરશો, અને તારી બુદ્ધિ પણ મલિન વિકારોથી ઘેરાયેલી ન થવી જોઈએ.'' (વિધ્યર્થ)

७. (त्वं) शब्दं मा कार्षीः ।
'(તું) અવાજ ન કરીશ'. (આજ્ઞાર્થ)

અહીં, 'આજ્ઞાર્થ' કે 'વિધ્યર્થ'નો અર્થ વ્યક્ત કરવા માટે मा કે मा स्मની સાથે 'સામાન્ય ભૂતકાળ'નાં (लुङ् લકારના) (આદિ 'अ'કાર વિનાનાં) ક્રિયાપદો વપરાયાં છે તે જુઓ.

* * *

ભૂતકાળમાં બનેલી ક્રિયાને કહેવા હ્યસ્તન (लङ्), સામાન્ય (लुङ्) કે પરોક્ષ (लिट्) ભૂતકાળનાં જુદાં જુદાં ક્રિયાપદો વપરાવાની સાથે સાથે, ઘણીવાર વર્તમાનકાળ (लट्)નાં ક્રિયાપદનો પ્રયોગ કરીને, તે ક્રિયાપદની આગળ કે પાછળ स्म એવો અવ્યય ઉમેરી ભૂતસામાન્યનો અર્થ પ્રદર્શિત કરવામાં આવે છે. (અર્થાત્ વર્તમાનકાળનાં ક્રિયાપદની પાછળ स्म ઉમેરી દેવાથી, તે ક્રિયાપદ ભૂતકાળનો અર્થ દર્શાવે છે.) જેમકે,

૧. વનમાં દુર્દાન્ત નામનો કોઈ એક સિંહ રહેતો હતો.
वने दुर्दान्तः नाम कश्चिद् एकः सिंहः प्रतिवसति स्म ।

૨. જે પોતાના વાળના પુષ્પોથી પણ દુઃખ અનુભવતી હતી (તે કેવળ પોતાની બાહુ રૂપી લતાના ઓશિકા ઉપર સૂતી = પાર્વતી) (કુંમારસંભવ ૫-૨).
स्वकेशपुष्पैरपि या स्म दूयते, (अशेत सा बाहुलतोपधायिनी)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. અને સસલાઓ તે દિવસથી માંડીને, પોતપોતાના સ્થાને સુખપૂર્વક રહે છે.
शशकाश्च तद्दिनाद् आरम्य सुखेन स्वेषु स्थानेषु तिष्ठन्ति स्म ।

V.4. પરોક્ષ ભૂતકાળવાળી વાક્યરચના :

(क) વક્તા જે કાળનો ક્યારેય સાક્ષી બન્યો નથી (અર્થાત્ વક્તાની જન્મતારીખ પૂર્વેનો જે દૂરનો = આંખોની પેલી પાર રહેલો છે) તેવા ભૂતકાળમાં બનેલી ક્રિયાને વર્ણવવા માટે 'પરોક્ષ ભૂતકાળ'ના (लिट् લકારનાં) ક્રિયાપદો વપરાય છે. એટલે સામાન્ય રીતે તો વાર્તાકથનમાં, ઐતિહાસિક કે પૌરાણિક પ્રસંગ વિષે વાત કરવા આ ભૂતકાળનાં ક્રિયાપદો વપરાય છે. જેમકે,

૧. युधिष्ठिरो नाम राजा बभूव ।
યુધિષ્ઠિર નામનો રાજા થઈ ગયો હતો.

૨. तत्र विप्राश्रमाभ्यासे वैश्यमेकं ददर्श सः । (દુર્ગા સપ્તશતી)
'ત્યાં વિપ્રના આશ્રમની પાસે (જ) તેણે (= તે રાજાએ) એક વૈશ્યને જોયો હતો.'

૩. कश्चित् यक्षः रामगिर्याश्रमेषु वसतिं चक्रे ।
કોઈક યક્ષે રામગિરિના આશ્રમોમાં નિવાસ કર્યો હતો.

૪. सः छिन्नमूलः वृक्षः इव पपात ।
જેનાં મૂળિયાં કપાઈ ગયાં છે એવા વૃક્ષની જેમ તે પડી ગયો.

૫. इति आलोच्य आत्मनः शिरः चिच्छेद ।
આમ વિચારીને, (તેણે) પોતાનું મસ્તક કાપી નાખ્યું હતું.

૬. परकीयधनेन दुर्योधनः एधांबभूव/एधामास/एधांचक्रे/एधांचकार ॥
પારકાના ધનથી દુર્યોધન સમૃદ્ધ થયો હતો.

૭. कंसं जघान किल वासुदेवः ।
કહેવાય છે કે વાસુદેવે કંસને હણી કાઢ્યો હતો.

(ख) ક્યારેય કોઈ ક્રિયાનો અત્યંત નિષેધ કરવા કે સંતાડવા માટે પણ પરોક્ષ ભૂતકાળનાં ક્રિયાપદો વપરાય છે. જેમકે,

૧. अपि त्वं कलिंगेषु अवसः ?
'શું તમે કલિંગમાં નિવાસ કર્યો હતો ?' એવા પ્રશ્નના ઉત્તરમાં – नाहं कलिङ्गान् जगाम । 'અરે ! હું તો ક્યારેય કલિંગમાં ગયો જ નથી.' (અહીં 'जगाम' એ પરોક્ષ ભૂતકાળનું રૂપ છે.)

૨. किमिति मे पुस्तकं मलिनीकृतवान् असि ?
'શું મારા પુસ્તકને તેં ગંદુ કર્યું છે ?' એના જવાબમાં – नाहं (न+अहम्) ददर्श ते पुस्तकम् । 'અરે ! મેં તો તારું પુસ્તક જોયું સુદ્ધાં નથી.'

(ग) ઉપર જણાવ્યું છે તેમ આ પરોક્ષ ભૂતકાળનાં ક્રિયાપદો વક્તાની જન્મતારીખ પૂર્વે બનેલી ક્રિયાઓને કહેવા માટે વપરાય છે. આથી, મહદંશે આ પરોક્ષ ભૂતકાળનાં ક્રિયાપદો પ્રથમ પુરુષ(ના એકવચન, દ્વિવચન કે બહુવચન)માં વપરાયેલા જોવા મળે છે. વક્તા પોતે કરેલી ક્રિયા માટે 'ઉત્તમ પુરુષના પરોક્ષભૂતકાળનાં ક્રિયાપદ વાપરી શકતો નથી, (કારણ કે તેણે કરેલી ક્રિયાનો તો તે પોતે સાક્ષી બન્યો જ હોય છે, અર્થાત્ તે ક્રિયા તેને માટે પરોક્ષ હોતી નથી.)

છતાંય ઘણીવાર વક્તાની ઉન્મત્ત અવસ્થા, ગાંડપણ, કે સ્વપ્નાવસ્થા દર્શાવવી હોય તો વક્તા પોતે પોતાને માટે પરોક્ષ ભૂતકાળનાં ક્રિયાપદો વાપરી શકે છે. જેમકે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. अहम् उन्मत्तः सन्/मदिरां पीत्वा वनं विचचार ।
હું ઉન્મત્ત થઈને / મદિરા પીને વનમાં ભટક્યો હતો.

૨. अप्यहं निद्रितः सन् विललाप ।
'શું હું નિદ્રાવસ્થામાં રડતો હતો ?'

V.5. અનદ્યતન (= શ્વસ્તન) ભવિષ્યત્કાળવાળી વાક્યરચના :

સંસ્કૃત ભાષામાં જે બે પ્રકારના ભવિષ્યત્કાળ વપરાય છે તેમાંથી પહેલા પ્રકારનું નામ છે : 'અનદ્યતન ભવિષ્યત્કાળ'. અહીં 'અનદ્યતન = આજનો નહીં તેવો અર્થાત્ આવતીકાલનો જે ભવિષ્યત્કાળ છે તે. આથી કેટલાક વૈયાકરણોએ તેને ''શ્વસ્તન ભવિષ્યત્કાળ' એવા નામે પણ ઓળખાવ્યો છે. (श्वः = આવતીકાલ).

દા. ત. ૧. રામ (આવતીકાલે) રાજા થશે.
रामः (श्वः) राजा भविता ।

૨. હું (આવતીકાલે) વારાણસી જઈશ / જવાનો છું.
अहम् (श्वः) वाराणसीं गन्तास्मि ।

૩. તમે (આવતીકાલે ધન મેળવશો.
यूयम् (श्वः) धनं लब्धाध्वे ।

૪. હે વાનર ! તું આવતીકાલે ભરતથી રક્ષાતી અયોધ્યામાં જઈશ.
हे कपे ! त्वं श्वः भरतपालिताम् अयोध्यां प्रयातासि ।

भू (પરસ્મૈપદમાં)ના અનદ્યતન ભવિષ્યત્કાળ (= लुट् લકાર)નાં રૂપો.

પ્રથમ પુ.	भविता	भवितारौ	भवितारः ॥
મધ્યમ પુ.	भवितासि	भवितास्थः	भवितास्थ
ઉત્તમ પુ.	भवितास्मि	भवितास्वः	भवितास्मः

कम्प् (આત્મનેપદ)ના અનદ્યતન ભવિષ્યત્કાળ (लुट् લકાર)નાં રૂપો.

પ્રથમ પુ.	कम्पिता	कम्पितारौ	कम्पितारः ॥
મધ્યમ પુ.	कम्पितासे	कम्पितासाथे	कम्पिताध्वे
ઉત્તમ પુ.	कम्पिताहे	कम्पितास्वहे	कम्पितास्महे

V.6. સામાન્ય ભવિષ્યત્કાળવાળી વાક્યરચના :

ઉપર જોયું તેમ ''અનદ્યતન ભવિષ્યત્કાળ''નાં ક્રિયાપદોથી આવતીકાલના ભવિષ્યત્કાળમાં બનનારી ક્રિયાઓ વિષે બોલી શકાય છે. પરંતુ (क) આજના ચાલુ દિવસોમાં બનનારી ક્રિયાઓ, અને (ख) (આવતીકાલને છોડીને) આવતા પરમ દિવસથી શરૂ કરીને આગામી અનન્તકાળમાં બનનારી ક્રિયાઓને માટે ''સામાન્ય ભવિષ્યત્કાળ'' (लट् લકાર)નાં ક્રિયાપદો વાપરવામાં આવે છે. જેમકે, (क)

૧. આજે સાંજે હું વેદ વાંચીશ.
अद्य सायंकाले अहम् वेदम् पठिष्यामि ।

૨. સીતા હમણાં (પોતાના સતીત્વની) ખાતરી આપશે; (તમારે પ્રજાજનોએ) એને (એમ કરવાની) અનુજ્ઞા આપવી જોઈએ.
सीता प्रत्ययं दास्यते, ताम् अनुज्ञातुम् अर्हसि ।

૩. 'આજે શકુન્તલા (પતિગૃહે) જશે' (એ વિચારે) (મારું = કાશ્યપનું) હૃદય ઉત્કંઠાથી સ્પર્શાયું છે. (શાકુન્તલ ૪/૬)
यास्यत्यद्य शकुन्तलेति हृदयं संस्पृष्टम् उत्कण्ठया ।

આમ આજના દિવસમાં બનનારી ભવિષ્યત્કાલિક ક્રિયાઓ માટે ''સામાન્ય ભવિષ્યત્કાળ''નાં (स्य વિકરણ પ્રત્યયવાળાં, लृट् લકારનાં) ક્રિયાપદો વપરાંય છે. તથા–(ख)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. ઓળખાણ આપતી વસ્તુ બતાવવાથી શાપ નિવૃત્ત થશે [એમ કહેતાં મુનિ સ્વયં અન્તર્ધાન થઈ ગયા.] (અહીં આવતીકાલ સિવાયનો ભવિષ્યત્કાળ દર્શાવવો છે.)
अभिज्ञानाभरणदर्शनेन शापो निवर्तिष्यते [इति मन्त्रयन् मुनिः स्वयम् अन्तर्हितः ।]

૨. પથ્થરોથી વિષમ બનેલી વિન્ધ્યપર્વતની તળેટીમાં વિખરાયેલી નર્મદા = રેવા નદીને તું (= મેઘ) જોઈશ.
रेवां द्रक्ष्यसि उपलविषमे विन्ध्यपादे विशीर्णाम् । (મેઘદૂત : ૧-૧૯)

૩. ભરત ચક્રવર્તી રાજા થશે.
भरतः चक्रवर्ती नृपः भविष्यति ।

આમ (આવતીકાલ સિવાયના) આવતા પરમ દિવસથી માંડીને આગામી અનન્ત ભવિષ્યત્કાળમાં બનનારી ક્રિયાઓને કહેવા માટે ''સામાન્ય ભવિષ્યત્કાળ''નાં લૃટ્ લકારનાં) ક્રિયાપદો વપરાય છે.

V.7. આજ્ઞાર્થક ક્રિયાપદોવાળી વાક્યરચના :

વક્તા જ્યારે શ્રોતાને કોઈ ક્રિયામાં પ્રવર્તાવવા માંગતો હોય છે ત્યારે તે આદેશાત્મક (અથવા ઉપદેશાત્મક) ક્રિયાપદોવાળી વાક્યરચના કરે છે. આવાં આદેશાત્મક ક્રિયાપદોવાળી ઉક્તિઓથી શ્રોતાની જે ક્રિયાને વિષે પ્રવર્તના કરાવવામાં આવે છે તે ક્રિયા કાળનિરપેક્ષ હોય છે, ત્યાં કેવળ પ્રવર્તના રૂપ અર્થ જ મુખ્યત્વે બોધિત થાય છે, (= સમજાય છે). બીજા શબ્દોમાં કહીએ તો આદેશાત્મક ક્રિયાપદો, કે જેને વ્યાકરણકારોએ ''આજ્ઞાર્થનાં ક્રિયાપદ'' કહ્યાં છે, તેમાંથી 'આજ્ઞા'નો ભાવ સમજાય છે, (તેમાંથી કોઈ કાળનો બોધ થતો નથી).

'આજ્ઞા'નો ભાવ વ્યક્ત કરવા વપરાતાં આ આજ્ઞાર્થક ક્રિયાપદોનો જ્યાં જ્યાં પ્રયોગ થયો છે, તેનો અભ્યાસ કરવાથી નીચે મુજબની પરિસ્થિતિ અને અર્થચ્છાયાઓ જોવા મળે છે :

(૧) આજ્ઞાર્થ ''મધ્યમ પુરુષ''નાં ક્રિયાપદો વપરાયાં હોય ત્યારે –

એ વાક્યને બોલનારો (= વક્તા) સામાજિક મોભાની દૃષ્ટિએ, સંબંધ-સગાઈની દૃષ્ટિએ, અથવા જ્ઞાન કે ઉંમરની દૃષ્ટિએ મોટી (વડીલ) વ્યક્તિ હોય છે, જ્યારે તે વાક્યનો શ્રોતા સામાજિક મોભા, જ્ઞાન કે ઉંમર વગેરેની દૃષ્ટિએ નાની વ્યક્તિ હોય છે. તેથી વક્તા શ્રોતાને સ્પષ્ટપણે આજ્ઞા આપતો હોય છે. જેમકે,

૧. (ગુરુ બોલે છે :) હે શિષ્ય ! તું ઊભો થા, અને આશ્રમની ગાયને પકડી લાવ. (આજ્ઞા.)
भो शिष्य ! त्वम् उत्तिष्ठ । आश्रमस्य च धेनुम् आनय ।

૨. (દશરથ બોલે છે :) હે રામ ! તું ચૌદ વર્ષ વનમાં જા.
हे राम ! त्वम् चतुर्दशवर्षाणि वनं गच्छ ।

૩. (ભક્ત કહે છે :) હે રામ ! તું મારો ઉદ્ધાર કર.
भो राम ! माम् उद्धर (त्वम्) ।

આજ્ઞાર્થ	भू 'થવું'			'कृ' કરવું			अस् 'હોવું'		
પ્રથમ પુ. ૧.	भवतु	भवताम्	भवन्तु	करोतु	कुरुताम्	कुर्वन्तु	अस्तु	स्ताम्	सन्तु
મધ્યમ પુ. ૨.	भव	भवतम्	भवत	कुरु	कुरुतम्	कुरुत	एधि	स्तम्	स्त
ઉત્તમ પુ. ૩.	भवानि	भवाव	भवाम	करवाणि	करवाव	करवाम	असानि	असाव	असाम

૪. (કૃષ્ણ કહે છે :) હે ભરતવંશમાં જન્મેલા (= અર્જુન) ! તેથી, (તું) યુદ્ધ કર.
तस्माद् युद्ध्यस्व, भारत ।

૫. (અર્જુન મિત્ર હોવાને નાતે કૃષ્ણને કહે છે :) હું તારો શિષ્ય છું, અને તારે શરણે આવેલા મારું તું અનુશાસન કર. (ભગવદ્ગીતાઃ ૧-)
शिष्यस्तेऽहम् शाधि मां, त्वां प्रपन्नम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૬. (ઇન્દ્ર કામદેવને કહે છે :) હિમાલયની પુત્રી (= પાર્વતી) તે સંયમિતાત્મા (= શંકર)ને ગમાડવા માટે તું (= કામદેવ) પ્રયત્ન કર. (આજ્ઞા) (કુમારસંભવ, ૩-૧૬)
हिमाद्रेः तनूजां तस्मै यातात्मने (शङ्कराय) रोचयितुम्, (त्वं) यतस्व ।

૭. હે કુસુમાકર ! તું કામદેવનો સાથીદાર બન.
हे कुसुमाकर ! त्वं कामदेवस्य सहायः भव ।

૮. (રાધા કહે છે :) હે માધવ, તું જતો રહે. હે કેશવ, તું જતો રહે. તું ધૂર્તતા ભર્યાં વચનો ના બોલીશ.
याहि माधव, याहि केशव, मा वद कैतववादम् ॥

(૨) આજ્ઞાર્થ "પ્રથમ પુરુષ"નાં ક્રિયાપદો વપરાયાં હોય ત્યારે –

એ વાક્યને બોલનારો (= વક્તા) શ્રોતા સિવાયની જગત્‌ની કોઈ ત્રીજી વ્યક્તિને આજ્ઞા ફરમાવતો હોય છે; અથવા જેને ઇષ્ટ ક્રિયા વિષે પ્રવર્તાવવાનો હોય છે તેને વિનતિ કરતો હોય છે, તેની સ્તુતિ કરતો હોય છે. અથવા શુભ ઇચ્છા પ્રકટ કરવા પણ આ પ્રથમ પુ.નાં ક્રિયાપદો વપરાય છે. જેમકે, ૧. તે ઈશ્વર તારું રક્ષણ કરે. सः ईश्वरः त्वाम् रक्षतु ।

૧. શ્રીજયદેવે કહેલાં (આ 'ગીતગોવિન્દ'રૂપી) વચનોની સાથે હરિ પણ (તમારા = ભક્તોનાં) હૃદયમાં પ્રવેશ કરો.
श्रीजयदेवभणितवचनेन (સહનો અધ્યાહાર)
प्रविशंतु हरिरपि हृदयम् अनेन ॥

૨. ભગવાન્ નીલલોહિત મારો પણ પુનર્જન્મ કાપી નાખે.
भगवान् नीललोहितः मम अपि पुनर्भवम् क्षपयतु ।

૩. જે સ્થિર ભક્તિથી મેળવવા સહેલા છે તેવા સ્થાણુ (= શંકર ભગવાન્) તમારા (= પ્રેક્ષકોના) કલ્યાણ/મુક્તિને માટે હજો.
स स्थाणुः स्थिरभक्तियोगसुलभो निःश्रेयसाय अस्तु वः । (વિક્રમોર્વશીયમ્ - ૧:૧)

૪. (દુર્યોધન દૂત કૃષ્ણને કહે છે :) ઇચ્છા જો હોય રાજત્વ મેળવવાની, તો તેઓ (પાડવો) સાહસ કરે.
काङ्क्षा चेत् नृपतित्वम् अवाप्तुम्, कुर्वन्तु ते साहसम् । (દૂતવાક્ય)

૫. વરસાદ યોગ્ય સમયે વરસનારો થજો, તથા માણસોના મનને આનંદ પમાડનારા પવનો વાજો. (શુભ ઇચ્છા પ્રકટ કરવા)
पर्जन्यः कालवर्षी भवतु, जनमनोनन्दिनो वान्तु वाताः । (મૃચ્છકટિકમ્-૧૦)

(૩) આજ્ઞાર્થ "ઉત્તમ પુરુષ"નાં ક્રિયાપદો વપરાયાં હોય ત્યારે –

એ વાક્યને બોલનારો (= વક્તા) પોતે જ જાણે પોતાને આજ્ઞા આપતો હોય એવો સન્દર્ભ રચાયો હોય છે. આથી આવાં ક્રિયાપદોમાંથી વક્તાનો આત્મવિશ્વાસ કે બડાઈ હાંકવાનો ભાવ પ્રકટે છે. જેમકે,

૧. [ભાસ (?) કૃત 'પંચરાત્ર' રૂપકમાં રાજસૂય યજ્ઞ કર્યા પછી દુર્યોધન પોતાના ગુરુ દ્રોણને કોઈ વસ્તુ દક્ષિણામાં માંગવા કહે છે. તેના એક હાથમાં ગદા છે અને બીજા હાથમાં પ્રતિજ્ઞાનું જળ છે. આથી દ્રોણ નિઃસંકોચ અને નિઃસંદેહ બનીને કંઈક માંગે એમ કહેતાં દુર્યોધન બોલે છે :]
"(હું) તમને શું આપું ?"

किं ते ददानि । { √दा આપવું ધાતુનું ઉત્તમ પુ., એક વ.નું આજ્ઞાર્થક રૂપ વપરાયું છે.

૨. [એકવાર નાનાભાઈ શંતનુના રાજ્યમાં બાર વર્ષ સુધી સળંગ વૃષ્ટિ ન થઈ. તેથી તે પોતાના તપશ્ચર્યા કરતા મોટા ભાઈ દેવાપિની પાસે ગયો. અને પોતાનું રાજ્ય દેવાપિને પાછું આપી દેવાની રજૂઆત કરે છે. ત્યારે તપસ્વી દેવાપિ રાજ્યને તો સ્વીકારવા માંગતા નથી, પણ આત્મવિશ્વાસપૂર્વક કહે છે :]
(હું) તારો પુરોહિત બનું; અને તને યજ્ઞ કરાવું; (કે જેથી તારા રાજ્યમાં વૃષ્ટિ થશે જ).
पुरोहितः ते असानि, याजयानि च त्वा इति । (નિરુક્ત-૨/૩)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૩. [શાકપૂણિ નામના ઋષિ એકવાર બડાઈ હાંકે છે કે] "(હું) બધા દેવતાને જાણું (જ)."
सर्वाः देवताः जानानि ।

૪. [પણ એકવાર ઉભય લિંગવાળી દેવતા તેમની સામે ઉપસ્થિત થઈ. અને તે તેને ન ઓળખી શક્યા. ત્યારે તેમણે આગ્રહ રાખ્યો કે] (હે દેવતા !) "હું તને ઓળખીશ (જ)."
विविदिषाणि त्वा (म् इति) ॥ (નિરુક્ત-૨/૨).

૫. [નવા પ્રકારના અનુષ્ટુપ્ છન્દની રચના પછી વાલ્મીકિને થયું કે] આવા શ્લોકો વડે હું 'રામાયણ'ની રચના કરું. (આત્મવિશ્વાસ)
तस्य बुद्धिरियं जाता महर्षेर्भावितात्मनः ।
कृत्स्नं रामायणं काव्यमीदृशैः करवाण्यहम् ॥ (बालकाण्ड २-४१)

* * *

નીચે કેટલાક સુપ્રચલિત શ્લોકો આપ્યા છે, તેમાં વપરાયેલાં આજ્ઞાર્થક રૂપો ઓળખો :

૧. प्रत्यक्षाभिः प्रपन्नस्तनुभिरवतु वस्ताभिरष्टाभिरीशः ।
પ્રત્યક્ષ (દેખાતી) આઠ મૂર્તિઓથી યુક્ત ભગવાન્ (શિવ) તમારું (વઃ= પ્રેક્ષકોનું) રક્ષણ કરો.

૨. शुश्रूषस्व गुरून्, कुरु प्रियसखीवृत्तिं सपत्नीजने ।
(સાસરે જતી શકુન્તલાને કણ્વ કહે છે :) '(તું) વડીલોની સેવા કરજે, સપત્નીઓ પ્રત્યે પ્રિયસખી સમો વર્તાવ રાખજે.'

૩. पुत्रम् एवं गुणोपेतं चक्रवर्तिनम् आप्नुहि ।
'આવા ગુણોથી યુક્ત અને ચક્રવર્તી (થાય એવો) પુત્ર (તું) મેળવ(જે).'

૪. प्राप्ते संनिहिते मरणे न हि न हि रक्षति डुकृञ् करणे ।
भज गोविन्दम्, भज गोविन्दम् गोविन्दम् भज, मूढमते ॥ (શંકરાચાર્ય)
"મરણ જ્યારે નજીક આવી પહોંચશે ત્યારે (હે જીવાત્મા !) '√डुकृञ् करणे... √डुकृञ् करणे' । એવી વ્યાકરણ ગોખવાની ક્રિયા તારું રક્ષણ નહીં કરે. માટે ગોવિન્દને ભજ, ગોવિન્દને ભજ, હે મૂઢ-મતિવાળા ! તું ગોવિન્દને ભજી લે."

૫. तृष्णां छिन्द्धि, भज क्षमां, जहि मदं, पापे रतिं मा कृथाः
सत्यं ब्रूह्यनुयाहि साधुपदवीं सेवस्व विद्वज्जनम् ।
मान्यान्मानय, विद्विषोऽप्यनुनय, प्रच्छादय स्वान्गुणान्
कीर्तिं पालय, दुःखिते कुरु दयाम्, एतत्सतां चेष्टितम् ॥ (ભર્તૃહરિ)
"(તું) તૃષ્ણાને કાપી નાખ, ક્ષમાનું સેવન કર, મદનો ત્યાગ કરી દે, પાપને વિષે પ્રેમ ન રાખીશ, સાચું બોલ, સજ્જનોના માર્ગ ઉપર ચાલ, વિદ્વાન્ વ્યક્તિની પાસે રહે, માનનીય વ્યક્તિઓને માન આપ, દ્વેષિલાઓને મનાવી લે, પોતાના ગુણોને ઢાંકી દે, કીર્તિની રક્ષા કર, દુઃખી ઉપર દયા કર–આ સઘળું સજ્જનોનું વર્તન છે."

૬. शिशुः चिरं जीवतात् (= जीवतु) ।
બાળક ઘણું જીવે.

૭. कुशलं ते भवतात् (= भवतु) ।
તારું કુશળ થાવ.

૮. गच्छ, विजयी भव ।
જા, તું વિજયી થજે.

૯. शिवास्ते पन्थानः सन्तु ।
તમારા માર્ગો કલ્યાણકારી હજો.

૧૦. रूपं देहि, जयं देहि, यशो देहि द्विषो जहि ।
(હે દેવી ! તમે) રૂપ આપો, જય આપો, યશ આપો અને શત્રુઓનો નાશ કરો.

૧૧. सत्यं वद, धर्मं चर ।
'(તું) સત્ય બોલ, ધર્મનું આચરણ કર.'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

V.8. વિધ્યર્થક ક્રિયાપદોવાળી વાક્યરચના :

વ્યવહાર દરમ્યાન આપણે કોઈ વ્યક્તિ પાસે કોઈક ક્રિયા કરાવવા માટે તેને આદેશાત્મક ન લાગે એવી રીતે નમ્રતાપૂર્વક, વિનતિ કે પ્રાર્થનાપૂર્વક રજૂઆત કરતા હોઈએ છીએ. આવી રજૂઆત માટે ''વિધ્યર્થ (વિધિલિઙ્)નાં ક્રિયાપદો વપરાય છે. સંસ્કૃત ભાષામાં જ્યાં જ્યાં 'વિધ્યર્થનાં ક્રિયાપદો' વપરાયાં છે, તેનો અભ્યાસ કરવાથી જણાય છે કે આવાં ક્રિયાપદોમાંથી મુખ્યત્વે ૧. વિધિ, ૨. આમન્ત્રણ, નિમન્ત્રણ, ૩. અધીષ્ટ (= સત્કારપૂર્વકનો વ્યાપાર), ૪. આદરપૂર્વકનો પ્રશ્ન, ૫. પ્રાર્થના, ૬. શક્યતા/સંભાવના, ૭. શપથ/શાપ, ૮. શુભેચ્છા દર્શાવવા, ૯. આશા વ્યક્ત કરવા, ૧૦. તાકાત = સામર્થ્ય બતાવવા, ૧૧. શરતી વાક્યરચનામાં, ૧૨. માર્ગદર્શક સિદ્ધાન્ત = નીતિવાક્ય ઉચ્ચારવા વગેરે ભાવો પ્રકટે છે; અને પરિણામે જે તે વ્યક્તિને ઇષ્ટ ક્રિયા વિશે પ્રવર્તાવી શકાય છે. આનાં ક્રમશઃ ઉદાહરણો જુવો :

૧. (તેણે) સત્ય બોલવું જોઈએ; પ્રિય બોલવું જોઈએ.
(સઃ) सत्यं ब्रूयात्, प्रियं ब्रूयात् । (વિધિ)

પુત્રની કામનાવાળાએ જ્યોતિષ્ટોમથી યજન કરવું જોઈએ.
पुत्रकामः ज्योतिष्टोमेन यजेत् । (વિધિ)

૨. આપ અમારા ઘરે ભોજન માટે પધારો. (નિમંત્રણ)
भवान् अस्माकम् गृहं, भोजनाय आगच्छेत् ।

૩. આપ શ્રીમાન્ મારા પુત્રોને ભણાવો.
अत्रभवान् मम पुत्रान् अध्यापयेत् । (અધીષ્ટ)

૪. હે ગુરુ ! શું હું વેદ ભણું કે તર્કશાસ્ત્ર ?
भो गुरो ! किम् अहम् वेदम् अधीयीय, उत तर्कम् । (સંપ્રશ્ન)

૫. અમે સો શરદો જોઈએ, અમે સો શરદો સુધી જીવીએ, સો શરદો સુધી સાંભળીએ, સો શરદો સુધી ફરીએ, સો શરદો સુધી અમે દીનતા રહિત બનીએ. અને સો વર્ષોથી પણ વધારે સમય આમ થાવ.
पश्येम शरदः शतम्, जीवेम शरदः शतम्, शृणुयाम शरदः शतम्, प्रब्रवाम शरदः शतम्, अदीनाः स्याम शरदः शतम्, भूयश्च शरदः शतात् ॥ (પ્રાર્થના)

૬. મૌર્ય રાજા (પોતાનાં) આભૂષણો વેચવા કાઢે એવી કોણ સંભાવના કરે છે ? (મુદ્રારાક્ષસ-૧૦)
मौर्ये नरपतौ भूषणविक्रयं को नाम सम्भावयेत् ।

કદાચ આચાર્ય આવતીકાલે કાશી જાય. (શક્યતા)
कदाचित् आचार्य श्वः वाराणसीं गच्छेत् ।

એક સુભાષિત જુવો :

लभेत सिकतासु तैलमपि यत्नतः पीडयन्
पिबेच्च मृगतृष्णिकासु सलिलं पिपासार्दितः ।
कदाचिदपि पर्यटन् शशविषाणम् आसादयेत्
न तु प्रतिनिविष्टमूर्खजनचित्तम् आराधयेत् ॥

પ્રયત્નપૂર્વક પીલવાથી રેતીના કણમાંથી પણ વખતે માણસ તેલ મેળવી શકે, તરસથી પીડાતો કોઈ માણસ મૃગજળ પીને પણ પોતાની તરસ છિપાવી શકે, ચારેય તરફ ફરતાં ફરતાં માણસને કદાચિત્ સસલાનું શિંગડું પણ હાથ આવે (મળી જાય); પણ જીદ પકડીને સામા થઈ બેઠેલા મૂર્ખ માણસને કદાપિ પ્રસન્ન ન કરી શકાય. (સંભાવના)

૭. જે મને પિશાચ કહે છે, તેના પુત્રો મરી જાય.
यः मां 'पिशाच' इति कथयति, तस्य पुत्राः म्रियेरन् । (શપથ/શાપ)

૮. શ્રીહરિ આ પતિ-પત્નીનું સદાય મંગલ કરો. (શુભેચ્છા)
श्रीहरिः अनयोः दम्पत्योः, कुर्यात् सदा मङ्गलम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૯. કાર્તિકેયને જીતનારને હું જીતી લઉં.
कार्तिकेयस्य जेतारम्, अहम् विजयेय ।

૧૦. તે બ્રાહ્મણનો બાળક જીવતો થાય. (ઉત્તરરામચરિત-૨)
अपि जीवेत् सः ब्राह्मणशिशुः । (આશા)

નોંધ : 'આમ હશે' એવી આશાપૂર્વક જ્યારે ''શું આમ તો છે ને ?'' એવો પ્રશ્ન પૂછવા कच्चित् અવ્યયનો પ્રયોગ થાય છે; અને ત્યાં વિધ્યર્થનું ક્રિયાપદ હોય કે ન હોય, પણ कच्चित् અવ્યયની મદદથી 'આશા'નો ભાવ પ્રકટે છે. જેમકે, (નારદ રાજા યુધિષ્ઠિરને પૂછે છે :)

कच्चिद्राष्ट्रे तडागानि पूर्णानि च महान्ति च ।
भागशो विनिविष्टानि, न कृषिर्देवमातृका ॥ (સભાપર્વ-૫ : ૬૭)

''શું (તારા) રાજ્યમાં જુદા જુદા ભાગોમાં વહેંચાયેલા, જળથી ભરેલાં અને મોટાં એવાં તળાવો તો છે ને ? તથા ખેતી કાંઈ દેવમાતૃકા = કેવળ વૃષ્ટિ ઉપર આધાર રાખનારી તો નથીને ?!''

कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।
कच्चिदज्ञानसंमोहः प्रणष्टस्ते धनंजय ॥ (ગીતા ૧૮-૭૨)

''હે પાર્થ ! હું આશા રાખું છું કે તેં આ બધું એકાગ્ર ચિત્તથી સાંભળ્યું હોય; અને હે ધનંજય ! આશા રાખું છું, કે તારો અજ્ઞાનજન્ય સંમોહ નષ્ટ થયો હશે.''

૧૦. આ રથવેગથી તો પહેલાં ઉપડેલા ગરુડને પણ હું પકડી પાડું. (સામર્થ્ય)
अनेन रथवेगेन पूर्वप्रस्थितं वैनतेयम् अपि (अहम्) आसादयेयम् ।

(કામદેવ ઇન્દ્રને પોતાનું સગર્વ સામર્થ્ય બતાવતાં કહે છે :) પિનાક ધનુષ્યને હાથમાં ધરનારા શંકરના ધૈર્યનો પણ હું ભંગ કરાવી શકું. (કુમારસંભવ ૩-૧૦)
कुर्याम् हरस्यापि पिनाकपाणेः धैर्यच्युतिम् ॥ (સામર્થ્ય)

૧૧. ''જો હું (કૃષ્ણ) કર્મ ન કરું તો આ લોકનો ઉચ્છેદ ઉડી જાય, અને વર્ણસંકરનો હું કર્તા બનું, અને આ પ્રજાનો નાશ કરું.'' (શરતી)

उत्सीदेयुरिमे लोका न कुर्याम् कर्म चेदहम् ।
संकरस्य च कर्ता स्यामुपहन्याम् इमाः प्रजाः ॥ (ગીતા ૩-૨૪)

૧૨. આપત્તિ-કાળ માટે ધન સાચવવું જોઈએ.
आपदर्थे धनं रक्षेत् । (નીતિવાક્ય)

– બ્રહ્મચારીએ મધુ અને માંસનો ત્યાગ કરવો જોઈએ.
ब्रह्मचारी मधु मांसं च वर्जयेत् । (સિદ્ધાન્ત)

– ઉતાવળે (વગર વિચારે) કામ ન કરવાં જોઈએ. (કિરાતાર્જુનીય)
सहसा विदधीत न क्रियाम् । (નીતિવાક્ય)

– બુદ્ધિશાળી વ્યક્તિએ પોતે અજર-અમર છે એમ માનીને વિદ્યા અને પૈસા (કમાવવા)નો વિચાર કરવો જોઈએ તથા મૃત્યુ વડે વાળથી પકડાયો હોય તેમ (માનીને), (સત્વરે) ધર્મનું આચરણ કરવું જોઈએ. (નીતિવાક્ય)

अजरामरवत् प्राज्ञो विद्यामर्थञ्च चिन्तयेत् ।
गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

V.9. આશીર્વાદાર્થક ક્રિયાપદોવાળી વાક્યરચના :

સંસ્કૃત ભાષામાં આશીર્વાદનો ભાવ વ્યક્ત કરવા માટે ''આશીર્વાદાર્થક ક્રિયાપદો'' (आशीर्लिङ्)નો પ્રયોગ કરવામાં આવે છે. જેમકે,

૧. તું ઘણું લાંબુ જીવનારો બન.
त्वं दीर्घायुः भूयाः । (અથવા भवतात् ।)*

૨. હે સીતા ! તું વીરપુત્રોને જન્મ આપનારી થા.
हे सीते ! त्वं वीरप्रसविनी भूयाः ।

૩. દેવો પરમ રમણીય એવું પરિણામ લાવે.
विधेयासुः देवाः परमरमणीयां परिणतिम् ।

૪. તારો પુત્ર ઘણું લાંબું જીવે.
पुत्रस्ते सुचिरं जीव्यात् ।

૫. (તમારે માટે) શાન્ત અને અનુકૂળ પવન હજો, તથા કલ્યાણકારી માર્ગ હજો.
शान्तानुकूलपवनश्च शिवश्च पन्थाः भूयात् ।

૬. હું બે આંખોથી સારી રીત જોનારો બનું, મુખથી તેજસ્વી અને બે કાનથી સારું સાંભળનારો બનું.
सुचक्षा अहमक्षीभ्यां भूयासम्, सुवर्चा मुखेन, सुश्रुत् कर्णाभ्यां भूयासम् ॥ (मानवगृह्यसूत्र १-९-२५)

* નોંધ : આજ્ઞાર્થક ક્રિયાપદોનાં જે પ્રથમ પુરુષ એકવચન અને મધ્યમ પુરુષ એકવચનનાં भवतु અને भव એવાં રૂપો છે, તેનાં વૈકલ્પિક રૂપો भवतात् અને भवतात् રૂપો પણ આશીર્વાદાર્થ પ્રકટ કરવા ઘણીવાર વપરાય છે.

V.10. ક્રિયાતિપત્ત્યર્થક ક્રિયાપદોવાળી વાક્યરચના :

ક્રિયાની અતિપત્તિ (અર્થાત્ અનિષ્પત્તિ)નો ભાવ દર્શાવવો હોય ત્યારે ક્રિયાતિપત્ત્યર્થક ક્રિયાપદો (लुङ् લકાર)નો પ્રયોગ કરવામાં આવે છે. બીજા શબ્દોમાં આને ''હેતુહેતુમદ્‌ભાવ'' પણ કહેવામાં આવે છે. (ગુજરાતી ભાષાની 'જો...તો' વાળી શરતી વાક્યરચનામાં આ ક્રિયાપદો વપરાય છે.) જેમકે,

૧. જો વૃષ્ટિ થઈ હોત, તો સુકાળ થયો હોત.
(હેતુ) (ક્રિયાની અનિષ્પત્તિ) (હેતુમાન્)
वृष्टिश्चेत् अभविष्यत्, सुकालः अभविष्यत् ।

૨. પરસ્પર સ્પૃહણીય શોભાવાળું આ યુગલ જો ન જોડ્યું હોત, તો આ બેના રૂપવિધાનનો પ્રજાપતિએ લીધેલો યત્ન વિફળ થયો હોત. (કુમારસંભવ ૭-૬૬)
परस्परेण स्पृहणीयशोभं न चेदिदं द्वन्द्वमयोजयिष्यत् ।
अस्मिन्द्वये रूपविधानयत्नः पत्युः प्रजानां विफलोऽभविष्यत् ॥

૩. જો રાત્રિઓ અંધકારવાળી ન હોત, તો ચન્દ્રમાના ગુણને કોણ જાણત ?
निशाश्चेत् तमस्विन्यः न अभविष्यन्, कः नाम चन्द्रमसः गुणं व्यज्ञास्यत् ।

૪. ગોપાલ જો તરવાનું જાણતો હોત, તો જળથી ડરત નહીં.
यदि गोपालः संतरणकौशलम् अज्ञास्यत्, तर्हि जलात् न अभेष्यत् ।

V.11. નિષેધાર્થક અને પ્રશ્નાર્થક વાક્યરચના :

(૧) વાગ્વ્યવહાર દરમ્યાન ઘણીવાર નિષેધાર્થક વાક્યોનો પણ પ્રયોગ કરવામાં આવે છે. દા. ત. 'આ ગામમાં હાથી નથી.' 'બાળકો ક્રીડાંગણમાં રમતાં નથી.' અહીં 'નથી' ક્રિયાપદ દ્વારા ક્રિયાનો નિષેધ થઈ જાય છે. તેથી વિદ્યાર્થીઓને આવાં ક્રિયાપદોનો અનુવાદ કયા કાળનાં રૂપોથી કરવો ? એનો સંદેહ થાય છે. (કેમકે ક્રિયા જ નથી થઈ તો તેને કયા કાળમાં મૂકવી ?) આવા પ્રસંગે આ નિષેધાર્થક વાક્યોને પહેલાં મનમાં હકારાત્મક ભાવમાં વિચારી જોવાં. જેમકે, 'આ ગામમાં હાથી છે' अस्मिन् ग्रामे हस्ती अस्ति । અને પછી તેમાં 'નહીં' (નિષેધ)નો ભાવ ઉમેરવા નિષેધાર્થક न અવ્યયનો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉમેરો કરી દેવો. જેમકે, अस्मिन् ग्रामे हस्ती न अस्ति ।[१८] એવી જ રીતે, 'પહેલાં બાળકો ક્રીડાંગણમાં રમે છે.' बालकाः क्रीडांगणें खेलन्ति । પછી, તેમાં નિષેધાર્થક न અવ્યય ઉમેરી દેવો – बालकाः क्रीडांगणे न खेलन्ति ।

નોંધ : મા એવા નિષેધાર્થક અવ્યયના પ્રયોગથી પણ 'આજ્ઞાપ્રધાન નિષેધ'નો ભાવ પ્રકટ થાય છે [અને ત્યારે સામાન્ય ભૂતકાળ (લુઙ્ લકાર)નાં ક્રિયાપદ વપરાય છે] એ વિષે આપણે V.3 માં વિચારણા કરી છે.

(૨) પ્રશ્નાર્થક વાક્યો : વાતચીત દરમ્યાન ઘણીવાર આપણે વસ્તુવિશેષ અંગે કે – કોઈક ક્રિયા વિષે જાણકારી મેળવવા પ્રશ્ન પૂછવો પડે છે. ત્યારે ગુજરાતી ભાષામાં પ્રશ્નાર્થક વાક્યો બનાવવા માટે શું ? કેમ ? ક્યાંથી ? કેવી રીતે ? ક્યારે ? શા માટે ? ઇત્યાદિ શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. હવે સંસ્કૃત ભાષામાં આવા પ્રશ્નાર્થક વાક્યોનો અનુવાદ કેવી રીતે કરવામાં આવે છે તે ઉદાહરણ સાથે જોઈ લઈશું :

૧. તે શું કરે છે ?
सः किम् (પ્રશ્નવાચક અવ્યય) करोति ।
– શું આ દંડકા(વન) છે ? किं नाम दण्डका इयम् ।

૨. સીતા ક્યાં (સ્થળ = આધાર વિષયક પ્રશ્ન) જાય છે ?
सीता कुत्र (સપ્તમ્યર્થક અવ્યય) गच्छति ।
– ક્યાં છે ભગવાન નારાયણ ? क्व नु खलु भगवान् नारायणः ।
અહીં कस्मिन् = 'ક્યાં' એ અર્થમાં कुत्र અને क्व એવા બે અવ્યયો વપરાયા છે.)

૩. આ દેવદત્ત ક્યાંથી (અપાદાન વિષયક પ્રશ્ન) આવ્યો છે ?
अयम् देवदत्तः कुतः (પંચમ્યર્થક અવ્યય) आगच्छति स्म ।

૪. અર્જુન શા માટે / શા કારણે અસ્ત્રો ત્યજે છે ?
अर्जुनः किमर्थं (= कस्मात् हेतोः) अस्त्राणि त्यजति ।

૫. સદ્વિદ્યા જો હોય તો, રાજ્યથી શું (પ્રયોજન) ?
सद्विद्या यदि अस्ति, राज्येन किम् । અહીં किम् પછી प्रयोजनम् એવા પદનો અધ્યાહાર સમજવો.)
– જ્ઞાતિ જો હોય તો, અગ્નિથી શું (પ્રયોજન) ? (= અગ્નિની શી જરૂર ?) જો મિત્ર છે, તો દિવ્ય ઔષધિઓથી શું ફળ ?
ज्ञातिश्चेत्, अनलेन किम् । यदि सुहृद् अस्ति, दिव्यौषधैः किम् फलम् ।

૭. અરેરે ! કેવી રીતે સીતાદેવીને લગતો આવો જનાપવાદ રામને (હું) કહીશ ?
हा, कथं सीतादेव्याः ईदृशं जनापवादं रामाय कथयिष्यामि ।
– શું કેશવ નથી દેખાતા ?
कथं केशवः न दृश्यते ।
– ભરત શા માટે રાજ્યનો સ્વીકાર કરતો નથી ?
भरतः कथं राज्यं न स्वीकरोति ।

V.12.0. સીમિત ક્રિયાવાચક ધાતુઓનો વ્યાપ વધારવાની યુક્તિઓ :

વ્યાકરણકારોએ સંસ્કૃત ભાષામાં જુદી જુદી ક્રિયાઓને કહેનારા લગભગ ૧૯૭૦ જેટલા ક્રિયાવાચક ધાતુઓનો સંગ્રહ

---

૧૮. न + अस्तिની સન્ધિ થવાથી नास्ति થાય છે. (પછી પ્રાકૃત ભાષામાં नास्ति → नाथ्थि → નથી' એવું ધ્વનિપરિવર્તન થતું ગયું છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કર્યો છે, પરંતુ આ ધાતુઓથી જે ક્રિયાઓ કહેવાય છે તે સિવાયની બીજી પણ અસંખ્ય ક્રિયાઓ આ જગત્‌માં થાય છે. તેમના વિષે આપણે વાત કરવી હોય તો સંસ્કૃત ભાષામાં શી વ્યવસ્થા છે ? એવો પ્રશ્ન થશે. અથવા તો કોઈ એક ક્રિયાવાચક ધાતુથી જે ક્રિયાનો બોધ કરાવાય છે, તે ધાતુમાંથી જ કોઈ વિશેષ અર્થચ્છાયા પ્રકટ કરી બતાવવી હોય તો શી વ્યવસ્થા છે ? એવો પ્રશ્ન થશે. વળી આ પરંપરાગત ધાતુઓ ઉપરાંત બીજા નવા ક્રિયાવાચક ધાતુઓ આજે આપણે બનાવવા હોય તો તે શું શક્ય છે ? એવો પણ પ્રશ્ન થઈ શકે. આ સન્દર્ભમાં આપણે –

૧. ઉપસર્ગોનો પ્રયોગ જાણવો પડશે,

૨. ચ્વિ પ્રત્યયાન્ત રૂપની પાછળ √कृ, √भू અને √अस् ધાતુનો અનુપ્રયોગ સમજવો પડશે; અને

૩. 'નામ' ઉપરથી ધાતુઓ (= નામધાતુઓ) બનાવવાની પ્રક્રિયા જાણવી પડશે.

V.12.1. ઉપસર્ગોનો પ્રયોગ :

સંસ્કૃત ભાષાની અંદર ૧. નામ(પદ) અને ૨. 'ક્રિયાપદ' ઉપરાંત, ૩. 'ઉપસર્ગ' અને ૪. નિપાત = 'અવ્યય' પ્રકારના પદો પણ જોવા મળે છે. આમાંથી જે 'ઉપસર્ગ' તરીકે ઓળખાતાં પદો છે તે ક્રિયાવાચક ધાતુની બરાબર પૂર્વમાં વપરાય છે. દા. ત. √गम् > गच्छ् + अ + ति = गच्छति । અહીં √गम् ધાતુની પૂર્વમાં અભિ, આ ઇત્યાદિ 'ઉપસર્ગો' જોડીએ તો अभिगच्छति । आगच्छति । જેવાં સોપસર્ગ ક્રિયાપદો બને છે. પ્રશિષ્ટ સંસ્કૃત ભાષામાં આ ઉપસર્ગોનો સ્વતન્ત્ર/એકાકી પ્રયોગ થતો નથી. પણ, હંમેશા તે ધાતુની બરાબર પૂર્વમાં જ જોડાય છે. આવા ઉપસર્ગોની સંખ્યા લગભગ ૨૨ છે : ૧. प्र (= અધિક), ૨. परा (ઉલ્ટું, પાછળ), ૩. अप (દૂર), ૪. सम् (સારી રીતે), ૫. अनु (પાછળ), ૬. अव (નીચે, દૂર), ૭. निस् (વિના, બહાર), ૮. निर् (બહાર), ૯. दुस् (કઠિન), ૧૦. दुर् (ખરાબ), ૧૧. वि (વિના, અલગ), ૧૨. आङ् (સુધી, ઓછું), ૧૩. नि (નીચે), ૧૪. अधि (ઉપર), ૧૫. अपि (નિકટ), ૧૬. अति (ઉત્કૃષ્ટ, બહુ), ૧૭. सु (સુન્દર), ૧૮. उद् (ઉપર), ૧૯. अभि (તરફ, સામે), ૨૦. प्रति (તરફ, ઊંધું), ૨૧. परि (ચારેય બાજુએ) અને ૨૨. उप (નજીક, સમીપમાં.) આ ઉપરાંત प्रादुर्, आविस्, तिरस्, पुरस् અને श्रद् વગેરે પણ ઉપસર્ગો છે.)

આવા ઉપસર્ગો જ્યારે ક્રિયાવાચક ધાતુની પૂર્વમાં જોડવામાં આવે છે ત્યારે –

(क) ધાત્વર્થમાં વિશેષતા આવે છે, પરિવર્તન આવે છે અથવા તદ્દન નવો અર્થ પ્રકટે છે. જેમકે,

धात्वर्थं बाधते कश्चित्कश्चित् तमनुवर्तते ।
तमेव विशिनष्ट्यन्य उपसर्गगतिस्त्रिधा ॥
उपसर्गेण धात्वर्थो बलादन्यत्र नीयते ।
प्रहारा-हार-संहार-विहार-परिहारवत् ॥

(ख) ૧. કેટલાક આત્મનેપદી ધાતુઓ પરસ્મૈપદી બની જાય છે; તથા ૨. બીજા કેટલાક પરસ્મૈપદી ધાતુઓ આત્મનેપદી બની જાય છે.

(ग) ૧. મૂળભૂત રીતે જે અકર્મક ધાતુ હોય તે સકર્મક બની જાય છે; અથવા ૨. મૂળભૂત રીતે જે સકર્મક ધાતુ હોય તે અકર્મક બની જાય છે. આ ત્રણેય મુદ્દાઓને સોદાહરણ તપાસીશું :

(क) ૧. √अय् (જવું) :

परा + अय् (નાસી જવું) अश्वारोहः पलायते ।

૨. √अर्थ् (માંગવું) :

प्र+अर्थ (પ્રાર્થના કરવી) स्वर्गतिं प्रार्थयन्ते भक्ताः ।

अभि+अर्थ (ઇચ્છા કરવી) यदि सा तापसकन्यका अभ्यर्थनीया ।

૩. अस् (ફેંકવું) :

अभि+अस् (વાંચવું) छात्रः पाठम् अभ्यस्यति ।

निर्+अस् (દૂર ખસેડવું) सः धूर्तं निरस्यति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૪. आप् (મેળવવું) :
वि+आप् (ફેલાવું) रजः आकाशं व्याप्नोति ।
सम+आप् (પૂર્ણ થવું) यावत्तेषां समाप्येरन् यज्ञाः पर्याप्तदक्षिणाः (रघुवंशे)

૫. आस् (બેસવું) :
अधि+आस् (ઉપર બેસવું) सः राजसिंहासनम् अध्यास्ते
उप+आस् (પૂજા કરવી) भक्ताः शिवम् उपासते ।

૬. इ (જવું) :
अव+इ (જાણવું) अवेहि मां किंकरम् अष्टमूर्तेः ।
प्रति+इ (વિશ્વાસ કરવો) सः मयि न प्रत्येति ।
उत्+इ (ઉગવું) सविता पूर्वस्यां दिशि उदेति ।
उप+इ (મેળવવું) उद्योगिनं पुरुषसिंहम् उपैति लक्ष्मीः ।

૭. कृ (કરવું) :
अनु+कृ (નકલ કરવી) अन्याभिः कलाभिरनुचकार तं वैशंपायनः ।
अप+कृ (અપકાર કરવો) केचिद् सैनिकाः अपकुर्युर्युधिष्ठिरम् ।
तिरस्+कृ (તિરસ્કાર કરવો) दुर्योधनः कृष्णं तिरस्करोति ।
नमस्+कृ (પ્રણામ કરવા) अहम् मुनित्रयं नमस्करोमि ।
प्रति+कृ (ઉપાય કરવો) आगतं तु भयं वीक्ष्य, प्रतिकुर्याद् यथोचितम् ।
अलम्+कृ (શણગારવું) प्रियवादिनी सीता वनमिदं पुनरलंकरिष्यति ।
आविस्+कृ (શોધી કાઢવું) धीमान् वायुयानमिदं भुवि आविष्करोति ।
निर्+आ+कृ (દૂર કરવું) सः दोषान् निराकरोति ।

૮. क्रम् (ચાલવું) :
अति+क्रम् (પસાર થવું) यथा यथा यौवनमतिचक्राम ।
आ+क्रम् (ઉદય થવો) सूर्यः आक्रमते ।
धूमः हर्म्यतलात् आक्रमति ।
परि+क्रम् (પ્રદક્ષિણા ફરવી) सः देवं परिक्रामति ।
सम्+क्रम् (પ્રવેશવું) कालो ह्ययं संक्रमितुं द्वितीयं सर्वोपकारक्षमम् आश्रमं ते । (रघुवंशम्)

૯. क्षिप् (ફેંકવું) :
उत्+क्षिप् (ઉપર ફેંકવું) बलिम् आकाशे उत्क्षिपेत् ।
आ+क्षिप् (આક્ષેપ કરવો) किम् एवं माम् आक्षिपसि ।
सम्+क्षिप् (ટૂંકાવવું) संक्षिप्येत क्षण इव कथं दीर्घयामा त्रियामा ।

૧૦. गम् (જવું) :
√गम् (गच्छ्) (જવું) काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
अनु+गम् (અનુસરવું) वत्स ! माम् अनुगच्छ ।
अव+गम् (સમજવું/જાણવું) न अवगच्छामि ते मतिम् ।
अधि+गम् (મેળવવું) विद्वान् परं ब्रह्म अधिगच्छति ।
तेभ्योऽधिगन्तुं निगमान्तविद्यां वाल्मीकिपार्श्वाद् इह पर्यटामि ।
आ+गम् (આવવું) सः स्नातुं नदीम् आगच्छति ।
उत्+गम् (ઉડવું) पक्षी आकाशम् उद्गच्छत् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(= उत्+अगच्छत् । ભૂતકાળના 'अ' સહિતનાં રૂપો બનાવ્યા પછી, ઉપસર્ગો જોડવા એવો નિયમ છે.)

प्रति+गम् (પાછા ફરવું) माणवकः कुटीरं प्रत्यागच्छति ।

सम्+गम् (મળવું/મિલન) शकुन्तला सखिभिः संगच्छते ।

૧૧. चि (ભેગું કરવું) :

अप+चि (ચૂંટવું) सा उद्याने प्रतानिनीभ्यो (= लताभ्यः) बहूनि पुष्पाणि अवाचिनोत् ।

निस्+चि (નિશ્ચય કરવો) वयं निश्चिनुमः न वयं विश्रमिष्यामो यावत् न स्वातन्त्र्यं प्रतिलभामहे इति ।

उप+चि (વધવું) अप+चि (ઘટવું)

राजहंस ! तव सैव शुभ्रता या न उपचीयते, न चापचीयते ।

૧૨. तॄ (તરવું) :

उत्+तॄ (તરી જવું) स अनायासं गंगाम् उदतरत् ।

वि+तॄ (વહેંચવું) वितरति गुरुः प्राज्ञे विद्याम् ।

अव+तॄ (નીચે ઉતરવું) आकाशात् वायुयानम् अवतरति ।

૧૩. दिश् (આપવું) :

आ+दिश् (આજ્ઞા કરવી) गुरुः शिष्यान् आदिशति ।

उप+दिश् (ઉપદેશ આપવો) उपदिशतु मह्यं धर्मशास्त्रम् ।

सम्+दिश् (સંદેશ આપવો) स्वामी तुभ्यं संदिशति ।

निर्+दिश् (બતાવવું) यथाभिलषितं स्थानं निर्दिशेत् ।

૧૪. धा (ધારણ કરવું) :

परि+धा (પહેરવું) उत्सवे मानवः नवं वस्त्रं परिदधाति ।

अव+धा (ધ્યાન આપવું) गोपालः पठने न अवधत्ते ।

सम्+धा (સન્ધિ કરવી) बलीयसा शत्रुणा संदध्यात् ।

अपि+धा (બંધ કરવું) त्वं द्वारम् पिधेहि । (ઉપસર્ગના આદિ અકારનો લોપ થાય છે.)

अभि+धा (કહેવું) पयोऽपि शौंडिकीहस्ते वारुणी इति अभिधीयते ।

वि+धा (કરવું) सहसा न विदधीत न क्रियाम् ।

श्रद्+धा (શ્રદ્ધા રાખવી) नाहं धनेषु श्रद्दधामि ।

૧૫. नी (नय) (લાવવું/લઈ જવું) :

अनु+नी (મનાવવું) कृष्णः कुपितां राधाम् अनुनयति ।

अभि+नी (અભિનય કરવો) गोपालः सीतायाः पाठम् अभिनयेत् ।

आ+नी (લાવવું) पूजार्थं जलं त्वम् आनयसि ।

परि+नी (વિવાહ કરવો) रामः सीतां परिणयति ।

नलः दमयन्तीं परिणिनाय ।

प्र+नी (રચવું) वाल्मीकिः रामायणं प्रणिनाय ।

विअप+नी (દૂર કરવું) सन्मार्गालोकनाय व्यपनयतु स वः तामसीं वृत्तिम् ईशः ।

૧૬. भू (થવું/જન્મવું) :

भू (થવું) रामः राजा भवति । (અકર્મક)

अनु+भू (અનુભવવું) सन्तः सुखम् अनुभवन्ति । (સકર્મક)

आविर्+भू (પ્રકટવું) नभसि सूर्यः आविर्भवति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अभि+भू (હરાવવું) कः त्वाम् अभिभवितुम् इच्छति ।
परि+भू (તિરસ્કારવું) रावणः विभीषणं परिबभूव ।
प्र+भू (સમર્થ થવું) शूचिः मणिः प्रतिबिम्बग्रहणे प्रभवति ।
परा+भू (હરાવવું) बलवान् दुर्बलान् परभवति ।

૧૭.विश् (પ્રવેશ કરવો) :
प्र+विश् (પ્રવેશવું) सीता अयोध्यां प्रविशति ।
उप+विश् (બેસવું) गुरुः आसने उपविशति ।
अभि+नि+विश् (આગ્રહ રાખવો) रावणः पापम् अभिनिविशति ।

૧૮.वृत् (હોવું / રહેવું) :
अनु+वृत् (અનુસરણ કરવું) साधवः साधुम् अनुवर्तन्ते ।
आ+वृत् (પાછા ફરવું) अनिन्द्या नन्दिनी नाम धेनुः आववृते वनात् ।
आ+वृत् (પ્રેરક રૂપમાં 'માળા ફેરવવી') अक्षवलयम् आवर्तयन्तं तापसकुमारम् अदर्शम् ।
प्र+वृत् (પ્રવૃત્ત થવું) प्रवर्ततां प्रकृतिहिताय पार्थिवः ।

૧૯.स्था→तिष्ठ (ઊભા રહેવું) :
अनु+स्था (કરવું) मनसाऽपि पापकार्यं न अनुतिष्ठेत् ।
उत्+स्था (ઊભા થવું) उत्तिष्ठ उत्तिष्ठ गोविन्द, त्यज निद्रां जगत्पते ।
प्र+स्था (જવું/રવાના થવું) मुनिः आश्रमाय प्रतस्थे ।
उप+स्था (પૂજા કરવી, મળવું) सरस्वती विष्णुम् उपतस्थे अयं पन्थाः काशीम् उपतिष्ठते ।
अधि+स्था (રહેવું) साधवः साधुताम् अधितिष्ठन्ति ।

૨૦.हृ हर् (હરી જવું) :
अप+हृ (હરણ કરવું, ચોરવું) चौरः धनम् अपहरति ।
आ+हृ (લાવવું) वित्तस्य विद्यापरिसंख्यया मे कोटीश्चतस्रो दश च आहर इति ।
उत्+हृ (ઉદ્ધાર કરવો) भो राम ! माम् उद्धर । कूपात् जलम् उद्धरति ।
उद्+आ+हृ (દાખલો આપવો) भामहः शाकुन्तलस्य शृंगारम् उदाहरति ।
परि+हृ (છોડવું) स्त्रीसन्निकर्षं परिहर्तुम् इच्छति ब्रह्मचारी ।
उप+हृ (ભેટ આપવી) देवेभ्यः बलिम् उपहरेत् ।
प्र+हृ (પ્રહાર કરવો) भीमः गदां प्रहरति ।
वि+हृ (વિહાર કરવો, ફરવું) विहरति हरिरिह सरसवसन्ते । (ગીતગોવિન્દ)

નોંધ : આ રીતે ઉપસર્ગો જોડીને નિશ્ચિત ધાતુઓમાંથી પણ વિવિધ અર્થોવાળી ક્રિયાઓનો બોધ કરાવી શકાય છે.

(ख) ૧. અમુક ઉપસર્ગનો યોગ થવાથી કેટલાક આત્મનેપદી ધાતુઓ પરસ્મૈપદી થઈ જાય છે. કેટલાંક ઉદાહરણો જોઈશું :

(૧) √(रम → रमते । આત્મનેપદી ધાતુને જો वि, आङ् કે परि ઉપસર્ગ જોડવામાં આવે તો તે પરસ્મૈપદી થઈ જાય છે. જેમકે, विरमति । आरमति । परिरमति ! (उप ઉપસર્ગપૂર્વક रम् ધાતુ જો અકર્મક હોય તો તે વિકલ્પે પરસ્મૈપદી બને છે. જેમકે उपरमति અથવા उपरमते । જેનો અર્થ निवर्तते । થશે.)

(૨) कृ ધાતુ ઉભયપદી છે. તેથી તે ક્રિયાનું ફળ કર્તૃગામી હોય તો તેની પાછળ આત્મનેપદના પ્રત્યય જોડવા પડે. પરંતુ अनु કે परा ઉપસર્ગપૂર્વક कृ ધાતુનો પ્રયોગ કરવાનો હોય તો, તે ક્રિયાનું ફળ કર્તૃગામી હોય તો પણ તેની પાછળ પરસ્મૈપદના જ પ્રત્યયો લાગે છે. જેમકે, अनुकरोति । पराकरोति ।

૨. અમુક ઉપસર્ગનો યોગ થવાથી કેટલાક પરસ્મૈપદી ધાતુઓ આત્મનેપદી થઈ જાય છે. કેટલાંક ઉદાહરણો જોઈશું.
(૧) जि → जयति । 'જય પામે છે.' પરસ્મૈપદી ધાતુ છે. આ ધાતુને वि કે परा ઉપસર્ગ લગાડવામાં આવે તો તેને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આત્મનેપદના પ્રત્યયો લાગે છે. જેમકે, विजयते । पराजयते ।

(૨) क्रीड् → क्रीडति । ક્રીડા કરે છે.' એવા પરસ્મૈપદી ધાતુને જો अनु, सम्, परि કે आङ् ઉપસર્ગ લગાડવામાં આવે તો તે ધાતુને આત્મનેપદના પ્રત્યયો લાગે છે. જેમકે, अनुक्रीडते । संक्रीडते । परिक्रीडते । आक्रीडते ।

(૩) स्था→तिष्ठति । 'ઊભો રહે છે' એવા પરસ્મૈપદી ધાતુને જો सम, अव, प्र કે वि ઉપસર્ગ લાગે તો આત્મનેપદના પ્રત્યયો લાગે છે. જેમકે, सन्तिष्ठते । अवतिष्ठते । प्रतिष्ठते । वितिष्ठते । એ જ પ્રમાણે, 'અમુકની ઈચ્છા રાખે છે' એ અર્થમાં मुक्तौ उत्तिष्ठते । 'મુક્તિની પ્રતીક્ષા કરે છે' પણ पीठात् उत्तिष्ठति । 'પીઠ (બાજઠ) ઉપરથી ઊભો થાય છે' અર્થમાં પરસ્મૈપદ ચાલુ રહે છે. વળી, उत् ઉપસર્ગપૂર્વક स्था ધાતુ અકર્મક હોય ત્યારે પણ આત્મનેપદી પ્રત્યય લાગશે. જેમકે, भोजनकाले उत्तिष्ठते । 'ભોજન સમયે નજીક આવી પહોંચે છે.'

(૪) गम्→गच्छति । પરસ્મૈપદી ધાતુ અકર્મક હોય ત્યારે सम् ઉપસર્ગ લાગે તો તે આત્મનેપદી બની જાય છે. संगच्छते । (= 'બંધ બેસે છે').

(ग) મૂળભૂત રીતે જે ધાતુ અકર્મક હોય છે તે ઉપસર્ગનો યોગ થવાથી ક્યારેક સકર્મક પણ બની જાય છે. દા. ત., रामः राजा भवति । 'રામ રાજા થાય છે.' (અકર્મક ધાતુ છે). પરંતુ रामः सुखम् अनुभवति । 'રામ સુખને અનુભવે છે'માં તે अनु ઉપસર્ગ લાગવાથી સકર્મક બની જાય છે. [ક્યારેક ઉપસર્ગની ગેરહાજરીમાં પણ–વિશેષ સન્દર્ભમાં–કોઈ એક ધાતુ અકર્મક હોય (દા. ત., नदी वहति), તો બીજા એક સન્દર્ભમાં તે (ઉપસર્ગના યોગ વિના જ) સકર્મક તરીકે પણ વપરાય છે. (દા. ત. भृत्यः भारं वहति ।) એ જ પ્રમાણે, रामः रावणं हन्ति । અહીં 'હણવું' અર્થમાં हन् ધાતુ સકર્મક છે, તો राजहंसः हन्ति । 'રાજહંસ ઊડે છે' માં તે ધાતુ ગત્યર્થક બનતાં અકર્મક બની જાય છે.]

V.12.2. च्वि પ્રત્યયાન્ત રૂપોનો પ્રયોગ :

વ્યવહાર જગત્‌માં આપણે ઘણીવાર એક વસ્તુ જેવી ન હોય તેવી માની લઈએ છીએ (એટલે કે એક વસ્તુ ઉપર બીજી વસ્તુનો આરોપ કરીએ છીએ) ત્યારે જેનું આરોપણ કરવામાં આવે છે તે આરોપિત વસ્તુવાચક શબ્દને च्वि પ્રત્યય લગાડવામાં આવે છે અથવા તો–કોઈ એક વસ્તુ એટલી બદલાઈ જાય કે જે પહેલાં ક્યારેય એવી ન હોય તેવી બની જાય છે, ત્યારે (એટલે કે કોઈ પ્રકૃતિ જ્યારે કોઈક વિકાર પામી હોય છે ત્યારે = अभूत तद्भावे च्विः । એ વાર્તિકવચન મુજબ અભૂત તદ્‌ભાવ અર્થમાં) પણ તે વિકારવાચક શબ્દને च्वि પ્રત્યય લગાડવામાં આવે છે. જેમકે,

૧. વૃષભધ્વજ (= શંકર) વડે આ વૃક્ષને ''પુત્ર બનાવવામાં આવ્યું છે.''

वृषभध्वजेन अयम् वृक्षः पुत्रीकृतः । (રઘુવંશઃ)

અહીં ''જે (દેવદારુનું) વૃક્ષ પુત્ર (રૂપ) ન હતું, તેને પુત્ર માની લેવામાં આવ્યું છે'' એમ કહેવા 'વૃક્ષ' ઉપર જેનો આરોપ કરવામાં આવ્યો છે, તે (આરોપિત વસ્તુવાચક) पुत्र શબ્દને च्वि પ્રત્યય લગાવવામાં આવે છે : – पुत्र+च्वि । હવે, વ્યાકરણનિયમ છે કે ''च्वि પ્રત્યય પરમાં હોય ત્યારે પૂર્વમાં આવેલા અકારાન્ત કે આકારાન્ત શબ્દના અંતિમ अ કે आ ને સ્થાને દીર્ઘ ई થઈ જાય છે. જેમકે, पुत्र + च्वि → पुत्री + च्वि । (गंगा + च्वि હોય તો → गंगी + च्वि).

૨. બાળક વડે પુસ્તકને ''ગંદું કરવામાં આવે છે.'' (કાળું કરવામાં આવે છે) बालकेन पुस्तकं मलिनीक्रियते । (कृष्णीक्रियते ।)

અહીં, ''જે પુસ્તક પૂર્વે ગંદું/મલિન ન હતું, તેને ગંદું કરવામાં આવે છે.'' એમ કહેવા માટે વિકારવાચક मलिन/कृष्ण શબ્દને च्वि પ્રત્યય લગાવવામાં આવે છે : मलिन+च्वि । कृष्ण+च्वि । હવે, વ્યાકરણના ઉપર્યુક્ત નિયમ મુજબ –च्वि પ્રત્યય પરમાં રહે ત્યારે, તેની પૂર્વમાં આવેલા अ કે आ ને સ્થાને દીર્ઘ ई થાય છે. જેમકે, मलिन + च्वि → मलिनी + च्वि । તથા कृष्ण + च्वि → कृष्णी + च्वि ।

૩. ગુરુ શિષ્યોને ''હોંશિયાર કરે છે.''[૧૯]

गुरुः शिष्यान् पटूकरोति ।

૧૯. ઉપરનાં ત્રણેય વાક્યોમાં ''પુત્ર બનાવવામાં આવે છે'', ''ગંદું કરવામાં આવે છે'' અને ''હોંશિયાર કરે છે'' – એવી એક આખી-સ્વતંત્ર/વિશિષ્ટ ક્રિયા વિષે વાત કરવામાં આવી છે. આવી ક્રિયાને કહેનારો કોઈ ધાતુ ભાષામાં હોય પણ ખરો અને ક્યારેક ન પણ હોય, તો એવા સંજોગોમાં च्वि રૂપવાળું નામપદ कृभ्वस् ધાતુની પૂર્વમાં વાપરીને આવી વિશિષ્ટ ક્રિયાઓ અભિવ્યક્ત કરી શકાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં, "જે શિષ્યો પ ે હાં હોંશિયાર ન હતા, તેમને હોંશિયાર કરવામાં આવે છે" એમ કહેવા માટે વિકારવાચક પટુ શબ્દને च्वि પ્રત્યય લગાડવામાં આવે છે. હવે, વ્યાકરણનો બીજો એક નિયમ છે કે "च्वि પ્રત્યય પરમાં હોય ત્યારે પૂર્વમાં આવેલા (अ કે आ સિવાયના) સ્વરને દીર્ઘ કરવામાં આવે છે. જેમકે, पटु+च्वि → पटू+च्वि । (शुचि+च्वि → शुची+च्वि).

ત્યાર પછી, ઉપરનાં ત્રણેય ઉદાહરણોમાં (જે તે નામના અંતિમ સ્વરમાં જરૂરી પરિવર્તન કરી લીધા પછી,) च्वि પ્રત્યયનો લોપ થાય છે. (તથાપિ તેને च्वि પ્રત્યયાન્ત કે च्व्यन्त કહેવાશે.) આવા च्वि પ્રત્યયાન્ત શબ્દની પાછળ कृ/भू/अस् ધાતુમાંથી સાધેલા કોઈક ક્રિયાપદનો (કે કોઈક કૃદન્ત શબ્દનો) પ્રયોગ કરવામાં આવે છે. જેમકે,

૧. { पुत्री+च्वि → पुत्री+०+कृ/भू/अस्
(गंगी+च्वि → गंगी+०+कृ/भू/अस्

૨. मलिनी+च्वि→मलिनी+०+कृ/भू/अस्

૩. { पटू+च्वि→पटू+०+कृ/भू/अस्
(शुची+च्वि→शुची+०+कृ/भू/अस्)નું કોઈક રૂપ

જેમકે पुत्रीकरोति । पुत्रीक्रियते । पुत्रीभवति । पुत्रीभूय । पुत्रीकृत्य । पुत्रीकृतः । पुत्रीकृतवान् । વગેરે.

નોંધ : (૧) વ્યાકરણશાસ્ત્રની દષ્ટિએ જોઈએ તો આ च्वि પ્રત્યય એક પ્રકારનો 'तद्धित' પ્રત્યય છે. તથા આવો च्वि પ્રત્યય લાગીને જે पुत्री/मलिनी/कृष्णी વગેરે શબ્દો બને છે તે कृ/भू કે अस् ધાતુની પૂર્વમાં જોડાય છે ત્યારે તેમને "ઉપસર્ગ" ગણવામાં આવે છે. પરિણામે पुत्री+भूનું સંબંધક ભૂતકૃદન્તનું રૂપ બનાવવું હોય તો त्वा પ્રત્યયને બદલે य પ્રત્યય લાગે છે. જેમકે, पुत्रीभूय । (पुत्रीभूत्वा નહીં થાય). पर्वतीकृत्य । पुत्रीकृत्य । વગેરે.

(૨) જ્યારે મૂળ પ્રકૃતિમાં સંપૂર્ણ પરિવર્તન આવી જાય છે ત્યારે ક્યારેક च्वि પ્રત્યયને બદલે सात् એવો પ્રત્યય પણ વપરાય છે. જેમકે, 'અગ્નિ ભસ્મ થઈ જાય છે.' अग्निः भस्मीभवति । અથવા अग्निः भस्मसात् भवति ।

આવી રીતે अङ्गीकरोति । स्वीकरोति । स्पष्टीकरणम् । उररीकरोति । ऊरीकरोति । प्रकटीकरोति । स्थिरीभवति । વગેરે રૂપો બને છે. આનાં કેટલાંક ઉદાહરણો જોઈશું.

૧. દુર્જન વડે મારું વસ્ત્ર "કાળું કરવામાં આવે છે."
दुर्जनेन मम वस्त्रं कृष्णीक्रियते ।

૨. अब्रह्मा ब्रह्मा भवति । એ અર્થમાં ब्रह्मीभवति ।

૩. 'સાબરમતી નદી મારે માટે ગંગા બનો' એવી ભાવનાથી જે નદી ગંગા નથી, તેને તેવી હું માની લઉં, એટલે કે સાબરમતી નદી ઉપર ગંગાનો આરોપ કરું તો, ત્યાં આરોપિત વસ્તુવાચક (= અર્થાત્ ગંગા) શબ્દને च्वि પ્રત્યય લગાડીને–
अगङ्गा गङ्गा स्यात् = गङ्गीस्यात् । એવું રૂપ બની શકે.
इयं साबरमती (शाभ्रमती) नदी मम गङ्गीस्यात् । એવું વાક્ય બની શકે.

૪. ગંગાના જળથી (= જે આશ્રમ પહેલાં પવિત્ર ન હતો, તે) આશ્રમ પવિત્ર થાય છે.
गङ्गायाः जलेन आश्रमः शुचीभवति ।
(अशुचिः शुचिः भवति → शुचीभवति ।
અહીં शुचि શબ્દમાંનો અંતિમ હ્રસ્વ इ, દીર્ઘ ई માં ફેરવાઈ ગયો, પછી कृ/भू/अस् ધાતુનું રૂપ લાગે છે.)

૫. भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ।
ભસ્મ રૂપ બનેલા શરીરનું પુનરાગમન ક્યાંથી થવાનું છે ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૬. व्यायामेन शरीरं दृढीभवति ।
કસરતથી શરીર દૃઢ થાય છે.

૭. अङ्गीकृतम् सुकृतिनः परिपालयन्ति ।
સજ્જનો (પોતે) સ્વીકારેલું (કાર્ય) સાચવી જાણે છે.

૮. तपसा भगवान् प्रत्यक्षीभवति ।
તપથી ભગવાન્ પ્રત્યક્ષ થાય છે.

૯. कदा रामभद्रः वनमिदम् सनाथीकरिष्यति ।
રામભદ્ર ક્યારે આ વનને સનાથ કરશે ?

૧૦. विरहकथा मे हृदयम् आकुलीकरोति ।
વિરહની કથા મારા હૃદયને આકુળ કરે છે.

૧૧. वीरवरः स्वपुत्रम् देव्यै उपहारीकरोति ।
વીરવર પોતાના પુત્રને દેવીનો બલિ બનાવે છે.

૧૨. मनसि वचसि काये पुण्यपीयूषपूर्णास्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून्पर्वतीकृत्य नित्यं निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥ (नीतिशतक-૭૦)

"મન, વચન અને કાયાને વિષે પુણ્યરૂપ અમૃતથી ભરેલાં; ઉપકારોની પરંપરાથી ત્રણેય જગત્‌ને પ્રસન્ન કરતાં, અને પારકાના પરમાણુ જેવડા ગુણને પણ પર્વત જેવડા મોટા કરીને/ગણીને હંમેશાં પોતાના મનમાં પ્રસન્ન થતાં એવા સત્પુરુષો કેટલા છે ?

* * *

આવી જ રીતે उन्मनीस्यात् । उच्चक्षूकरोति । विचेतीकरोति । विरजीकरोति । (વગેરેમાં मनस्, चक्षुस्, चेतस्, रजस् વગેરેના स्‌નો લોપ થાય છે), તથા (गुरुम्) सुखाकरोति । दुःखाकरोति (स्वामिनम्) । વગેરે રૂપો બને છે.

V.12.3. નામધાતુઓનો પ્રયોગ :

અગાઉ જણાવ્યું છે તે મુજબ સંસ્કૃત ભાષામાં ક્રિયાવાચક ધાતુઓની સંખ્યા ૧૯૭૦ છે. (તથા આ ધાતુઓની પૂર્વમાં (૧) प्र, अभि, सु વગેરે. વિવિધ ઉપસર્ગો જોડીને, અથવા (૨) ઉપસર્ગ રૂપ च्वि પ્રત્યયાન્ત શબ્દો જોડીને બીજી અસંખ્ય અર્થચ્છાયાઓવાળી ક્રિયાઓ દર્શાવી શકાય છે.) તદુપરાંત (૩) कृष्ण, कमल, श्येन, जल વગેરે નામો ને અમુક પ્રત્યયો લગાડીને, તે નામો ઉપરથી પણ બીજા અસંખ્ય "નામધાતુ"ઓ પણ સાધી (= તૈયાર કરી) શકાય છે. [આવા "નામધાતુ" તૈયાર કરવા માટે જે પ્રત્યયો (અને વ્યાકરણની પ્રક્રિયા) કામે લગાડાય છે એનું વર્ણન નીચે કરવામાં આવ્યું છે.] હવે, આવા નામધાતુઓની મદદથી પણ અવનવી-અકલ્પ્ય ક્રિયાઓની અભિવ્યક્તિ કરવી શક્ય બને છે. ટૂંકમાં, સંસ્કૃત ભાષામાં સીમિત ધાતુસંખ્યા હોવા છતાંય વક્તા યથેચ્છ રીતે કોઈ પણ ક્રિયા વિષે સુખપૂર્વક પોતાનો વાગ્વ્યવહાર ચલાવી શકાવે છે.

'નામધાતુ' બનાવવાની પ્રક્રિયા : કોઈ પણ દ્રવ્ય કે સત્ત્વ વાચક 'નામ' (= પ્રાતિપદિક)ને 'ધાતુ' રૂપે પરિવર્તિત કરનારા પ્રત્યયો અનેક છે. તેમાંના મુખ્યત્વે ત્રણ પ્રત્યયોનો પરિચય અહીં કરાવવામાં આવશે. જેમકે, (क) क्यच् (ख) क्यङ् અને (ग) क्विप् । 'નામ'ને આ પ્રત્યયો લાગીને જે 'નામધાતુ' તૈયાર થાય છે, તેનાં દશેય લકારમાં (= છ કાળ અને ચાર અર્થમાં) રૂપો બનાવી શકાય છે. પરંતુ વ્યવહારદશાનો અભ્યાસ કરતાં જણાય છે કે આવા નામધાતુઓનો પ્રયોગ મહદંશે (लट् લકાર) વર્તમાન કાળમાં થતો હોય છે.

(क) क्यच् પ્રત્યયાન્ત નામધાતુઓ : ૧. "પોતાને માટે જે વસ્તુની ઇચ્છા કરવામાં આવે, તે ઇચ્છિત વસ્તુ વાચક શબ્દને (= નામને) क्यच् લગાડવામાં આવે છે." આવા क्यच् પ્રત્યયાન્ત શબ્દને 'નામધાતુ' કહે છે; અને તેને પરસ્મૈપદના પ્રત્યયો લાગીને ક્રિયાપદનાં રૂપો બને છે. દા. ત., 'રામ પોતાનો પુત્ર ઇચ્છે છે.' रामः आत्मनः पुत्रम् इच्छति । એવો ભાવ વ્યક્ત કરવા માટે रामः पुत्रीयति । એવા 'નામધાતુ'ના ક્રિયાપદનો પ્રયોગ કરવામાં આવે છે. અહીં, રામને પોતાને માટે જેની ઇચ્છા કરવામાં આવે છે તે ઇચ્છિત વસ્તુ વાચક શબ્દ पुत्र છે. તેને क्यच् → (क् અને च् નો લોપ થયા પછી બાકી રહેલો य →) य પ્રત્યય લગાડીશું : पुत्र+य । ત્યાર પછી य પ્રત્યયની પૂર્વમાં જે (पुत्र શબ્દનો) અકાર આવેલો છે તેને દીર્ઘ ईમાં ફેરવવામાં આવે છે. पुत्री+य । → पुत्रीय । આવા य પ્રત્યયાન્ત (= क्यजन्त) 'पुत्रीय' શબ્દને 'ધાતુ' સંજ્ઞા આપવામાં આવે છે. એટલે કે તેને "નામધાતુ" કહેવામાં આવે છે. હવે, આ નામધાતુના વર્તમાનકાળમાં लट् લકારમાં) રૂપો ચલાવવા માટે પહેલા ગણનો 'अ' વિકરણ પ્રત્યય જોડીશું : पुत्रीय+अ+ति = पुत्रीयति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(વર્તમાન કાળમાં)

पुत्रीयति	पुत्रीयतः	पुत्रीयन्ति ।	(પ્રથમ પુરુષ)
पुत्रीयसि	पुत्रीयथः	पुत्रीयथ ।	(મધ્યમ પુરુષ)
पुत्रीयामि	पुत्रीयावः	पुत्रीयामः ।	(ઉત્તમ પુરુષ)

આ જ રીતે, (ઉપર્યુક્ત ૧. અર્થની અભિવ્યક્ત કરવા માટે) જે નામને क्यच् → य પ્રત્યય લગાડવામાં આવે તે નામ જો –

– આ કારાન્ત હોય તો તે અંતિમ આ ને દીર્ઘ ઈ માં પરવર્તિત કરવો. જેમકે, गंगा + य → गंगी + य = गंगीयति ।

– इ કે ई કારાન્ત હોય તો તે અંતિમ इકારને દીર્ઘ ईમાં પરિવર્તિત કરવો, જેમકે, कवि+य → कवीय = कवीयति । नदी+य → नदीय = नदीयति ।

– उ કે ऊ કારાન્ત હોય, તો તે અંતિમ उકારને દીર્ઘ ऊકારમાં પરિવર્તિત કરવો, જેમકે, विष्णु+य → विष्णूय = विष्णूयति । वधू+य → वधूय = वधूयति ।

– ऋ કારાન્ત હોય તો, તે અંતિમ ऋ કારને री માં પરિવર્તિત કરવો, पितृ+य → पित्रीय = पित्रीयति ।

– ओ કે औकारान्त હોય તો અંતિમ ओ અને औકારને અનુક્રમે अव् અને आव्માં પરિવર્તિત કરવો, જેમકે, गो+य → गव्य = गव्यति । नौ + य = नाव्यति ।

– વ્યંજનાન્ત નામોમાંથી જે નામોના અંતે ञ्, ङ्, ण् કે न् હોય તો તેમનો લોપ થાય (અને પછી, ઉપર મુજબના જે સ્વરો અંતે બાકી રહે તેને તે પ્રમાણે પરિવર્તિત કરવા) જેમકે, राजन् + य → राजीय = राजीयति ।

– म કારાન્ત નામની પાછળ, કે અવ્યયની પાછળ આ નામધાતુ બનાવનારો य પ્રત્યય જોડાતો નથી. (દા. ત. किम् इच्छति । इदम् इच्छति । स्वर् इच्छति । વગેરે)

૨. ''અમુક વ્યક્તિ કે વસ્તુના જેવું આચરણ કરે છે'' એ અર્થની અભિવ્યક્તિ કરવા માટે, ઉપમાનવાચક શબ્દને क्यच् પ્રત્યય જોડવો. દા. ત., ''ગુરુ શિષ્ય (ઉપમેય)ની પ્રત્યે પુત્ર (ઉપમાન) જેવો વ્યવહાર કરે છે.'' તો गुरुः छात्रं पुत्रमिव आचरति । હવે, આ ભાવને નામધાતુની મદદથી વ્યક્ત કરવા માટે गुरुः छात्रं पुत्रीयति ।

હવે આનાં ઉદાહરણો જોઈશું :

૧. भिक्षुः कुट्यां प्रासादीयति ।
ભિક્ષુક ઝુંપડીમાં મહેલના જેવું આચરણ કરે છે.

૨. राजा प्रासादे कुटीयति ।
રાજા મહેલમાં ઝૂંપડી માનીને રહે છે.

૩. दरिद्रः मञ्चके पर्यङ्कीयति ।
ગરીબ માંચડા ઉપર પલંગના જેવું આચરણ કરે છે.

૪. कीर्तिः नः स्यादिति कवीयन्ति राजानः ।
'અમારી કીર્તિ થાય-ફેલાય-' એવી અપેક્ષાએ રાજાઓ કવિઓના જેવું આચરણ કરે છે (અથવા, પોતાના કવિઓ હોય એમ ઇચ્છે છે).

૫. (आत्मनः सुखम् इच्छति =) सुखीयति जनः ।
લોકો (પોતાને) સુખ ઇચ્છે છે.

૬. राष्ट्रम् राजीयति । (= राष्ट्रम् आत्मनः राजानम् इच्छति)
રાષ્ટ્ર (પોતાના) રાજાની ઇચ્છા રાખે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૭. मूकः वाच्यति । (= मूकः आत्मनः वाचम् इच्छति)
મૂંગો વાણીની ઇચ્છા કરે છે.

૮. पुस्तकी भवति पण्डितः इति पुस्तकीयन्ति विद्वांसः ।
'પુસ્તકવાળો પંડિત બને છે' એ વિચારે, વિદ્વાનો પોતાની પાસે પુસ્તક હોય એમ ઇચ્છે છે.

નોંધ : क्यच् પ્રત્યય લાગીને બનેલાં નામધાતુઓને કેવળ પરસ્મૈપદના પ્રત્યયો (જ) લાગે છે.

(ख) क्यङ् પ્રત્યયાન્ત નામધાતુઓ : ''અમુકના જેવું આચરણ કરે છે'' (= તદ્વત્ આચાર') એ અર્થમાં કર્તૃભૂત ઉપમાનવાચક શબ્દને क्यङ् પ્રત્યય પણ લાગી શકે છે. દા. ત. બાળક કૃષ્ણના જેવું આચરણ કરે છે.' बालकः कृष्णः इव आचरति → बालकः कृष्णायते । અહીં, ઉપમાનવાચક कृष्ण શબ્દને क्यङ् (=य) પ્રત્યય લગાડવામાં આવે છે. कृष्ण+य ત્યાર પછી, તે य પ્રત્યયની પૂર્વમાં આવેલું નામ જો અકારાન્ત હોય તો, તે અંતિમ અકારને દીર્ઘ આ કારમાં પરિવર્તિત કરવામાં આવે છે. જેમકે, कृष्णा+य અને, પછી 'कृष्णाय' એવો જે નામધાતુ બને છે, તેને (કેવળ) આત્મનેપદના (જ) પ્રત્યયો લગાડીને ક્રિયાપદનાં રૂપો બનાવાય છે. જેમકે,

कृष्णायते	कृष्णायेते	कृष्णायन्ते	પ્રથમ પુરુષ
कृष्णायसे	कृष्णायेथे	कृष्णायध्वे	મધ્યમ પુરુષ
कृष्णाये	कृष्णयावहे	कृष्णायामहे ॥	ઉત્તમ પુરુષ

આવી જ રીતે, જે નામને क्यङ् → य પ્રત્યય લગાડવામાં આવે છે તે નામ જો –

– इ કારાન્ત હોય તો, તે અંતિમ ઇકારને દીર્ઘ ઈમાં પરિવર્તિત કરવો, જેમકે कवि+य → कवीयते ।

– युवतिः । कुमारी । જેવા સ્ત્રીપ્રત્યયાન્ત શબ્દને क्यङ् પ્રત્યય લાગે તો પહેલાં તે સ્ત્રીત્વબોધક ઈ પ્રત્યયનો લોપ થાય છે. અને અવશિષ્ટ પ્રકૃતિના અંતિમ સ્વરનો દીર્ઘ થાય છે. જેમકે,

कुमारी इव आचरति → कुमारी+य → कुमार+य → कुमारा+य → कुमारायते ।

युवति इव आचरति → युवति+य → युवन्+य → युवा+य → युवायते ।

– વ્યંજનાન્ત નામને य પ્રત્યય લગાડવામાં આવે તો વિકલ્પે અંતિમ વ્યંજનનો લોપ થાય છે, અને ત્યાં લોપ થયા પછી અવશિષ્ટ પ્રકૃતિના અંતિમ સ્વરનો દીર્ઘ થાય છે. (પણ જો અંતિમ વ્યંજનનો લોપ ના કરવો હોય તો તેને સીધો य પ્રત્યય પણ જોડી શકાય છે.)

विद्वान् इव आचरति → विद्वायते અથવા विद्वस्यते । विद्वस्+य → विद्व+य → विद्वा+य → विद्वायते । અથવા विद्वस्+य → विद्वस्यते)

હવે, કેટલાંક ઉદાહરણો જોઈશું :

૧. काकः श्येन इव आचरति । (કાગડો બાજપક્ષીના જેવું આચરણ કરે છે.) काकः श्येनायते ।

૨. क्वचित् श्वा सिंह इव आचरति । (ક્યારેક કૂતરો સિંહના જેવું આચરણ કરે છે) → क्वचित् श्वा सिंहायते ।

૩. गर्दभी अप्सरा इव आचरति । (ગધેડી અપ્સરા જેવું આચરણ કરે છે.) → गर्दभी अप्सरायते ।

૪. मम पिता गुरुः इव आचरति । (મારા પિતા ગુરુનાં જેવું આચરણ કરે છે) → मम पिता गुरूयते ।

૫. भोजः कविः इव आचरति । (ભોજરાજ કવિના જેવું આચરણ કરે છે.) → भोजः कवीयते ।

૬. वर्षासु ब्रह्मपुत्रादयः नदाः सागरायन्ते । વર્ષાઋતુમાં બ્રહ્મપુત્રા વગેરે નદો સાગર જેવું આચરણ કરે છે.

૭. मतिर्दोलायते नूनं सतामपि खलोक्तिभिः । (હિતોપદેશ) ધૂર્તોની ઉક્તિઓથી તો સજ્જનોની બુદ્ધિ પણ હીંચકા જેવું આચરણ કરે છે.

૮. वह्निस्तस्य जलायते, जलनिधिः कुल्यायते तत्क्षणात्
मेरुः स्वल्पशिलायते, मृगपतिः सद्यः कुरंगायते ।
व्यालो माल्यगुणायते, विषरसः पीयूषवर्षायते
यस्यांगेऽखिललोकवल्लभतमं शीलं समुन्मीलति ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

''જે વ્યક્તિના શરીરમાં ત્રણેય લોકમાં (બધાને) અત્યંત પ્રિય એવું શીલ = ચારિત્ર્ય વિલસી રહ્યું છે તેને માટે અગ્નિ પાણી જેવો શીતળ બને છે, જલનિધિ (સાગર) એક ક્ષણમાં જ નાની નીક જેવો બની જાય છે, મેરુપર્વત પણ એક નાનકડી શિલા જેવો બની જાય છે, સિંહ તરત જ મૃગલા જેવો બની જાય છે, મોટો નાગ પણ ફૂલોની માળાના દોરા જેવો બની જાય છે અને ઝેર પોતે પણ અમૃતવૃષ્ટિ જેવું બને છે.''

૯. काशीगमनमात्रेण न अन्नंभट्टायते द्विजः ।

'કાશી જવા માત્રથી કોઈ બ્રાહ્મણ અન્નંભટ્ટ બની જતો નથી.'

(ग) क्विप् પ્રત્યયાન્ત નામધાતુઓ : ''અમુક વ્યક્તિ કે વસ્તુના જેવું આચરણ કરે છે'' એ અર્થની અભિવ્યક્તિ કરવા માટે, ઉપમાનવાચક શબ્દને क्विप् પ્રત્યય પણ લગાડી શકાય છે. જેમકે,

૧. नाकः इव आचरति । (સ્વર્ગના જેવું આચરણ કરે છે.) → नाकति

૨. अश्वः इव आचरति । (ઘોડાના જેવું આચરણ કરે છે) → अश्वति ।

૩. गर्दभः इव आचरति → गर्दभति ।

૪. कविः इव आचरति → कवयति ।

અહીં, કોઈ પણ નામને क्विप् પ્રત્યય લાગ્યા પછી તરત તે क्विप् પ્રત્યયનો સર્વાંશે લોપ થાય છે. પણ એકવાર (કોઈ નામની પાછળ क्विप् જોડીએ, એટલે તે નામનું 'નામધાતુ' તરીકે રૂપાન્તર થઈ જાય છે (અને નામપ્રકૃતિમાં કશો વિકાર આવતો નથી) ત્યાર પછી તેમાં પરસ્મૈપદના પ્રત્યયો જોડાય છે. જેમકે,

૧. नाक+क्विप् → नाक + ०
नाक+अ (વિકરણ
પ્રત્યય)+ति = नाकति ॥

૨. कवि+क्विप् → कवि + ० ।
પછી कवि+अ+ति (પ્રકૃતિના इમાં
ગુણ = ए કાર) →
कवे+अ+ति → कवय्+अ+ति = कवयति ॥

દા. ત. धर्मज्ञे धर्मदर्शिनि राजनि, मर्त्यलोकोऽपि नाकति ।

''ધર્મજ્ઞ અને ધર્મપ્રદર્શક રાજા હોય તો, આ મર્ત્યલોક પણ સ્વર્ગ જેવો બની જાય છે.'' (= સ્વર્ગ જેવું આચરણ કરે છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ - ૬
ક્રિયાસામાન્યવાચી कृ ધાતુનો (અનુ)પ્રયોગ

VI.0.1. જગત્માં (જડ-ચેતન) પદાર્થો જન્મે છે, હોય છે, અને મરી જાય છે. અહીં કોઈપણ પદાર્થનું જન્મ લીધા પછી મરી જતાં પૂર્વે (= નાશ પામતા પૂર્વે) વચગાળામાં જે અસ્તિત્વ ટકી રહે છે, તે અસ્તિત્વની દશામાં-આયુષ્યકાળમાં-તે અનેક ક્રિયાઓ કરે છે.જેમકે, સવારે ઊઠે છે, સ્નાન કરે છે, રાંધે છે, ભણે છે, કંઈક જાણે છે, કંઈક ભૂલે છે, કંઈક યાદ કરે છે, બોલે છે, ધનોપાર્જન કરે છે, હરે-ફરે છે, મળે છે, કોઈકને સ્નેહ કરે છે, કોઈકનો દ્વેષ કરે છે, કોઈકની જોડે લઢે છે, કંઈક મેળવે છે, કંઈક ગુમાવે છે, રોગગ્રસ્ત થાય છે કે અકસ્માત્નો ભોગ બને છે અને છેવટે મરી જાય છે. દા. ત., रामः दशरथस्य गृहे जायते । सः युवा भवति । सः सीतां परिणयति । सः वनं गच्छति । सः वानराणां सैन्येन सह लङ्कां गच्छति । सः रावणेन सह युध्यति । सः अयोध्यां परिपालयति । सः स्वर्गम् आरोहति ॥ અથવા नदी प्रादुर्भवति । नदी पर्वतात्/वनात् वहति । नदी शुष्यति । કે नदी सागरं गच्छति ॥

અહીં, ''શું જન્મે છે?'' ''શું થાય છે?'' કે ''આ શું છે?'' ''તે છે કે નહીં?'' એવી ક્રિયાઓ વિષે પૃચ્છા કરવા અને એવા પ્રશ્નોના ઉત્તરમાં ''આ આમ થાય છે'' કે ''આ આમ છે'' એમ સંભવન-ક્રિયા કે અસ્તિત્વની ક્રિયાઓ વિષે વાતચીત કરવા √भू અને √अस् ધાતુઓનો પ્રયોગ થાય છે. જેમકે,

१. रामः किं भवति ? → रामः युवा भवति । रामः राजा भवति । रामः वृद्धः भवति । रामः शिक्षकः भवति । रामः योद्धा भवति । रामः सुग्रीवस्य मित्रं भवति ।

२. रामः कः अस्ति ? → रामः कृपालुः अस्ति । रामः मोक्षदाता अस्ति । रामः अयोध्यायाः नृपः अस्ति । रामः सीतायाः पतिः अस्ति । रामः लवकुशयोः जनकः अस्ति ।

VI.0.2. એવી જ રીતે, જન્મ અને મૃત્યુ વચ્ચેની ક્રિયાઓને વિષે જાણકારી મેળવવા આપણે 'તે શું કરે છે?' ''सः किं करोति ?'' એવો પ્રશ્ન પૂછીએ છીએ. અને પછી એના પ્રત્યુત્તરમાં

सः पठति । કે सः पठनं करोति ।

सः ददाति । કે सः दानं करोति ।

सः युध्यति । કે सः युद्धं करोति ।

मयूरः नृत्यति । કે मयूरः नर्तनं करोति ।

लक्ष्मणः स्नाति । કે लक्ष्मणः स्नानं करोति ।

कुम्भकर्णः शेते । કે कुम्भकर्णः शयनं करोति ।

એવા પ્રત્યુત્તરો મળે છે. આમ અસ્તિત્વ દરમ્યાનની કોઈ પણ ક્રિયા વિષે પૃચ્છા કરવા-જાણકારી મેળવવા માટે વાગ્વ્યવહારમાં ક્રિયા સામાન્યવાચી √कृ (करोति) ધાતુનો પ્રયોગ કરવામાં આવે છે.[1]

VI.0.3. અગાઉ (V.0.1માં) જણાવ્યું છે તેમ સંસ્કૃત ભાષાનું સ્વરૂપ પ્રશ્લિષ્ટ (Poly-synthetic) છે. જ્યારે ગુજરાતી ભાષાનું સ્વરૂપ લગભગ અયોગાત્મક પ્રકારનું છે. તેથી મોરની નર્તનક્રિયા કહેવા માટે 'મોર નાચે છે' કે 'મોર નૃત્ય કરે છે' એવાં વાક્યો બોલાય છે. જેમાં કોઈ એક ક્રિયાની રજૂઆત કરવા માટે વક્તાએ 'નાચે' અને 'છે', અથવા તો 'નૃત્ય', 'કરે' અને 'છે' એવા બે કે ત્રણ પદો વાપરવાં પડે છે. (અહીં, 'છે' અથવા 'કરે છે' ને ''સહાયકારી ક્રિયાપદ'' કહેવામાં આવે છે.) પરંતુ સંસ્કૃત ભાષાનું સ્વરૂપ તો પ્રશ્લિષ્ટ પ્રકારનું હોઈને, આ નર્તનક્રિયા કહેવા માટે સંસ્કૃત ભાષામાં તો ક્રિયાવાચક એક જ પદ – नृत्यति–વાપરવામાં આવે છે. (આવી રીતે शेते । ददाति । युध्यति । पठति । पश्यति । વગેરે અન્ય ઉદાહરણો પણ સમજવાં.)

---

૧. ઉપરની ચર્ચાથી વિદ્યાર્થીઓને એ સ્પષ્ટ થયું હશે કે આ ત્રણેય ક્રિયાઓ અત્યંત મહત્ત્વની અને પાયાની છે. આથી √भू, √अस्, અને कृ ધાતુના વર્તમાનકાળ, સામાન્ય ભવિષ્યત્કાળ, હ્યસ્તન ભૂતકાળ, આજ્ઞાર્થ અને વિધ્યર્થનાં ક્રિયાપદનાં રૂપો તો અવશ્ય કંઠસ્થ કરી લેવાં.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરંતુ સંસ્કૃત ભાષાના તમામ ક્રિયાવાચક ધાતુઓ હસ્તગત ન થયા હોય ત્યાં સુધી, અથવા તો ક્યારેક અમુક વિશિષ્ટ ક્રિયાનો વાચક કયો ધાતુ હશે ? એ તત્કાળ સ્મૃતિપથમાં ઉપસ્થિત ન થાય ત્યારે; ઉપર જણાવ્યું છે તેમ ક્રિયામાત્રમાં 'કરે છે' (''વાંચે છે''માં ''વાંચન કરે છે.'') એવો અંશ તો સામાન્યેન અન્વિત હોય છે જ. તેથી पठति । ને બદલે पठनं करोति । પણ બોલી શકાય ! એવી જ રીતે – ૧. नृत्यति । ને બદલે नर्तनं करोति ।, ૨. पश्यति । ને બદલે दर्शनं करोति ।, ૩. भाषते । ને બદલે भाषणं करोति ।, ૪. स्तौति । ને બદલે स्तवनं करोति ।, ૪. प्रार्थयते । ને બદલે प्रार्थनां करोति ।, ૫. श्रृणोति । ને બદલે श्रवणं करोति ।, ૬. गायति । ને બદલે गानं करोति ।, ૭. भक्षयति । ને બદલે भक्षणं करोति ।, ૮. वर्णयति । ને બદલે वर्णनं करोति ।, ૯. जुहोति । ને બદલે हवनं करोति/यजनं करोति ।, ૧૦. हन्ति । ને બદલે हननं करोति ।, ૧૧. बिभेति । ને બદલે भयानुभवं करोति ।, ૧૨. गृहणाति । ને બદલે ग्रहणं करोति । વગેરે વગેરે. એમ પણ कृ ધાતુની મદદથી વાક્યરચના કરી શકાય અને ઇચ્છિત કોઈ પણ ક્રિયા વિષે સહેલાઈથી વાતચીત કરી શકાય છે.

VI.1.0. ઉપર જોયું તે મુજબ કોઈ એક નિશ્ચિત ક્રિયા કહેવા માટે જ્યારે કોઈ ધાતુનું અમુક ચોક્કસ કાળ કે અર્થનું રૂપ વક્તાના મનમાં કોઈક કારણસર ઉપસ્થિત ન થતું હોય ત્યારે ક્રિયાસામાન્યવાચી √कृ ધાતુનો (અનુ) પ્રયોગ કરીને વાક્યરચના કરી શકાય છે. આ અંગેની વ્યવસ્થા નીચે મુજબ છે : આપણે જે એક નિશ્ચિત ક્રિયા વિષે વાતચીત કરવા માગતા હોઈએ તે ક્રિયાવાચક ધાતુનું, પહેલાં अन પ્રત્યયાન્ત ભાવવાચક શબ્દસ્વરૂપ બનાવી લેવું. (દા. ત. करण, हरण, गमन, पठन, नयन, ग्रहण, दर्शन, नर्तन, शयन, भक्षण વગેરે); અને તેની પાછળ √कृ ધાતુમાંથી સાધેલા ચોક્કસ/વિવક્ષિત કાળ કે અર્થના વાચક હોય એવા ક્રિયાપદનો અનુપ્રયોગ (=પશ્ચાદ્ પ્રયોગ) કરવો. દા. ત., ''મોર (વર્તમાનકાળમાં) નાચે છે.'' → मयूरः नृत्यति । એવા પ્રશ્લિષ્ટ ક્રિયાપદનો પ્રયોગ કરવો ન ફાવે એમ હોય ત્યારે (જ), 'નાચવું' એવી ચોક્કસ ક્રિયા વિષે રજૂઆત કરવા માટે √नृत् ધાતુનો अन પ્રત્યય લગાડીને नर्तन એવો ભાવવાચક શબ્દ બનાવી લેવો, અને પછી તેની પાછળ √कृ ધાતુનો અનુપ્રયોગ કરવો. હવે નાચવાની ક્રિયા ચોક્કસ એવા કોઈક (દા. ત., વર્તમાન) કાળમાં થઈ રહી છે એમ દર્શાવવા √कृ ધાતુનું વર્તમાનકાળ પ્રથમ પુરુષ એકવચનનું રૂપ વપરાશે. તો ૧. मयूरः नर्तनं करोति । એવો પ્રયોગ થશે. ૨. 'મોર નાચ્યો હતો' એમ કહેવું હોય તો नर्तनની પાછળ √कृ ધાતુનું હ્યસ્તન ભૂતકાળ, પ્રથમ પુરુષ, એકવચનનું, રૂપ વપરાશે. જેમકે, मयूरः नर्तनम् अकरोत् । એવી જ રીતે, ૩. 'મોર નાચશે.' તેને માટે नर्तनની પાછળ √कृ ધાતુનું ભવિષ્યત્કાળનું રૂપ વપરાશે. તો मयूरः नर्तनं करिष्यति । એમ થશે.

VI.2.0. આ રીતે √कृધાતુનો અનુપ્રયોગ કરતી વખતે સમગ્ર વાક્યરચના બાબતે નીચે મુજબની વ્યવસ્થા જાળવવી પડશે. એ ધ્યાનથી સમજી લઈશું :

(क) આપણે જે એક નિશ્ચિત ક્રિયા વિષે વાત કરવી હોય તે વિશેષ ક્રિયા જો સકર્મક હોય તો– તે વિશેષ ક્રિયાનું કર્મ ષષ્ઠી વિભક્તિમાં મૂકવામાં આવે છે; અને अन પ્રત્યયાન્ત ભાવવાચક શબ્દથી વ્યક્ત થતી વિશેષ ક્રિયા પોતે √कृ ધાતુવાચ્ય ક્રિયાનું કર્મ બનશે; (એટલે કે अन પ્રત્યયાન્ત શબ્દને કર્મ ગણીને,) તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવશે ઉદાહરણ તરીકે –

રામ	ફળ	ખાય છે.	} વર્તમાનકાળ પ્રથમ પુરુષ એકવચન.
કર્તા	કર્મ	ક્રિયાપદ	
रामः	फलं	भक्षयति ।	

આ વાક્યમાં વિશેષ ક્રિયા 'ખાવું' છે, અને તે સકર્મક છે. તો તેને માટે –

(૧) √भक्ष ધાતુનું, (૧૦મા ગણનું વર્તમાનકાળનું ક્રિયાપદ નહીં બનાવતાં) अन પ્રત્યય લગાવીને भक्षण એવું ભાવવાચક નામ બનાવીશું; અને તે વિશેષ ક્રિયાવાચક अन પ્રત્યયાન્ત भक्षण શબ્દને કર્મ ગણીને દ્વિતીયા વિભક્તિમાં મૂકીશું.

(૨) તથા 'ખાવું' એવી વિશેષ ક્રિયાનું કર્મ 'ફળ' છે (શું ખાય છે ? તો 'ફળ'. આમ 'ફળ' એ ખાવું ક્રિયાનું કર્મ છે.) તેને ષષ્ઠી વિભક્તિમાં મૂકીશું. તથા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૩) ત્રીજે તબક્કે-ખાવાની ક્રિયા વર્તમાનકાળમાં પ્રથમ પુરુષ એકવચન દ્વારા કરવામાં આવી રહી છે એ દર્શાવવા માટે कृ ધાતુનું વર્તમાન કાળ, પ્રથમ પુરુષ એકવચનનું ક્રિયાપદ બનાવીશું; અને તેનો भक्षण ની પાછળ અનુપ્રયોગ કરીશું. તો–

रामः फलस्य भक्षणं करोति । એવું વાક્ય બનશે.

આવાં બીજાં કેટલાંક સકર્મક ધાતુવાળાં વાક્યોનો અભ્યાસ કરો :-

૧. સીતા પુસ્તક વાંચે છે.
सीता पुस्तकं पठति ।

૧. सीता पुस्तकस्य पठनं करोति । (વર્તમાનકાળ)

૨. બ્રાહ્મણો ઇન્દ્રને યજે છે.
विप्राः इन्द्रं यजन्ति ।

૨. विप्राः इन्द्रस्य यजनं कुर्वन्ति । (વર્તમાનકાળ પ્ર. પુ. બહુ. વ)

૩. નારદે વિષ્ણુને જોયા.
नारदः विष्णुम् अपश्यत् ।

૩. नारदः विष्णोः दर्शनं अकरोत् । (હ્યસ્તન ભૂતકાળ)

૪. ઈશ્વર ભક્તને બચાવે.
ईश्वरः भक्तं रक्षेत् ।

૪. ईश्वरः भक्तस्य रक्षणं कुर्यात् । (વિધ્યર્થ)

૫. તું સોમરસ પી લે.
त्वं सोमरसं पिब ।

૫. त्वं सोमरसस्य पानं कुरु । (આજ્ઞાર્થ)

૬. હરિ વૃક્ષોને છેદશે.
हरिः वृक्षान् छेत्स्यति ।

૬. हरिः वृक्षाणां छेदनं करिष्यति । (ભવિષ્યત્કાળ)

૭. અરુણા વેદાન્ત ભણે છે.
अरुणा वेदान्तम् अधीते ।

૭. अरुणा वेदान्तस्य अध्ययनं करोति । (વર્તમાનકાળ)

૮. પ્રશ્લિષ્ટ ક્રિયાપદ વાપરીએ ત્યારે

રાજા કર્તા नृपः	બ્રાહ્મણને સમ્પ્રદાન ब्राह्मणाय	ધન કર્મ धनं	આપે છે. ક્રિયાપદ ददाति ।

'આપવું' ક્રિયા માટે 'दानं' (અન પ્રત્યયાન્ત) સાથે कृનો અનુપ્રયોગ

'કર્તા'ને પ્રથમા ચાલુ	'સમ્પ્રદાન'ને ચતુર્થી ચાલુ	दा ધાતુના કર્મ (ધન) ને ષષ્ઠી વિ. માં ફેરવીશું ↓	દાન શબ્દને 'કર્મ' ગણી દ્વિતીયામાં	कृ ધાતુનું વર્તમાન-કાળ પ્રથમ પુ. એ.વ.માં રૂપ
नृपः	ब्राह्मणाय	धनस्य	दानं	करोति ।

(ख) આપણે જે એક નિશ્ચિત ક્રિયા વિશે વાત કરવી હોય તે વિશેષ ક્રિયા જો અકર્મક હોય તો–તેવા વાક્યમાં વિશેષક્રિયાનું કર્મવાચક પદ તો હોવાનું જ નથી. (તેથી કર્મને કઈ વિભક્તિમાં મૂકવું ? એવો પ્રશ્ન જ ઉપસ્થિત થશે નહીં.)

હવે, તે વિશેષ ક્રિયાને માટે નિશ્ચિત ધાતુમાંથી સાધિત ક્રિયાપદ વાપરવાને બદલે, તે વિશેષ ક્રિયાને અન પ્રત્યયાન્ત ભાવવાચક શબ્દથી વ્યક્ત કરીશું. અને તેની પાછળ √कृ ધાતુનો અનુપ્રયોગ કરીશું. અહીં, અન પ્રત્યયાન્ત ભાવવાચક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શબ્દથી વ્યક્ત થતી વિશેષ ક્રિયા પોતે, √कृ ધાતુવાચ્ય ('કરવું') ક્રિયાનું 'કર્મ' બનશે. એટલે કે अन પ્રત્યયાન્ત શબ્દને 'કર્મ' ગણીને દ્વિતીયા વિભક્તિમાં મૂકવાનું છે.

ઉદા. તરીકે –

૧. રામ	ઊંઘે	છે.	વર્તમાનકાળ
કર્તા	ક્રિયાપદ		પ્રથમ પુરુષ
रामः	शेते ।		એકવચન

આ વાક્યમાંની વિશેષ ક્રિયા 'ઊંઘવું' છે, અને તે અકર્મક છે. તો તેને માટે (૧) √शीङ् शयने ધાતુનું (બીજા ગણનું વર્તમાનકાળનું ક્રિયાપદ–शेते–નહીં બનાવતાં) अन પ્રત્યય લગાડીને शयन એવું ભાવવાચક નામ બનાવીશું. અને તે વિશેષ ક્રિયાવાચક अन પ્રત્યયાન્ત शयन શબ્દને કર્મ ગણીને દ્વિતીયા વિભક્તિમાં મૂકીશું. (૨) પછી બીજા તબક્કે, ઊંઘવાની ક્રિયા વર્તમાનકાળમાં પ્રથમ પુરુષ, એકવચન દ્વારા કરવામાં આવી રહી છે એ દર્શાવવા માટે √कृ ધાતુનું વર્તમાનકાળ પ્રથમ પુરુષ એકવચનનું ક્રિયાપદ બનાવીશું, અને તેનો शयनની પાછળ અનુપ્રયોગ કરીશું :

रामः शयनं करोति ।

૨. (સૈનિકો સ્નાન કરે છે.) सैनिकाः स्नान्ति ।

सैनिकाः स्नानं कुर्वन्ति ॥

VI.3. કેટલાક અપવાદ રૂપ ધાતુઓ વપરાયા હોય ત્યારે कृ ધાતુ ઉપરાંત બીજા ક્રિયાસામાન્યવાચી √भू કે √अस् ધાતુઓનો પણ અનુપ્રયોગ થઈ શકે છે, અને ત્યાં વિશેષક્રિયાને માટે अन પ્રત્યયાન્ત ભાવવાચક શબ્દરૂપને બદલે અન્ય કોઈક પ્રકારનો ભાવવાચક શબ્દ વપરાય છે. એનાં ઉદાહરણો જોઈશું :

૧. प्रियंवदा हसति । (અકર્મક)

પ્રિયંવદા હસે છે (= સ્મિત કરે છે.).

प्रियंवदा हास्यं करोति ।

૨. रघुः रुद्रं यजते । (સકર્મક)

રઘુ રુદ્રને યજે છે (= રુદ્રનો યજ્ઞ કરે છે.)

रघुः रुद्रस्य यागं (અથવા इष्टिं) कुरुते (= करोति) ।

૩. अहम् ज्ञानं लभे । (સકર્મક)

अहम् ज्ञानस्य उपलब्धिं/प्राप्तिं करोमि ।

૪. विप्रः वेदमन्त्रान् जानीते/जानाति । (સકર્મક)

विप्रः वेदमन्त्राणां ज्ञप्तिम् करोति । (विप्रः वेदमन्त्राणां ज्ञानं करोति ।)

નોંધ : આ ચારેય ઉદાહરણોમાં વિશેષક્રિયાને માટે अन પ્રત્યયાન્ત નહીં તેવા અન્ય પ્રકારના ભાવવાચક શબ્દો વપરાયા છે તે જુવો.

૫. सीता लज्जते । (અકર્મક)

સીતા શરમાય છે (= શરમને અનુભવે છે.)

सीता लज्जाम् अनुभवति ।

૬. विदूषकः (मोदकेन) हृष्यति । (અકર્મક)

विदूषकः (मोदकेन) हर्षम् अनुभवति ।

(अनु ઉપસર્ગ લાગવાથી √भू સકર્મક બને છે.)

૭. दुर्योधनः म्रियते । (અકર્મક)

દુર્યોધન મરે છે (= દુર્યોધનનું મરણ થાય છે.)

दुर्योधनस्य मरणं भवति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૮. अग्निः शाम्यति । (અકર્મક)
અગ્નિ શમી જાય છે. (= અગ્નિનનું શમન થાય છે.)
अग्नेः (કર્તા ષષ્ઠીમાં) शमनं (ભાવવાચક શબ્દ કર્તા બને) भवति ।

૯. (गुरोः कृपया) अज्ञानं नश्यति । (અકર્મક)
(गुरोः कृपया) अज्ञानस्य नाशः भवति ।

૧૦. रामः रावणाय क्रुध्यति । (અકર્મક)
रामः रावणाय क्रोधम् अनुभवति ।

૧૧. सीता सिंहात् बिभेति । (અકર્મક)
सीता सिंहात् भयम् अनुभवति । (-भयस्यानुभवं करोति ।)

* * *

ગત્યર્થક ધાતુના સન્દર્ભમાં અગાઉ આપણે કહી ચૂક્યા છીએ કે ''વાક્યમાં જ્યારે ગત્યર્થક ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે જ્યાં જવાનું હોય તે 'લક્ષ્યવાચક' શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.'' જેમકે, रामः वनं गच्छति । હવે, આવા ગમ ગચ્છ્ ઇત્યાદિ ગત્યર્થક ધાતુઓમાંથી સાધિત ક્રિયાપદો વાપરવાને બદલે જો ગમન જેવા (अन् પ્રત્યયાન્ત ભાવવાચક) શબ્દો વાપરવા હોય તો (અને તેની પાછળ √कृ ધાતુનો અનુપ્રયોગ કરવો હોય તો) શી વ્યવસ્થા કરવી પડશે ? એવો પ્રશ્ન થશે. [કારણ કે ગમ્ ગચ્છ ઇત્યાદિ ધાતુવાળા વાક્યમાં ઉપર જણાવ્યું તેમ લક્ષ્યવાચક શબ્દ દ્વિતીયા વિભક્તિમાં વપરાયો હોય છે તે ખરું, પણ શાસ્ત્રીય દૃષ્ટિએ ગમ્ ઇત્યાદિ ગત્યર્થક ધાતુને અકર્મક ગણવામાં આવ્યા છે ! તેથી √कृ નો અનુપ્રયોગ કરવાના પ્રસંગે, ઉપર (क) માં બતાવ્યા પ્રમાણે, કર્મને ષષ્ઠી વિભક્તિમાં મૂકીશું કે નહીં ? તે જાણવું પડશે.] તો–

रामः वनाय गमनं करोति । અથવા
रामः वनं प्रति गमनं करोति ।)

એવી રીતે લક્ષ્યવાચક શબ્દને ચતુર્થી વિભક્તિ લગાડવી. બીજું એક ઉદાહરણ લઈએ –
વાનર વૃક્ષ ઉપર ચઢે છે.
वानरः वृक्षम् आरोहति ।

અહીં આ+√रुह ગત્યર્થક ધાતુના પ્રયોગમાં લક્ષ્યવાચક વૃક્ષ શબ્દને દ્વિતીયા વિભક્તિ લાગી છે. હવે, જો कृ ધાતુનો અનુપ્રયોગ કરીને આ વાક્ય બનાવવું હોય તો લક્ષ્યવાચક શબ્દને ચતુર્થીમાં ફેરવીશું : वानरः वृक्षाय आरोहणं करोति । [અથવા તો वानरः (वृक्षस्य उपरि आरोहणं करोति । અહીં उपरि અવ્યયના યોગને કારણે 'વૃક્ષ'ને ષષ્ઠી વિભક્તિમાં મૂકેલ છે.]

* * *

નોંધ : સંસ્કૃત ભાષાના સરલીકરણ માટે અનેક ઉપાયો સૂચવવામાં આવ્યા છે; પરંતુ આ પ્રકરણ-૬માં સૂચવેલી યુક્તિ શાસ્ત્રસમ્મત છે અને વિદ્વાનોને માન્ય થાય એવી છે. ક્રિયા સામાન્યવાચી भू, अस् અને कृ નો અનુપ્રયોગ જો ઉપયોગમાં લેવામાં આવે તો સંસ્કૃત ભાષાના અતિવિસ્તૃત એવા ક્રિયાપદોના જટિલ રૂપાખ્યાનમાંથી, શરૂઆત કરતા વિદ્યાર્થીઓને થોડીક રાહત આપી શકાય એમ છે. એકવાર વિવિધ પ્રકારના વાક્યોની રચના કેમ કરવી એનું જ્ઞાન સુદૃઢ થઈ જાય પછી, તેને ક્રિયાપદોની જટિલ દુનિયામાં ડોકિયું કરવા આપોઆપ ઇચ્છા થશે એવો નમ્ર અભિપ્રાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ - ૭

કર્મણિ પ્રયોગ અને ભાવે પ્રયોગ

(કર્મવાચ્ય અને ભાવવાચ્ય)

VII.0.1. કર્તરિ, કર્મણિ અને ભાવે પ્રયોગની સમજ :

સંસ્કૃત ભાષામાં પ્રથમા વિભક્તિ(ના પ્રત્યયો)નો પ્રયોગ 'ઉદ્દેશ્ય' દર્શાવવા માટે થાય છે. (બીજા શબ્દોમાં કહીએ તો- પ્રથમા વિભક્તિ ઉદ્દેશ્યવાચિકા છે.) દા. ત.

'હનુમાન્ પોતાના બાહુબળથી ઓષધિનો પર્વત ઊંચકી લાવે છે.' આ વાક્યમાં ''હનુમાન્ શું કરે છે ?'' અથવા તો - ''લાવવાની ક્રિયા 'કોણ' કરે છે ?'' એવી જિજ્ઞાસાના ઉત્તર રૂપે હનુમાનને ઉદ્દેશીને, 'હનુમાન્ પર્વત ઊંચકી લાવવાની ક્રિયા કરે છે' એનું વિધાન કરવામાં આવ્યું છે. (એટલે કે ઉપરના વાક્યમાં હનુમાન્ એ 'ઉદ્દેશ્ય' છે; અને 'લાવે છે' એ વિધેય છે.

આ જ વાક્યને બીજી રીતે બોલીએ તો - 'હનુમાન્ વડે પોતાના બાહુબળથી પર્વત લવાય છે.' અહીં ''શું લવાય છે ?'' એવી જિજ્ઞાસાના ઉત્તર રૂપે પર્વતને, ઉદ્દેશીને, 'પર્વત લાવવામાં આવે છે/પર્વતને લાવવાની ક્રિયા થાય છે' એનું વિધાન કરવામાં આવ્યું છે. (એટલે કે, આ બીજા પ્રકારના વાક્યમાં પર્વત એ ઉદ્દેશ્ય છે; અને 'લાવવામાં આવે છે'/ કે 'લવાય છે'–એ વિધેય છે. ટૂંકમાં, જેને અનુલક્ષીને વાતચીત થતી હોય/જેને પ્રધાનપણે ઉદ્દેશીને વાક્યરચના થતી હોય; એટલે કે જે topic of the conversation હોય તેને ''ઉદ્દેશ્ય'' કહે છે.

હવે એ જાણવું/સમજવું જરૂરી છે કે વાક્ય જ્યારે 'કર્તા' (= ક્રિયાજનક)ને ઉદ્દેશીને બોલાયું હોય ત્યારે તે ''કર્તરિ પ્રયોગ'' ગણાય છે; અને વાક્ય જ્યારે 'કર્મ'ને (= ક્રિયાભાક્, ક્રિયા જેની ઉપર થાય છે, તેને) ઉદ્દેશીને બોલાયું હોય ત્યારે તેને ''કર્મણિ પ્રયોગ'' કહેવાય છે. જેમકે,

૧. कपीश्वरः (= हनुमान्) पर्वतम् आनयति ।

(હનુમાન્ પર્વતને ઊંચકી લાવે છે.) આ વાક્ય લાવવાની ક્રિયા કરનાર = કર્તા 'હનુમાન્'ને ઉદ્દેશીને બોલાયું છે; [એટલે કે–'કોણ લાવે છે ?'–એ તરફ વાતનો ભાર મૂકવામાં આવ્યો છે.] તેથી તે 'કર્તરિ' પ્રયોગ છે. તથા

૨. कपीश्वरेण (= हनुमता) पर्वतः आनीयते ।

(હનુમાન્ વડે પર્વત લવાય છે.) - આ વાક્ય લાવવાની ક્રિયાના કર્મ (= પર્વત)ને ઉદ્દેશીને બોલાયું છે. (એટલે કે 'શું લવાય છે ?' એ તરફ વાતનો ભાર મૂકવામાં આવ્યો છે.] તેથી તેને 'કર્મણિ પ્રયોગ' કહેવામાં આવે છે.

* * *

હવે, [(કેવળ) અકર્મક ધાતુઓના સન્દર્ભમાં] જ્યારે કર્તાને ઉદ્દેશ્ય નહીં બનાવતાં, કેવળ ક્રિયા = ભાવને ઉદ્દેશીને જ વાક્યરચના કરવામાં આવે ત્યારે તેને 'ભાવે પ્રયોગ' કહે છે. જેમકે, 'મારાથી ચલાય છે. મારાથી ઊભા રહેવાય છે.' ઘાયલ સૈનિકથી ઊઠાતું નથી.' (પગનું હાડકું તૂટી ગયા પછી, પાટાપીંડી કરાવીને બે-ત્રણ માસના આરામ પછી, દર્દીને કોઈ પૂછે કે 'હવે કેમ છે ? તો તે કહે છે કે 'મારાથી (હવે) ચલાય છે.'' તો અહીં વક્તા ચાલવાની ક્રિયાને ઉદ્દેશીને વાક્યરચના કરે છે. આને 'ભાવેપ્રયોગ' કહેવામાં આવે છે.)[1]

VII.0.2. કયા ધાતુનો કર્તરિ/કર્મણિ/ભાવે પ્રયોગ થઈ શકે ?

ક્રિયાવાચક ધાતુઓમાંથી 'ક્રિયાપદો' બનાવતાં પહેલાં ધાતુ માત્રનો અનેક દૃષ્ટિકોણથી અભ્યાસ કરવાનો હોય છે. (જેના વિશે આપણે V.0.2. માં ચર્ચા કરી ગયા છીએ.) પરંતુ તે સૌમાંથી પહેલાં એ દૃષ્ટિકોણથી વિચારવામાં આવે છે કે કયો ધાતુ 'સકર્મક' છે અને કયો ધાતુ 'અકર્મક' છે ? કારણ કે ધાતુના સકર્મક હોવા કે અકર્મક હોવા ઉપર જ જે તે ધાતુનો કર્તરિ/કર્મણિ/ભાવે પ્રયોગ થશે કે નહીં થાય એ નક્કી થતું હોય છે. જેમકે,

---

૧. અમુક ધાતુ 'સકર્મક' છે કે 'અકર્મક' છે ? એ કેવી રીતે નક્કી થાય છે. તેની ચર્ચા V.0.3.1.માં કરવામાં આવી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ધાતુ

- 'સકર્મક' હોય તો વિવક્ષાનુસાર
  - કર્તરિ પ્રયોગ કે કર્મણિ પ્રયોગ થઈ શકે છે.
- 'અકર્મક' હોય તો વિવક્ષાનુસાર
  - કર્તરિ પ્રયોગ કે ભાવે પ્રયોગ થઈ શકે છે.

આ મુદ્દાને થોડીક વિગતે સમજીશું :

(૧) જો ધાતુ 'સકર્મક' હશે તો, (क) તે ધાતુવાચ્ય વ્યાપારના આશ્રય 'કર્તા'કારકને ઉદ્દેશીને ક્રિયાનું વિધાન કરવું છે (એટલે કે 'કર્તરિ પ્રયોગ' કરવો છે) ? કે - (ख) તે ધાતુવાચ્ય વ્યાપારથી જન્ય એવા ફળના આશ્રય રૂપ 'કર્મ' કારકને ઉદ્દેશીને ક્રિયાનું વિધાન કરવું છે. (એટલે કે 'કર્મણિ પ્રયોગ' કરવો છે) ? એની પહેલાં પસંદગી કરી લેવી પડે છે. આ પસંદગી વક્તાની વિવક્ષાને અધીન રહે છે. દા. ત. –

''સીતા (કર્તા), તપેલીમાં ચોખા (કર્મ), રાંધે છે.'' અહીં 'રાંધવું' ક્રિયાનો વ્યાપાર (= તપેલી લેવી, ચોખા-પાણી લેવાં, તપેલીમાં મૂકવાં, અગ્નિ ઉપર ચઢાવવા વગેરે) જે વ્યક્તિમાં રહે છે તે 'સીતા'ને ''કર્તાકારક'' કહેવાય છે. તથા 'રાંધવું' ક્રિયાથી = વ્યાપારથી જે 'ઢીલા પડવા' રૂપી ફળ આવશે, તે જે પદાર્થમાં રહેશે તે (ચોખા પદાર્થ)ને 'કર્મકારક' કહેવાય છે. હવે, વક્તાને જ્યારે આ રાંધવાની ક્રિયા વિષે વિધાન કરવું હોય છે, ત્યારે તે તેને બે રીતે રજૂ કરી શકે છે : (क) 'કોણ રાંધે છે ?' (અર્થાત્ રાંધવાની ક્રિયાના કર્તાને ઉદ્દેશીને વાક્ય બનાવી શકે; જેમાં કર્તાવાચક શબ્દને પ્રથમા વિભક્તિમાં તે મૂકે, અને તે કર્તા અનુસાર ક્રિયાપદના રૂપમાં ति વગેરે પ્રત્યયને ગોઠવે. (જેને વિષે પ્રકરણ-૧માં સમજૂતી આપી છે.) જેમકે, 'સીતા તપેલીમાં ચોખા રાંધે છે.' सीता स्थाल्यां तण्डुलान् पचति ॥ અથવા (ख) ''શું રંધાય છે ?'' (અર્થાત્ રાંધવાની ક્રિયાનું ફળ જેમાં રહેવાનું છે, તે 'કર્મકારક'ને ઉદ્દેશીને વાક્ય બનાવી શકે; જેમાં કર્મવાચક શબ્દને પ્રથમા વિભક્તિમાં તે મૂકે અને તે કર્મ અનુસાર ક્રિયાપદના રૂપમાં य+ते તે વગેરે આત્મનેપદના પ્રત્યયને ગોઠવે.) જેમકે, 'સીતા વડે તપેલીમાં ચોખા રંધાય છે.' सीतया स्थाल्यां तण्डुलाः पच्यन्ते ।

(૨) જો ધાતુ અકર્મક હશે તો–તે ધાતુવાચ્ય ક્રિયા = વ્યાપાર અને તજ્જન્ય ફળ એક જ પદાર્થ (વ્યક્તિ)માં રહેતાં હોઈને, વ્યાપારાશ્રય કર્તાકારકથી ભિન્ન હોય એવો ફલને ધારણ કરનારો (= ફલાશ્રય બનનારો) પદાર્થ (= કર્મકારક રૂપ પદાર્થ) જુદો મળવાનો જ નથી. તેથી 'કર્મ'ને ઉદ્દેશ્ય બનાવીને તો વાક્યરચના થઈ શકતી જ નથી (એટલે કે અકર્મક ધાતુનો પ્રયોગ કરવાનો હોય તો 'કર્મણિ પ્રયોગ' થઈ શકતો જ નથી.) તેથી આવા અકર્મક ધાતુનો ઉપયોગ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે વક્તા પાસે નીમ્નોક્ત બે પ્રકારની પસંદગી રહે છે : (क) અકર્મક ધાતુવાચ્ય ક્રિયા = વ્યાપારના આશ્રય રૂપ 'કર્તાકારક'ને ઉદ્દેશીને ક્રિયાનું વિધાન કરવું છે (એટલે કે 'કર્તરિ પ્રયોગ' કરવો છે) ? કે– (ख) તે અકર્મક ધાતુવાચ્ય વ્યાપાર (= ભાવ)ને પોતાને જ ઉદ્દેશ્ય બનાવીને ક્રિયાનું વિધાન કરવું છે (એટલે કે 'ભાવે પ્રયોગ' કરવો છે) ? વક્તાએ આની પહેલાં પસંદગી કરી લેવાની રહે છે. દા. ત.,

'મેદાનમાં (અધિકરણ), રામ (કર્તા) રમે છે.' અહીં 'રમવું' ક્રિયાનો વ્યાપાર (= હાથ ઊંચાનીચા કરવા, પગથી દોડાદોડ કરવી, ઉછળકૂદ કરવી વગેરે) જે વ્યક્તિમાં રહે છે તે 'રામ'ને 'કર્તાકારક' કહે છે. (હવે, આ 'રમવું' ક્રિયાનું ફળ-આનંદની પ્રાપ્તિ-તે રામથી ભિન્ન બીજા કોઈ પદાર્થમાં રહેતી નથી, પણ રામમાં જ રહે છે. તેથી 'રમવું' ક્રિયાનો વ્યાપાર અને ફળ બન્ને એક જ પદાર્થમાં રહેતા હોઈને, તે ધાતુ 'અકર્મક' કહેવાશે. આવા અકર્મક ધાતુવાચ્ય ક્રિયાનું વિધાન કરવું હોય ત્યારે (= આવી ક્રિયા વિષે વાત કરવી હોય ત્યારે) વક્તા તેને બે રીતે રજૂ કરી શકે છે, જેમકે, (क) 'કોણ રમે છે ?' [અર્થાત્ રમવાની ક્રિયાના કર્તાને ઉદ્દેશીને વાક્ય બનાવી શકે, જેમાં કર્તાવાચક શબ્દને પ્રથમા વિભક્તિમાં તે મૂકશે, અને તે કર્તા અનુસાર ક્રિયાપદના રૂપમાં ति વગેરે પ્રત્યયને ગોઠવશે, (જેને વિષે પ્રકરણ-૧માં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સમજૂતી આપી છે.) તો 'મેદાનમાં રામ રમે છે.' = क्रीडाङ्गणे रामः क्रीडति । અથવા '(કર્તા વડે = રામ વડે) શું કરાય છે ? (અર્થાત્ કર્તા વડે કઈ 'ક્રિયા' થઈ રહી છે તે ક્રિયા = ભાવને ઉદ્દેશીને પણ વાક્ય બનાવી શકે, જેમાં કર્તાવાચક શબ્દને તે તૃતીયા વિભક્તિમાં મૂકશે; અને ક્રિયાપદના રૂપમાં ધાતુ + य + ते (કેવળ પ્રથમ પુરુષ, એકવચનનો આત્મનેપદનો) તે એવો પ્રત્યય (જ) ગોઠવશે. જેમકે, રામ વડે મેદાનમાં રમાય છે.' रामेण क्रीडाङ्गणे क्रीड्यते ।]

VII.1.1. (કર્મણિ પ્રયોગમાં) ઉદ્દેશ્ય રૂપ 'કર્મ'ની સાથે ક્રિયાપદની સંગતિ :

અત્યાર સુધીનાં પ્રકરણો (૧થી ૬)માં કર્તરિ પ્રયોગવાળાં (જ) વાક્યો લઈને જુદી જુદી ચર્ચાઓ કરી છે. હવે, અહીં કર્મણિ અને ભાવે પ્રયોગવાળાં વાક્યોની રચના કેવી રીતે કરવામાં આવે છે એને સ્પષ્ટ કરવા પ્રયત્ન કરીશું :

ઉપર જણાવ્યું છે તેમ સકર્મક ધાતુવાચ્ય ક્રિયાનો ઉપયોગ કરીને વાક્યરચના કરવી હોય ત્યારે ૧. કર્તાને ઉદ્દેશીને વાક્ય બનાવી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો–વાક્યમાં જેને (= કર્તાને કે કર્મને) ઉદ્દેશીને ક્રિયાવિધાન કરવામાં આવે છે તે (કર્તા કે કર્મ) તે પ્રથમા વિભક્તિનો પ્રત્યય લગાડવામાં આવે છે. અર્થાત્ પ્રથમા વિભક્તિ 'ઉદ્દેશ્ય-વાચિકા' છે.

ઉદ્દેશ્ય

કર્તા

૧. વક્તા પોતે પોતાને વિષે કંઈક કહેતો હોય,

૨. વક્તા શ્રોતાને ઉદ્દેશી = સંબોધીને, તે (શ્રોતા)ને વિષે કંઈક કહેતો હોય, કે

૩. વક્તા પોતાના અને શ્રોતાથી ભિન્ન એવા જડ-ચેતન જગત્‌ને વિષે કંઈક કહેતો હોય–

ત્યારે કર્તાને પ્રથમા વિભક્તિ લગાડવામાં આવે છે, (અને કર્મને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવે છે.) તથા 'કર્તા'ના 'પુરુષ' અનુસાર ક્રિયાપદનો પ્રયોગ કરવામાં આવે છે.

કર્મ

૧. (કર્મભૂત) વક્તા પોતાને વિષે કંઈક કહેતો હોય,

૨. (કર્મભૂત) શ્રોતાને વિષે કંઈક કહેવાતું હોય, કે

૩. (કર્મભૂત) જગત્‌ને વિષે કંઈક કહેવાતું હોય–

ત્યારે કર્મને પ્રથમા વિભક્તિ લગાડવામાં આવે છે, (અને કર્તાને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે.) તથા કર્મના 'પુરુષ' અનુસાર ક્રિયાપદનો પ્રયોગ કરવામાં આવે છે.

નીચેનાં ઉદાહરણો જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે :

૧. હું વૃક્ષને જોઉં છું.
૨. તું વૃક્ષને જુવે છે.
૩. તે વૃક્ષને જુવે છે.
(કર્તા) (ક્રિયાપદ)
(કર્તરિ પ્રયોગ)

૪. રામ વડે હું જોવાઉં છું.
૫. રામ વડે તું જોવાઉં છું.
૬. રામ વડે તે (વૃક્ષ) જોવાય છે.
(કર્મ) (ક્રિયાપદ)
(કર્મણિ પ્રયોગ)

અગાઉ પ્રકરણ-૧માં એ સ્પષ્ટ કરી બતાવ્યું છે કે-(સકર્મક કે અકર્મક ધાતુના પ્રયોગ વખતે) કર્તાને ઉદ્દેશીને ક્રિયાવિધાન કરવામાં આવે છે, (એટલે કે 'કર્તરિ પ્રયોગ હોય છે) ત્યારે 'કર્તા' અનુસાર ક્રિયાપદમાં ''ઉત્તમ/મધ્યમ કે પ્રથમ પુરુષ''ના પ્રત્યયો વપરાય છે. જેમકે,

'કર્તા' જો	(ક્રિયાપદમાં)
૧. વક્તા હોય તો	→ 'ઉત્તમ પુરુષ'ના પ્રત્યય વપરાય છે.
૨. શ્રોતા હોય તો	→ 'મધ્યમ પુરુષ'ના પ્રત્યય વપરાય છે.
૩. જગત્ (વક્તા અને શ્રોતાથી ભિન્ન એવું) હોય તો	→ 'પ્રથમ પુરુષ'ના પ્રત્યય વપરાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જેમકે,

૩. તે (રામ) — વૃક્ષને (કર્મ) — જુવે છે. (ક્રિયાપદ)
(તેમાં પ્રથમ પુરુષ એકવચનનો-વર્તમાનકાળનો -ति પ્રત્યય વપરાશે.)

તે (રામ):
- ઉદ્દેશ્ય → જગત્‌ની વ્યક્તિ (જે વક્તા-શ્રોતાથી ભિન્ન છે.) → તેથી 'પ્રથમ પુરુષ' કહેવાશે, જે 'એકવચન'માં છે. તદનુસાર
- ક્રિયા કરનાર → કર્તા → પ્રથમા વિભક્તિ

પ્રથમા વિભક્તિ સઃ (રામઃ) — (દ્વિતીયા) વૃક્ષમ્ — पश्यति ।

એ જ રીતે –

૨. તું વૃક્ષને જુવે છે. → त्वं वृक्षम् पश्यसि ।

૧. હું વૃક્ષને જોઉં છું. → अहम् वृक्षम् पश्यामि ।

* * *

પરંતુ, (સકર્મક ધાતુના પ્રયોગ વખતે) કર્મને ઉદ્દેશીને ક્રિયાવિધાન કરવામાં આવે (એટલે કે 'કર્મણિ પ્રયોગ' કરવામાં આવે) ત્યારે, 'કર્મ' અનુસાર ક્રિયાપદમાં (ધાતુ + य ની પાછળ) "ઉત્તમ/મધ્યમ કે પ્રથમ પુરુષના (આત્મનેપદના) પ્રત્યયો વપરાય છે. જેમકે,

'કર્મ' જો		(ક્રિયાપદમાં)
૧. વક્તા હોય તો	→	'ઉત્તમ પુરુષ'ના પ્રત્યય વપરાય છે.
૨. શ્રોતા હોય તો	→	'મધ્યમ પુરુષ'ના પ્રત્યય વપરાય છે.
૩. જગત્ હોય તો	→	'પ્રથમ પુરુષ'ના પ્રત્યય વપરાય છે.

દા. ત.

૪. રામ વડે — હું — જોવાઉં છું.

રામ વડે: ક્રિયા કરનાર → કર્તા (આ 'કર્તા'ને ઉદ્દેશીને ક્રિયાવિધાન નથી માટે) → તૃતીયા વિભક્તિ रामेण

હું:
- ઉદ્દેશ્ય → વક્તા → ઉત્તમ પુરુષ એકવચન છે. તદનુસાર
- ક્રિયાભાક્ → (ક્રિયા જેની ઉપર થાય છે તે પદાર્થ) કર્મ → ('કર્મણિ પ્રયોગ' છે માટે) પ્રથમા વિ. अहम्

જોવાઉં છું: ક્રિયાપદ તેમાં ધાતુ + य + વર્તમાન કાળમાં આત્મનેપદના ઉત્તમ પુરુષ, એકવચનનો ए પ્રત્યય વપરાશે → दृश्ये ।

रामेण — अहम् — दृश्ये ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં, 'જોવું' ક્રિયા સકર્મક છે. હવે માની લો કે વક્તાએ 'કર્મણિ પ્રયોગ' કરવા ધાર્યું છે. એટલે કે વક્તાએ કર્મને ઉદ્દેશ્ય બનાવીને ક્રિયાવિધાન કરવાની ઇચ્છા કરી છે. અર્થાત્ (અહીં 'જોવાની ક્રિયા કોણ કરે છે ?' એમ કહેવાને બદલે) 'શું જોવાય છે ?' એ તરફ ભાર આપીને; (એટલે કે જોવાની ક્રિયાથી 'શું' જોવાય છે ? તો 'હું' જોવાઉં છું') એમ જોવાની ક્રિયાના કર્મ (= 'હું')ને ઉદ્દેશીને વાક્યરચના કરવાની ઇચ્છા છે. તો–

૧. જોવાની ક્રિયા કરનાર 'રામ' કર્તાને તૃતીયા વિભક્તિનો પ્રત્યય લગાડીશું → रामेण ।

૨. જોવાની ક્રિયાના કર્મ ('હું')ને પ્રથમા વિભક્તિમાં મૂકીશું. [કારણ કે સંસ્કૃતમાં પ્રથમા વિભક્તિ 'ઉદ્દેશ્ય' વાચિકા છે. આથી જેને ઉદ્દેશીને જોવાની ક્રિયા વિષે રજૂઆત કરવી છે, તે પ્રકૃતમાં 'હું' = કર્મ છે. તેથી કર્મવાચક 'હું' શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકાશે.) → अहम् । તથા

૩. તે ઉદ્દેશ્યભૂત કર્મમાં જે 'પુરુષ' અને 'વચન' હશે (એટલે કે તે કર્મ 'હું' જો 'વક્તા' હશે તો તેને 'ઉત્તમ પુરુષ' ગણીને; અને તેની સંખ્યા = એકવચનને ધ્યાનમાં લઈને) તદનુસાર (= તેને સુસંગત રહીને) ક્રિયાપદમાં પણ ધાતુ + य + ની પાછળ આત્મનેપદના પ્રત્યય વપરાશે. [પ્રકૃત ઉદાહરણમાં 'હું' ઉત્તમ પુરુષ, એકવચન છે તેથી વર્તમાનકાળમાં, આત્મનેપદનો ए પ્રત્યય વપરાશે. તો] → (रामेण अहम्) दृश्ये ।।[२]

''રામ વડે હું જોવાઉં છું.'' એવું વાક્ય બનશે.

એ જ રીતે,

૫. રામ વડે — તું — જોવાઉં છું

રામ વડે: ક્રિયા કરનાર → કર્તા → કર્તાને ઉદ્દેશીને ક્રિયાવિધાન નથી, માટે → તૃતીયા વિભક્તિ रामेण

તું: ઉદ્દેશ્ય → શ્રોતા → મધ્યમ પુરુષ, એકવચન છે. તદનુસાર

તું: ક્રિયાભાક્ → (ક્રિયા જેની ઉપર થાય છે તે પદાર્થ) કર્મ → 'કર્મણિ પ્રયોગ' છે માટે → પ્રથમા વિભક્તિ त्वम्

જોવાઉં છું: ક્રિયાપદ → તેમાં ધાતુ + य + વર્તમાનકાળમાં આત્મનેપદના 'મધ્યમ પુરુષ, એકવચન'નો से પ્રત્યય વપરાશે. → दृश्यसे ।

અહીં, 'જોવું' ક્રિયા સકર્મક છે. (આથી તેના 'કર્તરિ' અને 'કર્મણિ' એમ બન્ને પ્રકારના પ્રયોગ થઈ શકે છે. પરંતુ માની લો કે વક્તાએ આ સકર્મક ધાતુવાળા વાક્યનો 'કર્મણિપ્રયોગ' કરવા ધાર્યું છે. એટલે કે) અહીં કર્મને ઉદ્દેશીને વાક્યરચના કરવાની ઇચ્છા (વિવક્ષા) છે. [બીજા શબ્દોમાં કહીએ તો–અહીં ''જોવાની ક્રિયા 'કોણ' કરે છે ?'' એમ કહેવાને બદલે ''શું જોવાય છે ?'' એ તરફ ભાર આપીને; (અર્થાત્ જોવાની ક્રિયાથી ''શું'' જોવાય છે ? તો ''તું'' જોવાય છે) એમ જોવાની ક્રિયાના કર્મ (= 'તું')ને ઉદ્દેશીને વાક્યરચના કરવાની ઇચ્છા છે.]

---

૨. √दृश् > पश्य (કર્તરિ)

ઉત્તમ પુ.	पश्यामि	पश्याव:	पश्याम:
મધ્યમ પુ.	पश्यसि	पश्यथ:	पश्यथ
પ્રથમ પુ.	पश्यति	पश्यत:	पश्यन्ति

√दृश् (કર્મણિ) વર્તમાનકાળ

ઉત્તમ પુ.	दृश्ये	दृश्यावहे	दृश्यामहे
મધ્યમ પુ.	दृश्यसे	दृश्येथे	दृश्यध्वे
પ્રથમ પુ.	दृश्यते	दृश्येते	दृश्यन्ते ।।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તો–૧. જોવાની ક્રિયા કરનાર 'રામ' કર્તાને તૃતીયા વિભક્તિનો પ્રત્યય લગાડીશું; ૨. જોવાની ક્રિયાના કર્મ 'તું'ને પ્રથમા વિભક્તિમાં મૂકીશું (કારણ કે પ્રથમા વિભક્તિ 'ઉદ્દેશ્ય' વાચિકા છે. આથી જેને ઉદ્દેશીને જોવાની ક્રિયા વિષે રજૂઆત કરવી છે, તે પ્રકૃતમાં 'તું' = કર્મ છે. આથી કર્મકારક વાચક 'તું' શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકાશે.) તથા ૩. તે ઉદ્દેશ્યભૂત 'કર્મ'માં જે 'પુરુષ' અને 'વચન' હશે (એટલે કે તે કર્મ 'તું' જો 'શ્રોતા' હશે તો, તેને 'મધ્યમ પુરુષ' ગણીને) તદનુસાર ક્રિયાપદમાં પણ ધાતુ + य ની પાછળ આત્મનેપદના જે તે પુરુષનો (પ્રકૃતમાં મધ્યમ પુરુષ એકવચનનો વર્તમાન કાળમાં से) પ્રત્યય વપરાશે : रामेण त्वं दृश्यसे ।



અહીં પણ 'જોવું' ક્રિયા સકર્મક છે અને માની લો કે વક્તાએ 'કર્મણિપ્રયોગ' કરવા ધાર્યું છે. તો-૧. જોવાની ક્રિયામાં કર્તા (રામ)ને મુખ્ય ઉદ્દેશ્ય બનાવશે નહીં. એથી તે કર્તાવાચક શબ્દને પ્રથમા વિભક્તિમાં મુકાશે નહીં; (પણ તૃતીયા વિભક્તિમાં મુકાશે). ૨. કર્મને ઉદ્દેશીને જોવાની ક્રિયા વિષે વાત કરવી છે. એટલે કે 'શું જોવાય છે ?' તો ''તે (વૃક્ષ)'' જોવાય છે. એ દૃષ્ટિએ 'તે (વૃક્ષ)'ને = કર્મને ઉદ્દેશીને જોવાય છે' એવી ક્રિયા કહેવી છે. આથી કર્મવાચક 'તે (વૃક્ષ)' શબ્દને ઉદ્દેશ્યવાચિકા પ્રથમા વિભક્તિ લગાડવામાં આવશે. તથા ૩. તે ઉદ્દેશ્યભૂત કર્મ 'તે (વૃક્ષ)' જગત્ છે; એટલે કે ''પ્રથમ પુરુષ, એકવચન'' છે એમ નક્કી કરીને ક્રિયાપદની રૂપરચનામાં ધાતુ + य ની પાછળ (વર્તમાનકાળમાં) આત્મનેપદનો પ્રથમ પુરુષ, એકવચનનો ते પ્રત્યય લગાડીશું. તો --रामेण सः (वृक्षः) दृश्यते । એવું વાક્ય બનશે. અહીં 'કર્મ'ને ઉદ્દેશ્ય બનાવીને પ્રથમા વિભક્તિમાં મૂકેલ છે; તથા તે કર્મના 'પુરુષ-વચન' અનુસાર ક્રિયાપદમાં (ધાતુ + य ની પાછળ) આત્મનેપદનો પ્રત્યય ગોઠવાયો છે; તેથી તેને ''કર્મણિપ્રયોગ'' વાળું વાક્ય કહેવાશે.

VII.1.2. સ્વાધ્યાય : 'કર્મણિપ્રયોગ' વાળાં બીજાં ઉદાહરણો જુઓ :

કર્તરિ	કર્મણિ
૧. इन्द्रः सोमरसं पिबति ।	૧. इन्द्रेण सोमरसः पीयते ।
૨. मृगाः जलं पिबन्ति ।	૨. मृगैः जलं पीयते ।
૩. सिंहः मृगान् हन्ति ।	૩. सिंहेन मृगाः हन्यन्ते ।
૪. शस्त्रम् आत्मानम् न हन्ति ।	૪. शस्त्रेण आत्मा न हन्यते ।
૫. हे दुर्गे ! हरिहरादयः त्वां न जानन्ति ।	૫. हे दुर्गे ! हरिहरादिभिः त्वं न ज्ञायसे ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

६. भवान् कतमं राजर्षिवंशम् अलंकरोति — ६. भवता कतमः राजर्षिवंशः अलंक्रियते ।

७. अग्निः शुष्कं वृक्षं दहति । — ७. अग्निना शुष्कः वृक्षः दह्यते ।

८. आचार्याः धर्मम् उपदिशन्ति । — ८. आचार्यैः धर्मः उपदिश्यते ।

९. भृत्याः त्वां सेवन्ति । — ९. भृत्यैः त्वं सेव्यसे ।

१०. मित्राणि मां त्यजन्ति । — १०. मित्रैः अहम् त्यज्ये ।

११. जनाः अस्मान् पश्यन्ति । — ११. जनैः वयम् दृश्यामहे ।

१२. पुरुषाः शठौ ताडयन्ति । — १२. पुरुषैः शठौ ताड्येते ।

१३. व्याधयः युष्मान् पीडयन्ति । — १३. व्याधिभिः यूयम् पीड्यध्वे ।

१४. पुत्राः युवाम् पूजयन्ति । — १४. पुत्रैः युवाम् पूज्येथे ।

१५. जिज्ञासुः ऋषीन् वन्दते । — १५. जिज्ञासुना ऋषयः वन्द्यन्ते ।

१६. बुभुक्षिताः व्याकरणं न भुञ्जन्ति, काव्यरसं न पिबन्ति । — १६. बुभुक्षितैः व्याकरणं न भुज्यते, काव्यरसः न पीयते ।

નીચેનાં ગુજરાતી વાક્યોનો સંસ્કૃતમાં કર્મણિ પ્રયોગ પરક અનુવાદ કરો :

૧. છાત્રો વડે શ્લોકો વંચાય છે. — १. छात्रैः श्लोकाः पठ्यन्ते । કર્મણિ (छात्राः श्लोकान् पठन्ति ।) કર્તરિ

૨. રસોઈઆ વડે ભાત રંધાય છે. — २. सूदेन ओदनः पच्यते । કર્મણિ (सूदः ओदनं पचति ।) કર્તરિ

૩. બાળકો વડે લાડુ ચખાય છે. — ३. बालैः मोदकाः स्वाद्यन्ते । કર્મણિ (बालाः मोदकान् स्वादयन्ति)

૪. કવિઓ વડે તું વખાણાય છે. — ४. कविभिः त्वं प्रशस्यसे । કર્મણિ (कवयः त्वाम् प्रशंसन्ति ।)

૫. ચાકરો વડે હું સેવાઉં છું. — ५. भृत्यैः अहम् सेव्ये । કર્મણિ (भृत्याः माम् सेवन्ति ।)

૬. ઈશ્વર વડે આપણે રક્ષાઈએ છીએ. — ६. ईश्वरेण वयम् रक्ष्यामहे । કર્મણિ (ईश्वरः अस्मान् रक्षति ।)

૭. હંમેશાં લોકો વડે સુખ ઇચ્છાય છે. — ७. सर्वदा जनैः सुखम् इष्यते । કર્મણિ (जनाः सर्वदा सुखम् इच्छन्ति)

૮. શિષ્યો વડે અમે બે પગે લગાઈએ છીએ. — ८. शिष्यैः आवाम् नम्यावहे । (शिष्याः आवाम् नमन्ति)

૯. યોગીઓ વડે સંસાર ત્યજાય છે. — ९. योगिभिः संसारः त्यज्यते । (योगिनः संसारं त्यजन्ति ।)

૧૦. ખેડૂત વડે ધાન્યનો ઢગલો રચાય છે. — १०. कृषिकारेण धान्यानां राशिः रच्यते । (कृषिकारः धान्यानां राशिम् रचयति) ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧૧. ભક્તો વડે કૃષ્ણનું શરીર શણગારાય છે.	૧૧. भक्तैः कृष्णस्य शरीरं विभूष्यते । (भक्ताः कृष्णस्य शरीरं विभूषयन्ति ।)
૧૨. તને (તારા દ્વારા) શબ્દ સંભળાય છે.	૧૨. त्वया शब्दः श्रूयते । કર્મણિ (त्वं शब्दं शृणोषि ।) કર્તરિ
૧૩. હરિ વડે બે ફળ ખવાય છે.	૧૩. हरिणा द्वे फले खाद्येते । કર્મણિ (हरिः द्वे फले खादति ।)
૧૪. કોઈનાથી સમુદ્રનું પાણી પીવાતું નથી.	૧૪. केनापि समुद्रस्य जलं न पीयते । (कोऽपि समुद्रस्य जलं न पिबति ।)
૧૫. સેનાપતિ વડે સૈનિકો ગણાય છે.	૧૫. सेनापतिना सैनिकाः गण्यन्ते । (सेनापतिः सैनिकान् गणयति ।)

VII.2.1. અકર્મક ધાતુનો 'ભાવે-પ્રયોગ' :

અગાઉ જણાવી ચૂક્યા છીએ કે–વાક્યમાં અકર્મક ધાતુનો પ્રયોગ કરવાનો હોય તો વક્તા તેનો 'કર્તરિપ્રયોગ' પણ કરી શકે છે; અને 'ભાવે પ્રયોગ' પણ કરી શકે છે. (ધાતુ પોતે અ-કર્મક હોઈને તેનો કર્મણિપ્રયોગ થઈ શકતો જ નથી.) હવે, આપણે અકર્મક ધાતુનો ભાવે-પ્રયોગ કેવી રીતે થાય છે તે જોઈશું :

વક્તા જ્યારે 'ભાવ' (= ક્રિયા)ને પોતાની વાતનો ઉદ્દેશ્ય બનાવીને વાક્યરચના કરે છે (દા.ત. ''હવે મારાથી ચલાય છે.'') ત્યારે તેને 'ભાવે-પ્રયોગ' કહે છે. [વક્તા જો એમ બોલે કે – 'હું ચાલું છું' તો ત્યાં 'કોણ ચાલે છે ?' તો 'હું' એમ કર્તાને ઉદ્દેશીને ચાલવાની ક્રિયાની વાત થઈ છે. આથી તેને 'કર્તરિ પ્રયોગ' કહેવાશે. પરંતુ વક્તા જ્યારે કર્તાને પોતાની વાતનો ઉદ્દેશ્ય નહીં બનાવતાં, ક્રિયા = ભાવને જ ઉદ્દેશ્ય બનાવે ત્યારે તેને 'ભાવે-પ્રયોગ' કહે છે. દા. ત. ''સૈનિકોથી (પાટો બાંધ્યા પછી) ઊઠાય છે.'']

સંસ્કૃત ભાષામાં 'ભાવે-પ્રયોગવાળી' વાક્યરચના કરવી હોય ત્યારે–(૧. વાક્યમાં અકર્મક ધાતુનો પ્રયોગ થયો હોવો જોઈએ એ તો અનિવાર્ય પૂર્વશરત છે. પરંતુ ત્યાર પછી), ૨. કર્તાને તૃતીયા વિભક્તિનો પ્રત્યય લગાડવો, અને ૩. ક્રિયાપદનું રૂપ બનાવવા ધાતુ + य + (કેવળ) પ્રથમ પુરુષ, એકવચનનો આત્મનેપદનો પ્રત્યય જોડવો. જેમકે,

૧. આપણા વડે પાણી ઉપર ઊભા રહેવાતું નથી.
કર્તા અધિકરણ ક્રિયા
अस्माभिः जले न स्थीयते । (ભાવે)
(वयम् जले न तिष्ठामः/तिष्ठेम । -કર્તરિ)

૨. માછલાંઓ વડે પાણીમાં જીવાય છે.
मत्स्यैः जले जीयते । (ભાવે)
(मत्स्याः जले जीवन्ति । -કર્તરિ)

૩. સૂર્ય વડે પ્રકાશાય છે.
सूर्येण प्रकाश्यते । (ભાવે)
(सूर्यः प्रकाशते । -કર્તરિ)

૪. બાળકો વડે રડાય છે.
बालकैः रुद्यते । (ભાવે)
(बालकाः रुदन्ति । -કર્તરિ)

૫. મોર વડે નચાય છે.
मयूरेण नृत्यते । (ભાવે)
(मयूरः नृत्यति । -કર્તરિ)

અહીં, ૧. ઊભા રહેવું ૨. જીવવું, ૩. પ્રકાશવું, ૪. રડવું અને ૫. નાચવું ક્રિયાઓ અકર્મક છે, તેમનો ભાવે પ્રયોગ કરવા માટે (क) કર્તાને તૃતીયા વિ.માં મૂકેલ છે, (ख) ક્રિયાપદમાં ધાતુ + य ની પાછળ કેવળ આત્મનેપદનો પ્રથમ પુરુષ, એકવચનનો પ્રત્યય વપરાયો છે. અહીં, ધાતુ અકર્મક હોઈને 'કર્મકારક' તો હોતું જ નથી, જે કર્તા હોય છે તેને ઉદ્દેશીને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાક્યરચના કરવામાં આવી નથી, તેથી કર્તાની સાથે ક્રિયાપદના પ્રત્યયની સંગતિ વિચારવાની રહેતી નથી તથા જે ભાવ (= ક્રિયા)ને ઉદ્દેશીને ક્રિયાવિધાન કરવું છે તેમાં હંમેશા ભાવ (= ક્રિયા)ગત એકત્વ જ રહેલું હોવાથી કેવળ એકવચનનો જ પ્રત્યય વપરાય છે; (બીજા કોઈ વચનમાં રૂપો થતાં જ નથી.[૩]) ભાવને ઉદ્દેશ્ય બનાવ્યા પછી કર્તા અપ્રધાન થઈ જતાં તૃતીયા વિ. દ્વારા વ્યક્ત થાય છે; અને ભાવનું પોતાનું બીજા કોઈ 'પુરુષ' જોડે સમાનાધિકરણ્ય (= સંગતિ) નહીં હોવાથી, ક્રિયાપદમાં સામાન્યેન 'પ્રથમ પુરુષ' (એકવચન)નો પ્રત્યય વપરાય છે.

VII.2.2. વિશેષ : ૧. ગત્યર્થક ધાતુનો પ્રયોગ થયો હોય ત્યાં જ્યાં જવાનું હોય તે લક્ષ્યવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે, તથાપિ √ગમ્ (गच्छ) ઇત્યાદિ ગત્યર્થક ધાતુઓને શાસ્ત્રકારોએ અકર્મક ધાતુ જ ગણ્યા છે. તેથી ''રામ વડે વનમાં જવાય છે.'' → रामेण वनम् गम्यते । એવા વાક્યને 'ભાવે પ્રયોગ' જ ગણવામાં આવે છે. (અહીં वनम् ને 'કર્મકારક' ગણીને गम्यते । ને 'કર્મણિ પ્રયોગ' ગણવાનો નથી.) ''મારાથી હવે બે પગ દ્વારા ચલાય છે.'' मया (કર્તાને તૃતીયા), अधुना चरणाभ्याम् (કરણકારકને તૃતીયા વિ., દ્વિવચન) गम्यते । એ પણ 'ભાવે-પ્રયોગ' જ સમજવાનો છે.

એ જ રીતે, अटवीतोऽटवीम् आहिण्ड्यते । (શાકુન્તલઃ અંક-૨) ''એક જંગલમાંથી બીજા જંગલમાં ભટકવામાં આવે છે.'' એ વાક્યમાં પણ 'ભાવે-પ્રયોગ' છે. (अटवीम् એ 'કર્મકારક'વાળું પદ નથી પણ અત્યંત સંયોગમાં માર્ગવાચક શબ્દને દ્વિતીયા લાગી છે.)

સંસ્કૃત વૈયાકરણોએ 'જેની ઉપર ક્રિયા થતી હોય' તે કર્મ (object) અને 'લક્ષ્યસ્થાન' રૂપ કર્મ (destination) ને અલગ ગણાવ્યાં નથી, પરંતુ ગત્યર્થક ધાતુઓના 'કર્મણિ પ્રયોગ'ની ચર્ચા કરતાં હોઈએ ત્યારે તે વિશેષ વિચારણા માંગી લે એવો મુદ્દો છે. ઉપર જણાવ્યું છે તેમ કર્મણિરચના વખતે ગત્યર્થક ધાતુઓને અકર્મક ગણવાના છે અને તેના પરિણામે रामेण वनं गम्यते । જેવા વાક્યને 'ભાવે-પ્રયોગ' કહેવો વધુ ઉચિત છે. તથાપિ J.S. Speijer ના મતે √ગમ્ (गच्छ) જેવા ગત્યર્થક ધાતુના (જ) પ્રયોગ સમયે, જે લક્ષ્યસ્થાન વાચક શબ્દ હોય છે, તેને કર્મણિ પ્રયોગમાં પ્રથમા વિભક્તિમાં રૂપાંતરિત કરવામાં આવે છે. જેમકે, अहं ग्रामं गच्छामि । (કર્તરિ) → मया ग्रामो गम्यते । અથવા मया ग्रामो गन्तव्यः । (કર્મણિ પ્રયોગમાં). [આને તેઓ 'ભાવે પ્રયોગ' કહેતા નથી.] 'કથાસરિત્સાગર'માંથી તેઓ संप्रति गन्तव्या पुरी वाराणसी मया । (૨૫.૨૧૦) એવો એક પ્રયોગ ઉદ્ધૃત કરે છે; કે જેમાં લક્ષ્યસ્થાન રૂપ કર્મને (વારાણસી પુરી) પ્રથમા વિભક્તિ મળી છે અને કર્તાને તૃતીયા વિભક્તિ (मया) મળી છે. એ જ પ્રમાણે પતંજલિએ પણ कथमनुच्यमानं गंस्यते । के गंस्यते सोऽर्थः । જેવા કર્મણિપ્રયોગોમાં કર્મને પ્રથમા આપી છે. આ સન્દર્ભમાં વધુ એક સ્પષ્ટતા કરતાં તેઓ જણાવે છે કે આ √ગમ્ गच्छ સિવાયના ગત્યર્થક ધાતુઓ સાથે સંકળાયેલા લક્ષ્યસ્થાન વાચક શબ્દોને, કર્મણિ પ્રયોગમાં પ્રથમા વિભક્તિ મળતી હશે કે કેમ તે શંકાનો વિષય છે. આપણે આ મુદ્દાને આગળ વધારીએ તો - आ+रुह કે विश् જેવા અન્ય ગત્યર્થક ધાતુઓના પ્રયોગ સમયે, લક્ષ્યવાચક શબ્દ (= કર્મ)ને (કર્મણિ પ્રયોગમાં પણ) દ્વિતીયા વિભક્તિ ચાલુ રહે છે. દા. ત. वानरः वृक्षम् आरोहति । (કર્તરિ) → वानरेण वृक्षम् आरुह्यते । તથા કર્મણિ ભૂતકૃદન્તવાળી રચના કરીએ ત્યારે आ + रुह ને લાગતો क्त > त પ્રત્યય કર્તા અર્થમાં થાય છે (!) તેથી वानरः वृक्षम् आरुढः । જેવો પ્રયોગ થાય છે; અને ત્યાં લક્ષ્યસ્થાન રૂપ 'કર્મ'ને દ્વિતીયા વિભક્તિ ચાલુ રહે છે. એ જ પ્રમાણે, रामः वानरसैन्येन सह लंकां प्राविशत् । નું કર્મણિ ભૂતકૃદન્ત સાથે ભાષાન્તર કરીએ તો रामः वानरसैन्येन सह लंकां प्रविष्टः । એવું થશે; જેમાં લક્ષ્યસ્થાન રૂપ કર્મને દ્વિતીયા ચાલુ રહેશે; અને प्र+विश् ને લાગેલો त પ્રત્યય કર્તા અર્થમાં હોવાથી राम ને પ્રથમા વિભક્તિમાં જ વ્યક્ત કરાશે.[૪]

---

૩. મહાભાષ્યકાર પતંજલિએ (उष्ट्राणां यादृशान्यासनानि तादृशानि देवदत्तादिकर्तृकाणि शयनानि भवन्ति । એ અર્થમાં) उष्ट्रासिका आस्यन्ते । हतशायिकाः शय्यन्ते । (૩-૧-૬૭) એવો અકર્મક ધાતુનો ભાવે પ્રયોગ કરીને બહુવચનના પ્રત્યયો વાપર્યા છે; જે ચિન્ત્ય છે.

૪. જુઓ : SANSKRIT SYNTAX, by J. S. Speijer 1886, Motilal Banarasidas, Delhi, Reprint, 1980, p.30.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨. નીચ વ્યક્તિની આંખે ચઢેલા કયા લોકો વડે સુખેથી બેસી શકાય છે ? (ભર્તૃહરિ). नीचस्य गोचरगतैः सुखम् आस्ते कैः ।

અહીં, કર્તાકારક गोचरगतैः कैः ને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવ્યા છે. તથા બેસવું √आस् → आस्ते (બેઠો છે.) તે કર્તરિ ક્રિયાપદ છે. તેનું आस्यते એ ભાવે ક્રિયાપદ છે. કારણ કે √आस् ધાતુ અકર્મક છે. હવે આ વાક્યમાં વપરાયેલું सुखम् પદ ક્રિયાવિશેષણ (અવ્યય) છે; [તે કર્મકારક-દ્વિતીયા વિભક્તિનું પદ નથી.]

૩. સામાન્ય રીતે આજ્ઞાર્થનું ક્રિયાપદ ત્યારે જ વપરાતું હોય છે કે જ્યારે વક્તા ઉંમર, જ્ઞાન કે સામાજિક મોભાની દૃષ્ટિએ વડીલ હોય; અને જેને કોઈ કાર્યને વિશે પ્રવર્તાવવાનો છે તે શ્રોતા ઉંમર, જ્ઞાન કે સામાજિક મોભાની દૃષ્ટિએ નીચો હોય છે; (અને તેથી જ તે વિધેય કે આજ્ઞાપ્ય હોય છે.) આથી (કર્તરિ) આજ્ઞાર્થના ક્રિયાપદોને કર્મણિ કે ભાવે-પ્રયોગમાં ફેરવીને આજ્ઞાના જુસ્સાને હળવો બનાવી દેવાની જરૂર જણાતી નથી. તથાપિ સંસ્કૃત ભાષાનો એ મહિમા છે, નાવીન્ય છે અથવા તો પોતાની આગવી વિશેષતા છે કે તેમાં આજ્ઞાર્થનાં ક્રિયાપદોનો પણ 'કર્મણિપ્રયોગ' કે 'ભાવે પ્રયોગ' થતો જોવા મળે છે. દા. ત.–

भक्ष्यतां भुज्यतां नित्यं दीयतां रम्यतामिति ।

गीयतां पीयतां चेति शब्दश्चासीद् गृहे गृहे ॥

''હમેશાં ખાવામાં આવે, ભોગવવામાં આવે, આપવામાં આવે, આનંદ કરવામાં આવે, ગાવામાં આવે અને પીવામાં આવે'' એવા શબ્દો ઘરે ઘરે (સંભળાતા) હતા.'' આજ્ઞાર્થના આ સૌ રૂપોમાંથી रम्यताम् એ ભાવે પ્રયોગ છે, (કેમકે તેમાં √रमु क्रीडायाम् ધાતુ અકર્મક છે); તે સિવાયનાં આજ્ઞાર્થક ક્રિયાપદો કર્મણિપ્રયોગમાં છે. એ જ પ્રમાણે वेदो नित्यमधीयतां तदुदितं कर्मस्वनुष्ठीयताम् । तेनेशस्य विधीयतामपचितिः, काम्ये मतिसत्यज्यताम् पापौघः परिधूयतां भवसुखे दोषोऽनुसन्धीयताम् आत्मेच्छा व्यवसीयतां निजगृहात्तूर्णं विनिर्गम्यताम् ॥ (સાધનપંચકસ્તોત્ર)

ક્યારેક એવું પણ જોવા મળે છે કે વક્તા સામાજિક મોભા વગેરેની દૃષ્ટિએ નીચો હોય અને આજ્ઞાપ્ય શ્રોતા મોભાની દૃષ્ટિએ મોટી વ્યક્તિ હોય તો ત્યાં કંઈક સૂચવવા-વિનંતિ કરવા– [વિધ્યર્થનું રૂપ વાપરવાને બદલે] વક્તા આજ્ઞાર્થનું રૂપ વાપરે છે, પણ ઉક્તિમાંથી આદેશનો ભાવ પાછો ખેંચી લેવા માટે (કર્તરિ) આજ્ઞાર્થના ક્રિયાપદને કર્મણિ પ્રયોગમાં ફેરવી નાખે છે. દા. ત.

(શિષ્યઃ) भो गुरो ! (भवता) अलङ्क्रियताम् इदम् आसनम् ।

''હે ગુરુજી ! (આપના વડે) આ આસનને અલંકૃત કરવામાં આવે.'' (અહીં भवान् अलंकरोतु । એવા કર્તરિ આજ્ઞાર્થ ક્રિયાપદને શિષ્યે अलंक्रियताम् એમ 'કર્મણિ આજ્ઞાર્થ'માં ફેરવી નાખ્યું છે.

* * *

સકર્મક અને અકર્મક ધાતુઓના કર્તરિપ્રયોગમાં જેમ છ કાળ અને ચાર અર્થોમાં (= દશેય લકારમાં) રૂપો ચાલે છે; તેમ સકર્મક ધાતુઓના કર્મણિ પ્રયોગમાં પણ દશેય ल કારમાં અલગ અલગ રૂપો ચાલે છે; તથા અકર્મક ધાતુના ભાવે પ્રયોગમાં દશેય ल કારનાં, પણ કેવળ પ્રથમ પુરુષ, એકવચનનાં જ રૂપો થાય છે. તેનાં કેટલાંક ઉદાહરણો નીચે આપ્યાં છે :

कृ (કરવું) सकर्मक-कर्मवाच्य

૧. (लट्) વર્તમાનકાળ

પ્રથમ પુ.	क्रियते	क्रियेते	क्रियन्ते
મધ્યમ પુ.	क्रियसे	क्रियेथे	क्रियध्वे
ઉત્તમ પુ.	क्रिये	क्रियावहे	क्रियामहे

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨. (लृट्) સામાન્ય ભવિષ્યત્કાળ

करिष्यते	करिष्येते	करिष्यन्ते
करिष्यसे	करिष्येथे	करिष्यध्वे
करिष्ये	करिष्यावहे	करिष्यामहे

અથવા

कारिष्यते	कारिष्येते	कारिष्यन्ते
कारिष्यसे	कारिष्येथे	कारिष्यध्वे
कारिष्ये	कारिष्यावहे	कारिष्यामहे

૩. (लोट्) આજ્ઞાર્થ

क्रियताम्	क्रियेताम्	क्रियन्ताम्
क्रियस्व	क्रियेथाम्	क्रियध्वम्
क्रियै	क्रियावहै	क्रियामहै

૪. (विधिलिङ्) વિધ્યર્થ

क्रियेत	क्रियेयाताम्	क्रियेरन्
क्रियेथाः	क्रियेयाथाम्	क्रियेध्वम्
क्रियेये	क्रियेवहि	क्रियेमहि

૫. (आशीर्लिङ्) આશીર્વાદાર્થ

कारिषीष्ठ	कारिषीयास्ताम्	कारिषीरन्
कृषीष्ट	कृषीयास्ताम्	कृषीरन्
कारिषीष्ठाः	कारिषीयास्थाम्	कारिषीध्वम्
कृषीष्ठाः	कृषीयास्थाम्	कृषीध्वम्
कारिषीय	कारिषीवहि	कारिषीमहि
कृषीय	कृषीवहि	कृषीमहि

૬. (लिट्) પરોક્ષ ભૂતકાળ

चक्रे	चक्राते	चक्रिरे
चकृषे	चक्राथे	चक्रिढ्वे
चक्रे	चकृ वहे	चक्रिमहे

૭. (लुट्) અનદ્યતન ભવિષ્યત્કાળ

कारिता	कारितारौ	कारितारः
कर्ता	कर्तारौ	कर्तारः
कारितासे	कारितासाथे	कारिताध्वे
कर्तासे	कर्तासाथे	कर्ताध्वे
कारिताहे	कारितास्वहे	कारितास्महै
कर्ताहे	कर्तास्वहे	कर्तास्महे

૮. (लुङ्) સામાન્ય ભૂતકાળ

अकारि	अकृषाताम्	अकृषत
	अकारिषाताम्	अकारिषत
अकृथाः	अकृषाथाम्	अकृध्वम्
अकारिष्ठाः	अकारिषाथाम्	अकारिध्वम्
अकृषि	अकृष्वहि	अकृष्महि
अकारिषि	अकारिष्वहि	अकारिष्महि

૯. (लङ्) હ્યસ્તન ભૂતકાળ

अक्रियत	अक्रियेताम्	अक्रियन्त
अक्रियथाः	अक्रियेथाम्	अक्रियध्वम्
अक्रिये	अक्रियावहि	अक्रियामहि

૧૦. (लृङ्) ક્રિયાતિપત્ત્યર્થ

अकरिष्यत	अकरिष्येताम्	अकरिष्यन्त
अकारिष्यत	अकारिष्येताम्	अकारिष्यन्त
अकरिष्यथाः	अकरिष्येथाम्	अकरिष्यध्वम्
अकारिष्यथाः	अकारिष्येथाम्	अकारिष्यध्वम्
अकरिष्ये	अकरिष्यावहि	अकरिष्यामहि
अकारिष्ये	अकारिष्यावहि	अकारिष्यामहि

नी (લઈ જવું) कर्मवाच्य

૧. (लट्) વર્તમાનકાળ

नीयते	नीयेते	नीयन्ते
नीयसे	नीयेथे	नीयध्वे
नीये	नीयावहे	नीयामहे

૨. (लृट्) સામાન્ય ભવિષ્યત્કાળ

नेष्यते	नेष्येते	नेष्यन्ते
नेष्यसे	नेष्येथे	नेष्यध्वे
नेष्ये	नेष्यावहे	नेष्यामहे

અથવા

नायिष्यते	नायिष्येते	नायिष्यन्ते
नायिष्यसे	नायिष्येथे	नायिष्यध्वे
नायिष्ये	नायिष्यावहे	नायिष्यामहे

૩. (लङ्) હ્યસ્તન ભૂતકાળ

अनीयत	अनीयेताम्	अनीयन्त
अनीयथाः	अनीयेथाम्	अनीयध्वम्
अनीये	अनीयावहि	अनीयामहि

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૪. (लोट्) આજ્ઞાર્થ

नीयताम्	नीयेताम्	नीयन्ताम्
नीयस्व	नीयेथाम्	नीयध्वम्
नीयै	नीयावहै	नीयामहै

૫. વિધ્યર્થ (विधिलिङ्)

नीयेत	नीयेयाताम्	नीयेरन्
नीयेथाः	नीयेयाथाम्	नीयेध्वम्
नीयेय	नीयेवहि	नीयेमहि

૬. (आशीर्लिङ्) આશીર્વાદાર્થ

नेषीष्ट	नेषीयास्ताम्	नेषीरन्
नेषीष्ठाः	नेषीयास्थाम्	नेषीध्वम्
नेषीय	नेषीवहि	नेषीमहि
	અથવા	
नायिषीष्ट	नायिषीयास्ताम्	नायिषीरन्
नायिषीष्ठाः	नायिषीयास्थाम्	नायिषीध्वम्
नायिषीय	नायिषीवहि	नायिषीमहि

૭. (लिट्) પરોક્ષ ભૂતકાળ

निन्ये	निन्याते	निन्यिरे
निन्यिषे	निन्याथे	निन्यिध्वे
निन्ये	निन्यिवहे	निन्यिमहे

૮. (लुट्) અનદ્યતન ભવિષ્યત્કાળ

नेता	नेतारौ	नेतारः
नेतासे	नेतासाथे	नेताध्वे
नेताहे	नेतास्वहे	नेतास्महे
	અથવા	
नायिता	नायितारौ	नायितारः
नायितासे	नायितासाथे	नायिताध्वे
नायिताहे	नायितास्वहे	नायितास्महे

૯. (लुङ्) સામાન્ય ભૂતકાળ

अनायि	{ अनेषाताम् / अनायिताषाम् }	{ अनेषत / अनायिषत }
{ अनेष्ठाः / अनायिष्ठाः }	{ अनेषाथाम् / अनायिषाथाम् }	{ अनेध्वम् / अनायिध्वम् }
{ अनेषि / अनायिषि }	{ अनेष्वहि / अनायिष्वहि }	{ अनेष्महि / अनायिष्महि }

૧૦. (लृङ्) ક્રિયાતિપત્ત્યર્થ

अनेष्यत	अनेष्येताम्	अनेष्यन्त
अनेष्यथाः	अनेष्येथाम्	अनेष्यध्वम्
अनेष्ये	अनेष्यावहि	अनेष्यामहि
	અથવા	
अनायिष्यत	अनायिष्येताम्	अनायिष्यन्त
अनायिष्यथाः	अनायिष्येथाम्	अनायिध्वम्
अनायिष्ये	अनायिष्यावहि	अनायिष्यामहि

√पा (પીવું) કર્મવાચ્ય

लट्	पीयते	पीयेते	पीयन्ते
	पीयसे	पीयेथे	पीयध्वे
	पीये	पीयावहे	पीयामहे
लृट्	पास्यते	पास्येते	पास्यन्ते
लङ्	अपीयत	अपीयेताम्	अपीयन्त
	अपीयथाः	अपीयेथाम्	अपीयध्वम्
	अपीये	अपीयावहि	अपीयामहि
लोट्	पीयताम्	पीयेताम्	पीयन्ताम्
	पीयस्व	पीयेथाम्	पीयध्वम्
	पीयै	पीयावहै	पीयामहै
विधिलिङ्	पीयेत	पीयेयाताम्	पीयेरन्
	पीयेथाः	पीयेयाथाम्	पीयेध्वम्
	पीयेय	पीयेवहि	पीयेमहि
आशीर्लिङ्	पासीष्ट	पासीयास्ताम्	पासीरन्
लिट्	पपे	पपाते	पपिरे
	पपिषे	पपाथे	पपिध्वे
	पपे	पपिवहे	पपिमहे
लुट्	पाता	पातारौ	पातारः
लुङ्	अपायिषि	अपायिषाताम्	अपायिषत
	अपायिष्ठाः	अपायिषाथाम्	अपायिध्वम्
	अपायिषि	अपायिष्वहि	अपायिष्महि
लृङ्	अपास्यत	अपास्येताम्	अपास्यन्त
	अपास्यथाः	अपास्येथाम्	अपास्यध्वम्
	अपास्ये	अपास्यावहि	अपास्यामहि

√पठ् (વાંચવું) કર્મવાચ્ય

	એકવચન	દ્વિવચન	બહુવચન
लट्	पठ्यते	पठ्येते	पठ्यन्ते
लृट्	पठिष्यते	पठिष्येते	पठिष्यन्ते

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

लङ्	अपठ्यत	अपठ्येताम्	अपठ्यन्त
लोट्	पठ्यताम्	पठ्येताम्	पठ्यन्ताम्
विधिलिङ्	पठ्येत	पठ्येयाताम्	पठ्येरन्
आशीर्लिङ्	पठिषीष्ट	पठिषीयास्ताम्	पठिषीरन्
लिट्	पेठे	पेठाते	पेठिरे
लुट्	पठिता	पठितारौ	पठितारः
	पठितासे	पठितासाथे	पठिताध्वे
	पठिताहे	पठितास्वहे	पठितास्महे
लुङ्	अपाठि	अपाठिषाताम्	अपाठिषत
लृङ्	अपठिष्यत	अपठिष्येताम्	अपठिष्यन्त

√मुच् (છોડવું)

लट्	मुच्यते	मुच्येते	मुच्यन्ते
लृट्	मोक्ष्यते	मोक्ष्येते	मोक्ष्यन्ते
लङ्	अमुच्यत	अमुच्येताम्	अमुच्यन्त
लोट्	मुच्यताम्	मुच्येताम्	मुच्यन्ताम्
विधिलिङ्	मुच्येत	मुच्येयाताम्	मुच्येरन्
आशीर्लिङ्	मुक्षीष्ट	मुक्षीयास्ताम्	मुक्षीरन्
लिट्	मुमुचे	मुमुचाते	मुमुचिरे
	मुमुचिषे	मुमुचाथे	मुमुचिध्वे
	मुमुचे	मुमुचिवहे	मुमुचिमहे
लुट्	मोक्ता	मोक्तारौ	मोक्तारः
लुङ्	अमोचि	अमुक्षाताम्	अमुक्षत
	अमुक्थाः	अमुक्षाथाम्	अमुग्ध्वम्
	अमुचि	अमुक्ष्वहि	अमुक्ष्महि
लृङ्	अमोक्ष्यत	अमोक्ष्येताम्	अमोक्ष्यन्त

√स्था ઊભા રહેવું, અકર્મક, ભાવે પ્રયોગ

लट्	स्थीयते
लृट्	स्थास्यते
लङ्	अस्थीयत
लोट्	स्थीयताम्
विधिलिङ्	स्थीयेत
आशीर्लिङ्	स्थासीष्ट
लिट्	तस्थे / तस्थिषे / तस्थे
लुट्	स्थाता
लुङ्	अस्थायिषि / अस्थायिष्ठाः / अस्थायि
लृङ्	अस्थास्यत

√जि જીવવું (અકર્મક, ભાવે-પ્રયોગમાં)

लट्	जीयते
लृट्	जेष्यते / जायिष्यते
लङ्	अजीयत
लोट्	जीयताम्
विधिलिङ्	जीयेत
आशीर्लिङ्	जेयीष्ट / जायिषीष्ट
लिट्	जिग्ये / जिग्यषे / जिग्ये
लुट्	जेता / जायिता
	अजायिषि / अजेषि
लुङ्	अजायिष्ठाः / अजेष्ठाः / अजायि
लृङ्	अजेष्यत / अजायिष्यत

નોંધ : કર્મણિ ક્રિયાપદની રૂપરચના બાબતે અગાઉ થોડીક ચર્ચા કરી છે. (તે માટે જુવો : V.0.2 તથા V.0.3 અને V.0.4) આ ઉપરાંત જે બીજા કેટલાક નિયમો તરફ ધ્યાન રાખવાનું છે તે નીચે મુજબ છે :

(૧) કર્મણિ કે ભાવે-પ્રયોગ માટેનાં ક્રિયાપદો બનાવતી વખતે ૧. વર્તમાનકાળ (लट्), ૨. હ્યસ્તન ભૂતકાળ, (लङ्), ૩. આજ્ઞાર્થ (लोट्) અને ૪. વિધ્યર્થ (विधिलिङ्) નાં રૂપોમાં ધાતુ અને આત્મનેપદના પ્રત્યયોની વચ્ચે /–य–/ પ્રત્યય ઉમેરવામાં આવે છે. (અને ધાતુ + य ની પાછળ હંમેશા, કેવળ આત્મનેપદના જ પ્રત્યયો લગાડવાના છે એ ધ્યાન રાખવું.) સામાન્ય ભવિષ્યત્કાળ (लृट्) નાં રૂપોમાં ધાતુની પાછળ य પ્રત્યયને બદલે स्यते કે इष्यते લાગે છે.

(૨) ધાતુની પાછળ य જોડાયા પછી, મૂળ ધાતુમાં કોઈ ફેરફાર/વિકાર થતો નથી. જેમકે, गम्‌ને गच्छ् આદેશ, કે दृश् ને पश्य् આદેશ થતો નથી. પણ गम्+य+ते = गम्यते । दृश्+य+ते = दृश्यते ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૩) दा, दे, दो, धा, धे, मा, पा, हा, गै, सो- - ધાતુઓનો અંતિમ સ્વર દીર્ઘ ई માં ફેરવાઈ જાય છે. જેમકે, दीयते, धीयते, मीयते, पीयते, हीयते, गीयते, सीयते । પણ અન્ય ધાતુઓમાં આવો વિકાર આવતો નથી. જેમકે, भूयते, गायते, स्नायते, ध्यायते ॥ વળી, અનેક ધાતુઓની વચ્ચેનો અનુસ્વાર કર્મણિપ્રયોગના ક્રિયાપદમાંથી નીકળી જાય છે. જેમકે, बन्ध् > बध्यते । इन्ध् > इन्ध्यते । प्र+शंस् > प्रशस्यते । વગેરે.

(૪) વર્તમાન, હ્યસ્તનભૂત, આજ્ઞાર્થ અને વિધ્યર્થ સિવાયના કાળ અને અર્થનાં કર્મણિ કે ભાવે ક્રિયાપદો બનાવતી વખતે ધાતુની પાછળ य જોડાતો નથી; (કેવળ આત્મનેપદના જ પ્રત્યય વાપરવાના છે એટલું ધ્યાનમાં રાખવું) પણ કર્તરિપ્રયોગના જેવાં જ રૂપો બને છે. જેમકે, પરોક્ષ ભૂતકાળ (लिट्)માં जज्ञे, बभूवे, निन्ये વગેરે. અથવા अस् કે कृ ના આત્મનેપદી પરોક્ષ ભૂતકાળનાં રૂપોનો જે તે ધાતુની પાછળ અનુપ્રયોગ કરવો, જેમ કે, कथयामासे । ईक्षाञ्चक्रे । વગેરે.

VII.3.0. ભૂતકાલિક ક્રિયાઓ માટે વપરાતાં કૃદન્તો :

જગત્‌માં ભૂતકાળમાં બનેલી અનેકાનેક ક્રિયાઓ વ્યક્ત કરવા માટે સંસ્કૃત ભાષામાં ક્રિયાવાચક 'ધાતુ'ની પાછળ જેમ (अ + ધાતુ +) त्/ताम्/अन् વગેરેનાં બનેલાં (દા. ત., अगच्छत्) ક્રિયાપદો વપરાય છે; તેમ ધાતુ + વિવિધ કૃદન્ત પ્રત્યયો પણ વપરાય છે. ભૂતકાલિક ક્રિયાઓને દર્શાવવા માટે આપણી પાસે, સંસ્કૃત ભાષામાં નીચે મુજબની વ્યવસ્થાઓ છે :

ભૂતકાળમાં બનેલી ક્રિયા માટે

(क) ક્રિયાપદ — કર્તરિ ક્રિયાપદ; કર્મણિ/ભાવે ક્રિયાપદ

(ख) કૃદન્ત — કર્તરિ ભૂતકૃદન્ત; કર્મણિ ભૂતકૃદન્ત

આવા ચતુર્વિધ ઉપાયોથી વાક્ય બનાવી શકાય છે. આનો થોડોક વિગતે અભ્યાસ કરીશું : (क) ક્રિયાપદને માટે VII.3.1., અને (ख) કૃદન્તને માટે VII.3.2. માં જુઓ.

VII.3.1. ક્રિયાપદ દ્વારા ભૂતકાળવાળી વાક્યરચના :

ભૂતકાળમાં બનેલી ક્રિયાને કહેવા જ્યારે ક્રિયાપદનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે ત્રણેય પ્રકારનાં ભૂતકાળનાં જુદાં જુદાં રૂપો વાપરી શકાય છે. જેમકે,

૧. સકર્મક √कृ અને √पा (पिब्) ધાતુનો ત્રણ ભૂતકાળમાં કર્તરિ પ્રયોગ :

(૧) કુંભારે ઘડો બનાવ્યો હતો.

कुम्भकारः घटम् अकरोत् । (હ્યસ્તન ભૂતકાળ- लङ्)

कुम्भकारः घटम् अकार्षीत् । (સામાન્ય ભૂતકાળ- लुङ्)

कुम्भकारः घटम् चकार । (પરોક્ષ ભૂતકાળ- लिट्)

(કર્તા) (કર્મ) (ક્રિયાપદ)

(૨) બાળકે દૂધ પીધું હતું.

बालकः दुग्धम् अपिबत् । (હ્યસ્તન ભૂતકાળ- लङ्)

बालकः दुग्धम् अपात् । (સામાન્ય ભૂતકાળ- लङ्)

बालकः दुग्धम् पपौ । (પરોક્ષ ભૂતકાળ- (लिट्)

(કર્તા) (કર્મ) (ક્રિયાપદ)

હવે, આ કર્તરિ પ્રયોગવાળાં વાક્યોનો અભ્યાસ કરવાથી જણાશે કે – ૧. કર્તાને પ્રથમા વિ. આપવામાં આવી, ૨. કર્મને દ્વિતીયા વિ. આપવામાં આવી છે અને ૩. કર્તા અનુસાર ક્રિયાપદમાં કાળવાચક પ્રત્યયોનો પુરુષ, વચનની સંગતિ જાળવીને પ્રયોગ કર્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જ્યારે આ જ વાક્યોનો કર્મણિ પ્રયોગ કરીશું ત્યારે

(૧) કુંભાર વડે ઘડો બનાવાયો હતો.

कुम्भकारेण घटः.अक्रियत । (હ્યસ્તન ભૂતકાળ- लङ्)

कुम्भकारेण घटः अकारि । (સામાન્ય ભૂતકાળ- लुङ्)

कुम्भकारेण घटः चक्रे । (પરોક્ષ ભૂતકાળ- लिट्)

(કર્તા) (કર્મ) (ક્રિયાપદ)

(૨) બાળક વડે દૂધ પીવાયું હતું.

बालकेन दुग्धम् अपीयत । (હ્યસ્તન ભૂતકાળ- लङ्)

बालकेन दुग्धम् अपायि । (સામાન્ય ભૂતકાળ- लुङ्)

बालकेन दुग्धम् पपे । (પરોક્ષ ભૂતકાળ- लिट्)

(કર્તા) (કર્મ) (ક્રિયાપદ)

હવે, આ કર્મણિ પ્રયોગવાળાં વાક્યોનો અભ્યાસ કરવાથી જણાશે કે–૧ કર્તાને તૃતીયા વિ.માં મૂકવામાં આવેલ છે. ૨. કર્મને પ્રથમા વિ. આપવામાં આવી છે તથા ૩. કર્મ અનુસાર ક્રિયાપદમાં કાળવાચક પ્રત્યયોનો પુરુષ અને વચનની સંગતિ જાળવીને પ્રયોગ કર્યો છે.

૨. અકર્મક √स्था ધાતુનો ત્રણ ભૂતકાળમાં કર્તરિ પ્રયોગ :

(૩) પુણ્યપ્રભાવથી બ્રાહ્મણ નદીના પાણી ઉપર ઊભો હતો.

पुण्यप्रभावात् ब्राह्मणः नद्याः जले अतिष्ठत् । (હ્યસ્તન ભૂતકાળ- लङ्)

पुण्यप्रभावात् ब्राह्मणः नद्याः जले अस्थात् । (સામાન્ય ભૂતકાળ- लुङ्)

पुण्यप्रभावात् ब्राह्मणः नद्याः जले तस्थौ । (પરોક્ષ ભૂતકાળ- लिट्)

(હેતુપંચમી) (કર્તા) (અધિકરણ) (ક્રિયાપદ)

અહીં √स्था > तिष्ठ એવો અકર્મક ધાતુ વપરાયો હોઈ કર્મકારકવાળા દ્વિતીયા વિભક્ત્યન્ત પદનો અત્યંત અભાવ છે. પણ ૧. કર્તાને પ્રથમા વિભક્તિ આપી છે, અને ૨. કર્તા અનુસાર ક્રિયાપદમાં કાળવાચક પ્રત્યયોનો પુરુષ અને વચનની સંગતિ જાળવીને, પ્રયોગ કરવામાં આવ્યો છે. [તથા અન્યકારકો કર્તરિ વાક્યરચનાની જેમ જ યથાવત્ રહ્યાં છે.] જ્યારે આ જ વાક્યનો ભાવે પ્રયોગ કરીશું ત્યારે –

(૩) પુણ્ય પ્રભાવથી બ્રાહ્મણ વડે નદીના પાણી ઉપર ઊભા રહેવાયું હતું.

पुण्यप्रभावात् ब्राह्मणेन नद्याः जले अस्थीयत । (હ્યસ્તન ભૂતકાળ- लङ्)

पुण्यप्रभावात् ब्राह्मणेन नद्याः जले अस्थायि । (સામાન્ય ભૂતકાળ- लुङ्)

पुण्यप्रभावात् ब्राह्मणेन नद्याः जले तस्थे । (પરોક્ષ ભૂતકાળ- लिट्)

(હેતુ-પંચમી) (કર્તા) (અધિકરણ) (ક્રિયાપદ)

આ વાક્યોનો અભ્યાસ કરવાથી જણાશે કે અહીં, √स्था (तिष्ठ) એવા અકર્મક ધાતુનો 'ભાવે પ્રયોગ' હોવાથી તેમાં–

૧. કર્તાને તૃતીયા વિભક્તિ આપવામાં આવી છે; અને

૨. સામાન્યેન, (કર્તાથી નિરપેક્ષ રહીને), ક્રિયાપદમાં (કેવળ) પ્રથમ પુરુષ, એકવચનના પ્રત્યયો વપરાયા છે.

નોંધ : જુદાં જુદાં ક્રિયાપદો દ્વારા ભૂતકાળવાળી વાક્યરચના કરવી હોય ત્યારે આપણે ત્રણેય પ્રકારના ભૂતકાળનો સ્પષ્ટપણે પૃથક્ પૃથક્ નિર્દેશ કરી શકીએ છીએ.

VII.3.2. કૃદન્ત દ્વારા ભૂતકાળવાળી વાક્યરચના :

વ્યાકરણકારોએ ધાતુની પાછળ જોડાતાં (પરસ્મૈપદના નવ પ્રત્યયો અને આત્મનેપદના નવ પ્રત્યયો સિવાય; બાકીના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બીજા બધા દા. ત., આ त, तवत् વગેરે પ્રત્યયોને ''कृत् (પ્રત્યય)'' એવું નામ આપ્યું છે. આ 'कृत्' પ્રત્યયો જેના અંતે લાગેલા હોય તેવા શબ્દરૂપને 'कृदन्त' (= कृत्+अन्त) કહે છે. (આ કૃદન્તોનો એક સામાન્ય પરિચય પૃ. ૧૧૦ ઉપર આપ્યો છે તે અત્યારે ફરીવાર જોઈ લેવાં અનુરોધ છે.) સંસ્કૃત ભાષામાં આવાં કૃદન્તો અનેક પ્રકારનાં જોવા મળે છે. તેમાંથી કેટલાંક ક્રિયાપદને બદલે વાપરી શકાય એવાં પણ છે. દા. ત., ભૂત સામાન્યમાં બનેલી ક્રિયાને વ્યક્ત કરવા માટે, ધાતુઓની પાછળ 'त' અને 'तवत्' એવા બે કૃત્પ્રત્યયો લાગલીને (તાન્ત કે તવદન્ત) કૃદન્ત શબ્દ રૂપો તૈયાર થાય છે, જેમને અનુક્રમે 'કર્મણિ ભૂતકૃદન્ત' અને 'કર્તરિ ભૂતકૃદન્ત' તરીકે ઓળખાવવામાં આવે છે. આ બે પ્રકારનાં ભૂતકૃદન્તોથી કોઈ પણ પ્રકારના ભૂતકાળમાં બનેલી ક્રિયાને વ્યક્ત કરી શકાય છે. એટલે કે હ્યસ્તન ભૂતકાળ, પરોક્ષ ભૂતકાળ કે સામાન્ય ભૂતકાળનાં ક્રિયાપદો ન વાપરવાં હોય તો આ ''ભૂતકાલિક કૃદન્ત''નો (= ભૂતકાળમાં બનેલી ક્રિયાને કહેનારા આ કૃત્પ્રત્યયાન્ત રૂપોનો) ઉપયોગ કરી શકાય છે.

સૌથી પહેલાં, આ ભૂતકાલિક કૃત્ પ્રત્યયો (= त અને तवत् પ્રત્યય) લાગીને જે કૃદન્ત શબ્દરૂપો તૈયાર થાય છે તેનાં કેટલાંક ઉદાહરણો જોઈશું :

૧. કર્મણિ ભૂતકૃદન્ત	**૨. કર્તરિ ભૂતકૃદન્ત**
૧. कृ+त = कृत (કરવામાં આવેલું)	૧. कृ+तवत् = कृतवत् (જેણે કર્યું છે તેવો)
૨. दा+त = दत्त (આપેલું)	૨. दा+तवत् = दत्तवत् (જેણે આપ્યું છે તેવો)
૩. कथ्+त = कथित (કહેલું)	૩. कथ्+तवत् = कथितवत् (જેણે કહ્યું છે તેવો)
૪. दृश्+त = दृष्ट (જોયેલું)	૪. दृश्+तवत् = दृष्टवत् (જેણે જોયું છે તેવો)
૫. पठ्+त = पठित (વાંચેલું)	૫. पठ्+तवत् = पठितवत् (જેણે વાંચેલ છે તે)
૬. ज्ञा+त = ज्ञात (જાણેલું)	૬. ज्ञा+तवत् = ज्ञातवत् (જેણે જાણ્યું છે તેવો)
૭. हन्+त = हत (હણેલું)	૭. हन्+तवत् = हतवत् (જેણે હણ્યું છે તેવો)
૮. ग्रह्+त = गृहीत (ગ્રહેલું)	૮. ग्रह्+तवत् = गृहीतवत् (જેણે ગ્રહણ કર્યું છે તેવો)
૯. छिद्+त = छिन्न (છેદાયેલું)	૯. छिद्+तवत् = छिन्नवत् (જેણે કાપ્યું છે તેવો)
૧૦. वच्+त = उक्त (કહેલું)	૧૦. वच्+तवत् = उक्तवत् (જેણે કહ્યું છે તેવો)
૧૧. लभ्+त = लब्ध (મેળવેલું)	૧૧. लभ्+तवत् = लब्धवत् (જેણે મેળવ્યું છે તેવો)
૧૨. तृ+त = तीर्ण (તરેલું)	૧૨. तृ+तवत् = तीर्णवत् (જે તર્યો છે તે)
૧૩. त्यज्+त = त्यक्त (ત્યજેલું)	૧૩. त्यज्+तवत् = त्यक्तवत् (જેણે ત્યાગ કર્યો છે તે)

હવે, આ બન્ને પ્રકારનાં કૃદન્તોનો ઉપયોગ કરીને કેવી રીતે વાક્યરચના કરવામાં આવે છે તેનો અભ્યાસ કરીશું :

૧. કર્મણિ ભૂતકૃદન્ત (= त પ્રત્યયાન્ત રૂપો)વાળાં વાક્યો :

ગુજરાતી વાક્યમાં ભૂતકાળમાં બનેલી ક્રિયાનો નિર્દેશ હોય; તે ક્રિયા સકર્મક હોય; અને કર્મને ઉદ્દેશીને (= કર્માનુસાર) ક્રિયાપદ ગોઠવાયું હોય ત્યારે તેનો સંસ્કૃતમાં અનુવાદ કરવા માટે त પ્રત્યયાન્ત 'કર્મણિ ભૂતકૃદન્ત'નો પ્રયોગ કરી શકાય છે. હવે, આ કર્મણિ ભૂતકૃદન્તનું રૂપ વાપરીએ ત્યારે – ૧. કર્તાવાચક શબ્દને તૃતીયા વિભક્તિનો પ્રત્યય લગાડવામાં આવે છે. ૨. કર્મને પ્રથમા વિભક્તિનો પ્રત્યય લગાડવામાં આવે છે અને ૩. કર્મના લિંગ, પ્રથમા વિભક્તિ અને વચનને સુસંગત (agreementમાં) રહીને 'કર્મણિ ભૂતકૃદન્ત'ના રૂપની પ્રયોગ કરવામાં આવે છે. દા. ત.,

૧. રામે	રાવણને	હણ્યો	હતો.
૨. રામે	પુસ્તક	વાંચ્યું	હતું.
૩. રામે	પુષ્પો	મેળવ્યાં	હતાં.
૪. રામે	કન્યાને	જોઈ	હતી.
કર્તા	કર્મ	(ભૂતકાલિક)··	ક્રિયાપદ

↳ અનુસાર ——→↑

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગુજરાતી ભાષામાં લખાયેલાં આ ચારેય વાક્યોમાં ભૂતકાળમાં બનેલી ક્રિયાઓનો નિર્દેશ છે. વળી, તે ચારેય ક્રિયાઓ સકર્મક છે. તથા તેમાં જે કર્મકારકો છે, તેમાં જે લિંગ, જે (પ્રથમા) વિભક્તિ અને વચન છે તદનુસાર જ ક્રિયાપદો વપરાયાં છે. જેમકે, પહેલા વાક્યમાં 'રામ' એ કર્તા છે, અને 'રાવણને' એ (હણવાની ક્રિયાનું) કર્મ છે. આ કર્મકારક વાચક શબ્દ (= રાવણ)માં પુંલિંગ, પ્રથમા વિ. અને એકવચનમાં રહેલ છે; તેની સાથે સંગતિમાં હોય તેવા જ, પુંલિંગ અને પ્રથમા વિ. એકવચનના નિર્દેશવાળાં 'હણ્યો હતો' એ પદો વપરાયાં છે. એ જ પ્રમાણે, બીજા વાક્યમાં 'પુસ્તક' એ કર્મકારકમાં નપુંસકલિંગ અને એકવચન રહેલું છે. તદનુસાર ''વાંચ્યું હતું'' એવા ક્રિયાપદમાં પણ નપુંસકલિંગ અને એકવચન બતાવવામાં આવ્યા છે. પરંતુ ત્રીજા વાક્યમાં 'પુષ્પો' એ કર્મ છે; જેમાં નપુંસકલિંગ અને બહુવચન રહેલું છે. તેથી ક્રિયાપદમાં પણ નપુંસલિંગ અને બહુવચનનો - મેળવ્યાં હતાં- સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે. ચોથા વાક્યમાં કર્મ 'કન્યાને' છે, તેથી ક્રિયાપદમાં પણ 'જોઈ હતી' એમ સ્ત્રીલિંગ-એકવચન પ્રતિબિંબિત થયું છે (એટલે કે, કર્મના લિંગ-વચન અનુસાર ક્રિયાપદનો પ્રયોગ થયો છે.)

હવે, આ વાક્યોનો કર્મણિ ભૂતકૃદન્તની મદદથી સંસ્કૃતમાં અનુવાદ કરતી વખતે - ૧. કર્તા (રામ)ને તૃતીયા વિ.માં મૂકીશું. रामेण । ૨. કર્મ (રાવણ)ને પ્રથમા વિ.માં મૂકીશું : रावणः । તથા ૩. કર્મ (રાવણ)નાં જે પુલિંગ અને પ્રથમા વિભક્તિની એક-વચનતા છે, તેને સુસંગત રહે એ રીતે, (हन्+त =) हत એવા કર્મણિ ભૂતકૃદન્તને પણ પુલિંગ-એકવચનમાં મૂકીશું : हतः । આ રીતે –

૧. रामेण रावणः हतः । એવું વાક્ય બનશે.

૨. रामेण पुस्तकम् पठितम् ।

કર્તા → તૃતીયા વિભક્તિ

કર્મ → ૧. તેને પ્રથમા વિભક્તિ, ૨. તથા; તે કર્મમાં નપુંસકલિંગ છે, એકવચનતા છે

├── તદનુસાર → ક્રિયાપદને માટે

पठ्+त = पठित એવા કર્મણિ ભૂતકૃદન્તમાં પણ (કર્માનુસાર) નપુંસકલિંગ અને પ્રથમા વિ. એકવચન(નો अम् પ્રત્યય) દાખલ કરવો પડશે.

૩. રામે પુષ્પો મેળવ્યાં હતાં

કર્તા → તૃતીયા વિભક્તિ

કર્મ → ૧. પ્રથમા વિભક્તિ, તથા ૨. નપુંસક, બહુવચન

├── તદનુસાર → ક્રિયાપદને માટે

लभ्+त = लब्ध એવા કર્મણિ ભૂતકૃદન્તમાં નપુંસકલિંગ, પ્રથમા વિ. બહુવચનનો आनि પ્રત્યય ઉમેરવો પડશે. પરિણામે–

रामेण पुष्पाणि लब्धानि ।

૪. રામે કન્યાને જોઈ હતી.

કર્તા → તૃતીયા વિભક્તિમાં

કર્મ → ૧. પ્રથમા વિભક્તિ, તથા ૨. કર્મમાં સ્ત્રીલિંગ છે અને એકવચનતા છે.

├── તદનુસાર → ક્રિયાપદને માટે

दृश्+त = दृष्ट એવા કર્મણિ ભૂતકૃદન્તમાં સ્ત્રીલિંગનો દ્યોતક आ પ્રત્યય ઉમેરીને (दृष्ट+आ = दृष्टा) પછી, પ્રથમા વિ.નો એકવચનનો (શૂન્ય) પ્રત્યય ઉમેરીને दृष्टा રૂપ કરવું પડશે.

रामेण कन्या दृष्टा ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નીચે આપેલાં વાક્યોનો અભ્યાસ કરો (અને જુવો કે કર્મકારકમાં જે લિંગ, વચન અને વિભક્તિ છે, તે કર્મણિભૂતકૃદન્તમાં પણ દાખલ કરવામાં આવેલ છે) :

૧. વિશ્વામિત્રે યજ્ઞ કર્યો હતો. विश्वामित्रेण यज्ञः कृतः ।
૨. કામુકે દાસીને ધન આપ્યું. कामुकेन दास्या धनम् दत्तम् ।[૫]
૩. દુર્યોધને પાંચ નગરો ન આપ્યાં. दुर्योधनेन पञ्च नगराणि न दत्तानि ।
૪. રામે વાર્તા કહી હતી. रामेण वार्ता कथिता । (=રામ વડે વાર્તા કહેવાઈ.)
૫. સીતાએ સુવર્ણમૃગ જોયો. सीतया सुवर्णमृगः दृष्टः ।
૬. ઋષિઓ વડે મન્ત્રો જોવાયા. ऋषिभिः मन्त्राः दृष्टाः ।
૭. માતાએ આશીર્વચનો કહ્યાં. मात्रा आशीर्वचनानि उक्तानि ।
૮. કાલિદાસે શાકુન્તલ રચ્યું. कालिदासेन शाकुन्तलम् रचितम् ।
૯. બાણભટ્ટે કાદમ્બરી રચી હતી. बाणभट्टेन कादम्बरी रचिता ।
૧૦. કવિએ ભોજપ્રબન્ધ રચ્યો. कविना भोजप्रबन्धः रचितः ।
૧૧. મેં સાગર તર્યો છે. मया समुद्रः तीर्णः ।
૧૨. મારા વડે ગંગા તરાઈ હતી. मया गंगा तीर्णा ।
૧૩. તેં પરીક્ષા પસાર કરી લીધી. त्वया परीक्षा उत्तीर्णा ।
૧૪. હનુમાને અશોકવાટિકાને તોડી કાઢી. हनुमता अशोकवाटिका छिन्ना ।
૧૫. ઇન્દ્રે શત્રુઓનું નગર ભેદ્યું હતું. इन्द्रेण शत्रूणां नगरं भिन्नम् ।
૧૬. ભીમે યુદ્ધની નીતિ તદ્દન છોડી દીધી. भीमेन युद्धस्य नीतिः परित्यक्ता ।

નોંધ : ગુજરાતી ભાષામાં ભૂતકાળવાળી વાક્યરચના અનેક પ્રકારે થતી જોવા મળે છે. જેમકે, ૧. રામ રાવણને હણતા હતા. ૨. રામે રાવણને હણ્યો છે. ૩. રામે રાવણને હણ્યો હતો. ૪. રામ વડે રાવણ હણાયો હતો. ૫. રામ વડે રાવણ હણાયો. (આ બધાં જ કર્મણિપ્રયોગમાં છે; કેવળ પ્રથમ વાક્ય કર્તરિ પ્રયોગમાં છે.) આ તમામ ભૂતકાળવાળાં વાક્યોનો સંસ્કૃતમાં કર્મણિપ્રયોગથી એકસરખો જ અનુવાદ થશે : रामेण रावणः हतः ।

***

ભૂતકાળવાળી વાક્યરચનામાં જે ક્રિયાનો નિર્દેશ હોય તે સકર્મક હોય, છતાંય ક્યારેક એવું બની શકે કે વક્તા તે વાક્યમાં કર્મવાચક શબ્દનો પ્રયોગ જ ન કરે. દા. ત. ૧. રામ વડે કહેવાયું. ૨. રામ વડે જોવાયું. ૩. કવિએ વર્ણવ્યું છે. – કે ઇત્યાદિ. અહીં 'કહેવું', 'જોવું', કે 'વર્ણવવું' ક્રિયાઓ સકર્મક છે, તથાપિ વક્તાએ તેનો પ્રકટ નિર્દેશ કર્યો નથી. આવા પ્રસંગોએ સંસ્કૃતમાં અનુવાદ કરતી વખતે – (क) કર્તાને તૃતીયા વિ.માં મૂકવો, તથા (ख) ભૂતકાલિકક્રિયાવાચક કર્મણિ ભૂતકૃદન્તના રૂપમાં સામાન્યેન નપુંસકલિંગ-એકવચનનો પ્રત્યય ગોઠવવો (અહીં કર્મનો ઉલ્લેખ હોતો જ નથી, તેથી 'કર્મનાં લિંગ-વચન-વિભક્તિ અનુસાર કૃદન્તનું રૂપ' ગોઠવવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.) દા. ત.

૧. રામ વડે કહેવાયું. – रामेण कथितम् ।
૨. રામ વડે જોવાયું. – रामेण दृष्टम् ।
૩. કવિએ વર્ણવ્યું છે/હતું. – कविना वर्णितम् ।
૪. મેં ખાઈ લીધું/ખાધું. – मया भक्षितम् ।

ગુજરાતી વાક્યમાં ભૂતકાળમાં બનેલી જે ક્રિયાનો નિર્દેશ હોય, તે ક્રિયા જો અકર્મક હોય તો તેવી ક્રિયાને માટે વપરાતું 'કર્મણિ ભૂતકૃદન્ત' (त પ્રત્યયાન્ત) રૂપ 'ભાવ' અર્થમાં પ્રયોજાયું છે એમ જાણવું. દા. ત. રામ વડે હસાયું → रामेण हसितम् । અહીં, 'હસવું' ક્રિયા અકર્મક છે. તેથી કર્મકારક હોવાની શક્યતા જ નથી. આથી हस् ધાતુની પાછળ લાગેલો त પ્રત્યય ભાવ-અર્થમાં લાગ્યો છે એમ જાણવું. હવે, આવા અકર્મક ધાતુઓના પ્રયોગ વખતે પણ (क) કર્તાને તૃતીયા વિ.માં મૂકવો, અને (ख) त પ્રત્યયાન્ત ભૂતકાલિક કૃદન્તને સામાન્યેન નપુંસકલિંગ એકવચનમાં મૂકવું.

---

૫. અશિષ્ટ વ્યવહાર દર્શાવવા ચતુર્થીને બદલે તૃતીયા વપરાય છે : दास्यै નહીં પણ दास्या ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. રામ વડે સૂવાયું. रामेण शयितम् ।

૨. મેં સ્નાન કર્યું. मया स्नातम् ।

૩. કૃષ્ણ વડે મધુરતાથી હસાયું. कृष्णेन मधुरम् हसितम् ।

પરંતુ એવું પણ જોવા મળે છે કે – અકર્મક ધાતુઓની પાછળ, તેમ જ ગત્યર્થકધાતુની (કે જેમને પણ શાસ્ત્રકારોએ અકર્મક ગણ્યા છે, તેમની) પાછળ લાગેલો 'કર્મણિ ભૂતકૃદન્ત'નો त પ્રત્યય કર્તા-અર્થનો વાચક બને છે. દા. ત.

૧. હરિ વૈકુંઠમાં (અધિકરણ) બેઠા હતા. (= હરિ વડે વૈકુંઠમાં બેસાયું હતું.)

हरिः वैकुण्ठम् अधिष्ठितः ।

૨. ઋષિઓ (વનમાં) ગયા.

ऋषयः (वनम्) गताः ।

૩. જમ્બુદ્વીપમાંથી સત્યનારાયણ આવ્યા છે.

जम्बुद्वीपात् सत्यनारायणः आगतः ।

૪. વાનરસૈન્ય ચાલી નીકળ્યું.

वानरसैन्यम् चलितम् ।

૫. શંકરાચાર્ય બાળપણથી જ તત્ત્વોપદેશ માટે ચાલી નીકળ્યા.

शङ्कराचार्यः आबाल्यात् तत्त्वोपदेशाय प्रस्थितः ।

૬. સીતા રામની પત્ની થઈ.

सीता रामस्य पत्नी भूता ।

૭. સીતા સુખેથી સૂતી હતી.

सीता सुखेन सुप्ता ।

૮. હું (રામ) કામમાં લાગ્યો છું/હતો.

अहम् (रामः) कर्मणि प्रवृत्तः ।

૯. રાવણ મરી ગયો.

रावणः मृतः ।

૧૦. પુષ્પો કરમાઈ ગયાં.

पुष्पाणि म्लानानि ।

આ ભૂતકાલિક વાક્યોમાં અકર્મક ધાતુઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. (તથા ૨,૩,૪,૫ નંબરના વાક્યોમાં ગત્યર્થક ધાતુઓનો પ્રયોગ કરવામાં આવ્યો છે.) અહીં, ભૂતકાલિક ક્રિયાને કહેવા માટે વપરાયેલો 'કર્મણિ ભૂતકૃદન્ત'નો त પ્રત્યય કર્તા-અર્થને (અર્થાત્ गतः = ગયેલો, चलितम्- ચાલી નીકળેલું (સૈન્ય), आगतः- આવેલો) કહેનારો છે. એટલે કે (બીજા શબ્દોમાં કહીએ તો) આ કૃદન્ત રૂપોની લિંગ-વચન-વિભક્તિ બાબતે કર્તાપદની સાથે સંગતિ જળવાયેલી જોવા મળે છે. દા.ત. રાવણ મરી ગયો. रावणः मृतः । અહીં કર્તા પુંલિંગ, પ્રથમા વિ., એકવચનમાં છે; તદનુસાર मृत એવું કર્મણિ ભૂતકૃદન્તનું રૂપ પણ પુંલિંગ, પ્રથમા વિ. એકવચનમાં વપરાયું છે. આવી જ રીતે सीता सुप्ता । માં કર્તૃકારક વાચક सीता શબ્દ (તૃતીયા વિ.માં વપરાયેલ નથી, પણ) सुप्त રૂપ કર્તા-અર્થનું વાચક તે, તેથી (सीता શબ્દ) પ્રથમા વિભક્તિમાં જ મૂકાયેલ છે. તથા કર્તાવાચક શબ્દના જે સ્ત્રીલિંગ, એકવચન છે, તે सुप्त એવા કૃદન્ત રૂપમાં દાખલ કરવામાં આવેલ છે (= सुप्ता) [ઘણીવાર વિદ્યાર્થીઓ ''ઋષિઓ વડે વનમાં જવાયું''નો અનુવાદ ऋषिभिः वनम् गतम् । એમ કરે છે. वन ને કર્મ ગણીને તેને પ્રથમા વિ. લગાડી, તે કર્મના લિંગ-વચન અનુસાર गत કૃદન્ત રૂપને નપું-એકવચનમાં ફેરવીને गतम् કરે છે; તથા કર્તા 'ऋषिओ'ને તૃતીયા વિ. લગાડે છે, જે ઉચિત નથી, કારણ ઉપર જણાવ્યું તેમ ગત્યર્થક ધાતુને લાગતો આ 'કર્મણિ ભૂતકૃદન્ત'નો त પ્રત્યય 'કર્તા' અર્થ'નો જ વાચક બને છે. ऋषयः वनम् गताः । એવો અનુવાદ જ સાધુ ગણાય છે, ત્યાં કર્તાને પુંલિંગ પ્રથમા-બહુવચનમાં મુકાય છે; અને તદનુસાર જ गत કૃદન્તને પણ પુંલિંગ પ્રથમા વિ. બહુવચનમાં મુકાય છે.]

***

નીચેની પંક્તિ જુઓ : यो मे गर्भगतस्यापि वृत्तिं कल्पितवान् हरिः । सः (हरिः) वृत्तिशेषविधानार्थं किं सुप्तोऽथवा मृतः ॥ ''જે શ્રીહરિએ (માતાના) ગર્ભમાં રહેલા એવા મારી ભરણપોષણની વ્યવસ્થા કરી હતી; તે (હરિ) શું બાકીની (જિંદગીમાં) ભરણપોષણની વ્યવસ્થા કરવા માટે ઊંઘી ગયો છે કે મરી ગયો છે ? (અર્થાત્ બાકીના જીવનની વ્યવસ્થા પણ એ જ કરશે.)'' અહીં પણ सः हरिः सुप्तः मृतः वा । વાક્યમાં અકર્મક ધાતુના કર્મણિ ભૂતકૃદન્તો કર્તાપરક અર્થો આપે છે. તેથી કર્તાને (हरिः सः) ને પ્રથમા વિ. મળી છે, અને તદનુસાર सुप्तः । मृतः । એવાં કૃદન્તો વપરાયાં છે.

***

આવી જ રીતે श्लिष्, शीङ्, स्था, आस्, वस्, जन्, रुह, जृ ધાતુઓના त પ્રત્યયાન્ત કૃદન્ત રૂપો પણ કર્તૃવાચ્યનો બોધ કરાવે છે. જેમકે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧. उमाम् आश्लिष्टः महेशः ।
મહેશે ઉમાને આલિંગન આપ્યું છે.

૨. विष्णुः गरुडम् आरूढः ।
વિષ્ણુ ગરુડે ચઢ્યા છે.

૩. भक्तः रामनवमीम् उपोषितः ।
ભક્ત રામનવમીના દિવસે ઉપવાસ કરે છે.

૪. शुकनासस्य गृहे सुतः जातः ।
શુકનાસના ઘરે પુત્ર જન્મ્યો.

ઈચ્છાર્થક, પૂજાર્થક કે બુદ્ધ્યર્થક (= જ્ઞાનાર્થક) ધાતુઓને 'કર્મણિ ભૂતકૃદન્તનો त પ્રત્યય લાગ્યો હોય ત્યારે, તે કૃદન્ત રૂપમાંથી ૧. કર્તાપરક અર્થ નીકળે છે; અને ૨. વર્તમાનકાળનો અર્થ સમજાય છે. દા. ત.,

૧. रामः प्रजानाम् इष्टः ।
રામ પ્રજાને (માટે) ઈષ્ટ છે. (इष् ધાતુનું કર્મણિ ભૂતકૃદન્ત)

૨. रघुवंशीयानां राज्ञां प्रजानुरञ्जनम् अभिमतम् ।
રઘુવંશીય રાજાઓને પ્રજાનુરંજન અભિમત છે.

વિશેષ : (૧) વાક્યમાં દ્વિકર્મક ધાતુઓનો ઉપયોગ થયો હોય તો, જે ગૌણ કર્મ હોય તેને પ્રથમા વિભક્તિમાં મૂકીને, તેનાં લિંગ-વચન અનુસાર આ त પ્રત્યયાન્ત 'કર્મણિ ભૂતકૃદન્ત'નો પ્રયોગ કરવામાં આવે છે. દા. ત.,

અર્જુન	કૃષ્ણને	ધર્મ	પૂછે છે.
अर्जुनः	कृष्णं	धर्मं	पृच्छति ।
	(ગૌણકર્મ)	(પ્રધાનકર્મ)	
અર્જુન વડે	કૃષ્ણને	ધર્મ	પુછાયો.
अर्जुनेन	कृष्णः	धर्मं	पृष्टः ।

અહીં ગૌણકર્મ (કૃષ્ણ)ને પ્રથમામાં મૂકેલ છે, અને તેના લિંગ-વચન અનુસાર पृष्ट એવા 'કર્મણિ ભૂતકૃદન્ત'નો પ્રયોગ થયો છે. (તથા પ્રધાનકર્મ धर्मम् ને દ્વિતીયા વિ. ચાલુ રહી છે.)

(૨) દ્વિકર્મક ૧૬ ધાતુઓમાંથી જે √नी, हृ, कृष् અને वह् એવા છેલ્લા ૪ ધાતુઓ છે તેના પ્રધાનકર્મને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે અને તેમાં જે લિંગ-વચન હોય છે તદનુસાર કર્મણિ ભૂતકૃદન્તનો પ્રયોગ થાય છે. દા. ત.

ગોવાળિયો	બકરીને	ગામમાં	લઈ જાય છે.
(કર્તા)	(પ્રધાનકર્મ)	(ગૌણકર્મ)	
गोपालः	अजां	ग्रामम्	नयति ॥

[નિયમ II.2.3. મુજબ આ વાક્યરચના થઈ છે.] હવે તેને ભૂતકાળમાં ફેરવીએ તો–

ગોવાળિયા વડે	બકરીને	ગામમાં	લઈ જવાઈ છે.
गोपालेन	अजा	ग्रामम्	नीता ।

અહીં, કર્તાને તૃતીયા વિભક્તિમાં મૂક્યા પછી, જે પ્રધાનકર્મ अजा છે, તેને પ્રથમા વિ.માં મૂકેલ છે. તથા તે પ્રધાનકર્મના સ્ત્રીલિંગ-એકવચનને (नी+त = नीत) એવા કર્મણિ ભૂતકૃદન્તમાં દાખલ કરવામાં આવેલ છે.

(૩) ''ણિજન્ત'' અર્થાત્ પ્રેરક ક્રિયાપદનો પ્રયોગ થયો હોય ત્યારે કર્મણિ ભૂતકૃદન્તથી અનુવાદ કરતી વખતે-પ્રેરક (= પ્રયોજક) કર્તાને તૃતીયા વિ.માં મૂકવો. પ્રેર્ય (= પ્રયોજ્ય) કર્તાને પ્રથમા વિ. આપીને, તે પ્રયોજ્ય (= સાદા વાક્યના) કર્તાના લિંગ-વચન અનુસાર પ્રેરક કર્મણિ ભૂતકૃદન્તનું રૂપ ગોઠવવું. જેમકે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(क) छात्रः शास्त्रं बोधति स्म । (સાદું કર્તરિ)

(છાત્ર શાસ્ત્ર સમજતો હતો.)

(ख) अध्यापकः छात्रं शास्त्रम् बोधयति स्म । (પ્રેરક વાક્ય)

(અધ્યાપક છાત્રને શાસ્ત્ર સમજાવતા હતા.)

(પ્રેરક= પ્રયોજકકર્તા) (પ્રયોજ્યકર્તા) (કર્મ) (પ્રેરક ક્રિયાપદ)

હવે, આ બન્ને વાક્યને કર્મણિ ભૂતકૃદન્તથી અનુદિત કરવાં હોય તો–

(क) छात्रेण शास्त्रम् बुद्धम् (સાદું કર્મણિ)

(ख) अध्यापकेन छात्रः शास्त्रम् बोधितः । (પ્રેરક કર્મણિ)

અહીં, (ख) વાક્યમાં ૧. પ્રયોજકકર્તાને તૃતીયા વિ.માં મૂકેલ છે; ૨. પ્રયોજ્યકર્તાને પ્રથમા વિ. આપીને; ૩. તે પ્રયોજ્યકર્તા (છાત્ર)ના લિંગ-વચન બોધિત એવા ''(પ્રેરક) કર્મણિભૂતકૃદન્ત''માં દાખલ કર્યાં છે.

૨. કર્તરિ ભૂતકૃદન્ત (तवत् પ્રત્યયાન્ત રૂપો)વાળાં વાક્યો :

ગુજરાતી વાક્યમાં, ભૂતકાળમાં બનેલી જે ક્રિયાનો નિર્દેશ હોય તે ક્રિયા સકર્મક હોય; કે અકર્મક હોય પણ તેનો હ્યસ્તન ભૂતકાળાદિના કોઈ ક્રિયાપદથી (સંસ્કૃતમાં) અનુવાદ ન કરવો હોય તો ધાતુ + तवत् પ્રત્યયાન્ત 'કર્તરિભૂતકૃદન્ત''નાં રૂપોથી પણ અનુવાદ થઈ શકે છે. આવાં કર્તરિ ભૂતકૃદન્તનાં રૂપો વાપરીએ ત્યારે- ૧. કર્તાને પ્રથમા વિ.માં મૂકવામાં આવે છે; ૨. કર્મકારક (જો હોય તો, તે)ને દ્વિતીયા વિ.માં મૂકવામાં આવે છે; તથા ૩. કર્તાનાં જે લિંગ, વચન, વિભક્તિ હોય, તદનુસાર કર્તરિ ભૂતકૃદન્તના રૂપમાં પણ લિંગ, વચન અને વિભક્તિ ગોઠવવામાં આવે છે. દા. ત.

૧. મેં (= રામે) પુસ્તક વાચ્યું (છે).

अहम् (रामः) पुस्तकम् पठितवान् ।

૨. અમે બે જણે (= રામ-લક્ષ્મણે) પુસ્તક વાંચ્યું છે.

आवाम् (रामलक्ष्मणौ) पुस्तकं पठितवन्तौ ।

કર્તા ← (પુંલિંગ, પ્રથમા દ્વિવચન)

૩. સીતાએ પુસ્તક વાંચ્યું (છે).

सीता पुस्तकं पठितवती ।

૪. હનુમાન પર્વત લઈ આવ્યા.

हनुमान् पर्वतम् आनीतवान् ।

૫. ઋષિઓએ જ્ઞાન મેળવ્યું છે.

ऋषयः ज्ञानं लब्धवन्तः ।

૬. પાણી નગરીમાં પેઠું.

जलम् नगरीम् गतवत् ।

૭. નદી વનમાં પહોંચી.

नदी वनम् गतवती ।

૮. રાજાએ સેનાપતિને ધન આપ્યું.

नृपः सेनापतये धनम् दत्तवान् ।

૯. બે શિષ્યોએ ગુરુને ભિક્ષા સમર્પી.

शिष्यौ गुरवे भिक्षां समर्पितवन्तौ ।

૧૦. રામે સીતાને વાર્તા કહી.

रामः सीतायै वार्तां कथितवान् ।

આ વાક્યોની અભ્યાસ કરો. તેમાં જોવા મળશે કે, ૧. કર્તાવાચક જે જે શબ્દો છે તે બધા પ્રથમા વિભક્તિમાં મૂકવામાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવ્યા છે, ૨. કર્મવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવી છે, તથા ૩. કર્તાવાચક શબ્દનાં જે લિંગ, વચન, વિભક્તિ છે, તદનુસાર ''कर्तरिभूतकृदन्त''નાં રૂપો (એટલે કે तवत् પ્રત્યયાન્ત રૂપો)માં પણ લિંગ, વચન અને વિભક્તિ ગોઠવ્યાં છે. જેમકે,

ઉપરના આઠમા વાક્યમાં કર્તા नृपः પુંલિંગ, પ્રથમા એકવચનમાં છે, તેથી કર્તરિ ભૂતકૃદન્ત दत्तवत् શબ્દને પણ પુંલિંગ, પ્રથમા વિ. એકવચનમાં (એટલે કે दत्तवान् રૂપે) ગોઠવેલ છે. અહીં दत्तवत् શબ્દનાં પુંલિંગમાં જે રૂપો થાય છે, તે बुद्धिमत्, भगवत् (III.2.5 પૃ. ૧૦૩)ની જેમ થાય છે. ઉપરના બીજા વાક્યમાં બે કર્તા (आवाम् = रामलक्ष्मणौ) પુંલિંગમાં છે; તદનુસાર કર્તરિ ભૂતકૃદન્ત पठितवत्નું પણ પુંલિંગ, પ્રથમા વિ. દ્વિવચનમાં રૂપાન્તર (= पठितवन्तौ) કરવામાં આવ્યું છે. ત્રીજા વાક્યમાં કર્તા सीता સ્ત્રીલિંગ, પ્રથમા, એકવચન છે, તદનુસાર पठितवत् એવા કર્તરિ ભૂતકૃદન્તને પહેલાં દીર્ઘ ई ઉમેરીને સ્ત્રીલિંગમાં ફેરવવામાં આવે છે; पठितवत्+ई = पठितवती । ત્યાર પછી તેનાં नदी શબ્દની જેમ રૂપ ચલાવીને, પ્રથમા વિ. એકવચનમાં ફેરવીને વાપરવામાં આવેલ છે. એવી જ રીતે, છઠ્ઠા વાક્યમાં કર્તાપદ जलम् નપુંસકલિંગ, પ્રથમા વિ. એકવચન છે, તદનુસાર જ કર્તરિ ભૂતકૃદન્ત गतवत्નું (जगत्ની જેમ રૂપ ચલાવીને) નપુંસકલિંગમાં રૂપ ચલાવીને વાક્યમાં વાપર્યું છે.

(क) કર્મણિ ભૂતકૃદન્તનાં (ત્રણેય લિંગમાં) રૂપો :

(त પ્રત્યયાન્ત)

(કર્મ જો)	પુંલિંગ,	નપુંસકલિંગ, કે	સ્ત્રીલિંગ (હોય તો-)
पठ्	पठितः	पठितम्	पठिता
गम्	गतः	गतम्	गता
त्यज्	त्यक्तः	त्यक्तम्	त्यक्ता
ग्रह	गृहीतः	गृहीतम्	गृहीता
भू	भूतः	भूतम्	भूता
पा	पातः	पातम्	पाता
स्ना	स्नातः	स्नातम्	स्नाता
प्रच्छ्	पृष्टः	पृष्टम्	पृष्टा
भिद्	भिन्नः	भिन्नम्	भिन्ना
कृ	कृतः	कृतम्	कृता
शक्	शक्तः	शक्तम्	शक्ता
सिच्	सिक्तः	सिक्तम्	सिक्ता
शीङ्	शयितः	शयितम्	शयिता
मन्	मतः	मतम्	मता
शम्	शान्तः	शान्तम्	शान्ता
पा (पिब्)	पीतः	पीतम्	पीता

(ख) કર્તરિ ભૂતકૃદન્તનાં (तवत् પ્રત્યયાન્ત) રૂપો

(કર્તા જો)	પુંલિંગ	નપુંસક કે	સ્ત્રીલિંગ(માં હોય તો)
पठ्	पठितवान्	पठितवत्	पठितवती
गम्	गतवान्	गतवत्	गतवती

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

त्यज्	त्यक्तवान्	त्यक्तवत्	त्यक्तवती	
ग्रह्	गृहीतवान्	गृहीतवत्	गृहीतवती	
भिद्	भिन्नवान्	भिन्नवत्	भिन्नवती	વગેરે.

(આનાં સાતેય વિભક્તિમાં જે રીતે રૂપો ચાલે છે તે માટે જુઓ : પૃ. ૧૦૩)

धातु	क्त	क्तवतु	धातु	क्त	क्तवतु
अर्च्	अर्चितः	अर्चितवान्	जन्	जातः	जातवान्
अधि+इ	अधीतः	अधीतवान्	इष्	इष्टः	इष्टवान्
छिद्	छिन्नः	छिन्नवान्	कथ्	कथितः	कथितवान्
कृ	कृतः	कृतवान्	धा	हितः	हितवान्
कॄ	कीर्णः	कीर्णवान्	विधा	विहितः	विहितवान्
क्षि	क्षीणः	क्षीणवान्	निधा	निहितः	निहितवान्
क्षिप्	क्षिप्तः	क्षिप्तवान्	आह्वे	आहूतः	आहूतवान्
क्रम्	क्रान्तः	क्रान्तवान्	लिह्	लीढः	लीढवान्
क्री	क्रीतः	क्रीतवान्	शम्	शान्तः	शान्तवान्
खन्	खातः	खातवान्	निन्द्	निन्दितः	निन्दितवान्
गम्	गतः	गतवान्	नी	नीतः	नीतवान्
गॄ	गीर्णः	गीर्णवान्	पत्	पतितः	पतितवान्
गै	गीतः	गीतवान्	पा	पीतः	पीतवान्
ग्रह्	गृहीतः	गृहीतवान्	शास्	शिष्टः	शिष्टवान्
घ्रा	घ्राणः, घ्रातः	घ्रातवान्	चेष्ट्	चेष्टितः	चेष्टितवान्
चि	चितः	चितवान्	श्रु	श्रुतः	श्रुतवान्
पूज्	पूजितः	पूजितवान्	सह्	सोढः	सोढवान्
प्रच्छ्	पृष्टः	पृष्टवान्	स्पृश्	स्पृष्टः	स्पृष्टवान्
बन्ध्	बद्धः	बद्धवान्	सृज्	सृष्टः	सृष्टवान्
बुध्	बुद्धः	बुद्धवान्	स्मि	स्मितः	स्मितवान्
वद्	उदितः	उदितवान्	स्मृ	स्मृतः	स्मृतवान्
वच्	उक्तः	उक्तवान्	मन्	मतः	मतवान्
विद्	विदितः	विदितवान्	रभ्	रब्धः	रब्धवान्
भिद्	भिन्नः	भिन्नवान्	वस्	उषितः	उषितवान्
जि	जितः	जितवान्	लभ्	लब्धः	लब्धवान्
जॄ	जीर्णः	जीर्णवान्	शी	शयितः	शयितवान्
तॄ	तीर्णः	तीर्णवान्	हन्	हतः	हतवान्
त्यज्	त्यक्तः	त्यक्तवान्	हा	हीनः	हीनवान्
त्रै	त्रातः	त्रातवान्	हृ	हृतः	हृतवान्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

दंश्	दष्टः	दष्टवान्	वह्	ऊढः	ऊढवान्
दा	दत्तः	दत्तवान्	कम्	कान्तः	कान्तवान्

સ્વાધ્યાય

१. वायुना मेघाः विकीर्णाः ।	૧. પવને વાદળો વિખેરી નાખ્યા.
२. कृषिकारेण धान्यम् उप्तम् ।	૨. ખેડૂતે અનાજ વાવ્યું.
३. गुरुणा धर्मः उपदिष्टः ।	૩. ગુરુએ ધર્મને ઉપદેશ્યો.
४. वातैः समुद्रः संक्षुब्धः ।	૪. પવનોએ સમુદ્રને ડામાડોળ કર્યો.
५. शिवः रावणस्य भक्त्या संतुष्टः ।	૫. શિવ રાવણની ભક્તિથી સંતુષ્ટ થયા.
६. ईश्वरेण धर्मसंस्थापना कृता ।	૬. ઈશ્વરે ધર્મની સંસ્થાપના કરી.
७. केन शत्रवः पराजिताः ।	૭. કોણે શત્રુઓને પરાજિત કર્યા ?
८. युद्धे बहवः सैनिकाः मृताः ।	૮. યુદ્ધમાં ઘણા સૈનિકો માર્યા ગયા.
९. अभिषेकसमये सर्वे बन्धनात् विमुक्ताः ।	૯. અભિષેક સમયે બધા કેદમાંથી છૂટ્યા.
१०. परिश्रमस्य फलम् नारायणेन संप्राप्तम् ।	૧૦. નારાયણે પરિશ્રમનું ફળ મેળવ્યું.
११. देवीं नत्वा सः देवालयात् प्रत्यागतः ।	૧૧. દેવીને નમીને, તે મન્દિરમાંથી પાછો આવ્યો.
१२. भीमः दुर्योधनाय क्रुद्धः ।	૧૨. ભીમ દુર્યોધન ઉપર ક્રોધિત થયો.
१३. पर्वतारूढेन कपिना सरः दृष्टम् ।	૧૩. પર્વત ઉપર ચઢેલા વાનરે સરોવર જોયું.
१४. भयस्य कारणम् निर्गतम् ।	૧૪. ભયનું કારણ જતું રહ્યું છે.
१५. समुद्रस्य तटे मात्रा बालकम् परित्यक्तम् ।	૧૫. સમુદ્રના તટે માતાએ બાળક ત્યજી દીધું.
१६. मूर्तौ भक्तैः श्रद्धा प्रस्थापिता ।	૧૬. મૂર્તિમાં ભક્તોએ શ્રદ્ધા સ્થાપી છે.
१७. सर्वं सत्ये प्रतिष्ठितम् ।	૧૭. બધું સત્યમાં (જ) પ્રતિષ્ઠિત થયેલું છે.
१८. सैनिकैः नगराणि रक्षितानि ।	૧૮. સૈનિકો વડે નગરો રક્ષાયાં હતાં/છે.
१९. इति उक्त्वा सः तूष्णीं स्थितः ।	૧૯. આમ કહીને, તે મૂંગો ઊભો રહ્યો.
२०. दुःखानि दृष्ट्वा सः संन्यस्तवान् ।	૨૦. દુઃખો જોઈને તે સંન્યાસી થઈ ગયો.
२१. राजपुरुषैः चौराः अवरुद्धाः ।	૨૧. રાજપુરુષોએ ચોરોને પકડી લીધા.
२२. पीत्वा मोहमदिराम् उन्मत्तभूतं जगत् ।	૨૨. મોહ(રૂપી) મદિરા પીને (આ) જગત્ ઉન્મત્ત થયું છે.
२३. वृक्षस्य पर्णम् शुष्कम् ।	૨૩. વૃક્ષનું પાંદડું સુકાયું (છે)
२४. ग्रीष्मर्तौ आतपेन (કરણ), आम्रफलानि पक्वानि ।	૨૪. ગ્રીષ્મ ઋતુમાં તડકાથી કેરીનાં ફળ પાકી ગયાં હતાં.
२५. रामेण अयोध्यातः सीता ऊढा ।	૨૫. રામ અયોધ્યાથી સીતાને લઈ આવ્યા.
२६. वयम् मथुरायाम् उषिताः ।	૨૬. અમે મથુરામાં રહ્યા હતા.
२७. अश्वमारोढुं मतिर्जाता ।	૨૭. ઘોડા ઉપર બેસવાની બુદ્ધિ થઈ.
२८. रामेण बहवः कूपाः तडागाश्च उत्खाताः ।	૨૮. રામે ઘણાં કૂવાઓ અને તળાવો ખોદ્યા.
२९. आतपेन क्लान्ताः तरोः मूलं भजामः ।	૨૯. તડકાથી કંટાળેલા અમે વૃક્ષની નીચેના ભાગને સેવીએ છીએ.
३०. लक्ष्म्याः मदेन त्वं स्पृष्टः असि ।	૩૦. લક્ષ્મીના મદથી તું સ્પર્શાયો છું.
३१. नद्याः तीरे चिरं विहृत्य उटजं प्रविष्टा सीता ।	૩૧. નદીના તીર ઉપર સીતા લાંબો સમય ફરીને સીતા ઝૂંપડીમાં પ્રવેશી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

VII.3.3. કર્તરિ/કર્મણિ ભૂતકૃદન્તોનો 'અભેદમૂલક વિશેષણ' તરીકે પ્રયોગ :

ઉપર આપણે (VII.3.2.માં) જોયું છે કે (रामेण रावणः हतः । कृष्णेन पूतना हता । अग्निना वनम् दग्धम् । અથવા रामः रावणं हतवान् । कृष्णः पूतनां हतवान् । अग्निः वनम् दग्धवान् । – એ વાક્યોમાં) હ્યસ્તન ભૂતકાળ, પરોક્ષ ભૂતકાળ કે સામાન્ય ભૂતકાળનાં ક્રિયાપદની અવેજીમાં 'કર્મણિ ભૂતકૃદન્ત' અને 'કર્તરિ ભૂતકૃદન્ત'નાં રૂપો વાપરી શકાય છે. હવે, આ જ કૃદન્તોનો એક 'વિશેષ' ઉપયોગ જોઈશું. સંસ્કૃત ભાષામાં આ કૃદન્ત રૂપોનો ઘણે સ્થળે 'અભેદમૂલક વિશેષણ' તરીકે પણ પ્રયોગ થતો જોવા મળે છે. જેમકે,

૧. (પાંડવોથી) હણાયેલા કૌરવોને જોઈને ગાંધારી રડે છે.

(पाण्डवैः)	हतान्	कौरवान्	निरीक्ष्य,	गान्धारी	रोदिति ।
કર્તા (તૃતીયામાં)	વિશેષણ →	કર્મ (વિશેષ્ય)	નિરીક્ષણ ક્રિયા	કર્તા	ક્રિયાપદ

ઉપવાક્ય — સાદું વાક્ય

	(हन्+त = हत पुंलिंग			નપુંસકલિંગ			સ્ત્રીલિંગ (हत् + आ–हता)		
प्र.	हतः	हतौ	हताः	हतम्	हते	हतानि	हता	हते	हताः
द्वि.	हतम्	हतौ	हतान्	हतम्	हते	हतानि	हताम्	हते	हताः
तृ.	हतेन	हताभ्याम्	हतैः	તૃતીયાથી સપ્તમી સુધીનાં રૂપો પુંલિંગ જેવાં જ થશે.			हतया	हताभ्याम्	हताभिः
च.	हताय	,,	हतेभ्यः				हतायै	,,	हताभ्यः
प.	हतात्	,,	,,				हतायाः	,,	हताभ्यः
ष.	हतस्य	हतयोः	हतानाम्				हतायाः	हतयोः	हतानाम्
स.	हते	हतयोः	हतेषु				हतायाम्	हतयोः	हतासु
सं.	हे हत	हतौ	हताः				हे हते	हते	हताः

૨. હણાયેલા રાવણના શરીરમાંથી રુધિર વહે છે.
हतस्य रावणस्य शरीरात् रुधिरं वहति ।

૩. હણાયેલા શરીરને જોઈને, તું ચિંતા ન કરીશ.
हतानि शरीराणि दृष्ट्वा, त्वं मा शुचः ।

૪. કૃષ્ણ હણાયેલી રાક્ષસીને આકાશમાં ફેંકે છે.
कृष्णः निहतां राक्षसीम् आकाशे उत्क्षिपति ।

૫. મહાકારુણ્યને કારણે કૃષ્ણ હણાયેલી પૂતનાને મોક્ષ આપે છે.
महाकारुण्यात् कृष्णः हतायै पूतनायै मोक्षं प्रयच्छति ।

ઉપરનાં વાક્યોનો ધ્યાનથી અભ્યાસ કરશો તો જણાશે કે √हन् ધાતુનું જે 'કર્મણિ ભૂતકૃદન્ત' (हत) છે તેનાં પ્રથમા વિ.થી માંડીને સપ્તમી વિભક્તિ સુધી ત્રણેય લિંગમાં જુદાં જુદાં રૂપો ચલાવવામાં આવ્યા છે, તથા વાક્યમાં તેને જુદાં જુદાં કારકના અભેદમૂલક તરીકે વાપરવામાં આવ્યાં છે. જેમકે, (૧) પહેલા વાક્યમાં 'નિરીક્ષણ' ક્રિયાનું જે કર્મ છે તે 'કૌરવો'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે. (અર્થાત્ કોને જોઈને ગાંધારી રડે છે ? તો 'કૌરવોને.') હવે, 'આ કૌરવો કેવા ?' એવો પ્રશ્ન કરીએ તો, તેના જવાબમાં કર્મકારક વાચક 'કૌરવો'ના વિશેષણ તરીકે 'હણાયેલા' એવું પદ હાથમાં આવે છે, આ - 'હણાયેલાં'- વિશેષણનો સંસ્કૃતમાં અનુવાદ કરતી વખતે, વિશેષ્ય એવા 'કૌરવોને' એ શબ્દને (કર્મત્વાત્ જે) દ્વિતીયા વિભક્તિ લગાડીશું; તે જ દ્વિતીયા વિ. (પુંલિંગ, દ્વિ. વિ. બ. વ.)નો પ્રત્યય 'હણાયેલા' વિશેષણને લગાડીશું :

हतान् कौरवान् એ જ રીતે, हतस्य रावणस्य । हतानि शरीराणि । વગેરેનો વિચાર કરવો.

આ જ રીતે, 'કર્તરિ ભૂતકૃદન્તો' પણ અભેદમૂલક વિશેષણ તરીકે વાપરી શકાય છે :

૧. બાણ દેશાન્તર ગયેલા મિત્રોને યાદ કરે છે.
बाणः देशान्तरं गतानि मित्राणि स्मरति ।

૨. રાવણ લંકામાં પ્રવેશેલા વાનરને જુવે છે.
रावणः लङ्काम् प्रविष्टवन्तम् वानरं पश्यति ।

૩. ગદાયુદ્ધ કરતા ભીમને કૃષ્ણે નિશાની આપી.
गदायुद्धं कृतवते भीमाय, कृष्णेन संज्ञा प्रदत्ता ।
('કરતા'ને 'વર્તમાન કૃદન્ત' તરીકે લઈએ તો कुर्वते/कुर्वाणाय થાય.)

૪. માલિની નદીના કિનારે કન્યાઓ આવી પહોંચી.
मालिन्याः नद्याः तटम् कन्याः आगतवत्यः ।

૫. છોકરીએ વાંચેલા પુસ્તકમાંથી શ્લોકનું સ્મરણ કર્યું.
कन्या पठितात् पुस्तकात् श्लोकस्य स्मरणं कृतवती ।

૬. भुक्तवान् पीतवान् कामं, सानन्दं नीतवान् वयः ।
लब्धवान् नो यशः शुभ्रं, तदा किं कृतवान् नरः ।

''યથેચ્છ ખાનારો બન્યો, પીનારો બન્યો; આનંદપૂર્વક આયુષ્ય વિતાવનારો બન્યો, પણ (જો) શુભ્ર યશ ન મેળવનારો બન્યો. તો પછી માણસે શું કર્યું કહેવાય ?'' (અહીં, વિશેષ્ય नरः પુંલિંગ, પ્રથમા એક. વ.માં છે, અને भुक्तवान् વગેરે તેનાં વિશેષણ છે.)

	गतवत् પુંલિંગ			નપુંસકલિંગ			સ્ત્રીલિંગ गतवत्+ई = वती (નદીવત્)		
प्र.	गतवान्	गतवन्तौ	गतवन्तः	गतवत्	गतवती	गतवन्ति	गतवती	गतवत्यौ	गतवत्यः
द्वि.	गतवन्तम्	गतवन्तौ	गतवतः	गतवत्	गतवती	गतवन्ति	गतवतीम्	गतवत्यौ	गतवतीः
तृ.	गतवता	गतवद्भ्याम्	गतवद्भिः	તૃતીયાથી સપ્તમી સુધી પુંલિંગનાં જેવાં રૂપો ચાલશે.			गतवत्या	गतवतीभ्याम्	गतवतीभिः
च.	गतवते	गतवद्भ्याम्	गतवद्भ्यः				गतवत्यै	''	गतवतीभ्यः
पं.	गतवतः	गतवद्भ्याम्	गतवद्भ्यः				गतवत्याः	''	''
ष.	गतवतः	गतवतोः	गतवताम्				गतवत्याः	गतवत्योः	गतवतीनाम्
स.	गतवति	गतवतोः	गतवत्सु				गतवत्याम्	''	गतवतीषु
सं	हे गतवन्	गतवन्तौ	गतवन्तः	हे गतवत्	गतवती	गतवन्ति	हे गतवति	गतवत्यौ	गतवत्यः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

VII.4.0. 'વિધ્યર્થ કૃદન્ત' દ્વારા વિધ્યર્થવાળી વાક્યરચના :

અગાઉ આપણે (V.8) વિધ્યર્થના ક્રિયાપદો દ્વારા વિધિ, નિમંત્રણ, પ્રાર્થના, વિનંતી, શુભેચ્છા, સંભાવના, સત્કારપૂર્વકની પ્રવર્તના વગેરે અર્થોની અભિવ્યક્તિ કરનારાં વાક્યોની રચના જોઈ ગયા છીએ. આ વિધ્યર્થનાં ક્રિયાપદોની અવેજીમાં, વિધ્યર્થ કૃદન્તોનો પણ ઉપયોગ કરી શકાય છે. જેમકે,

૧. બ્રાહ્મણોએ યજ્ઞ કરવો જોઈએ.
(કર્તા) (કર્મ) (વિધ્યર્થવાળું ક્રિયાપદ)
विप्राः यज्ञं कुर्युः ।

૨. કૃષ્ણાએ ઋગ્વેદ વાંચવો જોઈએ.
कृष्णा ऋग्वेदं पठेत् ।

અહીં આ कुर्यात्-कुर्याताम्-कुर्युः ॥ पठेत्-पठेताम्-पठेयुः ॥ જેવા વિધ્યર્થનાં ક્રિયાપદો વપરાયાં છે. એને બદલે ''વિધ્યર્થ કૃદન્ત''નો પણ પ્રયોગ કરી શકાય છે. જેમકે,

૧. विप्रैः यज्ञः कर्तव्यः / करणीयः / कार्यः ।

૨. कृष्णया ऋग्वेदः पठितव्यः / पठनीयः / पाठ्यः ।

અહીં, જે ''વિધ્યર્થ''નો ભાવ ક્રિયાપદ કહી શકે છે તે જ ભાવ- તે જ અર્થ- આ ''વિધ્યર્થ કૃદન્ત'' વાળું રૂપ પણ કહી શકે છે. અલબત્ત આ વિધ્યર્થ કૃદન્તનાં રૂપો વપરાય ત્યારે વાક્યરચનામાં એક મૂલગામી ફેરફાર થાય છે કે તે રૂપો 'કર્મણિ પ્રયોગ વાળી વાક્યરચના'ની અપેક્ષા રાખે છે. જેની સોદાહરણ ચર્ચા નીચે કરવામાં આવી છે.

***

વિધ્યર્થ કૃદન્તવાળી વાક્યરચના જોતાં પહેલાં વિધ્યર્થ કૃદન્તનાં રૂપો કેવી રીતે બને છે એ જોઈશું : વિધ્યર્થ કૃદન્તનાં રૂપો બનાવવા માટે (ક્રિયાવાચક) ધાતુની પાછળ ૧. तव्य, ૨. अनीय કે ૩. य એ ત્રણમાંથી કોઈ પણ એક પ્રત્યય જોડવામાં આવે છે.[૬] દા. ત.

ધાતુ +	૧. तव्य	૨. अनीय	અથવા ૩. य
पद्	पठितव्य	पठनीय	पाठ्य
भू	भवितव्य	भवनीय	भव्य
कृ	कर्तव्य	करणीय	कार्य
गम्	गन्तव्य	गमनीय	गम्य
नी	नेतव्य	नयनीय	नेय
चि	चेतव्य	चयनीय	चेय
दा	दातव्य	दानीय	देय
भुज्	भोक्तव्य	भोजनीय	भोज्य
छिद्	छेत्तव्य	छेदनीय	छेद्य
हन्	हन्तव्य	हननीय	वध्य
चर्	चरितव्य	चरणीय	चर्य
भक्ष्	भक्षितव्य	भक्षणीय	भक्ष्य
शंस्	शंसितव्य	(प्र)शंसनीय	(प्र)शस्य
पूज्	पूजितव्य	पूजनीय	पूज्य

૬. तव्य અને अनीय પ્રત્યયો વિધ્યર્થ (= 'આમ કરવું જોઈએ') અર્થમાં પ્રયોજાય છે.. જ્યારે 'य' પ્રત્યય વિધ્યર્થ ઉપરાંત ક્યારેક અર્હાર્થે (=''અમુક ક્રિયા કરવા યોગ્ય છે'' એમ અર્થ વ્યક્ત કરવા) વપરાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધ : (૧) આ ત્રિવિધ કૃદન્તરૂપોનાં (પ્રત્યેકનાં) ત્રણેય લિંગમાં રૂપો ચાલી શકે છે. દા. ત. પૂજિતવ્ય એ વિધ્યર્થ કૃદન્તના પુંલિંગમાં રામની જેમ રૂપો ચાલે છે, નપુંસકલિંગમાં વન ની જેમ રૂપો ચાલે છે અને સ્ત્રીલિંગમાં પૂજિતવ્ય માં દીર્ઘ આ કાર ઉમેરીને = પૂજિતવ્યા કરીને, પછી માલા ની જેમ રૂપો ચાલે છે.

(૨) આ ત્રણેય પ્રત્યયો જો સકર્મક ધાતુને લાગ્યા હોય તો તે કર્મણિપ્રયોગવાળી વાક્યરચનાની અપેક્ષા રાખે છે; અને જો અકર્મક ધાતુને લાગ્યા હોય તો 'ભાવે પ્રયોગ'વાળી વાક્યરચનાની અપેક્ષા રાખે છે.

* * *

VII.4.1. વિધ્યર્થકૃદન્તવાળી વાક્યરચના : વિધ્યર્થ કૃદન્તનો વાક્યમાં પ્રયોગ કરવામાં આવે ત્યારે – ૧. કર્તાને તૃતીયા વિ.માં મૂકવામાં આવે છે, ૨. કર્મને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે અને ૩. કર્મના લિંગ, વચન અને વિભક્તિની સાથે સંગતિમાં (agreement)માં રહે એ રીતે વિધ્યર્થ કૃદન્તના રૂપને (કર્માનુસારી) લિંગ, વચન-વિભક્તિમાં ફેરવવામાં આવે છે. દા. ત.

					કર્તા	કર્મ	કૃદન્ત
૧. રામે	પુસ્તક	વાંચવું	જોઈએ	→	रामेण	पुस्तकं	पठितव्यम् ।
૨. રામે	વેદ	વાંચવો	જોઈએ.	→	रामेण	वेदः	पठितव्यः ।
૩. રામે	ભગવદ્‌ગીતા	વાંચવી	જોઈએ	→	रामेण	भगवद्गीता	पठितव्या ।
					↑	↑	
(કર્તા)	(કર્મ)	(વિધ્યર્થ ક્રિયાપદ)		→	તૃતીયા	પ્રથમા	

અહીં, (ક) કર્તાકારક વાચક રામ શબ્દને તૃતીયા વિભક્તિમાં મૂક્યો છે; (ખ) કર્મકારકવાચક શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકેલ છે તથા (ગ) પહેલા વાક્યમાં તે કર્મ (पुस्तकम्) નપુંસકલિંગમાં પ્રથમા, એકવચનમાં છે તેથી पठितव्य એ કૃદન્તમાં પણ નપુંસક, પ્રથમા, એકવચનનો अम् પ્રત્યય દાખલ કર્યો છે. पठितव्यम् । બીજા વાક્યમાં – એ કર્મકારક (वेदः) પુંલિંગ, પ્રથમા વિભક્તિ, એકવચનમાં છે તેથી पठितव्य એ કૃદન્તમાં પણ પુંલિંગ, પ્રથમા વિ. એકવચનનો स् (= :) પ્રત્યય દાખલ કર્યો છે : पठितव्यः ॥ ત્રીજા વાક્યમાં એ કર્મ ભગવદ્‌ગીતા સ્ત્રીલિંગ પ્રથમા એકવચનમાં છે, તેથી पठितव्य એવા કૃદન્તમાં પણ સ્ત્રીલિંગનો આકાર ઉમેરીને પ્રથમા વિ. એકવચનનો (૦) પ્રત્યય જોડીને पठितव्या રૂપ બનાવ્યું છે. આ જ રીતે, पठनीयम् । पठनीयः । पठनीया । (વાંચવું જોઈએ) અથવા તો पाठ्यम् । पाठ्यः । पाठ्या । (વાંચવા યોગ્ય છે.) એવાં રૂપો પણ વાપરી શકાય.

બીજું એક વાક્ય જુઓ :

૪. ક્ષત્રિય વડે	બ્રાહ્મણની	રક્ષા થવી જોઈએ.
क्षत्रियेण	ब्राह्मणः	रक्षितव्यः ।
૫. ક્ષત્રિયે	ગાયની	રક્ષા કરવી જોઈએ.
क्षत्रियेण	धेनुः	रक्षितव्या ।
૬. ક્ષત્રિયે	પ્રતિજ્ઞાવચનની	રક્ષા કરવી જોઈએ.
क्षत्रियेण	प्रतिज्ञावचनम्	रक्षितव्यम् ।
(કર્તા)	(કર્મ)	(વિધ્યર્થ કૃદન્ત)

(અહીં કર્મકારકનાં લિંગ, વચન, વિભક્તિ અનુસાર કૃદન્ત રૂપો વપરાયાં છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૭. ઋષિઓએ	યજ્ઞ	કરવો જોઈએ.	
ऋषिभिः	यज्ञः	कर्तव्यः ।	ત્રણમાંથી ગમે તે
		करणीयः ।	એક રૂપ
		कार्यः ।	વાપરી શકાય.
૮. નારદે	હરિપૂજન	કરવું જોઈએ.	
नारदेन	हरिपूजनं	कर्तव्यम् ।	આ ત્રણમાંથી ગમે તે
		करणीयम् ।	એક રૂપ
		कार्यम् ।	વાપરી શકાય.
૯. માણસે	મોક્ષની ઇચ્છા	કરવી જોઈએ.	
मानवेन	मोक्षस्य इच्छा	कर्तव्या ।	,,
		करणीया ।	
		कार्या ।	

* * *

વિધ્યર્થ કૃદન્તનાં આ तव्य, अनीय અને य પ્રત્યયો જ્યારે અકર્મક ધાતુને લાગ્યા હોય ત્યારે 'ભાવવાચ્ય'માં તેનો પ્રયોગ થાય છે. અર્થાત્ ભાવે પ્રયોગવાળી વાક્યરચના થાય છે. પરિણામે કર્તાને તૃતીયા વિભક્તિમાં મૂકાય છે; (કર્મવાચક પદ હોતું જ નથી.) અને કૃદન્તના રૂપમાં સામાન્ય નપુંસકલિંગ એકવચનનો अम् પ્રત્યય ઉમેરાય છે. દા. ત.,

૧. અમારે અહીંથી જતા રહેવું જોઈએ.
अस्माभिः इतस्तः गन्तव्यम् ।

૨. વિદ્યાર્થીએ ઊંઘવું ન જોઈએ.
विद्यार्थिना न शयितव्यम् ।

૩. નિર્ધનને જોઈને, કોઈએ હસવું જોઈએ નહીં.
निर्धनं दृष्ट्वा, केनापि न हसितव्यम् ।

૪. મોત યાદ કરીને આપણે ન ડરવું જોઈએ.
मृत्युं स्मृत्वा अस्माभिः न भेतव्यम् ।

૫. હે મેઘ ! મહાકાલના મંદિરે પહોંચીને (તારે, ત્યાં સુધી) રોકાઈ રહેવું, જ્યાં સુધી સૂર્ય અસ્ત પામે.
हे जलधर ! महाकालम् आसाद्य (त्वया, तावद्) स्थातव्यम्, यावद् अत्येति भानुः ।

વિશેષ : भू કે अस् જેવા અકર્મક ધાતુનો વાક્યમાં પ્રયોગ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે 'વિધ્યર્થ કૃદન્ત'નો પ્રયોગ નહીં કરતાં, (કર્તરિ) વિધ્યર્થ ક્રિયાપદનો (જ) પ્રયોગ કરવો ઉચિત જણાય છે. દા. ત.,

૧. રામે રાજા થવું જોઈએ. (= રામ વડે જ રાજા થવાવું જોઈએ.)
रामः राजा भवेत् ।

૨. હું (પરીક્ષામાં) ઉત્તીર્ણ થાઉં (= મારે પરીક્ષામાં ઉત્તીર્ણ થવું જોઈએ.)
अहम् उत्तीर्णः स्याम् ।

સ્વાધ્યાય : નીચેનાં વાક્યોનો અભ્યાસ કરો (આ વાક્યોમાં 'કર્મ'વાચક શબ્દ પ્રથમા વિભક્તિમાં છે, તથા તે કર્મનાં જે લિંગ, વચન અને વિભક્તિ છે તે વિધ્યર્થ કૃદન્તના રૂપને પણ લાગુ પાડવામાં આવ્યા છે તેની તરફ ધ્યાન આપો :)

(૧) गेयं गीता-नामसहस्रं, ध्येयं श्रीपतिरूपमजस्रम् ।
नेयं सज्जनसङ्गे चित्तं, देयं दीनजनाय च वित्तम् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(આ શ્લોકમાં મનુષ્યેણ એવા તૃતીયાન્ત કર્તાકારકવાચક શબ્દનો અધ્યાહાર લેવાનો છે.)

''(માણસે) શ્રીમદ્ ભગવદ્ગીતા અને (વિષ્ણુ)સહસ્રનામનું ગાન કરવું જોઈએ, શ્રીપતિ (=વિષ્ણુ)નું (અજસ્ર =) સતત ધ્યાન ધરવું જોઈએ. સજ્જનોના સંગમાં મન રાખવું/ લઈ જવું જોઈએ તથા ગરીબ વ્યક્તિને ધન આપવું જોઈએ.''

(૨) (त्वया = अर्जुनेन) <u>वेदैश्च सर्वैः</u> <u>अहम्</u> (कृष्णः) एव वेद्यः ।
(કર્તા) (કરણ) કર્મ

(તારા = અર્જુન વડે) સઘળા વેદોથી હું (કૃષ્ણ) જ જાણવા યોગ્ય છું. (ભગવદ્ગીતા)

(૩) यानि अनवद्यानि कर्माणि तानि सेवितव्यानि, नो इतराणि । (त्वया = शिष्येण)

(અમારાં = ગુરુઓનાં) જે નિર્દોષ કર્મો હોય તેનું તારે (શિષ્યે) સેવન - આચરણ - કરવું જોઈએ; બીજાં (કર્મો)નું નહીં.

(૪) (दुर्योधनेन) कर्तव्यो भ्रातृषु स्नेहो, विस्मर्तव्या गुणेतराः । (દૂતવાક્ય - ૨૯)

(દુર્યોધને) ભાઈઓ ઉપર સ્નેહ કરવો જોઈએ અને (તેમના) ગુણ સિવાયનાં પાસાં ભૂલી જવાં જોઈએ.

VII.4.2. વિધ્યર્થ કૃદન્તોનો 'અભેદમૂલક વિશેષણ' તરીકે ઉપયોગ :

આ વિધ્યર્થ કૃદન્તોનો પ્રયોગ જેમ 'વિધ્યર્થ-ક્રિયાપદો'ની અવેજીમાં થઈ શકે છે; તેમ વાક્યમાં ક્યારેક વિભિન્ન કારકોનાં અભેદમૂલકો વિશેષણ તરીકે પણ થઈ શકે છે. જેમકે, ધાતુની પાછળ तव्य, अनीय કે य પ્રત્યય લાગીને, જે 'વિધ્યર્થ કૃદન્ત'નું રૂપ બન્યું હોય તેનાં પ્રથમાથી સપ્તમી સુધીની વિભક્તિમાં રૂપો ચાલી શકે છે, અને તે ત્રણે લિંગમાં જુદાં જુદાં ચાલે છે. ઉદા. ત.

(૧) पठितव्य, पठनीय, पाठ्य } પુંલિંગમાં હ્રસ્વ અકારાન્ત રામની જેમ. (पठितव्यः । पठितव्यौ । पठितव्याः ॥ વગેરે)

(૨) पठितव्य, पठनीय, पाठ्य } નપુંસકલિંગમાં હ્રસ્વ અકારાન્ત વનની જેમ. (पठितव्यम् । पठितव्ये । पठितव्यानि । વગેરે)

(૩) पठतिव्य+आ = पठितव्या, पठनीय+आ = पठनीया, पाठ्य+आ = पाठ्या } સ્ત્રીલિંગમાં દીર્ઘ આકારાન્ત માલાની જેમ (पठितव्या । पठितव्ये । पठितव्याः । વગેરે.)

નીચેનાં વાક્યોનો અભ્યાસ કરવાથી આ મુદ્દો વધુ સ્પષ્ટ થશે :–

૧. હું વાંચવાયોગ્ય પુસ્તકમાંથી શ્લોક યાદ કરું છું.
अहम् पठितव्यात् पुस्तकात् श्लोकं स्मरामि ।

૨. દુષ્યંન્ત દર્શનીય (= જોવાલાયક) કન્યાને વીંટી આપે છે.
दुष्यन्तः दर्शनीयायै कन्यायै अंगुलीयकम् यच्छति ।

૩. અમે પૂજવા યોગ્ય સૂર્યને નમીએ છીએ.
वयम् पूजनीयं सूर्यं नमस्कुर्महे ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૪. તું શું મોંઢે કરવા યોગ્ય ગીતોને લખે છે ?

त्वम् किं कण्ठीकर्तव्यानि गीतानि लिखसि ।

૫. હે બ્રાહ્મણ ! તું જાતિથી નિતાન્ત અવધ્ય છું.

(= વધ કરવા યોગ્ય નથી.)

भो ब्राह्मण । त्वं जात्या कामम् अवध्यः असि ।

૬. સંસ્કૃત સાચવવા યોગ્ય છે, અને સંસ્કૃતિ પણ ટકાવી રાખવા યોગ્ય છે.

संस्कृतम् संरक्षणीयम् अस्ति । संस्कृतिः च संरक्षणीया अस्ति ।

૭. મન્દિરમાં આપવા યોગ્ય ધનમાંથી કાંઈ પણ ચોરવું ન જોઈએ.

मन्दिरे दातव्यात् धनात् किमपि न चोर्यम् ।

અહીં, ૧. પહેલા વાક્યમાં–'પુસ્તક'ના વિશેષણ તરીકે पठितव्य એવું વિધ્યર્થ કૃદન્ત વપરાયું છે, ત્યાં 'પુસ્તક' એ નપું. અને અપાદાનકારક શબ્દ હોઈને, તેને જેમ નપુંસકલિંગમાં પંચમી વિ., એકવચનમાં મૂકેલ છે તેમ पठितव्यने પણ નપું. પંચમી, એકવચનમાં મૂકેલ છે. ૨. બીજા વાક્યમાં-આપવાની ક્રિયાના ઉદ્દેશ્ય તરીકે 'કન્યા' સમ્પ્રદાનકારક છે અને તેના વિશેષણ તરીકે ''જોવા લાયક''-દર્શનીય-એવું 'વિધ્યર્થ કૃદન્ત' વપરાયું છે. આથી વિશેષ્ય 'કન્યા' શબ્દ જેમ સ્ત્રીલિંગ, ચતુર્થી વિ. એકવચનમાં છે. તેની જેમ (= તેને સુસંગત રહીને - agreement જળવાય એ રીતે) दर्शनीय એવું વિધ્યર્થ કૃદન્ત પણ સ્ત્રીલિંગમાં ફેરવીને ચતુર્થી વિ. એકવચનમાં - दर्शनीयायै' વપરાયું છે. ૩. ત્રીજા વાક્યમાં નમસ્કારક્રિયાનું કર્મ 'સૂર્ય' છે. તેથી તેને પુંલિંગ, દ્વિતીયા વિ. એકવચનમાં મૂકેલ છે. ત્યાં 'પૂજા કરવા યોગ્ય' -પૂજનીય- એવું વિશેષણ પણ વપરાયું છે. આથી વિશેષ્ય -સૂર્ય-માં, જે લિંગ, વચન, વિભક્તિ છે તે વિશેષણવાચક पूजनीय એવા વિધ્યર્થ કૃદન્તમાં પણ દાખલ કરીને पूजनीयं सूर्यं એ સંગતિમાં (= સામાનાધિકરણ્યમાં - agreement માં પ્રયોગ કરવામાં આવ્યો છે.)

આમ, 'વિધ્યર્થ કૃદન્ત'ના દ્વિવિધ પ્રયોગ બાબતે ટૂંકમાં કહીએ તો- (क) વિધ્યર્થ ક્રિયાપદોને બદલે ''વિધ્યર્થ કૃદન્તો'' પણ વાપરી શકાય છે. (અલબત્ત આવે પ્રસંગે કર્મણિ પ્રયોગવાળી વાક્યરચના કરવાની રહે છે.) તથા (ख) વાક્યમાં જુદાં જુદાં કારકોનાં અભેદમૂલક વિશેષણ તરીકે પણ 'વિધ્યર્થ કૃદન્તો' વાપરી શકાય છે, (અને તેથી જ તે કૃદન્તોનાં સાતેય વિભક્તિઓમાં ત્રણેય લિંગનાં જુદાં જુદાં રૂપો ચાલી શકે છે).

VII.5. ૧. (કર્તરિ અને કર્મણિ) ભૂતકૃદન્તો તથા ૨. (કર્મણિ) વિધ્યર્થ કૃદન્તો ક્રિયાપદને બદલે વાપરી શકાય છે; અને કારકાન્તરનાં વિશેષણ તરીકે પણ વાપરી શકાય છે પરંતુ 'કર્મણિ વર્તમાનકૃદન્તો' કે 'કર્મણિ ભવિષ્યત્કૃદન્તો' ક્રિયાપદને બદલે/સ્થાને વાપરી શકાતાં નથી. આ બે કૃદન્તો તો વાક્યમાં કેવળ અભેદમૂલક વિશેષણ તરીકે જ વાપરી શકાય છે. આમાંથી ''કર્મણિવર્તમાનકૃદન્તો''નો પરિચય III.2.8.3., પૃ. ૧૨૯ ઉપર આપ્યો છે તથા ''કર્મણિ ભવિષ્યત્કૃદન્તો''નો પરિચય III.2.9.1., પૃ. ૧૩૨ ઉપર આપ્યો છે. (અભ્યાસીએ તે પૃષ્ઠો અત્યારે ફરી વાર જોઈ લેવા અનુરોધ છે.) આનાં બે ઉદાહરણો જોઈશું :-

૧. अर्जुनः (''हन्यमानं शरीरं दृष्ट्वा) आत्मा हन्यते इति मनुते ।''

અર્જુન 'હણાતા શરીરને જોઈને, આત્મા હણાય છે' એમ માને છે. [અહીં हन्यमान એ વર્તમાન કૃદન્તનું રૂપ છે. તે 'કર્મણિ વર્તમાન કૃદન્ત'નું રૂપ બનાવવા માટે हन् ધાતુની પાછળ કર્મણિનો य+ આત્મનેપદનો मान પ્રત્યય ઉમેરાયો છે. આ हन्यमान એવો શબ્દ शरीरના વિશેષણ તરીકે વપરાયો હોઈ, शरीर એવા વિશેષ્યમાં જે લિંગ, વચન દ્વિતીયા વિ. છે; તે हन्यमान એવા વિશેષણીભૂત કર્મણિ વર્તમાનકૃદન્તને પણ લાગુ પાડ્યાં છે : हन्यमानं शरीरम्].

૨. भर्तुः कण्ठच्छविरिति (अयं मेघः इति ।) (चण्डीश्वरस्य गणैः सादरं वीक्ष्यमाणः (त्वं मेघः)त्रिभुवनगुरोः पुण्यं धाम यायाः । (મેઘદૂત ૧/૩૩)

'(આપણા) સ્વામીના કંઠ જેવી જ કાન્તિ આની (મેઘની) છે' એમ (વિચારતાં) ચણ્ડીશ્વર = શંકરના ગણોથી આદર સાથે નિરખાનારો તું (મેઘ) ત્રિલોકનાથ (શંકર)ના પુણ્યધામમાં જજે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[અહીં त्वं मेघः વિશેષણ તરીકે वीक्ष्यमाणः એવા 'કર્મણિ ભવિષ્યત્કૃદન્ત'નો પ્રયોગ થયો છે. આથી मेघः એવા વિશેષ્યમાં જે લિંગ, વચન, વિભક્તિ છે તે વિશેષણીભૂત કર્મણિ ભવિષ્યત્કૃદન્ત वीक्ष्यमाणने પણ લાગુ પાડવામાં આવેલ છે.]

VII.6. દ્વિકર્મક ધાતુઓનો કર્મણિ પ્રયોગ :

આપણે પ્રકરણ-૨માં દ્વિકર્મક ધાતુઓનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે કેવી રીતે કર્તરિપ્રયોગવાળું વાક્ય બને છે એની ચર્ચા II. ૨.૩.માં કરી છે. ત્યાં આપણે જોયું છે કે આવા દ્વિકર્મક ધાતુઓવાળા વાક્યમાં એક પ્રધાનકર્મ હોય છે; અને બીજું ગૌણકર્મ હોય છે. આથી પ્રશ્ન થશે જ કે આવા દ્વિકર્મક ધાતુઓવાળા વાક્યનો કર્મણિપ્રયોગ કરતી વખતે બેમાંથી કયા એક કર્મને પ્રથમા વિભક્તિમાં મૂકીશું ? અને બીજા કયા કર્મને દ્વિતીયા વિભક્તિમાં ચાલુ રાખીશું ? આ અંગે જે વ્યવસ્થા પ્રવર્તે છે તેને વૈયાકરણોએ નીચે મુજબ એક કારિકામાં રજૂ કરેલ છે :

गौणे कर्मणि दुह्यादेः, प्रधाने नी-हृ-कृष-वहाम् ।

अर्थात् - (क)

(પૃ. ૩૧ ઉપર નોંધેલા) दुहादि ૧૬ ધાતુઓમાંથી પહેલા બાર ધાતુઓના 'ગૌણ કર્મ'ને, કર્મણિપ્રયોગવાળી વાક્યરચના કરતી વખતે પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે. (અને 'પ્રધાન કર્મ'ને દ્વિતીયા વિભક્તિ ચાલુ રહે છે; તથા કર્તાને તૃતીયા વિ. માં ફેરવવામાં આવે છે.)

ઉદા. ત. – ગોપાલ ગાયમાંથી દૂધ દોહે છે.

૧. गोपालः   गां   पयः   दोग्धि ।[7] –   કર્તરિ પ્રયોગ
કર્તા   ગૌણકર્મ   પ્રધાનકર્મ   ક્રિયાપદ

गोपालेन   गौः   पयः   दुह्यते ।   કર્મણિ પ્રયોગ
કર્તા (તૃતીયામાં)   ગૌણકર્મ (પ્રથમા)   પ્રધાનકર્મ (દ્વિતીયા)   કર્મણિ (य + ते આત્મનેપદ) વાળું ક્રિયાપદ.

૨. વામન   બલિ પાસેથી   જમીન   માંગે છે.
वामनः   बलिं   वसुधाम्   याचते । – કર્તરિ પ્રયોગ.
કર્તા   ગૌણ કર્મ   પ્રધાનકર્મ   ક્રિયાપદ
वामनेन   बलिः   वसुधाम्   याच्यते । – કર્મણિ પ્રયોગ
કર્તા (તૃતીયામાં)   ગૌણ કર્મ (પ્રથમા)   પ્રધાન કર્મ (દ્વિતીયા)   કર્મણિ (य + ते આત્મનેપદના ते પ્રત્યય)વાળું ક્રિયાપદ

(ख) दुहादि ૧૬ ધાતુઓમાં જે છેલ્લા ચાર ધાતુઓ છે (જેમકે, नी, हृ, कृष् અને वह्) તેમના 'પ્રધાનકર્મ'ને કર્મણિ પ્રયોગવાળી વાક્યરચના કરતી વખતે પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે. અને 'ગૌણ કર્મ'ને દ્વિતીયા વિભક્તિ ચાલુ રહે છે; તથા કર્તાને તૃતીયા વિભક્તિમાં ફેરવવામાં આવે છે.

---

૭. અપાદાન વગેરે કારકોની અવિવક્ષા કરીને, જેને કૃત્રિમ રીતે 'કર્મકારક' ગણ્યાં હોય તેને ''ગૌણ કર્મ'' કહેવાય છે. (જુઓ : પૃ. ૩૩. તે સિવાયના કર્મને 'પ્રધાનકર્મ' કહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉદા. ત.,

૧. ગોપાલ	ગાયને	ગામમાં	લઈ જાય છે.
गोपालः	धेनुम्	ग्रामं	नयति । – કર્તરિ પ્રયોગ
કર્તા	પ્રધાનકર્મ	ગૌણકર્મ	ક્રિયાપદ
गोपालेन	धेनुः	ग्रामम्	नीयते । – કર્મણિ પ્રયોગ
↓	↓	↓	↓
કર્તા (તૃતીયામાં)	પ્રધાનકર્મ (પ્રથમા)	ગૌણકર્મ (દ્વિતીયા ચાલુ)	ક્રિયાપદમાં ધાતુ + य + આત્મનેપદનો તે પ્રત્યય.
૨. લુંટારો	ધનિક પાસેથી	બધું જ	લઈ લે છે.
लुण्टाकः	धनिकं	सर्वस्वं (धनं)	हरति । – કર્તરિ પ્રયોગ
કર્તા	ગૌણકર્મ	પ્રધાનકર્મ	ક્રિયાપદ
लुण्टाकेन	धनिकं	सर्वस्वं	ह्रियते । – કર્મણિ પ્રયોગ
↓	↓	↓	↓
કર્તા (તૃતીયામાં)	ગૌણકર્મ (દ્વિતીયા ચાલુ)	પ્રધાનકર્મ (નપું પ્રથમા વિ.માં પરિવર્તન)	ક્રિયાપદમાં हृ ધાતુ + य + ते પ્રત્યય.
૩. ખેડૂત	ગામમાં	બકરી	લઈ જાય છે.
कृषिकारः	ग्रामम्	अजां	वहति । – કર્તરિ પ્રયોગ
कृषिकारेण	ग्रामम्	अजा	उह्यते । – કર્મણિ પ્રયોગ
(કર્તાને તૃતીયામાં)	(ગૌણકર્મને દ્વિતીયા ચાલુ)	(પ્રધાનકર્મને પ્રથમામાં ફેરવ્યું.)	↑ ક્રિયાપદ (ધાતુ + य + ते)

વિશેષ નોંધ : ક્યારેય અકર્મક ધાતુઓના પ્રયોગ વખતે વાક્યમાં જો દેશ, કાલ, ભાવ કે માર્ગવાચક શબ્દનો પ્રયોગ થયો હોય તો તેવા શબ્દોને પણ દ્વિતીયા વિ.માં મૂકવામાં આવેલ હોય છે. જેમકે देवदत्तः मासम् आस्ते । देवदत्तः क्रोशम् आस्ते । (દેવદત્ત મહિના સુધી બેસે છે.) પરંતુ અહીં मासम् વગેરેને સાચાં કર્મ ગણવાનાં નથી. તેથી આ અકર્મક आस्ते ક્રિયાપદનો 'ભાવે-પ્રયોગ' કરીએ ત્યારે કર્તા દેવદત્તને તૃતીયા વિ. મળશે ખરી, પણ मासम्ને 'કર્મ' ગણીને પ્રથમા વિભક્તિમાં ફેરવવાનું નથી, એ ધ્યાન રાખવું. એટલે કે देवदत्तः मासम् आस्ते । નો 'કર્મણિ પ્રયોગ' થઈ શકતો નથી. (ભાવે પ્રયોગમાં देवदत्तेन मासम् आस्यते । થઈ શકે. પણ તેમાં 'કાલવાચક' શબ્દને દ્વિતીયા વિભક્તિ मासम् ચાલુ રહેશે.)

VII.7.

'પ્રેરક ધાતુઓનો વાક્યમાં કેવી રીતે પ્રયોગ કરવામાં આવે છે ?' એના વિષે આપણે આગામી પ્રકરણ-૮માં ચર્ચા કરીશું. ત્યારે તે પ્રેરક ક્રિયાપદનો 'કર્મણિ પ્રયોગ' કેવી રીતે કરવામાં આવશે ? એની પણ ચર્ચા કરીશું.

***

નોંધ : આપણે જાણીએ છીએ તેમ વક્તા જ્યારે કર્તાનું કર્તૃત્વ છુપાવવા માંગતો હોય, કે કર્તાનો ગૌણત્વેન નિર્દેશ કરવા માંગતો હોય કે કર્તૃત્વ નિવૃત્ત કરવા માંગતો હોય ત્યારે કર્મને ઉદ્દેશીને વાક્યરચના કરે છે, એટલે કે 'કર્મણિ પ્રયોગ' કરતો હોય છે. પરંતુ સંસ્કૃત વાઙ્મયમાં આવા 'કર્મણિપ્રયોગ'નો પ્રચુર માત્રામાં ઉપયોગ કરવામાં આવ્યો છે. તેથી સંસ્કૃત ભાષાના અભ્યાસીએ આ કર્મણિપ્રયોગની વ્યવસ્થાનો ઝીણવટથી અભ્યાસ કરવો જરૂરી બને છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ-૮

પ્રેરક, ઈચ્છાદર્શક અને પૌનઃપુન્યાર્થક ક્રિયાપદોવાળી વાક્યરચનાઓ

VIII. 1.0 પ્રેરણાર્થક વાક્ય :

વ્યક્તિ (કર્તા) સામાન્ય સંજોગોમાં તો આપમેળે ઘણી ક્રિયાઓ કરતો રહે છે. જેમકે, 'રામ વનમાં જાય છે.' 'રામ રાવણને મારે છે.' 'સીતા ચોખા રાંધે છે.' 'સીતા સુવર્ણમૃગ જુવે છે.' 'સીતા નદીમાંથી જળ લાવે છે.' 'સીતા ફળ ખાય છે.' વગેરે. (આવાં વાક્યોનો અનુવાદ સાદાં કર્તરિ ક્રિયાપદો દ્વારા કરવામાં આવે છે. જેમકે, रामः वनम् गच्छति । કે सीता तण्डुलान् पचति । વગેરે.) પરંતુ ક્યારેક એવું પણ જોવા મળે છે કે ક્રિયા કરનાર વ્યક્તિ કોઈકની પાસેથી પ્રેરણા મેળવ્યા પછી (જ) ક્રિયા કરતો હોય છે અથવા એક વ્યક્તિ સ્વયં ક્રિયા નહીં કરતાં, બીજી વ્યક્તિ પાસે એ ક્રિયા કરાવડાવે છે. જેમકે, ૧. 'દશરથ રામને વનમાં મોકલે છે.' ૨. 'સુગ્રીવ રામ પાસે (=દ્વારા) વાલીને મરાવડાવે છે.' ૩. 'રામ સીતા પાસે ચોખા રંધાવડાવે છે.' ૪. 'સીતા રામને સુવર્ણમૃગ બતાવે છે.' ૫. 'માતા બાળકને ફળ ખવડાવે છે.' અહીં, પહેલા વાક્યમાં દશરથ પોતે વનમાં જતો નથી, પણ રામને વનમાં જવાની પ્રેરણા આપે છે=એટલે કે 'દશરથ રામને વનમાં મોકલે છે.' તો આ 'મોકલે છે' ક્રિયાને પ્રેરકક્રિયા કહેવામાં આવે છે. બીજા વાક્યમાં -રામે સુગ્રીવ પાસેથી વાલીને મારવાની પ્રેરણા મેળવી છે. (એમને=રામને પોતાને વાલીને મારવાની કાંઈ જરૂર નથી/ઇચ્છા ન હતી.) આથી '(પ્રેરણા આપનાર) સુગ્રીવ રામ પાસે વાલીને મરાવડાવે છે' એમ બોલાય છે. અહીં, ''મરાવડાવે છે'' તે પ્રેરણાર્થક ક્રિયાપદ છે.

હવે, આપણે 'સાદા વાક્ય'નું અને 'પ્રેરક વાક્ય'નું વિશ્લેષણ કરીએ તો-

૧. (क) રામ		વનમાં	જાય છે. (સાદું વાક્ય)
કર્તા		-	(સાદું કર્તરિ ક્રિયાપદ)
(ख) દશરથ	રામને	વનમાં	મોકલે છે. (પ્રેરક વાક્ય)
(પ્રેરકકર્તા)	(સાદા વાક્યનો કર્તા)	-	(પ્રેરક ક્રિયાપદ)

અહીં ,(क) વાક્યનો, એટલે કે સાદાવાક્યનો જે કર્તા 'રામ' છે, તેને દશરથે વનગમનની પ્રેરણા આપી એમ કહેવું હોય ત્યારે તે પ્રેરક ક્રિયાનો (=મોકલવાની ક્રિયાનો) નવો કર્તા 'દશરથ' છે. આ પ્રેરક ક્રિયાના કર્તાને ''પ્રેરકકર્તા'' અથવા ''પ્રયોજક કર્તા'' કહેવાય છે. તથા મૂળ-સાદા-વાક્યનો જે કર્તા (રામ) હતો, તે આ નવી પ્રેરક વાક્યરચનામાં ''પ્રયોજ્ય (=પ્રેર્ય)'' કર્તા કહેવાય છે. એ જ પ્રમાણે-

૨. (क) સીતા		ચોખા	રાંધે છે.-(સાદું વાક્ય)
(કર્તા)		(કર્મ)	(સાદું કર્તરિ ક્રિયાપદ)
(ख) રામ	સીતા પાસે	ચોખા	રંધાવડાવે છે. (પ્રેરક વાક્ય)
(પ્રેરકકર્તા)	(સાદા વાક્યનો કર્તા)	(કર્મ)	(પ્રેરક ક્રિયાપદ)

અહીં પણ (क) સાદા વાક્યની કર્ત્રી 'સીતા'ને જ્યારે રામ રાંધવાની પ્રેરણા આપે છે ત્યારે (ख) પ્રકારની વાક્યરચના કરવામાં આવે છે. આ (ख) પ્રેરક વાક્યમાં 'રામ'ને 'પ્રયોજક=પ્રેરક કર્તા' કહેવાશે; અને પહેલાના (क) સાદા વાક્યની કર્ત્રી 'સીતા'ને, વ્યાકરણની પરિભાષામાં 'પ્રયોજ્યકર્તા' કહેવાશે. આ બંને વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરીએ તો-

સાદું વાક્ય			પ્રેરકવાક્ય
૧. रामः	वनम्	गच्छति →	૧. दशरथः रामं वनं गमयति ।
૨. सीता	तण्डुलान्	पचति →	૨. रामः सीतया तण्डुलान् पाचयति ।

અહીં, સાદાં વાક્યોનો અને પ્રેરકવાક્યોનો તૌલનિક અભ્યાસ કરશો તો જણાશે કે,

(૧) સાદા કર્તરિ ક્રિયાપદોને બદલીને, अय् વિકરણ પ્રત્યયવાળાં (પ્રેરક) ક્રિયાપદોમાં ફેરવવામાં આવ્યાં છે. દા.ત., गच्छति । માંથી→गमयति । તથા पचति । માંથી→पाचयति । કરવામાં આવ્યું છે. તથા,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨) મૂળ સાદા વાક્યનો 'પ્રયોજ્ય કર્તા' પ્રેરક વાક્યરચનામાં જતાં તેને પ્રથમા સિવાયની વિભક્તિ (દા.ત., रामम् અને सीतया એમ દ્વિતીયા અને તૃતીયા વિભક્તિ)માં ફેરવવામાં આવેલ છે.

હવે, આ બન્ને મુદ્દાઓનો, નીચે VIII. 1.1.2માં અભ્યાસ કરીશું :

VIII. 1.1. પ્રેરક (=णिजन्त) ક્રિયાપદ : કરવું > કરાવવું, જવું > મોકલવું, ભણવું > ભણાવવું, જોવું > દેખાડવું, જાણવું > જણાવવું, ખાવું > ખવડાવવું, નાચવું > નચાવવું, આપવું > અપાવવું વગેરે પ્રેરણાર્થક ક્રિયાપદોની રૂપરચના કરવા માટે ધાતુની પાછળ णिच् (=अय) વિકરણ પ્રત્યય જોડવામાં આવે છે અને ત્યાર પછી, છ કાળ અને ચાર અર્થોમાં આત્મનેપદના, અથવા પરસ્મૈપદના પ્રત્યયો-બેમાંથી ગમે તે એક પ્રકારના પ્રત્યયો-લગાડીને 'પ્રેરક-ક્રિયાપદ' બનાવવામાં આવે છે.[1] દા.ત.,

૧. भू (भवति) નું પ્રેરણાર્થક ક્રિયાપદ	भावयति-भावयते
૨. अद् (अत्ति) નું ,,	आदयति-आदयते ।
૩. हु (जुहोति) નું ,,	हावयति-हावयते ।
૪. दिव् (दीव्यति) નું પ્રેરક ક્રિયાપદ-	देवयति-देवयते ।
૫. सु (सुनोति) નું ,,	सावयति-सावयते ।
૬. तुद् (तुदति) નું ,,	तोदयति-तोदयते ।
૭. रुध् (रुणद्धि) નું ,,	रोधयति-रोधयते ।
૮. तन् (तनोति) નું ,,	तानयति-तानयते ।
૯. क्री (क्रीणाति) નું ,,	क्रापयति-क्रापयते ।
૧૦. चुर् (चोरयति) નું ,,	चोरयति-चोरयते ।

બીજા કેટલાક ધાતુઓના પ્રેરક (વર્તમાનકાળ)નાં રૂપો આ પ્રમાણે જોવા મળે છે : कृ > कारयति ।, गम् > गमयति ।, कम् > कामयतिं ।, शम् > शामयति ।, दा > दापयति ।, गै > गापयति ।, स्ना > स्नापयति ।, जि > जापयति ।, मी > मापयति ।, क्री > क्रापयति ।, प्रति+इ > प्रत्यायति ।, अधि+इ > अध्यापयति ।, नी > नाययति ।, चि > चाययति ।, जागृ > जागरयति ।, दुष् > दूषयति-दोषयति ।, रुह > रोहयति-रोपयति ।, हन् > घातयति ।, दृश् > दर्शयति ।, हा > हापयति ।, ह्री > ह्रेपयति ।, ह्वे (બોલાવવું) > ह्वापयति ।, आ+रभ् > आरम्भयति ।, त्यज् > त्याजयति ।, ज्ञा > ज्ञापयति ।, पा (पिब) > पाययति ।, भुज् > भोजयति ।, शीङ् > शाययति ।, श्रु > श्रावयति ।, हृ > हारयति ।, नश् > नाशयति ।, वद् > वादयति ।, नद् > नादयति ।, तन् > तानयति ।, बुध् > बोधयति ।, मुद् > मोदयति ।, युध् > योधयति ।, क्षिप् > क्षेपयति ।, रुध् > रोधयति ।, रुच् > रोचयति ।, ऋ > अर्पयति ।, स्था > स्थापयति ।, चुर् > चोरयति ।, कथ > कथयति ।, भक्ष् > भक्षयति । વગેરે. આ તમામ રૂપો આ જ રીતે આત્મનેપદમાં પણ ચાલી શકે છે. એટલે કે कृ > कारयते । गम् > गमयते । વગેરે પણ થઈ શકે.)

* * *

પ્રેરણાર્થક ધાતુઓનાં રૂપો દશમા 'ચુરાદિ' ગણના ધાતુઓનાં રૂપોની જેમ જ; અને છ કાળ અને ચાર અર્થોમાં (એટલે કે દશેય લકારમાં) ચાલે છે. (વળી, પ્રેરણાર્થક ધાતુઓ પ્રાયઃ ઉભયપદી હોય છે.) દા.ત., बुध् જાણવું.

૧. लट् વર્તમાનકાળ-बोधयति-बोधयते ।

૨. लिट् પરોક્ષ ભૂતકાળ – { बोधयामास-बोधयामासे ।
बोधयाञ्चकार-बोधयाञ्चक्रे ।
बोधयाम्बभूव-बोधयाम्बभूवे । }

૩. लुङ् સામાન્ય ભૂત-अबूबुधत्-अबूबुधत ।

૪. लङ् હ્યસ્તન ભૂત-अबोधयत्-अबोधयत ।

---

૧. भू+णिच् (=इ) → भौ + इ → भाव् + इ = भावि → भावि + अ + ति (કે ते) → भावे + अ + ति → भावय् + अ + ति → भावय + ति → भावयति । (અથવા भावयते). [આમ કોઈપણ ધાતુની પાછળ પ્રેરણાર્થે જે णिच् પ્રત્યય જોડવામાં આવે છે, તે વ્યાકરણશાસ્ત્રની પ્રક્રિયામાં છેલ્લા તબક્કે 'अय्' રૂપે પરિણમે છે. જેથી પ્રેરક રૂપરચના સરળતાથી સમજાવવા માટે ધાતુ + अय् + अ + ति/ते જોડવા એમ કહેવામાં આવે છે.]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૫. લુટ્ અનદ્યતન ભવિષ્યત્-बोधयिता-बोधयिता ।

૬. લૃટ્ સામાન્ય ભવિષ્યત્-बोधयिष्यति-बोधयिष्यते ।

૭. લોટ્ આજ્ઞાર્થ-बोधयतु-बोधयताम् ।

૮. विधिलिङ् વિધ્યર્થ-बोधयेत्-बोधयेत ।

૯. आशीर्लिङ् આશીર્વાદાર્થ-बोध्यात्-बोधयिषीष्ट ।

૧૦. लृङ् ક્રિયાતિપત્ત્યર્થ-अबोधयिष्यत्-अबोधयिष्यत ।

નોંધ : પ્રેરક ક્રિયાપદોની રૂપરચના બાબતે નીચેના મુદ્દાઓ ધ્યાનાર્હ છે :

(૧) ધાતુ+णिच् > अय् (પ્રેરણાર્થક વિકરણ પ્રત્યય)ની પાછળ આત્મનેપદના અને પરસ્મૈપદના પ્રત્યયો પ્રાયઃ યથેચ્છ લાગી શકે છે.

(૨) આકારાન્ત ધાતુઓમાં અને ज्ञा, क्री જેવા ધાતુઓમાં પ્રેરક રૂપ બનાવતી વખતે अय्ની પૂર્વે प કાર પણ ઉમેરાય છે : ज्ञा-ज्ञापयति ।

(૩) દશમા ગણના સાદાં કર્તરિ ક્રિયાપદોમાં પણ વિકરણ પ્રત્યય તરીકે अय् ઉમેરાય છે. તેથી પ્રશ્ન થાય કે એનું પ્રેરક ક્રિયાપદ બનાવતી વખતે શું બે વાર अय् ઉમેરાય છે ? તો એમ થતું નથી. દશમા ગણના ધાતુનું પ્રેરક ક્રિયાપદ બનાવતી વખતે એકવાર જ अय् ઉમેરાય છે. कथ् > कथयति । चोर् > चोरयति ।

(૪) પ્રેરક ક્રિયાપદનુંય વળી, ફરીવાર પ્રેરક કરવું હોય (!) તો પણ એકવાર જ अय् ઉમેરાય છે. (જેમકે, દશરથ રામ દ્વારા સીતા પાસે રંધાવડાવે છે : दशरथः रामेण सीतया पाचयति ।)

(૫) અકર્મક ધાતુનું પ્રેરક ક્રિયાપદ બનાવીએ ત્યારે તે અકર્મક ધાતુ પણ સકર્મક બની જાય છે.

VIII. 1.2 પ્રેરક વાક્યરચના :

'સાદા (કર્તરિ) વાક્ય'નું જ્યારે 'પ્રેરક વાક્ય'માં રૂપાન્તર કરવું હોય ત્યારે (૧) ક્રિયાપદના રૂપમાં ધાતુની પાછળ अय् એવો પ્રેરણાર્થક (વિકરણ) પ્રત્યય ઉમેરવામાં આવે છે.; તથા (૨) સાદા વાક્યનો 'પ્રયોજ્યકર્તા' પ્રેરક વાક્યરચનામાં (क) મોટે ભાગે તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. પરંતુ (ख) જો તે વાક્યમાં ૧. 'ગતિ' અર્થવાળા ધાતુ, ૨. બુદ્ધ્યર્થક= જ્ઞાન મેળવવું અર્થવાળા અમુક ધાતુઓ, ૩. अद्, खाद् અને 'અહિંસાપૂર્વક ખાવું' અર્થવાળો भक्ष्-એ ધાતુઓને છોડીને, બાકીના ભોજનાર્થક ધાતુઓ, ૪. शब्द (=અવાજ) છે કર્મકારક જેનું એવા ધાતુ, ૫. અને અકર્મક ધાતુઓનો પ્રયોગ કરવામાં આવ્યો હોય તો સાદા વાક્યના પ્રયોજ્ય કર્તાને પ્રેરક વાક્યરચનામાં 'કર્મકારક' ગણીને, દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. નીચેનાં ઉદાહરણો જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે :-

(૨) (क) જેમાં 'પ્રયોજ્યકર્તા' ને તૃતીયા લાગે છે :

૧. शिष्यः दोषान् त्यजति । (સાદું કર્તરિ વાક્ય)

कर्ता	कर्म	ક્રિયાપદ	
गुरुः	शिष्येण	दोषान्	त्याजयति । (પ્રેરક વાક્ય)
પ્રયોજક કર્તા (પ્રથમા)	પ્રયોજ્ય કર્તા (તૃતીયા)	કર્મ (દ્વિતીયા ચાલુ)	પ્રેરક (ધાતુ+अय વાળું) ક્રિયાપદ

૨. सीता तण्डुलान् पचति । (સાદું વાક્ય)

रामः सीतया तण्डुलान् पाचयति । (પ્રેરક વાક્ય)

૩. नृपः कविभ्यः सुवर्णं ददाति । (સાદું વાક્ય)

राजमाता नृपेण कविभ्यः सुवर्णं दापयति । (પ્રેરક વાક્ય)

૪. रामः वालिं हन्ति । (સાદું વાક્ય)

सुग्रीवः रामेण वालिं घातयति । (પ્રેરક વાક્ય)

૫. विप्रः इन्द्रं यजति । (સાદું વાક્ય)

ऋषयः विप्रेण इन्द्रं याजयन्ति । (પ્રેરક)

આ બધાં વાક્યોમાં 'સાદાં (કર્તરિ) વાક્ય'નો જે પ્રયોજ્ય કર્તા છે, તે પ્રેરક વાક્યરચના દરમ્યાન તૃતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવેલ છે. તથા પ્રેરક ક્રિયાપદોમાં વચ્ચે -अय्-પ્રત્યય વપરાયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨) (ख) ૧. ગત્યર્થક ધાતુઓનો પ્રયોગ કરવાનો હોય ત્યારે–

(૧) पाण्डवा: वनं गच्छन्ति ।
कौरवा: पाण्डवान् वनं गमयन्ति । (પ્રેરક)

(૨) छात्र: पाठशालां प्रविशति ।
आचार्य: छात्रं पाठशालां प्रवेशयति । (પ્રેરક)

(૩) गोपाल: वृक्षम् आरोहति ।
माधव: गोपालं वृक्षम् आरोहयति । (પ્રેરક)

(૪) विश्वेश: पन्थानम् अवतरति ।
कृष्णा विश्वेशम् पन्थानम् अवतारयति ।

(૨) (ख) ૨. બુદ્ધ્યર્થક ધાતુઓનો પ્રયોગ કરવાનો હોય ત્યારે–

(૫) छात्र: शास्त्रं जानाति ।
गुरु: छात्रं शास्त्रं ज्ञापयति । (પ્રેરક)

(૬) बाल: चन्द्रं पश्यति ।
माता बालं चन्द्रं दर्शयति । (પ્રેરક)

[પરંતુ–नायक: पुष्पं जिघ्रति ।–स्मरति
नायिका नायकेन पुष्पं घ्रापयति ।–स्मारयति । (પ્રેરક)
અહીં, જ્ઞાન વિશેષાર્થક घ्रा; स्मृ જેવા ધાતુઓના પ્રયોગમાં પ્રયોજ્ય કર્તાને કર્મ ગણીને દ્વિતીયા અપાતી નથી; પણ તેને તૃતીયા વિભક્તિ જ લાગે છે.]

(૩) (ख) ૩. ભક્ષણાર્થક ધાતુઓનો પ્રયોગ કરવાનો હોય ત્યારે–

(૭) कृष्ण: अन्नं भुङ्क्ते ।
यशोदा कृष्णम् अन्नं भोजयति ।–પ્રેરક

(૮) शिशु: दुग्धं पिबति ।
माता शिशुं दुग्धं पाययति ।

(૯) घटोत्कच: पशुं भक्षयति । (હિંસાર્થક भक्ष)
हिडिम्बा घटोत्कचं पशुं भक्षयति ।

(૧૦) देव: अमृतम् अश्नाति । श्रीहरि: देवम् अमृतम् आशयति।
[પરંતુ अद्, खाद् અને અહિંસાર્થક भक्ष ધાતુના પ્રયોગમાં પ્રયોજ્ય કર્તાને દ્વિતીયા નહીં મળતાં, તૃતીયા વિ. જ મળે છે. જેમ કે,
– बटु: फलम् अत्ति । खादति ।
माता बटुना फलम् आदयति । खादयति ।
– भृत्य: धान्यं भक्षयति । (અહિંસાર્થક भक्ष)
स्वामी भृत्येन धान्यं भक्षयति ।)

(૨) (ख) ૪. શબ્દ છે કર્મકારક જેનું એવા ધાતુઓનો પ્રયોગ હોય ત્યારે–

૧૦. केतुमान् वेदम् अधीते । पठति ।
पिता केतुमन्तं वेदम् अध्यापयति ।– पाठयति । –પ્રેરક

(૨) (ख) ૫. અકર્મક ધાતુઓનો પ્રયોગ કરવાનો હોય ત્યારે–

૧૧. विश्वेश: क्रीडाङ्गणे रमते ।
कृष्णा विश्वेशम् क्रीडाङ्गणे रमयति । પ્રેરક

૧૨. मयूर: नृत्यति ।
सीता मयूरम् नर्तयति । –પ્રેરક

(૨) (ख) ૬. દ્વિકર્મક ધાતુઓમાંથી જે ધાતુઓ ઉપરના પાંચ અર્થોમાંથી એક પણ અર્થ ન કહેનાર હોય તો 'પ્રયોજ્ય કર્તા'ને પ્રેરકમાં તૃતીયા લાગે છે. દા.ત.,

૧૩.	सीता	वृक्षं	फलानि	अवचिनोति ।
राम:	सीतया	वृक्षं	फलानि	अवचापयति । –પ્રેરક
(પ્રેરક કર્તા)	(પ્રયોજ્યકર્તા)	(ગૌણ કર્મ)	(પ્રધાન કર્મ)	(પ્રેરક ક્રિયાપદ)

૧૪. नी અને वह् ધાતુ હોય તો પ્રયોજ્યકર્તાને પ્રેરકમાં તૃતીયા વિભક્તિ જ લાગે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

–	भृत्यः	भारं	नयति ।	वहति ।
स्वामी	भृत्येन	भारं	नाययति ।	वाहयति ।

[પરંતુ પ્રેરક ક્રિયાપદનો કર્તા જો 'નિયન્તા' હોય, અર્થાત્ પશુ પ્રયોજ્યકર્તા હોય અને તેને પ્રેરનાર પ્રયોજકકર્તા કોઈ માનવ હોય તો वह् 'લઈ જવું' ધાતુના પ્રયોજ્યકર્તાને પ્રેરકમાં દ્વિતીયા વિ. જ લાગે છે. જેમકે,

–	अश्वाः	रथं	वहन्ति ।
सूतः	अश्वान्	रथं	वाहयति । -પ્રેરક.]

૧૫. हृ એવો દ્વિકર્મક ધાતુ હોય તો પ્રયોજ્યકર્તાને પ્રેરકમાં ક્યારેક દ્વિતીયા લાગે, અથવા ક્યારેક તૃતીયા પણ લાગી શકે છે. જેમકે,

	चोरः	धनं	नगरं	हरति ।	
शकारः	चोरं	धनं	नगरं	हारयति ।	અથવા
शकारः	चोरेण	धनं	नगरं	हारयति ।	
પ્રેરક કર્તા	(પ્રયોજ્ય કર્તા)	પ્રધાન કર્મ	ગૌણ કર્મ	પ્રેરક ક્રિયાપદ	

[આવી જ રીતે कृ > करोति । ના પ્રેરકમાં પણ પ્રયોજ્યકર્તાને ક્યારેક દ્વિતીયા કે તૃતીયા લાગી શકે છે. દા.ત.

	कुम्भकारः	घटं	करोति ।	
नगरपतिः	कुम्भकारेण	घटं	कारयति ।	અથવા
नगरपतिः	कुम्भकारं	घटं	कारयति ।]	

૧૬. जल्प, भाष् વગેરે દ્વિકર્મક ધાતુઓના પ્રેરક પ્રયોગમાં પણ પ્રયોજ્ય કર્તાને (કેવળ) દ્વિતીયામાં જ મૂકાય છે.

–	युधिष्ठिरः	अर्जुनं	धर्मं	भाषते ।
कृष्णः	युधिष्ठिरम्	अर्जुनं	धर्मं	भाषयति ।
પ્રેરક કર્તા	પ્રયોજ્ય કર્તા	ગૌણ કર્મ	પ્રધાન કર્મ	પ્રેરક ક્રિયાપદ

VIII 1.3. પ્રેરક કર્મણિ વાક્યરચના :

પ્રેરણાર્થક ધાતુઓનો કર્મણિપ્રયોગ કરવો હોય ત્યારે નીચે મુજબની વ્યવસ્થા જોવા મળે છે :

बुद्धि-भक्षार्थयोः शब्दकर्मकाणां निजेच्छया ।
प्रयोज्यकर्मण्यन्येषां ण्यन्तानां लादयो मताः ॥ અર્થાત્-

પ્રેરણાર્થક ધાતુઓ

બુદ્ધ્યર્થક, ભક્ષણાર્થક અને શબ્દકર્મક ધાતુમાં-

૧. પ્રેરકકર્તાને તૃતીયામાં,
૨. પ્રયોજ્યકર્તા, જેને (ગૌણ) 'કર્મ' ગણવામાં આવે છે તેને યથેચ્છ પ્રથમા કે દ્વિતીયામાં મૂકી શકાય છે. તથા
૩. (क) પ્રયોજ્યકર્તાને જો પ્રથમા આપી હોય તો મૂળ ધાતુના પ્રધાન કર્મને દ્વિતીયા ચાલુ રહે છે; પણ ૩. (ख) પ્રયોજ્ય કર્તાને જો દ્વિતીયા આપી હોય તો, મૂળ ધાતુના પ્રધાનકર્મને પ્રથમામાં મૂકાય છે.

← આ સિવાયના ગત્યર્થક અને અકર્મક ધાતુમાં-

૧. પ્રેરક કર્તાને તૃતીયામાં,
૨. પ્રયોજ્યકર્તા, જેને પ્રેરકમાં (ગૌણ) કર્મ ગણવામાં આવેલ હોય છે, તેને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે.
૩. (ગત્યર્થક ધાતુની સાથે જે લક્ષ્યવાચક શબ્દને દ્વિતીયા લાગી હોય તે કર્મણિમાં યથાવત્ ચાલુ રહે છે.) દાત.दशरथः रामं वनं यापयति । (કર્તરિ પ્રેરક) →
दशरथेन रामः वनं याप्यते । (કર્મણિ પ્રેરક) →

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દા.ત. गुरुः शिष्यान् वेदार्थं वेदयति । (કર્તરિ પ્રેરક) { શિષ્ય-પ્રયોજ્ય કર્તા / વેદાર્થ-પ્રધાન કર્મ }

गुरुणा शिष्याः वेदार्थं वेद्यन्ते । [३ (क) મુજબ]

गुरुणा शिष्यान् वेदार्थः वेद्यते । [३ (ख) મુજબ]

} કર્મણિ પ્રેરક.

VIII.2.1 ઇચ્છાદર્શક (=सन्नन्त) ક્રિયાપદો :

વ્યક્તિ ''અમુક ક્રિયા કરવાની ઇચ્છા કરે છે.'' એવો અર્થ દર્શાવવા માટે સંસ્કૃત ભાષામાં ''ઇચ્છાદર્શક ક્રિયાપદો''નો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે,

હું	''ભણવાની ઇચ્છા કરું છું.''	=अहम्	पठितुम्	इच्छामि ।
કર્તા	ક્રિયાપદ	કર્તા	ઇચ્છાક્રિયાનું કર્મ	ઇચ્છાક્રિયા

→ अहम् पिपठिषामि । (ઇચ્છાદર્શક ક્રિયાપદ).

સામાન્ય રીતે, ઇચ્છાદર્શક ક્રિયાપદો બનાવવા માટે, ૧. ઇચ્છાક્રિયાની કર્મીભૂત જે ક્રિયા હોય તદ્વાચક ધાતુને (એટલે કે જે ક્રિયા કરવાની ઇચ્છા કરવામાં આવી હોય, તે ''ઇચ્છિત ક્રિયા'' વાચક ધાતુને) (ઇચ્છાર્થે) सन् પ્રત્યય લગાડવામાં આવે છે. ત્યાર પછી, ૨. 'ધાતુનું દ્વિત્વ' વગેરે કાર્યો કરવામાં આવે છે; અને ૩. તે ધાતુ રૂઢિથી જો પરસ્મૈપદી હોય તો ઇચ્છાદર્શક ક્રિયાપદમાં પણ પરસ્મૈપદના જ પ્રત્યય લાગવાના ચાલુ રહે છે, અને જો ધાતુ મૂળમાં (એટલે કે રૂઢિથી) આત્મનેપદના પ્રત્યય લેતો હોય તો તે ઇચ્છાદર્શક ક્રિયાપદમાં પણ આત્મનેપદના જ પ્રત્યય લગાડવા પડશે. કેટલાંક ઉદાહરણો જોઈશું :-

भू-भवितुम् इच्छति - →बुभूषित ।[२] થવાની ઇચ્છા કરે છે.

पद्-पठितुम् इच्छति - →पिपठिषति । વાંચવાની ઇચ્છા કરે છે.

कृ-कर्तुम् इच्छति - →चिकीर्षति । चिकीर्षते । કરવાની ઇચ્છા કરે છે.

जि-जेतुम् इच्छति - →जिगीषति । जिगीषते । જીતવાની ઇચ્છા કરે છે.

ज्ञा-ज्ञातुम् इच्छति - →जिज्ञासते । જાણવાની ઇચ્છા કરે છે.

गम्-गन्तुम् इच्छति - →जिगमिषति । જવાની ઇચ્છા કરે છે.

આવાં 'ઇચ્છાદર્શક ક્રિયાપદો'નાં દશેય લકારમાં રૂપો ચાલી શકે છે :

(કર્તરિ પ્રયોગમાં)	(કર્મણિ પ્રયોગમાં)
૧. लट्-વર્તમાન-पिपठिषति-ते	૧. पिपठिष्यते
૨. હ્યસ્તનભૂત-अपिपठिषत्-त	૨. अपिपठिष्यत
૩. लुङ्-સામાન્યભૂત-अपिपठिषीत्-अपिपठिषिषीष्ट	૩. अपिपठिषिषीष्ट
૪. लिट्-પરોક્ષભૂત-पिपठिषामास-से	૪. पिपठिषामासे
पिपठिषाञ्चकार-क्रे	पिपठिषाञ्चक्रे
पिपठिषाम्बभूव-वे	पिपठिषाम्बभूवे
૫. लुट्-અનદ્યતન ભવિષ્યત્-पिपठिषिता-ता	૫. पिपठिषिता

---

૨. (अनिट् धातु) भू + स (न्) → भू भू + स → भुभू + स → बुभू + स → बुभूष → बुभूष + अ + ति = बुभूषति ॥ बुभूषतः ॥ बुभूषन्ति ॥ વગેરે.

(सेट् धातु)—पद् + स (न्)→पद् पद् + स → प पद् + स → पिपद् + स → पिपद् + इ + स → पिपठिस → पिपठिस + अ + ति → पिपठिष + अ + ति = पिपठिषति ॥ पिपठिषतः ॥ पिपठिषन्ति ॥ વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૬. लृट्-સામાન્ય ભવિષ્યત્-पिपठिषिष्यति-ते	૬. पिपठिषिष्यते
૭. लोट्-આજ્ઞાર્થ-पिपठिषतु-ताम्	૭. पिपठिष्यताम्
૮. विधिलिङ्-વિધ્યર્થ-पिपठिषेत्-त	૮. पिपठिष्येत
૯. आशीर्लिङ्-આશીર્વાદાર્થ-पिपठिषियात्-पिपठिषिषीष्ट	૯. पिपठिषिषीष्ट
૧૦. लृङ्-ક્રિયાતિપત્ત્યર્થ-अपिपठिषिष्यत्-त	૧૦. अपिपठिषिष्यत ।

* * *

બીજાં કેટલાંક ઇચ્છાદર્શક ક્રિયાપદો જુવો :

૧. चि-चिचीषति ।	૧૦. यज्-यियक्षति ।	૧૯. युध्-युयुत्सते
૨. श्रु-शुश्रूषते ।	૧૧. नश्-निनशिषति-निनङ्क्षति ।	૨૦. बुध्-बुभुत्सते
૩. स्तु-तुष्टूषति-ते ।	૧૨. जन्-जिजनिषते ।	૨૧. सृज्-सिसृक्षति
૪. नी-निनीषति-ते ।	૧૩. रम्-रिरंसते ।	૨૨. दृश्-दिदृक्षते
૫. हृ-जिहीर्षति-ते ।	૧૪. नम्-निनंसति ।	૨૩. स्पृश्-पिस्पृक्षति
૬. शीङ्-शिशयिषते ।	૧૫. क्रुध्-चुक्रुत्सति ।	૨૪. हन्-जिघांसति ।
૭. ब्रू > वच्-विवक्षति-ते ।	૧૬. भुज्-बुभुक्षति ।	૨૫. अधि+इ-अधिजिगांसते
૮. पच्-पिपक्षति-ते ।	૧૭. दुह्-दुधुक्षति-ते ।	૨૬. अद्-जिघत्सति
૯. त्यज्-तित्यक्षति ।	૧૮. नृत्-निनृत्सति-निनर्तिषति	૨૭. पा-पिपासति ।

VIII. 2.2 ઇચ્છાદર્શક ક્રિયાપદોવાળી વાક્યરચના :

વ્યક્તિ ''અમુક ક્રિયા કરવાની ઇચ્છા કરે છે'' એવો અર્થ દર્શાવવા જ્યારે 'ઇચ્છાદર્શક ક્રિયાપદ' વાપરવું હોય ત્યારે એક (જ) મુદ્દો એ ધ્યાનમાં રાખવાનો છે કે ઇચ્છા કરનાર વ્યક્તિ અને જે ક્રિયા કરવાની ઇચ્છા કરવામાં આવે તે 'ઇચ્છિત ક્રિયા' કરનાર વ્યક્તિ એક જ હોવી જોઈએ. જેમકે,

૧. રામ ભણવાની ઇચ્છા રાખે છે. रामः पिपठिषति । [અંથવા →रामः पठितुम् इच्छति । એમ પણ બોલી શકાય.]

અહીં, ઇચ્છા ક્રિયા કરનાર 'રામ' છે; અને ઇચ્છિત ક્રિયા (અર્થાત્ ઇચ્છા ક્રિયાની કર્મીભૂત ક્રિયા= 'ભણવું' ક્રિયા) કરનાર વ્યક્તિ પણ 'રામ' જ છે. આ સ્થિતિમાં ઇચ્છિતક્રિયા 'ભણવું' ક્રિયાવાચક= पठ् ધાતુને ઇચ્છાર્થે स(न्) પ્રત્યય લાગીને ''ઇચ્છાદર્શક ક્રિયાપદ''-पिपठिषति- । બનાવી શકાય છે. [પરંતુ ''ગુરુ વિદ્યાર્થીઓ ભણે એમ ઇચ્છે છે'' એવા વાક્યમાં ઇચ્છા ક્રિયા કરનાર 'ગુરુ' છે, અને ઇચ્છિત ક્રિયા કરવાની છે 'વિદ્યાર્થીઓએ'. આથી અહીં सन् પ્રત્યયવાળું 'ઇચ્છાદર્શક ક્રિયાપદ' વાપરી શકાશે નહીં.]

* * *

નીચેનાં ઉદાહરણોનો અભ્યાસ કરો–

૧. यदि त्वं धर्मं **जिज्ञाससे**, तर्हि शास्त्राणि परिशीलय ।
જો તું ધર્મ જાણવા ઇચ્છે છે, તો શાસ્ત્રોનું પરિશીલન કર. (त्वं ज्ञातुम् इच्छसि-એ અર્થમાં जिज्ञाससे રૂપ બન્યું છે.)

૨. चिरन्तनाय मे मित्राय हेमन्ताय पत्रं **लिलेखिषामि** ।
હું મારા હંમેશના મિત્ર હેમન્તને પત્ર લખવા ઇચ્છું છું. (अहम् लिखितुम् इच्छामि-એ અર્થમાં लिलेखिषामि રૂપ બન્યું છે.)

૩. कुर्वन्नेवेह कर्माणि **जिजीविषे**च्छतं समाः । (ઇશાવાસ્ય)
અહીં કર્મો કરતાં કરતાં સો વર્ષો સુધી જીવવાની ઇચ્છા કરવી જોઈએ. (सः जीवितुम् इच्छेत्-એ અર્થમાં जिजीविषेत् રૂપ બન્યું છે.)

૪. ये **नियुयुत्सन्ते**, ते अक्षवाटम् अवतरन्तु ।
જેઓ યુદ્ધ કરવાની ઇચ્છા કરે છે, તે અખાડામાં ઉતરે. (ये योद्धुम् इच्छन्ति-એ અર્થમાં नि+युयुत्सन्ते રૂપ બન્યું છે.)

૫. भो गुरो ! श्रुतम्, अस्माभिः रामायणम् सम्प्रति भारतं शुश्रूषामहे ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હે ગુરુ ! અમે રામાયણ સાંભળ્યું; હવે અમે મહાભારત સાંભળવાની ઈચ્છા કરીએ છીએ. (वयम् श्रोतुम् इच्छामः એ અર્થમાં शुश्रूषामहे રૂપ બન્યું છે.)

૬. प्रत्यक्षपरिकल्पितम् अपि वस्तु, अनुमानेन बुभूत्सन्ते तर्करसिकाः ।
જે વસ્તુ પ્રત્યક્ષપ્રમાણથી (જ) સિદ્ધ થતી હોય, તેને પણ તર્કરસિકો તો અનુમાનપ્રમાણથી જ જાણવાની (પામવા) ઈચ્છા કરે છે. (ते बोद्धुम् इच्छन्ति-એ અર્થમાં बुभूत्सन्ते । રૂપ બન્યું છે.)

૭. अनेन छात्रेण व्याकरणम् अधीतम्, अधुना सः छन्दांसि अधिजिगांसते ।
આ વિદ્યાર્થીએ વ્યાકરણ ભણી લીધું છે, હવે તે વેદોને ભણવાની ઈચ્છા કરે છે. (सः अध्येतुम् इच्छति એ અર્થમાં अधिजिगांसते રૂપ બન્યું છે.)

નોંધ : સન્નન્ત= ઈચ્છાદર્શક રૂપો ક્યારે વપરાય એ આરંભે સ્પષ્ટ કર્યું છે. પરંતુ આ રૂપો વપરાય ત્યારે કારકવ્યવસ્થા (=વિભક્ત્યન્ત નામપદોના પ્રયોગની વ્યવસ્થા) સાદા કર્તરિવાક્યના જેવી જ રહે છે એ યાદ રાખવું.

VIII. 3.1 પૌનઃ પુન્યાર્થક (= यङन्त) ક્રિયાપદ :

ક્રિયા કરનાર વ્યક્તિ (='કર્તા') અમુક ક્રિયા 'વારંવાર કરે છે'; અથવા (એકી સમયે, પણ) 'અતિશયમાત્રામાં કરે છે' એવો અર્થ દર્શાવવો હોય ત્યારે તે ક્રિયાવાચક ધાતુને (પૌનઃ પુન્યાર્થક) यङ् પ્રત્યય લગાડવામાં આવે છે. અને ત્યાર પછી, ધાતુને દ્વિત્વાદિ કાર્યો થાય છે. આવો પૌનઃ પુન્યાર્થક यङ् પ્રત્યય જે ધાતુને લગાડ્યો હોય, તેનાં રૂપો કેવળ આત્મનેપદમાં જ ચાલી શકે છે.)

દા.ત. ૧. पुनः पुनः पिबति / अतिशयेन पिबति } = पेपीयते ।

૨. पुनः पुनः नृत्यति / अतिशयेन नृत्यति } नरीनृत्यते ।

३. बुध्-बोबुध्यते ।	१०. छिद्-चेच्छिद्यते ।	१८. हन्-जङ्घन्यते ।
४. नी-नेनीयते ।	११. रुद्-रोरुद्यते ।	१९. वृध्-वरीवृध्यते ।
५. तप्-तातप्यते ।	१२. दृश-दरीदृश्यते ।	२०. जप्-जञ्जप्यते ।
६. दह्-दन्दह्यते ।	१३. दा-देदीयते ।	२१. गम्-जङ्गम्यते ।
७. पच्-पापच्यते ।	१४. जि-जेजीयते ।	२२. घ्रा-जेघ्रीयते ।
८. कृ-चक्रीयते ।	१५. गै-जेगीयते ।	२३. ब्रू-वावच्यते ॥
९. पठ्-पापठ्यते ।	१६. स्मृ-सास्मर्यते ।	२४. यज्-यायज्यते ।
	१७. शी-शाशय्यते ।	२५. लभ्-लालभ्यते ।

નીચેનાં ઉદાહરણોનો અભ્યાસ કરો :

૧. मम गुरुचरणानां यशः जेगीयते ।
મારા ગુરુચરણોનો યશ વારંવાર ગવાય છે.

૨. वर्षासु मयूराः नरीनृत्यन्ते ।
વર્ષાઋતુમાં મોર વારંવાર/ખૂબ નાચે છે.

૩. विप्राः इन्द्रं यायज्यन्ते ।
બ્રાહ્મણો ઈન્દ્રનું વારંવાર યજન કરે છે.

૪. वातेन आकम्पितानि तरूणां पर्णानि शिशिरे सनीस्रस्यन्ते ।
પવનથી હાલી ઊઠેલાં, વૃક્ષોનાં પાંદડાં શિશિરઋતુમાં વારંવાર ખરી પડે છે.

૫. निदाघे घर्मार्ताः लोकाः सास्नायन्ते ।
ગ્રીષ્મઋતુમાં ગરમીથી કંટાળેલા લોકો વારંવાર/ખૂબ સ્નાન કરે છે.

નોંધ : યઙન્ત=પૌનઃપુન્યાર્થક ક્રિયાપદનાં રૂપો જ્યારે વાક્યમાં વાપરવામાં આવે છે ત્યારે કારકવ્યવસ્થા (=વિભક્ત્યન્ત નામપદોના પ્રયોગની વ્યવસ્થા) સાદા કર્તરિવાક્યના જેવી જ રહે છે એ યાદ રાખવું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ-૯

સંસ્કૃત વાક્યોમાં પદાન્વય અને પદક્રમ

IX. 0.1 સંસ્કૃત ભાષાના અભ્યાસીઓમાં એવી માન્યતા પ્રવર્તે છે કે સંસ્કૃત ભાષામાં રચાતાં વાક્યોની અંદર પદક્રમ અંગે કોઈ નિશ્ચિત વ્યવસ્થા હોય એમ જોવા મળતું નથી. પરિણામે रामः वनं गच्छति । જેવા વાક્યને वनं गच्छति रामः । કે गच्छति रामः वनम् । અથવા रामः गच्छति वनम् । કે गच्छति वनं रामः એવા કોઈપણ ક્રમે પદોને ગોઠવીને બોલી શકાય છે. આમાંના કોઈપણ પદક્રમે આ વાક્યને ઉચ્ચારાય તોય અર્થબોધમાં કશો જ તફાવત પડતો નથી. આથી 'સંસ્કૃતમાં પદક્રમ (word-order) અંગે કશી નિશ્ચિતતા નથી-આગ્રહ નથી એવો સર્વજનસાધારણ અભિપ્રાય બંધાયો છે. પરંતુ, જ્યારે આ ગ્રન્થમાં સંસ્કૃત વાક્યસંરચના અંગે જ પ્રાધાન્યેન વિચારણા હાથ ધરાઈ છે, ત્યારે આ વિષયને સૂક્ષ્મતાથી અને વિગતે તપાસવા જેવો લાગે છે.

IX. 0.2 ઉપર્યુક્ત અભિપ્રાયના સમર્થનમાં એ પણ કહેવું જોઈએ કે અંગ્રેજી જેવી જે વિભક્તિપ્રત્યયપ્રધાન ભાષાઓ નથી, ત્યાં તો પદક્રમને આધારે જ વાક્યમાં કોણ 'કર્તા' છે કે 'કર્મ' છે ? એનો નિર્ણય થતો હોય છે. જેમકે, Rāma watches an art-gallery. ('રામ ચિત્રવીથિકા જુવે છે.') અહીં વાક્યારંભે આવેલ પદ દ્વારા વાક્યના ઉદ્દેશ્ય (કર્તરિ પ્રયોગમાં કર્તા)નો બોધ થાય છે તથા બીજા ક્રમાંકે આવતું પદ 'ક્રિયાપદ' હોય છે, અને ક્રિયાપદની પાછળ તરત ત્રીજા ક્રમે આવેલા પદ દ્વારા 'કર્મ' (object)નો બોધ થાય છે. અહીં કર્તા કે કર્મને કોઈ વિભક્તિપ્રત્યય લાગ્યો જ નથી. કેવળ પદક્રમથી જ કર્તા કોણ છે ? કે કર્મ કોણ છે ? તેનો નિર્ણય કરવામાં આવે છે.આથી જ્યારે આ.વાક્યને 'An art-gallery watches Rāma' એવા વિપરીતક્રમે બોલીએ તો, તેવા વાક્યમાંથી તદ્દન વિભિન્ન એવા અર્થની પ્રતીતિ જન્મશે. જેમકે, 'ચિત્રવીથિકા રામને જુવે છે.' આથી અંગ્રેજી ભાષામાં, પદક્રમ જ વિભક્તિપ્રત્યયની ગરજ સારે છે એમ જોવા મળે છે. પરંતુ સંસ્કૃત જેવી વિભક્તિપ્રત્યયપ્રધાન (inflected) ભાષામાં જે તે પ્રકૃતિ (=નામ) ને કર્તાવાચક કે કર્મવાચક અલગ અલગ પ્રત્યયો લગાડીને વ્યક્ત કરવામાં આવે છે. જેમ કે, रामः, रामेण, रामाभ्याम्, वनम्, वनानि વગેરે. તેથી વાક્યાવસ્થામાં, તમે એવાં પદોને ગમે તે ક્રમે ગોઠવો તો પણ દરેક વખતે એકસરખો જ અર્થબોધ થતો રહે છે. આમ સંસ્કૃત ભાષામાં, દરેક પદમાં જોવા મળતા જુદા જુદા વિભક્તિપ્રત્યયો જ નિશ્ચિત પદક્રમની આવશ્યકતાને નકારી કાઢે છે. બીજા શબ્દોમાં કહીએ તો—વાક્યના પદક્રમથી નિરપેક્ષ રહીને, કેવળ વિભક્તિપ્રત્યયો જ અર્થબોધમાં નિર્ણાયક ભાગ ભજવતા હોય છે.

IX. 0.3 સંસ્કૃતમાં યથેચ્છક્રમે રજૂ થતી પદાવલીની પાછળ રહેલાં પ્રેરક પરિબળોનો વિચાર કરીએ તો – વિભક્તિપ્રત્યયોએ જ્યારે પદાન્વયની કામગીરી સંભાળી લીધી છે ત્યારે સંભાષણ સન્દર્ભને જોઈને કે મનના ભાવોના આરોહ-અવરોહને અનુસરીને વાક્યમાં પદક્રમ યથેચ્છ ગોઠવાતો જાય છે. જેમકે, (क) પ્રાયઃ વાર્તા-કથનનો સન્દર્ભ હોય ત્યારે વાક્યનો આરંભ ક્રિયાપદથી થતો જોવા મળે છે. દા.ત. १. अस्ति ब्रह्मारण्ये कर्पूरतिलको नाम हस्ती । २. आसीत् राजा नलो नाम । ३. आसीदशेषनरपतिशिरः समभ्यर्चितशासनः पाकशासन इवापरः .... राजा शूद्रको नाम । (કાદમ્બરી) (ख) यवनः साकेतम् अरुणद् । યવનોએ અયોધ્યાને રોળી નાખી. આમાં ખાલી વાસ્તવિક ઇતિહાસકથન છે. પણ આઘાત અને આશ્ચર્યના ભાવો સાથે કોઈ વક્તા રજૂ કરે તો તે अरुणद् यवनः साकेतम् । (હેં !) રોળી કાઢી યવનોએ અયોધ્યાને ?!" એમ બોલે. આમ વાક્યમાં પદાનુક્રમ બાબતે સૂરતત્ત્વ પણ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. વાક્યાર્થની કોટિએ, પરસ્પરાન્વિત પદોના અર્થમાં આવા વિશિષ્ટ પદક્રમથી મળતા આઘાત ને આશ્ચર્યાદિના ભાવો રૂપી અર્થનો ઉમેરો થતો હોય છે.

IX. 1.0 સંસ્કૃત ભાષામાં વિભક્તિપ્રત્યયોની હાજરીમાં નિશ્ચિત પદક્રમની આવશ્યકતા રહેતી નથી, અને તેથી વક્તા/ કવિ વાક્યમાં યથેચ્છક્રમે પદાવલીને રજૂ કરતા હોય છે. પરંતુ શ્રોતાને પક્ષેથી વિચારીએ તો, જે તે યથેચ્છક્રમે રજૂ થયેલી પદાવલીને તે કોઈક તાર્કિક ક્રમે ગોઠવીને—પરિવર્તિત કરીને તેમાંથી અર્થ સમજતો હોય છે. જેમકે, વૈયાકરણ નિકાયમાં એક કારિકા પ્રચલિત છે :

> आदौ कर्तृपदं योज्यं, द्वितीयादिपदं ततः ।
> कर्तृकर्मक्रियायुक्तमेतद् अन्वयलक्षणम् ॥

"આરંભે કર્તૃ-પદ યોજવું, ત્યાર પછી દ્વિતીયા વિભક્તિવાળું પદ (એ પછી તૃતીયા વગેરે વિભક્તિવાળાં પદો) એમ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પદોની ગોઠવણી કરવી. (સામાન્ય રીતે જોઈએ તો) પહેલાં કર્તાવાચક પદ, પછી કર્મવાચક પદ, અને તે પછી ક્રિયાપદની ગોઠવણી કરવી-આ (સ્વાભાવિક જણાતું) અન્વયનું (=પદોના જોડાણનું) લક્ષણ છે.'' આમ, આપણને સંસ્કૃત-વાક્યનું શ્રવણ કર્યા પછી જે ક્રમે અર્થબોધ થતો અનુભવાય છે તેને આ કારિકામાં રજૂ કરવામાં આવેલ છે. દા.ત. આઘાતના ભાવ સાથે બોલાયેલું अरुणद् यवनः साकेतम् । એવું વાક્ય, શ્રોતાના પક્ષે 'કર્તા, કર્મ અને પછી ક્રિયાપદ' એવા ક્રમે પદાન્વય પામીને (यवनः साकेतम् अरुणद् ।) ચરિતાર્થ થતું હોય છે.

IX.2.0 પ્રથમા વિભક્ત્યન્ત પદથી શરૂ કરીને, સપ્તમ્યન્ત સુધીનાં નામપદોમાંથી એક ષષ્ઠ્યન્ત પદને બાદ કરતાં અન્ય પદો કોઈકને કોઈક કારકાર્થને વ્યક્ત કરે છે; અથવા રૂઢિથી કોઈક અવ્યયના યોગે અમુક નિશ્ચિત વિભક્તિ લઈને તે પદો વપરાયાં હોય છે. આમ નામપદોમાં ત્રિવિધ દૃષ્ટિકોણથી પદાન્વય ગોઠવાય છે.

IX.2.1 ષષ્ઠ્યન્ત પદોનો અન્વય : અગાઉ પ્રકરણ-૩માં ભેદમૂલક વિશેષણ તરીકે ષષ્ઠ્યન્ત પદોની ચર્ચા કરતાં જણાવ્યું છે કે દરેક કારકને જેમ એક તરફથી ક્રિયા જોડે સંબંધ છે. તેમ બીજી તરફથી તેમને જગત્‌ના કોઈકને કોઈક પદાર્થ સાથે 'સંબંધ' હોય છે. આ (સ્વ-સ્વામિભાવ, અવયવ-અવયવી ઈત્યાદિ ભાવ રૂપ) 'સંબંધ'ને વ્યક્ત કરવા માટે ષષ્ઠી વિભક્તિ વપરાતી હોય છે. આમ ષષ્ઠી વિભક્તિવાળું પદ નિત્ય સાકાંક્ષ હોય છે. એટલે કે કોઈ એક ષષ્ઠ્યન્તપદ શ્રોતા સાંભળે (દા.ત. नृपस्य) તો તરત જ તેને એ જાણવાની આકાંક્ષા ઊભી થતી જ હોય છે કે એ ષષ્ઠ્યન્ત પદથી વાચ્ય વ્યક્તિનો અન્ય સંબંધી પદાર્થ કોણ છે? અર્થાત્ 'नृपस्य' । સાંભળ્યા પછી, પ્રશ્ન થતો જ હોય છે કે-नृपस्य किम् ? હવે જ્યારે એમ કહેવાય કે नृपस्य भार्या । અથવા नृपस्य प्रासादः । કે नृपस्य सेवकः । ત્યારે (જ) શ્રોતાની આકાંક્ષા પૂર્ણ થાય છે, અને તેને પૂરો અર્થબોધ મળી રહેતો હોય છે. આથી વાક્યમાં જ્યારે ષષ્ઠ્યન્ત પદ યથેચ્છ ક્રમે વપરાયું હોય ત્યારે તેને, શ્રોતાને પક્ષેથી વિચારીએ તો અર્થબોધની પ્રક્રિયા દરમ્યાન પદક્રમમાં તે ષષ્ઠ્યન્ત પદની પછી તરત જ સંબંધી પદાર્થ દર્શાવતું પદ ગોઠવવું પડે છે. જેમકે,

सज्जना एव साधूनां₁ प्रथयन्ति गुणोत्करम्₂ ।
पुष्पाणां सौरभं प्रायस्तन्वते दिक्षु मारुताः ॥

''સજ્જનો જ સાધુ પુરુષોના ગુણસમૂહને ફેલાવે છે. જેવી રીતે મોટે ભાગે પવનો જ વિવિધ દિશાઓમાં પુષ્પોના સુગન્ધને ફેલાવે છે.'' અહીં પ્રથમ પંક્તિમાં साधूनाम् એવા ષષ્ઠ્યન્ત પદની, પાછળ પદક્રમમાં તરત જ गुणोत्करम् એવા સંબંધી પદાર્થવાચક શબ્દને ગોઠવવો જ પડે છે, અને તે પછી જ સમ્યગર્થની પ્રતીતિ થાય છે. (બીજી પંક્તિમાં તો पुष्पाणां सौरभम् જેવાં બે પદો યોગ્યક્રમે જ ગોઠવાયેલાં છે.) આમ ષષ્ઠી વિભક્તિવાળું પદ નિત્ય સાકાંક્ષ હોઈને, તેના સંબંધી પદાર્થવાચક પદને સૌથી પહેલાં તેની સાથે જોડવામાં આવે છે. આવા ષષ્ઠ્યન્ત પદ અને તેની સાથે તરત સંકળાતાં પદને 'સંનિહિત પદબંધ' અથવા 'અવ્યવહિત પદબંધ' (immediate constituents) કહે છે.

IX. 2.2 કારક વિભક્તિ દર્શાવતાં પદોનો અન્વય : કોઈ એક ક્રિયામાં અનેક પદાર્થો 'કારક' તરીકે (=ક્રિયા કરનાર તરીકે) નાની-મોટી વારાફરતી/પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરતાં હોય છે. આમાંથી વક્તા જેને ઉદ્દેશ્ય બનાવીને ક્રિયાવિધાન કરવા માંગતો હોય છે તેને વાક્યના આરંભે મૂકવામાં આવે છે. જેમકે, सीता महानसे स्थाल्याम् ओदनं काष्ठैः पचति । 'સીતા રસોડામાં, તપેલીમાં ચોખા ઈંધણાંથી રાંધે છે.' અહીં 'સીતાએ' શું કર્યું ? એ કહેવા કર્તાને ઉદ્દેશીને (કર્તરિ) વાક્યરચના કરવામાં આવી છે. તેથી ઉદ્દેશ્યભૂત પદાર્થ તરીકે 'સીતા'નો પ્રથમ નિર્દેશ કરવામાં આવે છે. (કોઈ વિશિષ્ટ સંભાષણ સન્દર્ભે યથેચ્છક્રમે વાક્ય ગોઠવ્યું હોય તો પણ, શ્રોતા सीता ને પ્રથમ ક્રમે મૂકીને અર્થબોધ મેળવવાનું શરૂ કરે છે.) ત્યાર પછી, જે અન્યકારકો નિર્દેશાયાં હોય છે તેમની વચ્ચે જે પરસ્પરાવલમ્બિત્વ (mutual dependency) જોવા મળતું હોય છે તેને આધારે પદાન્વય ગોઠવાતો હોય છે. જેમકે, રસોડું સીતા (કર્તા)ને ઊંચકી રાખીને પરોક્ષ રીતે (=કર્તા દ્વારા) ક્રિયા ઉપર ઉપકાર કરે છે; તથા તપેલી ચોખા (કર્મ)ને ઊંચકી રાખીને પરોક્ષ રીતે (=કર્મ દ્વારા-through object) ક્રિયા ઉપર ઉપકાર કરે છે.[1] આથી सीता અને महानस ને, તથા स्थाली અને ओदन ને પાસે પાસે રાખવામાં આવે છે. તથા સળગતાં કાષ્ઠ=અગ્નિની મદદથી તરત ફલસિદ્ધિ થાય છે (=ચોખામાં વિક્લિત્તિ આવે છે.) તેથી તે પ્રકૃષ્ટોપકારક કરણવાચક काष्ठ શબ્દને ક્રિયાની સાથે છેલ્લે જોડવામાં આવે છે. सीता महानसे, स्थाल्याम् ओदनं, काष्ठैः पचति । પુનરુક્તિ સાથે કહીએ તો વક્તા આ વિભિન્ન કારકોને-પદોને-યથેચ્છક્રમે ગોઠવી શકતો હોય છે. પણ તે તે પદોમાં વપરાયેલાં વિભક્તિપ્રત્યયો જ, શ્રોતાને પક્ષે અસંપ્રજ્ઞાતપણે અર્થબોધ દરમ્યાન, ઉપર્યુક્ત તાર્કિક ક્રમે પદોનો અન્વય ગોઠવી આપતાં હોય છે.

---

૧. कर्तृकर्मव्यवहितामसाक्षाद् धारयत्क्रियाम् ।
उपकुर्वत् क्रियासिद्धौ शास्त्रेऽधिकरणं स्मृतम् ।-वाक्यपदीपम् ३-७-१४८.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કારકોનું પરસ્પરાવલમ્બન કેવી રીતે હોય છે તે દર્શાવતો એક આલેખ[૨] જોઈશું :



૧. वृक्षात् पर्णं पतति ।
२. रामः वृक्षात् शाखां खड्गेन छिनत्ति ।
३. रणभूमौ राजा सैन्येन युध्यति ।
४. सीता स्थाल्यां तण्डुलान् अग्निना पचति ।
५. नृपः ब्राह्मणाय धेनुं प्रयच्छति ।
६. रामः जले नौकां नयनाभ्याम् पश्यति ।

* વાક્યના આરંભે પ્રાયઃ ઉદ્દેશ્ય (ભૂત કર્તા)ને જ પ્રાથમ્ય અપાય છે. જેમકે, બીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા વાક્યમાં ઉદ્દેશ્યભૂત કર્તાકારકને પ્રથમક્રમે મૂકીને, પછી ઉપર નિર્દિષ્ટ આલેખ મુજબ (કારકોના પરસ્પરાવલંબનને ધ્યાનમાં લઈને) પદક્રમ ગોઠવ્યો છે. તથા બધાં કારકોનો છેલ્લે ક્રિયામાં જ અન્વય થતો હોઈને, તે (ક્રિયાપદ)ને સૌથી છેલ્લે ક્રમે જ મૂકવામાં આવે છે.

IX. 2.3 ઉપપદ વિભક્તિવાળાં પદોનો અન્વય : સહ, ऋते, विना, नमः જેવા અવ્યયોના યોગે, તેમની સાથે સંકળાયેલા પદાર્થોને રૂઢિથી જે વિભક્તિ લાગી હોય છે (તેને ઉપપદ વિભક્તિ કહે છે.) તે ઉપપદ વિભક્તિવાળાં પદો તથા સહ વગેરે અવ્યયોને પરસ્પરના સાંનિધ્યમાં—એટલે કે 'સંનિહિત પદબંધ' તરીકે-ગોઠવીને જ અર્થબોધ થતો હોય છે. જેમકે, रामः गच्छति सीतया वनं सह । જેવો યથેચ્છ પદક્રમ (પદ્ય)વાક્યમાં પડ્યો હોય તો પણ અર્થબોધની પ્રક્રિયા દરમ્યાન रामः [सीतया सह] वनं गच्छति । એમ સહ અવ્યય, અને ઉપપદ વિભક્તિવાળું પદ-सीतया-તેમને 'સંનિહિત પદબંધ' તરીકે સાથે જ ગોઠવવાં-જોડવાં-અન્વિત કરવાં પડે છે.

IX.2.4 કર્મપ્રવચનીય પ્રાદિ અને તત્સંબંધી વિભક્ત્યન્ત પદો : (ક્રિયાપદની આગળ જ્યારે प्र, अभि, प्रति, अनु વગેરે પ્રાદિ શબ્દ વપરાય ત્યારે તેને 'ઉપસર્ગ' કહે છે. પરંતુ ક્રિયાપદથી સ્વતન્ત્ર રીતે, કોઈ ચોક્કસ અર્થમાં આ પ્રાદિ શબ્દો વપરાય ત્યારે તેમને 'કર્મપ્રવચનીય' કહે છે. દા.ત. इन्द्रः जपम् अनु प्रावर्षत् । 'ઇન્દ્રદેવ જપને અનુલક્ષીને વરસ્યા.' અહીં 'अनु' એવો શબ્દ 'લક્ષણ અર્થાત્ હેતુભૂત કારણ' એવા ચોક્કસ અર્થમાં વપરાયો છે; તથા ક્રિયાપદથી નિરપેક્ષ રહીને, તે વાક્યમાં અલગ વપરાયો છે. મન્ત્રજપ કર્યા તે કારણે ઇન્દ્ર વર્ષ્યા. આવા अनु 'કર્મપ્રવચનીયની સાથે સંકળાયેલા 'जप' શબ્દને દ્વિતીયા વિભક્તિ લાગી છે. એવી જ રીતે, अग्निम् अभि शलभाः पतन्ति । 'અગ્નિની પાસે તીડો પડે છે.' અહીં-'ની નજીક' અર્થ દર્શાવતો अभि શબ્દ

૨. જુઓ : 'Kāraka theory for knowledge representation' by Dr. Achyutananda Dash, an article published in संभाषा-13, University of Nagoya, Japan, 1992, (pp.43-62).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

'કર્મપ્રવચનીય' છે. અને તેના યોગમાં અગ્નિ શબ્દને દ્વિતીયા લાગી છે. હવે પદાન્વયની દૃષ્ટિએ વિચારીએ તો 'जपम् अनु' કે 'अग्निम् अभि' ને 'સંનિહિત પદબંધ' તરીકે એક સાથે જ રાખવા પડે છે, અને તે ક્રમે જ તેમનો અર્થબોધ થતો હોય છે.

શાસક અને શાસિત પ્રદેશની વચ્ચે સંબંધ દર્શાવવો હોય ત્યારે अधि શબ્દનો કર્મપ્રવચનીય તરીકે પ્રયોગ થતો હોય છે, અને તદ્યોગે શાસિત પ્રદેશ વાચક શબ્દને સપ્તમી વિભક્તિ લાગે છે : अधि पाञ्चालेषु, ब्रह्मदत्तः । 'બ્રહ્મદત્ત પાંચાલ દેશ ઉપર રાજ્ય કરે છે.' અહીં अधि पाञ्चालेषु શબ્દને 'સંનિહિત પદબંધ' તરીકે સાથે જ રાખવા પડે છે. (ક્યારેક શાસક વ્યક્તિવાચક શબ્દને પણ, પર્યાયથી સપ્તમી લાગી શકે : अधि ब्रह्मदत्ते पाञ्चालाः । તો અહીં अधि અને સપ્તમ્યન્ત પદને 'સંનિહિત પદબંધ' ગણવાના છે. અહીં યથેચ્છ પદક્રમને અવકાશ નથી.

IX. 3 ક્રિયાવિશેષણ અને ક્રિયાપદનો અન્વય : વાક્યમાં જ્યારે ક્રિયાવિશેષણનો પ્રયોગ થયો હોય ત્યારે પદાન્વયની ક્ષણે તેને ક્રિયાપદની સાથે ગોઠવવું આવશ્યક છે, કેમકે 'ક્રિયાવિશેષણ અને ક્રિયાપદ' એ પણ 'સંનિહિત પદબંધ' રૂપે અનુભવાય છે. જેમકે, ૧. अश्वः शीघ्रं धावति । 'અશ્વ ઝડપથી દોડે છે.' ૨. रामः मृदु भाषते । 'રામ મૃદુતાથી બોલે છે.' અહીં, પદ્યરચનાઓમાં માની લો કે ક્રિયાવિશેષણ ક્રિયાપદથી દૂર, ક્યાંક આગળ-પાછળ વપરાયું હોય તો પણ તેને શ્રોતૃપક્ષે 'સંનિહિત પદબંધ' રૂપે સાથે જ અનુભવાય છે.

IX. 4.0 મિશ્ર વાક્યોમાંના સંનિહિત પદબંધોનો અન્વય : અગાઉ પ્રકરણ-૪માં એક મુખ્ય વાક્યની અન્તર્ગત બીજા નાનાં ઉપવાક્યોને જોડીને/ઉમેરીને 'મિશ્રવાક્યો'ની રચના કેવી રીતે કરવી તે વર્ણવ્યું છે. હવે આવી રચનાઓમાં ઉપવાક્યોના ક્રિયાંશની સાથે સંકળાયેલા કારકસમૂહને પણ પદાન્વય દરમ્યાન 'સંનિહિત પદબંધ' રૂપે સાથે ગોઠવવા પડે છે.

IX. 4.1 સંબંધક ભૂતકૃદન્તનો त्वा/य પ્રત્યય જો કોઈ સકર્મક ધાતુને લાગ્યો હોય તો તેની સાથે કોઈ કર્મકારકવાચક પદ પણ હશે. આથી મિશ્રવાક્યમાં જો આવાં સંબંધક ભૂતકૃદન્ત સહિતનાં પદો ઉપવાક્ય રૂપે યથેચ્છ ક્રમે ગોઠવાયાં હોય તો, પદાન્વયની કોટિએ તેમને સંનિહિત પદબંધ રૂપે જ સમજવા પડે છે. જેમ કે,

ऊचे दुर्योधनं कर्णः पाण्डुसेनां विलोकयन् ।
सव्यसाचिनमद्याहं हत्वा सारं भवद्द्विषाम् ।
सफलं ते करोम्येष संकल्पं चिरसम्भृतम् ॥

'પાંડુસેનાને જોતાં કર્ણે દુર્યોધનને કહ્યું :-''આજે હું તારા દ્વેષીઓમાંથી જે સારભૂત એવો સવ્યસાચી (અર્જુન) છે. તેને હણીને, ઘણા લાંબા સમયથી સેવેલો તારો સંકલ્પ સફળ કરીશ.'' -અહીં સાદા વાક્ય अद्य अहं ते संकल्पं सफलं करोमि । ની અંદર [सव्यसाचिनं हत्वा] એવા ઉપવાક્યને મિશ્રિત કરવામાં આવ્યું છે; અને પદ્યરચનાને કારણે યથેચ્છ ક્રમે ગોઠવ્યું છે. પરંતુ અર્થબોધ માટે જે પદાન્વય કરવો પડે છે તેમાં તો 'सव्यसाचिनं हत्वा' જેવા પદોને 'સંનિહિત પદબંધ' તરીકે સાથે જ ગોઠવવા પડે છે : अद्य अहं (सव्यसाचिनं हत्वा) ते संकल्पं सफलं करोमि । એ જ પ્રમાણે त्वा પ્રત્યયાન્ત્ય પદની સાથે સંકળાયેલું અન્ય કોઈ કારક હોય તો તે પણ પદાન્વયમાં સાથે રહે છે.

IX. 4.2 હેત્વર્થ કૃદન્તનો तुम् પ્રત્યય જો કોઈ સકર્મક ધાતુને લાગ્યો હોય તો તેની સાથે પણ કોઈ કર્મવાચક પદ જોડાયેલું હશે જ. આથી મિશ્રવાક્યમાં આવું હેત્વર્થ કૃદન્તવાળું જે ઉપવાક્ય ઉમેરાયું હશે તે પણ પદાન્વય દરમ્યાન સંનિહિત પદબંધ રૂપે એક સાથે જ ગોઠવવું પડે છે. જેમ કે,

शब्दशास्त्रम् अनधीत्य यः पुमान् वक्तुमिच्छति वचः सभान्तरे ।
बद्धुम् इच्छति वने मदोत्कटं हस्तिनं कमलनालतन्तुना ॥

'જે પુરુષ શબ્દશાસ્ત્ર (=વ્યાકરણ)ને ભણ્યા વિના, સભાની અંદર વાણી ઉચ્ચારવા (=વચન બોલવા) માટે ઇચ્છે છે, તે જાણે, વનમાં કમળનાળ-તંતુ વડે મદથી ઉત્કટ થયેલા હાથીને બાંધવા ઇચ્છે છે.'' અહીંઆ यः पुमान् इच्छति એવા સાદા વાક્યની અંદર 'सभान्तरे वचः वक्तुम्' એવા ઉપવાક્યને ઉમેર્યું છે; તથા દ્વિતીય સાદા વાક્યમાં 'हस्तिनं बद्धुम्' એવા ઉપવાક્યને જોડ્યું છે. હવે પદ્યવાક્ય હોવાથી તે યથેચ્છ પદક્રમે મૂકાયા છે ખરા, પરંતુ શ્રોતૃપક્ષે અર્થબોધ દરમ્યાન એક સંનિહિત પદબંધ રૂપે પદાન્વયમાં સાથે ગોઠવવામાં આવે છે. જેમકે, ૧. यः पुमान् (सभान्तरे वचः वक्तुम्) इच्छति । તથા ૨. यः पुमान् (वने मदोत्कटं हस्तिनं बद्धुम्) इच्छति ॥

આવી જ રીતે, त्वा પ્રત્યયાન્ત કે तुम् પ્રત્યયાન્ત કૃદન્તોથી વાચ્ય ક્રિયાંશોની સાથે જો અન્ય કોઈક કારકો સંકળાયેલાં હોય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તો તે પણ સંનિહિત પદબંધ રૂપે પદાન્વયમાં એક સાથે જ ગોઠવવાં પડે છે. દા.ત. ૧. संग्रामैकार्णवान्तः पयसि विचरितुं पण्डिताः पाण्डुपुत्राः । ૨. (सा) वेपमाना देवेभ्यः प्राञ्जलिः भूत्वा इदम् वचनम् अब्रवीत् ।

IX. 4.3 સતિ સપ્તમી અને અનાદરાર્થે ષષ્ઠીવાળાં પદોનો અન્વય : મિશ્રવાક્યમાં જે જે ઉપવાક્યોની ગણતરી કરાવવામાં આવી છે, તેમાંના સતિ સપ્તમીવાળાં અને અનાદરાર્થે ષષ્ઠીવાળાં પદોને પણ પદાન્વયમાં 'સંનિહિત પદબંધ' રૂપે સાથે ગોઠવવાં જરૂરી બને છે. જેમ કે,

कोलाहले काककुलस्य जाते, विराजते कोकिलकूजितं किम् ?
परस्परं संवदतां खलानां मौनं विधेयं सततं सुधीभिः ॥

"કાગડાઓના કુળનો કોલાહલ થઈ રહ્યો હોય ત્યારે, શું કોયલનો ટહુકાર શોભે છે? એમ જ્યારે દુષ્ટ માણસો પરસ્પર વાદવિવાદ કરતા હોય ત્યારે સુબુદ્ધિવાળા માણસોએ તો હંમેશા મૌન જ રહેવું જોઈએ." અહીં [काककुलस्य कोलाहले जाते (सति)] એને 'સંનિહિત પદબંધ રૂપે યોગ્ય પદક્રમમાં ગોઠવીને પછી જ પદાન્વય કરવાનો રહે છે. એ જ પ્રમાણે, [पश्यतोऽपि गुरोः] शिष्येण अविनयः कृतः । 'ગુરુ જોતા હતા છતાંય શિષ્યે અવિનય કર્યો.' नन्दाः पर्यायभूताः पशव इव हताः [पश्यतो राक्षसस्य] । '(અમાત્ય) રાક્ષસ જોતો હતો ને જ એક પછી એક નન્દવંશના રાજાઓને પશુઓની જેમ હણી કાઢ્યાં.' અહીં અનાદરાર્થે ષષ્ઠીવાળાં પદોને પણ સંનિહિત પદબંધ રૂપે પદાન્વયમાં સાથે ગોઠવવાનાં રહે છે.

IX. 5.0 સંભાષણાદિના વિશિષ્ટ સન્દર્ભે વાક્યમાં યથેચ્છ ક્રમે ગોઠવાયેલાં પદોના અન્વય બાબતે આપણે બે વાત કરી : ૧. ઉદ્દેશ્યભૂત કર્તૃપદ સૌથી પહેલાં ગોઠવ્યા પછી, કારકોનાં પરસ્પરાવલંબનને ધ્યાનમાં લઈને કર્માદિ પદને મૂકવાં, અને સૌથી છેલ્લે ક્રિયાપદને મૂકવું. ૨. તથા જે જે 'સંનિહિત પદબંધ' (immediate constituents) રૂપે ષષ્ઠ્યન્ત પદો કે ઉપપદ વિભક્તિવાળાં પદો કે ઉપવાક્યોનાં પદો યથેચ્છ ક્રમે મૂકાયાં હોય તેમને પદાન્વયમાં સાથે ગોઠવવાં જરૂરી છે/અથવા શ્રોતાના મનમાં તે એક સંયુક્ત એકમ રૂપે ઉપસ્થિત થાય છે—એ વાત સોદાહરણ જોઈ. હવે, જ્યાં વક્તાની ઇચ્છા મુજબ પદોને ગોઠવી શકાતાં નથી-એટલે કે જ્યાં **સુનિશ્ચિત પદક્રમ જ જોવા મળે છે તેવા સન્દર્ભોનો અભ્યાસ કરીશું :** ૧. જ્યાં પદક્રમમાં ભેદ કરવામાં આવે તો અર્થભેદ ઊભો થાય છે; તથા ૨. જ્યાં કેવળ રૂઢિથી પદક્રમ સુનિશ્ચિત થયેલો હોય છે.

IX. 5.1 વિશેષ્ય-વિશેષણવાચક પદોનો ક્રમઃ—એવો એક તાર્કિક ન્યાય છે કે વિશેષણોના પ્રયોગ સહિતનું કોઈ વાક્ય સાંભળીએ છીએ ત્યારે આપણું મન પહેલાં વિશેષણોને ધ્યાનમાં લઈને સમજીને-પછી જ વિશેષ્યનું જ્ઞાન કરે છે : नाधिगतविशेषणा बुद्धिः विशेष्यम् अवगाहते । આવો ન્યાય વિશેષણ અને વિશેષ્ય વચ્ચેનો પદક્રમ નક્કી કરી આપે છે. જેમકે, વાક્યમાં વિશેષ્યની પૂર્વે જ વિશેષણોને ગોઠવવાં. દા.ત. ૧. सीता रक्तं पुष्पम् आनयति । અહીં લાલ ગુણ સહિતના પુષ્પનું જ (વિશેષણવિશિષ્ટ વિશેષ્યનું જ) જ્ઞાન થતું હોવાથી પદક્રમમાં, વિશેષ્યની (पुष्पम्)ની પૂર્વે જ વિશેષણને (रक्तम् પદને) મૂકવું અનિવાર્ય છે. (માની લો કે પદ્યરચનામાં છન્દોબંધારણ સાચવવાં વિશેષણો જુદા ક્રમે આવ્યાં હોય તો પણ અર્થબોધની કોટિએ તો તે વિશેષણો અને વિશેષ્ય પૂર્વાપર ક્રમે ગોઠવાય પછી જ વાક્યાર્થની પ્રાપ્તિ થાય છે.) ૨. आसीद् अशेषनरपतिशिरः समभ्यर्चितशासनः पाकशासन इवापरः, चतुरुदधिमालामेखलाया भुवो भर्ता, प्रतापानुरागावनतसमस्तसामन्तचक्रः, चक्रवर्तिलक्षणोपेतः, ...वैनतेय इव विनतानन्दजननः, वैन्य इव चापकोटिसमुत्सारितसकलाऽरातिकुलाचलो, राजा, शूद्रको नाम । (कादम्बरी) આમાં शूद्रकः તે વિશેષ્યવાચક પદ છે, અને તેની પૂર્વે આવેલાં બધાં જ પદો વિશેષણ રૂપ છે. આવાં અનેકાનેક ઉદાહરણો 'કાદમ્બરી'માંથી મળી રહેશે.

હવે, ક્યારેક જો આવાં વિશેષણવાચક પદોને વિશેષ્યવાચક પદની પાછળ (=દ્વિતીય ક્રમે) મૂકવામાં આવશે તો અર્થભેદ થતો હોય છે તે મુદ્દો સોદાહરણ ચર્ચીશું : प्रजानुरञ्जकः रामः भवति । 'પ્રજાનું અનુરંજન કરનાર રામ જન્મે છે.' અહીં (વિધેય) 'રામ' કેવા ? એનું વર્ણન કરવા વિશેષણવાચક પદનો પૂર્વપ્રયોગ થયો છે. પરંતુ જો કોઈ વ્યક્તિ અહીં વિશેષ્ય रामः પદને સૌથી પહેલાં મૂકી દે, અને તે પછી વિશેષણવાચક પદને મૂકે તો, એટલે કે रामः प्रजानुरञ्जकः भवति । 'રામ પ્રજાનું અનુરંજન કરનાર બને છે.' (ઉદ્દેશ્ય | વિધેય) તો દ્વિતીય પદક્રમાંકે મૂકાયેલું વિશેષણ વિધેય કોટિમાં ચાલ્યું જાય છે; અને વાક્યાર્થ તદ્દન જુદો જ બની જાય છે.

એ જ પ્રમાણે, तरुणः (વિશેષણ) अश्वः (વિશેષ્ય/ઉદ્દેશ્ય) (धावति) । 'યુવાન ઘોડો (દોડે છે.)'માં દ્વિતીય ક્રમે આવેલું વિશેષ્ય (अश्वः) પદ ઉદ્દેશ્યભૂત છે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અને પ્રથમ ક્રમે મૂકાયેલું तरुणः પદ તેનું વિશેષણ બને છે. એટલે અહીં 'તરુણ એવા ઘોડા'ને ઉદ્દેશીને કોઈક =ધાવનક્રિયાની વાત રજૂ થઈ રહી છે એવો બોધ થાય છે. પરંતુ જો अश्वः तरुणः (अस्ति) । એવા પદક્રમે બોલવામાં આવે તો अश्वः ઉદ્દેશ્ય છે, અને તદ્‌વિષયક તરુણત્વનું વિધાન થાય છે. એટલે કે-'ઘોડો તરુણ (છે)' એવો બોધ થશે.

આમ अश्वः तरुणः (अस्ति) । માં દ્વિતીય ક્રમે મૂકાયેલું વિશેષણ પોતે જ વિધેય બની જાય છે. આમ વિશેષણનો પદક્રમ બદલાતાં આખો વાક્યાર્થ ફેરવાઈ જાય છે.

IX. 5.2 પ્રશ્નાર્થક किम् સર્વનામનો પદક્રમ : સંસ્કૃત ભાષાના સર્વનામોમાંથી किम् (-શું, કોણ) એવું સર્વનામ પ્રશ્નાર્થક છે તથા વાક્યમાં એના પદક્રમને આધારે જ કોના વિષે પ્રશ્ન થઈ રહ્યો છે એ નક્કી થાય છે. જેમકે, किं रामः पृच्छति । 'શું, રામ પૂછે છે ?' અહીં પૃચ્છાક્રિયા કરનાર કોણ, રામ છે ? ! એવો આશ્ચર્યના ભાવવાળો અર્થબોધ થાય છે. જ્યારે रामः किं पृच्छति ? 'રામ, શું પૂછે છે ?' અહીં રામની પૃચ્છાક્રિયાનું કર્મ શું છે ? એટલે કે રામ શાના વિષે પ્રશ્ન કરે છે ? એવો વાક્યાર્થ-બોધ થાય છે.

શાકુન્તલ (અંક-૩)માં કામાસક્ત શકુન્તલાની એક ઉક્તિ જોઈએ : किं सख्यौ मां वीजयतः । 'શું સખીઓ, મને પવન નાખે છે ?' એમાં શકુન્તલા પોતાની આસપાસ શું સખીઓ છે કે પોતે એકલી છે એ જાણવા ચાહે છે-એવો અર્થબોધ નીકળે છે. પરંતુ જો सख्यौ मां किं वीजयतः । 'સખીઓ મને, શું પવન નાખે છે ?' એવા ભિન્ન પદક્રમે किम् સર્વનામને મૂકવામાં આવે તો શકુન્તલાને એની તો ખબર છે કે સખીઓ તેની આસપાસ જ છે, પણ એ એટલી અન્યમનસ્ક છે કે એને સખીઓ દ્વારા પંખો નાખવામાં આવી રહ્યો છે એની પણ ખબર નથી-એવો અર્થ નીકળે છે. આમ પ્રશ્નાર્થક किम् નો પદક્રમ ફેરવતાં વાક્યનો લય પણ બદલાય છે અને જે અંતે વાક્યાર્થના પરિવર્તનમાં કારણભૂત બને છે.

IX. 5.3 સાદૃશ્યાર્થક इव (ના જેવું) અવ્યય : ઉપમા અલંકારવાળી વાક્યરચનાઓમાં ઉપમા પ્રતિપાદક શબ્દ તરીકે इव શબ્દનો પ્રયોગ થાય છે. આ અવ્યય ઉપમાનવાચક શબ્દની પાછળ પ્રયોજાય છે. જેમકે,

तस्याः खुरन्यासपवित्रपांसुमपांसुलानां धुरि कीर्तनीया ।
मार्गं मनुष्येश्वरधर्मपत्नी श्रुतेरिवार्थं स्मृतिरन्वगच्छत् ॥ (રઘુવંશ. ૨-૨)

''પતિવ્રતા સ્ત્રીઓમાં અગ્રગણ્ય એવી તે મનુષ્યેશ્વર (દિલીપ)ની ધર્મપત્ની (સુદક્ષિણા) શ્રુતિના અર્થને જેમ સ્મૃતિ અનુસરે તેમ, તે નંદિનીની ખરીઓના પડવાથી પવિત્ર થયેલી ધૂળવાળા માર્ગને અનુસરી.'' અહીં धर्मपत्नी (नन्दिन्याः) मार्गम् अन्वगच्छत् । એ ઉપમેયવાક્ય છે; તથા स्मृतिः श्रुतेः अर्थम् अनुगच्छति । એ ઉપમાનવાક્ય છે. આથી ઉપમાનવાક્યના પહેલા શબ્દ श्रुतेः ની પાછળ (તરત જ) इव શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એ જ પ્રમાણે, चन्द्रः इव मुखम् । 'ચન્દ્ર જેવું મુખ' (ઉપમા) અહીં ઉપમાન चन्द्र ની પાછળ इव નો પ્રયોગ છે.

પરંતુ इव જો કોઈ નામપદની પાછળ ન આવતાં, ક્રિયાપદની પાછળ ગોઠવાયું હોય તો તે ઉત્પ્રેક્ષાલંકારની પ્રતીતિ કરાવે છે. જેમકે,

लिम्पतीव तमोऽङ्गानि वर्षतीवाञ्जनं नभः ।
असत्पुरुषसेवेव दृष्टिर्विफलतां गता ॥ (मृच्छकटिक-१ ।)

''અંધકાર (શરીરનાં) અંગોને જાણેકે લીંપે છે, આકાશ જાણે કાજળ વરસાવે છે. અસત્પુરુષની કરેલી સેવા જેમ વિફળ જાય તેમ અંધકારમાં (મારી શકારની) દૃષ્ટિ વિફળતાને પામી છે.''

આમ અર્થબોધની પ્રક્રિયામાં इव અવ્યયનો પદક્રમ નિર્ણાયક ભાગ ભજવે છે– इति दिक् । (આ દિશામાં આલંકારિક રચનાઓનું સૂક્ષ્મ પૃથક્કરણ કરવું અતીવાવશ્યક છે.)

IX. 6.0 અવ્યયોના રૂઢિથી નિશ્ચિત થયેલા પદક્રમ : સંસ્કૃત ભાષાના અવ્યયો વિશે પ્રકરણ-૧૦માં સ્વતન્ત્ર વિચારણા કરવાની છે. પરંતુ પ્રસ્તુત સન્દર્ભમાં અવ્યયોના અર્થ વિશે નહીં, પણ તેમના પદક્રમ વિશે ચર્ચા કરીશું–

(क) જે અવ્યયો વાક્યના આરંભે કદાપિ વાપરી શકાતા નથી, તેમાં મુખ્યત્વે च, तु, हि, चेत् ધ્યાનાસ્પદ છે. જેમકે, વાક્યસંયોજક અવ્યય તરીકે જ્યાં 'च' અવ્યય વપરાયેલો જોવા મળે છે ત્યાં સામાન્યતઃ તે બીજા વાક્યના પહેલા શબ્દની પાછળ વપરાયેલો હોય છે. દા.ત. अहो ! वरं स्वदेशो यत्र दुर्भिक्षेऽपि सुखेन स्थीयते, न च कोऽपि युद्धं करोति । ''અહો ! પોતાનો દેશ જ સારો, કે જ્યાં દુકાળમાં પણ સુખેથી રહેવાય છે; અને ત્યાં કોઈ લઢતું નથી.'' અહીં વાક્યસંયોજક તરીકે च નો પદક્રમ ધ્યાનાસ્પદ છે. તે બે વાક્યની વચ્ચે નથી વપરાયો પણ, બીજા વાક્યના પહેલા શબ્દની પાછળ પ્રયોજાયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવી જ રીતે, વિકલ્પાર્થક 'वा' અવ્યય પણ દ્વિતીય વિકલ્પની પાછળ જ વપરાય છે (અથવા તે वा અવ્યયની પૂર્વે यद् કે अथ ને મૂકવામાં આવે છે.(તથા 'કારણ કે' અર્થવાળો 'हि' અવ્યય અને વિશેષ રૂપે નિર્દેશાતાં અર્થ માટે વપરાતો 'तु' અવ્યય પણ વાક્યારંભે મૂકાતો નથી. નીચેનાં ઉદાહરણો તપાસવાથી આ વાત સ્પષ્ટ થશે–

૧. अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

'આ પોતાનો માણસ છે,' કે 'આ પારકો વ્યક્તિ છે' એવી ગણતરીઓ તો સંકુચિત મનોવૃત્તિઓવાળા કરે છે. પણ ઉદાર મનોવૃત્તિવાળાઓ માટે તો (આખી) પૃથિવી જ કુટુંબ સમાન છે.

[અહીં निजः परो वा । 'પોતાનો કે પારકો'માં-દ્વિતીય વિકલ્પની પાછળ वा નો પ્રયોગ જુવો તથા વાક્યારંભે નહીં આવેલા અને उदारचरित વાળાઓનો વિશેષ નિર્દેશ કરવા માટે પ્રયોજાયેલા, 'तु'નો પ્રયોગ જુવો.]

૨. कुसुमस्तबकस्येव द्वयी वृत्तिर्मनस्विनः ।
सर्वेषां मूर्ध्नि वा तिष्ठेद् विशीर्येत वनेऽथवा ॥

''પુષ્પગુચ્છની જેમ મનસ્વી વ્યક્તિઓની વૃત્તિ બે પ્રકારની જ હોય છે. કાં તો તે બધાના મસ્તક ઉપર વિરાજે છે અથ-વા વનમાં જ કરમાઈ જાય.'' [આમ ક્યારેક જેટલા વૈકલ્પિક પદાર્થો હોય તે દરેકની પાછળ वा નો પ્રયોગ થાય.]

૩. तं सन्तः श्रोतुम् अर्हन्ति सद्-असद्-व्यक्ति-हेतवः ।
हेम्नः संलक्ष्यते ह्यग्नौ विशुद्धिः श्यामिकाऽपि वा ॥ (रघुवंशः १-१०)

''સાચા-ખોટાને વ્યક્ત કરવામાં કારણભૂત એવા સજ્જનોએ એ વાત કૃપા કરીને સાંભળવી જોઈએ; કારણ કે (हि + अग्नौ) અગ્નિમાં જ સોનાની શુદ્ધિ કે કાળાશ પરખાય છે.''

અહીં 'કારણ કે' અર્થમાં અને વાક્યારંભે નહીં આવેલ हि અવ્યય; તથા વિકલ્પાર્થક वाનો પ્રયોગ તપાસો.

આ જ પ્રમાણે, શરતવાચક चेत् અવ્યયનો પણ સંયુક્ત વાક્યના આરંભે પ્રયોગ થતો નથી. જેમકે, ૧. ज्ञातिः चेत्, अनलेन किम् । ''જો જ્ઞાતિ (જ્ઞાતિજનો) હોય, તો અગ્નિની શી જરૂર છે?'' ૨. अन्नपूर्णा न चेद् गृहे, शङ्करः किं कुर्यात् । ''જો અન્નપૂર્ણા (પાર્વતી) ઘરમાં ન હોય તો શંકર શું કરે ? '' અહીં સંયુક્ત બે વાક્યમાંથી જે પહેલું વાક્ય હોય છે, તેના પહેલા શબ્દ પછી 'શરત'વાચક चेत्નો પ્રયોગ નોંધપાત્ર છે.

(ख) સંસ્કૃત ભાષામાં બીજાં કેટલાંક અવ્યય-પદો એવાં છે કે જે સંયુક્તવાક્યની રચનામાં બબ્બેની જોડમાં વપરાતાં જોવા મળે છે. જેમાંના ઉદ્દિશ્યમાન પ્રથમ વાક્યમાં એક અવ્યય વપરાય છે, તો પ્રતિનિર્દિશ્યમાન બીજા વાક્યમાં તે અવ્યયની જોડનો બીજો શબ્દ વપરાય છે. જેમકે, यदा-तदा, यावत्-तावत्, यथा-तथा, यद्यपि-तथापि, यदि-तर्हि । વગેરે. ઉદા.ત.-૧. यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति, तदा अहं (श्रीकृष्णः) आत्मानं सृजामि । ''જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે હું મારી જાતને સર્જું છું (=હું અવતાર લઉં છું.)''

૨. एकस्य दुःखस्य न यावदन्तं गच्छाम्यहं पारमिवार्णवस्य ।
तावद् द्वितीयं समुपस्थितं मे छिद्रेष्वनर्था बहुलीभवन्ति ॥

''સાગરની સામે પાર જવાની જેમ જ્યાં સુધી હું એક દુઃખને પૂરું કરતો નથી, ત્યાં સુધીમાં તો મારે માટે બીજું (દુઃખ) ઊભું થઈ જાય છે. (કહેવાયું છે ને કે-) 'છિદ્રો પડે ત્યારે અનર્થો વધી જાય છે.'''

૩. यथा रामः कौसल्यानन्दनः उच्यते, तथा कृष्णः यशोदानन्दनः उच्यते । ''જેવી રીતે રામ કૌશલ્યાને આનંદ આપનાર કહેવાય છે, તેવી રીતે કૃષ્ણ યશોદાને આનંદ આપનાર કહેવાય છે.''

આમ કેટલાક અવ્યયો રૂઢિથી સંયુક્ત વાક્યમાંના પૂર્વાર્ધના આરંભે/પૂર્વવાક્યમાં યથેચ્છક્રમે વપરાય છે, તથા તેની જોડમાં વપરાનારું બીજું અવ્યયપદ ઉત્તરાર્ધના આરંભે / કે ઉત્તરવાક્યમાં યથેચ્છક્રમે ગોઠવાય છે. આમ પદક્રમના પરિપ્રેક્ષ્યમાં પણ અવ્યયોનો પ્રયોગ સમીક્ષ્ય છે. इति दिक् ॥ અહીં, રૂઢિથી જ વાક્યમાં અમુક નિશ્ચિત રીતે વપરાતાં અવ્યયોનો પદક્રમ અર્થભેદમાં કારણભૂત બનતો નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ-૧૦

અવ્યયોનો પ્રયોગ

X.0 'અવ્યયો'નો પરિચય :

સંસ્કૃત ભાષાનાં વાક્યોમાં સામાન્ય રીતે ચાર પ્રકારનાં 'પદો' જોવા મળે છે : ૧. નામપદ, ૨. ક્રિયાપદ, ૩. ઉપસર્ગો અને ૪. અવ્યયો (=નિપાતો). અત્યાર સુધીનાં પ્રકરણોમાં નામપદોને (=વિભક્ત્યન્ત પદોને) ક્રિયાપદની સાથે અન્વિત કરીને કેવી રીતે વાક્યરચના કરવામાં આવે છે ? તથા ક્રિયાવાચક ધાતુની પૂર્વમાં प्र, परा, अभि, अधि, सु વગેરે 'ઉપસર્ગો' જોડીને કેવી વિભન્ન અર્થચ્છાયાઓ પ્રગટ કરવામાં આવે છે ? એની ચર્ચા કરી ગયા છીએ. હવે, ભાષામાં વપરાતા ચોથા પ્રકારના 'અવ્યય-પદો'ની ચર્ચા કરી ગયા છીએ. હવે, ભાષામાં વપરાતા ચોથા પ્રકારના 'અવ્યય-પદો'ની ચર્ચા કરવાની છે.

'અવ્યય' શબ્દનો અર્થ છે : અ-વ્યય એટલે કે જેમાં કોઈ વ્યય-પરિવર્તન/વિકાર-આવતો નથી તેવું શબ્દસ્વરૂપ. न व्येति तद् अव्ययम् । દા.ત. च, नूनम्, खलु, किल, इति, यथा, तावत्, अपि, अन्यच्च, उत, अथ, यद्वा, दिष्ट्या વગેરે વગેરે. (સંસ્કૃત ભાષામાં આવા અવ્યયો અનેકાનેક છે. તેમાંના કેટલાકની સાર્થ યાદી આ પ્રકરણના અન્તે આપી છે.) આમાંના કેટલાક અવ્યયો ''પદસંયોજક અવ્યય'' તરીકે અને/અથવા ''વાક્યસંયોજક અવ્યય' તરીકે વાક્યરચનામાં ઉપકારક બને છે. અહીંયા મુખ્યત્વે તેમની ચર્ચા હાથ ધરીશું.

X.1 પદસંયોજક તરીકે 'च' નો પ્રયોગ :

બે પદોને જોડવા જેવી રીતે ગુજરાતીમાં 'અને' એવો અવ્યય વપરાય છે, તેવી રીતે સંસ્કૃતમાં 'च' અવ્યયનો પ્રયોગ થાય છે. નીચેનાં વાક્યોને તપાસો :-

રામ અને લક્ષ્મણ વનમાં જાય છે.

(क) रामः लक्ष्मणः च वनम् गच्छतः । અથવા (ख) रामः च, लक्ष्मणः च, वनम् गच्छतः ।

આ વાક્યોનો અભ્યાસ કરતાં જણાય છે કે-૧. ગુજરાતી ભાષામાં બે નામપદોને જોડનાર ''અને'' એવો અવ્યય તે બે નામપદોની વચ્ચે વપરાયો છે; (દા.ત. 'રામ અને લક્ષ્મણ'). ૨. આ ''અને''નો સંસ્કૃત ભાષામાં 'च' અવ્યયથી અનુવાદ થઈ શકે છે. પરંતુ, સંસ્કૃતમાં 'च' અવ્યયનો પ્રયોગ બે રીતે થઈ શકે છે : ઉપરનાં ૩ (क)માં જોશો તો જણાશે કે-જે બે નામપદોને જોડવાનાં છે તે બંને નામપદોને પહેલાં લખી કાઢીને, તે બંને પદોની પાછળ (કેવળ) એકવાર च નો પ્રયોગ કરવામાં આવે છે; (દા.ત. रामः लक्ष्मणः च) અથવા ૩ (ख) જોશો તો જણાશે કે-જે બે નામપદોને જોડવાનાં છે તે બંને નામપદોની પાછળ (=કુલ બે વાર) चનો પ્રયોગ કરવામાં આવ્યો છે; (દા.ત. रामः च लक्ष्मणः च). [આમ, ગુજરાતી ભાષામાં જે રીતે 'અને'નો પ્રયોગ થાય છે, તેનાથી તદ્દન જુદી રીતે સંસ્કૃત ભાષામાં चનો પ્રયોગ કરવામાં આવે છે તે નોંધવું.] ૩. હવે, અહીં ગમનક્રિયાના કર્તા બે વ્યક્તિઓ છે; અને તે બંને એક જ ક્રિયા કરી રહ્યા છે. તેથી ક્રિયાપદમાં પણ गच्छतिમાંથી એકવચનનો -ति પ્રત્યય ખસેડી લઈને, (બે કર્તા મુજબ) દ્વિવચનનો પ્રત્યય મૂકવો પડશે. જેમકે, गच्छतः । આ રીતે બે પૃથક્વાક્યોને चના પ્રયોગથી સંયોજી શકાયા છે; અને એકવાક્ય રૂપે રજૂ કરી શકાયાં છે.[1]

આવી જ રીતે,

૨. રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન દશરથના પુત્રો છે.

(क) रामः लक्ष्मणः भरतः शत्रुघ्नः च दशरथस्य पुत्राः सन्ति ।

અથવા

---

૧. નિરુક્તકાર યાસ્કે (ઈ. સ. પૂર્વે-૬૦૦માં) આ च અવ્યયના પ્રયોગ બાબતે એક નોંધ કરી છે : चेति समुच्चयार्थे, उभाभ्यां संप्रज्यते । (નિરુક્ત ૧-૨). ''અર્થાત્ 'च' અવ્યય 'સમુચ્ચય' અર્થમાં વપરાય છે, તથા જે બે પદોને જોડવાં હોય, તે બંને પદોની પાછળ च નો પ્રયોગ કરવામાં આવે છે.'' જેમકે, रामः च लक्ष्मणः च वनं गच्छतः ।). અહીં, યાસ્કે ઉપર્યુક્ત ૩ (ख) પરિસ્થિતિનો ઉલ્લેખ કર્યો છે; અને ૩ (क) ને માટે કંઈ જ વિધાન કર્યું નથી. એટલે કે યાસ્કે 'જે બે (કે અધિક) પદોને જોડવાનાં હોય, તે સૌ પદોની પાછળ, છેલ્લે એક જ વાર च નો પ્રયોગ પણ કરી શકાય/કરવામાં આવે છે' (દા.ત. रामः लक्ष्मणः च वनं गच्छतः)-તે પરિસ્થિતિ વિષે કંઈ જ વિધાન કર્યું નથી, તે આશ્ચર્યજનક છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) रामः च, लक्ष्मणः च, भरतः च, शत्रुघ्नः च, दशरथस्य पुत्राः सन्ति ।

અહીં, ત્રણ કે ત્રણથી વધારે નામપદોનો 'હોવું' ક્રિયામાં એકસરખો અન્વય છે. તેથી તે ચારેય નામપદોને પરસ્પરમાં જોડવા માટે ગુજરાતી ભાષામાં છેલ્લા નામપદની પૂર્વમાં-'અને શત્રુઘ્ન'-એકવાર 'અને' અવ્યયનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે આ 'અને'નો च અવ્યયથી સંસ્કૃતમાં બે રીતે અનુવાદ થઈ શકે છે. જેમકે, ઉપરનાં ૨ (क)માં જેટલાં નામપદો જોડવાં છે, તે તમામને પહેલાં લખી કાઢ્યા પછી સૌથી છેલ્લે (-તમામ નામપદોની પાછળ-) કેવળ એકવાર च નો પ્રયોગ કર્યો છે. તથા ૨ (ख)માં જેટલાં નામપદો પરસ્પરમાં જોડવાં છે. તે પ્રત્યેક નામપદની પાછળ (એટલે કે કુલ ચાર વાર) च નો ઉપયોગ કરવામાં આવે છે.

પદસંયોજક તરીકે 'च' નો પ્રયોગ જોયો; (અહીં આ અગાઉ સંયુક્ત વાક્યોની રચનાના સન્દર્ભે આપણે પ્રકરણ-૪માં વાક્યસંયોજક તરીકે च નો પ્રયોગ જોઈ ગયા છીએ.)

X. 2 दिष्ट्या અવ્યય : અભિનંદન આપવા, વર્ધાપના કરવા માટે આ અવ્યય વાક્યારંભે વપરાય છે; તથા જેને માટે આ અભિનંદન અપાય છે તદ્વાચક શબ્દને તૃતીયામાં મૂકાય છે. જેમકે, ૧. दिष्ट्या महाराजो विजयेन वर्धते । 'અભિનંદન ! મહારાજ વિજય મેળવીને વૃદ્ધિ પામી રહ્યા છે.' ૨. दिष्ट्या वर्धते भवान् पुत्रजन्मना । 'અભિનંદન ! આપ શ્રીમાન્ પુત્ર-જન્મથી વૃદ્ધિ પામી રહ્યો છો.' વગેરે.

X. 3 कामम्-ભલે, 'ધારો કે', 'કબૂલ છે કે' અર્થવાળો અવ્યય : ઉદા.ત. कामं च मम न न्याय्यं प्रष्टुं त्वाम्, तथापि कार्यगौरवात् पृच्छामि । 'મારે તને પૂછવું ભલે ન્યાય્ય ન હોય, તો પણ કાર્યનું મહત્ત્વ જોતાં હું તને પૂછું છું.'

कामं नृपाः सन्ति सहस्रशोऽन्ये
राजन्वतीम् आहुः अनेन (नृपेण) भूमिम् ।

''કબૂલ છે કે બીજા હજારો રાજાઓ છે, પણ આના (આ રાજા) વડે જ ભૂમિ રાજન્વતી (=રાજાવાળી) કહેવાય છે.''

X. 4 આશા સાથે પ્રશ્નાર્થ =જેનો જવાબ 'હા'માં અપેક્ષિત-ઇચ્છિત-છે તેવો कच्चित् અવ્યય : ક્યારેક સંભાષણ દરમ્યાન 'શું આમ તો છે ને ?' એવા ભાવથી પ્રશ્ન પૂછાતો હોય છે. જેમકે, મહાભારત (સભાપર્વ-૫ : ૧૦૫)માં નારદ યુધિષ્ઠિરને પ્રશ્ન કરે છે કે-

कच्चित् शृणोषि वृद्धानां धर्मार्थसहिता गिरः ।

''હે રાજન્ ! તું વૃદ્ધોની ધર્માર્થ સહિતની વાણી તો કાને ધરે છે ને ?'' એ જ પ્રમાણે, कच्चिद्राष्ट्रे तडागानि पूर्णानि च महान्ति च । भागशो विनिविष्टानि न कृषिर्देवमातृका: ॥ (સભાપર્વ-૫ : ૬૭)

''શું તારા રાષ્ટ્રમાં મોટાં તળાવો પાણીથી ભરેલાં અને રાજ્યના જુદા જુદા ભાગમાં વહેંચાયેલાં તો છેને ? તથા ખેતી કેવળ દેવમાતૃકા (=કુદરતી વરસાદ ઉપર તો આધાર રાખનારી) નથીને ?''.

X. 5 'હું આશા રાખું છું' । 'ઇચ્છું છું કે' -એવો ભાવ દર્શાવતો अपि नाम એવો અવ્યયસમૂહ વાક્યારંભે વપરાતો જોવા મળે છે : ઉદા.ત. ૧. अपि नाम रामभद्रः पुनरपीदं वनम् अलंकुर्यात् । 'હું ઇચ્છું કે રામભદ્ર આજે ફરી એકવાર આ વનને અલંકૃત કરે.' ('ઉત્તરરામચરિત'માં આવા અવ્યયનો અનેકવાર પ્રયોગ થયેલો જોવા મળે છે.)

૨. अपि नामाहं पुरूरवा भवेयम् । 'જો હું પુરૂરવા થાઉં તો ? !'

X. 6 આવી રીતે બીજા પણ અવ્યયોનો જે રીતે સાહિત્યમાં પ્રયોગ થતો જોવા મળે છે, તેને સૂક્ષ્મતાથી તપાસતાં સંસ્કૃત સંભાષણની કેટલીક છટાઓ જાણવા મળે છે. અહીં કેટલાક મહત્ત્વના અવ્યયોની યાદી આપી છે–

अग्रे-આગળ	अतीव-ખૂબ	अपरेद्युः-બીજે દિવસે
अग्रतः-સામે	अत्र-અહીં	अधुना-હમણાં
अचिरम्- } શીઘ્ર	अथ-ત્યારે, હવે	अन्तरेण-વિના
अचिरात्- } શીઘ્ર	अथकिम्-હા	अन्तरा-વિના, વચ્ચે
अचिरेण- } શીઘ્ર	अद्य-આજે	अन्यच्च-અને વળી
अजस्रम्-સતત	अधः } નીચે	अन्यत्र-બીજે સ્થળે
अन्तर्-મધ્યમાં	अधस्तात्- } નીચે	अन्यथा-નહીં તો, બીજે પ્રકારે
अतः-આથી	अपरम्-અને, બીજું	

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अलम्-અટકો, પર્યાપ્ત, પૂર્ણ
असकृत्-અનેકવાર
आरात्-દૂર, સમીપ
इतः-અહીંથી
इतस्ततः-અહીં-ત્યાં
इति-આ પ્રમાણે, એમ
इत्थम्-આ પ્રકારે
इदानीम्-આ સમયે, અત્યારે
इह-અહીં
उभयतः-બન્ને બાજુએ
ऋते-સિવાય, વિના
एकत्र-એક જગ્યાએ
एकदा-એક વાર
एव-જ
एवम्-આ પ્રમાણે
कथम्-કેવી રીતે, કેમ
कथञ्चित्-કોઈક રીતે
कदा-ક્યારે
कदाचित्-ક્યારેક, કદાચ
कदापि-ક્યારેક
किञ्च-અને
किन्तु-પરંતુ
किम्-કેમ, શું ?
किल- { કહેવાય છે કે / સાંભળ્યું છે કે }
कुतः-ક્યાંથી
कुत्र-ક્યાં
कुत्रचित्-ક્યાંક
कृतम्-બસ, છોડો
केवलम्-કેવળ, માત્ર
क्व-ક્યાં
क्वचित्-ક્યાંક
खलु-ખરેખર
झटिति-જલ્દી, શીઘ્ર
तत्-તો
ततः-ત્યાંથી, ત્યાર પછી
तत्र-ત્યાં
तदा-ત્યારે
तदानीम्-ત્યારે
तथा-તે રીતે
तथा हि-જેમકે,
तस्मात्-તેથી
तर्हि-તો
तावत्-ત્યાં સુધી
तूष्णीम्-મૌન, ચૂપચાપ
दिवा-દિવસે
दिष्ट्या-સૌભાગ્યથી, અભિનંદન
ध्रुवम्-નિશ્ચય
नक्तम्-રાત્રિમાં
न, नो-નહીં, ના
नाना-અનેક રીતે
नाम-નામવાળો
नूनम्-અવશ્ય
परेद्युः-ગઈકાલે
पुरतः / पुरस्तात् } આગળ, પૂર્વમાં
प्रत्युत-એને બદલે, ઉલટું
प्राक्-પહેલાં
प्रातः-સવારે
प्रायः-મોટા ભાગે
बहिः-બહાર
भूयः-અધિક, વધારે, વારંવાર
भृशम्-વારંવાર, અતિશય
मनाक्-થોડુંક
मिथः-પરસ્પર
मिथ्या-વ્યર્થ
मुहुः-વારંવાર
मृषा-જૂઠું, વ્યર્થ
यत्-કે, જે, કેમકે
यतः-કારણ કે
यत्र-જ્યાં
यथा-જેવી રીતે
यदा-જ્યારે
यद्यपि-જો કે
यद्वा-અથવા
यावत्-ત્યાં સુધી
युगपत्-એકી સાથે
वा-અથવા
विना-વગર, સિવાય
वै-નિશ્ચય
शनैः-ધીમે ધીમે
श्वः-આવતી કાલે
शश्वत्-સદાય
सर्वथा-બધી રીતે
सर्वदा-હંમેશા
सह-સાથે
सहसा-એકાએક
सहितम्-સાથે
साकम्-સાથે
सद्यः-તરત
सपदि-તરત
समन्तात्-ચારે તરફથી
समम्-સાથે
समया-નજીક
समीपे / समीपम् } નજીક
समीचीनम्-યોગ્ય, ઠીક
सम्प्रति-અત્યારે, હાલ
सर्वत्र-બધેય
सायम्-સાંજે
साम्प्रतम्-હમણાં
सार्धम्-સાથે
सुष्ठु-સરસ, સારી રીતે
स्वस्ति-આશીર્વાદ કલ્યાણ હજો
स्वयम्-પોતે
हि-એથી
साक्षात्-પ્રત્યક્ષ આંખોની સામે
ह्यः-ગઈ કાલે

❀

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ-૧૧

વર્ણસન્ધિ

વાક્યાન્તર્ગત પદોના અન્તિમ અને આદિ વર્ણોની સન્ધિ

X I. 0 વર્ણસન્ધિ પ્રસ્તાવ : અત્યાર સુધીનાં પ્રકરણોમાં આપણે પ્રકૃતિ અને પ્રત્યયના જોડાણથી તૈયાર થયેલાં નામપદો અને ક્રિયાપદોનો પરસ્પર કેવી રીતે અન્વય/સંગતિ ગોઠવીને 'વાક્ય'ની રચના કરવી એની પ્રમુખપણે ચર્ચા હાથ ધરી હતી. દા.ત. આપણે નીચે મુજબનાં વાક્યો બનાવી લીધાં છે :*

१. रामः वनम् गच्छति । २. देवः तिष्ठति । ३. तत् श्रुत्वा नारदः वदति ।

હવે, અહીં रामः એવા એક પદનો અંતિમ ધ્વનિ વિસર્ગ છે અને તેની પાછળ वनम् પદનો આદિ ધ્વનિ व् છે. આ ધ્વનિઓ પાસે પાસે આવતાં એકબીજા ઉપર પ્રભાવ પાડે છે; અને પરિણામે તે પદાન્તીય ધ્વનિ અને/અથવા પદાદિ ધ્વનિમાં વિકાર (ધ્વનિપરિવર્તન) થાય છે. જેમકે,

१. रामो वनं गच्छति । (: > ओ , म् > ं)

२. देवस्तिष्ठति । (: > स्)

३. तच्छ्रुत्वा नारदो वदति । (त् > च्, श > छ्, : > ओ)

આમ, એક પદાન્તીય વર્ણધ્વનિની સાથે બીજો પદાદિ વર્ણધ્વનિ જોડાતાં (અથવા, સાંનિધ્યમાં આવીને ઊભો રહે ત્યારે) જે વિકાર (=ધ્વનિ પરિવર્તન) આવે છે તેને સન્ધિ કહે છે.

સંસ્કૃતભાષામાં આવા સન્ધિઓ મુખ્યત્વે ત્રણ પ્રકારના જોવા મળે છે : (क) સ્વર સન્ધિ, (ख) વ્યંજનસન્ધિ અને (ग) વિસર્ગ સન્ધિ.

* * *

આ સન્ધિઓ વિષે વિગતે ચર્ચા હાથ ધરીએ તે પહેલાં સંસ્કૃત ભાષામાં જે વર્ણધ્વનિઓ છે, તેમના 'ઉચ્ચારણ સ્થાન' અને 'ઉચ્ચારણ પ્રયત્નો'નો પરિચય કરી લઈશું :

(૧) વર્ણોના ઉચ્ચારણસ્થાન દર્શાવતું કોષ્ઠક

वर्णाः	अ	इ	ऋ	ऌ	उ	ए; ऐ	ओ, औ			
	क ख ग घ ङ	च छ ज झ ञ	ट ठ ड ढ ण	त थ द ध न	प फ ब भ म					ञ म ङ ण न ं
	ह :	य श	र ष	ल स	)(प)(फ			व	)(क)(ख	
स्थानानि	कण्ठः	तालु	मूर्धा	दन्ताः	ओष्ठौ	कण्ठ–तालु	कण्ठ–ओष्ठम्	दन्त–ओष्ठम्	जिह्वा–मूलम्	नासिका च

* ગુજરાતીમાંથી સંસ્કૃત ભાષામાં અનુવાદ કરતી વખતે સૌથી પહેલાં 'વાક્યરચના' જ શીખવી-શીખવવી જરૂરી છે. ત્યાર પછી જ વર્ણસન્ધિનું જ્ઞાન જરૂરી/ઉપકારક બને છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨) આભ્યન્તર અને બાહ્યપ્રયત્ન દર્શાવતું કોષ્ઠક

આભ્યંતર પ્રયત્નો	સ્પૃષ્ટ-૧					ઈષત્-સ્પૃષ્ટ-૨	વિવૃત-૩			સંવૃત-૪
સંજ્ઞા	'સ્પર્શ'					'અંતઃસ્થ'	'ઊષ્માક્ષર'		'સ્વર'	
વર્ણો	क च ट त प	ख छ ठ थ फ	ग ज ड द ब	घ झ ढ ध भ	ङ ञ ण न म	य र ल व	श ष स	ह	अ इ उ ऋ ऌ ए ओ ऐ औ	ह्रस्व अ (प्रयोगमां)
	અલ્પ-પ્રાણ	મહા-પ્રાણ	અલ્પ-પ્રાણ	મહા-પ્રાણ	અલ્પપ્રાણ	અલ્પપ્રાણ	મહાપ્રાણ	મહાપ્રાણ		
બાહ્ય પ્રયત્નો	વિવાર શ્વાસ અઘોષ		સંવાર નાદ ઘોષ		સંવાર નાદ ઘોષ	સંવાર નાદ ઘોષ	વિવાર શ્વાસ અઘોષ	સંવાર નાદ ઘોષ	ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિત	

XI. 1 સ્વરસન્ધિ : એક સ્વરની સાથે બીજો સ્વર જોડાય છે, ત્યારે જે ધ્વનિવિકાર ઉત્પન્ન થાય છે તેને 'સ્વરસન્ધિ' કહે છે. આવા સ્વરસન્ધિઓ મુખ્યત્વે નીચે મુજબ છે :

૧. દીર્ઘ સન્ધિ

બે સવર્ણ સ્વરો (દા.ત. अ ની પાછળ अ, કે इ ની પાછળ इ વગેરે) પાસે પાસે આવે છે, ત્યારે તે બે સવર્ણ સ્વરોને બદલે તેમનો એક સવર્ણ દીર્ઘ સ્વર મૂકવામાં આવે છે. જેમકે-

अ + अ = आ	इ + इ = ई	उ + उ = ऊ
अ + आ = आ	इ + ई = ई	उ + ऊ = ऊ
आ + आ = आ	ई + ई = ई	ऊ + उ = ऊ
आ + अ = आ	ई + इ = ई	ऊ + ऊ = ऊ

(હ્રસ્વ કે દીર્ઘ) ऋ + (હ્રસ્વ કે દીર્ઘ) ऋ = દીર્ઘ ऋ

નીચેનાં ઉદાહરણો જુવો :

सुर + अरि = सुरारिः	गिरि + इन्द्रः = गिरीन्द्रः
हिम + आलयः = हिमालयः	क्षिति + ईशः = क्षितीशः
दया + अर्णवः = दयार्णवः	सुधी + ईशः = सुधीशः

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

विद्या + आलयः = विद्यालयः　　गुरु+ उपदेशः = गुरूपदेशः

पितृ + ऋणम् = पितॄणम्　　लघु + ऊर्मि = लघूर्मिः

वधू + उत्सवः = वधूत्सवः

૨. 'ગુણ' સન્ધિ

(अर्, ए અને ओ વર્ણોને ''ગુણ'' કહેવાય છે.)

अ + इ = ए	अ + उ = ओ	अ + ऋ= अर्
आ + इ = ए	आ + उ = ओ	आ + ऋ= अर्
आ + ई = ए	आ + ऊ = ओ	अ/आ + ऌ = अल्
अ + ई = ए	अ + ऊ = ओ	

નીચેનાં ઉદાહરણો જુવો :

उप + इन्द्रः = उपेन्द्रः　　हित + उपदेशः=हितोपदेशः

सुर + ईशः = सुरेशः　　गंगा + उदकम् = गंगोदकम्

रमा + ईशः = रमेशः　　रम्भा + ऊरुः = रम्भोरुः

तथा + इति = तथेति　　पीन + ऊरूः = पीनोरूः

देव + ऋषिः = देवर्षिः (= देव् + अर् + षि)

सप्त + ऋषिः = सप्तर्षिः　　तव + ऌकारः = तवल्कारः ।

महा + ऋषिः = महर्षिः

[કિટલાંક અનિયમિત ઉદાહરણો; કે જેમાં ઉપર્યુક્ત સામાન્ય નિયમથી 'ગુણ' થવો જોઈએ; પણ થતો નથી. દા.ત.

अक्ष + ऊहिनी = अक्षौहिणी (सेना)

स्व + ईरिणी = स्वैरिणी (स्त्री)

प्र + ऊढः = प्रौढः (पुरुषः)

सुखेन ऋतः → सुख + ऋतः = सुखार्तः (सुखर्तः નહીં.)]

૩. 'वृद्धि' સન્ધિ

(आ, आर्, ऐ અને औ વર્ણોને 'વૃદ્ધિ' કહેવાય છે.)

अ + ए = ऐ	अ + ओ = औ	अ + ऋ= आर्
आ + ए = ऐ	आ + ओ = औ	(અમુક સ્થળે જ)
अ + ऐ = ऐ	अ + औ = औ	
आ + ऐ = ऐ	आ + औ = औ	

નીચેનાં ઉદાહરણો જુવો :

अद्य + एव = अद्यैव　　तण्डुल + ओदनम् = तण्डुलौदनम्

देव + ऐश्वर्यम् = देवैश्वर्यम्　　महा + ओषधिः = महौषधिः

तथा + एव = तथैव　　गंगा + ओघः = गंगौघः ।

विद्या + ऐश्वर्यम् = विद्यैश्वर्यम्　　जीवन + औषधम् = जीवनौषधम्

अ કારાન્ત ઉપસર્ગની પાછળ, જો ऋकारादि ધાતુ (=ક્રિયાપદ) આવે તો 'ગુણ' થતો નથી, પણ 'વૃદ્ધિ' થાય છે :
प्र + ऋच्छति (→ प्र् + आर् + च्छति) = प्रार्च्छति ।

[નીચેનાં અનિયમિત ઉદાહરણોમાં, ઉપર્યુક્ત સામાન્ય નિયમથી 'વૃદ્ધિ સન્ધિ' થવો જોઈએ; પરંતુ 'વૃદ્ધિ' નહીં થતાં,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

'ગુણ' થાય છે :

स्थूल + ओतुः = स्थूलोतुः । (स्थूलौतुः નહીં.)

बिम्ब + ओष्ठः = बिम्बोष्ठः । (पक्वबिम्बाधरोष्ठी-મેઘદૂતમાં અહીં अधरौष्ठः થતું નથી.)

૪. यण् સન્ધિ (અથવા યણાદેશ સન્ધિ)

(૧) હ્રસ્વ इ કે દીર્ઘ ई ની પાછળ, इ કે ई સિવાયનો બીજો કોઈ પણ સ્વર આવે તો इ કે ई ના (સ્થાને=) બદલે य् થઈ જાય છે :

यदि + अपि→ यद्य् + अपि = यद्यपि ।

नदी + उदकम्→ नद्य् + उदकम् = नद्युदकम् ।

सुधी + उपास्यः → सुध्य् + उपास्यः = सुध्युपास्यः ।

इति + आह → इत्य् + आह = इत्याह ।

प्रति + एकम् → प्रत्य् + एकम् = प्रत्येकम् ।

(૨) હ્રસ્વ उ કે દીર્ઘ ऊ ની પાછળ, उ કે ऊ સિવાયનો બીજો કોઈ પણ સ્વર આવે તો उ કે ऊ ના (સ્થાને=) બદલે व् થઈ જાય છે :

अनु + अयः → अन्व् + अयः = अन्वयः

गुरु+ आदेशः → गुर्व् + आदेशः = गुर्वादेशः

वधू + आगमनम् → वध्व् + आगमनम् = वध्वागमनम्

शिशु + ऐक्यम् → शिश्व् + ऐक्यम् = शिश्वैक्यम्

(૩) હ્રસ્વ કે દીર્ઘ ऋની પાછળ, ऋકાર સિવાયનો બીજો કોઈ પણ સ્વર આવ્યો હોય તો તે ऋકારના (સ્થાને=) બદલે र् વ્યંજન થઈ જાય છે:

पितृ + उपदेशः → पितर् + उपदेशः = पित्रुपदेशः ।

मातृ + अनुमतिः → मांत्र् + अनुमतिः = मात्रनुमतिः ।

लृ + आकृतिः → ल् + आकृतिः = लाकृतिः ।

૫. अय्, आय्, अव्, आव् સન્ધિ

(પદની મધ્યમાં આવેલા) ए, ऐ, ओ અને औ ની પાછળ કોઈપણ બીજો સ્વર આવે તો-ત્યાં

ए ના	બદલે	अय्	ओ ના	બદલે	अव्
ऐ નાં	બદલે	आय्	औ ના	બદલે	आव्

થાય છે. દા.ત.

शे + अनम् → श् अय् + अनम् = शयनम्

ने + अनम् → न् अय् + अनम् = नयनम्

नै = अकः → न् आय् + अकः = नायकः

भो + अति → भ् अव् + अति = भवति

पौ + अकः → प् आव् + अकः = पावकः

પરંતુ, પદના અન્તે આવેલા ए, ऐ, ओ કે औ ની પાછળ (હ્રસ્વ अ સિવાયનો) બીજો કોઈપણ સ્વર આવેલો હોય તો-ન્તે ચાર સંયુક્તાક્ષર-સ્વરોના સ્થાનમાં અનુક્રમે अय्, आय्, अव् અને आव् થાયં છે; અને ત્યાર પછી તે अय्, अव् વગેરેના અંતિમ य् કાર व् કારનો વિકલ્પે (=ક્યારેક) લોપ થાય છે. દા.ત. मन्यते + आत्मानम् → मन्यत् अय् + आत्मानम् = मन्यतयात्मानम् । (य्नो

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લોપ ના થાય ત્યારે આમ થશે.) પરંતુ જ્યાં य् નો લોપ થશે ત્યાં मन्यत् अ० + आत्मानम् = मन्यत आत्मानम् । (य् નો લોપ ના થાય ત્યારે આમ થશે.) પરંતુ જ્યાં य् નો લોપ થશે ત્યાં मन्यत् अ० + आत्मानम् = मन्यत आत्मानम् । (હવે આગળ સન્ધિ થશે નહીં.)

अश्वौ + उत्पततः = अश्व् आव् + उत्पततः = अश्वावुत्पततः । અથવા

अश्व् आव् + उत्पततः → अश्व् आं० + उत्पततः, પછી अश्वा उत्पततः । હવે, જ્યાં य् કે व् નો લોપ થાય ત્યાં આગળ સન્ધિ થશે નહીં.

૬. પૂર્વરૂપ-સન્ધિ

નામપદ કે ક્રિયાપદના અન્તે ए કાર કે ओ કાર આવેલો હોય; અને તેની પાછળ હ્રસ્વ अ કાર આવેલો હોય તો, તે હ્રસ્વ अ કાર પૂર્વના ए કાર કે ओ કારમાં ભળી જાય છે (=પૂર્વે આવેલા ए કે ओ વર્ણ જેવો થઈ જાય છે; એટલે કે ''પૂર્વરૂપ'' થઈ જાય છે). તથા 'પૂર્વરૂપ' થઈ ગયેલા હ્રસ્વ अ કારને સૂચવવા ત્યાં ए કે ओ ની પાછળ પ્રાયઃ (અવગ્રહ)નું ચિહ્ન મૂકાય છે.

हे हरे + अवतु माम् → हे हरेऽवतु माम् ।	लोको + अयम् → लोकोऽयम्
वृक्षे + अस्मिन् → वृक्षेऽस्मिन् ।	शिवो + अहम् → शिवोऽहम्
बालो + अवदत् → बालोऽवदत्	

૭. પ્રકૃતિભાવ (=સન્ધિનો અભાવ)

દીર્ઘ ई કારાન્ત, દીર્ઘ ऊ કારાન્ત કે ए કારાન્ત હોય એવું ક્રિયાપદનું કે નામપદનું જે દ્વિવચનનું રૂપ હોય તેની પાછળ બીજો કોઈ પણ સ્વર આવે તો ત્યાં કોઈ જ પ્રકારનું ધ્વનિપરિવર્તન આવતું નથી. એટલે કે ત્યાં પરિસ્થિતિ જેમની તેમ રહે છે=પ્રકૃતિ-ભાવ જળવાઈ રહે છે (એટલે કે ત્યાં સન્ધિનો અભાવ જોવા મળે છે.) જેમકે,

मुनिः मुनी मुनयः । भानुः भानू भानवः । माला माले मालाः । लभते लभेते लभन्ते । વગેરેમાંથી દ્વિવચનનાં રૂપો લઈને-

मुनी + इमौ = मुनी इमौ ।	माले + इमे = माले इमे ।
भानू + एतौ = भानू एतौ ।	लभेते + इमौ = लभेते इमौ ।

એ જ પ્રમાણે, સંબોધનવાચક પદના અંતિમ સ્વરની પણ બીજા કોઈ સ્વર સાથે સન્ધિ થતી નથી (=ત્યાં પણ 'પ્રકૃતિ-ભાવ' રહે છે.) દા.ત.

हे कृष्णः ! अत्र आगच्छतु । એવા વાક્યમાં-

कृष्ण + अत्र → कृष्ण अत्र । (સન્ધિનો અભાવ.)

XI. 2 વ્યંજન સન્ધિ :

બે વ્યંજનો પાસે પાસે આવી જાય ત્યારે (એટલે કે બે વ્યંજનોની વચ્ચે એક પણ સ્વરવર્ણ ન આવેલો હોય ત્યારે) પણ એ વ્યંજનો એક-બીજા ઉપર પ્રભાવ પાડે છે અને પરિણામે અમુક પ્રકારનાં ધ્વનિ પરિવર્તન કરવામાં આવે છે. આવાં બે વ્યંજનોના જોડાવાથી જે ધ્વનિવિકાર (=ધ્વનિ પરિવર્તનો) કરવામાં આવે છે તેને 'વ્યંજન સન્ધિ' કહેવામાં આવે છે.

૮. તાલવ્યીકરણ

દન્ત્ય स् કાર અને દન્ત્ય त વર્ગના વર્ણની પહેલાં કે પછી જો તાલવ્ય श् કાર, કે તાલવ્ય च વર્ગનો કોઈ વર્ણ આવે તો-દન્ત્ય स् કારને, તાલવ્ય श् કાર થઈ જાય છે; તથા દન્ત્ય त વર્ગના વર્ણના સ્થાને તાલવ્ય च વર્ગનો વર્ણ થઈ જાય છે; (એટલે કે त् ને च्, द् ને ज्, न् ને ञ् અને स् ને श् થાય છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નીચેનાં ઉદાહરણો જુવો :

कस् + चित् → कश्चित् (= कश्चित्)
हरिस् + शेते → हरिश्शेते
सत् + चरितम् → सच्चरितम्
एतत् + जलम् → एतज्जलम्
उत् + चारणम् → उच्चारणम्
सद् + जनः → सज्जनः
हे शार्ङ्गिन् + जय → हे शार्ङ्गिञ्जय

૯. મૂર્ધન્યીકરણ

દન્ત્ય स् કાર કે દન્ત્ય त વર્ગના વર્ણની પહેલાં કે પછી જો મૂર્ધન્ય ष् કાર કે મૂર્ધન્ય ट વર્ગનો વર્ણ આવેલો હોય તો દન્ત્ય स् કારને મૂર્ધન્ય ष् કાર થાય છે; અને દન્ત્ય त વર્ગના વર્ણને બદલે મૂર્ધન્ય ट વર્ગનો વર્ણ થાય છે. (= त् ને द्, द् ને ड्, न् ને ण् અને स् ને ष्).

નીચેનાં ઉદાહરણો જુવો :

रामस् + षष्ठः →रामष्षष्ठः
रामस् + टीकते → रामष्टीकते
इष् + त → इष्टः
दुष् + त→ दुष्टः
तत् + टीका = तट्टीका
उद् + डीन = उड्डीनः
विष् + नुः = विष्णुः
कृष् + नः = कृष्णः

૧૦. ઘોષીકરણ

(૧) (અનુગામી પદનો આદિ વર્ણ કયો છે એ જોયા વિના) પદના અન્તે આવેલા દરેક વર્ગના પહેલા, બીજા, ત્રીજા અને ચોથા વ્યંજન વર્ણોને અને ઊષ્માક્ષરોને (અર્થાત્ દરેક વર્ગના પંચમ વર્ણો સિવાયના અને અન્તસ્થઃ વર્ણો સિવાયના) વર્ણોને પોતપોતાના વર્ગના તૃતીય વ્યંજન વર્ણમાં પરિવર્તિત કરવામાં આવે છે. જેમકે,

वाक् + ईशः = वागीशः
वाक् + हरिः = वाग्हरिः
अच् + अन्तः = अजन्त
षट् + एव = षडेव
चित् + आनन्दः = चिदानन्दः
जगत् + ईशः = जगदीशः
उत् + देश्यम् = उद्देश्यम्
सुप् + अन्तः = सुबन्तः

(૨) દરેક વર્ગના પાંચમા વ્યંજન વર્ણને અને અન્તઃવર્ણોને છોડીને બાકીના વ્યંજન વર્ણોની પાછળ જો કોઈ પણ વર્ગનો ત્રીજો કે ચોથો વ્યંજન વર્ણ આવેલો હોય તો, પૂર્વના વ્યંજનને જે તે વર્ગના તૃતીય વ્યંજન વર્ણમાં પરિવર્તિત કરવો. જેમકે.

दुघ् + धम् = दुग्धम्
(दह् + त→) दघ् + ध = दग्धः
बुध् + धिः = बुद्धिः
वृध् + धि = वृद्धिः
लभ् + धः = लब्धः
आरभ् + धम् = आरब्धम्

૧૧. અઘોષીકરણ

અનુનાસિક સિવાયના કોઈ પણ વ્યંજન પછી અઘોષ વ્યંજન (=દરેક વર્ગનો પહેલો અને બીજો વર્ણ) આવે તો, તે પૂર્વવર્તી વ્યંજનને બદલે એના જ વર્ગનો પહેલો અક્ષર મૂકવામાં આવે છે. દા.ત.,

ककुभ् + प्रान्तः = ककुप्प्रान्तः ।
दृशद् + पतति = दृशत्पतति ।

૧૨. દન્ત્ય વ્યંજન પછી દન્ત્ય અન્તઃસ્થ ल् આવ્યો હોય તો, તે પૂર્વવર્તી દન્ત્યનો ल् થઈ જાય છે. દા.ત.,

भगवत् + लीला = भगवल्लीला ।
तत् + लीनः = तल्लीनः ।

જો દન્ત્ય न् પછી ल् આવ્યો હોય તો અનુનાસિક દન્ત્ય न् ને બદલે અનુનાસિક लँ થાય છે.

अस्मिन् + लोके = अस्मिल्ँलोके ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

विद्वान् + लिखति = विद्वाल्ँ लिखति ।

उद् + लेखः = उल्लेखः ।

૧૩. र् (રેફ)ની પાછળ र् (રેફ) આવે તો પૂર્વવર્તી र् (રેફ)નો લોપ થાય છે; તથા એ લુપ્ત થતા રેફની પહેલાંનો (ऋ સિવાયનો) સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થઈ જાય છે. દા.ત.,

पुनर् + रमते→ पुन० + रमते = पुना रमते ।

शिशुर् + रोदिति = शिशू रोदिति ।

अन्तर् + राष्ट्रियः = अन्ताराष्ट्रियः ।

धूर्जटिः + रक्षति → धूर्जटिर् + रक्षति = धूर्जटी रक्षति ।

हरिर् + रम्यः = हरी रम्यः ।

૧૪. પદાન્ત न् કાર પછી च्, छ् કે त्, थ् આવેલા હોય તો તે न् ને બદલે અનુસ્વાર (ं) થાય છે; તથા च्, छ् ની પૂર્વે એક श् વર્ણ નવો ઉમેરાય છે; અને त्, थ् ની પૂર્વે એક स् વર્ણ નવો ઉમેરાય છે. દા.ત.,

कस्मिन् + चित् = कस्मिंश्चित् ।

बिडालान् + ताडयति = बिडालांस्ताडयति ।

तस्मिन् + तरौ = तस्मिंस्तरौ । चक्रिन् + त्रायस्व = चक्रिंस्त्रायस्व ।

चलन् + टिट्टिभः = चलंष्टिट्टिभः । पतन् + तरुः = पतंस्तरुः ।

૧૫. ह સિવાયના કોઈ પણ વ્યંજનની પાછળ જો ङ्, ञ्, ण्, न्, म् એ પાંચમાંનો કોઈપણ એક અનુનાસિક વર્ણ આવેલો હોય તો, પૂર્વવર્તી વ્યંજન વર્ણના બદલે, તે વ્યંજનવર્ણ જે વર્ગનો હોય તે વર્ગનો પંચમ અનુનાસિક વર્ણ મૂકવામાં આવે છે. જેમકે,

सद् + मतिः = सन्मतिः	दिक् + नागः = दिङ्नागः ।
तत् + न = तन्न	पद् + नगः = पन्नगः ।
एतद् + मुरारिः = एतन्मुरारिः	षट् + मुखः = षण्मुखः ।
वाक् + मयम् = वाङ्मयम्	तत् + मयम् = तन्मयम् ।

૧૬. त्, थ्, द्, ध् ની પાછળ તાલવ્ય श् કાર આવેલો હોય (અને તે श् ની પાછળ કોઈ સ્વર કે ह् य् र् वर्ण આવેલો હોય) તો-પૂર્વવર્તી त् વર્ગના વર્ણના સ્થાને च् એવો વ્યંજન થાય છે; અને श् ના સ્થાને छ् થાય છે.

श्रीमत् + शङ्कराचार्यः = श्रीमच्छङ्कराचार्यः ।	तत् + शिवः = तच्छिवः ।
सत् + शीलः = सच्छीलः	तत् + श्लोकेन = तच्छ्लोकेन
तत् + श्रुत्वाः = तच्छ्रुत्वा	

૧૭. પદના અન્તે આવેલા म् નો અનુસ્વાર (ं) થાય છે; જો તે म्ની પાછળ વ્યંજનથી શરૂ થતો કોઈ અન્ય શબ્દ આવેલો હોય તો દા.ત.,

अहम् हरिम् वन्दे = अहं हरिं वन्दे ।	धर्मम् चर = धर्मं चर ।
त्वम् कार्यम् कुरु= त्वं कार्यं कुरु।	सत्यम् वद = सत्यं वद ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરંતુ, જો પદાન્તીય म् ની પાછળ કોઈ સ્વર આવ્યો હોય તો, તે म् નો અનુસ્વાર થતો નથી (म् નો म् ચાલુ રહે છે). દા.ત., (श्रीहरिः) माम् अवतु = मामवतु ।

૧૮. (પદની મધ્યમાં આવેલા) અનુસ્વારની પાછળ श् ष् स् અને ह् જેવા ઊષ્માક્ષર સિવાયનો કોઈપણ વ્યંજન આવેલો હોય તો, અનુસ્વારને બદલે પરસવર્ણ અનુનાસિક વ્યંજન વપરાય છે. [એટલે કે-અનુસ્વારની પાછળ જે વર્ગનો વ્યંજન આવેલો હોય, તે વર્ગનો અનુનાસિક પંચમ વર્ણ અનુસ્વારને સ્થાને વપરાય છે.] દા.ત., कुंठितः → कुण्ठितः । (અહીં, અનુસ્વારની પાછળ ट વર્ગનો ठ् વર્ણ આવેલો છે. તેથી અનુસ્વારને બદલે, તે ट् વર્ગનો પંચમ વર્ણ=અનુનાસિક ण् વર્ણ વપરાયો છે.) એ જ રીતે-

अंचितः = अञ्चितः ।	हेमंत = हेमन्तः ।
पतंजलिः = पतञ्जलिः ।	गुंफितः = गुम्फितः ।
वृंदा = वृन्दा ।	पंचांगम् = पञ्चाङ्गम् ।
शंका = शङ्का ।	चंडिका = चण्डिका ।

જ્યાં પદના અન્તે આવેલા અનુસ્વારની પાછળ (ઉપર્યુક્ત) ઊષ્માક્ષર સિવાયનો વ્યંજનવર્ણ આવેલો હોય ત્યાં અનુસ્વારને સ્થાને વિકલ્પે પરસવર્ણ થાય છે.

त्वं करोमि → त्वङ्करोषि । અથવા त्वं करोषि ।

ग्रामं गच्छति → ग्रामञ्गच्छति । અથવા ग्रामं गच्छति ।

અનુસ્વારની પાછળ જ્યાં य् व् ल् અન્તસ્થઃ વ્યંજનો આવ્યાં હોય ત્યાં ક્યારેક અનુસ્વારને બદલે સાનુનાસિક यँ, वँ, लँ પણ વપરાય છે. જેમકે सं + यन्ता → सयँयन्ता । પરંતુ જ્યાં અનુસ્વારની પાછળ રેફ, ह, श, स, ष् વ્યંજનો આવ્યા હશે, ત્યાં અનુસ્વારનું શ્રવણ થશે જ. જેમ કે श्रेयांसि । प्रशंसा । વગેરે.

૧૯. હ્રસ્વ સ્વરની પાછળ ङ्, ण् કે न् આવેલા હોય, અને તેની પાછળ બીજો કોઈ સ્વર આવેલો હોય તો, તે ङ्, ण् અને न् ની પાછળ એક બીજો નવો ङ्, ण् અને न् વર્ણ ઉમેરાય છે. દા.ત.,

प्रत्यङ् + आत्मा । → प्रत्यङ् + ङ् + आत्मा = प्रत्यङ्ङात्मा

सुगण् + ईशः → सुगण् ण् + ईशः = सुगण्णीशः

सन् + अच्युतः → सन् न् + अच्युतः = सन्नच्युतः ।

कुर्वन् + एव → कुर्वन् न् + एव = कुर्वन्नेव ।

૨૦. હ્રસ્વ સ્વર કે દીર્ઘ સ્વરની પાછળ छ् વ્યંજન આવેલો હોય તો, તે બેની વચ્ચે એક च् વ્યંજન ઉમેરાય છે. દા.ત.,

स्व + छन्दः = स्वच्छन्दः ।	आ + छादयति = आच्छादयति ।
शिव + छाया = शिवच्छाया ।	लक्ष्मी + छाया = लक्ष्मीच्छाया ।
चे + छिद्यते = चेच्छिद्यते ।	

XI. 3 વિસર્ગ સન્ધિ :

નામને કે ધાતુને લાગતાં વિભક્તિ પ્રત્યયોમાં ઘણે સ્થળે છેલ્લે स् જોવા મળે છે. (જેમ કે अ કારાન્ત પુંલિંગ નામને લાગતા પ્રથમા વિભક્તિ એકવચનમાં राम् + स; દીર્ઘ अकारान्त, ऊ કારાન્ત સ્ત્રીલિંગ નામને લાગતા દ્વિતીયા બહુવચનમાં नदी + अस्, ચતુર્થી-પંચમી બહુવચનમાં राम + भ्यस् વગેરે. એવી જ રીતે वद् + आमस्, भव् + आमस् વગેરે.)

આવા પદાન્તે આવેલા स् નું ક્યારેક વિસર્ગ (:)માં, રેફમાં, ઓકારમાં અથવા स् કાર રૂપે શ્રવણ થાય છે; અથવા તે પદાન્ત स् કે (:) વિસર્ગનો ઘણે સ્થળે લોપ થતો પણ જોવા મળે છે. આથી આ स् અથવા વિસર્ગ સન્ધિવિષયક નિયમો વિગતે સમજવા પડે એમ છે :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૨૧. પદાન્તે આવેલા स् ની પાછળ કોઈ નવું પદ ન આવેલું હોય (એટલે પદના છેડે આવેલા स् પછી વાક્ય પૂર્ણ થઈ જતું હોય) તો તે स् નો વિસર્ગ થઈ જાય છે. દા.ત., ૧. (वयम् छात्राः) वदामः । भवामः । २. त्वम् अगच्छः ।

૨૨. પદાન્તે આવેલા स् ની પાછળ જો અઘોષ વ્યંજન (એટલે કે क, ख, प, फ જેવા પહેલા અને બીજા વર્ણો) આવેલા હોય તો પણ स् નો વિસર્ગ થઈ જાય છે. દા.ત.,

(૧) विघ्नैः पुनःपुनरपि प्रतिहन्यमानाः प्रारब्धमुत्तमगुणा न परित्यजन्ति ।

(२) सतां सद्भिः सङ्गः कथम् अपि हि पुण्येन भवति ।

(૩) एकातपत्रं जगतः प्रभुत्वं नवं वयः कान्तमिदं वपुश्च ।

(४) क्लेशः फलेन हि पुनर्नवतां विधत्ते ।

૨૩. વિસર્ગની પાછળ श, ष् કે स् જેવા અઘોષ ઊષ્માક્ષરો આવે તો-૧. વિસર્ગ ચાલુ રહે છે; ૨. અથવા, એ વિસર્ગને બદલે અનુક્રમે श, ष् કે स् મૂકાય છે. દા.ત.,

१. गृहिणी सचिवः सखा मिथः प्रियशिष्या ललिते कलाविधौ ।

२. नारायणः स्वपिति पन्नगभोगतल्पे ।

३. गुरुः साक्षात् परं ब्रह्म ।

४. ऋषयः + शाम्यन्ति = ऋषयः शाम्यन्ति । અથવા ऋषयश्शाम्यन्ति ।

૨૪. (પદાન્તીય) વિસર્ગની પૂર્વે अ હોય, તેમ જ એની પાછળ अ કે કોઈ ઘોષ વ્યંજન (=દરેક વર્ગનો ત્રીજો, ચોથો કે પાંચમો અને य्-व्-र्-न्-ह અન્તઃસ્થ વર્ણ) આવેલો હોય ત્યારે તે વિસર્ગનો ओ કાર થાય છે. દા.ત., ૧. सः + अहम् अस्मि । = सो अहम् = सोऽहमस्मि । २. नृपः + जयति । = नृपो जयति । ૩. [गुरुर्देवो महेश्वरः] देवः + महेश्वरः = देवो महेश्वरः ।

૨૫. વિસર્ગની પૂર્વે आ હોય અને તેની પાછળ સ્વર કે ઘોષ વ્યંજન (=દરેક વર્ગનો ત્રીજો, ચોથો અને પાંચમો વર્ણ; તથા य् व् र् ल् એવા અન્તઃસ્થો આવે તો વિસર્ગનો લોપ થાય છે. દા.ત.,

नराः + इमे = नरा इमे ।

देवाः + आगच्छन्ति = देवा आगच्छन्ति ।

स्वर्गस्थाः देवाः = स्वर्गस्था देवाः ।

૨૬. વિસર્ગની પૂર્વે હ્રસ્વ अ આવેલો હોય, અને તેની પાછળ હ્રસ્વ अ સિવાયનો કોઈ પણ (इ, उ, आ વગેરે) સ્વર આવ્યો હોય તો પણ વિસર્ગનો લોપ થાય છે. દા.ત.,

बुधः + इच्छति = बुध इच्छति ।

(तपः क्षमं साधयितुं) यः + इच्छति = य इच्छति ।

૨૭. स् અથવા વિસર્ગની પહેલાં अ કે आ સિવાયનો કોઈ પણ સ્વર હોય અને તેવા स् કે વિસર્ગની પાછળ સ્વર કે ઘોષ વ્યંજન આવેલો હોય તો તે (स् કે વિસર્ગ)નો र् (રેફ) થઈ જાય છે. દા.ત.,

नृपतिः + यजति = नृपतिर्यजति ।   स्रष्टुः आद्या = स्रष्टुराद्या

ऋषिः + व्यवस्यति = ऋषिर्व्यवस्यति ।

इन्दुः + मयूखैः = इन्दुर्मयूखैः (अग्निम् विसृजति) ।

स्तुतिः + गीयते = स्तुतिर्गीयते ।

૨૮. (क) વિસર્ગની પછી च् કે छ् આવે તો વિસર્ગનો श,

(ख) વિસર્ગની પછી त् કે थ् આવે તો વિસર્ગનો स,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ગ) વિસર્ગની પછી ટ કે ઠ આવે તો વિસર્ગનો ષ્ થઈ જાય છે. દા.ત.,

(क) हरिः + चरति = हरिश्चरति ।

(ख) रामः + तरति = रामस्तरति ।

(ग) रामः + टीकते = रामष्टीकते ।

૨૯. વાક્યમાં सः કે एषः એવા પ્રથમા વિભક્ત્યન્ત સર્વનામોની પાછળ જો કોઈ પણ વ્યંજન આવે તો, તે सः અને एषः ના વિસર્ગનો લોપ થાય છે.

દા.ત.

सः + पुरुषः = स पुरुषः ।

एषः + रुद्र = एष रुद्रः ॥

॥ इति शिवार्पणमस्तु ॥

॥ शुभं भूयात् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરિશિષ્ટ–૧

નામપદોની રૂપાવલી

(क) ૧. સ્વરાન્ત પુંલિંગ નામો :

હ્રસ્વ અકારાન્ત (પું) ૧. राम (દશરથપુત્ર)

	एकवचन	द्विवचन	बहुवचन
प्रथमा	रामः	रामौ	रामाः
द्वितीया	रामम्	रामौ	रामान्
तृतीया	रामेण	रामाभ्याम्	रामैः
चतुर्थी	रामाय	रामाभ्याम्	रामेभ्यः
पंचमी	रामात्	रामाभ्याम्	रामेभ्यः
षष्ठी	रामस्य	रामयोः	रामाणाम्
सप्तमी	रामे	रामयोः	रामेषु
संबोधन	हे राम	रामौ	रामाः ॥

હ્રસ્વ અકારાન્ત (પું) ૩. भवादृश (આપના જેવા)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	भवादृशः	भवादृशौ	भवादृशाः
द्वि.	भवादृशम्	भवादृशौ	भवादृशान्
तृ.	भवादृशेन	भवादृशाभ्याम्	भवादृशैः
च.	भवादृशाय	भवादृशाभ्याम्	भवादृशेभ्यः
पं.	भवादृशात्	भवादृशाभ्याम्	भवादृशेभ्यः
ष.	भवादृशस्य	भवादृशयोः	भवादृशानाम्
स.	भवादृशे	भवादृशयोः	भवादृशेषु
सं.	हे भवादृश	हे भवादृशौ	हे भवादृशाः

આ જ રીતે तादृश, मादृश, यादृश, एतादृश અકારાન્ત શબ્દોનાં રૂપો ચાલે છે. (આ જ અર્થમાં भवादृश् વગેરે શ્ કારાન્ત શબ્દો પણ છે.)

દીર્ઘ આકારાન્ત (પું) ૫. हाहा (એક ગન્ધર્વ નું નામ) રૂઢ (અવ્યુત્પન્ન નામ)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	हाहाः	हाहौ	हाहाः
द्वि.	हाहाम्	हाहौ	हाहान्
तृ.	हाहा	हाहाभ्याम्	हाहाभिः
च.	हाहै	हाहाभ्याम्	हाहाभ्यः
पं.	हाहाः	हाहाभ्याम्	हाहाभ्यः
ष.	हाहाः	हाहौः	हाहाम्
स.	हाहे	हाहौः	हाहासु
सं.	हे हाहाः	हाहौ	हाहाः

હ્રસ્વ અકારાન્ત (પું) ૨. देव (દેવ)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	देवः	देवौ	देवाः
द्वि.	देवम्	देवौ	देवान्
तृ.	देवेन	देवाभ्याम्	देवैः
च.	देवाय	देवाभ्याम्	देवेभ्यः
पं.	देवात्	देवाभ्याम्	देवेभ्यः
ष.	देवस्य	देवयोः	देवानाम्
स.	देवे	देवयोः	देवेषु
सं.	हे देव	देवौ	देवाः ॥

દીર્ઘ આકારાન્ત (પું) ૪. विश्वपा (વિશ્વનું રક્ષણ કરનાર)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	विश्वपाः	विश्वपौ	विश्वपाः
द्वि.	विश्वपाम्	विश्वपौ	विश्वपः
तृ.	विश्वपा	विश्वपाभ्याम्	विश्वपाभिः
च.	विश्वपे	विश्वपाभ्याम्	विश्वपाभ्यः
पं.	विश्वपः	विश्वपाभ्याम्	विश्वपाभ्यः
ष.	विश्वपः	विश्वपोः	विश्वपाम्
स.	विश्वपि	विश्वपोः	विश्वपासु
सं.	हे विश्वपाः	हे विश्वपौ	हे विश्वपाः

આવી રીતે शङ्खध्माः, धेनुपा, गोपा, सोमपा, धूमपा, बलदा, વગેરે આકારાન્ત ધાતુથી બનેલાં બીજાં પુંલિંગ નામોનાં રૂપો થાય છે.

હ્રસ્વ ઇકારાન્ત (પું) ૬. हरि (વિષ્ણુ, સિંહ, વાનર)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	हरिः	हरी	हरयः
द्वि.	हरिम्	हरी	हरीन्
तृ.	हरिणा	हरिभ्याम्	हरिभिः
च.	हरये	हरिभ्याम्	हरिभ्यः
पं.	हरेः	हरिभ्याम्	हरिभ्यः
ष.	हरेः	हर्योः	हरीणम्
स.	हरौ	हर्योः	हरिषु
सं.	हे हरे	हे हरी	हे हरयः

આવી રીતે मुनि, यति, ऋषि, विरञ्चि, विधि, निधि, समाधि, गिरि, अग्नि વગેરેનાં રૂપો થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હ્રસ્વ ઇકારાન્ત (પું) ૭. कवि (કવિ)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	कविः	कवी	कवयः
द्वि.	कविम्	कवी	कवीन्
तृ.	कविना	कविभ्याम्	कविभिः
च.	कवये	कविभ्याम्	कविभ्यः
पं.	कवेः	कविभ्याम्	कविभ्यः
ष.	कवेः	कव्योः	कवीनाम्
स.	कवौ	कव्योः	कविषु
सं.	हे कवे	कवी	कवयः

હ્રસ્વ ઇકારાન્ત (પું) ૮. पति (પતિ, સ્વામી)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	पतिः	पती	पतयः
द्वि.	पतिम्	पती	पतीन्
तृ.	पत्या	पतिभ्याम्	पतिभिः
च.	पत्ये	पतिभ्याम्	पतिभ्यः
पं.	पत्युः	पतिभ्याम्	पतिभ्यः
ष.	पत्युः	पत्योः	पतीनाम्
स.	पत्यौ	पत्योः	पतिषु
सं.	हे पते	हे पती	हे पतयः

पति શબ્દનાં રૂપો અનિયમિત છે (हरि, कवि કરતાં જુદાં છે તે નોંધો.)

હ્રસ્વ ઇકારાન્ત (પું) ૯. गणपति (ગણેશ)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	गणपतिः	गणपती	गणपतयः
द्वि.	गणपतिम्	गणपती	गणपतीन्
तृ.	गणपतिना	गणपतिभ्याम्	गणपतिभिः
च.	गणपतये	गणपतिभ्याम्	गणपतिभ्यः
पं.	गणपतेः	गणपतिभ्याम्	गणपतिभ्यः
ष.	गणपतेः	गणपत्योः	गणपतीनाम्
स.	गणपतौ	गणपत्योः	गणपतिषु
सं.	हे गणपते	हे गणपती	हे गणपतयः

આવી જ રીતે, જે સમાસના અંતે पति શબ્દ આવેલો હોય તેનાં રૂપો પણ થશે. જેમકે, नृपति, गजपति, धनपति, भूपति,. सीतापति, उमापति વગેરે.

હ્રસ્વ ઇકારાન્ત (પું) ૧૦. सखि (મિત્ર)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	सखा	सखायौ	सखायः
द्वि.	सखायम्	सखायौ	सखीन्
तृ.	सख्या	सखिभ्याम्	सखिभिः
च.	सख्ये	सखिभ्याम्	सखिभ्यः
पं	सख्युः	सखिभ्याम्	सखिभ्यः
ष.	सख्युः	सख्योः	सखीनाम्
स.	सख्यौ	सख्योः	सखिषु
सं.	हे सखे	हे सखायौ	हे सखायः

આ શબ્દનાં રૂપો પણ અનિયમિત છે. (कवि, हरि કરતાં જુદાં રૂપો છે, તે જુવો.)

દીર્ઘ ઈકારાન્ત (પું) ૧૧. प्रधी (ખૂબ ધ્યાન ધરનાર)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	प्रधीः	प्रध्यौ	प्रध्यः
द्वि.	प्रध्यम्	प्रध्यौ	प्रध्यः
तृ.	प्रध्या	प्रधीभ्याम्	प्रधीभिः
च.	प्रध्ये	प्रधीभ्याम्	प्रधीभ्यः
पं.	प्रध्यः	प्रधीभ्याम्	प्रधीभ्यः
ष.	प्रध्यः	प्रध्योः	प्रध्याम्
स.	प्रध्यि	प्रध्योः	प्रधीषुः
सं.	हे प्रधीः	हे प्रध्यौ	हे प्रध्यः

દીર્ઘ ઈકારાન્ત (પું) ૧૨. सुधी (વિદ્વાન્)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	सुधीः	सुधियौ	सुधियः
द्वि.	सुधियम्	सुधियौ	सुधियः
तृ.	सुधिया	सुधीभ्याम्	सुधीभिः
च.	सुधिये	सुधीभ्याम्	सुधीभ्यः
पं.	सुधियः	सुधीभ्याम्	सुधीभ्यः
ष.	सुधियः	सुधियोः	सुधियाम्
स.	सुधियि	सुधियोः	सुधीषु
सं.	हे सुधीः	हे सुधीयौ	हे सुधियः

આવી જ રીતે शुद्धधी, परमधीનાં રૂપો જાણવાં.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દીર્ઘ ईકારાન્ત (પું) ૧૩. सेनानी (સેનાનાયક)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	सेनानीः	सेनान्यौ	सेनान्यः
द्वि.	सेनान्यम्	सेनान्यौ	सेनान्यः
तृ.	सेनान्या	सेनानीभ्याम्	सेनानीभिः
च.	सेनान्ये	सेनानीभ्याम्	सेनानीभ्यः
पं.	सेनान्यः	सेनानीभ्याम्	सेनानीभ्यः
ष.	सेनान्यः	सेनान्योः	सेनान्याम्
स.	सेनान्याम्	सेनान्योः	सेनानीषु
सं.	हे सेनानीः	सेनान्यौ	सेनान्यः

આવી જ રીતે ग्रामणी (ग्रामं नयति) નાં રૂપો ચાલશે.

હ્રસ્વ ઉકારાન્ત (પું) ૧૫. भानु (સૂર્ય)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	भानुः	भानू	भानवः
द्वि.	भानुम्	भानू	भानून्
तृ.	भानुना	भानुभ्याम्	भानुभिः
च.	भानवे	भानुभ्याम्	भानुभ्यः
पं.	भानोः	भानुभ्याम्	भानुभ्यः
ष.	भानोः	भान्वोः	भानूनाम्
स.	भानौ	भान्वोः	भानुषु
सं.	हे भानो	भानू	भानवः

આવી જ રીતે शम्भु, वायु, विष्णु, सानु, शत्रु, रिपु, प्रभु, मृत्यु વગેરેનાં રૂપો થાય છે.

હ્રસ્વ ઉકારાન્ત (પું) ૧૭. क्रोष्टु (શિયાળ)

प्र.	क्रोष्टा	क्रोष्टारौ	क्रोष्टारः
द्वि.	क्रोष्टारम्	,,	क्रोष्टून्
तृ.	क्रोष्ट्रा-क्रोष्टुना	क्रोष्टुभ्याम्	क्रोष्टुभिः
च.	क्राष्ट्रे-क्रोष्टवे	,,	क्रोष्टुभ्यः
पं.	क्रोष्टुः-क्रोष्टोः	,,	,,
ष.	क्रोष्टुः-क्रोष्टोः	क्रोष्ट्रोः-क्रोष्ट्वोः	क्रोष्टूनाम्
स.	क्रोष्टरि-क्रोष्टौ	,, ,,	क्रोष्टुषु
सं.	हे क्रोष्टा	क्रोष्टारौ	क्रोष्टारः

હ્રસ્વ ઉકારાન્ત (પું) ૧૪. गुरु (શિક્ષક, વડીલ)

	एकवचन	द्विवचन	बहुवचन
प्र.	गुरुः	गुरू	गुरवः
द्वि.	गुरुम्	गुरू	गुरून्
तृ.	गुरुणा	गुरुभ्याम्	गुरुभिः
च.	गुरवे	गुरुभ्याम्	गुरुभ्यः
पं.	गुरोः	गुरुभ्याम्	गुरुभ्यः
दा ૧ પ.	दत्त	यच्छत्	दातव्य, दानीय, देय
दिव् ૪ પ	द्यूत, द्यून	दीव्यत्	देवितव्य, देव्य
दीप् ૪ આ	दीप्त	दीप्यमान	दीपितव्य, दीप्य
आ+ दृ ૬ આ	आदृत	आद्रियमाण	आदर्तव्य, आदरणीय

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧	કર્મણિ ભૂ. કૃ.	કર્તરિ ભૂ. કૃ.	વિધ્યર્થ કૃદન્ત
दृप् ૪ ૫.	दृप्त	दृप्यत्	दर्पितव्य, दृप्य
दृश् ૧ ૫.	दृष्ट	पश्यत्	द्रष्टव्य, दर्शनीय, दृश्य
द्युत् ૧આ	द्युतित, द्योतित	द्योतमान	द्योतितव्य, द्योतनीय
द्रु ૧ ૫.	द्रुत	द्रवत्	द्रोतव्य, द्रवणीय, द्रव्य
द्रुह ૪ ૫.	द्रुग्ध	द्रुह्यत्	द्रोहितव्य, द्रोहणीय, द्रोह्य
धाव् ૧ ૫.	धावित	धावत्	धावितव्य, धावनीय, धाव्य
धृ ૬ આ	धृत	ध्रियमाण	धर्तव्य, धार्य
धृ ૧ ૫.	धृत	धरत्	धर्तव्य, धरणीय, धार्य
धृ ૧૦ ઉ.	धारित	धारयत्, धारयमाण	धारयितव्य, धारणीय, धार्य
धृष् ૧ ૫.	धर्षित	धर्षत्	धर्षितव्य
ध्मा ૧ ૫.	ध्मात	धमत्	ध्मातव्य
ध्यै ૧ ૫.	ध्यात	ध्यायत्	ध्यातव्य, ध्येय
ध्वंस् ૧ આ	ध्वस्त	ध्वंसमान	ध्वंसितव्य, ध्वंसनीय
ध्वन् ૧ ૫.	ध्वनित	ध्वनत्	ध्वनितव्य
नट् ૧૦ ૫.	नाटित	नाटयत	नाटयितव्य, नाटनीय, नाट्य
नद् ૧ ૫.	नदित	नदत्	नदितव्य, नदनीय, नाद्य
नन्द ૧ ૫.	नन्दित	नन्दत	नन्दितव्य, नन्दनीय नन्द्य
नम् ૧ ૫.	नत	नमत्	नन्तव्य, नमनीय, नम्य
नश् ૪ ૫.	नष्ट	नश्यत्	नशितव्य-नष्टव्य, नाश्य
निन्द ૧ ૫.	निन्दित	निन्दत्	निन्दितव्य, निन्दनीय, निन्द्य
नी ૧ ઉ.	नीत	नयत्, नयमान	नेतव्य, नयनीयं, नेय
नुद् ૬ ઉ.	नुत्त, नुन्न	नुदत्, नुदमान	नोत्तव्य, नोद्य
नृत् ૪ ૫.	नृत्त	नृत्यत्	नर्तितव्य, नर्तनीय, नर्त्य
पच् ૧ ૫.	पक्व	पचत्	पक्तव्य, पचनीय
पठ् ૧ ૫.	पठित	पठत्	पठितव्य, पठनीय, पाठ्य
पत् ૧ ૫.	पतित	पतत्	पतितव्य, पतनीय, पात्य
पद् ૪ આ	पन्न	पद्यमान	पत्तव्य, पाद्य
पा ૧ ૫.	पीत	पिबत्	पातव्य, पानीय, पेय
पार् ૧૦ ૫.	पारित	पारयत्	पारयितव्य, पारणीय, पार्य
पाल् ૧૦ ૫.	पालित	पालयत्	पालयितव्य, पालनीय, पाल्य
पीड् ૧૦ ઉ.	पीडित	पीडयत्, पीडयमान	पीडयितव्य, पीडनीय, पीड्य
पुष् ૪ ૫.	पुष्ट	पुष्यत्	पोष्टव्य, पोषनीय, पोष्य
पूज् ૧૦ ઉ.	पूजित	पूजयत्, पूजयमान	पूजयितव्य, पूजनीय, पूज्य
पूर् ૧૦ ઉ.	पूरित	पूरयत्	पूरयितव्य, पूरणीय, पूर्य
वि+ आ+ पृ ૬ આ	व्यापृत	व्याप्रियमाण	व्यापर्तव्य
प्रच्छ् ૬ ૫.	पृष्ट	पृच्छत्	पृष्टव्य, प्रच्छनीय
प्रथ् ૧ આ	प्रथित	प्रथमान	प्रथितव्य, प्रथनीय, प्रथ्य
प्री ૧૦ ઉ.	प्रीणित	प्रीणयत्, प्रीणयमान	प्रीणयितव्य, प्रीणनीय, प्रीप्य

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧	કર્મણિ ભૂ. કૃ.	કર્તરિ ભૂ. કૃ.	વિધ્યર્થ કૃદન્ત
प्लु १ આ	प्लुत	प्लवमान	प्लोतव्य, प्लाव्य
फल् १ પ.	फलित, फुल्ल	फलत्	फलितव्य, फलनीय, फल्य
बाध् १ આ	बाधित	बाधमान	बाधितव्य, बाध्य
बुध् १ ઉ.	बुधित	बोधत्, बोधमान	बोधितव्य, बोधनीय, बोध्य
बुध् ४ આ.	बुद्ध	बुध्यमान	बोद्धव्य, बोध्य
भक्ष् १० ઉ.	भक्षित	भक्षयत्, भक्षयमाण	भक्षयितव्य, भक्षणीय, भक्ष्य
भज् १ ઉ.	भक्त	भजत् भजमान	भक्तव्य, भजनीय, भाज्य-भाग्य
भण् १ પ.	भणित	भणत्	भणितव्य
भर्त्स १० આ.	भर्त्सित	भर्त्सयमान	भर्त्सयितव्य, भर्त्स्य
भाष् १ આ.	भाषित	भाषमाण	भाषितव्य, भाष्य
भिक्ष् १ આ.	भिक्षित	भिक्षमाण	भिक्षितव्य, भिक्ष्य
भू १ પ.	भूत	भवत्	भवितव्य, भवनीय, भव्य
भूष् १० ઉ.	भूषित	भूषयत्, भूषयमाण	भूषयितव्य, भूषणीय, भूष्य
भृ. १ પ.	भृत	भरत्	भर्तव्य, भरणीय, भृत्य
भ्रम् ४ પ.	भ्रान्त	भ्राम्यत्	भ्रमितव्य, भ्रमणीय, भ्रम्य
भ्रम् ४ પ.	भ्रान्त	भ्राम्यत्	भ्रमितव्य, भ्रमणीय, भ्रम्य
भ्रम् १ પ.	भ्रान्त	भ्रमत्	भ्रमितव्य, भ्रमणीय, भ्रम्य
भ्रंश् ४ પ.	भ्रष्ट	भ्रश्यत्	भ्रंशितव्य, भ्रंश्य
मण्ड् १० પ.	मण्डित	मण्डयत्	मण्डयितव्य
मथ् १ પ.	मथित	मथत्	मथितव्य
प्र+मद् ४ પ	प्रमत्त	प्रमाद्यत्	प्रमदितव्य, प्रमाद्य
मन् ४ આ.	मत	मन्यमान	मन्तव्य, मननीय, मान्य
मन्त्र १० આ.	मन्त्रित	मन्त्रयमाण	मन्त्रयितव्य, मन्त्रणीय, मन्त्रय
मन्थ १ પ.	मथित	मन्थत्	मन्थितव्य, मन्थ्य
मस्ज् ६ પ	मग्न	मज्जत्	मङ्क्तव्य, मज्जय
मान् १० પ.	मानित	मानयत्	मानयितव्य, माननीय, मान्य
मार्ग १० ઉ.	मार्गित	मार्गयत् मार्गयमाण	मार्गयितव्य, मार्गणीय, मार्ग्य
म्लि ६ પ.	मिलित	मिलत	मेलितव्य, मेल्य
मल् १ પ.	मीलित	मीलत्	मीलितव्य, मील्य
मुच् ६ ઉ.	मुक्त	मुञ्चत् मुञ्चमान	मोक्तव्य, मोचनीय, मोच्य
मुद् १ આ.	मुदित	मोदमान	मोदितव्य, मोदनीय, मोद्य
मुर्च्छ् १ પ.	मूर्च्छित	मूर्च्छत्	मुर्च्छितव्य, मूर्च्छनीय
मुह् ४ પ.	मुग्ध, मूढ	मुह्यत्	मोहितव्य, मोहनीय, मोह्य
मृ ६ આ.	मृत	म्रियमाण	मर्तव्य, मरणीय, मार्य
मृग् १० આ.	मृगित	मृगयमाण	मृगयितव्य, मृग्य
मृज् १ પ.	मृष्ट	मार्जत्	मार्जितव्य
वि+मृश ६ પ.	विमृष्ट	विमृशत्	विमर्ष्टव्य, विमृश्य
मृष् १०	मर्षित	मर्ष्यत्	मर्षयितव्य
यज् १ ઉ.	इष्ट	यजत् यजमान	यष्टव्य, यजनीय, याज्य

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧	કર્મણિ ભૂ. કૃ.	કર્તરિ ભૂ. કૃ.	વિધ્યર્થ કૃદન્ત
यत् ૧ આ.	यत्त	यतमान	यतितव्य, यतनीय
नि+यन्त्र् ૧૦ ઉ.	नियन्त्रित	नियन्त्रयत् नियन्त्रयमाण	नियन्त्रयितव्य, नियन्त्र्य
याच् ૧ આ.	याचित	याचमान	याचितव्य, याचनीय
युज् ૪ આ.	युक्त	युज्यमान	योक्तव्य, योज्य-योग्य
युध् ૪આ.	युद्ध	युध्यमान	योद्धव्य, योधनीय, योध्य
रक्ष् ૧ પ.	रक्षित	रक्षत्	रक्षितव्य, रक्षणीय, रक्ष्य
रच् ૧૦ પ.	रचित	रचयत्	रचयितव्य, रचनीय
प्र+रभ् ૧ આ.	प्रारब्ध	प्रारभमाण	प्रारब्धव्य, प्रारभणीय
रम् ૧ આ.	रत	रममाण	रन्तव्य, रमणीय, रम्य
वि+राज् ૧ ઉ.	विराजित	विराजत् विराजमान	विराजितव्य, विराजनीय, विराज्य
रुच् ૧ આ.	रोचित	रोचमान	रोचितव्य, रोचनीय
रुध् ૪ આ.	रुद्ध	रुध्यमान	रोद्धव्य, रोधनीय, रोध्य
रुह् ૧ પ.	रूढ	रोहत्	रोढव्य, रोहणीय, रुह्य
लक्ष् ૧૦ પ.	लक्षित	लक्षयत्	लक्षयितव्य, लक्षणीय, लक्ष्य
लङ्घ् ૧ આ.	लङ्घित	लङ्घमान	लङ्घितव्य, लङ्घनीय, लङ्घ्य
प्र+लप् ૧ પ.	प्रलपित	प्रलपत्	प्रलपितव्य, प्रलाप्य
लभ् ૧ આ.	लब्ध	लभमान	लब्धव्य, लभनीय, लभ्य
लम्ब् ૧ આ.	लम्बित	लम्बमान	लम्बितव्य, लम्बनीय, लम्ब्य
अभि+लष् ૧૫.	अभिलषित	अभिलषत्	अभिलषितव्य, अभिलषणीय
वि+लस् ૧ પ.	विलसित	विलसत्	विलसितव्य
लिख् ૬ પ.	लिखित	लिखत्	लेखितव्य, लेख्य
आ+लिंग् ૧પ.	आलिंगित	आलिंगत्	आलिंगितव्य
लिप् ૬ પ.	लिप्त	लिम्पत्	लेप्तव्य, लेप्य
लुभ् ૪ પ.	लुब्ध	लुभ्यत्	लोभितव्य, लोभनीय, लोभ्य
लोक् ૧ આ.	लोकित	लोकमान	लोकितव्य, लोकनीय
वच् ૧૦ પ.	वाचित	वाचयत्	वाचयितव्य, वाचनीय
वद् ૧ પ.	उदित	वदत्	वदितव्य, वदनीय, वाद्य
वन्द ૧ આ.	वन्दित	वन्दमान	वन्दितव्य, वन्दनीय, वन्द्य
वप् ૧ ઉ.	उप्त	वपत् वपमान	वप्तव्य, वाप्य
वर् ૧૦ ઉ.	वरित	वरयत् वरयमाण	वरयितव्य, वरणीय, वर्य
वर्ण् ૧૦ પ.	वर्णित	वर्णयत्	वर्णयितव्य, वर्णनीय वर्ण्य
वस् ૧ પ.	उषित	वसत्	वस्तव्य, वसनीय, वास्य
वह् ૧ ઉ.	ऊढ	वहत् वहमान	वोढव्य, वहनीय, वाह्य
वाच्छ् ૧ પ.	वाञ्छित	वाञ्छत्	वाञ्छितव्य, वाञ्छनीय
विद् ૪ આ.	विन्न	विद्यमान	वेत्तव्य, वेदनीय, वेद्य
विद् ૬ ઉ.	वित्त, विन्न	विन्दत् विन्दमान	वेत्तव्य वेदितव्य, वेदनीय, वेद्य
प्र+विश् ૬ પ.	प्रविष्ट	प्रविशत्	प्रवेष्टव्य, प्रवेशनीय
वीज् ૧૦ પ.	वीजित	वीजयत्	वीजयितव्य
वृत् ૧ આ.	वृत्त	वर्तमान	वर्तितव्य वर्तनीय, वृत्य

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧	કર્મણિ ભૂ. કૃ.	કર્તરિ ભૂ. કૃ.	વિધ્યર્થ કૃદન્ત
वृध् १ આ.	वृद्ध	वर्धमान	वर्धितव्य, वर्धनीय, वृध्य
वृष् १ ૫.	वृष्ट	वर्षत्	वर्षितव्य, वर्षणीय, वृष्य
व्यथ् १ આ.	व्यथमान	व्यथित	व्यथितव्य
व्रीड ४ ૫.	व्रीडित	व्रीड्यत्	व्रीडितव्य
शङ्क १ આ.	शङ्कित	शङ्कमान	शङ्कितव्य, शङ्कनीय
शप् १ ઉ.	शप्त	शपत् शपमान	शप्तव्य, शप्य
शंस् १ ૫.	शस्त	शंसत्	शंसितव्य, शंसनीय, शंस्य, शस्य
शम् ४ ૫.	शान्त	शाम्यत्	शमितव्य, शमनीय, शम
शिक्ष् १ આ.	शिक्षित	शिक्षमाण	शिक्षितव्य, शिक्षणीय, शिक्ष्य
शुच् १ ૫.	शुचित, शोचित	शोचत्	शोचितव्य, शोचनीय, शोच्य
शुध् ४ ૫.	शुद्ध	शुध्यत्	शोद्धव्य, शोधनीय, शोध्य
शुभ् १ આ.	शोभित, शुभित	शोभनाम	शोभितव्य, शोभनीय, शोभ्य
शुष् ४ ૫.	शुष्क	शुष्यत्	शोष्टव्य, शोषणीय, शोष्य
श्रम् ४ ૫.	श्रान्त	श्राम्यत्	श्रमितव्य, श्रमणीय, श्रम्य
श्रि १ ઉ.	श्रित	श्रयत् श्रयमाण	श्रयितव्य, श्रयणीय, श्रेय
श्लाघ् १ આ.	श्लाघित	श्लाघमान	श्लाघितव्य, श्लाघनीय, श्लाघ्य
सह् १ આ.	सोढ	सहमान	सहितव्य-सोढव्य, सहनीय
सिच् ६ ઉ.	सिक्त	सिञ्चत् सिञ्चमान	सेक्तव्य, सेचनीय
सिध् ४ ૫.	सिद्ध	सिध्यत्	सेद्धव्य, सेध्य
सूच् १० ૫.	सूचित	सूचयत्	सूचयितव्य, सूच्य
सूद् १० ઉ.	सूदित	सूदयत् सूदयमान	सूदयितव्य
सृ १ ૫.	सृत	सरत्	सर्तव्य, सरणीय, सार्य
सृज् ६ ૫.	सृष्ट	सृजत्	स्रष्टव्य, सर्जनीय, सृज्य
सृप् १ ૫.	सृप्त	सर्पत्	सर्प्तव्य, सर्पणीय
सेव् १ આ.	सेवित	सेवमान	सेवितव्य, सेवनीय, सेव्य.
स्खल् १ ૫.	स्खलित	स्खलत्	स्खलितव्य
स्था १ ૫.	स्थित	तिष्ठत्	स्थातव्य, स्थानीय, स्थेय
स्निह् ४ ૫.	स्निग्ध	स्निह्यत्	स्नेहितव्य, स्नेहनीय, स्निह्य
स्पन्द १ આ.	स्पन्दित	स्पन्दमान	स्पन्दितव्य
स्पर्ध् १આ.	स्पर्धित	स्पर्धमान	स्पर्धितव्य, स्पर्धनीय, स्पर्ध्य
स्पृश् ६ ૫.	स्पृष्ट	स्पृशत्	स्पष्टव्य-स्पर्ष्टव्य, स्पृश्य
स्पृह्, १० ઉ.	स्पृहित	स्पृहयत् स्पृहयमाण	स्पृहयितव्य, स्पृहणीय, स्पृह्य
स्फुट् ६ ૫.	स्फुटित	स्फुटत्	स्फुटितव्य
स्मृ १ ૫.	स्मृत	स्मरत्	स्मर्तव्य, स्मरणीय, स्मार्य
स्यन्द १ આ.	स्यन्दित	स्यन्दमान	स्यन्दितव्य, स्यन्द्य
स्रंस् १ આ.	स्रस्त	स्रंसमान	स्रंसितव्य, स्रंसनीय, स्रंस्य
स्वाद् १ ૫.	स्वादित	स्वादमान	स्वादितव्य, स्वादनीय, स्वाद्य
हस् १ આ.	हसित	हसत्	हसितव्य, हसनीय, हास्य
हृ १ ઉ.	हृत	हरत् हरमान	हर्तव्य, हरणीय, हार्य
हृष् ४ ૫.	हृष्ट	हृष्यत्	हर्षितव्य, हृष्य
ह्वे १ ઉ.	हूत	ह्वयत्, ह्वयमान	ह्वातितव्य, ह्वयनीय, ह्वेय

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરિશિષ્ટ ૩ (ख)

(त्वा) સંબંધક ભૂતકૃદન્ત અને (तुम्) હેત્વર્થક કૃદન્ત

ધાતુ	સંબંધક ભૂત કૃદન્ત (त्वान्त અને ल्यबन्त)	હેત્વર્થ કૃદન્ત (तुमन्त)
अट् ૧ ૫.	अटित्वा	अटितुम्
अय् ૧ આ.	अयित्वा पलाय्य	अयितुम्
अर्च् ૧ ૫.	अर्चित्वा	अर्चितुम्
अर्ज् ૧ ૫.	अर्जित्वा	अर्जितुम्
अर्ज् ૧૦ઉ.	अर्जयित्वा	अर्जयितुम्
अर्थ् ૧૦ આ.	अर्थयित्वा प्रार्थ्य	अर्थयितुम्
अर्ह् ૧ ૫.	अर्हित्वा	अर्हितुम्
अव् ૧૫.	अवित्वा	अवितुम्
अव+धीर् ૧૦ઉ.	अवधीर्य	अवधारयितुम्
अस् ૨ ૫.	भूत्वा	भवितुम्
अस् ૪૫.	असित्वा प्रास्य	असितुम्
इ. ૧૫.	इत्वा	एतुम्
इष् ૪ ૫.	एषित्वा अन्विष्य	एषितुम्
इष् ૬ ૫.	इषित्वा, इष्ट्वा	एषितुम्, एष्टुम्
ई ૪આ.	ईत्वा	एतुम्
ईक्ष् ૧આ.	ईक्षित्वा परीक्ष्य	ईक्षितुम्
ईर् ૧૦ઉ.	ईरयित्वा	ईरयितुम्
ईह् ૧આ.	ईहित्वा	ईहितुम्
ऋ ૧૫.	ऋत्वा समृत्य	अर्तुम्
सम्+ऋध् ૪ ૫.	समृध्य	सर्मधितुम्
एध् ૧આ.	एधित्वा	एधितुम्
कथ् ૧૦૫.	कथयित्वा	कथयितुम्
कम् ૧૫.	कामयित्वा	कामयितुम्
आ+कर्ण् ૧૦ ઉ.	आकर्ण्य	आकर्णयितुम्
कल् ૧૦ ઉ.	कलयित्वा	कलयितुम्
काङ्क्ष् ૧૫.	काङ्क्षित्वा	काङ्क्षितुम्
काश् ૧આ.	काशित्वा प्रकाश्य	काशितुम्
कुप् ૪ ૫.	कुपित्वा, कोपित्वा	कोपितुम्
कूज् ૧૫.	कूजित्वा	कूजितुम्
कृत् ૬ ૫.	कर्तित्वा उत्कृत्य	कर्तितुम्
कृष् ૧૫.	कृष्ट्वा	कर्ष्टुम्
અને ૬ ૫.	आकृष्य	क्रष्टुम्
कॄ ૬ ૫.	करित्वा करीत्वा विकीर्य	करितुम् करीतुम्
क्लृप् ૧આ.	कल्पित्वा, क्लृप्त्वा प्रकल्प्य	कल्पितुम् कल्प्तुम्
कृत् ૧૦ઉ.	कीर्तयित्वा सङ्कीर्त्य	कीर्तयितुम्
क्रन्द् ૬ ૫.	क्रन्दित्वा आक्रन्द्य	क्रन्दितुम्
क्रम् ૧૫.	क्रमित्वा, क्रान्त्वा	क्रमितुम्
અને ૪૫.	सङ्क्रम्य	
क्रीड् ૧૫.	क्रीडित्वा	क्रीडितुम्
क्रुध् ૪૫.	क्रुद्ध्वा सङ्क्रुध्य	क्रोद्धुम्
क्रुश् ૧આ.	क्रुष्ट्वा	क्रोष्टुम्
क्लिद् ૪ ૫.	क्लेदित्वा	क्लेदितुम्
क्वण् ૧૫.	क्वणित्वा	क्वणितुम्
क्षप् ૧૦૫.	क्षपयित्वा	क्षपयितुम्
क्षम् ૧આ.	क्षमित्वा,	क्षमितुम्
અને ૪૫.	क्षान्त्वा	क्षन्तुम्
क्षर् ૧આ.	क्षरित्वा	क्षरितुम्
क्षल् ૧૦ઉ.	क्षालयित्वा प्रक्षाल्य	क्षालयितुम्
क्षिप् ૬ ૫.	क्षिप्त्वा प्रक्षिप्य	क्षेप्तुम्
क्षुभ् ૪ ૫.	क्षुभित्वा, क्षोभित्वा	क्षोभितुम्
क्षै ૧ ૫.	क्षात्वा	क्षातुम्
खन् ૧૫.	खनित्वा निखन्य	खनितुम्
खाद् ૧૫.	खादित्वा	खादितुम्
गण् ૧ઉ.	गणयित्वा विगणय्य	गणयितुम्
गद् ૧ ૫.	गदित्वा	गदितुम्
गम् ૧ ૫.	गत्वा आगम्य	गन्तुम्
गर्ज् ૧ ૫.	गर्जित्वा	गर्जितुम्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ધાતુ	સંબંધક ભૂત કૃદન્ત (त्वान्त અને ल्यबन्त)	હેત્વર્થ કૃદન્ત (तुमन्त)
गर्ह् १ ૫.	गर्हित्वा	गर्हितुम्
गर्ह् १० ઉ.	गर्हयित्वा	गर्हयितुम्
गल् १ ૫	गलित्वा	गलितुम्
गाह् १ ૫.	गाहित्वा अवगाह्य	गाहितुम्
गुञ्ज् १ ૫.	गुञ्जित्वा	गुञ्जितुम्
गुप् १५.	गोपायित्वा गोपित्वा गुप्त्वा सङ्गुप्य	गोपायितुम् गोपितुम् गोप्तुम्
गुम्फ् ६ ५	गुम्फित्वा	गुम्फितुम्
गुह् १ ઉ.	गूढ्वा उपगुह्य	गोढुम्
गृध् १ ૫. ४ ૫.	गर्धित्वा, गृद्ध्वा	गर्धितुम्
गै १५.	गीत्वा प्रगाय	गातुम्
ग्रस् १ આ.	ग्रसित्वा, ग्रस्त्वा सङ्ग्रस्य	ग्रसितुम्
ग्रस् १० ઉ.	ग्रासयित्वा	ग्रासयितुम्
ग्रह्	गृहीत्वा	ग्रहितुम्
घट् १ આ.	घटित्वा	घटितुम्
घट् १० ઉ.	घाटयित्वा उद्घाट्य	घाटयितुम्
घुष् १० ઉ.	घोषयित्वा उद्घोष्य	घोषयितुम्
घृष् १ ૫.	घर्षित्वा, घृष्ट्वा सङ्घृष्य	घर्षितुम्
घ्रा १ ૫.	घ्रात्वा आघ्राय	घ्रातुम्
चम् १ ૫.	चमित्वा, चान्त्वा आचम्य	चमितुम्
चर् १ ૫.	चरित्वा	चरितुम्
चर्व् १० ઉ.	चर्वयित्वा	चर्वयितुम्
चल् १ ૫.	चलित्वा	चलितुम्
चिन्त् १० ઉ.	चिन्तयित्वा सञ्चिन्त्य	चिन्तयितुम्
चुद् १० ઉ.	चोदयित्वा	चोदयितुम्
चुम्ब् १ ૫.	चुम्बित्वा परिचुम्ब्य	चुम्बितुम्
चुर् १० ઉ.	चोरयित्वा सञ्चोर्य	चोरयितुम्
च्यु १ આ.	च्युत्वा प्रच्युत्य	च्योतुम्
छद् १ ૫.	छदित्वा आच्छद्य	छदितुम्
छद् १० ઉ.	छादयित्वा आच्छाद्य	छादयितुम्

ધાતુ	સંબંધક ભૂત કૃદન્ત (त्वान्त અને ल्यबन्त)	હેત્વર્થ કૃદન્ત (तुमन्त)
जन् १ આ.	जनित्वा सञ्जाय	जनितुम्
जप् १ ૫.	जपित्वा	जपितुम्
जल्प् १ ૫.	जल्पित्वा	जल्पितुम्
जि १ ૫.	जित्वा विजित्य	जेतुम्
जीव् १ ૫.	जीवित्वा	जीवितुम्
ज्वल् १ ૫.	ज्वलित्वा प्रज्वल्य	ज्वलितुम्
डी १ આ.	डयित्वा उड्डीय	डयितुम्
तड् १० ઉ.	ताडयित्वा प्रताडय	ताडयितुम्
तप् १ ૫.	तप्त्वा सन्तप्य	तप्तुम्
तर्क् १० ઉ.	तर्कयित्वा वितर्क्य	तर्कयितुम्
तर्ज् १ ૫.	तर्जित्वा सन्तर्ज्य	तर्जितुम्
तर्ज् १० આ.	तर्जयित्वा	तर्जयितुम्
तुद् ६ ઉ.	तुत्त्वा प्रतुद्य	तोत्तुम्
तुल् १० ઉ.	तोलयित्वा	तोलयितुम्
तुष् ४ ૫.	तुष्ट्वा सन्तुष्य	तोष्टुम्
तृप् ४ ૫.	तर्पित्वा, तृप्त्वा सन्तृप्य	तर्पितुम् तर्प्तुम्
तॄ १५.	तीर्त्वा उत्तीर्य	तरितुम् तरीतुम्
त्यज् १ ૫.	त्यक्त्वा परित्यज्य	त्यक्तुम्
त्रप् १ આ.	त्रपित्वा, त्रप्त्वा	त्रपितुम्, त्रप्तुम्
त्रस् ६ ૫. અને ४ ૫.	त्रसित्वा सन्त्रस्य	त्रसितुम्
त्रुट् ४ ૫.	त्रुटित्वा	त्रुटितुम्
त्रै १ આ.	त्रात्वा परित्राय	त्रातुम्
त्वर् १ આ.	त्वरित्वा	त्वरितुम्
दण्ड् १० ઉ.	दण्डयित्वा	दण्डयितुम्
दम् ४ ૫.	दमित्वा, दान्त्वा	दमितुम्
दश् १ ૫.	दष्ट्वा सन्दश्य	दष्टुम्
दह् १ ૫.	दग्ध्वा सन्दह्य	दग्धुम्
दा १ ૫.	दत्त्वा आदाय	दातुम्
दिव् ४ ૫.	देवित्वा आदीव्य	देवितुम्
दिश् ६ ૫.	दिष्ट्वा आदिश्य	देष्टुम्
दीप् १० આ.	दीपयित्वा सन्दीप्य	दीपयितुम्
आ+दृ ६ આ.	आदृत्य	आदर्तुम्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ધાતુ	સંબંધક ભૂત કૃદંત (त्वान्त અને ल्यवन्त)	હેત્વર્થ કૃદંત (तुमन्त)	ધાતુ	સંબંધક ભૂત કૃદંત (त्वान्त અને ल्यवन्त)	હેત્વર્થ કૃદંત (तुमन्त)
दृश् १ પ.	दृष्ट्वा	द्रष्टुम्	प्रच्छ् ६ પ.	पृष्ट्वा आपृच्छय	प्रष्टुम्
द्युत् १ આ.	द्योतित्वा	द्योतितुम्	प्रथ् १ આ.	प्रथित्वा	प्रथितुम्
द्रुह् ४ પ.	द्रुहित्वा, द्रोहित्वा	द्रोहितुम्	प्री १० ઉ.	प्रीणयित्वा	प्रीणयितुम्
धाव् १ પ.	धावित्वा	धावितुम्	बाध् १ આ.	बाधित्वा सम्बाध्य	बाधितुम्
धृ ६ આ.	धृत्वा	धर्तुम्	बुध् १ ઉ.	बोधित्वा सम्बुध्य	बोधितुम्
धृ १ પ.	धृत्वा विधृत्य	धर्तुम्	बुध् ४ આ.	बुद्ध्वा प्रबुध्य	बोद्धुम्
धृ १० ઉ.	धारयित्वा सन्धार्य	धारयितुम्	भक्ष् १० ઉ.	भक्षयित्वा सम्भक्ष्य	भक्षयितुम्
धृष् १ પ.	धर्षित्वा	धर्षितुम्	भज् १ ઉ.	भक्त्वा विभज्य	भक्तुम्
ध्मा १ પ.	ध्मात्वा आध्माय	ध्मातुम्	भण् १ પ.	भणित्वा	भणितुम्
ध्यै १ પ.	ध्यात्वा अनुध्याय	ध्यातुम्	भाष् १ આ.	भाषित्वा	भाषितुम्
ध्वंस १ આ.	ध्वंसित्वा	ध्वंसितुम्	भिक्ष् १ આ.	भिक्षित्वा	भिक्षितुम्
ध्वन् १ પ.	ध्वनित्वा	ध्वनितुम्	भू १ પ.	भूत्वा अनुभूय	भवितुम्
नट् १० ઉ.	नाटयित्वा उन्नाटय	नाटयितुम्	भूष् १० ઉ.	भूषयित्वा विभूष्य	भूषयितुम्
नद् १ પ.	नदित्वा प्रणद्य	नदितुम्	भृ १ પ.	भृत्वा	भर्तुम्
नन्द् १ પ.	नन्दित्वा अभिनन्द्य	नन्दितुम्	भ्रम् १ પ. અને ४ પ.	भ्रमित्वा भ्रान्त्वा सम्भ्रम्य	भ्रमितुम्
नम् १ પ.	नत्वा प्रणम्य	नन्तुम्	भ्रंश् १ પ.	भ्रंशित्वा भ्रष्ट्वा सम्भ्रश्य	भ्रंशितुम्
नश् ४ પ.	नशित्वा, नष्ट्वा प्रणश्य	नशितुम् नष्टुम्	मण्ड् १० ઉ.	मण्डयित्वा	मण्डयितुम्
नह् ४ પ.	नद्धवा सन्नह्य	नद्धुम्	मथ् १ પ.	मथित्वा	मथितुम्
निन्द् १ પ.	निंदित्वा विनिन्द्य	निन्दितुम्	मन् ४ આ.	मत्वा विमत्य	मन्तुम्
नी १ ઉ.	नीत्वा उपनीय	नेतुम्	मन्त्र १० આ.	मन्त्रयित्वा निमन्त्र्य	मन्त्रयितुम्
नुद् ६ ઉ.	नुत्वा प्रणुद्य	नोत्तुम्	मन्थ् १ પ.	मन्थित्वा	मन्थितुम्
नृत् ४ પ.	नर्तित्वा	नर्तितुम्	मान् १० ઉ.	मानयित्वा संमान्य	मानयितुम्
पच् १ પ.	पक्त्वा विपच्य	पक्तुम्	मार्ग् १० ઉ.	मार्गयित्वा	मार्गयितुम्
पठ् १ પ.	पठित्वा प्रपठ्य	पठितुम्	मिल् ६ પ.	मिलित्वा, मेलित्वा संमिल्य	मेलितुम्
पत् १ પ.	पतित्वा निपत्य	पतितुम्			
पद् ४ આ.	पत्त्वा उत्पद्य	पत्तुम्	मील् १ પ.	मीलित्वा निमील्य	मीलितुम्
पा १ આ.	पीत्वा निपीय	पातुम्	मुच् ६ ઉ.	मुक्त्वा विमुच्य	मोक्तुम्
पाल् १० ઉ.	पालयित्वा प्रतिपाल्य	पालयितुम्	मुद् १ આ.	मोदित्वा मुदित्वा प्रमुद्य	मोदितुम्
पीड् १० પ.	पीडयित्वा निपीड्य	पीडयितुम्			
पुष् ४ પ.	पुष्ट्वा सम्पुष्य	पोष्टुम्	मुर्च्छ् १ પ.	मूर्छित्वा संमूच्छर्य	मूर्च्छितुम्
पूज् १० ઉ.	पूजयित्वा सम्पूज्य	पूजयितुम्	मुह् ४ પ.	मोहित्वा, मुहित्वा, मुग्ध्वा, मूढ्वा समुह्य	मोहितुम्, मोग्धुम् मोढुम्
पूर १० ઉ.	पूरयित्वा	पूरयितुम्			
व्या+पृ ६	व्यापृत्य	व्यापर्तुम्			

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ધાતુ	સંબંધક ભૂત કૃદન્ત (त्वान्त અને ल्यबन्त)	હેત્વર્થ કૃદન્ત (तुमन्त)
मृ ६ आ.	मृत्वा	मर्तुम्
मृग् १० आ.	मृगयित्वा	मृगयितुम्
मृज् १ प.	मार्जित्वा मृष्ट्वा परिमृज्य	मार्जितुम् मार्ष्टुम्
मृश् ६ प.	मृष्ट्वा	मार्ष्टुम्
मृष् १० उ.	परामृश्य मर्षयित्वा	मष्टुम मर्षयितुम्
म्लै १ प.	म्लात्वा	म्लातुम्
यज् १ उ.	इष्ट्वा	यष्टुम
यत् १ आ.	यतित्वा	यतितुम्
यम् १ प.	यत्वा नियम्य	यन्तुम्
याच् ४ आ.	याचित्वा	याचितुम्
युज् ४ आ.	युक्त्वा	योक्तुम्
युध् ४ आ.	युद्ध्वा नियुध्य	योद्धुम्
रक्ष् १ प.	रक्षित्वा संरक्ष्य	रक्षितुम्
रच् १० उ.	रचयित्वा विरचय्य	रचयितुम्
रट् १ प.	रटित्वा आरट्य	रटितुम्
रभ् १ आ.	रब्ध्वा आरभ्य	रब्धुम्
रम् १ आ.	रत्वा विरम्य	रन्तुम्
राध् ४ प.	राद्ध्वा विराध्य	राद्धुम्
रूह् १ प.	रूढ्वा आरूह्य	रोढुम्
लक्ष् १० उ.	लक्षयित्वा संलक्ष्य	लक्षयितुम्
लङ्घ् १ आ.	लङ्घित्वा उल्लङ्घ्य	लङ्घितुम्
लप् १ प.	लपित्वा विलिप्य	लपितुम्
लभ् १ आ.	लब्ध्वा	लब्धुम्
लष् १ प.	लपित्वा	लषितुम्
अने ४ प.	अभिलष्य	
लस् १ प.	लसित्वा विलस्य	लसितुम्
लस्ज् १ आ.	लज्जित्वा	लज्जितुम्
लिख् ६ प.	लेखित्वा, लिखित्वा विलिख्य	लेखितुम्
लिङ्ग् १ प.	लिङ्गित्वा आलिङ्ग्य	लिङ्गितुम्
लुट् ६ प.	लुठित्वा विलुठ्य	लुठितुम्
लुप् ४ प.	लोपित्वा, लुप्त्वा	लोपितुम्
लुभ् १ प.	लोभित्वा, लुब्ध्वा प्रलुभ्य	लोभितुम् लोब्धुम्
लोक् १ आ.	लोकित्वा विलोक्य	लोकितुम्
वच् १० उ.	वाचयित्वा	वाचयितुम्
वञ्च् १० आ.	वञ्चयित्वा	वञ्चयितुम्
वद् १ प.	उदित्वा	वदितुम्
वन्द् १ आ.	वन्दित्वा अभिवन्ध	वन्दितुम्
वप् १ उ.	उप्त्वा	वप्तुम्
वम् १ प.	वमित्वा उद्वम्य	वमितुम्
वर्ण् १० उ.	वर्णयित्वा निर्वर्ण्य	वर्णयितुम्
वस् १ प.	उषित्वा	वस्तुम्
वह् १ उ.	ऊढ्वा	वोढुम्
वाञ्छ् १ प.	वाञ्छित्वा अभिवाच्छय	वाञ्छितुम्
वास् १० उ.	वासयित्वा	वासयितुम्
विज् ६ आ.	विजित्वा उद्विज्य	विजितुम्
विद् ४ आ.	वित्त्वा	वेत्तुम्
विद् ६ आ.	विदित्वा, वेदित्वा	वेदितुम् वेत्तुम्
विश् ६ प.	विष्ट्वा प्रविश्य	वेष्टुम्
वीज् १० उ.	वीजयित्वा अभिवीज्य	वीजयितुम्
वृज् १० उ.	वर्जयित्वा	वर्जयितुम्
वृत् १ आ.	वर्तित्वा	वर्तितुम्
वृध् १ आ.	वर्धित्वा संवृध्य	वर्धितम्
वृष् १ प.	वृष्ट्वा, वर्षित्वा प्रवृष्य	वर्षितुम्
वेष्ट् १ आ.	वेष्टित्वा आवेष्ट्य	वेष्टितुम्
व्यथ् १ आ.	व्यथित्वा	व्यथितुम्
व्यध् ४ प.	विद्ध्वा आविध्य	व्यद्धुम्
व्रज् १ प.	व्रजित्वा अनुव्रज्य	व्रजितुम्
शङ्क् १ आ.	शङ्कित्वा आशङ्क्य	शङ्कितुम्
शप् १ प.	शप्त्वा अभिशप्य	शप्तुम्
शंस् १ प.	शसित्वा	शंसितुम्
शम् ४ प.	शमित्वा, शान्त्वा निशम्य	शमितुम्
शिक्ष् १ आ.	शिक्षित्वा	शिक्षितुम्
शुच् १ प.	शोचित्वा	शोचितुम्
शुध् ४ प.	शुद्ध्वा संशुध्य	शोद्धुम्
शुभ् १ आ.	शोभित्वा	शोभितुम्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ધાતુ	સંબંધક ભૂત કૃદન્ત (त्वान्त અને ल्यबन्त)	હેત્વર્થ કૃદન્ત (तुमन्त)	ધાતુ	સંબંધક ભૂત કૃદન્ત (त्वान्त અને ल्यबन्त)	હેત્વર્થ કૃદન્ત (तुमन्त)
शुष् ૪ પ.	शुष्ट्वा परिशुष्य	शोष्टुम्	स्था १ પ.	स्थित्वा उत्थाय	स्थातुम्
श्रम् १ પ.	श्रमित्वा, श्रान्त्वा विश्रम्य	श्रमितुम्	स्निह् ४ પ.	स्नेहित्वा, स्निग्ध्वा उपस्निह्य	स्नेहितुम् स्नेग्धुम्
श्रि १ આ.	श्रित्वा आश्रित्य	श्रयितुम्	स्पन्द् १ આ.	स्पन्दित्वा परिस्पन्द्य	स्पन्दितुम्
श्लाघ् १ આ.	श्लाघित्वा	श्लाघितुम्	स्पर्ध् १ આ.	स्पर्धित्वा	स्पर्धितुम्
श्लिष् ४ પ.	श्लिष्ट्वा आश्लिष्य	आश्लेष्टुम्	स्पृश् ६ પ.	स्पृष्ट्वा उपस्पृश्य	स्पर्ष्टुम् स्प्रष्टुम्
सह् १ આ.	सहित्वा, सोढ्वा प्रसह्य	सहितुम् सोढुम्	स्पृह् १० ઉ.	स्पृहयित्वा	स्पृहयितुम्
			स्मि १ આ.	स्मित्वा विस्मित्य	स्मेतुम्
सान्त्व १० ઉ.	सान्त्वयित्वा परिसान्त्व्य	सान्त्वयितुम्	स्मृ १ પ.	स्मृत्वा विस्मृत्य	स्मर्तुम्
			स्यन्द् १ આ.	स्यन्दित्वा, स्यन्त्वा निष्यन्द्य	स्यन्दितुम्
सिच् ६ ઉ.	सिक्त्वा अभिषिच्य	सेक्तुम्			
सिध् ४ પ.	सिद्ध्वा प्रसिध्य	सेद्धुम्	स्रंस् १ પ.	स्रंसित्वा स्रस्त्वा	स्रंसितुम्
सूच् १० ઉ.	सूचयित्वा संसूच्य	सूचयितुम्	स्वाद् १ આ.	स्वादित्वा	स्वादितुम्
सूद् १० ઉ.	सूदयित्वा निषद्य	सूदयितुम्	हस् १ પ.	हसित्वा विहस्य	हसितुम्
सृ १ પ.	सृत्वा अनुसृत्य	सर्तुम्	हृ ४ પ.	हृत्वा परिहृत्य	हर्तुम्
सृज् ६ પ.	सृष्ट्वा विसृज्य	स्रष्टुम्	हृष् १ ઉ.	हर्षित्वा प्रहृष्य	हर्षितुम्
सेव् १ આ.	सेवित्वा निषेव्य	सेवितुम्	ह्लद् १ આ.	ह्लादित्वा आह्लाद्य	ह्लादितुम्
स्खल् १ પ.	स्खलित्वा प्रस्खल्य	स्खलितुम्	ह्वे १ ઉ.	हूत्वा आहूय	ह्वातुम्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરિશિષ્ટ-૪

સમાસ પ્રક્રિયા

0.0 સંસ્કૃત ભાષામાં રચાયેલા વેદમન્ત્રો, રામાયણ, મહાભારત જેવા ધાર્મિક ગ્રન્થો અતિ આરંભકાળના હોઈને તેમાં સામાસિક પદો ભરેલી વાક્યરચનાઓ ઘણી ઓછી જોવા મળે છે. પરંતુ ઉત્તરવર્તી કાળમાં જે કાવ્યકૃતિઓ અને દર્શન-શાસ્ત્રાદિના ગ્રન્થોની રચના થવા માંડી તેમાં સામાસિક પદાવલીઓની સંખ્યા વધવા લાગી છે. વળી, પદ્યરચનાઓની અપેક્ષાએ ગદ્યરચનાઓમાં તો સમાસ જાણે ભાષાનું અનિવાર્ય અંગ બની ગયા. પરિણામે એવી પણ માન્યતા ઊભી થઈ કે ओजः समासभूयस्त्वम् एतद् गद्यस्य जीवितम् । 'ઓજસ્ ગુણ અને સમાસોનું બાહુલ્ય-એ તો ગદ્યરચનાઓનું પ્રાણભૂત તત્ત્વ છે.' આથી સંસ્કૃતના અભ્યાસીઓને માટે સમાસરચનાનું જ્ઞાન મેળવવું અત્યંત ઉપકારક, બલ્કે અનિવાર્ય બની ગયું છે.

0.1 'સમાસ' એટલે શું ? બે નામપદોને સાથે સાથે બેસાડવા-તેને 'સમાસ' (सम् + आस) કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો-પૃથક્ પૃથક્ અર્થોવાળા અનેક નામપદોમાંથી જ્યારે એક (સમસ્ત) પદ સાધવામાં આવે, અને આવું પદ એકાર્થીભાવને પામે ત્યારે તેને 'સમાસ' કહે છે. દા.ત. राज्ञः पुरुषः (રાજાનો માણસ) → આમાં બે પદોના અર્થોની પૃથક્ પૃથક્ પ્રતીતિ થાય છે. પણ તેમાંથી राजपुरुषः । એવું એક સમસ્ત પદ તૈયાર થતાં 'રાજસંબંધવાન્ પુરુષ' (= વિશેષણ વિશિષ્ટ પુરુષ) ની = એક સમુદિતાર્થની પ્રતીતિ થાય છે. વૈયાકરણો કહે છે કે એકવાર પાંસુ (માટી) અને ઉદકનું સંમેલન થઈ ગયા પછી પાંસુની કે ઉદકની અલગ અલગ પ્રતીતિ થતી નથી, પણ 'પિંડ' નામનું દ્રવ્યાંતર જ પ્રતીત થાય છે / ઉત્પન્ન થાય છે, તેવી રીતે પૃથક્ પૃથક્ અર્થવાળા બે પદોમાંથી એક સમસ્ત પદ સાધવામાં આવે છે ત્યારે એકાર્થીભાવની પ્રતીતિ જન્મે છે. એટલે કે આવા સમસ્ત પદમાંથી (= સામાસિક પદમાંથી) અવયવાર્થોની અલગ પ્રતીતિ થતી નથી.

0.2 સમાસ ક્યારે ન થાય ? બે કે બેથી અધિક નામપદોમાંથી એક (સમસ્ત) પદ બનાવવું હોય- 'સમાસ' કરવો હોય-ત્યારે પ્રારંભે કેટલીક સ્પષ્ટતા મેળવી લેવી જરૂરી છે. જેમકે, (क) બે 'સમર્થ' (પરસ્પરાન્વિત) પદો વચ્ચે જ સમાસ થઈ શકે છે. દા.ત, कष्टं श्रितः (દુઃખને આશ્રયે રહેલો = કષ્ટને પામેલો) એવાં બે પદો પરસ્પરમાં અર્થની દૃષ્ટિએ અન્વિત છે; એટલે તે સમર્થનો સમાસ થઈ શકે છે : कष्टश्रितः ।. પરંતુ (ख) महत् कष्टं श्रितः । જેવાં પદો હોય, કે જેમાં 'કષ્ટમ્' પદનું એક વિશેષણ પણ મૂકેલું છે (=મોટા કષ્ટને પામેલો) ત્યાં (कष्टं અને श्रितः- એ બે પદો પરસ્પરમાં અન્વિત હોવા છતાંય તેમની વચ્ચે) સમાસ થઈ શકશે નહીં. કારણ કે कष्टं એવા પદને જ્યારે श्रितः ની સાથે સાંકળવા જઈએ છીએ ત્યારે, તે कष्टं ની સાથે સંકળાયેલું તેનું વિશેષણ महत् બહાર રહી જાય છે. આથી બીજો નિયમ એવો સમજી લેવાનો રહે છે કે-''સાપેક્ષ પદમાં સામર્થ્ય રહેતું નથી.'' (सापेक्षम् असमर्थं भवति ।) આથી महत् कष्टं श्रितः । નો महत् कष्टश्रितः । એવો સમાસ થઈ શકતો નથી,[1] (કે જેમાં कष्ट શબ્દનો વિશેષણ રૂપ महत् શબ્દ સમાસની બહાર વિખુટો પડ્યો રહે છે.) (ग) અહીં कष्टं અને श्रितः માંથી, कष्ट શબ્દ અર્થની દૃષ્ટિએ અપ્રધાન છે, અને श्रितः એ પ્રધાન છે. હવે, જ્યારે અપ્રધાન શબ્દ સાપેક્ષ હોય ત્યારે (महत् कष्टं श्रितः ।) સમાસ થતો નથી, પણ જો કોઈક જગ્યાએ ''પ્રધાન પદ સાપેક્ષ હોય તો ત્યાં સમાસ થઈ શકે છે.'' (प्रधानस्य सापेक्षस्यापि समासः भवति ।) દા.ત. राज्ञः पुरुषः अभिरूपः । (રાજાનો પુરુષ સુન્દર છે.') આમાં पुरुषः પદ પ્રધાન છે, અને તેના વિશેષણ તરીકે अभिरूपः શબ્દ મૂક્યો છે. એટલે કે पुरुष એવા પ્રધાન પદનો राज्ञः ની જોડે અન્વય છે, અને अभिरूपः ની જોડે પણ અન્વય છે. છતાંય પ્રધાન પદ સાપેક્ષ હોય (=અન્યત્ર જોડાયેલું હોય) તો પણ તેનો સમાસ થઈ શકે છે. જેમકે, राजपुरुषः अभिरूपः । (घ) આમાંથી એવું ફલિત થયું કે-''અપ્રધાન પદ સાપેક્ષ હોય તો તે અસમર્થ (=સમાસને માટે અયોગ્ય) ગણાય છે અને તેનો સમાસ થતો નથી.'' પણ આ ફલિતાર્થમાં પણ સંકોચ કરવો જરૂરી છે. કારણ કે ભાષામાં એવા કેટલાક સામાસિક શબ્દો વપરાય છે કે જેમાં અપ્રધાન પદ સાપેક્ષ હોય છતાં પણ સમાસ થયેલો જોવા મળે છે. દા.ત. देवदत्तस्य गुरोः कुलम् । અહીં कुलम् એ પ્રધાન પદ છે, અને गुरोः એ અપ્રધાન પદ છે. (દેવદત્તના ગુરુનું કુળ). હવે આ

(૧) અલબત્ત, જો પહેલાં महत् અને कष्टं નો (વિશેષણ-વિશેષ્ય વચ્ચે) સમાસ કરી લઈએ, > महाकष्टम् । અને ત્યાર પછી महाकष्टम्+श्रितः । નો સમાસ કરીએ તો ત્યાં સામર્થ્ય છે એમ ગણાશે; અને તેમાંથી महाकष्टश्रितः । એવો સમાસ થઈ શકે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અપ્રધાન गुरो: પદ સાપેક્ષ છે, 'કોનો ગુરુ?' તો देवदत्तस्य । આથી પૂર્વોક્ત (ख) નિયમ મુજબ અહીં देवदत्तस्य गुरुकुलम् । એવો સમાસ થવો જોઈએ નહીં, પણ ભાષામાં આવો અપ્રધાન પદનો સમાસ ક્યારેક ક્યારેક થતો હોય છે. આથી એવો નિયમ બનાવવો-સમજવો-જોઈએ કે- (ङ) ''પ્રધાન પદ સાપેક્ષ હોય તો તેમનો સમાસ થઈ શકે છે, તથા देवदत्तस्य गुरुकुलम् । देवदत्तस्य गुरुपुत्रः । देवदत्तस्य दासभार्या । જેવા કેટલાક અપ્રધાન સાપેક્ષ પદવાળા સમાસોને છોડીને બીજા કોઈપણ અપ્રધાન સાપેક્ષ પદનો સમાસ થઈ શકતો નથી.'' બીજા શબ્દોમાં કહીએ તો - વિશેષણ સહિતનાં પદોનો સમાસ થતો નથી. તથા देवदत्तस्य गुरुकुलम् કે देवदत्तस्य गुरुपुत्रः જેવાં કેટલાક (જ) સમાસોને બાદ કરીને, બીજી કોઈ પણ જગ્યાએ સમાસ થઈ ગયા પછી, તે સમાસની પૂર્વે વિશેષણ ઉમેરી શકાતું નથી. (सविशेषणानां वृत्तिर्न वृत्तस्य वा विशेषणं न प्रयुज्यतेऽगुरुकुलपुत्रादीनाम् ।)

देवदत्तस्य गुरुकुलम् । કે देवदत्तस्य गुरुपुत्रः । જેવાં કેટલાક અપ્રધાન સાપેક્ષ પદોના સમાસને પણ વૈયાકરણોએ માન્યતા આપવાનું એટલે સ્વીકાર્યું છે કે તેવા સમાસોમાં 'ગમકત્વ' રહેલું છે. એટલે કે તેવા અસમર્થ સમાસો જ્યારે પણ સાંભળવા મળે છે ત્યારે કોઈપણ પ્રકારની સંદિગ્ધતા વિના, તે પોતાનો યથાર્થ । અભીષ્ટ અર્થ વ્યક્ત કરી શકે છે.[2] તથા આથી પણ આગળ વધીને વૈયાકરણોએ, આ 'ગમકતા' ની દલીલને જ આગળ ધરીને, બીજા પણ કેટલાક અસમર્થ નञ् સમાસોને માન્યતા આપી છે = તેમને સાધુ ગણ્યા છે. જેમકે, असूर्यंपश्या दाराः । असूर्यंपश्यानि मुखानि । अपुनर्गेया श्लोकाः । अश्राद्धभोजी ब्राह्मणः । વગેરે. પરંતુ ''આ (૧) देवदत्तस्य गुरुकुलम् । વગેરે તથા (૨) असूर्यंपश्यानि मुखानि । જેવા ગણતરી કરીને નક્કી કરેલા અસમર્થ સમાસોને બાદ કરીને, અન્યત્ર ક્યાંય પણ અપ્રધાન સાપેક્ષ પદનો સમાસ થતો જ નથી''- તે કેન્દ્રવર્તી સિદ્ધાન્ત સ્વીકારીને જ કોઈપણ સમાસ પ્રક્રિયા હાથ ધરવી.[3]

0.3 પારિભાષિક શબ્દાવલી : સમાસ પ્રક્રિયાને સમજતાં પહેલાં કેટલાક પારિભાષિક શબ્દો સમજી લઈશું : राज्ञः पुरुषः । (રાજાનો માણસ) આવાં બે અલગ અલગ વિભક્ત્યન્ત પદોને **'વિગ્રહ વાક્ય'** કહે છે, અને તેમાંથી જે એક પદ राजपुरुषः બને છે તેને **'સમાસ'** કહે છે. વળી, राज એવા શબ્દને **'પૂર્વપદ'** કહે છે અને पुरुष શબ્દને **'ઉત્તરપદ'** કહે છે. વિગ્રહ વાક્યના અનેક પદોમાંથી જે શબ્દને પૂર્વપદ રૂપે સમાસમાં સૌથી પહેલાં સ્થાપવામાં આવે તેને **'પૂર્વનિપાત'** કર્યો એમ કહેવાય છે.

राज्ञः पुरुषः । માંથી राजपुरुष એવો સમાસ બનાવતાં પહેલાં, પ્રક્રિયાવસ્થામાં ''राजन्+अस् (ષષ્ઠી વિભક્તિનો પ્રત્યય) +पुरुष+स् (પ્રથમા વિભક્તિનો પ્રત્યય)'' એવું પણ એક વિગ્રહવાક્ય કલ્પવામાં આવે છે. राज्ञः पुरुषः । તે **'લૌકિક** (= લોકમાં વાપરી શકાય તેવો) **વિગ્રહ** કહેવાય છે. પણ राजन्+अस्+पुरुष+स् । ને **'અલૌકિક** (=શાસ્ત્રીય) **વિગ્રહ''** વાક્ય કહે છે. આમાંથી જ્યારે राजपुरुष એવો સમાસ થાય છે ત્યારે વિગ્રહ વાક્યાન્તર્ગત આવેલા વિભિન્ન વિભક્તિ પ્રત્યયોનો लुक् (=લોપ) થાય છે. જેમકે राजन्+०+पुरुष+०→राजन्पुरुष । તે પછી न् નો પણ લોપ થાય છે, અને છેલ્લે राजपुरुष । એવો સમાસ થાય છે. કોઈક સ્થાને, સમાસ થયા પછી પણ આવા વિભક્તિ પ્રત્યયનો लुक्(=લોપ) ન થતો હોય તો તેને **'અલુક્સમાસ'** કહે છે. દા.ત. युधि+स्थिरः→युधिष्ठिरः । અહીં युधि પદમાંના સપ્તમી વિભક્તિના इ પ્રત્યયનો લોપ થયો નથી.

राजपुरुषः । એવા સામાસિક પદમાં વપરાયેલા શબ્દો દ્વારા જ જ્યારે વિગ્રહ કરવામાં આવે, જેમકે : राज्ञः पुरुषः । ત્યારે તેને **'સ્વપદવિગ્રહ'** કહે છે. પરંતુ જ્યારે સમાસમાં વપરાયેલા શબ્દો સિવાયના શબ્દો વાપરીને જો વિગ્રહ દર્શાવવામાં આવે, દા.ત. अनुरूपम् →रूपस्य योग्यम् इति । ત્યારે તેને **'અસ્વપદવિગ્રહ'** કહે છે.

સમાસ થઈ ગયા પછી કેટલાક વ્યંજનાન્ત શબ્દોને સ્વરાન્ત બનાવવા માટે તે સમાસના અંતે અમુક પ્રત્યય જોડવામાં આવે છે. આને **'સમાસાન્ત'** પ્રત્યય કહે છે. દા.ત. शरदः समीपम्→उपशरद् । હવે આને સ્વરાન્ત બનાવવા उपशरद् +अ (સમાસાન્ત પ્રત્યય) =उपशरद । (પછી નપુંસકલિંગમાં उपशरदम् । થશે). એ જ પ્રમાણે, બહુવ્રીહિ સમાસને અંતે ક્યારેક क પ્રત્યય પણ જોડાય છે. बहवः कर्तारो यस्मिन् (उत्सवे)→सः बहुकर्तृकः (उत्सवः). આને સમાસાન્ત 'क' કહે છે.

---

(૨) એટલે આવા 'ગમક અસમર્થ' સમાસનો અર્થ અને તેના વિગ્રહવાક્યનો અર્થ જુદો પડતો નથી. અહીં સમાસ અને વિગ્રહનો અર્થ એકરૂપ મળતો હોવાથી, અર્થબોધની કક્ષાએ કશી સંદિગ્ધતા રહેતી નથી.

(૩) વિશેષ જિજ્ઞાસા હોય તેમણે મારું ''પાણિનીય વ્યાકરણ વિમર્શ'', અમદાવાદ, ૧૯૯૪ (પૃ. ૧૮૧-૨૨૨) પુસ્તક જોવું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

0.4 સમાસના પ્રકાર :

- સમાસ
  - અલુક્‌સમાસ
  - લુક્‌સમાસ
    - નિત્ય સમાસ (અસ્વપદ વિગ્રહવાળા સમાસ)
    - અનિત્ય સમાસ[૪] (સ્વપદ વિગ્રહવાળા સમાસ)
      - ૧ અવ્યયીભાવ સમાસ
        - (નિત્ય)
        - અનિત્ય
      - ૨ તત્પુરુષસમાસ
        - વ્યધિકરણ તત્પુરુષ
          - ૧. દ્વિતીયા તત્પુરુષ
          - ૨. તૃતીયા તત્પુરુષ
          - ૩. ચતુર્થી તત્પુરુષ
          - ૪. પંચમી તત્પુરુષ
          - ૫. ષષ્ઠી તત્પુરુષ
          - ૬. સપ્તમી તત્પુરુષ
        - સમાનાધિકરણ તત્પુરુષ
          - ૧. કર્મધારય
            - ક. વિશેષણ પૂર્વપદ
            - ખ. વિશેષ્ય પૂર્વપદ
            - ગ. વિશેષણોભયપદ
            - ઘ. ઉપમાનપૂર્વપદ
            - ઙ. ઉપમાનોત્તરપદ
            - ચ. સંભાવનાપૂર્વપદ
            - છ. અવધારણા પૂર્વપદ
          - ૨. દ્વિગુ
            - એકવદ્‌ભાવી
            - અનેકવદ્‌ભાવી
          - ૩. નઞ્ તત્પુ.
          - ૪. પ્રાદિ તત્પુ.
          - ૫. ગતિ તત્પુ.
          - ૬. ઉપપદ તત્પુ.
          - ૭. મધ્યમપદલોપી તત્પુ.
          - ૮. મયૂરવ્યંસકાદિ તત્પુ.
          - (૯. અલુક્ તત્પુરુષ)
      - ૩ બહુવ્રીહિસમાસ
        - સમાનાધિકરણ
        - વ્યધિકરણ
          - ક. દ્વિપદબહુવ્રીહિ
          - ખ. બહુપદ
          - ગ. સહપૂર્વપદ
          - ઘ. સંખ્યોત્તરપદ
          - ઙ. સંખ્યોભયપદ
          - ચ. વ્યતિહાર લક્ષણ
          - છ. દિગન્તરાલ લક્ષણ
      - ૪ દ્વન્દ્વ સમાસ
        - ૧. ઈતરેતર દ્વન્દ્વ
        - ૨. સમાહાર દ્વન્દ્વ
        - ૩. એકશેષ દ્વન્દ્વ

1.0 અવ્યયીભાવ સમાસ :

જે સમાસના (क) પૂર્વપદમાં કોઈ અવ્યય (=प्र, प्रति, अनु, यथा, स, निर्, अभि, उप વગેરે) આવેલો હોય, અને (ख) તેના અર્થનું જ પ્રાધાન્ય વિલસતું હોય તેને 'અવ્યયીભાવ' સમાસ કહે છે. દા.ત. गङ्गायाः समीपम् इति→'उपगङ्गम्' । અહીં उप+गङ्गम् । (ગંગાની નજીક)માં પૂર્વપદમાં उप એવો અવ્યય આવેલો છે, અને उपगङ्गम् । એવા આખા સમાસને સાંભળ્યા પછી 'ગંગાની નજીક' એવો જે અર્થબોધ નીકળે છે, તેમાંથી 'સામીપ્ય'નો અર્થ પ્રાધાન્ય ભોગવે છે. આથી पूर्वपदार्थप्रधानोऽव्ययीभावः । 'જેમાં પૂર્વપદનો અર્થ પ્રાધાન્ય ભોગવતો હોય- મુખ્ય હોય તેને અવ્યયીભાવ સમાસ કહે છે.[૫] તેવા લક્ષણ મુજબ उपगङ्गम् । પણ 'અવ્યયીભાવસમાસ' કહેવાશે. વળી, અહીં પૂર્વપદમાં આવેલા અવ્યયનો અર્થ મુખ્ય રહેતો હોઈને, આખો સામાસિક શબ્દ પણ અવ્યય રૂપી બની જાય છે; (અને તેથી તેવા સમાસો હંમેશા નપુંસકલિંગમાં જ વપરાય છે) પરિણામે આવા સમાસનું નામ અવ્યયીભાવ જાહેર કરાયું છે.

---

(૪) 'અનિત્યસમાસ'નો અર્થ એવો થાય છે કે, જ્યારે આવા સમાસ ન કરવા હોય ત્યારે, ભાષામાં સમાસના વિકલ્પે વિગ્રહવાક્યનો પ્રયોગ પણ થઈ શકે છે.

(૫) આ લક્ષણ પ્રાયિક છે. જેમકે, लोहिता गङ्गा यस्मिन् देशे→सः लोहितगङ्गम् ।' એવો જે અવ્યયીભાવ સમાસ બને છે, તેમાં પૂર્વપદમાં કોઈ અવ્યય વપરાયો નથી, તથા અન્યપદના અર્થનું પ્રાધાન્ય સમજાય છે (અને એ દૃષ્ટિએ તે બહુવ્રીહિ સમાસનું લક્ષણ ધરાવે છે.) આમ અર્થની દૃષ્ટિએ અવ્યયીભાવ સમાસની આપવામાં આવેલી, ઉપર્યુક્ત ઓળખ ક્યારેક કોઈક ઉદાહરણમાં લાગુ પડતી નથી. પરિણામે પરંપરાગત વ્યાકરણમાં તો એવું જ લક્ષણ અપાય છે કે-''પાણિનિએ अव्ययीभावः । ૨-૧-૫ સૂત્રથી અવ્યયીભાવનો અધિકાર કરીને એની નીચે આપેલાં સૂત્રોથી જે જે સમાસ થાય તેમને 'અવ્યયીભાવસમાસ' ગણવા.'' अव्ययीभावाधिकारपठितत्वम् अव्ययीभावत्वम् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri.

1 અવ્યયીભાવની પ્રક્રિયા

નીમ્નોક્ત અર્થોને વ્યક્ત કરતાં અવ્યયોનો બીજા એક નામપદની સાથે 'અવ્યયીભાવ-સમાસ' થાય છે :

૧. કોઈક વિભક્તિના અર્થને વ્યક્ત કરતા અવ્યયનું ઉદાહરણ : हरौ इति (હરિને વિષે) । →अधिहरि । અહીં સપ્તમી વિભક્તિનો અર્થ -''ને વિષે'' अधि- એવા અવ્યયથી વ્યક્ત થાય છે. તેથી 'अधिहरि' ને અવ્યયીભાવ સમાસ કહે છે. આવી રીતે गिरौ इति अधिगिरि । अधिसौधम् । (પર્વત ઉપર, મહેલમાં) अधिवैकुण्ठम् । अधिसानु । વગેરે થશે.

૨. સામીપ્ય અર્થવાળા અવ્યયનો નામપદની સાથે સમાસ :- गङ्गायाः समीपम् (ગંગાની નજીક) । →उपगङ्गम् । અહીં समीप અર્થને વ્યક્ત કરતો उप અવ્યય गंगा શબ્દની સાથે જોડાયો છે. (અહીં અવ્યયીભાવ સમાસમાં અંતે આવેલો દીર્ઘસ્વર હ્રસ્વ બને છે, उपगङ्ग→ અને ત્યાર પછી તેને अम् આદેશ થાય છે : उपगङ्गम् ।) આવી રીતે उपयमुनम् । उपकृष्णम् । વગેરે થશે.

૩. સમૃદ્ધિ અર્થવાળા અવ્યયનો નામપદની સાથે સમાસ : मद्राणां समृद्धिः (મદ્રદેશના લોકોની સમૃદ્ધિ) →सुमद्रम् । અહીં સમૃદ્ધિ અર્થમાં 'सु' અવ્યય +मद्राणाम्→सु+मद्र+० । सुमद्र । પછી અકારાન્ત અવ્યયીભાવ સમાસને અંતે अम् આદેશ થશે, તો समुद्रम् । થશે.

૪. વ્યૃદ્ધિ (=દરિદ્રતા, નાશ) અર્થવાળા અવ્યયનો નામપદની સાથે સમાસઃ यवनानां व्यृद्धिः (યવનોની વિગત ઋદ્ધિ =ગરીબાઈ) →दुर्यवनम् । (दुर्+यवन નો સમાસ થયો.)

૫. અભાવ અર્થમાં :- मक्षिकाणाम् अभावः इति निर्मक्षिकम् । અહીં 'અભાવ' અર્થમાં निर् અવ્યયનો અને मक्षिका નો સમાસ, આકારનો લોપ, अम् આદેશ થશે. તો निर्मक्षिकम् । થશે. આવી રીતે, निर्द्वन्द्वम् । निर्विघ्नम् । निर्जनम् । વગેરે થાય છે.

૬. અત્યય (નાશ) અર્થમાં :- हिमस्य अत्ययः (શિયાળાની સમાપ્તિ) →अतिहिमम् । અહીં 'નાશ' અર્થમાં अति અવ્યયનો हिम શબ્દની સાથે સમાસ થયો છે.

૭. અસમ્પ્રતિ (અનુચિત) અર્થમાં :- →निद्रा सम्प्रति न युज्यते इति अतिनिद्रम् । (નિદ્રા હાલ ઉચિત નથી). અહીં અનૌચિત્ય અર્થવાળા अति અવ્યયનો निद्रा શબ્દની સાથે સમાસ થયો છે.

૮. શબ્દપ્રાદુર્ભાવ (અમુક શબ્દ પ્રકાશમાં આવવો) અર્થમાં :- पाणिनिशब्दस्य प्रकाशः (लोके भवति) इति→''इति-पाणिनि'' । (અહીં શબ્દપ્રાદુર્ભાવ અર્થમાં इति અવ્યયનો पाणिनि શબ્દ સાથે સમાસ થયો. તથા સમાસના અંતે अ સિવાયનો સ્વર (= इकार) હોવાથી अम् આદેશ થતો નથી.)

૯. 'પશ્ચાત્' અર્થમાં :- रथस्य पश्चाद् इति अनुरथम् । અહીં अनु+रथ→अनुरथ । પછી अम् આદેશ થતાં अनुरथम् બને છે.

૧૦. यथा શબ્દના જે અર્થો છે (જેવા કે - ૧. વીપ્સા, ૨. યોગ્યતા, ૩. અનતિક્રમ, ૪. સાદશ્ય) તે અર્થમાં આવેલા અવ્યયોનો નામપદની જોડે સમાસ થાય છે :

(क) ग्रामं ग्रामं प्रति इति प्रतिग्रामम् । (પ્રત્યેક ગ્રામમાં) (વીપ્સા)

(ख) रूपस्य योग्यम् इति अनुरूपम् । (રૂપને યોગ્ય) (યોગ્યતા)

(ग) शक्तिम् अनतिक्रम्य इति यथाशक्ति । (શક્તિને ઓળંગ્યા વિના, શક્તિ બહારનું નહીં તેવું, 'યથાશક્તિ દાન')

(घ) हरेः सादश्यम् इति सहरि । અહીં 'સાદશ્ય' અર્થ દર્શાવતા स એવા અવ્યયનો हरि શબ્દની સાથે સમાસ થયો છે. પરંતુ 'સાદૃશ્ય' અર્થવાળો यथा અવ્યય ક્યારેય સમાસ પામતો નથી. જેમકે, यथा हरिः तथा हरः । અહીં સમાસનો અભાવ રહે છે, અર્થાત્ કાયમ વિગ્રહવાક્ય જ રહે છે.

૧૧. આનુપૂર્વ્ય (પૂર્વાપર ક્રમ) અર્થ દર્શાવતા અવ્યયનો નામપદની સાથે સમાસ થાય છે : ज्येष्ठस्य आनुपूर्व्येण (મોટેથી નાના ભાઈના ક્રમે) →अनुज्येष्ठम् ।

૧૨. યૌગપદ્ય (એક સાથે થવું) અર્થવાળા અવ્યયનો બીજો એક નામપદ સાથે સમાસ થાય છે : चक्रेण युगपत् (असिना प्रहरति ।) इति सचक्रम् (असिना प्रहरति) । 'ચક્રની સાથોસાથ જ (તલવારથી પ્રહાર કરે છે.)' અહીં स+चक्रनो સમાસ થયો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧૩. સાદૃશ્ય અર્થવાળા અવ્યયનો નામપદની સાથે સમાસ થાય છે : हरेः सादृश्यम् इति सहरि ।

૧૪. 'सम्पत्ति' (=જરૂરિયાત પૂરતી સાધન સામગ્રી) અર્થવાળા અવ્યયનો નામપદની સાથે સમાસ થાય છેઃ क्षत्राणां सम्पत्तिः इति सक्षत्रम् । (દૈવકૃપાથી સમ્પત્તિ કરતાં જે અધિક મળે તેને 'સમૃદ્ધિ' કહે છે.)

૧૫. સાકલ્ય (પૂરેપૂરું-બધું જ)-અર્થવાળા અવ્યયની સાથે નામપદનો અવ્યયીભાવ સમાસ થાય છે : तृणम् अपि अपरित्यज्य (अत्ति) इति 'सतृणम्' (अत्ति) । 'ઘાસનું તણખલું ય બાકી રાખ્યા વિના (તે ખાય છે).' અહીં સાકલ્ય અર્થમાં 'स' નો तृण ની સાથે સમાસ થયો છે.

૧૬. 'અન્ત સુધી' અર્થવાળા અવ્યયનો સમાસ : अग्निग्रन्थपर्यन्तम् (अधीते) इति साग्नि । અહીં स+अग्नि નો સમાસ થયો છે.

૧૭. 'બહારના ભાગે' અર્થવાળા અવ્યયનો સમાસ-वनात् बहिः इति बहिर्वनम् ।

૧૮. મર્યાદા અને અભિવિધિ (=ને વ્યાપીને) અર્થમાં आङ् (=आ) અવ્યયનો વિકલ્પે અવ્યયીભાવ સમાસ થાય છે :

૧. आमुक्तेः संसारः इति→'आमुक्ति' संसारः । 'મોક્ષ ના મળ્યો હોય ત્યાં સુધી જ સંસાર છે.' (આવો સમાસ ન કરવો હોય ત્યારે आमुक्तेः એવું પંચમ્યન્ત પદ ચાલુ રહે છે.)-અહીં 'મર્યાદા' અર્થમાં આ અવ્યય સમાસમાં જોડાયો છે.

૨. પણ आबालात् हरिभक्तिः कर्तव्यः । 'બાળપણથી જ શરૂ કરીને હરિભક્તિ કરવી જોઈએ.' इति 'आबालं' हरिभक्तिः । (સમાસ ન થાય ત્યારે 'आबालात्' हरिभक्तिः એવું પંચમ્યન્ત પદ ચાલુ રહેશે.) અહીં બાળપણને આવરી લઈને=બાળકોએ પણ હરિભક્તિ કરવી જોઈએ-એવો અભિવિધિપરક અર્થ વ્યક્ત કરવા આ અવ્યયનો પ્રયોગ થયો છે.

૧૯. આભિમુખ્ય અર્થ દર્શાવતા अभि અને प्रति અવ્યયોનો ચિહ્નવાચક શબ્દની સાથે સમાસ થાય છે. દા.ત. अग्निम् अभि शलभाः पतन्ति । 'અગ્નિ તરફ તીડ પડે છે.' અહીં अभि+ચિહ્નવાચક अग्निनो અવ્યયીભાવ સમાસ થાય છે : 'अभ्यग्नि' (शलभाः पतन्ति) । એવો સમાસ બને છે. એ જ પ્રમાણે अग्निम् प्रति→'प्रत्यग्नि' સમાસ પણ બને છે.

૨૦. લક્ષણભૂત શબ્દની સાથે 'સમીપ' અર્થવાળા अनु અવ્યયનો સમાસ થાય છે : वनस्य समीपं गतः अशनिः इति 'अनुवनम्' ।

૨૧. 'पारे' અને 'मध्ये' એવા શબ્દોનો ષષ્ઠ્યન્ત પદની સાથે વિકલ્પે અવ્યયીભાવ સમાસ થાય છે, અને ષષ્ઠી તત્પુરુષ સમાસ થાય છે. જેમકે गङ्गायाः पारम्→पारेगङ्गम् । તથા गङ्गायाः मध्यम् इति मध्येगङ्गम् । (બન્ને અવ્યયીભાવ સમાસ). (પંચમી વિભક્તિમાં આ સામાસિક શબ્દોનો પ્રયોગ કરીએ ત્યારે સમાસને અંતે अम् આદેશ થતો નથી, એટલે पारेगङ्गात् । मध्येगङ्गात् । એવું રૂપ વપરાશે.) જો ષષ્ઠી તત્પુરુષ સમાસ કરીશું તો 'गङ्गापारम् અને गङ्गामध्यम् । એવા શબ્દો બનશે. જ્યારે આ બેમાંનો એકપણ સમાસ નહીં થાય ત્યારે વિગ્રહ વાકયાવસ્થા પણ ચાલુ રહેશે : गङ्गायाः पारात् । गङ्गायाः मध्यात् ॥

1.2 અવ્યયીભાવ-સમાસની રૂપરચના :

૧. ઉપર્યુક્ત એકવીસ અર્થોવાળા અવ્યયોનો બીજા એક નામપદની સાથે સમાસ થતાં જે અવ્યયીભાવ સમાસો બને છે તેમાંના પહેલા સોળ સન્દર્ભોમાં આપણને અસ્વપદ વિગ્રહ જોવા મળે છે (शक्तिम् अनतिक्रम्य इति→यथाशक्ति) તે બધા 'નિત્ય સમાસ' ગણાય છે; તથા એ સિવાયના સન્દર્ભોમાં જે અવ્યયીભાવ સમાસ થયા છે તે બધા 'અનિત્યસમાસ' કહેવાય છે. કારણ કે આ બાકીના સન્દર્ભોમાં સમાસ ઉપરાંત 'વાક્ય' પણ (જે પ્રાયઃ સ્વપદવિગ્રહવાળું હોય છે) લોકમાં વાપરી શકાતું હોય છે.

૨. અગાઉ જણાવ્યું છે તેમ આ અવ્યયીભાવ સમાસો પણ 'અવ્યય' જ ગણાય છે (એટલે કે તેમનાં કોઈ વિભક્ત્યન્તરૂપો ચાલતાં નથી); તથા તે બધાં નપુંસકલિંગ એકવચનમાં વપરાય છે. દા.ત. अनुरूपम् । सचक्रम् । यथाशक्ति । વગેરે.

૩. આ સમાસની પ્રક્રિયામાં પૂર્વપદ તરીકે એક અવ્યય+અને તેની પાછળ 'ઉત્તરપદ' તરીકે જે એક બીજું નામપદ જોડાય છે તેમાં (क) ક્યાંક टि લોપ (=અંતિમ સ્વર કે અંતિમ સ્વરસહિતનો અંતિમ વ્યંજનનો લોપ) કરવો પડે છે, (ख) ક્યાંક અંતે દીર્ઘસ્વર હોય તો તેનો હ્રસ્વ કરવો પડે છે તથા (ग) વ્યંજનાન્ત શબ્દને 'સમાસાન્ત પ્રત્યય' તરીકે હ્રસ્વ अ ઉમેરીને સ્વરાન્ત શબ્દ બનાવવો પડે છે; તથા તે અકારાન્ત સામાસિક શબ્દને અંતે अम् આદેશ કરવો પડે છે. દા.ત.

(क) उप+राजन् (राज्ञः समीपे)→उपराजम् ('अन्'→टि નો લોપ થયા પછી उपराज्→उपराज्+अ→उपराज→अम् આદેશ=उपराजम्)

(ख) उप+गङ्गा (गङ्गायाः समीपे)→उपगङ्गम् । (आ→अ)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ग) उप+सरित् (सरितः समीपे)→उपसरित्+अ=उपसरित પછી अम् આદેશ થતાં→उपसरितम् ।

* * *

અવ્યયીભાવ સમાસ થતાં ઉત્તરપદમાં આવેલાં જે જે શબ્દોને 'સમાસાન્ત' પ્રત્યય લાગીને વ્યંજનાન્તમાંથી સ્વરાન્ત બનાવાય છે તે શબ્દોની યાદી આ પ્રમાણે છે : शरद्, विपाश्, अनस्, मनस्, उपानह, अनडुह्, दिव्, हिमवत्, दिश्, विश्, चेतस्, चतुर्, तद्, यद्, कियत् તથા जरस् । દા.ત. उपशरदम् । अधिमनसम् । उपदिशम् । વગેરે. આવી જ રીતે उपनदि કે उपनदम् । उपगिरि કે उपगिरम् । બને છે.

૧.૩ કેટલાંક અવ્યયીભાવ સમાસનાં ઉદાહરણો :

	અવ્યય	અર્થ	વિગ્રહ	સમાસ
૧.	अ (नञ्)	અભાવ	संशयस्याभावः	असंशयम् ।
૨.	अति	નાશ	हिमस्यात्ययः	अतिहिमम् ।
૩.	अनु	क–ની તરફ	वनस्य समीपम्	अनुवनम् ।
	,,	ख–પાછળ	विष्णोः पश्चात्	अनुविष्णु ।
	,,	ग–આધાર	तटे	अनुतटम् ।
	,,	घ–સાથે	साकेतम् अनु	अनुसाकेतम् ।
	,,	ङ–ને યોગ્ય	रूपस्य योग्यम्	अनुरूपम् ।
	,,	(ङ)–ક્રમિક રીતે	दिने दिने	अनुदिनम् ।
૪.	अधि	આધાર/ની ઉપર	शैले	अधिशैलम् ।
૫.	अन्तर्	આધાર	गेहे	अन्तर्गेहम् ।
૬.	अप	અભાવ	शङ्काया अभावः	अपशङ्कम् ।
		સિવાય/વિના	विष्णुं वर्जयित्वा	अपविष्णु ।
૭.	अभि	ની તરફ	कर्णम् उद्दिश्य	अभिकर्णम् ।
		આધાર/માં	छायायाम्	अभिच्छायम् ।
		નજીક	सायस्य समीपे	अभिसायम् ।
૮.	आङ्	ત્યાં સુધી	आमरणात् (मरणं मर्यादीकृत्य)	आमरणम् ।
		થી માંડીને	आ मूलात् (=मूलम् अभिव्याप्य)	आमूलम् ।
૯.	उप	નજીક	कूपस्य समीपे	उपकूपम् ।
		આધાર	वने	उपवनम् ।
૧૦.	निर्	અભાવ	विघ्नस्याभावः	निर्विघ्नम् ।
૧૧.	परि	સિવાય	विष्णुं वर्जयित्वा	परिविष्णु ।
૧૨.	प्रति	વીપ્સા (=પ્રત્યેક)	गजे गजे	प्रतिगजम् ।
			दिने दिने	प्रतिदिनम्
		ની તરફ	अग्निं प्रति	प्रत्यग्नि ।
૧૩.	बहिः	બહાર	प्रासादाद् बहिः	बहिःप्रासादम् ।
૧૪.	मध्ये	ની મધ્યમાં	मार्गस्य मध्ये	मध्येमार्गम् ।
૧૫.	यथा	અનતિક્રમણ	शक्तिम् अनतिक्रम्य	यथाशक्ति ।
	यथा	ને અનુરૂપ	विभवस्य योग्यम्	यथाविभवम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

,,	વીપ્સા (પ્રત્યેક)	ભાગે ભાગે	યથાભાગમ્ ।
,,	બધા જ	ये ये वृद्धाः, तान् तान्	यथावृद्धम् ।
૧૬. यावत्	ના જેટલા	यावत् श्लोकाः	यावच्छ्लोकम् ।
૧૭. वि	અભાવ	जनानाम् अभावः	विजनम् ।
૧૮. सह/स	સાથે	शस्त्रेण सह	सशस्त्रम् ।
		(शस्त्रेण युगपत्)	
	સાથે	(કાળવાચક શબ્દ સાથે)	
		पूर्वाह्णेन सहितम्	सहपूर्वाह्ण ।
		निशीथेन सदृशम्	सहनिशीथम् ।
	બધું જ	तृणेन सहितम्	सतृणम् ।

૧.૪ અવ્યયીભાવ સમાસની વાક્યમાં કામગીરી :

નીચેનાં કેટલાંક વાક્યોનો અભ્યાસ કરતાં જણાશે કે અવ્યયીભાવ સમાસો પ્રાયઃ ક્રિયાવિશેષણ રૂપે (=જે તે ક્રિયાનો સમય, કે સ્થળ વગેરેને દર્શાવવા) વપરાય છે :

(१) यथाशक्ति तपसि प्रवर्तेथाः ।
(२) अनुदिनं परिहीयसेऽङ्गैः ।
(३) पाण्डवा अनुजेष्ठं मातरं नमन्ति ।
(४) चौरेण सतृणं वैभवः मूषितः ।
(५) उपकूपम् ईक्षुवनम् वर्तते ।
(६) प्रत्यग्नि शलभाः पतन्ति ।
(७) मध्येनगरम् नदी वहति ।
(८) मौक्तिकं प्रतिगजं न विद्यते ।
(९) पारेसमुद्रं लंका वर्तते ।
(१०) पारेगोदावरी पञ्चवटी विद्यते ।

નોંધ : અવ્યયીભાવ-સમાસ વાક્યમાં વિશેષણ તરીકે વપરાતાં નથી. તેઓ વાક્યમાં સ્થળ દર્શક કે કાળદર્શક ક્રિયાવિશેષણ તરીકે કામગીરી કરતાં હોય છે.

2.0 તત્પુરુષ-સમાસ :

'તત્પુરુષ' સમાસની ઓળખ આપતાં પહેલાં 'તત્પુરુષ' શબ્દને સમજીશું. 'તત્પુરુષ' એવો શબ્દ પોતે એક સામાસિક શબ્દ છે; જેના બે રીતે વિગ્રહ કરી શકાય છે : ૧. तस्य पुरुषः इति→तत्पुरुषः । (=તેનો પુરુષ). તથા ૨. सः चासौ पुरुषः इति→तत्पुरुषः । (=તે આ પુરુષ). અહીં પહેલા પ્રકારના વિગ્રહમાં એક પદ ષષ્ઠી વિભક્તિમાં છે અને બીજું પદ પ્રથમા વિભક્તિમાં છે. આમ બન્ને પદો જુદી જુદી વિભક્તિમાં રહેલા છે=અર્થાત્ જુદાં જુદાં અધિકરણોમાં રહેલ છે તેથી તેને 'વ્યધિકરણ તત્પુરુષ' કહે છે. જ્યારે બીજા પ્રકારના વિગ્રહમાં બન્ને પદ પ્રથમા વિભક્તિમાં રહેલા છે. એટલે કે સમાન વિભક્તિમાં=સમાન અધિકરણમાં રહેલા છે, તેથી તેને ''સમાનાધિકરણ તત્પુરુષ'' (=કર્મધારય) કહે છે.

2.1 'તત્પુરુષ સમાસ'ની ઓળખ : અર્થબોધની દૃષ્ટિએ વિચારીએ તો, તત્પુરુષ સમાસવાળા શબ્દનું શ્રવણ થાય છે ત્યારે તેમાંના પૂર્વપદનો અર્થ 'વિશેષણ' રૂપ જણાય છે અને ઉત્તરપદ 'વિશેષ્ય' રૂપે મુખ્યપદ રૂપે-સમજાય છે. આથી શાસ્ત્રકારોએ प्रायेण उत्तरपदार्थप्रधानस्तत्पुरुषः । ''જે સમાસમાં પ્રાયઃ (=મોટે ભાગે= હંમેશાં નહીં) ઉત્તરપદના અર્થનું પ્રાધાન્ય જણાય તેને 'તત્પુરુષ' કહે છે.'' એવું લક્ષણ આપ્યું છે. દા.ત. दशरथपुत्रः । એ '(ષષ્ઠી) તત્પુરુષ' સમાસ છે, તેનો અર્થ થાય છે : दशरथस्य पुत्रः । (દશરથનો પુત્ર). અહીં 'પુત્ર' રૂપી અર્થ જ મુખ્ય છે, અને તે 'કોનો પુત્ર ?' તેના જવાબ રૂપે 'દશરથનો' એવું (ભેદમૂલક) વિશેષણ ષષ્ઠી વિભક્તિથી રજૂ થયું છે. આમ પૂર્વપદ જ્યાં વિશેષણ રૂપ હોય અને ઉત્તરપદ વિશેષ્ય રૂપ-મુખ્ય-હોય તેને 'તત્પુરુષ સમાસ' કહેવાય છે. એ જ પ્રમાણે कृष्णसर्पः (કાળો સાપ) એનો વિગ્રહ થશે : कृष्णः चासौ सर्पः । (આ સમાનાધિકરણ તત્પુરુષ છે, કેમ કે कृष्ण અને सर्प બન્ને શબ્દો પુંલિંગ, પ્રથમા વિભક્તિ, એકવચનમાં રહેલા છે.) અહીં सर्पના વિશેષણ તરીકે પૂર્વપદમાં 'कृष्णः' (કાળો) એમ કહેવાયું છે, તથા सर्पः રૂપ અર્થ જ મુખ્ય-પ્રધાન-છે. આમ જે સમાસના શ્રવણ થકી ઉત્તરપદનો અર્થ પ્રધાનપણે પ્રતીત થતો હોય તેને 'તત્પુરુષ' સમાસ તરીકે ઓળખીશું. અલબત્ત, આ લક્ષણ પ્રાયિક છે. (=કોઈક ઉદાહરણને નહીં લાગુ પડે.)

2.2.0 વ્યધિકરણ તત્પુરુષ : તત્પુરુષ સમાસના પહેલા ભેદ તરીકે વ્યધિકરણ તત્પુરુષ સમાસનો વિચાર કરીશું. આમાં કુલ ૭ ઉપભેદો જોવા મળે છે. જેમકે, ૧. દ્વિતીયા તત્પુરુષ, ૨. તૃતીયા તત્પુરુષ, ૩. ચતુર્થી તત્પુરુષ, ૪. પંચમી તત્પુરુષ, ૫. ષષ્ઠી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તત્પુરુષ અને ૬. સપ્તમી તત્પુરુષ. -આ પ્રકારના તત્પુરુષ સમાસોના વિગ્રહવાક્યમાં જે જે વિભક્તિવાળું પૂર્વપદ હોય, તે તે વિભક્તિવાળો તે તત્પુરુષ કહેવાય છે. એટલે કે, દ્વિતીયાં વિભક્તિવાળું પૂર્વપદ, બીજા એક નામપદ (કોઈપણ વિભક્ત્યન્ત પદ)ની સાથે સમાસ પામે ત્યારે તે 'દ્વિતીયા તત્પુરુષ' એવા ઉપભેદને પામે છે.

2.2.1 દ્વિતીયા તત્પુરુષ (પ્રક્રિયા) : (क) કોઈપણ દ્વિતીયાન્ત પદનો જ્યારે શ્રિત, अतीत, पतित, गत, अत्यस्त, प्राप्त, आपन्न, गमिन्, आगमिन्, बुभुक्षु, भाविन्, प्रस्थायिन्, प्रतिरोधिन्, प्रतियायिन्, प्रतिबोधिन् અને प्रतियोगिन् – એમાંના કોઈ પણ શબ્દની સાથે જ્યારે સમાસ થાય છે ત્યારે તેને 'દ્વિતીયા તત્પુરુષ' સમાસ કહે છે. દા.ત.

૧. कृष्णं श्रितः । (દ્વિતીયાન્ત પદનો 'श्रित'ની જોડે સમાસ) →कृष्णश्रितः ।

૨. दुःखम् अतीतः । (દુઃખમાંથી બહાર નીકળી ગયેલો) →दुःखातीतः ।

૩. भूमिं पतितः । (ભૂમિ ઉપર પડેલો)→भूमिपतितः ।

૪. यौवनं प्राप्तः । (યૌવનને પ્રાપ્ત કરેલો) →यौवनप्राप्तः ।

૫. ग्रामं गतः । (ગામમાં ગયેલો) →ग्रामगतः ।

૬. ग्रामं गामी । (ग्रमिन्) (ગામમાં જનારો) →ग्रामगमी.।

૭. अन्नं बुभुक्षुः (અન્નને ખાવાની ઇચ્છાવાળો) →अन्नबुभुक्षुः ।

૮. वनं प्रस्थायी । (વનમાં પ્રસ્થાન કરનારો) →वनप्रस्थायी ।

(ख) દ્વિતીયા વિભક્ત્યન્ત 'खट्वा' શબ્દનો ભૂતકાળવાચક त પ્રત્યયાન્ત વિશેષણવાચક શબ્દની સાથે સમાસ થાય છે; પણ સમાસથી જો નિંદા રૂપી અર્થબોધ કરાવવો હોય તો (જ). જેમકે, खट्वाम् आरूढः । (ખાટલામાં ચઢી બેઠેલો) →खट्वारूढः (शिष्यः) । ગુરુના ઘરમાં શિષ્યે ખાટલા ઉપર ન બેસવું જોઈએ. પણ જો કોઈ બેસે તો તે નિંદનીય છે. આવા શિષ્યને માટે આ 'खट्वारूढः' શબ્દ વપરાય છે.

(ग) કાલવાચક દ્વિતીયાન્ત પદનો બીજા એક નામપદની સાથે સમાસ થાય છે. જેમકે, मुहूर्तं सुखम् (ઘડીભરનું સુખ) → मुहूर्तसुखम् । मासम् अध्ययनम् (મહિના સુધીનો અભ્યાસ) →मासाध्ययनम् ।

2.2.2 તૃતીયા તત્પુરુષ : (क) 'કર્તા' અર્થવાળા કે 'કરણ' અર્થવાળા તૃતીયાન્ત પદનો બીજા એક કૃદન્ત શબ્દની સાથે સમાસ થાય છે. (અહીં પૂર્વપદમાં હંમેશાં તૃતીયાન્ત પદ રહેતું હોવાથી, આ સમાસને 'તૃતીયા તત્પુરુષ' કહે છે.) જેમ કે, ૧. हरिणा त्रातः । (હરિ વડે રક્ષાયેલો) અહીં 'हरिणा'માં 'कर्तरि तृतीया' છે (કર્મણિ પ્રયોગમાં 'કર્તા'ને તૃતીયામાં મૂકાય છે); તેનો त પ્રત્યયાન્ત 'त्रात'=કર્મણિ ભૂતકૃદન્તની સાથે સમાસ થાય છે →हरित्रातः । એવી જ રીતે, देवेन दत्तः (દેવ વડે અપાયેલો)→देवदत्तः । धनिकेन अर्पितः । (ધનિક વડે અર્પિત) →धनिकार्पितः । ૨. नखैः भिन्नः । (નખોથી ચીરાઈ ગયેલો)-नखभिन्नः । અહીં नख શબ્દની પાછળ 'કરણ' (=સાધન) અર્થમાં તૃતીયા વિભક્તિ લાગી છે. આ नखैः શબ્દનો બીજા એક भिन्न એવા કર્મણિ ભૂતકૃદન્તની સાથે સમાસ થયો છે. नखभिन्नः । આવી જ રીતે, खड्गेन हतः (–ખડ્ગથી હણાયેલો)→खड्गहतः । कुठारेण छिन्नः (કુઠારથી છેદાયેલો) →कुठारछिन्नः ।

(ख) તૃતીયાન્ત પદનો ગુણવાચક શબ્દની સાથે સમાસ થાય છે, જો તે ગુણ તૃતીયાન્ત પદ વાચ્ય સાધનથી ઉત્પન્ન કરવામાં આવેલ હોય તો. દા.ત. शंकुलया खण्डः । (સૂડીથી કરવામાં આવેલો ટૂકડો) इति→शंकुलखण्डः । અહીં તૃતીયા વિભક્તિમાં રહેલ शंकुला (સૂડી) રૂપ વસ્તુથી/સાધનથી ટૂકડા (खण्ड) રૂપ જે 'ગુણ'–તે બેનો સમાસ કરવામાં આવ્યો છે.

(ग) તૃતીયાન્ત પદનો (''અમુક ક્રિયા કરવા યોગ્ય છે'' તેવો અર્થ દર્શાવતા) 'કૃત્ય' સંજ્ઞક કૃદન્ત શબ્દોની સાથે સમાસ થાય છે, જો તેવા સમાસથી 'સ્તુતિ' કે 'નિંદા' રૂપ વિશેષાર્થની પ્રતીતિ કરાવવી હોય તો જેમકે, ૧. वातेन छेद्यम् । (પવનથી પણ છેદાવા યોગ્ય તૃણ) →वातच्छेद्यम् (=तृणम्) અહીં તૃતીયાન્ત वातेन પદનો, √छिद् ધાતુમાં य પ્રત્યય લગાવીને જે छेद्यम् એવો કૃત્ય પ્રત્યયાન્ત કૃદન્ત શબ્દ સાધવામાં આવ્યો છે, તેની સાથે સમાસ થયો છે.–અહીં ઘાસની કોમળતા દર્શાવાય છે. આથી वातच्छेद्यम् દ્વારા સ્તુતિ રૂપ અર્થ સમજાય છે. ૨. काकेन पेया (नदी)→इति काकपेया । (કાગડાઓ વડે પીવાયોગ્ય જળવાળી નદી). અહીં √पा (पिब) ધાતુને કૃત્યસંજ્ઞક य પ્રત્યય લાગીને पेय (=પીવાયોગ્ય) શબ્દ બનાવ્યો છે. તેની સાથે काकेन એવા તૃતીયાન્ત પદનો સમાસ કર્યો છે : આ 'काकपेया' શબ્દથી નિંદા રૂપ ઘોતિત કરવો છે. જે નદીમાં મલમૂત્રાદિ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભળ્યા હોય તે નદી (=નદીનું જળ) મનુષ્યોને માટે પેય હોતું નથી. આથી નિંદા કરવા કાકપેયા એવો સમાસ વપરાય છે. આવી જ રીતે बालेन गेयम् (गीतम्) इति→बालगेयम् (સ્તુતિ), તથા दरिद्रेण चेयम् (ગરીબે ભેગું કરવા યોગ્ય) इति दरिद्रचेयम् । (નિંદા) જેવાં ઉદાહરણો બને છે.

(घ) જે તૃતીયાન્ત પદનો અર્થ સંસ્કારક દ્રવ્ય થતો હોય તેવા તૃતીયાન્ત પદનો અન્ન વાચક નામપદની સાથે સમાસ થાય છે. दध्ना ओदनः (દહીં વડે પલાળેલા ઓદન-ભાત) इति दध्योदनः । આવી રીતે सूपौदनः । उदश्विदोदनः । બને છે.

(ङ) મિશ્રીકરણના સાધન રૂપ અર્થને કહેનાર તૃતીયાન્ત પદનો ભક્ષ્ય દ્રવ્યવાચક નામપદની સાથે સમાસ થાય છે. જેમકે, गुडेन धानाः । (ગોળથી મિશ્રિત કરેલા ધાણા) = गुडधानाः ।

(च) તૃતીયાન્ત પદનો पूर्व, सदृश, सम, विकल, ऊन, अवर, कलह, निपुण, मिश्र, श्लक्ष्ण એવા શબ્દોની સાથે સમાસ થાય છે. જેમ કે, मासेन पूर्वः इति मासपूर्वः । मात्रा सदृशः इति मातृसदृशः । आचारेण निपुणः इति आचारनिपुणः । वाचा कलहः इति वाक्कलहः । વગેરે.

2.2.3 ચતુર્થી તત્પુરુષ : (क) 'કાર્ય'વાચક ચતુર્થ્યન્ત પદનો 'કારણ'વાચક નામપદની સાથે સમાસ થાય છે. જેમકે, यूपाय दारु इति यूपदारु । कटकाय कनकम् इति कटककनकम् । कुंडलाय हिरण्यम् इति कुंडलहिरण्यम् । वस्त्राय तूलः इति (વસ્ત્ર બનાવવા માટેનું રૂ) →वस्त्रतूलः ।

(ख) ચતુર્થી વિભક્ત્યન્ત પદનો અર્થ શબ્દની સાથે નિત્યસમાસ થાય છે (અને વિશેષ્યાનુરૂપ લિંગ થાય છે.) જેમકે, ૧. द्विजार्थः (ओदनः) । 'બ્રાહ્મણ માટેના ભાત'. द्विजाय अयम् (ओदनः) । એવા વિગ્રહમાંથી द्विजार्थः । સમાસ બને છે. અહીં વિશેષ્યદલમાં પુંલિંગ ओदन શબ્દ છે, તેથી તે સમાસ પુંલિંગમાં ફેરવાય છે. ૨. द्विजाय इयम् (यवागूः) (બ્રાહ્મણ માટેની દાળ) इति द्विजार्था । (સ્ત્રી.) ૩. द्विजाय इदम् (क्षीरम्) इति द्विजार्थम् (નપું.) ।

(ग) ચતુર્થ્યન્ત પદનો बलि, हित, सुख, रक्षित→એટલા શબ્દોની સાથે સમાસ થાય છે. દા.ત. भूतेभ्यः बलिः (ભૂતો માટેનો બલિ) इति भूतबलिः । वृषाय सुखम् इति वृषसुखम् । राज्ञे बलिः इति राजबलिः । तपोवनाय हितम् इति तपोवनहितम् । गवे रक्षितम् इति गोरक्षितम् । (ગાયને માટે સાચવી રાખેલું.)

2.2.4 પંચમી તત્પુરુષ : (क) પંચમ્યન્ત પદનો भय, भीति, भी, अपेत, अपोढ, मुक्त, पतित અને अपत्रस्त એવા શબ્દોની સાથે સમાસ થાય છે. જેમકે, ૧. चोराद् भयम् इति चोरभयम् । (ચોરથી ડર). ૨. शार्दूलात् भीतिः इति शार्दूलभीतिः । चक्रात् मुक्तम् इति चक्रमुक्तम् । गुरोः भयम् इति गुरुभयम् । राक्षसेभ्यः अपत्रस्तः इति राक्षसापत्रस्तः । વગેરે.

(ख) ક્યારેક અન્યત્ર પણ પંચમ્યન્ત પદનો अन्य, इतर વગેરે શબ્દોની સાથે સમાસ થાય છે. દા.ત. तस्मात् अन्यः इति तदन्यः । तस्माद् इतरः इति तदितरः । ग्रामाद् निर्गतः इति ग्रामनिर्गतः । पल्वलात् उत्तीर्णा इति पल्वलोत्तीर्णा । વગેરે.

(ग) स्तोकार्थक, अन्तिकार्थक, दूरार्थक અને कृच्छ्र શબ્દ પંચમ્યન્ત હોય અને તેની પાછળ ભૂતકાળ વાચક 'त' પ્રત્યયાન્ત વિશેષણ આવેલું હોય તો તે બેનો સમાસ થાય છે. પણ આવે સમયે (=સમાસ થયા પછી પણ) પંચમી વિભક્તિના પ્રત્યયનો લોપ થતો નથી. દા.ત. स्तोकात् मुक्तः इति स्तोकान्मुक्तः । (થોડાકથી બચી ગયેલો), अंतिकाद् आगतः इति अन्तिकादागतः । कृच्छ्राद् मुक्तः इति कृच्छ्रान्मुक्तः । વગેરે.

2.2.5 ષષ્ઠી તત્પુરુષ : (क) ષષ્ઠ્યન્ત પદનો સંબંધવાચી અન્ય નામપદની સાથે સમાસ થાય છે. દા.ત. राज्ञः पुरुषः इति राजपुरुषः । पशोः पादः (પશુનો પગ) इति पशुपादः । (અહીં અવયવી પશુની સાથે સંબંધી પદાર્થ-તેનો પાદ રૂપ અવયવ છે.- તેની સાથે ષષ્ઠ્યન્ત पशोः પદનો સમાસ થયો છે.) आम्रस्य फलम् इति आम्रफलम् । ब्राह्मणस्य कुलम् इति ब्राह्मणकुलम् । शिखायाः बन्धनम् इति शिखाबन्धनम् । कृष्णस्य भक्तः इति कृष्णभक्तः । વગેરે.

(ख) ષષ્ઠ્યન્ત પદનો / तर / પ્રત્યયાન્ત ગુણવાચક શબ્દની સાથે સમાસ થાય છે; (તથા સમાસ થયા પછી तर પ્રત્યયનો લોપ થાય છે.) જેમ કે-सर्वेषां श्वेततरः इति→सर्वश्वेतः । सर्वेषां महत्तरः इति सर्वमहान् । वर्णानां पूज्यतरः इति वर्णपूज्यः । વગેરે.

(ग) ષષ્ઠ્યન્ત પદનો याजक, पूजक, परिचारक, परिवेषक, स्नापक, अध्यापक, उत्पादक, होतृ, भर्तृ, रथगणक વગેરે કર્તૃ-અર્થવાળા अक/ तृ પ્રત્યયાન્ત શબ્દોની સાથે સમાસ થાય છે. જેમકે, ब्राह्मणस्य याजकः इति ब्राह्मणयाजकः । देवस्य पूजकः इति देवपूजकः । छात्राणाम् अध्यापकः इति छात्राध्यापकः । दधिनः परिवेषकः (દહીં પીરસનાર) इति दधिपरिवेषकः । रिपूणाम् उत्सादकः (દુશ્મનોને મારી નાખનાર) रिपूत्सादकः । વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(घ) ષષ્ઠ્યન્ત પદનો કૃદન્ત શબ્દોની સાથે સમાસ થાય છે. દા.ત. इध्मानां प्रव्रश्चनः इति (ઈંધણાંના લાકડાં કાપનાર કુહાડી) इध्मप्रव्रश्चनः । कुशस्य कर्तनः (કુશઘાસ કાપનારી-કાતર-) इति कुशकर्तनः । कार्याणाम् कारिन् इति कार्यकारिन् (પ્રથમામાં- कार्यकारी) વગેરે.

(ङ) **ષષ્ઠી તત્પુરુષના નિષેધક સ્થળો :** ૧. નિર્ધારણાર્થક ષષ્ઠીનો તત્પુરુષ સમાસ થતો નથી. જેમ કે, नृणां श्रेष्ठः । (માણસોમાં ઉત્તમ). અહીં વિભક્ત્યન્ત પદોવાળું વાક્ય જ હંમેશા વપરાયા કરશે; नृश्रेष्ठः=જેવો સમાસ કદાપિ થતો નથી. આવી જ રીતે, द्विजानाम् श्रेष्ठः (वसिष्ठः) । गवां कृष्णा । यदूनां श्रेष्ठः । (ક્યારેક यदुश्रेष्ठः સમાસ વપરાયેલો જોવા મળે તો, ત્યાં 'સપ્તમી તત્પુરુષ' સમાસ થયો છે એમ સમજીને यदुषु श्रेष्ठः । એવો વિગ્રહ કરવો. पुरुषेषु उत्तमः इति पुरुषोत्तमः । વગેરે.)

૨. ષષ્ઠ્યન્ત પદનો મતિ, બુદ્ધિ અને પૂજા અર્થવાળા ધાતુઓના त પ્રત્યયાન્ત કૃદન્ત શબ્દોની સાથે સમાસ થતો નથી. જેમકે, राज्ञां मतः । (રાજાઓનો મત), साधूनां पूजितः । (સાધુજનોને માટે પૂજિત), कवीनां बुद्धः । (કવિઓમાં પ્રબુદ્ધ)-અહીં 'ષષ્ઠી તત્પુરુષ' સમાસ થતો નથી, કેવળ વિગ્રહવાક્યનો જ પ્રયોગ થાય છે.

૩. એ જ પ્રમાણે, ષષ્ઠ્યન્ત પદનો (क) કર્તા અર્થવાળા 'तृ' અને अक પ્રત્યયાન્ત શબ્દોની સાથે, (ख) પૂરણાર્થક પ્રત્યયાન્ત સંખ્યાવાચક શબ્દોની સાથે, (ग) ગુણવાચક શબ્દોની સાથે, (घ) अत्, तव्य, आन વગેરે પ્રત્યયાન્ત શબ્દોની સાથે, તથા (ङ) અવ્યયોની સાથે અને (च) એકાધિકરણ વાચક શબ્દોની સાથે સમાસ થતો નથી. દા.ત.

(क) अपां स्रष्टा ।	(ग) काकस्य कार्ष्ण्यम् ।	(ङ) ब्राह्मणस्य कृत्वा
छत्रस्य धारकः ।	ब्राह्मणस्य शुक्लाः ।	→ओदनस्य भुक्तवा
(ख) रिपूणां षष्ठः ।	(घ) ब्राह्मणानाम् उपकुर्वन्	→ब्राह्मणस्य कर्तव्यम्
वसूनां पञ्चमः ।	शास्त्राणाम् अधिगच्छन्	(च) तक्षकस्य सर्पस्य ।
	सेवायाः कुर्वाणः	नलस्य राज्ञः । વગેરે.

2.2.6 સપ્તમી તત્પુરુષ : (क) સપ્તમ્યન્ત પદનો शौण्ड, धूर्त, कितव, व्याड, प्रवीण, संवीत, अन्तर, पटु, पण्डित, कुशल, चपल, निपुण, सिद्ध, शुष्क, पक्व, बन्ध, अधीन જેવા શબ્દોની સાથે સમાસ થાય છે. દા.ત.

अक्षेषु शौण्डः । (પાસા રમવામાં લુચ્ચો / ચતુર) →अक्षशौण्डः ।

कर्मणि कुशलः→कर्मकुशलः ।	नाट्ये पटुः→नाट्यपटुः ।
भाषणे कुशलः→भाषणनिपुणः ।	पुराणेषु पण्डितः→पुराणपण्डितः ।
सूत्रेषु संवीतः →सूत्रसंवीतः ।	आतपे शुष्कः→आतपशुष्कः ।

(ख) નિંદા વ્યક્ત કરવી હોય ત્યારે સપ્તમ્યન્ત પદનો ध्वांक्ष (=કાગડો) શબ્દની સાથે સમાસ થાય છે. જેમકે, तीर्थे ध्वांक्षः। (તીર્થસ્થાનમાં બેઠેલો કાગડો, તીર્થસ્થાનમાં રહેવા છતાંય પુણ્યકર્મ નહીં કરતો વ્યક્તિ) इति तीर्थध्वांक्षः । तीर्थे काकः इति तीर्थकाकः । વગેરે.

(ग) કાર્યની આવશ્યકતા પ્રકટ કરવી હોય ત્યારે સપ્તમ્યન્ત પદનો 'કૃત્ય' સંજ્ઞક કૃદન્ત શબ્દોની સાથે સમાસ થાય છે. દા.ત. मासे देयम् (धनम्) (એક મહિનામાં અવશ્ય આપી દેવા યોગ્ય ધન તે) इति मासदेयम् ।

(घ) જો સંજ્ઞાવાચક શબ્દ બનાવવો હોય તો સપ્તમ્યન્ત પદનો બીજા નામપદની સાથે સમાસ થાય છે અને ત્યાં સમાસ થયા પછી પણ સપ્તમી વિભક્તિના પ્રત્યયનો લોપ થતો નથી; અર્થાત્ अलुक् થાય છે, (=સપ્તમીનો પ્રત્યય ચાલુ રહે છે). જેમ કે, अरण्ये तिलकाः इति अरण्येतिलकाः ।

युधि स्थिरः इति युधिष्ठिरः । (પાંડવાગ્રજનું નામ)

वने चरः इति वनेचरः । (એ નામનો એક જાસુસ).

આ સિવાય પણ 'સપ્તમી અલુક્ સમાસો' ભાષામાં સાંભળવા મળે છે. જેમકે, पात्रेसमिताः । (ભોજન સમયે થાળીઓ પીરસાઈ હોય ત્યારે જ ભેગા થનારા), गेहेशूरः (ઘરમાં જ શૂરવીર), गोष्ठेपण्डितः । गेहेदक्षः । વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

2.3.0 સમાનાધિકરણ તત્પુરુષ = કર્મધારય : તત્પુરુષ સમાસનો એક અવાન્તર ભેદ તે 'કર્મધારય' સમાસ છે. અગાઉ જણાવ્યું છે તેમ જ્યારે સમાસમાં જોડાનારા બન્ને પદો સમાન લિંગ, વચન અને (પ્રથમા) વિભક્તિ રૂપ અધિકરણમાં રહેલા હોય (દા.ત. कृष्णः च असौ सर्पः । =કાળો એવો સાપ) ત્યારે તેને (कृष्णसर्पः ને) 'કર્મધારય' સમાસ કહે છે. અહીં ખાસ નોંધપાત્ર તો એ છે કે આમાં પૂર્વપદ અને ઉત્તરપદ બન્ને પ્રથમા વિભક્તિમાં રહેતા હોય છે. (આથી કેટલાક લોકો આને 'પ્રથમા તત્પુરુષ' સમાસ પણ કહેતા હોય છે.) તથા એના વિગ્રહમાં 'च तत्' કે 'स च असौ' એવાં પદો વપરાય છે. આવા 'કર્મધારય' ચાર પ્રકારના હોય છે.

2.3.1 વિશેષણ-પૂર્વપદ કર્મધારય : (क) જ્યારે પૂર્વપદમાં વિશેષણ હોય અને ઉત્તરપદમાં વિશેષ્ય હોય ત્યારે તેને 'વિશેષણ પૂર્વપદ કર્મધારય' કહે છે : (૧) नीलम् च तत् उत्पलम् (કાળું એવું કમળ) અહીં પૂર્વપદમાં नीलम् એ વિશેષણ છે, અને ઉત્તરપદમાં उत्पलम् એ વિશેષ્ય છે. વળી, બન્ને પ્રથમા વિભક્તિમાં=સમાનાધિકરણમાં છે. તેમનો સમાસ થતાં नीलउत्पलम् થઈને→ તેમાં સન્ધિ થતાં →नीलोत्पलम् । થશે. (૨) कृष्णः च असौ सर्पः इति कृष्णसर्पः । (૩) रक्ता च असौ लता इति रक्तलता ।

(ख) सत्, महत्, परम, उत्कृष्ट એ શબ્દોનો પૂજાર્હ વ્યક્તિવાચક શબ્દોની સાથે (સમાનાધિકરણ કર્મધારય) સમાસ થાય છે. દા.ત. (१) सन् चासौ वैद्यः इति सद्वैद्यः । (२) महान् चासौ वैयाकरणः इति महावैयाकरणः । (३) परमः च असौ भक्तः इति परमभक्तः । (४) उत्कृष्टश्चासौ लेखकः इति उत्कृष्टलेखकः ।

(ग) જાતિવિષયક પ્રશ્ન કરવાનો હોય ત્યારે कतर । कतम જેવા શબ્દોનો જાતિવાચક શબ્દની સાથે સમાસ થાય છે : (१) कतरः च असौ कठः इति कतरकठः । (તમારા બેમાંથી કોણ કઠશાખાના વેદનું અધ્યયન કરનારો =કઠજાતિનો છે ?) (२) कतमः च असौ कलापः इति कतमकलापः । વગેરે.

(घ) નિંદાનો અર્થ વ્યક્ત કરવો હોય ત્યારે किम् એવા સર્વનામનો વિશેષ્યવાચક શબ્દની સાથે સમાસ થાય છે : (१) किं=कः (→कुत्सितः) चासौ राजा इति 'किंराजा' । (२) कुत्सितः च असौ पुरुषः इति कुपुरुषः । (३) कुत्सितः देशः इति कुदेशः । (४) ક્યારેક कुत्सित અર્થમાં कु ના સ્થાને कद् કે का એવા આદેશો પણ થાય છે : कुत्सितम् अन्नम् इति कदन्नम् । (५) कुत्सितः पुरुषः इति कापुरुषः ।

(ङ) पूर्व, अपर, प्रथम, चरम, जघन्य, मध्य, मध्यम, वीर, एक, सर्व, जरत्, पुराण, नव, केवल, જેવા શબ્દોનો બીજા વિશેષ્યવાચક શબ્દની સાથે સમાસ થાય છે. જેમકે,

(१) पूर्वश्चासौ वैयाकरणः इति पूर्ववैयाकरणः ।
(२) प्रथमश्चासौ वैदिकः इति प्रथमवैदिकः ।
(३) वीरश्चासौ पुत्रः इति वीरपुत्रः ।
(४) जघन्या चासौ जातिः इति जघन्यजातिः ।
(५) एकश्चासौ नाथः इति एकनाथः ।
(६) सर्वे चा अमी पौराणिकाः इति सर्वपौराणिकाः ।
(७) जरन् चासौ नैयायिकः इति जरन्नैयायिकः ।
(८) केवलश्चासौ वैयाकरणः इति केवलवैयाकरणः ।

2.3.2 વિશેષ્યપૂર્વપદ કર્મધારય : (क) પૂર્વપદમાં રહેલા વિશેષ્યવાચક પદોનો નિંદાબોધક વિશેષણવાચક ઉત્તરપદોની સાથે સમાસ થાય છે. જેમકે, (१) वैयाकरणश्चासौ खसूचिः इति वैयाकरणखसूचिः । (કોઈ વૈયાકરણને પ્રશ્ન પૂછવામાં આવે અને તે જવાબ ન આપી શકે, તે ક્ષણે આકાશ તરફ તાકીને ઊભો રહે તો તેને નિંદામાં 'વૈયાકરણખસૂચિ' કહેવાય છે.) (२) ब्रह्मचारी चासौ उदरंभरिः इति ब्रह्मचार्युदरंभरिः ।

(ख) જાતિવાચક પદનો સ્તુતિવાચક શબ્દોની સાથે સમાસ થાય છે : गौः चासौ मतल्लिका च इति गोमतल्लिका । એવી જ રીતે गोतल्लजः । विप्रप्रकांडम् । नारीमर्चचिका । વગેરે.

(ग) युवन् શબ્દનો खलति, पलित, वलिन અને जरती શબ્દોની સાથે સમાસ થાય છે. તથા कुमारी શબ્દનો श्रमणा, गर्भिणी, प्रव्रजिता, कुलटा, तापसी, दासी, बंधकी, अध्यापक, पण्डित, पटु, मृदु, कुशल, चपल અને निपुण શબ્દોની સાથે સમાસ થાય છે. જેમકે, कुमारी चासौ श्रमणा च । इति कुमारश्रमणा । (=કુમારી એવી બૌદ્ધ સંન્યાસિની) कुमारगर्भिणी । (=કુમારી એવી ગર્ભિણી) कुमारप्रव्रजिता । અહીં વિશેષ્યવાચક પદ પૂર્વમાં રહેલું છે અને વિશેષણ ઉત્તરપદમાં રહેલું છે – તે ધ્યાનાસ્પદ છે.

2.3.3 વિશેષણોભયપદ કર્મધારય : (क) પૂર્વકાલિક (અર્થાત્ ભૂતકાલિક) વિશેષણવાચક શબ્દનો બીજા એક વિશેષણવાચક નામપદની સાથે સમાસ થાય છે. દા.ત. (पूर्वं) स्नातः (पश्चात्) अनुलिप्तः इति स्नातानुलिप्तः । "(પહેલાં) નાહેલો અને (પછી) અંગલેપન કરેલો જે વ્યક્તિ તે 'સ્નાતાનુલિપ્ત' કહેવાય." એવી જ રીતે मुक्तनिद्रितः । पीतप्रतिबद्धः । વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) નઞ્ રહિત પદનો નઞ્ વિશિષ્ટ त પ્રત્યયાન્તની સાથે કર્મધારય સમાસ થાય છે. દા.ત. कृतञ्च तत् अकृतम् (च) इति कृताकृतम् । गतागतम् । उक्तानुक्तम् । स्थितास्थितम् । વગેરે.

(ग) કૃત્ય સંજ્ઞક કૃત્પ્રત્યયાન્ત શબ્દો અને તુલ્યાર્થક શબ્દોનો જાતિવાચક શબ્દોની સાથે સમાસ થાય છે. જેમ કે, भोज्यम् च तत् उष्णम् (च) इति भोज्योष्णम् । એવી રીતે तुल्यारुणः । सदृशश्वेतः । समानशुक्लः ।

(घ) कडार, खञ्ज, काण, खलति, गौर, वृक्ष, भिक्षुक, पिङ्गल, बधिर, माठर, बर्बर, णौ, अन्न, शुक, शृगाल વગેરે પદો કર્મધારય સમાસમાં જોડાય છે ત્યારે તેમનો વિકલ્પે પૂર્વનિપાત થાય છે (અર્થાત્ સમાસમાં તે કયારેક પૂર્વપદ રૂપે વપરાય છે, અથવા ક્યારેક ઉત્તરપદ રૂપે પણ વપરાય છે) દા.ત. (૧) कडारजैमिनिः અથવા जैमिनिकडारः । (=कडारश्चासौ जैमिनिः च) (૨) पुरुषखञ्जः અથવા खञ्जपुरुषः । (पुरुषः चासौ खञ्जः च । 'પુરુષ, કે જે લંગડો છે' અથવા 'લંગડો એવો પુરુષ').

2.3.4 ઉપમાનપૂર્વપદ કર્મધારય : (ઉપમાલંકાર) (क) ઉપમાન વાચક પદનો ઉપમેયવાચક પદની સાથે સમાસ થાય છે. દા.ત: (૧) घनः इव श्यामः । (વાદળ જેવો કાળો) इति घनश्यामः । અહીં પૂર્વપદમાં 'વાદળ' તે ઉપમાન છે (જેનાથી ઉપમા અપાય છે તે) અને ઉત્તરપદમાં श्यामः તે ઉપમેય છે (જેને ઉપમા અપાય છે તે), (૨) इन्दुः इव वदनम् इति इन्दुवदनम् । विद्युच्चपला । तडिद्गौरः ।

2.3.5 ઉપમાનોત્તરપદ કર્મધારય : (રૂપકાલંકાર) (क) પૂર્વપદમાં રહેલા ઉપમેયવાચક શબ્દનો ઉત્તરપદમાં રહેલા व्याघ्र, सिंह, ऋक्ष, ऋषभ, चंदन, वृक, वृष, वराह, हस्तिन्, तरु, कुंजर, पृषत्, पुंडरीक, पलाश, कितव, पद्म, कमल, चन्द्र વગેરે શબ્દોની સાથે સમાસ થાય છે. દા.ત. पुरुषः व्याघ्रः इव इति पुरुषव्याघ्रः । (પુરુષ રૂપી વાઘ), पुरुषः ऋषभ इव इति पुरुषर्षभः । (પુરુષ રૂપી ઋષભ=આખલો). ना सिंह इव इति नृसिंहः । 'પુરુષ રૂપી સિંહ.' વગેરે. એવી જ રીતે मुखकमलम् (મુખ રૂપી કમળ), अधरकिसलयम् । (અધર રૂપી કુંપળ), पादपद्मम् । (પાદ રૂપી પદ્મ) વગેરે સમાસો સમજવા. એ જ પ્રમાણે, विद्या एव धनम् इति विद्याधनम् । (વિદ્યા એ જ ધન, વિદ્યા રૂપી ધન), तपोधनम् । यशोधनम् । क्षमाशस्त्रम् । વગેરે સમાસો પણ સમજવા.

2.4 દ્વિગુ સમાસ : જે કર્મધારય સમાસમાં પ્રથમ શબ્દ સંખ્યાવાચક હોય અને બીજો શબ્દ કોઈ સંજ્ઞાવાચક હોય ત્યારે તેને 'દ્વિગુ સમાસ' કહેવામાં આવે છે. (क) આવા દ્વિગુ સમાસમાં (૧) કાં તો ઉત્તરપદની પાછળ કોઈ તદ્ધિત પ્રત્યય આવતો હોય છે; અથવા તો (૨) આવો દ્વિગુ સમાસ આખો બીજા કોઈ સામાસિક શબ્દમાં પ્રવેશતો હોય છે. દા.ત.

(૧) षण्णां मातृणाम् अपत्यं पुमान् इति षाण्मातुरः । (અહીં સમાસની પ્રક્રિયા દરમ્યાન વિગ્રહ વાક્યમાં षष्+मातृ= षण्मातृ બને છે; પછી તેની પાછળ 'તેનો પુત્ર' અર્થમાં તદ્ધિતનો अ પ્રત્યય લાગે છે :-षष्+मातृ+अ→षाण्मातुरः । શબ્દ બને છે.)

(૨) पञ्चगावः धनं यस्य सः इति पञ्चगवधनः । અહીં પહેલે તબક્કે पञ्च+गो નો દ્વિગુસમાસ એટલે થઈ શકયો છે કે, બીજે તબક્કે તેનો બહુવ્રીહિ સમાસમાં પ્રવેશ કરાવવો છે. पञ्चगवधनः । એવા 'દ્વિગુ ગર્ભિત બહુવ્રીહિ' સમાસનો અર્થ થાય છે : ''પાંચ ગાયો રૂપી ધન છે જેની પાસે તે વ્યક્તિ''- 'પંચગવધન' કહેવાય.

(ख) ક્યારેક સમાહાર (=નો સમૂહ) અર્થ દર્શાવવા માટે પણ દ્વિગુસમાસ થાય છે. જેમકે, (૧) त्रयाणाम् भुवनानां समाहारः इति त्रिभुवनम् । (ત્રણ ભુવનોનો સમૂહ). (૨) पञ्चानां पात्राणां समाहारः इति पञ्चपात्रम् । આવા સમાહાર દ્વિગુસમાસો હંમેશાં નપુંસકલિંગ અને એકવચનમાં જ વપરાય છે. (૩) चतुर्णां युगानां समाहारः इति चतुर्युगम् । વગેરે. પરંતુ જ્યારે वट, लोक કે मूल જેવા અકારાન્ત શબ્દો ઉત્તરપદમાં હોય ત્યારે સમાહાર દ્વિગુસમાસમાં અંતે દીર્ઘ ई જોડાય છે અને તે શબ્દ સ્ત્રીલિંગમાં વપરાય છે : (૪) पञ्चानाम् वटानां समाहारः इति पञ्चवटी । (૫) त्रयाणाम् लोकानाम् समाहारः इति त्रिलोकी । (૬) पञ्चानां मूलानां समाहारः इति पञ्चमूली । વગેરે.

2.5 નઞ્ તત્પુરુષ : (क) નઞ્ એવા નિષેધાર્થક પદનો બીજા એક નામપદની સાથે સમાસ થાય છે; અને આવે પ્રસંગે જો (૧) નઞ્ની પાછળ ઉત્તરપદમાં આવેલો શબ્દ વ્યંજનાદિ હોય તો નઞ્ના સ્થાને 'अ' આદેશ થાય છે; પણ જો (૨) નઞ્ની પાછળ ઉત્તરપદમાં આવેલો શબ્દ સ્વરાદિ હોય તો નઞ્ ના સ્થાને अन् એવો આદેશ થાય છે. દા.ત. (૧) न ब्राह्मणः इति अब्राह्मणः । (જે બ્રાહ્મણ નથી તે 'અબ્રાહ્મણ' કહેવાય.) न सत्यम् इति असत्यम् । न कृतम् इति अकृतम् । વગેરે. (અહીં न ની પરમાં ब्राह्मण વગેરે શબ્દો વ્યંજનાદિ છે-એ નોંધવું) (૨) न अश्वः इति अनश्वः । (જે અશ્વ નથી તે 'અનશ્વ' કહેવાય.) અહીં न ની પાછળ સ્વરાદિ શબ્દ આવેલો છે-એ નોંધવું.) આવી જ રીતે-न आगतम् इति अनागतम् । न ईशः इति अनीशः । વગેરે સમાસો સમજવા.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જ્ઞાતવ્ય : સંસ્કૃત ભાષામાં નિષેધાર્થક નञ् અવ્યય શબ્દના કુલ છ અર્થો છે :

साद्दश्यं[1] तदभावश्च[2] तदन्यत्वं[3] तदल्पता[4] ।
अप्राशस्त्यं[5] विरोधश्च[6] नञर्थाः षट् प्रकीर्तिताः ॥

આ દરેકનાં ઉદાહરણ આ પ્રમાણે આપી શકાય :

(૧) अनिक्षुः शरः । (શેરડી નહીં, પણ શેરડીના દંડ જેવું બાણ) સાદશ્ય
(૨) अज्ञानम्→(જ્ઞાનનો અભાવ). नास्ति धनं यस्य सः अधनः । (ધન વગરનો) –અભાવ.
(૩) अघटः पटः । (પટ અઘટ છે = ઘટ ભિન્ન તે પટ)-તદન્યત્વ
(૪) अनुदरी तरुणी । (પેટ વગરની કન્યા = પાતળી કમરવાળી)-તદલ્પતા
(૫) अब्राह्मणः (જે બ્રાહ્મણ નથી તે)-અપ્રાશસ્ત્ય (અપ્રશંસનીય)
(૬) असुरः (સુરોનો વિરોધી)-વિરોધ

નોંધ : આ अनिक्षुः, अज्ञानम् વગેરે નઞ્ તત્પુરુષ સમાસનાં જ ઉદાહરણો છે. પણ તે દરેકમાં નञ् (નિષેધાર્થક अ)નો અર્થ જુદો જુદો છે.

2.6 પ્રાદિ તત્પુરુષ સમાસ : જે કર્મધારય સમાસના પૂર્વપદમાં प्र, परा, अव, प्रति, निर्, परि વગેરે 'ઉપસર્ગો' રહેલા હોય તે સમાસને 'પ્રાદિ તત્પુરુષ' સમાસ કહે છે. દા.ત. (૧) प्रगतः आचार्यः इति 'प्राचार्यः' (નિવૃત્ત થઈ ગયેલા આચાર્ય) (૨) प्रगतः पितामहः इति प्रपितामह (વડદાદા), (૩) अतिक्रान्तः मर्यादाम् इति अतिमर्यादः । (મર્યાદાને ઓળંગી ગયેલો), (૪) प्रतिगतः अक्ष्णः इति प्रत्यक्षः । (આંખની સામે આવેલ), (૫) उद्गतः वेलाम् इति उद्वेलः । (કિનારાની ઉપર આવી ગયેલો), વગેરે.

2.7 ગતિ તત્પુરુષ સમાસ : ऊरी, उररी જેવા શબ્દો અને च्वि પ્રત્યયાન્ત (=मलिनी, स्वी, अङ्गी, स्पष्टी, कृष्णी, शुक्ली વગેરે) શબ્દોનો કેટલાક કૃત્ પ્રત્યયાન્ત શબ્દોની સાથે સમાસ થાય ત્યારે તેને 'ગતિ' તત્પુરુષ સમાસ કહે છે. દા.ત. अमलिनं मलिनं कृत्वा इति मलिनीकृत्य । स्वीकृत्य । स्वीकारः । अङ्गीकार । उररीकृत्य । अलंकृत्य । सत्कृत्य । साक्षात्कृत्य । तिरस्कृत्य । तिरोभूय । વગેરે.

2.8 ઉપપદ તત્પુરુષ : ક્રિયાપદમાંથી સાધિત હોય એવું કૃદન્ત રૂપ ઉત્તરપદમાં હોય, અને તે ક્રિયાપદનું કર્મકારકાદિ વાચક પદ ઉપપદમાં (=નજીકમાં આવેલું પદ) 'પૂર્વપદ' રૂપે રહેલું હોય ત્યારે તેને 'ઉપપદ તત્પુરુષ' સમાસ કહે છે. દા.ત. कुम्भं करोति इति (कुम्भ+कार)→कुम्भकारः । અહીં कुम्भ કર્મકારકવાચક શબ્દ 'ઉપપદ'માં રહેતાં करोति ક્રિયાપદમાંથી (કર્તા અર્થમાં) કૃદન્તનો अ પ્રત્યય લાગીને कार શબ્દ બનાવાયો છે, ત્યાર પછી તે कुम्भ+कार નો સમાસ થઈને कुम्भकार એવો સામાસિક શબ્દ બને છે. એ જ પ્રમાણે, पङ्के जायते इति पङ्कजम् । कम्बलं ददाति इति कम्बलदः । वरं ददाति इति वरदः । महिषासुरं मर्दयति (या सा) महिषासुरमर्दिनी ।

2.9 મધ્યમપદલોપી તત્પુરુષ : ઉપલક દૃષ્ટિએ આ સમાસની ઓળખ આપીએ તો-ત્રણ પદોનો સમાસ કરતી વખતે જ્યારે વચ્ચે આવેલા (મધ્યમ)પદનો લોપ કરી દેવામાં આવે છે તેને 'મધ્યમપદલોપી સમાસ' કહે છે. (આ સમાસ કર્મધારયનો જ પ્રભેદ છે.) જેમકે, शाकं प्रियं यस्य सः । (શાક છે પ્રિય જેને તે વ્યક્તિ) शाकप्रियः । (કહેવાય). હવે (शाकप्रियः च असौ पार्थिवः । (શાકપ્રિય એવો રાજા) તે शाकपार्थिवः । અહીં મધ્યમપદ રૂપે રહેલા 'प्रिय' શબ્દનો લોપ થયો છે. તેથી તેને 'મધ્યમપદલોપી તત્પુરુષ' કહેવાય છે. (અહીં બહુવ્રીહિગર્ભિત કર્મધારય થયો છે.) (૨) એ જ પ્રમાણે, देवस्य पूजकः इति देवपूजकः । (પ્રથમ તબક્કે ષષ્ઠી તત્પુરુષ), પછી देवपूजकः च असौ ब्राह्मणः (કર્મધારય)→इति देवब्राह्मणः । અહીં મધ્યમાં રહેલા पूजक શબ્દનો લોપ થયો છે. તેથી તેને મધ્યમપદલોપી તત્પુરુષ કહેવાશે. (૩) स्निग्धछायातरुषु (वसतिं रामगर्याश्रमेषु चक्रे यक्षः) । અહીં પહેલાં छायाप्रधानाः तरवः इति छायातरवः એવો મધ્યમપદલોપી સમાસ થયો છે; ત્યાર પછી स्निग्धः चामी छायातरवः इति स्निग्धछायातरवः । એવો (મધ્યમપદલોપીગર્ભિત) કર્મધારય થયો છે.

2.10 મયૂરવ્યંસકાદિ તત્પુરુષ : ભાષામાં એવા કેટલાક તત્પુરુષ સમાસો જોવા મળે છે કે જેમાં સામાન્ય નિયમોનો ભંગ થયેલો જોવા મળે છે. જેમકે, (૧) व्यंसकः मयूरः । (ચતુર મોર). અહીં વિશેષણવાચક પદનો સમાસમાં પૂર્વપદ રૂપે પ્રયોગ થવો જોઈએ, પરંતુ વાસ્તવિક સમાસમાં તેમાં વ્યુત્ક્રમ થઈને मयूरव्यंसकः । એવો સમાસ થાય છે. (૨) अन्यो राजा इति राजान्तरः । (૩) अन्या भाषा इति भाषान्तरम् । अन्यो देशः इति देशान्तरः । (૪) उदक् च अवाक् चेति उच्चावचम् । नास्ति कुतः भयं यस्य सः अकुतोभयः । (આ બધાને નિત્યસમાસ ગણવામાં આવ્યા છે.)

2.11 અલુક્ તત્પુરુષ સમાસ : સામાન્ય રીતે તો જ્યારે બે પદોનો સમાસ થાય છે ત્યારે તે પદોના વિભક્તિપ્રત્યયોનો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લોપ (લુક્) થાય છે. દા.ત. 'राज्ञः पुरुषः' इति राजपुरुष । (પછી તે સામાસિક શબ્દનાં રૂપો ચલાવીએ ત્યારે राजपुरुषः । राजपुरुषौ । राजपुरुषाः । એમ થાય છે.) પરંતુ ક્યારેક સમાસ થયા પછી પણ એમાં જોડાયેલા પૂર્વપદના વિભક્તિપ્રત્યયનો લોપ થતો નથી. દા.ત. आत्मने पदम् (પોતાને માટે વપરાતું જે પદ) इति आत्मनेपदम् । (અહીં आत्मन् શબ્દને લાગેલી ચતુર્થી વિભક્તિનો (= ए પ્રત્યયનો) લોપ થતો નથી. આથી આને ''ચતુર્થી અલુક્ તત્પુરુષ'' સમાસ કહે છે. એ જ રીતે परस्मै पदम् इति परस्मैपदम् । (ચતુર્થી અલુક્ તત્પુરુષ). खे चरति इति खेचरः । (સપ્તમી અલુક્ ઉપપદ તત્પુરુષ). युधि स्थिरः इति युधिष्ठिरः । (સપ્તમી અલુક્ તત્પુરુષ). पश्यतो हरः (દેખતાં ચોરી લેનાર) = इति पश्यतोहरः । (ષષ્ઠી અલુક્ તત્પુરુષ), देवानां प्रियः इति देवानां प्रियः । (દેવોને પ્રિય અર્થાત્ મૂર્ખ વ્યક્તિ) ['સાચે જ દેવોને પ્રિય વ્યક્તિ' એમ કહેવું હોય તો વિભક્તિપ્રત્યયનો લુક્ થાય : देवप्रियः] सरसि जायते इति (સરોવરમાં જે જન્મે છે તે કમળ) सरसिजम् । (સપ્તમી અલુક્ ઉપપદ તત્પુરુષ સમાસ).

2.12 રૂપરચના બાબતે વ્યવસ્થા : (૧) ભાષામાં વપરાતા તત્પુરુષ સમાસો [દ્વિગુ અને ગતિ તત્પુરુષને બાદ કરતાં] વાક્યરચનાની કોટિએ 'વિશેષણ' રૂપે કામગીરી બજાવે છે. (૨) (દ્વન્દ્વ સમાસની જેમ) તત્પુરુષ સમાસમાં જે શબ્દ ઉત્તરપદમાં આવેલો હોય તેનું જે લિંગ હોય, તે આખા સામાસિક શબ્દનું લિંગ ગણાય છે. દા.ત. अर्धं पिप्पल्याः इति अर्धपिप्पली । (૩) તત્પુરુષ સમાસના અંતે राजन्, अहन् કે सखि શબ્દ આવે તો ત્યાં સમાસાન્ત टच्(=अ) પ્રત્યય લાગીને, આખો શબ્દ અકારાન્ત બને છે. દા.ત. महान् चासौ राजा > महाराजः (महाराजन्+टच्=अ, टि =अन् નો લોપ > महाराज्+अ= महाराज) कृष्णस्य सखा इति > कृष्णसखि+टच् (=अ)>कृष्णसख्+अ=कृष्णसखः । પરંતુ નઞ્ તત્પુરુષ સમાસમાં આ टच् પ્રત્યય લાગતો નથી. न सखा इति असखा । अराजा । (૪) સમાનાધિકરણ કર્મધારય અને બહુવ્રીહિમાં महत् શબ્દને 'महा' એવો આદેશ થાય છે. દા.ત. महान् चासौ देवः इति महादेवः । (પણ महतां सेवा । એવો વ્યધિકરણ તત્પુરુષ=ષષ્ઠી સમાસ હોય ત્યાં 'महा' નહીં થાય > महत्सेवा । (૫) अहन् सर्व, કોઈ એક ભાગ સૂચવતો શબ્દ અને पुण्य એવા શબ્દની સાથે रात्रि શબ્દનો સમાસ થાય ત્યારે रात्रि ને रात्र એવો આદેશ થાય છે. દા.ત. अहश्च रात्रिश्चेति अहोरात्रः । सर्वा रात्रिः इति सर्वरात्रः । पुण्या रात्रिः इति पुण्यरात्रः । पूर्वं रात्रेः इति पूर्वरात्रः । (૬) ઉપર્યુક્ત 'सर्व' વગેરે શબ્દોની સાથે સમાસ થાય ત્યારે अहन् શબ્દને अह्न એવો આદેશ થાય છે. દા.ત. सर्वाह्णः । पूर्वाह्णः । मध्याह्नः । सायाह्नः । अपराह्णः । વગેરે. પરંતુ સંખ્યાવાચક શબ્દોની સાથે (સમાહાર દ્વિગુ) સમાસ થયો હોય ત્યારે अह्नः આદેશ થતો નથી. सप्तानाम् अह्नां समाहारः इति सप्ताहः । एकाहः । द्व्यहः । त्र्यहः । વગેરે. (૭) કેટલાક સમાસો રૂઢિથી જ ભાષામાં વપરાશમાં આવી ગયા છે (=निपातनથી સિદ્ધ છે.) જેમ કે, नक्तन्दिवम् । रात्रिदिवम् । अहर्दिवम् । निःश्रेयसम् । ऋग्यजुषम् ।

3.0 બહુવ્રીહિ સમાસ :

'બહુવ્રીહિ' એવા શબ્દનો અર્થ થાય છે : ''ઘણા બધા વ્રીહિ (=ડાંગર) છે જેની પાસે'' (તેવો ખેડુત). આમાં बहु નો અર્થ થયો 'ઘણા બધા.' અને 'व्रीहि' નો અર્થ થયો 'ડાંગર'; પણ તે બે શબ્દોનો સમાસ થતાં એક ત્રીજી જ વ્યક્તિનો બોધ થયો : 'ઘણા ડાંગરવાળો ખેડુત.' આમાંથી બહુવ્રીહિ-સમાસની એક પાયાની ઓળખ એ મળી રહે છે કે अन्यपदार्थप्रधानो बहुव्रीहिः । 'જ્યાં સમાસમાં વપરાયેલા-જોડાયેલા-પદોનો અર્થ પ્રધાન (=મુખ્ય) ન હોય, પણ સમાસની બહારના કોઈક અન્ય પદનો અર્થ પ્રધાન હોય તે બહુવ્રીહિ સમાસ હોય છે. દા.ત. (૧) पीतम् अम्बरम् यस्य सः=पीताम्बरः (कृष्णः) । 'પીળું છે વસ્ત્ર જેનું' (અહીં पीत શબ્દનો અર્થ 'પીળો રંગ', અને अम्बर શબ્દનો અર્થ 'વસ્ત્ર' થાય છે; અને તેમનો સમાસ થતાં पीताम्बर શબ્દ દ્વારા पीताम्बर પહેરેલા કૃષ્ણનો બોધ થાય છે.) અહીં पीत અને अम्बर શબ્દોના અર્થ મુખ્ય નથી, પણ અન્ય પદ તરીકે 'કૃષ્ણ' અર્થ પ્રધાનપણે વિલસે છે. (૨) दृष्टा काशी येन सः (शिष्यः)='दृष्टकाशिः' । 'જોઈ છે કાશી નગરી જેણે' તે ''दृष्टकाशि'' કહેવાય. ટૂંકમાં આવો બહુવ્રીહિ-સમાસ કોઈક અન્ય પદનું વિશેષણ હોય છે. કૃષ્ણ કેવા ? તો पीताम्बरः (=પીળા વસ્ત્રવાળા)', શિષ્ય કેવો ? તો दृष्टकाशिः (જેણે કાશી જોઈ છે તે). આવા બહુવ્રીહિ સમાસના બે મુખ્યભેદ છે : (૧) સમાનાધિકરણ (=બે પ્રથમાન્ત પદોનો) બહુવ્રીહિ, અને (૨) વ્યધિકરણ (બે પદો જુદી જુદી વિભક્તિમાં હોય એટલે કે એક પદ પ્રથમા વિભક્તિમાં હોય પણ બીજું પદ ષષ્ઠી કે સપ્તમીમાં હોય તેવો) બહુવ્રીહિ.

---

૧. पीतञ्च तत् अम्बरम् इति पीताम्बरम् । (નપું.) એવો કર્મધારય સમાસ હોય ત્યાં પહેલો શબ્દ બીજા શબ્દનું વિશેષણ હોય છે : 'પીળું એવું વસ્ત્ર.' પણ पीतम् अम्बरम् यस्य सः इति **पीताम्बरः** (પું.) (=कृष्णः) ત્યાં આખો સામાસિક શબ્દ કૃષ્ણનું વિશેષણ બને છે. કૃષ્ણ કેવા ? તો पीताम्बर=પીળા વસ્ત્રવાળા. (એટલે કે આ બીજા વિગ્રહ મુજબનો पीताम्बरः શબ્દ બહુવ્રીહિસમાસ છે.) અને તે સામાસિક શબ્દ આખો અન્યપદ (=કૃષ્ણ)નું વિશેષણ બને છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

3.1.0 સમાનાધિકરણ બહુવ્રીહિના છ ભેદ :

દ્વિતીયા સમાનાધિકરણ બહુવ્રીહિ	પંચમી સમાનાધિકરણ બહુવ્રીહિ
તૃતીયા સમાનાધિકરણ બહુવ્રીહિ	ષષ્ઠી સમાનાધિકરણ બહુવ્રીહિ
ચતુર્થી સમાનાધિકરણ બહુવ્રીહિ	સપ્તમી સમાનાધિકરણ બહુવ્રીહિ

3.1.1 દ્વિતીયા સમાનાધિકરણ બહુવ્રીહિ : ઉદા.ત. (૧) आरूढः वानरः यं सः इति 'आरूढवानरः' (=वृक्षः) 'જેની ઉપર વાંદરો ચઢ્યો છે તે (વૃક્ષ)ને' आरूढवानरः કહેવાય છે. અહીં आरूढः અને वानरः એ બે પ્રથમાન્ત પદો છે, અને જે અન્યપદનો અર્થ પ્રાધાન્યેન દર્શાવવો છે તેને માટે यत् સર્વનામનું યોગ્ય રૂપ અને तत् નું પ્રથમાન્ત રૂપ વિગ્રહવાક્યમાં વાપર્યું છે. (અહીં यत् નું દ્વિતીયાન્ત રૂપ यम् છે.) (૨) प्राप्तम् उदकम् यं सः इति 'प्राप्तोदकः' (=ग्रामः)। 'જેમાં પાણી પહોંચ્યું છે તે (ગામ) ને 'પ્રાપ્તોદક' કહે છે.

3.1.2 તૃતીયા સમાનાધિકરણ બહુવ્રીહિ : (૧) जितानि इन्द्रियाणि येन सः =जितेन्द्रियः (रामः)। 'જીતી છે ઇન્દ્રિયો જેણે' (તેવા રામ). અહીં સમાસાન્તર્ગત जित અને इन्द्रिय એ બે પદોનો અર્થ મુખ્ય નથી, પણ जितेन्द्रिय એવા સમાસથી જે અન્ય પદનો (=राम નો) અર્થ બોધિત થાય છે તે જ પ્રધાન છે. અહીં તૃતીયાન્ત येन (=જેના વડે) થી તે અન્યપદનો અર્થ સૂચવાયો છે. (૨) ऊढः रथः येन सः ऊढरथः (अनड्वान्) -'રથનું વહન કર્યું છે જેણે' તેવો બળદ.

3.1.3 ચતુર્થી સમાનાધિકરણ બહુવ્રીહિ : (૧) उपहृतः पशुः यस्मै सः→'उपहृतपशुः' (=रुद्रः)। (બલિ રૂપે) ચઢાવાયો છે પશુ જેને તે (રુદ્રદેવ)ને उपहृतपशुः। કહે છે. (૨) दत्तम् धनम् यस्मै सः ='दत्तधनः' (ब्राह्मणः) આપવામાં આવ્યું છે ધન જેમને-તે 'दत्त- धन' કહેવાય છે. અહીં 'दत्तधन' શબ્દથી 'ब्राह्मण' એવા અન્યપદનો અર્થ સમજાય છે.

3.1.4 પંચમી સમાનાધિકરણ બહુવ્રીહિ : (૧) निर्गतं धनं यस्मात् सः-'निर्धनः' (पुरुषः)→ ચાલ્યું ગયું છે ધન જેની પાસેથી તે વ્યક્તિને निर्धनः કહેવાય છે. અહીં निर्धनः એવા સમાસથી અન્ય પુરુષનો એવી વ્યક્તિનો બોધ મુખ્યત્વે થાય છે કે જેની પાસેથી ધન ચાલ્યું ગયું છે. (૨) उद्धृतम् ओदनम् यस्याः सा उद्धृतोदना (स्थाली) -કાઢી લેવામાં આવ્યો છે ભાત જેમાંથી તે (તપેલી)ને 'उद्धृतोदना' કહે છે.

3.1.5 ષષ્ઠી સમાનાધિકરણ બહુવ્રીહિ : (૧) लम्बौ कर्णौ यस्य सः इतिं लम्बकर्णः (=गदर्भः) 'લાંબા છે બે કાન જેના તે (ગધેડા)ને 'लम्बकर्ण' કહે છે. અહીં 'લાંબા' અને 'કાન' એ બે શબ્દોના અર્થ મુખ્ય-પ્રધાન-નથી; પણ અન્યપદનો અર્થ 'ગદર્ભ' રૂપી અર્થ-પ્રધાન પણે સમજાય છે. -'લાંબા કાનવાળો' (અહીં '-વાળો' એવો અર્થ સમાસ થયા પછી નવો જન્મે છે; અને તે અન્ય પદાર્થનું વિશેષણ બની રહે છે. 'ગદર્ભ' કેવો ? તો 'लम्बकर्ण'.) (આથી બહુવ્રીહિ સમાસના અનુવાદમાં 'વાળી, વાળો, વાળું'-એવા શબ્દો વાપરવા.) (૨) पीतम् अम्बरं यस्य सः इति पीताम्बरः (कृष्णः)। 'પીળું છે વસ્ત્ર જેનું' ='પીળા વસ્ત્રવાળા' (=શ્રીકૃષ્ણ).

3.1.6 સપ્તમી સમાનાધિકરણ બહુવ્રીહિ : (૧) वीराः पुरुषाः यस्मिन् (देशे) सः इति वीरपुरुषः (=देशः) 'વીર છે પુરુષો જે (દેશ)માં' તેને 'વીરપુરુષ' દેશ કહે છે. (=વીર પુરુષોવાળો દેશ).

3.2 વ્યધિકરણ બહુવ્રીહિ : (क) પ્રથમાન્ત પદનો સપ્તમ્યન્ત પદની સાથે ''यस्य सः'' (જેનું છે તે)-અર્થમાં આ સમાસ થાય છે. દા.ત. (૧) चक्रं पाणौ यस्य सः चक्रपाणिः। 'ચક્ર છે હાથમાં જેની'-તે 'ચક્રપાણિ' (=કૃષ્ણ) કહેવાય. અહીં चक्रम् તે પ્રથમાન્ત પદ છે, અને पाणौ તે पाणि શબ્દનું સપ્તમી એકવચન છે.

(૨) घृतस्य गन्धो (=લેશઃ) यस्मिन् तत्=घृतगन्धि। 'ઘીનો ગન્ધ છે જેમાં (=જેમાં સ્હેજ જ ઘી છે તે) તેને 'घृतगन्धि' કહે છે. (ख) ઉપમાનવાચક પદનો અન્ય પદની સાથે यस्य सः અર્થમાં સમાસ થાય છે. દા.ત. (૧) हरिणस्य अक्षिणीव अक्षिणी यस्याः सा=हरिणाक्षी (=दमयन्ती) હરિણની આંખો જેવી છે આંખો જેની તે (સ્ત્રી)ને हरिणाक्षी કહેવાય. (આ દમયંતીનું વિશેષણ બને છે.) (૨) मृगराजस्य कटिरिव कटिः यस्य सः। (મૃગરાજ=સિંહની કટિ-કમર-જેવી કટિ છે જેની, તેને) मृगराजकटिः કહે છે.

3.3 બહુપદ બહુવ્રીહિ : (૧) अधिकः उन्नतः अंसः यस्य सः (અધિક છે ઊંચા ખભા જેના, તે) अधिकोन्नतांसः। કહેવાય છે.

3.4 સહ પૂર્વપદવાળો બહુવ્રીહિ : સહ એવા અવ્યયનો તૃતીયાન્ત પદની સાથે, 'સમાન-સંયોગ' એવા અર્થમાં, સમાસ થાય છે. અહીં સહ ના સ્થાનમાં સ એવો આદેશ થાય છે. દા.ત. सह पुत्रेण इति सपुत्रः। આવી જ રીતે सकृष्णः। साक्षतः।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सकर्मकः । વગેરે શબ્દો બને છે. આશીર્વાદ અર્થની પ્રતીતિ કરાવવી હોય તો (વાસ્તવિક કથન ન હોય ત્યારે) સહના સ્થાને સહ જ ચાલુ રહે છે. જેમકે, सहपुत्रः आयुष्मान् भव । सहकुटुम्बः । सहामात्यः राजा विजयताम् । વગેરે.

3.5 નઞ્‌ની પરમાં सत्, भवत् કે विद्यमान જેવા સત્તાર્થક શબ્દોનો બહુવ્રીહિ સમાસ થાય છે; અને નઞ્‌ની ઉત્તરમાં આવેલા પદનો લોપ થાય છે. દા.ત. अविद्यमानः पुत्रः यस्य सः इति अपुत्रः । (અહીં विद्यमान શબ્દનો લોપ થયો.)

3.6 સંખ્યોત્તરપદ બહુવ્રીહિ : બધા અવ્યયો અને आसन्न, अदूर અને अधिक એટલા શબ્દોનો સંખ્યેયવાચક શબ્દોની સાથે સમાસ થાય છે. જેમકે, (૧) दशानां समीपे ये सन्ति ते उपदशाः । (उपदशाः એવા બહુવ્રીહિથી નવ કે અગિયાર એવા અન્ય પદાર્થનો બોધ થાય છે.) (૨) आसन्नाः विंशतिं ये ते आसन्नविंशाः (=વીસની નજીક અર્થાત્ ઓગણીસ).

3.7 સંખ્યોભયપદ બહુવ્રીહિ : સંખ્યાવાચક પદ સંખ્યેયવાચક વિશેષણીભૂત સંખ્યાવાચક શબ્દની સાથે સમાસ પામે છે. જેમકે, (૧) द्वौ वा त्रयः वा (બે કે ત્રણ) इति द्वित्राः । (૨) पंच वा षट् वा इति पञ्चषाः । (પાંચ કે છ). (૩) त्रिभिः आवृत्ताः दश (૩ × ૧૦) इति त्रिदशाः (ત્રીસ).

3.8 વ્યતિહારલક્ષણ બહુવ્રીહિ : સમાન રૂપવાળા બે સપ્તમ્યન્ત પદો 'गृहीत्वा इदं युद्धं प्रवर्तते' એ અર્થમાં; તથા સમાન રૂપવાળા બે તૃતીયાન્ત પદો 'प्रहृत्य इदं युद्धं प्रवर्तते' એ અર્થમાં સમાસ પામે છે. અહીં પૂર્વપદમાં દીર્ઘ થાય છે; તથા સમાસાન્ત હ્રસ્વ इ પ્રત્યય લાગે છે. દા.ત. (૧) केशेषु केशेषु गृहीत्वा इदं युद्धं प्रवर्तते इति केशाकेशि (युद्धम्) -વાળમાં / વાળથી પકડીને પ્રવૃત્ત થયેલું યુદ્ધ 'કેશાકેશિ' કહેવાય. (૨) दण्डेन दण्डेन प्रहृत्य इदं युद्धं प्रवर्तते इति दण्डादण्डि । मुसलामुसलि । बाणाबाणि । शस्त्राशस्त्रि । વગેરે. (૩) જ્યારે उ કારાન્ત શબ્દ હોય ત્યારે સમાસાન્ત इ પ્રત્યય પરમાં રહેતાં, મૂળ શબ્દના उકારને ओકાર થઈ જાય છે : बाहौ बाहौ गृहीत्वा इदं युद्धं प्रवर्तते इति बाहूबाहु+इ→बाहूबाहो+इ→बाहूबाहवि । વગેરે. તેમ જ मुष्टिभिः मुष्टिभिः प्रहृत्येदं युद्धं प्रवृत्तम् इति मुष्टीमुष्टि ॥

3.9 દિગન્તરાલ લક્ષણ બહુવ્રીહિ : બે દિશાઓની વચ્ચેના 'ખૂણા'ને 'अन्तराल' કહે છે. अन्तराल એવો અર્થ કહેવો હોય ત્યારે દિશાવાચક શબ્દોનો બહુવ્રીહિ સમાસ થાય છે. દા.ત. (૧) दक्षिणस्याः पूर्वस्याः च दिशोः अन्तरालं सा **दक्षिणपूर्वा** (दिक् =આગ્નેયી દિશા). (૨) ऐन्द्रयाः कौबेर्याः च दिशोः अन्तरालं सा दिक् 'ऐन्द्रकौबेरी' । (ઐશાની દિશા).

3.10 બહુવ્રીહિ સમાસની રૂપરચના : (ક) ઉપર 3.1.1 થી 3.1.6 સુધીમાં વર્ણવેલા સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસોમાં જો પ્રથમ શબ્દ 'ભાષિતપુંસ્ક' પ્રકારનો (અર્થાત્ જે શબ્દ પુંલિંગમાં પણ વપરાતો હોય અને સ્ત્રીલિંગમાં પણ વપરાતો હોય (દા.ત. सुन्दरः–सुन्दरी, रूपवान्→रूपवती વગેરે) તેને 'ભાષિતપુંસ્ક' કહે છે.) હોય અને તે પોતે उ કારાન્ત ન હોય, તથા સમાસના ઉત્તરપદમાં આવેલો બીજો શબ્દ પણ સ્ત્રીલિંગવાળો હોય તો સમાસ થયા પછી તે પૂર્વપદમાં આવેલો ભાષિતપુંસ્ક શબ્દ પુંલિંગમાં મૂકવામાં આવે છે. જેમકે, ઉદાહરણ- रूपवती भार्या यस्य सः । 'રૂપવાળી છે ભાર્યા જેની તે (પુરુષ)ને' रूपवद्भार्यः । કહેવાય છે. અહીં પ્રથમ શબ્દ 'ભાષિતપુંસ્ક' હતો, (અને उ કારાન્ત ન હતો) તેથી તેમાંના સ્ત્રીલિંગના દીર્ઘ ई ને ખસેડી લીધો છે; (તથા આખો સમાસ કોઈક પુરુષનો વાચક છે, તેથી भार्या શબ્દમાંથી પણ સ્ત્રીલિંગનો આકાર ખેંચી લેવામાં આવ્યો છે.)

પ્રત્યુદાહરણ (૧) गंगा भार्या यस्य सः 'गङ्गाभार्यः । 'ગંગા છે પત્ની જે (પુરુષ)ની, તેને 'ગંગાભાર્ય' કહે છે. અહીં પ્રથમ શબ્દ ભાષિતપુંસ્ક નથી, પણ નિત્ય સ્ત્રીલિંગ શબ્દ છે, આથી સમાસ થયા પછી તેમાં પુંવદ્ભાવ થતો નથી (=આ કારનો લોપ થતો નથી); તથા આખો સમાસ કોઈક પુરુષનું વિશેષણ બનતો હોઈને, તે અન્ય પદાર્થ (=વિશેષ્ય) पुरुष ના લિંગ અનુસાર भार्या શબ્દને પુંલિંગમાં ફેરવવામાં આવ્યો છે (એટલે કે તેમાંથી આકારને ખેંચી લેવામાં આવ્યો છે.)

પ્રત્યુદાહરણ-૨. वामोरूः भार्या यस्य सः वामोरूभार्यः । અહીં પ્રથમ શબ્દ (ભાષિતપુંસ્ક, હોવા છતાંય) ऊकारान्त હોવાથી, તેને પુંવદ્ભાવ થતો નથી.

એ જ પ્રમાણે, પ્રથમ શબ્દ તરીકે કોઈનું નામ હોય, પૂરણી સંખ્યાવાચક શબ્દ હોય, ઈ કારાન્ત એવું અંગવાચક નામ હોય, અથવા જાતિવાચક શબ્દ હોય તો પણ તે પૂર્વપદમાં પુંવદ્ભાવ થતો નથી. જેમકે, (૧) 'दत्ता' भार्या यस्य सः ('दत्ता' નામની ભાર્યા છે જેની, તેને) दत्ताभार्यः । જ કહેવાય. (અહીં दत्ता નો આકાર ચાલુ રહે છે, કેમકે તે કોઈકનું નામ છે.)

(૨) पञ्चमी भार्या यस्य सः । (પાંચમી છે પત્ની જેની તેને) पञ्चमीभार्यः । કહેવાશે. અહીં पञ्चमी એ પૂરણીસંખ્યા છે, તેથી તેમાં પુંવદ્ભાવ થતો નથી. (૩) सुकेशी भार्या यस्य सः । (સુન્દર કેશવાળી છે ભાર્યા જેની તે) सुकेशीभार्यः । કહેવાય. અહીં દીર્ઘ ઈકારાન્ત અંગવાચક નામ सुकेशीમાં પુંવદ્ભાવ થતો નથી. (૪) शूद्रा भार्या यस्य सः । (શૂદ્ર જાતિની ભાર્યા છે જેની તે) शूद्राभार्यः । કહેવાય. અહીં જાતિવાચક शूद्रा શબ્દમાં પુંલિંગત્વ થતું નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) બહુવ્રીહિ સમાસના ઉત્તરપદમાં આવેલા ગો શબ્દને હ્રસ્વ થતાં ગુ થઈ જાય છે. જેમકે, चित्राः गावः यस्य सः । (રંગ-બેરંગની-સુન્દર ગાયો છે જેની) તે ગોવાળને 'चित्रगुः' કહેવાય છે. અહીં પૂર્વપદમાં આવેલા चित्रा શબ્દને પુંવદ્ભાવ થયો, અર્થાત્ સ્ત્રીલિંગનો આકાર ખેંચી લેવામાં આવે છે. તથા ગો માંથી ગુ થઈ જાય છે.

(ग) બહુવ્રીહિમાં સમાસાન્ત 'क' પ્રત્યય : (क) જે બહુવ્રીહિ સમાસનો અંતિમ શબ્દ ऋકારાન્ત હોય (કોઈપણ લિંગમાં), તથા સ્ત્રીલિંગનો ईકારાન્ત અને ऊકારાન્ત હોય તો ત્યાં સમાસાન્ત પ્રત્યય તરીકે 'क' પ્રત્યય લાગુ પડે છે. જેમકે,

(१) ईश्वरः कर्त्ता यस्य सः→ईश्वरकर्तृकः (संसारः) ।
(२) सुशीला माता यस्य सः → सुशीलमातृकः (बालः) ।
(३) सुन्दरी वधूः यस्य सः → सुन्दरवधूकः (पुरुषः) ।
(४) रूपवती स्त्री यस्य सः → रूपवत्स्त्रीकः (नरः) ।

(ख) જે બહુવ્રીહિ સમાસમાં કોઈ વિશેષ નિયમ ન લાગુ પડતો હોય તેવા અન્ય બહુવ્રીહિ સમાસોમાં પણ સમાસાન્ત क પ્રત્યય લાગુ પડે છે. જેમકે, (१) महत् यशः यस्य सः (મોટો છે યશ જેનો તેને) महायशस्कः । કહે છે. પણ उरस्, सर्पिस्, पुंस्, पयस्, नौ, लक्ष्मीः જેવા કેટલાક શબ્દોમાં તો નિશ્ચિત આ પ્રત્યય લાગુ પડે છે. જેમકે, व्यूढं उरो यस्य सः (વિશાળ-આગળ ઉપસી આવેલ છે વક્ષઃસ્થળ જેનું તે પુરુષને-) व्यूढोरस्कः (पुरुषः) કહે છે.

(ग) બહુવ્રીહિ સમાસના અંતે આવેલા જાયા શબ્દના સ્થાનમાં जानि એવો આદેશ થાય છે. દા.ત. (१) जानकी जाया अस्ति यस्य सः 'जानकीजानिः' (=रामः) । જાનકી છે પત્ની જેની તે (રામ)ને 'જાનકીજાનિ' કહે છે. એ જ પ્રમાણે भारती जाया यस्य सः-भारतीजानिः ।

(घ) नञ् ની પટમાં આવેલા अर्थ શબ્દને પણ સમાસાન્ત क પ્રત્યય લાગુ પડે છે. જેમકે, न विद्यमानः अर्थः यस्य तत् अनर्थकम् ।

(ङ) જ્યારે (આખો) બહુવ્રીહિ સમાસ સ્ત્રીલિંગમાં હોય, અને તે શબ્દ इन् પ્રત્યયાન્ત હોય તો ત્યાં પણ क પ્રત્યય લાગે છે. દા.ત. बहवः दण्डिनः यस्यां नगर्यां सा, बहुदण्डिका (नगरी) ।

4.0 द्वन्द्व समास :

'द्वन्द्व' શબ્દનો અર્થ થાય છે 'જોડકું'. આથી બે કે તેથી અધિક વસ્તુઓ કે વ્યક્તિઓનો એકસાથે કે સમૂહમાં અર્થ વ્યક્ત કરવો હોય ત્યારે જે સમાસ થાય છે તેને 'द्वन्द्व સમાસ' કહે છે. આવા द्वन्द्व સમાસની અર્થની દૃષ્ટિએ ઓળખ આપતાં કહ્યું છે કે-उभयपदार्थप्रधानो द्वन्द्वः । 'જ્યારે સમાસમાં બન્ને (કે બેથી અધિક જેટલા હોય તે તમામ) પદોના અર્થો એકસરખું મહત્ત્વ ધરાવતા હોય-પ્રાધાન્ય ધરાવતા હોય ત્યારે તેને द्वन्द्व સમાસ કહે છે વળી, વિગ્રહવાક્યની દૃષ્ટિએ ઓળખ આપતાં કહેવાયું છે કે-

'चकारबहुलो' द्वन्द्वः, 'स चासौ' कर्मधारयः ।
''यस्य येषां' बहुव्रीहिः, शेषस्तत्पुरुषः स्मृतः ॥

જ્યાં (વિગ્રહવાક્યમાં) च અવ્યયનું બાહુલ્ય હોય (દા.ત. रामश्च भरतश्च लक्ष्मणश्च शत्रुघ्नश्च इति रामभरतलक्ष्मणशत्रुघ्नाः ।) તે 'द्वन्द्वसमास' કહેવાય છે, જેમાં 'स चासौ' વાળું વિગ્રહવાક્ય હોય તે 'કર્મધારય' સમાસ કહેવાય છે. જ્યાં (વિગ્રહવાક્યમાં) 'यस्य सः' કે 'येषां ते' (यं सः, येन सः, यस्मै सः, यस्मात् सः, यस्य सः, यस्मिन् सः) જેવાં પદો વપરાયાં હોય તે 'બહુવ્રીહિ' સમાસ હોય છે અને આ સિવાયનું વિગ્રહવાક્ય જ્યાં જોવા મળે તે તત્પુરુષ સમાસ છે.''

ઉપરની કારિકામાં જે चकारबहुलो द्वन्द्वः । કહેવાયું છે, તેને જ બીજી રીતે કહીએ તો-''द्वन्द्वसमास च ના અર્થમાં પ્રયોજાય છે.'' (चार्थे द्वन्द्वः । પા.સૂ. ૨-૨-૨૯). આથી, સૌથી પહેલાં તો 'च' (=અને) અવ્યયના કેટલા અર્થો થાય છે ? તે જાણવું જરૂરી છે. च ના અર્થો ચાર છે : (૧) સમુચ્ચય, (૨) અન્વાચય, (૩) ઇતરેતરયોગ અને (૪) સમાહાર (=સમૂહ). આનાં ઉદાહરણો જોઈએ તો-(૧) સમુચ્ચય : પરસ્પરથી નિરપેક્ષ એવા અનેક પદાર્થોનો કોઈ એક જ ક્રિયામાં અન્વય હોય તેને 'સમુચ્ચય' કહે છે. દા.ત. ईश्वरञ्च गुरुञ्च भजस्व । અહીં 'ઈશ્વર' અને 'ગુરુ' બંને પરસ્પરથી નિરપેક્ષ છે અને તે બન્નેનો એકસરખી સેવન-ભજન ક્રિયામાં અન્વય છે; પણ 'ગુરુ' અને 'ઈશ્વર'નો પરસ્પરમાં અન્વય જોડાણ નથી. (૨) બે પદાર્થોમાંથી કોઈ એકનું આનુષંગિકત્વ હોય ત્યારે તેને 'અન્વાચય' કહે છે. દા.ત. भो शिष्य ! भिक्षाम् अट, गाम् च आनय । ''અરે શિષ્ય ! ભિક્ષાને માટે (ગામમાં) ફરી આવ અને (જો ક્યાંક આશ્રમની ગાય જોવા મળે તો) ગાયને પણ લેતો આવ.'' અહીં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભિક્ષાને માટે ફરવું એ જ પ્રધાન ક્રિયા છે, પણ ગાયને આશ્રમમાં લાવવી તે તો આનુષંગિકપણે (ગૌણ રીતે) (=થાય તો જ) કરવાનું છે. સમુચ્ચય અને અન્વાચય-આ બન્ને ચના અર્થો હોવા છતાંય, પતંજલિએ આ બે અર્થોમાં દ્વન્દ્વસમાસ થતો નથી એમ કહ્યું છે.

હવે આ ઉપરાંત ચકારના બીજા બે અર્થોમાં દ્વન્દ્વ સમાસ થઈ શકે છે. જેમકે, (૩) પરસ્પર સંમિલિત પદાર્થોનો જ્યાં 'આ એક'-'આ બીજું એક'-એવો બોધ થતાં થતાં જે જોડાણ (યોગ) થાય તેને ઇતરેતરયોગ કહે છે. આવા ઇતરેતરનો બોધ કરાવતાં, च થી જોડાયેલાં પદોનો દ્વન્દ્વ સમાસ થાય છે. દા.ત. रामः च लक्ष्मणः च इति रामलक्ष्मणौ । અહીં च થી જોડાયેલાં બન્ને પદાર્થો (વ્યક્તિઓ)નો પૃથક્-પૃથક્ બોધ થાય છે, તથા બન્નેનું એકસરખું પ્રાધાન્ય છે (બેમાંથી એક પણ ગૌણ નથી.) (૪) 'સમાહાર' શબ્દનો અર્થ થાય છે : સમ્+આહરણ-સાથે ભેગું કરીને (એક સમુદાય રૂપે) રાખવું. જેમકે, पाणी च पादौ च इति पाणिपादम् । (બે હાથ અને બે પાદનો સમાહાર - તે 'પાણિપાદમ્' કહેવાય.) અહીં એક સમૂહની પ્રતીતિ જ પ્રાધાન્યેન થાય છે, તેથી આખો સમાસ એકવચનમાં મૂકાયો છે.

च ના, ઉપર્યુક્ત ચાર અર્થોમાંથી, છેલ્લા બે અર્થો (ઇતરેતરયોગ અને સમાહાર)માં દ્વન્દ્વસમાસ થાય છે. આવા દ્વન્દ્વસમાસો ત્રણ પ્રકારના જોવા મળે છે. (૧) ઇતરેતર દ્વન્દ્વ. (૨) સમાહાર દ્વન્દ્વ અને (૩) એકશેષ દ્વન્દ્વ.

4.1 દ્વન્દ્વ સમાસનો પ્રથમ ભેદ : ઇતરેતરયોગ દ્વન્દ્વ :

દા.ત. (૧) धवः च खदिरः च इति धवखदिरौ । (૨) होता च पोता च नेता च उद्गाता च इति होतृपोतृनेतोद्गातारः । (૩) हरिश्च हरश्च इति हरिहरौ । (૪) ब्रह्मा च विष्णुश्च महेश्वरश्च इति ब्रह्मविष्णुमहेश्वराः । આ ઇતરેતર દ્વન્દ્વ સમાસ કરતી વખતે વિગ્રહવાક્યમાં પ્રત્યેક પદની પાછળ च નો પ્રયોગ કરવામાં આવે છે; તથા ઉત્તરપદમાં જે (છેલ્લો) શબ્દ આવેલો હોય, તેનું જે લિંગ હોય તે આખા સમાસનું લિંગ ગણવામાં આવે છે. આથી (क) कुक्कुटश्चमयूरी च इति कुक्कुटमयूर्यौ । થશે. (ख) પણ मयूरी च कुक्कुटश्च इति मयूरीकुक्कुटौ । થશે. પહેલા પ્રકારમાં मयूरी સ્ત્રીલિંગ શબ્દ ઉત્તરપદમાં મૂક્યો હોવાથી कुक्कुट-मयूरी સમાસના नदी ની જેમ રૂપ ચલાવી, દ્વિવચનમાં कुक्कुटमयूर्यौ સમાસ મૂક્યો છે. તથા બીજા પ્રકારમાં कुक्कुटः પુંલિંગ શબ્દ ઉત્તરપદમાં મૂક્યો છે તેથી આખા સમાસના राम ની જેમ રૂપ ચલાવી દ્વિવચનમાં मयूरीकुक्कुटौ રૂપ મૂક્યું છે. અહીં એ યાદ રાખવું કે ઇતરેતરયોગ દ્વન્દ્વ સમાસમાં જોડાયેલાં તમામ પદોના અર્થનું એક સરખું પ્રાધાન્ય છે, તથા તે દરેકની-ઇતર ઇતરની-આ એક-આ બીજું એક -એવી અલગ અલગ પ્રતીતિ થતી હોવાથી, સમાસમાં જેટલા પદાર્થો જોડાયા હોય તેમની સંખ્યા અનુસાર રૂપ ચલાવાય છે, (=બે હોય તો દ્વિવચનમાં हरिहरौ । અને ત્રણ કે ત્રણથી અધિક હોય તો બહુવચનમાં ब्रह्मविष्णुमहेश्वराः । એવું રૂપ ચાલે છે).

4.2 સમાહાર દ્વન્દ્વ : દા.ત. पाणी च पादौ च (एषां समाहारः) इति पाणिपादम् । (૨) मुखं च नासिका च, अनयोः समाहारः इति मुखनासिकम् । 'મુખ અને નાસિકાનો સમૂહ તે 'મુખનાસિકા' કહેવાય છે. અહીં વિગ્રહવાક્યમાં જેટલા પદાર્થો દર્શાવાય છે તે દરેકની પાછળ ચનો પ્રયોગ તો કરાય છે, પણ વિશેષ સ્પષ્ટીકરણ માટે 'एषाम् / आसाम् / एषाम् / अनयोः समाहारः' એવાં પદોનો પણ પ્રયોગ થાય છે. વળી, આવા સમાહાર દ્વન્દ્વ સમાસને હંમેશા નપુંસકલિંગ અને એકવચનમાં રજૂ કરવામાં આવે છે. (કારણ કે સમાહારમાં દરેક પદાર્થની અલગ અલગ પ્રતીતિ થતી નથી, પણ સમુદાયગત એકત્વની પ્રતીતિ જ મુખ્યત્વે થતી હોય છે.)

પ્રાણ્યંગવાચક શબ્દો, સેનાંગવાચક શબ્દો અને તૂર્ય (સંગીતનાં સાધનો)વાચક શબ્દોનો સમાહાર દ્વન્દ્વ સમાસ થતો હોય છે. દા.ત. (૧) अक्षिणी च कर्णौ च एषां समाहारः इति अक्षिकर्णम् । (૨) हस्ती च अश्वश्च रथश्च इति हस्त्यश्वरथम् । (૩) मार्दाङ्गिकाश्च पाणविकाश्च इति मार्दङ्गिकपाणविकाश्च ।

એ જ પ્રમાણે, જે જીવ-જંતુઓમાં શાશ્વત વિરોધ (વૈર) જોવા મળે છે તેમના સમાહાર દ્વન્દ્વને પણ એકવચનમાં રજૂ કરાય છે. જેમકે, अहयः च नकुलाः च एषां समाहारः (સાપ અને નોળિયાઓના સમૂહને) अहिनकुलम् । કહેવાય છે, गावश्च व्याघ्राश्च एषां समाहारः इति गोव्याघ्रम् । काकोलूकम् । करिकेसरि । मुषकबिडालम् । વગેરે.

તથા વૃક્ષ, મૃગ, તૃણ, ધાન્ય, પશુ, શકુનિ વાચક શબ્દોનો વિકલ્પે સમાહાર દ્વન્દ્વ થાય છે. જેથી प्लक्षन्यग्रोधम्–प्लक्षन्यग्रोधाः । शुकबकम्–शुकबकाः । गोमहिषम्–गोमहिषाः । दधिघृतम्–दधिघृते । पूर्वापरम्–पूर्वापरे । अधरोत्तरम्–अधरोत्तरे । જેવાં રૂપો બને છે.

4.3 એકશેષ દ્વન્દ્વ : જ્યારે બે કે બેથી વધારે શબ્દોમાંથી દ્વન્દ્વ સમાસમાં કેવળ એક શબ્દ જ અવશિષ્ટ રહી જાય છે ત્યારે તેને 'એકશેષ દ્વન્દ્વ' કહે છે. દા.ત. (૧) माता च पिता च इति पितरौ । ('माता' અને 'पिता' એવા બે શબ્દોનો ઇતરેતર દ્વન્દ્વ થાય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ત્યારે मातापित्तरौ । અને मातरपित्तरौ । પણ થઈ શકે.) પરંતુ જ્યારે એકશેષ દ્વન્દ્વ માં पितरौ । બને ત્યારે 'માતા' એવા એક શબ્દનો લોપ થઈ ગયા, અને બીજો 'પિતા' શબ્દ અવશિષ્ટ રહી ગયો; તથા તે पितृ શબ્દનું દ્વિવચનનું રૂપ સમાસ તરીકે વપરાયું. पितरौ । 'રઘુવંશ'ના આરંભે કાલિદાસે લખ્યું છે કે-वागर्थाविव सम्पृक्तौ वागर्थप्रतिपत्तये । जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ । (૧) "જગત્‌ના पितरौ અર્થાત્ માતા અને પિતા સમાન પાર્વતી અને પરમેશ્વર, કે જેઓ વાણી અને અર્થની જેમ પરસ્પરમાં જોડાયેલા છે તેમને હું (કાલિદાસ) વાણી અને અર્થ(ના સાયુજ્ય)ને પામવા માટે વન્દું છું."

(૨) એવી જ રીતે श्वश्रूश्च श्वशुरश्च इति (સાસુ અને સસરા) श्वशुरौ । श्वश्रू શબ્દનો લોપ થયો, અને श्वशुर શબ્દનો એકશેષ થઈને, તેને દ્વિવચનમાં મૂકાયું છે. તથા (૩) ब्राह्मणी ब ब्राह्मणश्च इति ब्राह्मणौ । (૪) घटश्च कलशश्च इति घटौ । અથવા कलशौ । (૫) वक्रदण्डश्च कुटिलदण्डश्च इति वक्रदण्डौ । અથવા कुटिलदण्डौ । (૬) सश्च यश्च इति यौ । यश्च कश्च इति कौ । यश्च एषश्च इति एतौ । (અહીં સર્વનામવાચક શબ્દોમાં જે વિગ્રહવાક્યમાં ઉત્તરપદ તરીકે ગોઠવ્યું હોય તેનો એકશેષ થાય છે.) પરંતુ જો स च देवदत्तश्च इति એવું વિગ્રહવાક્ય હોય તો, ત્યાં સર્વનામવાચક શબ્દનો જ એકશેષ થાય છે. પરિણામે 'तौ' એવો દ્વન્દ્વસમાસ જ થશે.

4.4 દ્વન્દ્વ સમાસની રૂપરચના : (૧) અગાઉ જણાવ્યું છે તેમ દ્વન્દ્વ સમાસમાં પરમાં = છેલ્લે આવેલા શબ્દનું લિંગ જોઈને આખા સમાસને તે લિંગ આપવું. જેમકે, कुक्कुटमयूर्यौ । અથવા मयूरीकुक्कुटौ । (૨) ઈતરેતર દ્વન્દ્વ સમાસમાં જોડાયેલાં તમામ પદોનું એકસરખું પ્રાધાન્ય હોવાથી પદક્રમ બાબતે સંશય ઊભો થવાની શક્યતા છે. એટલે કે हरिश्च हरश्च इति માંથી हरिहरौ । જ થાય કે हरहरी । પણ બનાવી શકાય ? આથી દ્વન્દ્વ સમાસમાં કોનો પૂર્વનિપાત કરવો (=કયા શબ્દને પૂર્વપદ તરીકે સ્થાપવું) તે અંગેના નિયમો જોઈશું :

(૧) દ્વન્દ્વ સમાસમાં હ્રસ્વ इकार અને હ્રસ્વ उकारान्त શબ્દોનો જ પૂર્વનિપાત થાય છે : (१) हरिश्च हरश्च इति हरिहरौ । (२) हरिश्च हरश्च गुरुश्च । એવું હોય ત્યાં બેમાંથી ગમે તે એક इ कारान्त કે उ कारान्तने પૂર્વમાં મૂકીને પછી ગમે તે ક્રમે શબ્દોને મૂકી શકાય : हरिहरगुरवः । અથવા गुरुहरिहराः । કે गुरुहरहरयः ।

(૨) દ્વન્દ્વમાં જે શબ્દો સ્વરાદિ પણ હોય અને હ્રસ્વ अकारान्त પણ હોય તેઓ હંમેશાં પૂર્વપદમાં મૂકાય છે : ईश्वरश्च प्रकृतिश्च इति ईश्वरप्रकृती । તથા इन्द्रश्च अग्निश्च इति इन्द्राग्नी । (અહીં अग्नीन्द्रौ ન થાય.)

(૩) દ્વન્દ્વમાં ઓછા સ્વરવાળો શબ્દ પહેલો મૂકાય છે : केशवश्च शिवश्च इति शिवकेशवौ । (અહીં केशवशिवौ । થતું જ નથી.)

(૪) દ્વન્દ્વમાં વર્ણ અને ભાઈઓના નામ જ્યેષ્ઠાનુક્રમે ગોઠવાય છે. દા.ત. (१) ब्राह्मणश्च वैश्यश्च क्षत्रियश्च इति ब्राह्मणक्षत्रियवैश्याः । (અહીં 'બ્રાહ્મણ' વર્ણવાચક શબ્દને જ પૂર્વે મૂકાય, તથા તે પછી ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રને મૂકાશે.) (२) भरतश्च रामश्च लक्ष्मणश्च એમ હોય તો જ્યેષ્ઠાનુક્રમે જોડાશે : रामभरतलक्ष्मणाः । વગેરે.

॥ इति शिवार्पणमस्तु ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat